# આત્મસિદ્ધિ અનુશીલન

**कहान राज को कर नमन, करुं महान यह काज ।**
**आत्महित की प्राप्तिहेतु, मंगलमय सुख साज ।।**

આત્મસિદ્ધિ એટલે આત્માની સિદ્ધિ, શુદ્ધાત્માની પ્રાપ્તિ તથા લોકાગ્ર શિખરે પરમપદે–સ્વપદે–સિદ્ધપદે સાદિ-અનંત સ્થિતિ. (૧) આત્મા છે, (૨) આત્મા નિત્ય છે, (૩) આત્મા કર્મનો કર્તા છે, (૪) આત્મા કર્મનો ભોક્તા છે, (૫) આત્માનો મોક્ષ છે, (૬) આત્માના મોક્ષનો ઉપાય છે. આ ષટ્સ્થાનકની વિષદ વિચારણા એટલે જ આત્મસિદ્ધિ શાસ્ત્ર. 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' પદ્યરચનાના રચયિતા વર્તમાનયુગના સુપ્રસિદ્ધ અને સુપ્રતિષ્ઠિત આત્મચિંતક શ્રીમદ્ રાજચંદ્રજી છે.

પ્રથમ ૪૨ ગાથામાં મંગલાચરણ, સદ્ગુરુ, મતાર્થી તથા આત્માર્થીના લક્ષણો બતાવીને પછી અંતિમ ૧૦૦ ગાથામાં શિષ્યની શંકાના સમાધાનરૂપે ઉપરોક્ત છ પદનું વિવેચન કર્યું છે.

પોતે પોતાને જાણે કે બીજો પોતાને જાણે તેમાં આત્માની પ્રસિદ્ધિ નથી. આત્મસિદ્ધિ એટલે આત્મપ્રસિદ્ધિ અથવા આત્મખ્યાતિ.

આત્મસિદ્ધિ એટલે આત્મપ્રાપ્તિ. આત્મા એટલે હું પોતે. **પોતાની ઓળખાણ કરાવતું શાસ્ત્ર એટલે આત્મસિદ્ધિ શાસ્ત્ર.** શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા રચિત આ ગ્રંથને શાસ્ત્ર કહેવાય કે નહિ, એવો સંશય ઉત્પન્ન કરી અનેક લોકો એવા તર્ક આપે છે કે આચાર્ય, ઉપાધ્યાય અથવા

સાધુ દ્વારા લખાયેલા ગ્રંથોને જ શાસ્ત્ર કહેવાય, ગૃહસ્થની રચનાને શાસ્ત્ર ન કહી શકાય. પરંતુ તેમનો એ તર્ક યોગ્ય નથી. કારણ કે જિનાગમ તો સમ્યગ્જ્ઞાનના આધાર પર રચાયેલું છે. સમ્યગ્જ્ઞાન જ પ્રમાણ છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ પ્રમાણજ્ઞાન હોવાથી સમ્યગ્દૃષ્ટી ગૃહસ્થના ગ્રંથને પણ શાસ્ત્ર કહેવામાં કોઈ દોષ નથી. શ્રુતના બે પ્રકાર હોય છે. (૧) ભાવશ્રુત તથા (૨) દ્રવ્યશ્રુત. ભાવશ્રુત જ્ઞાનરૂપ હોય છે, જ્યારે દ્રવ્યશ્રુત વચનરૂપ હોય છે. શ્રીમદ્ રાજચંદ્રજી પહેલાં પણ એવા અનેક ગૃહસ્થ સમ્યગ્દૃષ્ટી થઈ ગયા છે, જેમના શાસ્ત્ર આજે પણ આપણી પાસે ઉપલબ્ધ છે. આત્મજ્ઞાની ગૃહસ્થ પંડિત શ્રી ટોડરમલજી દ્વારા રચિત મોક્ષમાર્ગ પ્રકાશક, પંડિત શ્રી દોલતરામજી દ્વારા રચિત છ ઢાળા તથા પંડિત શ્રી બનારસીદાસજી દ્વારા રચિત નાટક સમયસાર વગેરે અનેક સમ્યગ્દૃષ્ટીના અનેકાનેક ગ્રંથોને શાસ્ત્રનું નામ પ્રાપ્ત થયું છે. તેથી શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા રચિત આ ગ્રંથનું આત્મસિદ્ધિ શાસ્ત્ર નામકરણ યોગ્ય જ છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્માની અનુભૂતિ થવાને જ આત્માની સિદ્ધિ કહી છે. આત્મા તો સ્વયંસિદ્ધ જ છે. સ્વયંસિદ્ધ આત્માની સિદ્ધિ કરવાનો અર્થ એ છે કે, આત્માને દ્રષ્ટિમાં લેવો, આત્માને જ્ઞાનમાં અનુભવવો તથા આત્મામાં જ લીન થવું.

તેમ છતાં આત્માનુભવ થયા પહેલાં દરેક જીવ સર્વપ્રથમ સાચા દેવ–શાસ્ત્ર–ગુરુના નિમિત્તથી આત્મા તથા અનાત્મા એટલે આત્મા સિવાય સમસ્ત જગતનું સ્વરૂપ જાણે છે અને બુદ્ધિગમ્ય નિર્ણય પણ



કરે છે. કારણ કે આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાય સહિત નિજસ્વરૂપનો બુદ્ધિગમ્ય નિર્ણય થયા વિના તો, આત્માનુભવ અસંભવ છે.

સમયસારમાં પણ કહ્યું છે કે – આગમના સેવનથી, યુક્તિના આલંબનથી તથા પરાપર ગુરુના ઉપદેશથી આત્માના સ્વરૂપને જાણવું તે આત્માનુભવની વિધિ છે. અનેક ગ્રંથોને આત્માનુભવ વિના જાણતો તથા લખતો હોવા છતાં જ્ઞાની તત્ત્વ પ્રરૂપણાને નહીં સમજવાને લીધે અજ્ઞાની જ રહી જાય છે. આત્મજ્ઞાન વિના માત્ર ક્ષયોપશમ જ્ઞાનનો સાગર હોવો ખારા દરિયા સમાન છે, જ્યારે આત્માનુભવીનું જ્ઞાન ક્ષીરસમુદ્ર સમાન છે. અનેક ગ્રંથોને વાંચીને, યાદ કરીને, ભણી-ભણાવીને પણ જીવ અજ્ઞાનીનો અજ્ઞાની જ રહી જાય છે, તેનું એક માત્ર કારણ એકાંત દૃષ્ટિ છે. અજ્ઞાનીમાં એ કળા હોતી નથી કે જ્ઞાનીના દરેક વચનોને જાણીને નમ્ર વિવક્ષાથી સમજે. હા, એમ બની શકે કે તે નય સંબંધી જાણકાર હોય પરંતુ નયવિવક્ષાને સમજ્યો હોતો નથી. તે નય સંબંધી કથનીમાં પ્રવીણ છે પણ કરણીમાં નહિ.

પરંતુ એ વાત ક્યારે પણ ન ભૂલવી જોઈએ કે ફક્ત બુદ્ધિગમ્ય નિર્ણયનું નામ જ આત્માનુભવ નથી, પ્રારંભિક ભૂમિકામાં તો બુદ્ધિગમ્ય અભ્યાસ અને નિર્ણય તો થવો જ જોઈએ. આમ, આત્માના સ્વરૂપનો નિર્ણય કરવા માટે આત્મસિદ્ધિ શાસ્ત્ર અત્યંત ઉપયોગી ગ્રંથ છે. આ ગ્રંથના કુલ ૧૪૨ પદમાં સદ્ગુરુનો મહિમા, મતાર્થી તથા આત્માર્થી જીવના લક્ષણો તથા છ પદ દ્વારા આત્મપ્રાપ્તિનો

ઉપાય બતાવ્યો છે. ગુરુ–શિષ્યના સંવાદરૂપે રચિત આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પૂજ્યશ્રી કૃપાળુદેવે અલ્પબુદ્ધિ જીવને પણ સહેલાઈથી સમજાય શકે, એવી ભાષા અને શૈલીનો પ્રયોગ કરેલ છે. આત્મસિદ્ધિ શાસ્ત્ર તો જિનાગમનો સાર છે, જિનેન્દ્ર ભગવાનની દિવ્યધ્વનિનું મંથન કર્યા બાદ પ્રગટેલું નવનીતરૂપ પ્રવચન છે.

સૌરાષ્ટ્રના વવાણિયા ગામે જન્મેલા પૂજ્યશ્રી કૃપાળુદેવ તથા ઉમરાળા ગામે જન્મેલા પૂજ્યશ્રી કાનજીસ્વામી, એ બંને મહાપુરુષોએ વર્તમાન કલિકાળમાં શ્રી તીર્થંકર ભગવાનનો દિવ્ય સંદેશ અજ્ઞાની જીવો સુધી પહોંચાડ્યો. જો કે કોઈ અજ્ઞાની જીવને તે બંને આત્મજ્ઞાની યુગપુરુષની તત્ત્વ પ્રરૂપણાના સંદર્ભમાં પણ વિરોધ લાગે છે. ખરેખર જ્ઞાનીની તત્ત્વ પ્રરૂપણામાં વિરોધ હોતો નથી, પણ કોઈ અજ્ઞાનીને વિરોધાભાસ થઈ શકે છે. બે જ્ઞાનીની તત્ત્વ પ્રરૂપણાનો વિરોધાભાસ થવામાં જ્ઞાનીની તત્ત્વ પ્રરૂપણાની કોઈ ભૂલ હોતી જ નથી, ભૂલ તો અજ્ઞાનીના અજ્ઞાનની જ હોય છે. જો તે એવી ભૂલો ન કરે અને અને જ્ઞાનીના દરેક વચનને પ્રમાણ માનીને જીવનમાં અપનાવે તો અજ્ઞાની નામ કેવી રીતે પામે ? જે જીવ શ્રી કાનજીસ્વામી પર દ્રઢ શ્રદ્ધા કરતો હોય અને તેમની વાણીને પ્રમાણ માનતો હોય, તો તેણે કૃપાળુદેવની વાણીને પણ સ્વીકારવી જ જોઈએ. કારણ કે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી કાંઈ કૃપાળુદેવના વિરોધી ન હતા. ગુરુદેવશ્રીએ તો આત્મસિદ્ધિ શાસ્ત્રને એક અદ્ભૂત તથા અનન્ય શાસ્ત્ર કહીને ભરી સભામાં આત્મસિદ્ધિ શાસ્ત્ર પર આત્મવિભોર પ્રવચન પણ આપેલા છે. એટલું જ નહિં, કૃપાળુદેવ અને આત્મસિદ્ધિ શાસ્ત્રનો મહિમા પણ ગાયો છે.



નાઈરોબીમાં થયેલ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનમાં આવેલા શબ્દો આ પ્રમાણે હતા.

‘‘શ્રીમદ્ રાજચંદ્ર થઈ ગયા છે. તેંત્રીસ વર્ષની ઉંમરે દેહ છૂટી ગયો હતો પણ તેઓ એકાવતારી થઈ ગયા છે. લાખોનો ઝવેરાતનો વેપાર મુંબઈમાં હતો છતાં અંદરમાં ભિન્ન પડી ગયેલા. નાળિયેરનો ગોળો જેમ છૂટો પડે, એમ સમ્યગ્દષ્ટીને આત્મા રાગ અને દેહથી ભિન્ન પડી ગયો હોય છે. એ શ્રીમદ્ પોતે ૩૩ વર્ષની ઉંમરમાં દેહ છૂટી ગયો છતાં એમના અનુભવના જોરથી એટલું બધું આપ્યું હતું કે અમારે તો એકાદ ભવ કરવાનો છે બાપુ ! અમે હવે અમારા સ્વદેશમાં જવાના છીએ. અમારો સ્વદેશ, અંદરમાં ચૈતન્ય ભગવાન છે, એ મારો દેશ છે, આ દેશ નહિ. અરે !

અહીં કોઈ એમ કહે કે ચાલો, અમે એ વાત સ્વીકારી લઈએ કે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તો કૃપાળુદેવ તથા આત્મસિદ્ધિ શાસ્ત્રને માનતા હતાં પણ કૃપાળુદેવ, પૂજ્ય ગુરુદેવશ્રીને ક્યાં માનતા હતાં ?

અરે ભાઈ ! એવી હાસ્યાસ્પદ શંકા કેમ કરે છે ? એવો હાસ્યાસ્પદ પ્રશ્ન છે કે જેમાં પૂછવામાં આવે કે જે પગથિયા ઉપરથી નીચે તરફ આવે છે તે જ પગથિયા નીચેથી ઉપર તરફ જાય છે એમ કેવી રીતે કહી શકાય ?

બીજું જો તું એવી શંકા કરીશ તો એવો પણ પ્રસંગ આવશે કે કૃપાળુદેવ તો શ્રી કંદકુંદાચાર્ય તથા સમયસાર વગેરે પરમાગમોને

માનતા હતા, સ્વીકારતા હતા પણ કુંદકુંદાચાર્ય પણ કૃપાળુદેવને ક્યાં માનતા હતા. તેથી એમ સમજવું કે બે જ્ઞાનીની શ્રદ્ધા વચ્ચે કોઈ અંતર હોતું નથી. બે જ્ઞાની જ નહિ, પણ અનંતજ્ઞાનીની વાણી અવિરોધી હોય છે.

કોઈ લોકો એમ પણ જણાવે છે કે, શ્રી કાનજી સ્વામીએ 'પોતાની યોગ્યતા પાકશે ત્યારે સદ્ગુરુ મળી જશે' એમ કહીને નિશ્ચયને જ મહત્વ આપ્યું છે. જ્યારે શ્રીમદ્ 'સદ્ગુરુની શોધ કર' એમ કહીને વ્યવહાર પર જ જોર આપ્યું છે. નયવિવક્ષાથી વિચાર કરતાં એ બંને કથનમાં કોઈ વિરોધ નથી. પૂજ્ય ગુરુદેવશ્રીએ ઉપાદાનની મુખ્યતાથી તથા શ્રીમદ્ નિમિત્તની મુખ્યતાથી કથન કર્યું છે. બંને જ્ઞાનીના ભાષામાં અંતર છે પણ ભાવમાં કોઈ અંતર નથી. જો કૃપાળુદેવે વ્યવહારને જ મહત્વ આપ્યું હોત તો ઈડરના પહાડો પર સદ્ગુરુમાં લીન ન થઈને નિજ આત્મામાં લીન શા માટે થયા ? કારણ કે તે તો નિશ્ચય જ હતો અને કાનજી સ્વામીએ નિશ્ચયને જ મહત્વ આપ્યું હોત તો જીવનભર અનેક પ્રવચનો આપ્યા, અનેક જિનમંદિરોની પ્રતિષ્ઠા કરાવી તથા તીર્થક્ષેત્રોના દર્શન કરવા અનેકવાર તીર્થયાત્રા પણ કરી. આ બધી ક્રિયા તો વ્યવહાર જ હતો. તેથી એમ સમજવું કે, બંને મહાપુરુષોએ બંને નયોનો સ્વીકાર કર્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ઉપાદાન ઉપર જોર એટલા માટે આપ્યું કે, કાર્યની ઉત્પત્તિ ઉપાદાનની યોગ્યતાથી જ થાય છે તેથી નિમિત્તને કાર્યનો કર્તા ન માનવો. અને શ્રીમદ્ કહ્યું કે, કાર્યની ઉત્પત્તિ નિમિત્ત વિના થતી નથી. નિમિત્ત માત્ર હાજર છે. તેથી નિમિત્તની હાજરીનો



નિષેધ ન કરવો. આમ, બંને મહાપુરુષોના કથનમાં ગૂઢ રહસ્ય છુપાયેલું છે; જેને કોઈ વિરલા જ જાણે છે.

ખાસ વાત એ છે કે, બંને મહાપુરુષોએ જે ઉપદેશ આપ્યો છે; તે તો તેમના પૂર્વભવના સંસ્કાર જ સમજવા. કારણ કે, આ ભવમાં બંને મહાપુરુષોએ મહાવિદ્યાલયમાં જઈને વ્યાકરણ, ગણિત કે ન્યાયનો અભ્યાસ કર્યો ન હતો. તેથી એમ સમજી શકાય છે કે, તેમનું અપાર જ્ઞાન પૂર્વભવની સાધનાની દેન છે. એ તો સર્વ જાણે છે કે, શ્રીમદ્ પૂર્વભવમાં ભરતક્ષેત્રના અંતિમ તીર્થંકર શ્રી ભગવાન મહાવીરની દિવ્ય ધ્વનિ તથા પૂજ્ય કાનજીસ્વામીએ પૂર્વે મહાવિદેહ ક્ષેત્ર સ્થિત પ્રથમ તીર્થંકર શ્રી સીમંધર ભગવાનની સાક્ષાત્ દિવ્ય ધ્વનિ સાંભળી હતી.

આમ, આ આત્મસિદ્ધિ શાસ્ત્રને માત્ર શ્રી કૃપાળુદેવની વાણી જ નહિ સમજીને ભગવાન મહાવીર સહિત સમસ્ત તીર્થંકર પ્રભુની વાણી સમજવી અને તેનો યથાર્થ અભ્યાસ કરીને, તેને જીવનમાં અપનાવવી જોઈએ.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ત્રણ શબ્દ સમાયેલાં છે. તે ત્રણેય શબ્દોના અક્ષરોની સંખ્યા સમાન છે. દરેક શબ્દમાં અઢી અક્ષરો છે. આત્મ, સિદ્ધિ તથા શાસ્ત્ર. એમ ત્રણેય શબ્દના અઢી-અઢી અક્ષરો મળીને સાડા સાત અક્ષરો થાય છે. સાડા સાત અક્ષરોનું આત્મસિદ્ધિ શાસ્ત્ર એમ સૂચવે છે કે, જેને સંસાર પરિભ્રમણની સાડા સાતની શનિની પનોતી લાગી હોય, તેવા અજ્ઞાની જીવના સંસાર પરિભ્રમણને દૂર કરવા માટે આત્મસિદ્ધિ શાસ્ત્ર ઔષધિ સમાન છે.

સંખ્યાથી સંબંધિત એક વાત એમ પણ છે કે, આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કુલ ૧૪૨ ગાથા છે. પહેલાના જમાનામાં લૌકિક વ્યવહારમાં કોઈ પુરુષ કોઈ અન્ય વ્યક્તિને પ્રેમ કરતો હોય તો એમ કહેતો કે, હું તમને પ્રેમ કરું છું. થોડા સમય બાદ અંગ્રેજીમાં કહેવા લાગ્યો કે; I LOVE YOU. તેથી પણ વિશેષ હવે તો SMSના જમાનામાં એ બોલતાં પણ તેને કંટાળો અથવા સંકોચ ઉત્પન્ન થાય છે. તેથી તે ૧૪૩ કહેવા લાગ્યો. ૧ એટલે I, ૪ એટલે LOVE તથા ૩ એટલે YOU. આત્મસિદ્ધિ શાસ્ત્ર કહે છે કે, પરદ્રવ્ય સાથે જોડાણ ના કરો, પોતાના આત્મામાં લીન થાઓ, પોતે પોતાને પ્રેમ કરો. I LOVE ME. I એટલે ૧, LOVE એટલે ૪ તથા ME એટલે ૨. આમ ૧૪૨ એટલે I LOVE ME. YOU એ પર છે, ME એ સ્વ એટલે કે આત્મા છે. આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ૧૪૩ ગાથા નથી પણ ૧૪૨ ગાથા છે. ૧૪૨ ગાથા પરદ્રવ્યથી છૂટીને પોતાને નિજાત્મામાં લીન થવાની પ્રેરણા આપે છે. સ્વભાવની રુચિ તથા પ્રાપ્તિમાં પરાધીનતા નથી. પરદ્રવ્ય તથા પર્યાયની રુચિ થવી, તે આત્માની પરાધીનતાને સૂચવે છે. આત્મસિદ્ધિ શાસ્ત્રની વિષયવસ્તુ અંતિમ ૧૦૦ ગાથામાં સમાયેલી છે. પ્રથમ ૪૨ ગાથા સમજ્યા વિના અંતિમ ૧૦૦ ગાથા સમજી શકાશે નહિ. તેથી સર્વપ્રથમ અનંત ઉપકારી સાચા દેવ-શાસ્ત્ર તથા ગુરુને નમસ્કાર કરી મંગલાચરણ કર્યા બાદ, નિશ્ચયાભાસી, વ્યવહારભાસી તથા ઉભયાભાસી એમ ત્રણ પ્રકારના મિથ્યાદૃષ્ટનું વર્ણન કર્યું છે. ત્યાર બાદ સદ્ગુરુના લક્ષણો, મહિમા તથા વિનયનું સ્વરૂપ તથા મહિમા બતાવી છે.



**જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત. ૧**

નિજ શુદ્ધાત્માનું સ્વરૂપ સમજ્યા વિના અનાદિ કાળથી આ જીવે અનંત દુઃખ ભોગવ્યું છે. તેથી આત્મસ્વરૂપના પ્રતિપાદક તથા મોક્ષમાર્ગના પ્રદર્શક એવા સદ્ગુરુને નમસ્કાર કરી ગ્રંથની શરૂઆતમાં મંગલાચરણ કર્યા છે. **ડેહલી દીપક ન્યાયાનુસારે ગુરુથી શાસ્ત્ર તથા દેવ બંને સમજાય છે; તેથી મુખ્યરૂપે સદ્ગુરુને નમસ્કાર કરેલ છે.**

જગતનો કોઈ પદાર્થ કે પદાર્થનો સંયોગ-વિયોગ જીવને સુખી-દુઃખી કરતો નથી, પરપદાર્થમાં જીવને સુખી-દુઃખી કરવાનું સામર્થ્ય છે જ નહિ. પરંતુ સંયોગોમાં જોડાઈને, તેને પોતાના માનીને જીવ પોતાના સ્વરૂપના અજ્ઞાનથી જ દુઃખી થઈ રહ્યો છે. અજ્ઞાનીના દુઃખને અનંત કહ્યું તેનો અર્થ એમ નથી કે તેના દુઃખનો ક્યારેય પણ અંત આવશે જ નહિ. અનંત શબ્દ અહીં પ્રમાણ સૂચવવાના અર્થમાં વપરાયો છે. અનંત એટલે Infinite કે જે ન તો ગણી શકાય કે ન તો ખાલી કરી શકાય. આમ અનંત શબ્દ અહીં વિપુલતા સૂચક છે. અનંતનો અર્થ એ છે કે, અજ્ઞાનીના દુઃખનું વાસ્તવિક સ્વરૂપ તો કેવળી ભગવાન જ જાણી શકે છે; તેથી તે દુઃખ અનંતજ્ઞાનનો વિષય બનતું હોવાથી અનંત દુઃખ કહ્યું છે. અજ્ઞાની પણ પોતાના દુઃખને જાણતો નથી, તે તો માત્ર દુઃખને ભોગવે જ છે. મોક્ષમાર્ગ પ્રકાશકના ત્રીજા અધિકારમાં સંસાર દુઃખનું વર્ણન કરતા પંડિત ટોડરમલજી કહે છે કે, ''એકેન્દ્રિય જીવોને કષાય ઘણો છે અને શક્તિ ઘણી અલ્પ છે

તેથી તેઓ મહાદુઃખી છે. એમના દુઃખ તો એ જ ભોગવે, એને શ્રી કેવળી ભગવાન જ જાણે.'' આમ અનંત વિષયોમાં પોતાપણું તથા રાગ-દ્વેષ કરવાથી ઉત્પન્ન થયેલું અનંત દુઃખ, નિજ સ્વરૂપની એક ક્ષણની અનુભૂતિ માત્રથી દૂર થઈ જાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન થતાં અનંતાનુબંધી કષાયજન્ય દુઃખ દૂર થઈ જાય છે. તેથી નિજ સ્વરૂપની ઓળખાણ કરવામાં નિમિત્ત શ્રી સદ્ગુરુને અત્યંત ભક્તિભાવપૂર્વક નમસ્કાર કર્યા છે.

**ખરેખર સદ્ગુરુના સમજાવવાથી શિષ્યને સમજાતું નથી, પરંતુ શિષ્યના સમજવાથી, શિષ્યને સમજાય છે.** જો સદ્ગુરુથી આત્મજ્ઞાન પ્રાપ્ત થતું હોય તો તે દરેક જીવને આત્મજ્ઞાન થવું જોઈએ જે સદ્ગુરુની વાણી સાંભળે છે. સદ્ગુરુ તો શું ? સાક્ષાત્ તીર્થંકર કેવળી પણ સમજાવી શકતા નથી. ભવ્ય જીવોને સમજણ થવામાં તેઓ માત્ર નિમિત્ત બને છે, એમ માનવું તે નિશ્ચય છે તથા સદ્ગુરુ પ્રત્યે વિનય હોવો તે વ્યવહાર છે. આમ નિશ્ચય-વ્યવહારની સંધિ પણ અહીં સમજવી જોઈએ.

**સદ્ગુરુ પાસેથી નિજાત્મા સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવા માત્રને સ્વરૂપની સમજણ ન કહેવાય. જ્ઞાન પ્રાપ્ત કરવાને તો જાણકારી પ્રાપ્ત કરી એમ કહેવાય. જ્યારે ગુરુના ઉપદેશનો ઉપયોગ કરી પોતે નિજ સ્વભાવને અનુભવે ત્યારે સ્વરૂપની સમજણ થઈ એમ કહેવાય. આ આત્માએ આખા જગતને જાણવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે પ્રયત્ન સફળ ન થયો. જો એકવાર પોતે અભેદ નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવી આત્માના અનુભવનો પુરુષાર્થ કરે તો જરૂર આત્માને પામે.** જોકે એમ પણ



નથી કે આત્માએ આજ સુધી પોતાને ન સમજીને પરને જ સમજ્યા હોય. અજ્ઞાની પોતાના સ્વરૂપને સમજતો નથી; સાથે-સાથે જગતના પરદ્રવ્યના સ્વરૂપને પણ સમજતો નથી. કારણ કે જો પોતાને સમજ્યો હોત તો, તેમાં એકત્વ કરીને તેમાં જ લીન થઈ જાત. અથવા જો જગતના પરદ્રવ્યોને સમજ્યો હોત તો, શરીર વગેરે પરદ્રવ્યોથી એકત્વ તોડીને તેનાથી રાગ-દ્વેષ છોડ્યા હોત. આમ અજ્ઞાની ન તો પોતાને સમજે છે, ન તો પરદ્રવ્યરૂપ જગતને સમજે છે. તેથી સ્વ-પરની સત્ય સમજણ આપનાર સદ્ગુરુને મન-વચન-કાયાથી નમસ્કાર કર્યા છે.

જગતના સ્વરૂપનું યથાર્થજ્ઞાન દેવ-શાસ્ત્ર-ગુરુના નિમિત્તથી પ્રાપ્ત થાય છે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતા અહીં, માત્ર ગુરુને જ નહિ, પરંતુ દેવ, શાસ્ત્ર તથા ગુરુ એમ ત્રણેય નિમિત્તોને નમસ્કાર કર્યા છે. શ્રી અર્થાત્ જ્ઞાનરૂપી લક્ષ્મી એટલે જિનવાણી માતા, સદ્ગુરુ અર્થાત્ ગુરુ તથા ભગવંત અર્થાત્ જિનેન્દ્ર ભગવાન એટલે દેવ. આમ, અહીં મંગલાચરણમાં શાસ્ત્ર, ગુરુ તથા દેવને નમસ્કાર કર્યા છે. ત્રણેય નિમિત્તોનો ક્રમ પણ યથાયોગ્ય છે. વર્તમાન પંચમકાળમાં શાસ્ત્રનો યોગ સુલભ છે, ગુરુનો યોગ દુષ્કર છે, દુર્લભ છે તથા દેવનો યોગ અસંભવ છે. આમ, સુલભ, દુર્લભ તથા અસંભવ ક્રમ દૃષ્ટિમાં રાખીને શ્રી કહેતા શાસ્ત્રને પહેલા, સદ્ગુરુ કહેતા ગુરુને બીજા તથા ભગવંત કહેતા દેવને ત્રીજા ક્રમે નમસ્કાર કર્યા છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''પૂર્વ અનંતકાળમાં નિજ સ્વરૂપ સમજ્યા વિના દુઃખ પામ્યો એમ કહેતાં તેમાં ગર્ભિતપણે એમ આવ્યું કે અનંતકાળથી હું નિત્ય છું, પણ ગયા કાળમાં આત્માના સુખથી (મારાથી) અજાણ હતો, હવે સાચી સમજણ આપની કૃપાથી પામ્યો. પ્રથમ અનંત દુઃખ પામીને અનંત કાળથી ટકી રહ્યો હતો, હવે આત્મભાનથી ટકી રહ્યો છું.*

*આત્મા અનંત કાળથી છે તે કઈ અવસ્થામાં ટક્યો ? અભાન વડે અનંત દુઃખને પામ્યો અને તે અનંત દુઃખની અવસ્થામાં ટક્યો. ''અનંત'' શબ્દ, આત્મા બેહદ-અપાર આનંદસ્વરૂપ સ્વાભાવિક તત્ત્વ છે એમ સૂચવે છે. તે ભૂલીને, હે ગુરુ ! એ આનંદની અનંતી ઊંધાઈમાં હું અનાદિ કાળથી ટક્યો હતો, આત્મા અનંત (બેહદતાવાળો) છે, માટે દુઃખનો રસ પણ અનંતો જ ભોગવે છે. કોઈ કહેશે કે અનંતકાળના દુઃખ ભેગાં કરીને અનંત દુઃખ થયાં હશે પણ તેમ નથી; એક એક ક્ષણમાં અનંત દુઃખની વેદના સહન કરી છે.''*

❁

**વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;**
**વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨**

આ પંચમકાળમાં મોક્ષમાર્ગ દુર્લભ છે. જૈનોની 'ગીતા' કહેવાતા એવા તત્વાર્થ સૂત્રના પ્રારંભમાં જ એ બતાવ્યું છે કે, 'सम्यग्दर्शनज्ञान चारित्राणि मोक्ष मार्ग:' અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર, આ ત્રણેયની એકતાનું નામ મોક્ષમાર્ગ છે. તે ત્રણેયની એકતાને રત્નત્રય પણ કહે છે. તે ત્રણેય એક પછી એક ક્રમશઃ



પ્રગટતા નથી. અર્થાત્ રત્નત્રયની પ્રાપ્તિનો કાળ પણ એક જ હોય છે, તેમાં સમયભેદ હોતો નથી. પંચમકાળમાં મોક્ષપ્રાપ્તિ તો અસંભવ જ છે; કારણ કે આ કાળમાં મોક્ષપ્રાપ્તિનો પુરુષાર્થી જીવ હોવો અસંભવ છે. જોકે આ કાળમાં મોક્ષ પ્રગટવો અસંભવ છે પણ મોક્ષની શ્રદ્ધા કરવી અસંભવ નથી. કારણ કે મોક્ષની શ્રદ્ધાનું બીજું નામ મોક્ષમાર્ગની પ્રાપ્તિ છે. કોઈ કહે કે માત્ર મોક્ષની શ્રદ્ધાને મોક્ષમાર્ગ કેમ કહેવાય ? તેને કહે છે કે સાત તત્ત્વમાં મોક્ષ ૭માં ક્રમે છે. તેથી ૭માં જેને મોક્ષતત્ત્વની શ્રદ્ધા હોય તેને મોક્ષ સિવાયના પ્રથમ ૬ તત્ત્વની પણ શ્રદ્ધા હોય જ. આમ, સાત તત્ત્વની સાચી શ્રદ્ધા જ મોક્ષમાર્ગ છે. આત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ મોક્ષમાર્ગ આ કાળમાં અત્યંત દુર્લભ હોવાનો અર્થ એ છે કે, પોતાને આત્મજ્ઞાની કહેવાવાળા ગલી-ગલીમાં મળશે. પણ હકીકતમાં જે આત્મજ્ઞાની છે કે મળવા તો ખૂબજ દુર્લભ છે. એવા કેટલાય લોકો મને કહે છે કે, ''મને આત્મજ્ઞાન થઈ ગયું છે, મોક્ષમાર્ગ મળી ગયો છે. હવે તમે મને બતાવો કે મારે શું કરવું ?''

જ્ઞાની કહે છે કે, ''જેને મોક્ષમાર્ગ મળ્યો હોય તેને એવો સવાલ જ ન થાય કે હવે મારે શું કરવું ? કારણ કે મોક્ષમાર્ગની પ્રાપ્તિ તો કર્તૃત્વબુદ્ધિ બંધ કરવાથી થાય છે ? જેને મોક્ષમાર્ગ પ્રગટે છે, તેને મોક્ષ સુધીનો રસ્તો ચોખ્ખો દેખાય છે. તેથી મોક્ષમાર્ગી એવો સવાલ ન કરે કે હવે મારે શુ કરવું ?'' આ કાળમાં દરેક વ્યક્તિ પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગનો નિર્ધાર કરે છે, પણ સદ્ગુરુના વચનોને લક્ષ્યમાં લેતો નથી; તેથી સાચો મોક્ષમાર્ગ પામતો નથી. સાચો

મોક્ષમાર્ગ' શબ્દનો પ્રયોગ કર્યો છે; બાકી મોક્ષમાર્ગ સાચો અને ખોટો એવા બે પ્રકારે હોતો નથી. જે જીવે પોતાના આત્માનું કલ્યાણ કરવું હોય તેવા આત્માર્થી જીવ માટે તો સદ્‌ગુરુએ પોતાનો કોઈ પણ અભિપ્રાય જોડ્યા વિના પ્રભુના વચનોના આધારે મોક્ષમાર્ગને સ્પષ્ટ કહ્યો છે. કોઈ એક વ્યક્તિને લક્ષ્યમાં રાખ્યા વિના મોક્ષમાર્ગ કહ્યો છે. **કારણ કે મોક્ષમાર્ગ તો સાર્વજનિક માર્ગ છે. માત્ર મનુષ્યને જ અધિકાર હોય તેમ નથી. ચારેય ગતિના દરેક સંજ્ઞી પંચેન્દ્રિય જીવ તેના અધિકારી છે.**

આત્માનો મોક્ષ થાય છે, મોક્ષમાર્ગનો સંબંધ પણ આત્મા સાથે જ છે. શરીરની ક્રિયાને મોક્ષમાર્ગ સાથે કોઈ લેવા-દેવા નથી. તેથી એમ સમજવું કે **ધર્મ પરિણત આત્મા જ મોક્ષમાર્ગ છે.**

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી કહેતા કે, જ્યારે કોઈ ભાવલિંગી મુનિરાજ આહાર માટે પધારે; તો એમ સમજવું કે આ તો સાક્ષાત્ મોક્ષમાર્ગ મારે ત્યાં પધાર્યો છે. આમ આ કાળમાં મોક્ષમાર્ગની મહિમા મોક્ષમાર્ગીએ જ બતાવી છે.

ખાસ વાત એ છે કે સદ્‌ગુરુએ મોક્ષમાર્ગ ભાખ્યો છે, સમજાવ્યો છે; પણ તે માર્ગ પર ચાલવું તે જીવના પુરુષાર્થ પર આધારિત છે. સદ્‌ગુરુ ક્યારેય પણ શિષ્યને મોક્ષમાર્ગ પ્રગટ કરાવતા નથી. સદ્‌ગુરુ તો શું ? ત્રણલોકના નાથ તીર્થંકર ભગવાન પણ માત્ર ઉપદેશ જ આપે છે. તેને પાળવો કે ન પાળવો એ જીવના પુરુષાર્થ તથા યોગ્યતા પર આધારિત છે.



આમ, અહીં આ પંચમકાળમાં મોક્ષમાર્ગને દુર્લભમાર્ગ કહ્યો છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*શ્રીમદ્ કહે છે કે, પૂર્વે ધર્મકાળ હતો. આત્મધર્મની ઘણા જીવોને વૃદ્ધિ હતી, પણ વર્તમાનમાં ઘણા ભાગે મોક્ષમાર્ગ લોપ છે; છતાં સમજનાર જિજ્ઞાસુ, મુમુક્ષુ માત્ર છે તેને કહે છે કે, તું મોક્ષસ્વરૂપ છો, સમજીને મોક્ષ પ્રગટ થઈ શકે છે. જે કોઈ ન્યાયથી આત્માનું સ્વરૂપ જેમ છે તેમ સમજશે તે આ લોકોત્તર માર્ગ-આત્માનો વિધિ સમજશે. સમજીને આરાધશે તો એક-બે ભવે (આત્માની) આરાધના વડે સ્વતંત્ર અનંત સુખને પામશે. વર્તમાન કાળે મોક્ષમાર્ગ બહુલોપ થઈ ગયો છે એટલે સમજાય નહિ એમ નથી પણ ઘણી દુર્લભતા છે. અજ્ઞાનથી, ઊંધી માન્યતાથી વિવેક પામવો (આત્માનો વિવેક પામવો) દુર્લભ થઈ પડ્યો છે. પાંચમા આરાના છેડા સુધી-૧૮૫૦૦ વર્ષ સુધી મોક્ષમાર્ગ રહેશે. તોપણ ઘણા લોકો સ્વચ્છંદ, મતાગ્રહને આધીન રહેવાના. જોકે જ્ઞાનીને મુમુક્ષુઓ ઓળખે છે. જેને આત્માની ગરજ છે, સાચા સુખની સુરુચિ છે, સંસારનો ભય લાગ્યો છે તેને જ્ઞાની કહે છે કે, 'મોક્ષમાર્ગ' છે, 'મોક્ષનો ઉપાય છે;' તું સમજ.*

❁

**કોઈ ક્રિયાજડ થઈ રહ્યાં, શુષ્કજ્ઞાનમાં કોઈ;**
**માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ. ૩**

જે જીવ જિનમતમાં માને છે, સંસાર પરિભ્રમણથી થાક્યો છે

અને મુક્ત થવા પણ માંગે છે; તે જીવો પણ મોક્ષમાર્ગ કેમ પામતા નથી, તેના કારણરૂપ આ પદ લખ્યું છે.

નિશ્ચય અને વ્યવહારની સંધિ હોવા છતાં, જે જીવો એકાંતથી કોઈ એક જ નયનો સ્વીકાર કરે છે અને બીજા નયનો નિષેધ કરે છે; તે જીવો મોક્ષમાર્ગ પામતા નથી. તેથી તેઓ કરુણાપાત્ર છે. કારણ કે, માર્ગ પ્રાપ્તિની મહેનત કરતા હોવા છતાં પણ, અણસમજને લીધે માર્ગ પામતા નથી.

માર્ગપ્રાપ્તિમાં અટકી ગયેલા જીવોને બે ભાગમાં વિભાજિત કર્યા છે. (૧) ક્રિયાજડ અને (૨) શુષ્કજ્ઞાની.

પંડિત ટોડરમલજીએ આ બંને પ્રકારના જીવોનું વર્ણન મોક્ષમાર્ગ પ્રકાશના સાતમા અધ્યાયમાં વિસ્તારથી કર્યું છે. ક્રિયાજડ એટલે વ્યવહારાભાસી તથા શુષ્કજ્ઞાની એટલે નિશ્ચયાભાસી. જે જીવ ફક્ત શરીરાદિ જડદ્રવ્યની ક્રિયા કરવાને જ ધર્મ માને છે અને શાસ્ત્રજ્ઞાનનો નિષેધ કરે છે, તે ક્રિયાજડ અથવા વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટી છે. તથા જે જીવ અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરીને શાસ્ત્ર જ્ઞાનને જ આત્મજ્ઞાન માને છે અને શરીરથી સંબંધિત વ્રત, તપ, ઉપવાસ વગેરે શુભક્રિયાનો નિષેધ કરે છે, તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટી છે.

ખાસ વાત તો એ છે કે આ બંને પ્રકારના મિથ્યાદૃષ્ટીને પોતાની એકાંતિક માન્યતાનો દોષ સમજાતો નથી. બંને પ્રકારના જીવો પોતાને મોક્ષમાર્ગ માને છે. જો તે દોષને દોષરૂપ જાણે તો દોષ રહે જ નહિ. અજ્ઞાની દોષને દોષ જાણતો નથી તે જ તેની મોટી નબળાઈ છે.



આગમમાં કહ્યું છે કે, 'ज्ञानक्रियाभ्यां मोक्षः' અર્થાત્ જ્ઞાન અને ક્રિયા બંનેની એકતાથી મોક્ષ થાય છે. જે જીવ ક્રિયાજડ છે, તે પ્રતિદિન પૂજા, ભક્તિ, વ્રત, તપ કરે છે; તેને એમ લાગે છે કે જે લોકો વ્રતાદિ ક્રિયા કરતા નથી તે ધર્મ કરતા જ નથી અને જેણે અનેક શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તે એમ માને છે કે જ્ઞાન વિનાની ક્રિયા શું કામની ? એમ વિચારી તે જ્ઞાન વિના ક્રિયા કરનારને નીચો માને છે, ધર્મીરૂપે માનતો નથી. પરંતુ જ્ઞાનીની એ વિશેષતા હોય છે કે જ્ઞાની બંનેની ભૂલને જાણતા હોવા છતાં પણ બે માંથી કોઈને પણ નીચો માનતા નથી. આ બંનેને જોઈને જ્ઞાનીને કરુણાભાવ ઉત્પન્ન થાય છે. જ્ઞાની મનુષ્યભવની મહત્તા તથા દુર્લભતા સારી રીતે જાણે છે, તેથી કરુણાભાવ આવવો સહજ છે.

સદ્ગુરુએ ક્રિયા કરવાની તથા જ્ઞાન પ્રાપ્ત કરવાની મનાઈ કરી નથી. પરંતુ જો તે ક્રિયા અથવા જ્ઞાન માત્ર એકાંતરૂપે હોય તો તેમાં ધર્મ માનવાની મનાઈ કરી છે. **એકાંતિક મિથ્યાત્વને મોક્ષમાર્ગ માનવાની ના પાડી છે.**

આ બે પ્રકારના જીવોમાં કોઈ જીવ ધર્મી નથી, ધર્મમાર્ગી પણ નથી. કારણ કે ધર્મમાર્ગની શરૂઆત કયારેય એકાંતથી થતી નથી. જો કે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટીએ ઉપવાસ વગેરે વ્રત કર્યા હોવાથી તેને પુણ્યના ફળમાં દેવાદિ શુભગતિને પ્રાપ્ત થાય છે. જયારે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટીએ આત્માનો અનુભવ તો કર્યો નથી તેથી મોક્ષપ્રાપ્તિનો પ્રશ્ન જ નથી પરંતુ તેણે તો ઉપવાસ, દેવ-દર્શન, પૂજા, ભક્તિ વગેરે શુભભાવથી પુણ્ય પણ બાંધ્યું નથી. તેથી તે તો

સ્વચ્છંદી થઈને ફરે છે અને પાપોનો ત્યાગી પણ નહિ હોવાથી પાપકર્મના ફળમાં નરકાદિ નીચ ગતિમાં જન્મ ધારણ કરે છે.

અંતે તો બંને સંસાર પરિભ્રમણ કરતાં હોવાથી જ્ઞાનીને તે બન્ને પ્રત્યે કરુણાભાવ વર્તે છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"અમુક લોકો-બહિર્દૃષ્ટિ જીવો કહે છે કે, 'ભગવાને ક્રિયા બતાવી તેનો આ અધ્યાત્મની વાતો કરનારા ઉચ્છેદ કરે છે તેથી આત્મ-સિદ્ધિશાસ્ત્રને માનવું નહીં. શું એકલો આત્મા–આત્મા કર્યે ધર્મ થઈ જશે ? માટે આપણે ક્રિયા કરવી.' હવે વિચારવાના-વિવેકી હોય તે તુલના કરે કે આત્માનો ગુણ અરૂપી જ્ઞાન-ચૈતન્ય છે; તે જ્ઞાતા-જ્ઞાયક જ છે. જ્ઞાનપણે જાણવું એ જ એની (આત્માની) ક્રિયા છે. જ્ઞાન સિવાય કાંઈ પણ કર્યું થતું હોય તો કોઈ બતાવો.*

*અમે કહીએ છીએ કે જ્ઞાનમાં જ નિશ્ચય-વ્યવહાર છે; જડમાં નહિ. અનંતવાર નવ ગ્રૈવેયક સ્વર્ગમાં આત્મભાન વિના જનાર ભવ્ય જીવો અને અભવ્ય જીવો છે, ઘણાં તપ, ઘણાં વ્રત, શુક્લ લેશ્યા, ઊજળા પરિણામ વડે આત્માના અભાનમાં જે પુણ્ય બંધાય તેના ફળરૂપે અહમિન્દ્ર દેવ અનંતવાર થાય અને અસંખ્ય અબજ વર્ષનું આયુષ્ય પણ ભોગવે, છતાં આત્માને શો લાભ ? કાંઈ પણ નહિ. ત્યાં હીરા, માણેક, દેવીઓ દેખીને આસક્તિ પામી ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી એકેન્દ્રિયમાં, ઢોરમાં રખડી મરશે; કારણ કે આત્માને જાણ્યો નથી.*



*કોઈ કહે દયાથી, પુણ્યથી ધર્મ થાય, પણ એવી દયા અનંતવાર પાળી છે; રાગ આત્માનો ગુણ નથી એ વાત હજી બેઠી નથી. શાસ્ત્રમાં ઘણે સ્થળે કહ્યું છે કે, એકેક જીવ આત્મભાન વિના આત્માના નામે જ કરણી કરીને અનંતવાર નવ ગ્રૈવેયક સુધી પણ ગયો છે.*

*લોકો જેને પુણ્ય, દયા માને છે. તે એની ઊંધી દૃષ્ટિ માને છે. જ્ઞાની તેના પુણ્યપરિણામ-શુભભાવથી ભલું થવાની ના પાડે છે, કારણ કે તે અંતરંગ ઊંડાણમાં પોતાના રાગને, માનાદિ કષાયને પોષણ આપે છે. અનંતકાળથી જે વસ્તુની ઓળખાણ નથી થઈ તેનું શું કારણ ? તેનો વિચાર યથાર્થપણે કર્યો નથી. તત્ત્વનું મનન પણ નહિ તેથી શું થાય ? ઘણા લોકો શુભ પરિણામને સંવર, નિર્જરા માને છે, ત્યારે એનો આત્મા કોઈ બીજી જાતનો હશે ? જ્ઞાની પુરુષોએ તો શુભ-અશુભ બન્ને ભાવ રહિત શુદ્ધ ભાવની સ્થિરતાને સંવર, નિર્જરા કહ્યાં છે. આત્માની સાચી શ્રદ્ધા વિના, અંતરંગ વેદન વિના અંધશ્રદ્ધાથી લોકો દેહની ક્રિયાને ચારિત્ર-ધર્મ માની બેઠા છે. શ્રીમદે તેમને ક્રિયાજડ કહ્યા છે. હેય-ઉપાદેયબુદ્ધિરૂપ વિવેક વિના પોતાને મોક્ષમાર્ગી માને તેને કોણ પરાણે સમજાવી શકે ? જે ભાવે અનંતવાર બાહ્ય ક્રિયા કરી શુભ-પરિણામ કર્યા તે ભાવે અકષાયી આત્માનો નિજગુણ સંવર, નિર્જરા-વીતરાગદશા તો કદી ન થાય. લોકો માને છે તેનાથી ધર્મ કોઈ અલૌકિક વસ્તુ છે, તેને સમજવાનો પ્રયત્ન મધ્યસ્થપણે કરવો નહિ અને આંધળી અર્પણતાથી, ઓઘસંજ્ઞાએ ઊંધાને સત્ય માની લેવું તે દૃષ્ટિનો વિપર્યાસ છે.*

*હું ચૈતન્યસ્વરૂપનો કર્તા છું; એક જ્ઞાનમાત્રનો કર્તા-ભોક્તા*

*છું; પરદ્રવ્ય, પરભાવ, પુણ્ય, પાપ, રાગ, દ્વેષનો અકર્તા-અભોક્તા છું. તે ભૂલીને મન, વાણી, દેહાદિની ક્રિયા હું કરું છું, એના આધારે ધર્મ થશે–એમ માનનારા બાલચાલ એટલે બાળક્રીડા કરનારા છે, અજ્ઞાની છે. બીજો વર્ગ શુષ્ક જ્ઞાનીનો છે. સ્વચ્છંદે વિવેક વિના શાસ્ત્રના શબ્દો ધારી રાખે કે આત્મા સિદ્ધ જેવો છે, અકર્તા-અભોક્તા છે. પણ એના વિચાર કરે નહીં અને ખાલી પંડિતાઈની વાતો કરી પોતાને જ્ઞાનીપણું છે એમ માને. વળી અંતરંગ વૈરાગ્ય, ઉપશમ નહિ, ક્રોધ, માન, માયા, લોભ, મોહભાવ ટાળવાનો પુરુષાર્થ નહિ, અશુભ પરિણામનો ત્યાગ નહિ; માન, અપમાન, રાગ, દ્વેષની ઓછાશ નહિ અને આત્મા વીતરાગ છે એમ કહેવું એ શું યોગ્ય છે? તેવા જીવો વિષયભોગમાં લોલુપતા અને તૃષ્ણાપૂર્વક વર્તે છે. તેને આત્મા ચૈત્યપ્રભુની જાગૃતિનો પ્રેમ નથી-આદર નથી.* ***જ્યાં જરા અપમાન થાય, નિંદા થાય કે પ્રતિકૂલતા આવે ત્યાં જે સમભાવ રાખે નહિ તેણે આત્માને જાણ્યો નથી.''***

❀

**બ્રાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ;**
**જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ. ૪**

જે જીવ બાહ્યક્રિયામાં જોડાઈને એટલે કે પોતાને શરીર તથા શરીરની ક્રિયાનો કર્તા માનીને, આત્મા અને શરીર વચ્ચે ભેદ કરતો નથી તથા જ્ઞાનમાર્ગનો નિષેધ કરે છે અર્થાત્ એમ માને છે કે, જ્ઞાન તો જીવનમાં ઉતારવા માટે હોય છે અને હું તો જ્ઞાન વિના પણ



વ્રતાદિ ક્રિયાઓ કરી રહ્યો છું; તેથી મોક્ષમાર્ગ માટે જ્ઞાનની કોઈ જરૂર જ નથી.

જ્ઞાનનો ઉઘાડ તો પૂર્વસંચિત જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ થાય છે. તેથી જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર જ નથી એમ માનતો હોવાથી, ક્રિયાજડનું બિરુદ પામે છે. આ અજ્ઞાની જગત ક્રિયાજડ જીવના બાહ્ય ચારિત્રને જોઈને તેનાથી આકર્ષિત થઈ જાય છે અને તેને ધર્મી માનીને તેની ભક્તિ કરવાનું ચાલુ કરી દે છે. ધર્મી જીવનું લક્ષણ તો ભેદજ્ઞાન છે. તેવા ભેદજ્ઞાનનો ક્રિયાજડ નિષેધ કરે છે. તે કહે છે કે, મિથ્યાદૃષ્ટી દ્રવ્યલિંગી મુનિ અગિયાર અંગ અને નવ પૂર્વના જ્ઞાની હોવા છતાં મોક્ષમાર્ગને પામતા નથી; તેથી તે જ્ઞાનનું કંઈ મહત્વ નથી. પરંતુ બીજી બાજુ એ પણ પરમ સત્ય છે કે મિથ્યાદૃષ્ટી દ્રવ્યલિંગી મુનિ અનેક વ્રત કરીને પણ મોક્ષમાર્ગને પામતા નથી. ક્રિયાજડનું ધ્યાન એ વાત પર જતું નથી, તેથી તે પોતાની વ્રતાદિરૂપ ક્રિયાને જ ધર્મ સમજે છે.

આ જે કંઈ પણ બાહ્યક્રિયાનું મહત્ત્વ શાસ્ત્રમાં બતાવ્યું છે, તે આત્માના લક્ષ્યે કહ્યું છે, તે વાત પર પણ ક્રિયાજડ ધ્યાન આપતો નથી. ઉપવાસની ક્રિયા તો શરીરથી સંબંધિત છે. **ખરેખર ભોજનને નહિ પણ ભોજન સંબંધી મોહ, રાગ તથા દ્વેષને છોડવાનું નામ ઉપવાસ છે. શરીરને વસ્ત્ર રહિત કરવાનું નામ મુનિવ્રત નથી પણ આત્માને મોહ-રાગ-દ્વેષ-ભાવથી રહિત કરવો તે મુનિનો વાસ્તવિક ધર્મ છે.** કારણ કે વસ્ત્રાદિ પરિગ્રહને તો આત્માએ આજ સુધી સ્પર્શ્યા પણ નથી. જ્યારે રાગ તો પોતાના પર્યાયમાં હોવાથી, તેનો

અભાવ કરવાનો ઉપદેશ અપાય છે. ખરેખર દ્રષ્ટિના વિષયભૂત ત્રિકાળી આત્મામાં રાગાદિ-વિકારી ભાવો ભળ્યા જ નથી; તેવું જ્ઞાન જ સાચો ત્યાગ છે. રાગનો ત્યાગ કર્યા વિના કરવામાં આવતી શરીરની ક્રિયા તો વ્યવહાર પણ નથી. કારણ કે મિથ્યાદૃષ્ટીનો વ્યવહાર એ વ્યવહારાભાસ છે. ક્રિયાજડ ક્યારેક દાન આપે છે તો તેમાં પણ માન કષાયની મુખ્યતા રહેલી હોય છે. પોતે એમ માને છે કે, મેં આટલા રૂપિયાનો ત્યાગ કર્યો; પણ એવો વિચાર કરતો નથી કે, હું જેને છોડવાની વાત કરૂં છું, તેને નિશ્ચયથી તો મેં ક્યારેય ગ્રહણ જ કર્યું નથી. જો ગ્રહણ હોય, તો ત્યાગ હોય. આત્માએ પરવસ્તુને ગ્રહણ કર્યું નહિ હોવાથી પરવસ્તુના ત્યાગને સાચું તપ કહ્યું નથી.

જ્ઞાની એમ નથી કહેતા કે બાહ્યત્યાગ ન કરવો જોઈએ. જ્ઞાનીનો આશય તો એમ છે કે, ભેદજ્ઞાન વિનાનો બાહ્યત્યાગ તે ખરો ત્યાગ નથી. તેથી બાહ્ય ત્યાગને જ નિશ્ચય ત્યાગ માનવાની મનાઈ કરી છે.

ભિન્નવસ્તુ વચ્ચે ભેદજ્ઞાન તેના લક્ષણોના માધ્યમથી થાય છે. પરદ્રવ્ય વચ્ચે ભેદ માનવાથી તો તે મિથ્યાત્વરૂપ થાય છે. જેમકે કોઈ એવો ભેદ કરે કે આ ઘર મારૂં અને આ ઘર તમારૂં. અહીં બીજાનું ઘર તો પોતાનું નથી જ પણ પોતાનું ઘર સુદ્ધાં પોતાનું નથી. જેને અજ્ઞાની પોતાનું ઘર કહે છે તે પણ બીજાનું છે એટલે કે પુદ્‌ગલનું છે, પર છે. તેથી બે જડ વચ્ચે ભેદ માનતા તો મોહ-રાગ-દ્વેષ જ થશે. તેથી સમજવું કે જડ તો જડ છે અને તે હું નથી. અહીં નિશ્ચયની મુખ્યતા કથન કર્યું છે, તેથી બાહ્ય વ્યવહારને અહીં ગૌણ સમજવો.

બીજું એ કે પોતાના સ્વરૂપમાં ભેદની કલ્પના ન કરવી. કેમકે



**જેમ પરમાં ભેદ માનતા મિથ્યાત્વભાવ થાય છે, તેમ નિજાત્માને જ્ઞાનાદિ ગુણોના ભેદરૂપે દેખતાં વિકલ્પ થાય છે.** કારણ કે હું જ્ઞાનવાળો છું, હું દર્શનવાળો છું; આ પ્રકારના વિકલ્પ પણ ધર્મ નથી. તેથી પોતાને સમસ્ત પરદ્રવ્યથી જુદો અભેદ, નિત્ય જ્ઞાયક જાણવો તે ભેદજ્ઞાન છે. આવા ભેદજ્ઞાનની કળા ક્રિયાજડમાં નહિ હોવાથી શરીરની ક્રિયાથી જ પોતાને ધર્માત્મા માને છે અને પોતાનો દોષ સ્વીકારતો નથી.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“જે બાહ્યક્રિયા માત્રમાં જ રાચી રહ્યા છે; લૂગડાં, વેષ, વાડા, બાહ્યરૂઢિથી થતા બહિરંગ ક્રિયા, મનના, વિકલ્પ આદિમાં ઠીક-અઠીક માને છે, કોઈ પોતાની માન્યતા મુજબ વ્યવહારથી ક્રિયા કરતો હોય તો ઠીક, નહિતર અઠીક—એમ બાહ્યક્રિયા જે ઉદય મુજબ થાય છે તેની ઉપર રાગ, મમતા કરે છે, દેહાદિની ક્રિયાને આત્માની ક્રિયા માને છે અથવા એનાથી મને સુખ થશે; પુણ્ય કરશું તો સુખ પામશું અથવા પરંપરાએ મોક્ષ થશે એમ માને છે તે બધા ક્રિયાજડ છે; કારણ કે હું ત્રિકાળ નિર્મળ, પવિત્ર પૂર્ણજ્ઞાનમાત્ર છું, અબંધ છું, સિદ્ધ સમાન છું, એવી શ્રદ્ધા વિના જ્ઞાતાપણું ભૂલીને મિથ્યાત્વમોહ કરે છે. દેહની ક્રિયા જે થઈ જાય છે તેને હું કરું છું એમ માને છે, બાહ્યમાં વ્રત, તપ માને, રોટલા ન ખાવા તે ઉપવાસ, સ્ત્રી સંગ ન કરવો તે બ્રહ્મચર્ય, સ્થૂલ રાગ ન કરવો તે ધર્મ, જીવ ન મરે તે દયા—આમ બાહ્યક્રિયામાં રાચી રહ્યા છે તેવાઓને આત્મજ્ઞાન તો નથી જ.*

*કંઈ અંતર્ભેદ (જીવ-અજીવના ભેદનું ભાવભાસનરૂપ ભેદજ્ઞાન) સાચી દૃષ્ટિ સહિત શુભ પરિણામ કરતો હોય તો તો પુણ્ય પણ છે. પણ આત્માના ભાન વિના, સાચી શ્રદ્ધા વિના અંતરમાં માન, સગવડતા, પુણ્યની ભાવના સેવતો હોય તો તે આત્માનો ઘાત કરનાર છે, મોહકર્મ-મિથ્યાત્વકર્મના અનંત પાપ બાંધે છે. બાહ્ય ચારિત્ર અર્થાત્ વચન, દેહાદિની ક્રિયા ઘણી હોય અથવા થોડી હોય એ ઉપરથી જ્ઞાનીની પરીક્ષા ન જ થાય; વળી નગ્ન નિર્ગ્રંથ મુનિ હોય, છઠ્ઠે-સાતમે ગુણસ્થાનકે વર્તતા હોય, સ્વરૂપસ્થિરતા પણ હોય, બાહ્ય ઉદયની ક્રિયાનો જોગ ઘણો ન દેખાય તોપણ ૨૮ મૂળગુણ તો હોય છે. વળી કોઈ મુનિને બાહ્ય ક્રિયાનો-શુભયોગનો ઉદય વધારે દેખાય તો પણ તેઓ જાણે છે કે એનાથી મને ગુણથી એ ઉદયની ક્રિયાથી ધર્મ નથી. તે ઉદયકર્મનું સ્વામિત્વ જ્ઞાનીને નથી તેથી તેમને બાહ્ય ઉદયની ક્રિયામાં રાચવાપણું હોતું નથી કદી બાહ્ય અસ્થિરતાનો યોગ બની જાય તેનો જ્ઞાતા-સાક્ષી રહે છે તેમાં ભળતો નથી તેથી તે ઉદયકર્મની નિર્જરા થાય છે. જ્ઞાનીને જ્યાં સુધી વિશેષપણે જ્ઞાનમાં લીનતારૂપ ચારિત્રમાં સ્થિરતા નથી ત્યાં સુધી શુભ પરિણામ થયા વિના રહેતા નથી. જ્ઞાની પોતે ઉત્કૃષ્ટ પુરુષાર્થ વધારે છે. તેમાં શુભ વિકલ્પો થઈ જાય છે તે મનના સંબંધનો રાગ ભાવ છે, તેના નિમિત્તે ઉત્કૃષ્ટ પુણ્ય સહેજે બંધાઈ જાય છે છતાં તે પુણ્ય-પરિણામનો તથા પુણ્યના ફળનો જ્ઞાનીને આદર નથી. જે ક્રિયા, ઈચ્છા (શુભવિકલ્પ) થઈ જાય છે તે કર્મ–ભાવને જ્ઞાની જાણે છે કે, ઈચ્છા મારો સ્વભાવ નથી. 'જે મારા સ્વભાવની જાત નથી તેનાથી મને ગુણ નથી.' એમ ભેદજ્ઞાનની વિચિત્રતા છે. (મહિમા છે.)''*



**બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માહીં;**
**વર્તે મોહાવેશમાં, શુષ્ક જ્ઞાની તે આંહી. ૫**

અહીં નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટીનું વર્ણન કર્યું છે. જે જીવ, દેવ-શાસ્ત્રના માધ્યમથી જ્ઞાન પ્રાપ્ત કરીને, તે જ્ઞાનનો દુરૂપયોગ કરે છે; તે શુષ્કજ્ઞાની મિથ્યાદૃષ્ટી કહેવાય છે.

છ દ્રવ્ય, તેના ગુણ અને પર્યાયના સ્વરૂપને જાણીને, તે શુષ્કજ્ઞાની પોતાને અશુદ્ધ અવસ્થામાં પણ શુદ્ધ અવસ્થારૂપે માને છે, વર્તમાન પર્યાયમાં ઉત્પન્ન થતાં વિકારનો સ્વીકાર કરતો નથી, પર્યાયનો નિષેધ કરીને કહે છે કે આત્માને બંધ થતો જ નથી. જો બંધ થતો ન હોય તો બંધના અભાવપૂર્વક મોક્ષ પણ થતો નથી.

શાસ્ત્રમાં કયાંય પણ આત્માની શુદ્ધ કે અશુદ્ધ પર્યાયના અસ્તિત્વનો નિષેધ નથી કર્યો. પરંતુ તે અશુદ્ધ કે શુદ્ધ પર્યાય તરફ દ્રષ્ટિ કરવાથી વિકલ્પ જ ઉત્પન્ન થાય છે, તેથી કહ્યું છે કે દૃષ્ટિના વિષયભૂત આત્મામાં પર્યાય નથી. દ્રવ્યને પર્યાયથી જુદું માનવું તે એકાંત કહેવાશે. કારણ કે ગુણ તથા પર્યાયના સમૂહરૂપ જ દ્રવ્ય હોય છે. શુષ્કજ્ઞાની મનમાં એવી કલ્પના કરે છે, વચનમાં એમ કહે છે તથા કાયાથી પણ એ રીતે વર્તે છે કે આત્માનો બંધ કે મોક્ષ હોતો નથી. આમ, તે વચન સંબંધી જ ભૂલ ન કરીને મન, વચન તથા કાયા સંબંધી ભૂલ કરે છે. તે કહે છે કે એક દ્રવ્ય, બીજા દ્રવ્યનું કંઈ કરી શકતું નથી; તેથી હું પરજીવોની રક્ષા પણ કરી શકતો નથી; એમ બોલી બોલીને સ્વછંદી બનીને ફરે છે અને સામાન્ય શ્રાવકને યોગ્ય શુભક્રિયાનો પણ નિષેધ કરે છે. શરીર વગેરે સંયોગો

પોતાનાથી જુદા છે; એવું માત્ર વચનમાં બોલે છે, પણ હકીકતમાં માનતો નથી. તેથી સાચી માન્યતા વિના માત્ર સાચું બોલવું તે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવતું નથી. **સ્વ-પરની સાચી શ્રદ્ધા અથવા માન્યતાને સમ્યગ્દર્શન કહેવાય છે.** આમ શરીર મારૂં નથી એમ બોલીને તે રાત્રિભોજન, કંદમૂળ વગેરે અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરતો નથી અને અભક્ષ્યના ત્યાગની જરૂર છે એમ તે માનતો પણ નથી.

એટલું જ નહીં પોતાને અને પરમાત્માને એક સમાન કહે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, અજ્ઞાની અને કેવળી ભગવાનમાં દ્રવ્યદષ્ટિએ કોઈ ભેદ નથી પરંતુ શુષ્કજ્ઞાની પર્યાયના ભેદનો પણ સ્વીકાર કરતો નથી. તેથી એમ કહે છે કે, હું પોતે પણ ભગવાન છું. મારે જિનમંદિરમાં જઈને ભગવાનના દર્શન, ભક્તિ, સ્તુતિ, વંદના વગેરે કંઈ કરવાની જરૂર નથી. આ રીતે શુષ્કજ્ઞાની દરેક પ્રકારની શુભક્રિયામાં નિમિત્ત એવાં શુભભાવોનો પણ નિષેધ કરે છે.

**આત્મજ્ઞાની અને શુષ્કજ્ઞાની વચ્ચે બસ એટલું અંતર હોય છે કે, જ્ઞાનીના વ્યવહારિક કથન જેવી શુષ્કજ્ઞાનીની માન્યતા હોય છે. તથા આત્મજ્ઞાનીની માન્યતા જેવું શુષ્કજ્ઞાનીનું કથન હોય છે,** વ્યવહારિક ભાષા હોય છે. જેમ કે જ્ઞાની વ્યવહારથી એમ કહે છે કે, આ ઘર મારૂં છે, આ પુત્ર, પત્ની, પરિવાર મારાં છે જ્ઞાનીનું આ કથન તો માત્ર વ્યવહારમાં કહેવા પુરતું હતું પરંતુ શુષ્કજ્ઞાની ઘર, પુત્ર, પરિવારને અંતરંગમાં પોતાના માને છે અને લોક વ્યવહારમાં કહે છે કે તેઓ મારાં નથી.

આત્મજ્ઞાની અંતરંગમાં એમ માને છે કે હું આત્મા જ છું, પરદ્રવ્ય મારાં નથી. એજ વાત અજ્ઞાની માત્ર કથનમાં બોલે છે કે હું આત્મા જ છું અને પરદ્રવ્ય મારૂં નથી. પરંતુ માન્યતામાં તો મારાપણું જ છે. આમ શુષ્કજ્ઞાની ઊંચી ઊંચી તત્ત્વની ઊંચી ઊંચી વાતો જ કરે છે. પરંતુ જૈનદર્શનના અનેકાંત સ્વરૂપને સમજતો નથી.



❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"શુષ્કજ્ઞાનીઓ રાગ, દ્વેષ, કષાયભાવમાં ટકીને માત્ર વાણીમાં જ કહે છે કે, આત્મા તો શુદ્ધ જ છે, બંધ-મોક્ષ નથી; એમ નિશ્ચય-વાક્યને મુખ્ય કરીને જ્ઞાનની વાતો જ કરે છે. અંતરંગ સ્વાનુભવ વિના, આત્માની સાચી પ્રતીતિ થયા વિના વાજાં (ગ્રામોફોન)માં રેકોર્ડ બોલે તેમ સ્વચ્છંદે હાંક્યે રાખે. અંતરમાં રાગ, દ્વેષ, મમતા, સંસારની વાસના ભર્યાં છે અને જ્ઞાનની વાતો કરે છે તે શુષ્કજ્ઞાની છે, તેમને સાચા તત્ત્વનું ભાન નથી તેથી તો તે મિથ્યાદષ્ટી છે.*

*પણ જ્ઞાનભાવ ભાવીને, પરમાર્થ સમજીને, અંતરંગ સહજ સ્વરૂપનું વેદન કરીને, રાગનો ભાગ ગૌણ રાખીને પરમાર્થે કહે તેની વાત એક ન્યાયે સાચી છે, કારણ કે ધર્મી જ્ઞાની પુરુષનું વચન પુરુષાર્થ સહિત હોય તે સ્વભાવની દૃષ્ટિથી કહે કે આત્મા ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય છે, બંધ-મોક્ષવાળો નથી.*

*અજ્ઞાની-સ્વચ્છંદીને જ્ઞાની કહેવડાવવાની, મનાવવાની મીઠાશ છે; તે વાતો કરીને અભિમાન કરે અને શાસ્ત્રોની સાક્ષી આપી કહે કે આત્મામાં બંધ નથી; પુણ્ય, પાપ, રાગ, દ્વેષ કાંઈ ભેદ નથી એમ*

*પારકે ઘેર (શાસ્ત્રમાં વાત નાખીને પોતે મનમાં શબ્દો ધારી રાખે છે અને રાગ, દ્વેષ, મોહાવેશમાં વર્તે છે. મોક્ષમાર્ગની પાત્રતાનો તે અંશ પણ પામ્યો નથી. જે કંઈ ઉદય આવે તેમાં તેટલો જ (નિમિત્ત આધીન) રાગી-દ્વેષી બને છે અને શાસ્ત્રના બહાને–જાણપણાના બહાને જ્ઞાનીપણાની વાતો કરે છે; પણ અંતરમાં મોહકષાયનો ઘટાડો નથી તે શુષ્કજ્ઞાની છે; કંઈ પણ અનુકૂળતા મળે તો તેનો રાગી અને પ્રતિકૂળતા મળે તો તેનો દ્વેષી થાય છે, એમ મોહાવેશમાં અટક્યો છે અને માને કે હું જ્ઞાતા-દૃષ્ટા છું, સાક્ષી છું એ સ્વયં અપરાધી છે. અજ્ઞાન એ જ પાપ છે.*

*આત્મા પૂર્ણ પવિત્ર, રાગ-દ્વેષ-ઉપાધિ વિનાનો છે, આવા નિર્દોષ અકષાય આત્માને હે ભાઈ ! તું માને છે, ચાહે છે તો જરા માન, લોભરૂપ કષાય નિંદાનું કારણ આવ્યે તને અંતરમાં ડંશ કેમ આવે છે ? વિષય-ભોગની સગવડતા મળતાં અને સુંદર દેખાતાં મનગમતા મિષ્ટાન્ન-ભોજનની વાત સાંભળતાં અંદરમાં મીઠાશ આવી જાય છે; વળી અહાર ટાણે લોલુપતા ઘણી દેખાય છે; તેમજ દેહાદિ પ્રત્યે સગવડતાની મીઠાશ વર્તે છે (રુચિ છે) તો આ વિપરીત કારણો જોતાં તને પવિત્ર આત્માની રુચિ ક્યાં છે ?*

*સંસારમાં મોહ વર્તે છે અને કહે છે કે, અમે આત્માને જાણનારા છીએ. વળી આત્મામાં રાગ-દ્વેષ નથી એમ વાતો કરી સ્વચ્છંદી બની પોતાને ઠગે છે.''*

❁



**વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;**
**તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન. ૬**

આત્મજ્ઞાનપૂર્વક કષાયોના ઉદયનો અભાવ થવો તે જ વૈરાગ્ય છે. મિથ્યાદૃષ્ટીને કષાયના ઉદયનો અભાવ હોતો નથી. કોઈ મિથ્યાદૃષ્ટીને જોતા એમ લાગે કે, આ તો અકષાયી જીવ છે. જ્ઞાનીઓએ મિથ્યાદૃષ્ટીના એવા દેખાડાના અકષાયને રૂંધાયેલો કષાય કહ્યો છે. જ્યારે કષાયભાવ મંદ ઉદયરૂપ વર્તે ત્યારે આત્માને પોતે અકષાયી છે એવો આભાસ થઈ શકે છે પણ તે ખરી અકષાય દશા હોતી નથી. રૂંધાયેલો કષાય દબાયેલી સ્પ્રીંગ જેવો હોય છે. આત્મજ્ઞાન વિના મંદકષાયથી પુણ્યબંધ કરીને જીવે, સ્વર્ગાદિ ગતિને અનેકવાર પ્રાપ્ત કરી પણ વીતરાગ ધર્મ પ્રાપ્ત ન કર્યો. કષાયની મંદતા તે ધર્મ નથી પણ સાધન છે. જો સાધનને જ સાધ્ય માની લેવામાં આવે તો ક્યારેય સાધ્યની સિદ્ધિ થતી નથી. શાસ્ત્રમાં તો અહીં સુધી કથન આવે છે કે,, એવો શુભરાગ કે જે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયા પહેલાં અજ્ઞાનીને ઉત્પન્ન થતો નથી અને જેના ફળમાં બંધાયેલા કર્મો પૂર્ણ વીતરાગી દશા અને કેવળજ્ઞાન પહેલાં ઉદયમાં આવતા નથી; તેવો શુભરાગ પણ ધર્મ નથી, મોક્ષનું કારણ નથી. આ વાત તીર્થંકર ભગવાનને અનુલક્ષીને કહી છે. કોઈપણ જીવને સમ્યગ્જ્ઞાન પ્રગટ થયા પહેલા તીર્થંકર નામકર્મ પ્રકૃતિનો બંધ થતો જ નથી અને પૂર્ણ વીતરાગી થયા વિના તીર્થંકર નામકર્મની પ્રકૃતિનો ઉદય આવતો નથી. તેથી તીર્થંકર નામકર્મ પ્રકૃતિના કારણભૂત ષોડ્શકારણ ભાવનાને પણ સંસારનું જ કારણ કહી છે. કેમકે તીર્થંકર પદ પણ

સંસારની જ એક દશા છે. આમ, આત્મજ્ઞાનપૂર્વક વૈરાગ્યને જ સફળ કહ્યો છે. તેથી રાગ-દ્વેષને હેય સમજવા જોઈએ. જો કે કદાચિત્ જીવને મંદકષાય હોય તો, તે પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિનું પહેલું પગથિયું છે. તેથી કષાયની મંદતાને સંસારનું કારણ જાણી પાપરૂપ તીવ્રકષાયમાં પડવું તો યોગ્ય ન જ કહેવાય.

મેલા વસ્ત્રના મેલને દૂર કરવા માટે પહેલાં પાવડરના પાણીમાં પલાળવામાં આવે છે; જેથી મેલ સહેલાઈથી અને સંપૂર્ણરીતે છૂટી જાય છે. એ જ પ્રમાણે કષાયી જીવે પોતાના કષાયને દૂર કરવા માટે સદ્ગુરુના યોગમાં રહી કષાયભાવોને પાતળા કરવા જોઈએ, જેથી આત્માનુભવનો માર્ગ મોકળો બની શકે.

આગમમાં પણ આવે છે કે, આત્માની વિશુદ્ધિ થયાં વિના આત્માની શુદ્ધિ થતી નથી તેથી વૈરાગ્યનું મહત્વ જાણવું જરૂરી જ નહિ પણ અનિવાર્ય છે.

સંસારથી ઉદાસીન થવું એટલે વૈરાગ્ય પ્રગટ થવો. ઉદાસીનતાનો અર્થ નિરાશા કે અણગમો ન સમજવો. **જેણે સ્વભાવને સાધન બનાવીને પુરુષાર્થ પ્રારંભ કર્યો છે, તેને જ ખરી ઉદાસીનતા પ્રગટે છે.** સ્વભાવનું લક્ષ્ય કર્યા વિના, પરથી નજર ફેરવવાનો પ્રયત્ન કરે તો જરૂર નિરાશ થશે, તેનાથી તો તેનો સંસાર વધશે. સ્વભાવને લક્ષ્યમાં લેતાં નિજ સ્વરૂપ સમજાય છે. આમ, સ્વરૂપની સમજણથી પ્રગટ થયેલો વૈરાગ્ય આત્માના આનંદનું કારણ બને છે.

જો આત્મસ્વરૂપ ને સમજ્યા વિના, પરથી જુદો પડવાનો પ્રયત્ન



કરશે તો એકલતાનો અનુભવ કરી દુઃખી જ થશે. તેથી અહીં એકલા વૈરાગ્યને નહિ પણ આત્મજ્ઞાન સહિત વૈરાગ્યને સાર્થક કહ્યો છે. **એકલા વૈરાગ્યમાં માત્ર ભંગાણ–જુદા પડવાપણું છે જ્યારે આત્મજ્ઞાન સહિતના વૈરાગ્યમાં સંધાણ-જોડાણપૂર્વકનું ભંગાણ છે.**

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“ત્યાગ વૈરાગ્યની સફળતા ક્યારે? “જો સહ આતમજ્ઞાન” અર્થાત્ સાથે જો આત્મજ્ઞાન હોય તો, આત્મા પુણ્ય–પાપ અને રાગ–દ્વેષ રહિત, મન–વાણી–દેહાદિથી જુદો, નિર્દોષ, જ્ઞાતા–દૃષ્ટા ત્રિકાળ પૂર્ણ શુદ્ધ છે-એવું યથાર્થ ભાન, શ્રદ્ધા અને લક્ષ કરવા માટે પ્રથમ શ્રુતજ્ઞાન દ્વારા એનું શ્રવણ, મનન અને અભ્યાસ કરવો જોઈએ. રાગ-દ્વેષ, દેહાદિની મમતાનો ત્યાગ કરવાની ભાવના જેને વર્તે છે તેને ભેદજ્ઞાનના બળ અનુસાર ક્રોધ, માન, માયા, લોભ, વિષય, કષાયની વાસનાનો ત્યાગ થતાં બાહ્ય સંયોગનો ત્યાગ સહેજે થઈ જાય છે. જેને રાગરહિત કેવલ શુદ્ધ આત્મા જોઈએ છે તેને રાગાદિ ઉપાધિભાવમાં રુચિ ન હોય, વળી તેને ત્યાગ વૈરાગ્ય હોય જ, પણ તે ત્યાગ વૈરાગ્યની સફળતામાં પ્રથમ એવો અભિપ્રાય જોઈએ કે હું નિત્ય અકષાયી શુદ્ધ આત્મા છું, મારામાં પર વસ્તુના ગ્રહણ-ત્યાગ નથી, અરૂપી જ્ઞાનમાત્ર છું, દેહાદિ તથા અન્ય બાહ્ય જડ પદાર્થોથી પર છું, અક્રિય છું. જ્ઞાન જ મારું કર્મ છે. એ અવિરુદ્ધ ન્યાય માર્ગની વિધિ સમજવાનો અભ્યાસ હોય તેને બાહ્ય ત્યાગ, વૈરાગ્ય અને કષાયનો ઘટાડો હોય, સત્સમાગમ તથા વીતરાગ ધર્મની રુચિ હોય*

*અને જ્ઞાની સત્પુરુષોના વચનોનું બહુમાન હોય. હિત શું અને અહિત શું તેની તુલના હોય તો સાચું તત્ત્વ જે અનંતકાળમાં પૂર્વે નથી સમજાયું તે સમજાય છે. વળી જે અંતર ત્યાગ, વૈરાગ્ય વડે રાગ-દ્વેષનો ઘટાડો આત્મજ્ઞાન અર્થે કરે તેને તે સાધન સફળ છે. રાગ, દ્વેષ, કષાયથી સ્વગુણની વાત ન થવા દેવી તે નિજ સ્વરૂપની અંતરંગ દયા અને તે પોતાના જ્ઞાનની ક્રિયા છે; તીવ્ર કષાય ટાળી અકષાયી થવાના લક્ષે મંદ કષાય કરે, વળી જ્ઞાનક્રિયાથી મોક્ષ છે એવું જો લક્ષ હોય તો તે મંદ કષાય શરૂઆતમાં નિમિત્ત સાધન છે.* ***અલ્પ પણ રાગ, દ્વેષ મારા સ્વભાવમાં નથી અને વર્તનમાં દેખાય તે મારી ભૂલનું કારણ છે એવો વિવેક જેને છે તેને જ્ઞાનક્રિયા સફળ છે.*** *કષાય ટાળવા માટે અંતરંગમાં સમ્યગ્દર્શનનું ગ્રહણ અને મિથ્યાત્વનો ત્યાગ તે પ્રથમ ઉપાય છે. રાગ, દ્વેષ ટાળવા માટે આત્માનું જ્ઞાનવીર્ય (બળ) કામ કરે છે, પણ બાહ્ય દેહાદિની ક્રિયા કામ કરી શકે નહિ.''*

❁

**ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;**
**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭**

આત્માને એકાંતરૂપે સ્વીકાર કરવાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી. સમ્યગ્જ્ઞાન માટે ત્યાગ અને વૈરાગ્ય એ બંનેની અનિવાર્યતા હોય છે. સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ માટે જીવે પાંચ પાપનો પૂર્ણતઃ કે એકદેશ ત્યાગ કરવો અનિવાર્ય નથી પરંતુ જીવ સાત વ્યસનનો તો નિયમથી ત્યાગી હોવો જોઈએ તથા તે જીવને જ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. પાંચ પાપના આંશિક ત્યાગરૂપ અણુવ્રત



પાંચમાં ગુણસ્થાને તથા પાંચ પાપના પૂર્ણ ત્યાગરૂપ મહાવ્રત છઠ્ઠા ગુણસ્થાને પળાય છે. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી, હિંસા વગેરે પાપોના ત્યાગી નહિ હોવા છતાં પણ, સાત વ્યસનના તો નિયમથી ત્યાગી હોય છે. ચક્રવર્તી પણ ત્યાગ અને વૈરાગ્યના માધ્યમથી જ શુદ્ધાત્માને પામ્યા છે. સ્વ-પરનું સહજ ભેદજ્ઞાન તેમને પણ વર્તે છે, તેથી તે જ્ઞાની છે, આત્મજ્ઞાની છે.

જે જીવના હૃદયમાં દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે અહોભાવ હોતો નથી, તેનું ચિત્ત ક્યારેય વૈરાગ્યમય ન થઈ શકે. તેથી દરેક જીવે પોતપોતાની ભૂમિકાનુસાર ત્યાગ પણ કરવો જોઈએ. અરે! હાં, જે વસ્તુનો પોતે ત્યાગ કર્યો હોય તે વસ્તુને ભૂલી જવી જોઈએ. તેમાં પણ વસ્તુના ત્યાગમાં વસ્તુ પ્રત્યેના વિકારને ત્યાગવાની મુખ્યતા હોવી જોઈએ.

શુભભાવરૂપ વિકાર તો જ્ઞાનીને પણ ઉત્પન્ન થાય છે પરંતુ જ્ઞાની શુભભાવમાં ધર્મ માનતાં નથી. અહીં એમ કહે છે કે સામાન્ય શ્રાવકને યોગ્ય ત્યાગ તથા વૈરાગ્ય તો હોવા જ જોઈએ પણ જો જીવ, તે મંદકષાયરૂપ શુભભાવમાં અટકી જાય, તો અજ્ઞાનીને નિજાનુભૂતિ સુધી પહોંચવામાં બાધક બને છે.

જે જીવે નિજ સ્વભાવની ઓળખાણ કરવી હોય, તે જીવે સર્વપ્રથમ ત્યાગ અને વૈરાગ્યનું સ્વરૂપ સમજવું જોઈએ. કષાયની મંદતાના સમયે સાતા વેદનીયના ઉદયથી જે સુખ ભાસે છે, અજ્ઞાની તેને જ સાચું સુખ માની લે છે તેથી તે આત્માના આહલાદ્ સ્વરૂપ વાસ્તવિક અતીન્દ્રિય આનંદ સુધી પહોંચી શકતો નથી.

અહીં એમ સમજવું કે, આત્માર્થી જીવમાં ત્યાગ અને વૈરાગ્ય, એ બંનેનું હોવું અનિવાર્ય છે. અર્થાત્ આત્માર્થી નિશ્ચય અને વ્યવહાર બંને નયોનો સ્વીકાર કરે તેવો હોવો જોઈએ. પરંતુ નય તો ભેદરૂપ હોવાથી વિકલ્પનું કારણ છે. તેથી સમયસારની આત્મખ્યાતિ ટીકામાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે, 'અનુભૂતિના કાળમાં નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે અને નિક્ષેપોનો સમૂહ ક્યાં ચાલ્યો જાય છે તેની અમને ખબર નથી. અધિક શું કહીએ ? દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.' આમ ત્યાગ અને વૈરાગ્ય આત્માનુભૂતિ સુધી પહોંચવા માટે મહત્વના સાધન છે પણ જ્યારે આત્માનુભવ થાય છે ત્યારે ત્યાગ અને વૈરાગ્યનો વિકલ્પ પણ રહેતો નથી. તેથી જો જીવ ત્યાગ અને વૈરાગ્યમાં અટકી જશે તો આત્માના અભેદ સ્વરૂપનો અનુભવ કરી શકશે નહિ.

ત્યાગ અને વૈરાગ્યમાં અટકી ગયેલો જીવ ઉભયાભાસી મિથ્યાદૃષ્ટી કહેવાય છે. તે નિશ્ચય અને વ્યવહાર એ બંને નયોને સ્વીકારે છે પણ નય વિવક્ષાની યથાર્થ સમજ નહિ હોવાથી સાધનામાર્ગમાં ક્યાં, કયો નય વાપરવો તેની ખબર નથી. આમ, ત્યાગ અને વૈરાગ્યને સાધન બનાવીને આત્માના અસલી સ્વરૂપને ઓળખવું જોઈએ એ જ આ કથનનો ઉદ્દેશ્ય છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"સ્ત્રી, પુત્રાદિ, કુટુંબ, પૈસા, વ્યવહાર આદિનો ત્યાગ તે ત્યાગ નથી. એનો ત્યાગ થવો ઉદયાધીન છે, આત્માને આધીન નથી. બાહ્ય*



*ત્યાગ, વૈરાગ્ય આદિ પૂર્વે ઘણીવાર બની ગયા છતાં આત્મધર્મ કેમ ન થયો તે વિચારવું. અત્રે કોઈ પૂછે કે, શું અમારે વ્યવહારધર્મ ન કરવો ? તેનો ઉત્તર એમ છે કે, પ્રથમ જ સાચી સમજ કરવી. અરાગી, પવિત્ર આત્માના લક્ષે રાગ-દ્વેષ-કષાયનો ત્યાગ થાય છે. દેહાદિ ક્રિયાના મમત્વનો, કર્તૃત્વપણાનો ત્યાગ કરવો તેમાં જે શુભભાવ થાય તે વ્યવહારથી સારી ભૂમિકા કહેવાય, પણ તેમાં જ સંતોષ માની અટકી જાય અને બોધિબીજ (સમ્યક્ત્વ)ની પ્રાપ્તિનો ઉપાય ન રાખે તો આત્માર્થનું લક્ષ ચૂકી જાય છે અને તેના શુભ પરિણામ, મંદકષાયરૂપ સાધન નાહક ભારરૂપ થાય છે.*

*ધર્મના ચાર દ્વાર કહ્યાં છેઃ ક્ષમા, નિર્લોભતા, સરળતા, નિર્માનતા, એ આદિ નીતિ દ્વારા પાત્રતા પ્રગટે છે, દ્વાર વિના ઓરડામાં પ્રવેશ થાય નહિ તેમ આ ક્ષમા આદિ નીતિ વિના વ્યવહારધર્મમાંય પ્રવેશ થાય નહિ. ઉત્તમક્ષમા એ પરમાર્થસ્વરૂપ આત્માનો સહજ સ્વભાવ છે; માટે સમભાવનો અભ્યાસ કરવો, આત્માના લક્ષે વાંચન-મનન થવું જોઈએ. આત્મજ્ઞાનપ્રાપ્તિની સાચી જિજ્ઞાસા-ઉત્કૃષ્ટ રુચિ વડે આ બધું આત્મજ્ઞાનના લક્ષે, સ્વાનુભવની પ્રાપ્તિ અર્થે છે એમ નિત્ય લક્ષમાં રહેવું જોઈએ."*

❁

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮**

સમસ્ત જિનાગમ નયોની શૈલીમાં રચાયેલું છે. જિનાગમમાં

નયવિવક્ષા વિનાનું એક પણ વાકય નથી. જ્યાં નયવિવક્ષાનો ખુલાસો કર્યો હોય તેમાં તો નયવિવક્ષા છે જ. પરંતુ જ્યાં નયવિવક્ષાનો ઉલ્લેખ કરવામાં ન આવ્યો હોય તેવા જિનવચનમાં પણ નયવિવક્ષા રહેલી છે, તેને જ્ઞાની જ જાણે છે.

જ્ઞાન વિનાનું આચરણ વાસ્તવિક ફળદાયી નથી. નયવિવક્ષાની સાચી સમજણ વિના વસ્તુ સ્વરૂપનું જ્ઞાન થઈ શકે નહિ. તેથી આત્માર્થી જીવ ગુરુના વચનોને નયવિવક્ષાપૂર્વક સમજે છે. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે' એટલે જ્યાં નિશ્ચયનયનું કથન હોય ત્યાં નિશ્ચયનયરૂપે તથા જ્યાં વ્યવહારનયનું કથન હોય ત્યાં વ્યવહારનય રૂપે સમજવું. એટલું જ નહિ, દરેક નયના યથાયોગ્ય પ્રયોજનને પણ સમજવું.

**કૃપાળુદેવ કહે છે કે ભગવાન કે ગુરુના વચનોને માત્ર સમજવાથી જ આત્મહિત થઈ જતું નથી, જ્યારે તેમના વચન પોતાનામાં સમ્યક્‌રૂપે પરિણમે છે, ત્યારે વીતરાગતા અને અતીન્દ્રિય આનંદ પ્રગટે છે.**

નયવિવક્ષા સમજવાનો અર્થ એ છે કે, દરેક નય પોત-પોતાની રીતે સત્ય છે. દરેક નયનું પોતાનું કંઈક પ્રયોજન છે. તેથી નિશ્ચયનય હોય કે વ્યવહારનય હોય, દ્રવ્યાર્થિકનય હોય કે પર્યાયાર્થિકનય હોય, સપ્તભંગીનય હોય કે ૪૭ નય, તે દરેક નય પોતાની અપેક્ષાએ પરમ સત્ય છે, પોતાનું વિશેષ મહત્વ તથા પ્રયોજન ધરાવે છે.

અજ્ઞાની કહે છે કે વ્યવહારનય તો છોડવા યોગ્ય છે. કારણ કે તે આત્મપ્રાપ્તિ કરાવવાવાળો નય નથી. એકમાત્ર નિશ્ચયનય જ શ્રેષ્ઠ છે, અપનાવવા યોગ્ય છે. સદ્‌ગુરુ તેને કહે છે કે, **જો વ્યવહારનય સર્વથા અપ્રયોજનભૂત હોત તો જ્ઞાની તે વ્યવહાર શા માટે પાળે અને**



**તેનું કથન પણ કેમ કરે ? તેથી વ્યવહારનય સર્વથા હેય નથી. નય તો સાપેક્ષ હોય છે. અપેક્ષા વિનાનું કોઈ કથન હોતું નથી.** આત્માને ઓળખવા માટે જે નય સાધન બને છે તેને અધ્યાત્મનય કહેવાય છે. તે મુખ્ય બે પ્રકારના હોય છે. (૧) નિશ્ચયનય, (૨) વ્યવહારનય.

યથાર્થ સો નિશ્ચય તથા ઉપચાર સો વ્યવહાર. જે દ્રવ્યની જે પરિણતિ હોય તેને તે દ્રવ્યની પરિણતિ કહેવી તે નિશ્ચય તથા કોઈ પ્રયોજનવશ નિમિત્તાદિરૂપ ઉપચાર જાણીને એક દ્રવ્યની પરિણતિને કોઈ અન્ય દ્રવ્યની પરિણતિ કહેવી તે વ્યવહાર છે.

વ્યવહાર વિના નિશ્ચય સમજાતો નથી તેથી અહીં વ્યવહાર નયની મુખ્યતાથી સર્વપ્રથમ વ્યવહાર નયનું સ્વરૂપ સમજાવ્યું છે. વ્યવહાર એ નિશ્ચયનો પ્રતિપાદક હોવાથી નિશ્ચયને પ્રતિપાદ્ય કહેવામાં આવે છે. તથા નિશ્ચય એ વ્યવહારનો નિષેધક હોવાથી વ્યવહારને નિષેધ્ય કહે છે.

વ્યવહારનયના ચાર ભેદ અને નિશ્ચયનયના ચાર ભેદ એમ મળીને કુલ આઠ પ્રકારના નય તથા તેનું પ્રયોજન સમજવું અત્યંત જરૂરી છે. તેમાં વ્યવહાર નયના મૂળભેદ, ભેદનું સ્વરૂપ, પ્રયોજન તથા તે નયનું હેયપણું આ પ્રમાણે છે.

પરદ્રવ્ય સાથે આત્માનું અભેદ કથન કરવું એ અસદ્‌ભૂત વ્યવહાર નય છે તથા સ્વમાં ભેદરૂપ કથન કરવું એ સદ્‌ભૂત વ્યવહાર નય છે. તે બન્નેના બે-બે ભેદ છે. (૧) ઉપચરિત તથા (૨) અનુપચરિત. આમ, કુલ મળીને વ્યવહારના ચાર ભેદ નીચે મુજબ છે.

**(૧) ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય :** આત્માના પોતાના

દ્રવ્ય-ગુણ-પર્યાયથી પર એવા ભિન્ન ક્ષેત્રાવગાહી પદાર્થોને આત્માના જાણવા અથવા કહેવા તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય છે. આ નયથી ઘર, ગાડી, પત્ની, પુત્ર, પરિવાર વગેરે ભિન્ન ક્ષેત્રાવગાહી સંયોગોને આત્માના જાણવામાં અથવા કહેવામાં આવે છે.

જો આ નયને સ્વીકારવામાં ન આવે તો પોતાના તથા બીજાના ઘર પરિવારનો ભેદ નહી રહેતાં વિવાદનો પ્રસંગ આવશે, સ્વસ્ત્રી તથા પરસ્ત્રીનો ભેદ જ નહિ રહે. આ નય પશુજીવન જીવતા મનુષ્યને માનવ બનાવે છે.

ઘર-પરિવારને સાથે લઈને જંગલમાં જવાથી મુનિદશા પળાતી નથી તેથી આ નય હેય છે, છોડવા યોગ્ય છે.

(૨) **અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય :** આત્માની સત્તાથી પર એટલે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી પર એવા એક ક્ષેત્રાવગાહી પદાર્થોને આત્માના જાણવા અથવા કહેવા તે અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર નય છે. આ નયથી શરીર અને દ્રવ્યકર્મને આત્માના જાણવામાં અથવા કહેવામાં આવે છે.

જો આ નય ન સ્વીકારવામાં આવે તો, જીવ પોતાના શરીરને પારકુ કહીને ન ખાવા યોગ્ય અભક્ષ્ય પદાર્થોનું પણ ભક્ષણ કરશે. પરજીવોની દયા પળાશે નહિ. અજ્ઞાની એમ કહેશે કે આત્મા અને શરીર તો જુદા છે. આત્મા તો મરતો નથી અને શરીરનો આત્મા સાથે સંબંધ નથી, તેથી જીવદયાની સિદ્ધિ કરતો હોવાથી આ નય પણ આત્માને ઉપયોગી બને છે.

શરીરને સાથે લઈને આત્માનો મોક્ષ થતો નથી. શરીરનો યોગ



સંસાર પૂરતો છે, તેથી આ નય પણ હેય છે.

(૩) **ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય :** આત્માની સત્તામાં રહેલી આત્માની અશુદ્ધ પર્યાય અને આંશિક શુદ્ધ પર્યાયને આત્માની જાણવી અથવા કહેવી તે ઉપચરિત સદ્ભૂત વ્યવહાર નય છે. આત્મામાં રાગ છે એમ કહેવું તે આ નયનું કાર્ય છે.

જો આ નયને ન સ્વીકારવામાં આવે તો, જીવની અશુદ્ધતાનો સ્વીકાર જ નહિ થાય અર્થાત્ જીવને પોતાના વર્તમાન દોષોનું જ્ઞાન થઈ શકે નહિ.

દોષો તરફ દ્રષ્ટિ કરવાથી દોષ દૂર થઈ જતા નથી, તેથી આ નય પણ હેય છે.

(૪) **અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય :** આત્માની સત્તામાં રહેલી આત્માની પરિપૂર્ણ શુદ્ધ પર્યાય અને ગુણોના ભેદને આત્માના જાણવા અથવા કહેવા તે અનુપચરિત સદ્ભૂત વ્યવહાર નય છે. આત્મામાં જ્ઞાન છે તેમ કહેવું તે આ નયનું કાર્ય છે.

જો આ નયને ન સ્વીકારવામાં આવે તો અરિહંતદશા અને સિદ્ધદશાનો નિર્ણય નહિ થાય તથા પોતાના ગુણોનું જ્ઞાન નહિ થતાં દ્રવ્યનો નિર્ણય તથા મહિમા પણ આવી શકે નહિ.

ગુણભેદ વિકલ્પનું જ કારણ છે તેથી આત્માનુભૂતિમાં તે વિકલ્પ બાધક હોવાથી આ નય પણ હેય છે.

આમ આ ચારેય પ્રકારના વ્યવહારનય અસત્ય હોવા છતાં પોતાની અપેક્ષાએ તો સત્ય જ છે.

નિશ્ચયનયની દ્રષ્ટિએ વિચાર કરતા પોતાની દ્રષ્ટિએ સત્ય એવો વ્યવહાર નય છોડવા યોગ્ય છે. તેથી વ્યવહાર છોડવો પણ વ્યવહારનું ફળ ન છોડવું. નિશ્ચય સુધી પહોંચવું એ વ્યવહારનું ફળ છે. નિશ્ચયનયના મૂળભેદ, ભેદનું સ્વરૂપ તથા પ્રયોજન નીચે મુજબ છે.

પોતાના આત્મામાં અભેદ કથન કરે તે નિશ્ચયનય છે. તેના મુખ્ય બે ભેદ છે. (૧) અશુદ્ધ નિશ્ચયનય, (૨) શુદ્ધ નિશ્ચયનય.

અશુદ્ધ નિશ્ચયનય સહિત ત્રણ પ્રકારના ભેદરૂપ શુદ્ધ નિશ્ચયનય હોય છે. તેથી કુલ મળીને ચાર પ્રકારના નિશ્ચયનય હોય છે, એમ સમજવું.

(૧) અશુદ્ધ નિશ્ચયનય, (૨) એકદેશ શુદ્ધ નિશ્ચયનય, (૩) શુદ્ધ નિશ્ચયનય અથવા સાક્ષાત્ શુદ્ધ નિશ્ચયનય, (૪) પરમ શુદ્ધ નિશ્ચયનય. આમ, નિશ્ચયનયના ભેદનું સ્વરૂપ આ પ્રમાણે છે.

**(૧) અશુદ્ધ નિશ્ચયનય :** આત્માની અશુદ્ધ પર્યાયથી આત્માને અભેદ જાણવો અથવા કહેવો તે અશુદ્ધ નિશ્ચયનય છે.

જો આ નય ન માનવામાં આવે તો આત્મા મિથ્યાદૃષ્ટી છે, તેનો નિર્ણય નહિ થઈ શકે.

બહીરાત્માનો નિર્ણય કરાવતો હોવા છતાં બહીરાત્મપદ હેય હોવાથી આ નય પણ હેય છે.

**(૨) એકદેશ શુદ્ધ નિશ્ચયનય :** આત્માની એકદેશ શુદ્ધ પર્યાયથી આત્માને અભેદ જાણવો અથવા કહેવો તે એકદેશ શુદ્ધ નિશ્ચયનય છે.

જો આ નયને ન સ્વીકારવામાં આવે તો, કૃપાળુ દેવ તથા કાનજીસ્વામી સમ્યગ્જ્ઞાની છે; તેનો નિર્ણય નહિ થઈ શકે.



અંતરાત્માનો નિર્ણય કરાવતો હોવા છતાં આત્માનું સાધ્ય મોક્ષ હોવાથી આ નય અપૂર્ણ શુદ્ધતાનો પ્રતિપાદક હોવાથી હેય છે.

**(૩) શુદ્ધ નિશ્ચયનય :** આત્માની પૂર્ણશુદ્ધ પર્યાયથી આત્માને અભેદ જાણવો અથવા કહેવો તે શુદ્ધ નિશ્ચયનય અથવા સાક્ષાત્ શુદ્ધ નિશ્ચયનય છે.

જો આ નયને ન સ્વીકારવામાં આવે તો, મહાવીર સ્વામી કેવળજ્ઞાની છે તથા સિદ્ધ છે, તેનો નિર્ણય નહિ થઈ શકે.

પરમાત્માનો નિર્ણય કરાવતો હોવા છતાં તે પર્યાય સાથે આત્માના અભેદનો પ્રતિપાદક હોવાથી હેય છે. હું નવીન થવાવાળો પરમાત્મા નથી, હું તો ત્રિકાળ પરમાત્મા છું. આ નય પણ ઉપાદેય નથી.

**(૪) પરમ શુદ્ધ નિશ્ચયનય :** શરીરાદિ પરદ્રવ્ય અને તેના ભાવોથી ભિન્ન રાગાદિ અશુદ્ધ ભાવોથી જુદો, સમ્યગ્જ્ઞાનની આંશિક શુદ્ધ પર્યાયથી પણ જુદો, કેવળજ્ઞાન તથા મોક્ષપર્યાયથી પણ જુદો તથા અનંતગુણોથી અભેદ, અખંડ આત્માને જાણવો અથવા કહેવો તે પરમ શુદ્ધ નિશ્ચયનય છે.

જો આ નયને ન સ્વીકારવામાં આવે તો, દૃષ્ટિના વિષયભૂત આત્માનો નિર્ણય જ નહિ થાય. દૃષ્ટિના વિષયભૂત આત્માનું પ્રતિપાદન કરવું, એ પરમ શુદ્ધ નિશ્ચયનયનું કાર્ય છે.

આ નય પૂર્વે કહેલા સાતેય નયોનો નિષેધ કરતો હોવાથી વાસ્તવિકરૂપે પરમ શુદ્ધ નિશ્ચયનય જ નિશ્ચયનય છે, અન્ય સર્વ નયો વ્યવહાર નય છે.

**આમ, જ્યાં જે નયનું કથન કર્યું હોય, ત્યાં તેને તે રૂપે જાણવું જોઈએ. જિનવાણીનું કોઈ કથન ખોટું હોતું નથી અને હોય જ ન શકે. જો કોઈ વિષય મને ન સમજાતો હોય તો, એ મારા જ્ઞાનની નબળાઈ છે, કારણ કે મારી પાસે નયવિવક્ષાને સમજવાની કળા નથી; એમ વિચારી પોતાના અજ્ઞાનને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એટલું જ નહિ, તત્સંબંધી અજ્ઞાન દૂર કરીને તેનું પ્રાયોગિક જીવનમાં આચરણ કરવું જોઈએ; આવા જીવને કૃપાળુદેવે આત્માર્થી જીવ કહ્યો છે. ''હું આત્મા છું ! હું આત્મા છું !'' એવું વારંવાર બોલવાથી કોઈ જીવ આત્માર્થી થઈ જતો નથી.**

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તે તે યથાસ્થાને સમજવું; એટલે જ્યાં તત્ત્વદૃષ્ટિ સંબંધી વાત (ન્યાય) હોય ત્યાં શુદ્ધદ્રવ્યની વાત સમજે. જે જે અપેક્ષા (દૃષ્ટિ)થી જે જે ન્યાયનું પ્રયોજન હોય ત્યાં ત્યાં તેમ સમજે અને જ્યાં પુરુષાર્થવડે રાગ-દ્વેષ ઘટાડવાનું કથન હોય ત્યાં પરમાર્થ હેતુરૂપ વ્યવહાર યથાયોગ્ય સમજે, એકાંતદૃષ્ટિ પકડી ન રાખે.

**પ્રશ્ન :** પરમાર્થે આત્મા અકષાયી કહ્યો છે, છતાં તમો રાગદ્વેષ બાહ્ય-આભ્યંતર પરિગ્રહ ત્યાગ કરવાનું કેમ કહો છો ? જ્ઞાનમાત્ર આત્મામાં બીજું કાંઈ (ઉપાધિ માત્ર) નથી, પૂર્વે અનંતવાર કષાયની મંદતા, ત્યાગ, વૈરાગ્ય, ચારિત્ર વગેરે કર્યું છતાં તે શુભ પરિણામથી આત્મજ્ઞાન ન થયું એમ તમે આગળ કહ્યું હતું ને ?



**ઉત્તર :** પુણ્યવડે કે જોગની ક્રિયાવડે અકષાયી આત્માને લાભ ન થાય, શુદ્ધભાવ વિના ધર્મ નથી; એમ શાસ્ત્રમાં પણ કહ્યું છે.

કોઈ એકાંત નિશ્ચયકથન પકડીને પરમાર્થભૂત પુરુષાર્થ રહિત થાય, માટે રાગ-દ્વેષ સર્વથા નથી એમ માને અને સ્વચ્છંદમાં વર્તે તો હજી મંદકષાય, અંતર ત્યાગ-વૈરાગ્ય થયા વિના જશે ક્યાં ? નરક, નિગોદ આદિ અશુભ ગતિમાં જશે. જ્ઞાનીનો ઉપદેશ અશુભપરિણામમાં (પાપમાં) જવાનો ન હોય.

(જીવ એકાંત પકડે છે તેનું દૃષ્ટાન્ત : કોઈએ કહ્યું કે પડીશ તો મરીશ. આ સાંભળનારે કજીયો માંડ્યો કે મરવાનું કેમ કહ્યું ? ખરી રીતે તો કહેનારે તેને પડતો બચાવવા કહ્યું છે, છતાં તે અધૂરું સમજે અને એકાંત પકડે તેને શું થાય !)

*શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું કથન હોય ત્યાં એમ જ આવે છે કે, પુણ્યપરિણામ સર્વથા હેય (ત્યાગવા યોગ્ય) છે, પાંચ મહાવ્રત આદિ સર્વ શુભ પરિણામ તે આસ્રવ છે, કર્મભાવ છે માટે છોડવા યોગ્ય છે પણ હજી જે જીવ પરમાર્થતત્ત્વને પામ્યો નથી, રાગ, દ્વેષ, અજ્ઞાન-ભાવમાં ટક્યો છે અને મંદ કષાયનો પુરુષાર્થ છોડીને સ્વચ્છંદે અનાચારમાં વર્તે છે તેને મુમુક્ષુપણું પણ સંભવે નહિ. વળી ધર્માત્મા સાધકને હજી ચારિત્રની અધૂરાશ છે, અભિપ્રાયમાં રાગાદિ અસ્થિરતા સર્વથા હેય (ત્યાગવા યોગ્ય) માને છે, પણ વચ્ચે શુભપરિણામ અને શુભ નિમિત્ત આવે જ, આ શુભનો નિષેધ કરી અશુભમાં વર્તનાર કંઈ સમજ્યો નથી. જે મુમુક્ષુ-મોક્ષમાર્ગી છે તે સાધકસ્વભાવનો પરમાર્થભૂત વ્યવહાર એટલે નિશ્ચયસ્વરૂપને લક્ષે રાગ ટાળવાનો*

*પુરુષાર્થ કરે જ છે અને જ્યાં જેમ ઘટે તેમ જ સાચું સમજે છે. શાસ્ત્રમાં અનેક ઠેકાણે કદાચ કથનમાં વિરોધ જેવું દેખાય તો તેનો પરમાર્થ આશય નયની અપેક્ષાથી સમજી લે, ક્યાંય મૂંઝાય નહિ.''*

❁

**સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;**
**પામે નહિ પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯**

પોતાની દરેક પ્રકારની મતિ કલ્પના છોડીને, જીવ જ્યારે સદ્‌ગુરુના આચરણનું પોતાના જીવનમાં અનુકરણ કરે છે, ત્યારે તે નિજ સ્વભાવ સાધન દ્વારા પરમાર્થ સુધી પહોંચે છે. જ્યાં સુધી અજ્ઞાની જીવને પોતાની માન્યતા મિથ્યા કલ્પનારૂપે લાગતી નથી, ત્યાં સુધી તે સદ્‌ગુરુ પાસે જતો નથી કે ગુરુના વચનને સાંભળતો પણ નથી. પરંતુ જ્યારે તેને પોતાના અજ્ઞાનનો અહેસાસ થાય છે, ત્યારે સદ્‌ગુરુનો સંગ કરે છે.

સદ્‌ગુરુની પાસે જવા માત્રથી જીવને પરમાર્થ મળી જતો નથી; તેથી અહીં સ્પષ્ટ લખ્યું છે કે, 'સેવે સદ્‌ગુરુ ચરણને' અર્થાત્ સદ્‌ગુરુના ચરણનું સેવન કરે છે, તેને મુક્તિની પ્રાપ્તિ થાય છે. સદ્‌ગુરુના પગ દબાવવા માત્રને ચરણનું સેવન કર્યું એમ ન કહેવાય પણ જ્ઞાન અને ચારિત્રના ધણી સદ્‌ગુરુ પાસે જઈને, તેમના આચરણને જોઈને એમ નિર્ણય કરે કે, હું પણ આ પ્રકારનું ઉત્કૃષ્ટ આચરણ પાળું ! એવો ભાવ સદ્‌ગુરુના નિમિત્તથી ઉત્પન્ન થાય છે.

ખરેખર બાહ્ય આચરણના સેવન કરવાને જ અહીં મહત્વ આપ્યું



નથી પરંતુ સદ્‌ગુરુની આંતરિક પવિત્રતાનું પ્રતીક એવું વીતરાગીપણું નિજાત્મામાં પણ પ્રગટ થાય તેને સદ્‌ગુરુના ચરણને સેવ્યા એમ કહેવાય.

સદ્‌ગુરુ તરફ દૃષ્ટિ કરવા માત્રથી પરમાર્થની પ્રાપ્તિ થતી નથી. માત્ર સદ્‌ગુરુ જ નહિ પણ પૂર્ણ વીતરાગી ભગવાન પણ નિર્વિકલ્પ દશાનું કારણ બનતા નથી. તેથી અહીં કહ્યું છે કે, નિજપદનું લક્ષ્ય કરતા એટલે પોતાના સ્વભાવ તરફ દૃષ્ટિ કરતા આત્માનુભૂતિમય પરમાર્થ પ્રગટ થાય છે. જિનાગમમાં તો અહીં સુધી આવે છે કે, જિનેન્દ્ર ભગવાન અને જડ પુદ્‌ગલ એક દશાએ આત્મા માટે એક સરખા જ છે, કારણ કે જેવી રીતે પુદ્‌ગલ તરફ દૃષ્ટિ કરતા વિકલ્પ જ થાય છે, તેમ વીતરાગી ભગવાન તરફ દૃષ્ટિ કરતાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. પુદ્‌ગલ કે જિનેન્દ્ર ભગવાન, તે બંને નિર્વિકલ્પ દશાનું કારણ બનતાં નથી; **અહીં સદ્‌ગુરુના ચારિત્રનું સેવન પોતે કરવું જોઈએ એમ કહીને વ્યવહારની સ્થાપના કરી અને નિજસ્વભાવનું લક્ષ લઈને પરમાર્થ પામે છે એમ કહીને નિશ્ચયનું સ્વરૂપ સ્પષ્ટ કહ્યું. આમ, જ્ઞાનીના દરેક વચનમાં અનેકાંત સ્વરૂપ છૂપાયેલું છે.**

આત્માના લક્ષ્ય વિના સદ્‌ગુરુની ભક્તિ કરતાં કરતાં આખું જીવન વીતી જાય, તો પણ આત્માનુભવની કોઈ ગેરેંટી નથી, પણ જો એક સમય માટે નિજાત્મામાં અંતર્મુખ થઈને, તેમાં જ એકત્વ કરે તો નિયમથી મોક્ષગામી બને છે. તે જીવ, તે જ ભવે અથવા નિકટ ભવે મુક્તિને પ્રાપ્ત થાય છે.

સાધુની નજીક રહેવાથી જીવના કર્મ પાતળા થઈ જાય છે; એમ

સમજી કોઈ લોકો, અજ્ઞાની વેશધારી સાધુની સેવાચાકરી કરતા હોય છે. તેથી જીવે સદ્‌ગુરુના વાસ્તવિક સ્વરૂપને સમજવું જોઈએ. તે સાધુને અજ્ઞાની વેશધારી કહ્યા, કારણ કે સાચા સાધુ, અજ્ઞાની પાસે આવી સેવાચાકરી કરાવતા જ નથી.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

***"શ્રીમદ્‌ને વર્તમાનમાં કોઈ ગુરુ નહોતા; પૂર્વભવના સંસ્કાર હતા. તે કહેતા હતાં કે: અહો એ હૃદય, એ એકાંત સ્થળ, સત્‌પુરુષોના વૃંદ, સત્‌સમાગમ અને એ નિવૃત્તિના સ્થળો, જ્ઞાનીના વિહારસ્થાનો ! તેમને ધન્ય છે. પ્રવૃત્તિમાં રહેતાં પણ તેમને એ વારંવાર યાદ આવતા હતા.***

***એ દુકાનમાં નહોતા બેઠા, પણ આત્મામાં (જ્ઞાનમાં) બેઠા હતા. તેમને પોતાના હૃદયમાં સત્‌ સમાગમનો મહાન આદર હતો. માટે દરેક જિજ્ઞાસુઓએ, ધર્માર્થીઓએ ન્યાયવિરુદ્ધ કથવું નહિ. સદ્‌ગુરુથી મને જ્ઞાન મળ્યું નથી, મને મારાથી થયું છે, એવા અવિવેકી શબ્દો બોલવા જોઈએ નહિ.***

*ભાષામાં પણ જ્ઞાની પુરુષોના બહુમાન અને વિનય હોવા જોઈએ, તેમના વચનનો આદર હોવો જોઈએ. જેનામાં સાચી પરીક્ષાશક્તિ ઉઘડી નથી તેણે પ્રથમ જ્ઞાની પુરુષોના વચનામૃતોનો અભ્યાસ સત્‌સમાગમ વડે કરવો જરૂરી છે. પોતાનો પક્ષ છોડીને નિર્માની થાય તો વિવેકનો માર્ગ મળે.*



*પાટણથી પાંચ નગરશેઠિયા ધોળી મૂછોવાળા, ૭૫ થી ૧૦૦ વર્ષની ઉંમરના ગાડામાં બેસીને સિદ્ધપુર જવા નિકળ્યા છે; પાટણથી સિદ્ધપુર જવાની તેમને ખબર નથી. બીજાં ઘણાં ગામ-નગર રખડ્યા છે પણ સિદ્ધપુરના માર્ગની ખબર ન હોવાથી રસ્તામાં ચાર ફાંટા પડે છે ત્યાં ગાડું ઊભું રાખીને વિચાર કરે છે કે, ક્યા રસ્તે જવું. નજીકમાં છ વર્ષનો ભંગીનો છોકરો ઊભો છે, પણ તેને કેમ પૂછાય ? એમ તેઓ વિચારે છે. પોતે ખૂબ વિચક્ષણતાથી સંસાર કેળવી જાણ્યો છે, બુદ્ધિના બહુ ડાહ્યા છે પણ તેનું ડહાપણ માર્ગ માટે ચાલતું નથી. કાં તો ગાડામાં બેસી રહે, કાં તો ગમે તે ઊંધે રસ્તે ચડી જાય. પેલા ભંગિયાના છોકરાને, તેનો બાપ રોજ સિદ્ધપુર ટોપલા વેચવા જાય છે તેથી તે માર્ગની અને નિશાનીની ખબર છે. પેલા મોટા વિચારે છે કે, આપણે વૃદ્ધ અને એ છ વર્ષનો; એને કેમ પૂછાય ? આપણે નાગર, એ ભંગિયો, આપણે ગાડે બેઠેલા આપણે મોભાવાળા અને એ રખડુ, વળી ધોળી મૂછો, ધોળાં કપડાં અને ધોળું અંગ છે તેથી એમ માને કે આપણે પુણ્યવાળા છીએ, માટે આપણને વાંધો નહિ આવે, તો તે પણ ઊંધે માર્ગે ચડી જાય. જો માન તજીને તેને પૂછી લે કે સિદ્ધપુરનો માર્ગ ક્યો ? તો સાચો રસ્તો મળે. તેઓ જ્યારે ઉનાળાના તાપથી મૂંઝાણા ત્યારે નીચે ઉતરીને છોકરો રમતો હતો તેને પ્રેમથી પૂછ્યું કે ભાઈ ! તને સિદ્ધપુરના માર્ગની ખબર છે ? તેણે કહ્યું : હા જુઓ; આ દિશામાં વાડી છે, તેમાં કોસ ચાલે છે, ત્યાંથી આગળ જતાં ત્રણ વાડી સાથે આવે છે, તેને અડીને આગળ જજો.* ***એમ કોઈ સદ્‌ગુરુના શરણને ન સેવે તો કાં તો તાપમાં***

***બેસી રહે કાં ઉન્માર્ગે જાય. એમ ન કરવું હોય તો ભંગી અર્થાત્ જડ અને ચેતનનો ભંગ કરનાર એવા જે જ્ઞાની તેની પાસે પૂછવા જવું પડે અને તે સમજાવે કે સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્રરૂપ નિશાનીઓ આ પ્રમાણે છે.***

*આખી જિંદગી ધર્મના નામે વિતાડી હોય, ઘણાં પુસ્તકો ભણ્યો હોય, મોટી ઉંમર હોય, પાંચ માણસોમાં પૂછાતા હોય, મનની ધારણા કરીને ઘણું ગોખ્યું હોય, છતાં પરમાર્થ અતીન્દ્રિય ન્યાયમાર્ગને ન જાણતો હોય, તેને જે ન્યાયમાર્ગનો જાણકાર હોય તેને પૂછવા જવું પડે, જેમ ભંગિયાના છોકરાને પૂછવા જવું પડયું હતું તેમ. એ છોકરે જેમ માર્ગના ભેદ પાડીને સમજાવ્યું તેમ જ્ઞાની આટલી (સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી) નિશાની એમ બતાવે છે. તેને ખ્યાલ છે કે, મારા બાપ સિદ્ધપુર (મોક્ષ) પધાર્યા છે અને હું પણ જવાનો છું. પણ આ ડહાપણથી ભરેલા અભિમાન કરે કે અમે મોટા, માટે અમારાથી કેમ પૂછાય તો તેને શું લાભ થાય? લોકોમાં કહેવત છે કે, 'પૂછણા સો ભૂલણા નહિ.'*

અહીં શિષ્યને એવો પ્રશ્ન થાય કે, જો મિથ્યાદૃષ્ટી કે બાહ્ય વેશધારી સાધુ સદ્‌ગુરુ હોતા નથી, તો સદ્‌ગુરુ કેવા હોય છે? સદ્‌ગુરુને કેવા લક્ષણોથી ઓળખવા? તેના ઉત્તરરૂપે આગામી પદ્ય કહે છે.

❁



**આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;**
**અપૂર્વવાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. ૧૦**

સદ્‌ગુરુ શબ્દમાં ગુરુ સાથે વપરાયેલો 'સદ્' શબ્દ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્‌ચારિત્રની એકતારૂપ સદ્‌ભાવનો સૂચક છે. એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિના સદ્‌ગુરુ ન હોય શકે. સામાન્ય રીતે વિદ્યાગુરુમાં અને સદ્‌ગુરુમાં એટલું અંતર હોય છે કે, **વિદ્યાગુરુ જે પાઠ વિદ્યાર્થીને ભણાવે છે, તે વાત પોતે પૂરી રીતે પાળતા નથી, જ્યારે સદ્‌ગુરુ જે વિષયનો ઉપદેશ આપે છે, તેને પોતે પાળે અથવા તે પાળવાના માર્ગ પર ચાલતા હોય છે.** કોઈ કહે કે, જો વિદ્યાગુરુ એમ કહે કે મોહ ન કરવો અને પોતે પણ મોહ ન કરે તો? હા, જ્યારે પોતાને પણ મોહભાવ દૂર થયો ત્યારે પોતે પણ સદ્‌ગુરુ થઈ ગયા છે. આમ વિદ્યાગુરુ અને સદ્‌ગુરુ બંને પોત-પોતાની રીતે યોગ્ય જ છે.

સદ્‌ગુરુના લક્ષણો બતાવતાં સર્વપ્રથમ લક્ષણ આત્મજ્ઞાન કહ્યું છે, કારણ કે આત્મજ્ઞાન વિના અગિયાર અંગ અને નવ પૂર્વના શાસ્ત્રજ્ઞાન સહિત બાહ્ય મુનિદીક્ષા પાળવાવાળા દ્રવ્યલિંગી સાધુ પણ, મિથ્યાદૃષ્ટી કે અજ્ઞાની જ કહેવાય છે.

સમદર્શિતા એટલે સમભાવ અથવા સમતા. ચોથા ગુણસ્થાને એક કષાય ચોકડીના અભાવપૂર્વક સમદર્શિતા કે વીતરાગતા હોય છે તથા છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક વીતરાગતા હોય છે. રાગ અને દ્વેષથી રહિત આત્માની શુદ્ધ પરિણતિને જ સમદર્શીપણું કહેવાય છે. અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોથી પોતાને

સુખી કે દુ:ખી માનતા નથી, કારણ કે સુખનો આધાર તો ત્રિકાળી એક શુદ્ધાત્મા જ છે. એમ વિચારીને જ્ઞાની પોતાને જગતના જ્ઞાતા-દ્રષ્ટા માને છે, જાણે છે અને તે રૂપે વર્તે પણ છે.

આત્મજ્ઞાન અને સમદર્શિતા અનુક્રમે જ્ઞાન અને ચારિત્ર ગુણની પર્યાયના સૂચક છે. સમ્યક્ શ્રદ્ધાન વિના જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ નામ ન પામતા હોવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય આ રત્નત્રયથી સુશોભિત હોવું સદ્ગુરુનું પ્રથમ અને અનિવાર્ય લક્ષણ છે.

**'વિચરે ઉદય પ્રયોગ'** એટલે પૂર્વસંચિત કર્મોના ઉદય અનુસાર પ્રવૃત્તિ કરતા હોવા છતાં પણ, પોતાને તે ઉદયનો કે ઉદયથી થતી પ્રવૃત્તિનો કર્તા માનતા નથી. પ્રથમ ગુણસ્થાનવર્તી અજ્ઞાની મિથ્યાદૃષ્ટી મોહના ઉદયથી રાગાદિ વિકારી ભાવ ઉત્પન્ન થાય છે. મિથ્યાદૃષ્ટી તે ભાવ અનુસાર પ્રવૃત્તિ કરે છે અને ભાવોનો તથા પ્રવૃત્તિનો કર્તા પોતાને માને છે. જેમ કે- મોહના ઉદયથી ભોજન કરવાનો ભાવ આવે છે, તથા તે ભોજન કરે છે અને ભોજનના ભાવ અને ક્રિયાનો કર્તા પોતાને માને છે.

ચોથાથી છઠ્ઠા ગુણસ્થાનવર્તી સદ્ગુરુને શુદ્ધોપયોગના કાળ સિવાય, જ્યારે મોહના ઉદયના નિમિત્તે જે ભાવ ઉદ્ભવે, તે અનુસાર પ્રવૃત્તિ તો કરે છે, પણ તે મોહોદયજન્ય ભાવનો કે ક્રિયાનો કર્તા પોતાને માનતા નથી. મોહના ઉદયથી શાસ્ત્ર લખવાનો ભાવ આવે ત્યારે શાસ્ત્ર લખે છે. શાસ્ત્ર લખવાના ભાવનો અથવા શાસ્ત્ર લખવાની ક્રિયાનો કર્તા પોતાને માનતા નથી, તેથી સદ્ગુરુને 'વિચરે ઉદય પ્રયોગ' કહેવાય છે. જોકે સાતમા ગુણસ્થાનથી દશમા ગુણસ્થાન



સુધી મોહનો ઉદય તો હોય છે, પણ તે અનુસાર પ્રવૃત્તિ કરતા નથી, કારણ કે આ ગુણસ્થાનોમાં તો નિયમથી શુદ્ધોપયોગ જ હોય છે, નિર્વિકલ્પદશા જ હોય છે, તથા અંતમાં કેવળી ભગવાનને મોહનો ઉદય જ હોતો નથી. તેથી ભાવ અનુસાર પ્રવૃત્તિનો ત્યાં પ્રશ્ન જ ઉદ્ભવતો નથી.

સદ્ગુરુની વાણીને અપૂર્વવાણી કહેવાય છે. પોતે મિથ્યાદૃષ્ટી હતા ત્યારે પણ પ્રવચન આપ્યા હોય, પરંતુ તેના કરતા આત્મજ્ઞાન થયા પછી વાણીનું સ્વરૂપ જુદું જ હોય છે. મિથ્યાદૃષ્ટી હતા ત્યારે પણ એમ કહેતા કે, 'હું આત્મા છું' અને આત્મજ્ઞાન પછી પણ એમ જ કહે છે કે, 'હું આત્મા છું' પણ પહેલાં 'હું આત્મા છું' એવા વચનનો કર્તા પોતાને માનતા હતા, પરંતુ હવે તે વાણીનો કર્તા ભાષાવર્ગણાને માને છે. આમ, અનુભવપૂર્વક અને સહજવાણી નીકળતી હોવાથી અપૂર્વવાણી ને સદ્ગુરુનું લક્ષણ કહ્યું છે. સદ્ગુરુ જ પરમશ્રુતના ધણી છે. મિથ્યાદૃષ્ટીને કુમતિજ્ઞાન તથા કુશ્રુતજ્ઞાન હોય છે. જ્યારથી આત્માનુભવ થાય છે ત્યારથી તે જ્ઞાન સમ્યક્રૂપ પરિણમે છે. તેથી જ્ઞાનીના જ્ઞાનને પરમશ્રુત કહેવાય છે. ભાવશ્રુતજ્ઞાન ને પરમશ્રુતજ્ઞાન પણ કહેવાય છે. આમ, ઉપરોક્ત લક્ષણોના માધ્યમથી સદ્ગુરુની ઓળખાણ કરવી જોઈએ.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''આત્મસ્વરૂપને વિષે તેમની સ્થિતિ છે એટલે રાગાદિમાં વર્તન નથી; વિષય, કષાય, માન, અપમાનથી રહિત છે; માત્ર પૂર્વે ઉત્પન્ન*

*થયેલા એવા કર્મના પ્રયોગથી વિચરે છે; બોલવાની, ચાલવાની, ખાવા-પીવાની પણ ઈચ્છા નથી. અંદરથી પ્રકૃતિના ઉદય સાથે જે વિકલ્પ આવે તેનો વિવેક છે, પૂર્વકર્મ અનુસાર તેમના દેહનું વર્તન થાય છે, પૂર્વકર્મના આવરણની નિર્જરા થવારૂપ સહજ પવિત્ર તેમની જ્ઞાનદશા છે.''*

❁

**પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિનઉપકાર;**
**એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧**

ણમોકાર મંત્રમાં પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે. તે પાંચ પરમેષ્ઠીમાં અરિહંત અને સિદ્ધ પરમેષ્ઠી પૂર્ણ વીતરાગી દેવ છે. પૂર્ણ વીતરાગી દેવને જિનેન્દ્ર ભગવાન કહેવાય છે તથા આચાર્ય, ઉપાધ્યાય, સાધુને એક સમૂહમાં વીતરાગી ગુરુ કહેવામાં આવે છે.

આ કળિયુગમાં, પ્રત્યક્ષ દેવનો યોગ થવો તો અસંભવ છે કારણ કે આ ભારતભૂમિ પર, આ પંચમકાળમાં પૂર્ણ વીતરાગી દેવ થતા જ નથી. આ કાળમાં, આ ભૂમિ પર ક્ષાયિક સમ્યક્ત્વ થતું જ નથી અને ક્ષાયિક સમ્યક્ત્વ વિના ક્ષાયિકજ્ઞાન કે મોક્ષ પ્રાપ્ત થતો નથી, તેથી કહેવાય છે કે, આ કાળમાં મોક્ષ કરતાં મોક્ષમાર્ગની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવો જોઈએ. તે ઉપદેશ જીવની દશાને અનુલક્ષીને આપવામાં આવે છે. તેથી એમ સમજવું કે દેવનો યોગ તો અસંભવ છે, સાથેસાથે સદ્ગુરુનો પ્રત્યક્ષયોગ અસંભવ નથી પણ દુર્લભ તો છે જ.



મહાવીર ભગવાનને ચોવીશમા તીર્થંકર કહેવામાં આવે છે, પણ એ વાત યાદ રાખવી જોઈએ કે, મહાવીર ભગવાન વર્તમાનમાં તીર્થંકર નથી. તેઓ તીર્થંકર હતા. બેતાલીશમા વર્ષે કેવળજ્ઞાન પામ્યા પછી અને બોંતેરમા વર્ષે મોક્ષ પામ્યા પહેલાં એટલે ૪૨ થી ૭૨ વર્ષસુધી ૩૦ વર્ષ માટે જ તીર્થંકર હતા, કારણ કે જ્યાંસુધી તીર્થંકર પ્રકૃતિનો ઉદય હોય ત્યાં સુધી તીર્થંકર કહેવાય. આજે મહાવીર ભગવાનને તીર્થંકર પ્રકૃતિનો ઉદય નથી. અરે, તીર્થંકર પ્રકૃતિનો ઉદય તો શું ? એક પણ પ્રકૃતિનો ઉદય નથી કારણ કે સંપૂર્ણ કર્મપ્રકૃતિના ઉદયના અભાવનું નામ મોક્ષ છે. ભગવાન મહાવીર તો ૨૫૩૫ વર્ષ પહેલાં જ મુક્ત થયા. આજે પણ મુક્ત છે. આજે જ નહિ, અનંતકાળ સુધી મુક્ત જ રહેવાના છે. તેથી તેઓ આપણાં માટે તો પરોક્ષ છે. સદ્ગુરુ સમાન પ્રત્યક્ષ નહિ. કૃપાળુદેવે પ્રત્યક્ષ સદ્ગુરુની ખૂબજ મહિમા બતાવી છે, કારણ કે કૃપાળુદેવને કોઈ પ્રત્યક્ષગુરુ મળ્યા ન હતા. **એ જ વ્યક્તિને કોઈ વસ્તુ કે વ્યક્તિની મહિમા આવે છે કે જે વસ્તુ કે વ્યક્તિ તેની પાસે હોતી નથી.** આપણાને તો શ્રી કૃપાળુદેવ અને શ્રી કાનજીસ્વામી એમ બે-બે સદ્ગુરુ મળ્યા અને આપણે તેમનો મહિમા કરવાનું ભૂલી ગયા. કોઈ તો મને એવો પણ પ્રશ્ન પૂછે છે કે કૃપાળુદેવ અને ગુરુદેવને કોઈ પ્રત્યક્ષગુરુ ન મળ્યા અને અમને તો બન્ને સદ્ગુરુ સહેલાઈથી મળ્યા, તો તેમના કરતાં સારી દશા આપણી ન કહેવાય ? તેને કહે છે કે ભાઈ ! **સદ્ગુરુ ને ગુરુ મળવા કઠિન છે, અજ્ઞાનીને ગુરુ મળવા સહેલા છે. જ્ઞાનીને એવા જીવોનો યોગ ખૂબ જ ઓછો થાય છે કે જેમને એ ગુરુ માને. જ્યારે અજ્ઞાની કરતાં ઘણાં ચડિયાતા જ્ઞાની હોય છે, તેથી અજ્ઞાનીને**

**ગુરુ મળવા સહેલા છે. એ વાત અલગ છે કે, અજ્ઞાની તે સદ્ગુરુને ઓળખી શકતો નથી કે તેમની પાસે ટકી શકતો નથી. અથવા સદ્ગુરુને ઓળખતો નથી કે તેની પાસે ટકતો નથી.**

જિનેન્દ્ર ભગવાન તો પરોક્ષરૂપે છે, તેથી શિષ્યની ભૂલ વ્યક્તિગત રીતે તો ન જ બતાવી શકે અને જિનેન્દ્ર ભગવાન તો પૂર્ણ વીતરાગી છે. જો જિનેન્દ્ર ભગવાન પ્રત્યક્ષમાં હોય તો પણ દરેકને વ્યક્તિગત ખામી બતાવતા નથી જ્યારે પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રશસ્તરાગને લીધે તેની વ્યક્તિગત ખામી તથા તેનો ઉપાય શિષ્યને બતાવે છે.

જિનેન્દ્ર ભગવાન વીતરાગભાવથી અને સદ્ગુરુ પ્રશસ્ત રાગભાવથી તત્ત્વને ઉપદેશે છે. આમ પ્રત્યક્ષ સદ્ગુરુની મહિમા અહીં બતાવી છે કારણ કે ગુરુનો મહિમા આવ્યા વિના આત્માનો મહિમા આવતો નથી.

*''પ્રત્યક્ષ સત્પુરુષની વર્તમાનમાં હયાતી હોય, તેમને છોડીને જ્યાંસુધી પૂર્વે થઈ ગયેલા શ્રી જિનેશ્વરની વાતો પર જ જીવનું લક્ષ કહ્યા કરે અને તેમને ઓળખ્યા વિના, સ્વાનુભવ વિના, તેમનો ઉપકાર ગાયા કરે, પણ એ જીવનું પૂર્ણ શુદ્ધસ્વરૂપ શું છે, તેને તો ઓળખાતો નથી, ત્યાંસુધી તેને વીતરાગનું બહુમાન ક્યાંથી આવે ? વળી કહે છે કે, જ્યાં આત્મભ્રાંતિનું સમાધાન થાય એવા પ્રત્યક્ષ સદ્ગુરુનો સમાગમ પ્રાપ્ત થયો હોય, તેમાં પરોક્ષ જિનેશ્વરના વચન કરતાં પણ મોટો ઉપકાર સમાયો છે. સર્વજ્ઞ ભગવાનના કહેલા અતીન્દ્રિય લોકોત્તર ન્યાયમાર્ગની ખબર નથી, માત્ર સ્વચ્છંદે શાસ્ત્રો વાંચી જાય અને તે પુરુષના વચન ગોખી રાખે તેથી કાંઈ આત્માને લાભ ન થાય. માટે પ્રત્યક્ષ સદ્ગુરુના અવલંબનની-આશ્રયની જરૂર જણાવી છે.''*



❁

**સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;**
**સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨**

સિદ્ધ ભગવાન તો સિદ્ધશિલા પર બિરાજમાન છે. તેમના અસ્તિત્વ અને સ્વરૂપની સમજણ તો તીર્થંકર કેવળી ભગવાનના ઉપદેશથી જ થાય છે. આ પંચમકાળમાં આ ભૂમિ પર અરિહંત ભગવાન પણ સિદ્ધ ભગવાન સમાન અદૃશ્ય થઈ ગયા અર્થાત્ આપણા માટે તો જેમ સિદ્ધ ભગવાનનો આ ભૂમિ પર યોગ નથી તેમ અરિહંત ભગવાનનો પણ યોગ નથી. સિદ્ધ દેવની તો આ ભૂમિ પર ત્રિકાળ ગેરહાજરી હોય છે જ્યારે હવે તો અરિહંત ભગવાન પણ અહીં હાજર નથી. આજે બંને દેવની, આ ભૂમિ પર ગેરહાજરી છે. એવા આ કળિયુગમાં, ગુરુ વિના જિનદેવનું સ્વરૂપ સમજવું સંભવ નથી; તેથી અહીં ગુરુની મહિમા બતાવતા કહ્યું છે કે સદ્ગુરુના ઉપદેશ વિના જિનેન્દ્ર ભગવાનનું સ્વરૂપ સમજી શકાતું નથી.

હા, આગમમાં તો અરિહંત અને સિદ્ધ એમ બંને પરમેષ્ઠીનું વર્ણન આવે છે પણ તે આગમના આશયને સદ્ગુરુ જ સમજાવે છે. તત્ત્વનો જેવો મર્મ સદ્ગુરુ ખોલે છે, તેવો મર્મ અગિયાર અંગ અને નવ પૂર્વના જ્ઞાની દ્રવ્યલિંગી મુનિ પણ સમજાવી શક્તા નથી. કારણ કે આત્માનુભવી જીવ જ આત્માનુભવીની દિવ્યવાણીના મર્મ કે રહસ્યને સમજાવી શકે. જિનેન્દ્ર ભગવાનની વાણીનો જે મર્મ, કૃપાળુ

દેવ અને કાનજીસ્વામી એ બતાવ્યો છે, એવી તાકાત આજના કોઈ મિથ્યાદૃષ્ટી પંડિત કે મુનિમાં પણ નથી. તેથી સદ્‌ગુરુના ઉપદેશનો ખૂબજ મહિમા બતાવ્યો છે. ગુરુદેવ તો અહીં સુધી કહેતા કે મુનિરાજ તો ચાલતા-ફરતા સિદ્ધ ભગવાન છે. આમ સદ્‌ગુરુની અપાર મહિમાનું વર્ણન કરતા તેઓ થાકતા ન હતા.

જ્યારે જિન દેવ અને નિજ દેવનું સ્વરૂપ સમજાય છે, ત્યારે સદ્‌ગુરુ, તેમાં નિમિત્ત માત્ર હોય છે. જ્યારે સદ્‌ગુરુ, અજ્ઞાનીને સમજણ કરાવવામાં નિમિત્ત બને, ત્યારે તેઓ ઉપકારી ગણાય, કારણ કે જ્યાં સુધી શિષ્ય પર પરમાત્મા અને નિજ પરમાત્માનું સ્વરૂપ સમજતો નથી, ત્યાં સુધી સદ્‌ગુરુ તેના માટે નિમિત પણ કહેવાતા નથી. **કાર્યસિદ્ધિ થયા પછી જ કારણમાં કારણપણાનો આરોપ થઈ શકે.**

જૈનદર્શનની એ વિશેષતા છે કે સદ્‌ગુરુ, શિષ્યને સમજાવતા નથી અને જ્યાં સુધી શિષ્ય, પોતાની યોગ્યતાથી ન સમજે, ત્યાં સુધી સદ્‌ગુરુ નિમિત્ત પણ કહેવાતા નથી. **એક અજ્ઞાનીનો, બીજા અજ્ઞાની પર કોઈ ઉપકાર હોતો જ નથી. જો કોઈ અજ્ઞાની, કોઈ બીજા અજ્ઞાની માટે કંઈ કરે ત્યારે, તેને સહકાર કર્યો; એમ કહેવાય છે. પરંતુ જ્યારે જ્ઞાની, કોઈ અજ્ઞાની માટે કંઈ કરે, ત્યારે ઉપકાર કર્યો; એમ વ્યવહારથી કહેવાય છે. જ્યાં સુધી જીવ અજ્ઞાનીનો ઉપકાર માનવાનું બંધ કરતો નથી અને સદ્‌ગુરુનો ઉપકાર માનતો નથી, ત્યાં સુધી તે સદ્‌ગુરુને સમજ્યો નથી.**

જો આપણે ખરેખર સદ્‌ગુરને ઉપકારી માનતા હોઈએ તો,



તેમના ઉપદેશને સમજવો પડશે, સદ્‌ગુરુના હૃદય સુધી પહોંચવું પડશે માત્ર સદ્‌ગુરુ-સદ્‌ગુરુ બોલવાથી તેઓ આપણા ઉપકારી નહિ થાય.

ગુરુ દ્વારા જિનેન્દ્ર ભગવાનના ગુણોને શીખી લેવા માત્રથી જિનેન્દ્ર ભગવાનની ઓળખાણ થતી નથી. ભગવાનને સર્વપ્રકારે ઓળખવા જોઈએ. તેથી પ્રવચનસાર ગ્રંથની ૮૦મી ગાથામાં કહ્યું છે-

જે અરિહંત ભગવાનને દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે છે તે પોતાના આત્માને જાણે છે તથા તેનો મોહ ક્ષય થાય છે.

આમ, ભગવાનના અનેકાંતમય સ્વરૂપને પણ સદ્‌ગુરુ જ સમજાવે છે. તેથી સદ્‌ગુરુનો ઉપકાર અવચનીય છે.

સમજણ આવેથી ગુરુનો ઉપકાર થયો ગણાય. સમજણ આવ્યા વિના ઉપકાર શો ? સમજણ આવેથી જ જણવાનું-જનમવાનું શમી જાય છે. સમજણ આવ્યેથી જિનસ્વરૂપનું પ્રાગટ્ય છે; અન્યથા નહિ.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“સદ્‌ગુરુના ઉપદેશ વિના પોતાના સ્વચ્છંદે પોતાની મતિ-કલ્પનાથી, શાસ્ત્રઆધારે અલૌકિક પરમ સ્વરૂપને જેમતેમ ધારી લેવું અને કહેવું કે તીર્થંકર ભગવાને અનંત ઉપકાર કર્યો છે, અમે તે વીતરાગ પ્રભુની આજ્ઞા પાળીએ છીએ, એમ કલ્પનામાં રાગ વડે પરોક્ષનું લક્ષ કરે છે, પણ પ્રત્યક્ષ સદ્‌ગુરુનુ લક્ષ નથી; તેથી જિનસ્વરૂપ સમજ્યા વિના તું માને કે અમે સમજ્યા છીએ, એ વચન દોષવાળું*

*છે. સમજ્યા વિના ઉપકાર કોનો ? જ્ઞાનીએ કહ્યું કે કાંઈ અને તું સમજે છે કાંઈ. અનંત કાળથી અણસમજણે તારો સ્વકાળ, પરભાવપણે-અજ્ઞાનપણે ચાલ્યો આવ્યો છે. રાગને પેદા કરે-રાખે તેને આત્મા કહ્યો નથી. આત્મા સુખસ્વરૂપ, આનંદમય, અકષાયભાવે છે. તેનું અનંત કાળમાં જાણપણું થયું નથી, એટલે અણસમજણભાવે તારો કાળ ગયો છે, માટે પ્રત્યક્ષ સદ્‌ગુરુ વિના તારું આત્મસ્વરૂપ તારા સ્વચ્છંદે નહિ ટળે.*

*અનાદિથી પરપરિણતિનો અભ્યાસ અને દેહાધ્યાસ છે એટલે જેને જે ગોઠે છે (ગમે છે) તે શાસ્ત્રને, ન્યાયને, શ્રવણને જેમ ફાવે તેમ ખતવી દેશે; માટે ''સદ્‌ગુરુના ઉપદેશ વણ સમજાય ન જિનરૂપ'', તેમાં જેને પ્રત્યક્ષ સદ્‌ગુરુનું બહુમાન નથી, તેને લક્ષ અને પ્રતીત નથી. આત્માર્થની પ્રાપ્તિથી શૂન્ય, એવી સોબત તને મળી જશે તો તને ગમતી વાત ત્યાંથી મળી રહેશે. જે પોતાથી અજાણ છે, અણસમજ્યો રખડ્યો અને એ જ ભાવે વીતરાગના ગુણ ગાય છે, પણ વીતરાગે પરમાર્થ શું કહ્યો છે તે સમજ્યા વિના તે ઉપકાર ગણાય નહિ. અણસમજણથી તું તારી ઊંધી દૃષ્ટિ વડે અનંત જ્ઞાની–સર્વજ્ઞનું એક અંશે પણ માપ કાઢી શકે નહિ. સ્વચ્છંદતાથી સમજવા માગે તો સમજી શકે નહિ. શુભક્રિયા, શુભભાવ તો મોહકર્મના ઉદયવાળો રાગ છે, તેનાથી અરાગી નિર્મળ આત્મા કેમ પ્રગટે ? ન જ પ્રગટે.*

*દેવ, ગુરુ, ધર્મ પણ વીતરાગ છે. તે રાગ વડે કેમ જણાય ? માટે કહે છે કે, ''સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ.''*



*તું જો સમજે તો તારું વીતરાગરૂપ તારાથી પ્રગટે. અકષાયભાવની રુચિ થયે, સમજનારનો આત્મા પરિણામે જિનદશાને પામે. અંતરસ્વભાવે સ્વાધીન તત્ત્વ જેમ છે તેમ સમજ્યે ગુણ થાય.''*

❀

**આત્માદિ અસ્તિત્વના, જે નિરૂપક શાસ્ત્ર;**
**પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહીં, ત્યાં આધાર સુપાત્ર. ૧૩**

કૃપાળુદેવે સદ્‌ગુરુની ભક્તિભાવપૂર્વક મહિમા બતાવીને છેલ્લે કહ્યું કે જ્યારે સદ્‌ગુરુનો પણ પ્રત્યક્ષ યોગ ન હોય ત્યારે આત્માર્થી જીવ માટે શાસ્ત્ર જ આધાર છે, સહારો છે. **આપ્ત એટલે સર્વજ્ઞ ભગવાન આપ્તના વચનને આગમ કહેવાય છે.** આગમને શાસ્ત્ર પણ કહેવાય છે. એવો નિયમ નથી કે ભગવાનના પ્રત્યક્ષ વચનોને જ આગમ કહેવાય. ગુરુના વચનને પણ આગમ કહેવાય છે. અનેકાંત સ્વરૂપી જગતને સ્યાદ્વાદ શૈલી વડે સમજાવનાર આગમ હોય છે. જિનવાણીમાં આત્મા વગેરે છ દ્રવ્યના અસ્તિત્વનું વર્ણન આવે છે; તેથી તેને શાસ્ત્ર કહેવાય છે. વીતરાગીના વચનને શાસ્ત્ર કહ્યા હોવાથી, શાસ્ત્ર પણ વીતરાગતાની પ્રાપ્તિનું પ્રયોજન સિદ્ધ કરે છે. જીવને દેવ, શાસ્ત્ર કે ગુરુના માધ્યમથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

કોઈ અપેક્ષાએ દેવ અને ગુરુ કરતાં પણ શાસ્ત્રને વધુ મહત્વ આપ્યું છે. દેવ અને ગુરુનો યોગ તેમના સમય અનુસાર થાય છે જ્યારે શાસ્ત્રનો ઉપયોગ આપણે આપણા સમયની અનુકૂળતાએ કરી શકીએ છીએ. તીર્થંકર ભગવાનનો ઉપદેશ પાંચમા આરામાં

હોતો નથી અને સદ્‌ગુરુનો ઉપદેશ પણ તેઓ શુભોપયોગના કાળમાં જ આપે છે. પરંતુ શાસ્ત્રનું વાંચન, આપણે જ્યારે ઈચ્છીએ ત્યારે કરી શકીએ છીએ. પંચમકાળમાં મુંબઈ જેવી મોહમયી નગરીમાં, અડધી રાત્રે પણ શાસ્ત્ર વાંચીને જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. ગુરુનું જવું-આવવું દરેક જગ્યાએ શકય નથી. જ્યારે શાસ્ત્ર કોઈ પણ જગ્યાએ જવાની ના પાડશે નહિ.

એક ગુરુનું એક સમયે બે સ્થાને રહેવું અસંભવ છે. પરંતુ શાસ્ત્રની હજારો પ્રત છપાવીને તેને લાખો લોકો સુધી પહોંચાડી શકાય છે. તેથી ગુરુના ઉપદેશ કરતા શાસ્ત્રનો ઉપદેશ મળવો અતિ-સુલભ છે. પણ એક વાત એ છે કે ગુરુ વિના તે શાસ્ત્રને સમજાવે કોણ ? તેથી કૃપાળુદેવે સદ્‌ગુરુનો અપાર મહિમા બતાવ્યો છે.

સદ્‌ગુરુના માર્ગદર્શન વિના શાસ્ત્રનું વાંચન કરવાથી કોઈ ભૂલ થઈ શકે છે, કારણ કે આજે એવા ઘણાં લોકો છે જેને છ દ્રવ્યના નામ તથા ગુણ-પર્યાયના સ્વરૂપની પણ ખબર નથી છતાં તેઓ સમયસાર તથા પ્રવચનસાર જેવા ગ્રંથોનો અભ્યાસ કરવા લાગે છે. તેઓ તત્ત્વસંબંધી સામાન્ય જાણકારીના અભાવમાં શાસ્ત્રનો સ્વાધ્યાય કરતાં હોવા છતાં, જીવનમાં કોઈપણ પ્રકારનું કોઈ પરિવર્તન દેખવામાં આવતું નથી. કોઈ સમય એવો પણ આવે છે કે, **શાસ્ત્ર તેવા અજ્ઞાની જીવ માટે શસ્ત્ર બની ગયું હોય છે.**

તેથી કોઈ પણ જીવે ગ્રંથાધિરાજના અભ્યાસનો આગ્રહ રાખ્યા વિના, ણમોકારમંત્ર જેવાં પ્રાથમિક વિષયથી અભ્યાસ પ્રારંભ કરવો જોઈએ.



મોટા શાસ્ત્રનો ઊંધો અભ્યાસ કરવા કરતા, નાના શાસ્ત્રનો સાચો સ્વાધ્યાય કરવો, જીવને વધુ લાભદાયી નીવડે છે. એક વાત હંમેશાં યાદ રાખવી કે, **જે પુસ્તકોમાં આત્મા શબ્દ લખેલો હોય તે દરેક પુસ્તકોને આત્માનું સત્ય સ્વરૂપ સમજાવનાર શાસ્ત્ર ન માનવા જોઈએ. જ્યાં અનેકાંત સ્વરૂપી આત્માનું અને આખા જગતનું સ્વરૂપ બતાવ્યું હોય તેને જ જિનવાણી કે શાસ્ત્ર કહેવાય.**

જ્યાં સદ્‌ગુરુનો પ્રત્યક્ષ યોગ નથી, ત્યાં સુપાત્ર જીવ માટે શાસ્ત્ર જ આધાર હોવાથી, તેના માટે તો શાસ્ત્ર જ ગુરુ છે. તેથી જેવો વિનય ગુરુ સાથે કરવાનું કહ્યું છે તેવો જ વિનય શાસ્ત્ર સાથે પણ કરવો જોઈએ. જેમ ગુરુ પાસેથી જ્ઞાન લેતી વખતે પોતે વ્યવસ્થિત બેસીને જ્ઞાન લઈએ છીએ અને ગુરુને પણ યોગ્ય આસન ગ્રહણ કરાવીએ છીએ તેમ શાસ્ત્ર પણ યોગ્ય સ્થાન પર બેસીને જ વાંચવું જોઈએ. જેમ દુનિયાભરના પુસ્તકોને ગમે ત્યાં મૂકી દઈએ છીએ તેમ શાસ્ત્રને ગમે ત્યાં ન રાખવા જોઈએ. ખાસ કરીને પથારી પર તો ન જ રાખવા જોઈએ. માતાનું સ્થાન તો હૃદયમાં હોય છે. ખરેખર જેને જિનવાણી માતા પ્રત્યે આદરભાવ હોય તે શાસ્ત્ર અભ્યાસ પણ વિધિવત્ જ કરશે. તે જયાં પણ સ્વાધ્યાય કરે ત્યાં પોતે પગરખાં ઉતારીને, હાથ તથા મોં સાફ કરીને જ જિનવાણી વાંચવી જોઈએ. જે જીવને શાસ્ત્ર પ્રત્યે બહુમાન હશે તે જ સુપાત્ર કહેવાશે અને તેજ તેનો અભ્યાસ કરી શકશે, તેનું અધ્યયન કરી શકશે કે જે અધ્યયન સ્વાધ્યાયમાં પરિણમનારું હોય.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી*

*ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"સર્વજ્ઞ જિનેશ્વરપ્રણીત આગમશાસ્ત્ર જે સુપાત્ર જીવ હોય તેને આધાર થાય છે. પણ તે પ્રત્યક્ષ ભ્રાંતિનું છેદક નથી, પણ જે જીવ આત્માર્થી છે, તીવ્ર આત્માર્થનો કામી છે તથા સદ્‌ગુરુની આજ્ઞા શિરસાવંદ્ય રાખી વર્તે છે, ગુરુના વિરહમાં ગુરુઆજ્ઞા હૃદયમાં રાખે છે તેને સુપાત્ર કહ્યા છે. આ ગાથામાં પ્રમાણિક શાસ્ત્રોની વ્યાખ્યા કહી છે. આત્મા છે, તે સિવાય જડ પદાર્થોનું હોવાપણું છે, તે સત્‌ એટલે ત્રિકાળ છે. યથાર્થપણે સનાતન બે પદાર્થો અને તેનું હોવાપણું અનાદિ-અનંતપણે છે. પરલોક છે, સંયોગ-વિયોગ પણ છે અને તે જડ તત્ત્વથી જુદાપણું છે. તેમ જ મોક્ષસ્વરૂપ મુક્તદશા પણ છે. એ બેના સંયોગે જીવથી વર્તમાન દશામાં ભૂલ પણ છે. એ રાગી-દ્વેષીપણું પરના નિમિત્તે છે. કોઈ તત્ત્વ પોતાના કારણે અશુદ્ધ દશામાં ન હોઈ શકે, માટે જીવમાં પરના નિમિત્તે અશુદ્ધ દશા છે. લોકો કહે છે કે, બીજું તત્ત્વ નથી, ભ્રાંતિ છે, પણ તેમ નથી; માટે જે શાસ્ત્રમાં જીવ, અજીવ આદિ બે તત્ત્વોનું યથાર્થપણું હોય, સર્વજ્ઞ જિનેશ્વરપ્રણીત આગમશાસ્ત્રો હોય તેને પ્રમાણિક માનવા. વળી આ લોક, પરલોક છે એટલે કે આત્માથી પરભાવરૂપ ઊંધી માન્યતામાં ટકવાને કારણે રાગ, દ્વેષ, અજ્ઞાનમય જડભાવના અધ્યાવસાયના કારણે વિચિત્ર કર્મફ્લ ભોગવવાના અનેક સ્થાનકો-પરલોકાદિક છે, પુનર્જન્મ છે અને રાગ, દ્વેષ, અજ્ઞાન રહિત શુદ્ધ દશા પુરુષાર્થથી પ્રાપ્ત થઈ શકે છે વગેરે પ્રમાણ છે. આગળ વધે તો બધું છે, તે જેમ છે તેમ જણાય છે."*



**અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;**
**તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪**

સાચા દેવ, શાસ્ત્ર, તથા સદ્‌ગુરુના માધ્યમથી તત્ત્વનું સ્વરૂપ સમજવું, એ જીવનું કર્તવ્ય છે. પરંતુ જો આ પ્રકારે તત્ત્વનો અભ્યાસ ન કરે તો, સદ્‌ગુરુ દ્વારા પ્રરૂપિત સાધનોનો વિચાર કરીને તે સાધનનું અવલંબન લેવું જોઈએ. જ્યાં સુધી આત્મજ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી અનુભૂતિ સુધી પહોંચવામાં કારણરૂપ સાધનનું અવલંબન લેવું તે યોગ્ય જ છે.

સદ્‌ગુરુના વચન પર શ્રદ્ધા થયા વિના, જિનાગમમાં પ્રતિપાદિત જૈનધર્મનો એકપણ સિદ્ધાંત સમજાશે નહિ. ગુરુના વચન પર એવી શ્રદ્ધા હોવી જોઈએ કે, કોઈ પણ પ્રકારના કુતર્ક કે કુયુક્તિથી પણ વિચલિત ન થાય. જ્યારે જીવ સદ્‌ગુરુના વચન પર વિચાર કરે અને જો તેને ગુરુના વચનો ન સમજાય તો, તેણે એમ વિચાર કરવો જોઈએ કે, મારૂં જ્ઞાન અપૂર્ણ હોવાથી મને સમજાતું નથી અથવા તો મારી ઉપાદાનગત યોગ્યતા પ્રગટ થઈ નથી કે કાળનો પરિપાક થયો નથી. પરંતુ મને એ વાતનો નિર્ણય છે કે, સદ્‌ગુરુદેવના વચન તો પરમ સત્ય જ છે.

મત-મતાંતરનો આગ્રહ છોડ્યા વિના પણ, સત્ય સ્વરૂપ સમજાતું નથી. અહીં મત-માતંતરનો અર્થ કોઈ એક મત વિશેષને ન લેવો. ગુરુના વચન પણ ગુરુના નથી. સદ્‌ગુરુ કહે છે કે, જિનવચનનો સ્વીકાર કરવો એ જ જિનેન્દ્ર ભગવાનની ખરી ભક્તિ છે. જિનેન્દ્રદેવ કે સદ્‌ગુરુને હાથ જોડવા માત્રથી તેમની ભક્તિ થઈ જતી નથી.

અજ્ઞાનીને જિનેન્દ્ર ભગવાનના વાસ્તવિક સ્વરૂપની સમજણ નહિ હોવાથી, જેવા ભેદ સંસારીઓમાં કરે છે, તેવા ભેદ સિદ્ધોમાં પણ કરે છે. મહાવીર સ્વામી અને ગૌતમસ્વામી વર્તમાનમાં તો એક સમાન દશામાં સ્થિત છે. ભગવાન મહાવીરને જેવી પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટી છે, તેવી જ પૂર્ણતાને ગૌતમસ્વામી પણ પ્રાપ્ત થાય છે. પરંતુ અજ્ઞાનીની દૃષ્ટિમાં મહાવીર ભગવાનનું સ્થાન આજે પણ ગૌતમસ્વામી કરતા ઊંચું છે. આમ અજ્ઞાની બે સિદ્ધ પરમાત્માને પણ સિદ્ધરૂપે દેખતો નથી, તેથી તેને કહ્યું કે, **વ્યક્તિનો મોહ રાખ્યા વિના, વસ્તુ સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરો.** દરેક જીવે માત્ર કૃપાળુદેવ કે શ્રી ગુરુદેવનો જ વિચાર ન કરવો. જ્યારે તે મહાપુરુષોએ સમજાવેલા તત્ત્વનો વિચાર કરીને પોતાના જીવનમાં અપનાવશે, ત્યારે જ તેણે સદગુરુનો વિનય કર્યો એમ કહેવાશે. જ્યારે તેને ગુરુના વચન પર શ્રદ્ધા થશે, ત્યારે તેને આ જગતની કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે ઘટના અયોગ્ય નહિ લાગે. સદ્‌ગુરુ કહે છે કે, **આ જગતનું સ્વરૂપ જેમ છે, તેમ યોગ્ય છે. પરંતુ અજ્ઞાનીને તે સ્વરૂપ અયોગ્ય લાગે છે, તેથી અજ્ઞાની આ યોગ્ય જગતને પલટાવવાનો પ્રયત્ન કરે છે. આમ અજ્ઞાનીનો અકાર્યકારી પ્રયત્ન જ અયોગ્ય છે. જો કે જગતને પલટાવવાનો અજ્ઞાનીનો પ્રયત્ન પણ યોગ્ય છે કારણ કે તે પણ તેની પર્યાગત યોગ્યતાથી જ થઈ રહ્યો છે.** તેથી સૂક્ષ્મરૂપે વિચાર કરવો કે જગતમાં થઈ રહેલું કોઈ પણ પાપ, પુણ્ય કે ધર્મ, એ બધું જ યોગ્ય છે. પાપ અને પુણ્ય બંનેને યોગ્ય કહેવાનો અર્થ એમ નથી કે પાપ અને પુણ્ય કરવા જોઈએ. એનો ખરો અર્થ એમ છે કે, દરેકની પર્યાયગત યોગ્યતામાં જે પાપ અને પુણ્ય નક્કી છે, તેને



કોઈ બદલાવી શકતું નથી; તેથી તે પણ યોગ્ય છે. જો જગતનો કોઈપણ જ્ઞેય અયોગ્ય હોય તો તેને જાણનારૂં કેવળજ્ઞાન પણ અયોગ્ય થઈ જાય. પરંતુ એમ થતું જ નથી. આમ જ્ઞાનીના વચનોમાં ઘણું રહસ્ય છુપાયેલું હોય છે, જેને સમજવા માટે મતાંતર છોડીને ઊંડા વિચાર અને મંથન કરવું ખૂબ જ જરૂરી છે. સદ્‌ગુરુએ જે શાસ્ત્રો અવલોકવા માટે કહ્યા હોય; તે શાસ્ત્રો અન્યમતના ગમે તે દર્શનના ગમે તે અન્ય મતમાં માનતી વ્યક્તિના હોય, તે વિષેના જાત-મતાંતર ત્યજીને એ સદ્‌ગુરુ નિર્દિષ્ટ ગ્રંથો વિષે પણ નિત્ય વિચાર કરવો જોઈએ. કારણ કે તેનું પ્રયોજન પણ જીવને દોષોથી છોડાવીને ગુણ તરફ લઈ જવાનું જ હોય છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“ધર્માત્મા સદ્‌ગુરુએ કહ્યું કે અમુક શાસ્ત્ર વાંચ, તો તેનું ઘણું માહાત્મ્ય આવવું જોઈએ અને સર્વજ્ઞ ભગવાનના ન્યાયના ઊંડા ગંભીર રહસ્ય ભર્યાં છે તેમાં ઊંડા ઉતરીને તે સમજવું જોઈએ. જેમ દરિયામાં મોતી લેવા માણસો ઊંડા અવગાહે છે ત્યાં મગરમચ્છ, માછલાં તથા પાણીનું તોફાન સહન કરીને પણ અંદર ડૂબકી મારે છે, તેમ શાસ્ત્રના તાત્પર્યને અવગાહે છે, તેનો અર્થ એ છે કે, સર્વજ્ઞ વીતરાગ ભગવંતો, આચાર્ય અને ગણધરો આત્મતત્ત્વ વિષે શું કહેવા માગે છે તે પોતાના જ્ઞાન વડે સ્વાલંબનથી ગુરુઆજ્ઞાનું યથાર્થપણું સમજીને, ઊંડા ન્યાયને ગંભીરભાવે તે વિચારે છે. વિરોધી માન્યતા ટાળીને પ્રથમ જ સમજવાનું એ છે કે, જીવથી શું થઈ શકે*

*છે અને શું નથી થઈ શકતું, શું થઈ રહ્યું છે અને શું માને છે. પોતે દરેક સમયે શું સ્વરૂપ છે તેનો યથાર્થ નિર્ણય કર્યા વિના શાસ્ત્રો વાંચે, સાંભળે અને 'હું સારું કરું છું' એમ માને તે બધુંય વૃથા છે. આત્મા સ્વ-ગુણમાં બધુંય કરી શકે છે, પરંતુ સંસાર, દેહાદિ પરવસ્તુ કે પરગુણમાં (પરમાણુંમાં) કોઈ પ્રકારે કંઈ પણ કદી ન કરી શકે. આ મહા નિયમ પ્રથમ સમજવો.''*

❁

**રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;**
**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫**

જો જીવ સ્વચ્છંદ રોકે તો, નિશ્ચિતરૂપે મોક્ષ પ્રાપ્ત કરે. સદ્ગુરુના માર્ગદર્શન વિના મોક્ષમાર્ગમાં પ્રવેશ થતો નથી. પરંતુ સ્વચ્છંદી જીવ પોતાનું ડહાપણ ચલાવીને મોક્ષ પામવાની કોશીશ કરે છે, જે ક્યારેય સંભવ નથી. સ્વચ્છંદીપણું છોડવાથી મોક્ષમાર્ગની જ પ્રાપ્તિ નહિ પરંતુ મોક્ષની પણ પ્રાપ્તિ થશે, એમ ખાતરીપૂર્વક કહ્યું છે. **'પામે અવશ્ય મોક્ષ'**માં પ્રયુક્ત અવશ્ય શબ્દ સ્વચ્છંદ રોકનાર મોક્ષપ્રાપ્તિની ગેરંટી આપે છે. પરંતુ તેના માટે ગુરુ દ્વારા સમજાવેલા માર્ગે ચાલવું પડે. સ્વચ્છંદીને સરળ માર્ગ ગમે છે પણ સત્ય માર્ગરુચતો નથી. જો તેને સત્યની રુચિ હોત તો, સત્યને પામી ચુકેલા સદ્ગુરુ પાસે ધર્મ સમજવાની કળા શીખી લેત. લૌકિકમાં પણ કોઈ માર્ગ વિશે, જો આપણે જાણતા ન હોઈએ, તો માર્ગના જાણકાર લોકોને પૂછીને જ આગળ વધીએ છીએ. એ જ રીતે અલૌકિક માર્ગમાં પણ, અજ્ઞાનીએ મોક્ષમાર્ગ સંબંધી પૂર્ણ જાણકારી સદ્ગુરુ વડે પ્રાપ્ત કરવી જોઈએ



અને મોક્ષમાર્ગમાં આગળ વધવું જોઈએ. સ્વચ્છંદતા છોડીને સદ્ગુરુના વચનને જીવનમાં અપનાવવાથી મોક્ષ પ્રાપ્ત થશે જ. જિનેન્દ્ર ભગવાને દિવ્યધ્વનિના માધ્યમથી ઉપદેશ આપ્યો છે કે, દેવ-શાસ્ત્ર-ગુરુની સાચી સમજણ થયા વિના કોઈ પણ જીવને મોક્ષ પ્રાપ્ત થતો નથી; તેથી જિનવચનને પ્રમાણ માનીને પોતાનો સ્વચ્છંદ છોડવો જોઈએ. જિનેન્દ્ર ભગવાનને **'નિર્દોષ'** કહ્યા છે, કારણ કે તેમને મોહ-રાગ-દ્વેષ વગેરે દોષો, આત્મામાંથી દૂર થયા છે, નષ્ટ થયા છે. ભગવાને જેનો નાશ કર્યો છે, તે ફરી ક્યારેક પ્રગટ થશે નહિ અને ભગવાને જેને પ્રગટ કર્યું છે, તેનો ક્યારેય નાશ થશે નહિ. તેથી જિનેન્દ્ર ભગવાન નિર્દોષ છે. ભગવાને અજ્ઞાનનો નાશ કર્યો છે તે ફરી ક્યારેય પ્રગટ થશે નહિ અને ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે તેનો ક્યારેય નાશ થશે નહિ. ભગવાન સ્વયં અસ્તિના અસ્તિત્વથી આસ્થેય છે (શ્રદ્ધેય) અને નાસ્તિના નાશથી નિર્મળ છે. આમ જિનેન્દ્ર ભગવાન વીતરાગી હોવાથી નિર્દોષ છે. ભગવાનની વાણીનું કેન્દ્રબિંદુ આત્મા છે. જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશ આત્મામાં લીન થઈ મોક્ષપ્રાપ્તિ થાય તેના માટે જ છે.

અનાદિકાળથી આજ સુધી અનંતજીવો સદ્ગુરુના વચનના આલંબનથી મોક્ષ પામ્યા છે, તેથી મોક્ષપ્રાપ્તિનો રાજમાર્ગ તો સદ્ગુરુના વચનોનું અનુસરણ કરવું એ જ છે. જે અનંતજીવો મોક્ષ પામ્યા છે તે આજે પણ મુક્ત છે અને અનંતકાળ સુધી મુક્ત જ રહેશે. લૌકિકમાં પણ કોઈ વ્યક્તિને બંધન ગમતું નથી, પરાધીનતા ગમતી નથી. નોકરને શેઠની પરાધીનતા ગમતી નથી. પત્નીને પતિની

પરાધીનતા ગમતી નથી. તેથી દરેક વ્યક્તિ મુક્ત અને સ્વતંત્ર રીતે રહેવા ઈચ્છે છે. પ્રભાતભાઈ નામના મારા એક મિત્ર એવું કહેતા કે 'મને ઓછા પૈસા મળે તો પણ ચાલશે પણ મારે કોઈને ત્યાં રહીને નોકરી કરવી નથી, સ્વતંત્ર રહીને વેપાર કરવો છે.' ગમે તેટલી ઊંચા પદની નોકરી હશે તો પણ કોઈ દબાણ નીચે રહેવું પડશે, માટે તે ઓછા કમાઈને પણ શેઠરૂપે રહેવા માંગે છે, સ્વાધીન માલિક થઈને રહેવા માંગે છે. લૌકિકમાં પણ લૌકિકની પ્રાપ્તિ સ્વચ્છંદ છોડીને સમર્પિત થઈ જનારને જ પ્રાપ્ત થતી હોય છે. કહેવાનો અર્થ એ છે કે, **દરેક જીવ મુક્તિ ઈચ્છે છે, બંધન કોઈને પસંદ નથી.** તેથી સદ્ગુરુ અનંતકાળ સુધી ટકી રહે એવી મુક્તિનો માર્ગ સમજાવે છે. જેને સમજવા માટે પોતાનો સ્વચ્છંદ છોડવો અનિવાર્ય છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''નિર્દોષ, અકષાય કરુણાના દાતા અર્હંતદેવ રાગરહિત નિર્દોષ છે, એવા વીતરાગ કેવળજ્ઞાની તીર્થંકર ભગવાન કે જેઓ નિર્દોષતાને પામી ગયા છે તેમણે કહ્યું છે કે, સ્વચ્છંદ એટલે દર્શનમોહ (પોતાના સ્વભાવમાં ભ્રાંતિ, ખોટી શ્રદ્ધા), મિથ્યા માન્યતા ટાળી સત્પુરુષની આજ્ઞાથી અનંત જીવો મોક્ષદશાને પામ્યા છે. શાસ્ત્રના એકેક વચનમાં ઘણા ન્યાય-આશય હોય છે, પણ જીવોને મનનપૂર્વક સાચો વિચાર કરવો નથી. 'આત્મસિદ્ધિ' ઘણાએ ઘણી વખત વાંચી હશે પણ અંતરમાં મનનપૂર્વક સાચો વિચાર કર્યો નથી. જે રીતે વિચારવું જોઈએ, સમજવું જોઈએ તે પ્રમાણે સમજાયું નથી; માટે આ ગાથામાં સ્વચ્છંદ ટાળવા ઉપર ખાસ ભાર મૂક્યો છે. (સ્વચ્છંદ એટલે દર્શનમોહ, મિથ્યાત્વ, ખોટી માન્યતા). પોતાનું સ્વરૂપ જે નિર્મળ જ્ઞાતાદ્રષ્ટા છે, તેની ઓળખાણમાં ભૂલ એ જ અનાદિકાળનું મિથ્યાત્વ જીવને અનંત સંસારમાં રખડાવે છે. તે પોતાની ભૂલ, પોતાનો જ અપરાધ છે. જે પુરુષમાં તે ભૂલ નથી એવા સત્પુરુષ-સદ્ગુરુને ઓળખી, તેમના ચરણનો આશ્રય કરવાથી પોતાના દોષ ટળે છે.''*

❁



**પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;**
**અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬**

આગમના આશયનો મિથ્યાભાસ, પ્રત્યક્ષ સદ્ગુરુના યોગ વિના દૂર થતો નથી. પોતાની મેળે, સદ્ગુરુના માર્ગદર્શન વિના, પોતાની જાતે અર્થ ગ્રહણ કરવાથી સ્વચ્છંદપણું વધુ પોષાય છે. તેથી આ કાળમાં પ્રત્યક્ષ સદ્ગુરુની મહિમા વધુ બતાવી છે. પ્રત્યક્ષ સદ્ગુરુના યોગનું મહત્વ બતાવવાનું કારણ એ છે કે, સદ્ગુરુનું પ્રત્યક્ષ આચરણ દેખીને, જીવ તેમાંથી પ્રત્યક્ષ પ્રેરણા લઈ શકે. જ્યારે જીવ કોઈ ભૂલ કરે તો, શાસ્ત્ર કે પરોક્ષ દેવ કે પરોક્ષ ગુરુ તેને રોકશે નહિ પરંતુ સાક્ષાત સદ્ગુરુ અજ્ઞાનીની ભૂલને જ્યારે પ્રત્યક્ષરૂપે દેખે છે ત્યારે તેને દૂર કરવાનો માર્ગ બતાવે છે. પ્રત્યક્ષ સદ્ગુરુની અગણિત મહિમાનો અર્થ એમ ન સમજવો કે સદ્ગુરુ જીવનો સ્વચ્છંદ દૂર કરે છે. જો શિષ્ય પોતે પોતાનો સ્વચ્છંદ છોડી સદ્ગુરુ પ્રત્યે સમર્પિત થાય તો તેને સદ્ગુરુનું યથાર્થ માર્ગદર્શન મળે છે. માર્ગદર્શન પ્રમાણે પોતાનું ડહાપણ ડોળ્યા વગર શિષ્ય, ગુરુના ચીંધ્યા માર્ગે ચાલે તો

તે શિષ્યનો મોક્ષ થાય છે. જ્યાં પણ સદ્‌ગુરુની મહિમા બતાવી, એ સર્વ સ્થાને નિમિત્તની મુખ્યતાથી કથન કરવામું આવ્યું છે; એમ જ સમજવું. દેવ કે ગુરુ જીવનું ભલું કરી શકતા હોત તો, તીર્થંકર ભગવાનની દિવ્યધ્વની સાંભળતા કરોડો જીવોને આત્માનુભવ થઈ જાત. કહેવાનું તાત્પર્ય એ છે કે, **જ્યારે જીવ, પોતાના સ્વભાવ તરફ દૃષ્ટિ કરી, પોતાના પુરુષાર્થના બળ પર, પોતાની તત્કાલીન યોગ્યતાથી, ભવિતવ્યતાનુસાર શુદ્ધાત્માને અનુભવે છે, ત્યારે સદ્‌ગુરુને નિમિત્તકારણ કહેવામાં આવે છે.**

પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગમાં નહિ રહીને, જીવ જ્યારે અન્ય ઉપાય કરે છે, ત્યારે તેનો સ્વચ્છંદ બમણો થતો જાય છે. જેવી રીતે લૌકિક વ્યવહારમાં કોઈ વ્યક્તિ બિમાર પડે છે ત્યારે તે બિમારીના વિશેષજ્ઞ પાસે જાય છે. વિશેષજ્ઞ પાસે જતાં પહેલા વૈદ્યના અનુભવ વિષે જાણકારી પ્રાપ્ત કરે છે. આમ અનેક પ્રકારે વિચાર કરીને, વૈદ્યનો નિર્ણય કરીને, તેના પર વિશ્વાસ રાખીને, બિમારી દૂર કરવાના આશયે, યોગ્ય વૈદ્ય પાસે જઈને, પોતાનું સર્વસ્વ સમર્પણ કરીને પણ બિમારીથી મુક્ત થવાં માટે ઉપચાર કરે છે; તેવી રીતે અલૌકિક માર્ગમાં પણ, અજ્ઞાની તેની અજ્ઞાનતાથી પીડિત થઈ રહ્યો હોય ત્યારે, અજ્ઞાનતાને સારી રીતે જાણીને છોડનારા સદ્‌ગુરુ પાસે જાય છે. સદ્‌ગુરુ પાસે જતાં પહેલાં, સદ્‌ગુરુના આત્માનુભવ અને અન્ય બાહ્ય લક્ષણ વિષે જાણકારી પ્રાપ્ત કરે છે. આમ અનેક પ્રકારે વિચાર કરીને, સદ્‌ગુરુનો નિર્ણય કરીને, તેમના પર વિશ્વાસ રાખીને, સ્વછંદતા અને અજ્ઞાન દૂર કરવાના આશયે, પ્રત્યક્ષ સદ્‌ગુરુ પાસે



જઈને પોતાનું સર્વસ્વ સમર્પણ કરીને પણ સ્વચ્છંદ અને અજ્ઞાનથી મુક્ત થવાં માટે ઉપચાર કરે છે. તેથી દરેક જીવે પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગને જ સ્વચ્છંદ દૂર કરવાનું સાધન સમજવું જોઈએ. જ્યાં સુધી પોતાની પર્યાયમાં અશુદ્ધિ પડેલી હોય ત્યાં સુધી સદ્‌ગુરુનો આધાર લેવામાં કોઈ દોષ નથી. આત્માર્થી જીવને સદ્‌ગુરુની મહિમા હોવાથી નિરંતર સદ્‌ગુરુની શોધ રહે છે. જ્યારે મતાર્થી જીવ પ્રત્યક્ષ સદ્‌ગુરુ મળે તો પણ તેમનાથી દૂર ભાગે છે અને પોતે સ્વછંદી બનીને ફરે છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“આત્માર્થી તો નિર્દોષ જ્ઞાનબળવડે રાગ ટાળીને પુરુષાર્થ સહિત કહે કે દ્રવ્યે હું ત્રિકાળ શુદ્ધ જ છું. પોતાનો શુદ્ધ પર્યાય ઉઘાડતાં કેટલો બળવાન પુરુષાર્થ જોઈએ, તે જ્ઞાનનો પ્રયત્ન ટકાવી રાખવા કેટલો પુરુષાર્થ (વીર્યબળ) જોઈએ, તેનું સ્વચ્છંદી એટલે શુષ્કજ્ઞાનીને ભાન હોતું નથી. સ્વચ્છંદ ટાળવાનો ઉપાય સદ્‌ગુરુના આશ્રયે હોય છે, અટલે પોતાની પાત્રતાથી ઉપાદાન તૈયાર કરી સદ્‌ગુરુનો સમાગમ કરે તો અનાદિનો મિથ્યાભાવ-સ્વચ્છંદ રોકાય છે અને પરિણામે તે આત્માર્થી જીવ આત્મજ્ઞાનદશાને પામે છે. વળી કોઈ ઉપાદાનને ભૂલીને નિમિત્તને પકડી રાખે એટલે વ્યવહારવચનોને પકડીને વ્યવહાર ક્રિયાકાંડનું વિધાન જેમાં હોય તે જ માત્ર વાંચે, વિચારે અને ક્રિયાજડત્વમાં જ રોકાય, બાહ્યક્રિયાને ચારિત્ર માની તેમાં પ્રેમ રાખે અને બાહ્ય વ્રત, સમિતિ આદિ ક્રિયાને આત્માનું*

*હિતકર સાધન માને, તે પણ સદ્‌ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ છે, એટલે તે સદ્‌ગુરુનો અને પોતાના અવિકારી આત્માનો નિષેધક જીવ છે.''*

❁

**સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;**
**સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭**

પોતાનો સ્વચ્છંદ અને મતાગ્રહ છોડી, જે જીવ સદ્‌ગુરુને સમજીને, સદ્‌ગુરુએ બતાવેલા માર્ગ પર ચાલે છે, તે જીવ સદ્‌ગુરુને પ્રત્યક્ષ અનુસરતો હોવાથી, તેને સમ્યગ્દૃષ્ટી કહ્યો છે. કૃપાળુદેવ વારંવાર કહે છે કે, હિતેચ્છુ જીવે પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગ પર ચાલવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. કારણ કે અલૌકિક મોક્ષ-માર્ગમાં માર્ગદર્શકના માર્ગદર્શન વિના સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી, મોક્ષમાર્ગ પ્રગટતો નથી. સ્વચ્છંદી થઈને ફરવું એના કરતાં સદ્‌ગુરુના ચરણોમાં બેસવું વધુ ઉત્તમ છે. અથવા સ્વચ્છંદને વળગી પ્રમાદી થઈ બેઠાં રહેવા કરતાં સદ્‌ગુરુ દ્વારા બતાવેલા માર્ગ પર ચાલવું સર્વોત્તમ કાર્ય છે. આ કાર્ય ભવનો અભાવ કરવા માટે અત્યંત કાર્યકારી છે.

અભિમાન છૂટ્યા વિના મતાર્થ છૂટે નહિ. જીવે પોતાના મત અથવા અભિપ્રાયને જ સાચો ન માનવો જોઈએ. કારણ કે અજ્ઞાની માન કષાયના લીધે પોતાની ભૂલ સ્વીકારતો નથી. ક્યારેક માન કષાયના તીવ્ર ઉદયમાં જ્ઞાની સાથે પણ વિવાદ કરવા લાગે છે. **જ્યારે જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે સંઘર્ષ થાય, ત્યારે અજ્ઞાનીની જીત થાય છે કારણ કે સંઘર્ષનું મૂળકારણ તીવ્ર કષાયભાવ છે. જ્ઞાનીમાં**



**અજ્ઞાની જેવો તીવ્ર કષાય નહિ હોવાથી સંઘર્ષ કરતા નથી અને પોતાની હાર સ્વીકારી લે છે. અજ્ઞાની સમક્ષ જ્ઞાનીની હાર એ જ જ્ઞાનીની વાસ્તવિક જીત છે.**

આમ, જે જીવ સદ્‌ગુરુ તરફ લક્ષ્ય કરે છે એટલે ગુરુના વચનોને લક્ષ્યમાં લે છે, તે જીવ સમકિત પામે છે. સમકિતનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા સમજવો. પ્રત્યક્ષ સદ્‌ગુરુ પાસે જઈને જીવ પોતાનો અનુભવ વર્ણવે છે. જો કે આત્માનુભવ વચન અગોચર છે, છતાં એવું પણ વચનમાં આવ્યું, તેથી તેને આહલાદ્ સ્વરૂપ વચન અગોચર આનંદ કહ્યો છે. તેના સમકિતને પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રમાણિત કરે છે.

જીવને સમકિત થતાં જગતનો કોઈ પણ પરપદાર્થ સુખ કે દુઃખનું કારણ લાગતો નથી. **ચતુર્થ ગુણસ્થાનવર્તી જીવને ચારિત્ર સંબંધી અશુદ્ધતા હોવા છતાં પણ, શ્રદ્ધાગુણની પર્યાય પરિપુર્ણ શુદ્ધ હોય છે. શ્રદ્ધાગુણની પર્યાયનું પરિપૂર્ણ શુદ્ધ થવું એટલે મોક્ષમાર્ગ અને આત્મદ્રવ્યની સમસ્ત પર્યાયનું શુદ્ધ થવું એટલે મોક્ષ.**

આમ, પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગમાં સમકિત પામી લેવું જોઈએ. પ્રત્યક્ષ સત્દેવ કે સદ્‌ગુરુના ઉપદેશના નિમિત્તથી, જે સમ્યગ્દર્શન પ્રગટે, તેને અધિગમજ સમ્યગદર્શન કહેવાય તથા જે સમ્યગ્દર્શન પરોક્ષદેવ અથવા ગુરુના નિમિત્તથી થાય તેને નૈસર્ગિક સમ્યગ્દર્શન કહેવાય.

એનો અર્થ એમ છે કે સમ્યગ્દર્શન એ મિથ્યાદૃષ્ટી જીવના ઉપદેશથી તો થતું નથી પરંતુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં મિથ્યાદૃષ્ટીનો

ઉપદેશ નિમિત્ત પણ નથી. તેમ છતાં પણ, આ કાળમાં સદ્ગુરુનો યોગ ન મળે ત્યારે, મિથ્યાદૃષ્ટીનો આગમ પ્રમાણિત ઉપદેશ પણ સાંભળવો જોઈએ.

મિથ્યાદૃષ્ટીનું પ્રવચન કે લખાણ સમ્યક્ત્વની ઉત્પત્તિમાં પ્રત્યક્ષ નિમિત્ત ન થતું હોવા છતાં, ગુરુદેવ પર્યુષણ મહાપર્વમાં અનેક વિદ્વાનોને પ્રવચન આપવા માટે સોનગઢથી બહારગામ મોકલતાં કારણ કે, મિથ્યાદૃષ્ટીના પ્રવચનમાં સાંભળેલી વાણીથી પૂર્વે સાંભળેલી સત્દેવ અથવા સદ્ગુરુની વાણીનું સ્મરણ થાય છે અને સત્દેવ અથવા સદ્ગુરુની તે વાણી જીવને સમ્યગ્દર્શન પ્રગટ થવામાં નિમિત્ત બને છે. આમ પૂર્વ સ્મરણથી જે સમ્યગ્દર્શન થાય તેને નૈસર્ગિક સમ્યગદર્શન કહેવાય છે. એમ ન સમજવું જોઈએ કે નૈસર્ગિક સમ્યગ્દર્શન કરતાં પ્રત્યક્ષ સદ્ગુરુના યોગથી થતું અધિગમજ સમ્યગ્દર્શન વધુ સરળતાથી પ્રાપ્ત થતું હશે. ઉપરોક્ત બંને પ્રકારના સમ્યગ્દર્શનમાં જીવનો પુરુષાર્થ એક સરખો જ હોય છે.

❁

**માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;**
**જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮**

માનકષાય વગેરે વિકાર આત્માના શત્રુ છે. ભગવાન મહાવીરે પણ આંતરિક કષાયભાવોને આત્માના શત્રુ કહ્યાં છે. અજ્ઞાની જીવ માનના નિમિત્તોમાં રાગ કરે છે તથા અપમાનના નિમિત્તોમાં દ્વેષ કરે છે. આમ, રાગ-દ્વેષ આત્માના શત્રુ છે. કારણ કે જ્યાં સુધી



રાગ-દ્વેષ પરિણામ ઉત્પન્ન થાય છે, ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટતું નથી. તેથી જિનેન્દ્ર ભગવાનના લક્ષણોમાં વીતરાગતા પછી સર્વજ્ઞતાને સ્થાન મળ્યું છે. અરિહંત ભગવાનને રાગાદિભાવોનો સર્વથા અભાવ થયો હોવાથી અનંત ચતુષ્ટયરૂપ બિરાજમાન થયા છે. આમ, આત્માનું પરમાત્મા ન થવાનું કારણ માનાદિ કષાયભાવ છે. જો કે અહીં એક માત્ર માનકષાયનો ઉલ્લેખ કર્યો છે પરંતુ 'આદિ' શબ્દનો અર્થ એમ સમજવો કે ક્રોધ, માન, માયા તથા લોભ કષાય તથા હાસ્યાદિ નવ નોકષાય પણ આત્માના શત્રુ છે. અરિહંતનો અર્થ પણ એ જ થાય છે. અરિ એટલે શત્રુ તથા હંત એટલે નષ્ટ કરનાર. આત્મામાં ઉત્પન્ન થતાં ક્રોધાદિ કષાયભાવોનો ક્ષય કરવાથી તેઓ અરિહંત દશાને પ્રાપ્ત થયા છે. **લૌકિકમાં જેને શત્રુ કહેવાય છે, તેને ધર્મમાર્ગમાં શત્રુ કહ્યા જ નથી કારણ કે, લૌકિકમાં આજનો શત્રુ આવતીકાલે મિત્ર પણ બની શકે અને આજનો મિત્ર આવતીકાલે શત્રુ પણ બની શકે. જૈનદર્શનમાં કોઈ વ્યક્તિને શત્રુ કે મિત્ર કહ્યા નથી. એક શત્રુને મારશો તો, બીજા અનેક શત્રુ ઉભા થઈ જશે; તેથી શત્રુનો નહિ પરંતુ શત્રુતાનો નાશ કરવો જોઈએ. શત્રુતાનું બીજુ નામ માનાદિ કષાયભાવ છે.** આ કષાયભાવ પોતાની મેળે અથવા પોતાની રીતે દૂર થતાં નથી. જો જીવ સદ્ગુરુના શરણે જાય તો, તેને માનાદિ કષાય અલ્પ પ્રયાસે દૂર થાય છે. અલ્પ પ્રયાસે દૂર થાય તો, દરેક જીવ સદ્ગુરુ પાસે જઈને અલ્પ પ્રયાસે દૂર કેમ કરતા નથી? તેના જવાબમાં કહે છે કે, લૌકિક વિષયોમાં માન કષાયના પોષણ અર્થે જીવ એવો માનાંધ બની જાય છે કે, તેને સદ્ગુરુ પાસે જઈને કષાયાભાવ દૂર કરવાનો પણ ભાવ આવતો નથી. તથા જ્યારે

જીવ સદ્‌ગુરુ પાસે જાય છે, ત્યારે તેના કષાયભાવ સ્વાભાવિકરૂપે પાતળા હોવાથી તથા તેણે પાત્રતા પ્રગટ કરી હોવાથી 'અલ્પ પ્રયાસે' એ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અનાદિકાળનો સાથી એવો અનંતાનુબંધી કષાયનો અભાવ કરવાવાળા સદ્‌ગુરુના શરણમાં જતાં પોતાનું માન પાતળું પડે છે. સ્વાર્થ સિદ્ધિની ભાવનાથી, અજ્ઞાની કોઈ પણ સ્થાને ઝુકી જશે, પરંતુ જે સદ્‌ગુરુના નિમિત્તથી પોતાના આત્માર્થ સિવાય, કોઈ બાહ્ય સ્વાર્થ સિદ્ધ ન થતો હોવા છતાં પણ, સદ્‌ગુરુના શરણમાં આવવું એ જીવની પાત્રતા છે. સદ્‌ગુરુના શરણમાં બેસી રહેવું અથવા હાથ જોડી લેવા એટલું જ પુરતું નથી. સદ્‌ગુરુનું આચરણ દેખીને, પોતાને સદ્‌ગુરુ સમાન બનાવવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ. આમ કરવાથી નિકટ કાળમાં પોતે પણ સદ્‌ગુરુ થશે એ નિશ્ચિત છે.

❁

**જે સદ્‌ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;**
**ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯**

અજ્ઞાની સ્થૂળમતિ જીવોને આત્મસિદ્ધિ શાસ્ત્રનું આ પદ અત્યંત વિવાદસ્પદ ભાસે છે. જ્ઞાનની પરિપૂર્ણતા અને સમજણના અભાવના કારણે, આ પદથી ઘણા લોકો સંમત થતા નથી. ઘણાં લોકો તો અહીં સુધી કહે છે કે જો આ એક પદ ન હોત તો, આત્મસિદ્ધિ શાસ્ત્રને માનવામાં અમને કોઈ વિવાદ ન થાત. પરંતુ જ્ઞાની તેને કહે છે કે આજે તને એક પદથી વિવાદ થાય છે, કાલે બે પદથી વિવાદ થશે અને એક દિવસ એવો પણ આવશે કે તને આત્મસિદ્ધિ



શાસ્ત્ર સહિત અનેક આચાર્યના ગ્રંથો મુંઝવણ ભર્યા લાગશે. તેથી **અજ્ઞાનીને ન સમજાય એવા વિષયનું પ્રતિપાદન તથા ગ્રંથોનું પ્રકાશન બંધ ન કરાય. સાર એ છે કે સદ્‌ગુરુ વચનનો આશય ગ્રહણ કરવો. કારણ કે, શબ્દને પકડી, ભાવો છોડી દેવાથી, સંસાર પરિભ્રમણ વધે છે.**

આ પદ સહિત આત્મસિદ્ધિ શાસ્ત્ર પર, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ ભરસભામાં અનેકવાર માર્મિક પ્રવચનો પણ આપ્યા છે. આ પદ તો આત્મસિદ્ધિ શાસ્ત્રનું હૃદય છે અને એ હૃદય ખોલનારા પૂજ્ય ગુરુદેવશ્રી હતા. જ્યારે મેં આ પદ સંબંધી અંતર્ભાવ, પૂજ્ય ગુરુદેવના પ્રવચન દ્વારા જાણ્યો, ત્યારે સ્યાદ્વાદ શૈલીનું મહત્વ જણાયું. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે મારી શ્રદ્ધા દૃઢ થવામાં, આ પદનું મહત્વપૂર્ણ યોગદાન છે. આ પદનો અર્થ જાણ્યા બાદ, મેં ગુરુદેવ તથા કૃપાળુદેવના મૂળ મર્મને પણ જાણ્યો. જો કે આગમથી થયેલી જાણકારીને સીમા હોય છે. પરંતુ એટલો વિશ્વાસ છે કે આગમથી થયેલી જાણકારી દ્વારા તત્ત્વના સંસ્કાર સંચિત કરીને નિકટ કાળે અનુભવ પ્રમાણથી જ્ઞાનીના અંતર્ભાવ સુધી પહોંચીશ.

આ પદમાં ગુરુના વિનયનું સ્વરૂપ સમજાવતા કહે છે કે, કોઈ અજ્ઞાની જીવ, પહેલાં મિથ્યાત્વ ગુણસ્થાનમાં હોય અને, આત્મજ્ઞાની એવા ચોથા, પાંચમા કે છઠ્ઠા ગુણસ્થાનવર્તી સદગુરુનો ઉપદેશ ગ્રહણ કરીને, તે ઉપદેશના નિમિત્તથી, પોતે પણ આત્મજ્ઞાન પામીને સદ્‌ગુરુ સમાન ગુણસ્થાનમાં પ્રવેશ કરે, તો પણ સદ્‌ગુરુનો વિનય કરે છે. અજ્ઞાનદશામાં સદ્‌ગુરુનો જે વિનય કર્યો હતો તે તો લૌકિક

વ્યવહાર હતો કારણ કે અજ્ઞાનીને અલૌકિક વ્યવહાર હોતો જ નથી. ખરો વિનય આત્માનુભવી જ્ઞાનીને જ હોય છે. તેથી પણ વિશેષ એમ કહ્યું કે આત્મજ્ઞાનમાં નિમિત્ત બનેલા સદ્ગુરુ તો હજુ છદ્મસ્થ હોય અને જો શિષ્ય સદ્ગુરુના પહેલાં જ કેવળજ્ઞાન પામે, તો કેવળજ્ઞાન પ્રગટ થયા પછી પણ, તે કેવળી ભગવાન પોતાના ભૂતકાળના છદ્મસ્થ દશા સમયના સદ્ગુરુનો વિનય કરે છે. છદ્મસ્થજીવ એટલે કેવળજ્ઞાન રહિત જીવ. જો કે પહેલાં ગુણસ્થાન થી બારમા ગુણસ્થાન સુધી બધા જ જીવો કેવળજ્ઞાન રહિત હોવાથી છદ્મસ્થ કહેવાય છે. કેવળી ભગવાન પોતાના ભૂતકાળમાં રહી ચૂકેલા ગુરુનો વિનય કરે છે.

આ વાક્યો કોઈ આગમ વિરુદ્ધ તો નથી જ. માત્ર તેનો યોગ્ય ભાવ સમજવો જોઈએ. અહીં વિનય શબ્દનો પ્રયોગ ક્યા અર્થમાં થયો છે, એ વાત તો નાનું બાળક પણ સમજી શકે છે કે કેવળજ્ઞાન થયા બાદ કેવળી ભગવાનને વંદ્ય-વંદકભાવ હોતો નથી. તેથી કેવળી ભગવાન કોઈ પણ જીવોને વંદતા કે વંદાવતા નથી. કારણ કે, **વંદ્ય-વંદકભાવ રાગના અસ્તિત્વનું સૂચક છે. કેવળી ભગવાન સંપૂર્ણ રાગાદિભાવોથી રહિત હોવાને લીધે તેમને વંદ્ય-વંદકભાવનું હોવું અસંભવ છે.** તેથી ભૂતકાળમાં રહી ચૂકેલા ગુરુ કે જે વર્તમાનમાં પોતાનાથી નીચલી એવી છદ્મસ્થ ભૂમિકામાં સ્થિત છે **તે સદ્ગુરુનો હાથ જોડવારૂપ વિનય કે પ્રશસ્ત રાગરૂપ વિનય તો કરતા જ નથી કારણ કે, પોતાના ગુરુનો રાગ પણ કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં બાધક છે. તેથી કેવળી ભગવાનને એવો વિનય ન જ હોય.** અહીં આશય એમ સમજવો કે કેવળજ્ઞાનમાં ભૂતકાળમાં રહી ચૂકેલા સદ્ગુરુને



ભૂતકાળમાં પોતાને થયેલા આત્મજ્ઞાનમાં નિમિત્તરૂપે જાણવા એ જ વિનય છે. જ્ઞાન હોવું એ જ વિનય છે. અહીં કોઈ એમ કહે કે, કેવળી ભગવાનને એક માત્ર સદ્ગુરુનું જ જ્ઞાન નહિ પરંતુ આખા જગતનું જ્ઞાન છે, તો એમાં વિશેષ શું જાણ્યું ? કેવળીભગવાનને આખા જગતનું જ્ઞાન હોવા છતાં આખા જગતને ભૂતકાળમાં થયેલાં આત્મજ્ઞાનનું નિમિત્ત કારણ જાણતા નથી. એક માત્ર પોતાના ભૂતકાલીન સદ્ગુરુને આત્મજ્ઞાનનું નિમિત્ત કારણ જાણે છે. તેથી સદ્ગુરુનો વિનય થયો, આખા જગતનો નહિ. નિમિત્તને માત્ર નિમિત્તરૂપે જાણવું એ પણ એક પ્રકારનો વિનય છે.

જેમ કે, લોકવ્યવહારમાં કોઈ વ્યક્તિ પોતાના કરોડપતિ શેઠના નિમિત્તે વેપાર કરીને કરોડપતિ થયો અને એક દિવસ એવો પણ આવ્યો કે પોતાના કરોડપતિ શેઠને પાછળ છોડીને પોતે અબજોપતિ થઈ ગયો ત્યારે તેના શેઠ હજુ કરોડપતિ જ રહી ગયા. અબજોપતિ થયા પછી વારંવાર પોતાના ભૂતકાળના કરોડપતિ શેઠને નમસ્કાર કરવા જરૂરી નથી. માત્ર એટલું જાણે કે હું લખપતિ હતો અને કરોડપતિ શેઠના નિમિત્તથી કરોડપતિ થયો અને કરોડપતિથી પણ આગળ આવવામાં મારા આ શેઠનું માર્ગદર્શન હતું તેમ જાણવું અને જણાવવું, એને પોતાના શેઠનો વિનય કર્યો એમ કહેવાય. કારણ કે આ કાળમાં અબજોપતિ થયા પછી કોઈ વ્યક્તિ, અબજોપતિને પણ ગણકારતો નથી, તો કરોડપતિને ક્યાંથી ગણકારે ? તેથી કહ્યું છે કે અબજોપતિ વ્યક્તિ ભૂતકાલીન કરોડપતિ શેઠને યાદ રાખે, જાણે તથા જણાવે એ જ વિનય છે. પૂજ્ય

ગુરુદેવશ્રીએ આ પ્રકારે **'વિનય'**નું અદ્‌ભુત સ્વરૂપ સમજાવ્યું છે અને સદ્‌ગુરુની અત્યંત ભક્તિભાવપૂર્વક મહિમા વર્ણવી છે.

આ વિનયનું સ્વરૂપ સમજવા માટે વિશેષ નયવિવક્ષા સમજવી પડશે; નહિ તો શાસ્ત્રનો અર્થ ઊંધો ગ્રહણ કરી, જીવ દોષમાં પડશે અથવા તત્ત્વનો અર્થ જ નહિ સમજી શકવાથી ગ્રંથને જ અપ્રમાણ કહેશે અને જ્ઞાનીના તત્ત્વને છોડીને સ્વચ્છંદી થઈ જશે. આ વિષયમાં અન્યમતની માન્યતા અન્ય પ્રકારે પણ છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''આ ગાથામાં વિનયનું પ્રયોજન કઈ અપેક્ષાએ કહ્યું છે તેનો પરમાર્થ કાઢી લેવાનો છે.*

*કેવળી ભગવાન જ્યારે છદ્મસ્થ હતા ત્યારે પોતાના ગુરુનો વિનય કર્યો હતો. તે વિનયની અવસ્થાનું જ્ઞાન કેવળજ્ઞાનમાં વર્તમાન દેખાય છે અને સમવસરણમાં દિવ્યધ્વનિ છૂટે તેમાં પણ તે વિનયની ભાષા આવે છે, અનંત જ્ઞાનમાં જેમ છે તેમ, વિકલ્પ વિના, સહેજે દેખાય છે. તેમાં ઈચ્છા નથી, પણ શ્રી તીર્થંકર પ્રભુની દેશનામાં-દિવ્યધ્વનિમાં તે પૂર્વ અવસ્થા સંબંધી વાણી આવે કે અમે પ્રથમ છદ્મસ્થદશામાં ઉપકારી સદ્‌ગુરુનો વિનય કર્યો હતો અને તેનો મહિમા જણાવે. કેવળજ્ઞાન થયા પછી વંદ્યવંદકભાવ નથી. શ્રીમદ્‌નો આશય શા હેતુથી છે તે વિચારતાં તેનો ન્યાય એમ આવે છે કે, વિનયના બે પ્રકાર છેઃ–*

*(૧) શુભભાવરૂપ વિનય છે તે છઠ્ઠા ગુણસ્થાન સુધી જ વંદ્ય-*



*વંદકભાવ આવે છે.*

*(૨) શુદ્ધભાવરૂપ વિનય છે ત્યાં તો કેવળ નિર્વિકલ્પ વીતરાગ-દશા છે, ત્યાં કોઈને વિનય કરવાનો રહેતો નથી, માત્ર સહજ પુરુષાર્થ પોતાના પૂર્ણ અકષાયભાવમાં અભેદ પરિણમન સહિત પૂર્ણ શુદ્ધતારૂપે ટકી રહે છે. તે અકષાયભાવનો પોતાનો પોતાને વિનય છે. કેવળજ્ઞાન એટલે પૂર્ણ સ્વરૂપસ્થિતિ-પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ દશા. તેમાં વંદ્યવંદકભાવની વ્યવહારકલ્પના કરવી તે અસંગત છે. ''વિનયવંત ભગવાન કહાવે, નાહિં કિસીકો શીષ નમાવે.''*

*ભૂતકાળની અપેક્ષાથી ઉપચારવચને તેમ કહી શકાય. એક આચાર્ય પોતાનો પુરુષાર્થ ઉપાડવા ભક્તિભાવથી કહે છે કે શ્રી કેવળજ્ઞાની ભગવાનને અનંત કરુણા છે. એમ કહ્યું તે ઉપચારવચન છે. તેમ કહેવાનું પ્રયોજન એ છે કે તેમના ભાવવચનના નિમિત્તે ઘણા જીવોને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. વળી બીજી રીતે તેમને અકષાયકરુણા છે. પોતાના ભાવમાં દોષ નથી આવતો તેનું કારણ અનંતી સ્વદયા છે. તે અકષાયકરુણા છે, પરમ વીતરાગતા છે.*

*વળી કોઈ પરમાર્થ ભક્તિવશ પોતાનો પુરુષાર્થ ઉપાડતાં, નૈગમનયની દૃષ્ટિએ ભૂતકાળમાં ભગવાને જે વિનય કર્યો હતો તેનો વર્તમાનમાં આરોપ કરીને કહી શકે અને તે રીતે પોતાનો ભક્તિભાવરૂપ પુરુષાર્થ ઊછાળે.*

*જેમ છે તેમ અપેક્ષા જે નહિ સમજે તે ભૂલ ખાશે.*

*સિદ્ધ ભગવાનમાં પણ નિગોદ અવસ્થા ગૌણપણે છે. એ રીતે ભૂત-પૂર્વની અપેક્ષા પ્રયોજનવશ સમજવી જોઈએ. નિશ્ચયદૃષ્ટિએ*

*"સર્વ જીવ છે સિદ્ધસમ" એમ પોતાના પુરુષાર્થના ઉપાડ માટે સ્વભાવ અપેક્ષાથી કહેવાય. તે જેમ છે તેમ સમજીને વર્તમાન અવસ્થા પ્રગટ પુરુષાર્થપણે લક્ષમાં રાખે તો તેની અપેક્ષા સાચી છે.*

*આ ગાથાનો સિદ્ધાંત લોકોત્તર વિનયમાર્ગમાં અકષાયભાવની દૃષ્ટિવડે નિર્માનપણાનો મહિમા જણાવવાનો છે. તે અપેક્ષાએ આ નિમિત્તનું કથન છે. તેનો પરમાર્થ ઉપર કહ્યો તેમ સમજી લેવો. બીજું કાંઈ ન સમજવું. સમજીને જેમ છે તેમ જાણવાનું છે. બાકી શાસ્ત્રમાં કોઈ વાતનો આશય કઈ અપેક્ષાએ આવે છે તે ન સમજાય તો મધ્યસ્થ રહેવું.*

*જ્ઞાનને પામેલો શિષ્ય સદ્‌ગુરુનો વિનય ન ચૂકે. તેનો આશય એમ છે કે, નિર્વિકલ્પ દશામાં સ્થિત કેવળજ્ઞાનીના જ્ઞાનમાં પૂર્વે છદ્મસ્થદશામાં પોતે જે વિનય કર્યો હતો તે અવસ્થાનું જ્ઞાન પણ ખસે નહિ અને દિવ્યધ્વનિ છૂટે ત્યારે પૂર્વ અવસ્થાની વાત પણ આવે. કોઈ ઈન્દ્ર, ચક્રવર્તી આદિ ભગવાન કેવળજ્ઞાનીને પૂછે તો અમે અમારા ગુરુનો પ્રથમ આમ વિનય-વિવેક કરતા હતા, એમ પણ વાણીયોગમાં આવે. ગયા કાળમાં જે વિનય કર્યો હતો તેનો નિષેધ ન કર્યો તે પણ વિનય છે. જ્ઞાનીને ઓળખી તેનો વિનય ન કરે તો સ્વચ્છંદ ન ટળે.*

*અહીં શ્રીમદ્‌ને જે કહેવું છે તેનો આશય એવો લેવો કે જે જીવોને વિનયનું માહાત્મ્ય ન હોય તેવા જીવોને ઊભા રાખીને પણ કોઈ અપેક્ષાએ વિનયનું માહાત્મ્ય કહ્યું છે.*

*વૈયાવચ્ચનો અર્થ સેવા છે. એનો અર્થ વીતરાગ ભગવાનની પોતાના અકષાય ભાવની સેવા છે. સર્વજ્ઞ ભગવાને પૂર્વે શિષ્ય અવસ્થામાં ગુરુનો વિનય અને વૈયાવચ્ચ કર્યો હોય તે વાતને કોઈ સાધક જીવ ભૂતનૈગમનયે તે ભૂતકાળની અવસ્થાનો વર્તમાનમાં આરોપ કરે તો તે દૃષ્ટિએ તેની વાત સાચી છે, કારણ કે તેને ભક્તિભાવ ઉછાળવો છે એ હેતુ છે.*

*વળી તીર્થંકર ભગવાનના નિમિત્તથી ચાર સંઘની સ્થાપના થઈ તે પણ ઉપચારથી વૈય્યાવચ્ચ છે, કારણ કે તે અસંખ્યાત જીવની સેવા છે, પોતાના પુરુષાર્થને-વીર્યને ઉપાડવા માટે ધર્માત્મા પોતાના વિનયગુણને ઉપાડીને છેલ્લી હદ સુધી આ રીતે પણ ખેંચી જાય છે. એવો સત્‌નો વિનય કરનાર પોતાના ગુણનો આદર કરે છે."*



❁

**એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;**
**મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦**

શ્રી જિનેન્દ્ર ભગવાને વિનય સ્વરૂપ મોક્ષમાર્ગ કહ્યો છે, તે મોક્ષમાર્ગને કોઈ વિરલા જ સમજે છે. વિનયનું સ્વરૂપ સમજવું ખૂબ જ જરૂરી છે, કારણ કે જ્યાં વિનય કરવો યોગ્ય નથી, ત્યાં વિનય કરવાથી જ્ઞાનીનો અવિનય થાય છે; તેથી વિનયના સ્વરૂપનું અહીં સ્પષ્ટીકરણ કર્યું છે.

વિનય એ મોટામાં મોટું પાપ પણ છે, પુણ્ય પણ છે અને ધર્મ પણ છે; તેથી વિનયનું સ્વરૂપ ઝીણવટથી ભેદપૂર્વક સમજવું જોઈએ. મિથ્યાત્વને પાપનો બાપ કહ્યો છે. પાંચ પ્રકારના મિથ્યાત્વમાં કુગુરુ,

કુદેવ તથા કુધર્મનો વિનય કરવાવાળું વૈનયિક મિથ્યાત્વ કહેવાય છે; તેથી તેવા વિનયને પાપરૂપ વિનય કહે છે. વિનય પુણ્ય પણ છે, કારણ કે તીર્થંકર નામકર્મની પ્રકૃતિના બંધના કારણરૂપ, જે ષોડશકારણ ભાવના છે, તેમાં વિનયને સ્થાન મુખ્ય છે; તેથી વિનય એ તીર્થંકર પ્રકૃતિ જેવા ઉચ્ચ પુણ્યબંધનું કારણ હોવાથી વિનય મોટામાં મોટું પુણ્ય પણ છે. એટલું જ નહિ, વિનય એ ધર્મ પણ છે, જે મોક્ષમાર્ગ સ્વરૂપ છે, ચારિત્રમય છે. અંતરંગતપના છ ભેદમાં વિનય બીજા ક્રમે છે. આમ વિનયનામના તપ ધર્મ વિષે, જ્ઞાનીએ અનેક પ્રકારે ગુણગાન ગાયા છે. આમ વિનયનો માર્ગ અટપટો છે. **વિનય કરવો જેટલો જરૂરી છે, એના કરતા એ જાણવું વધુ જરૂરી છે કે કોણે, કોનો, ક્યાં, કેટલો, ક્યારે અને કેવી રીતે વિનય કરવો જોઈએ ?**

વિનયનો સંબંધ આત્મા સાથે હોવાથી, બે હાથ જોડવા માત્રથી વિનય થઈ જતો નથી. આ કાળમાં એમ માનવામાં આવે છે કે તમને કોઈના પ્રત્યે વિનયભાવ હોય અને તેમના વિષે કોઈ વ્યક્તિ કઠોર અથવા અસભ્ય વચન બોલે તો ચુપ ન રહેવું જોઈએ. જ્ઞાનીનો વિનય નિરાળો છે. જ્ઞાની કહે છે કે, કોઈ અજ્ઞાની, જ્ઞાનીનો અનાદર કરે તો પણ, અજ્ઞાની પ્રત્યે દ્વેષ ન કરવો, એટલું જ નહિ મનમાં ગાંઠ પણ ન બાંધવી, તેને ક્ષમા આપવી, એ જ જ્ઞાનીનો યોગ્ય વિનય કર્યો કહેવાય. તીર્થંકરોના તીર્થના મુદ્દે વિવાદ કરનાર લોકો પણ તીર્થંકરનો બતાવેલો વિનય પાળતા નથી, કારણ કે વિવાદથી પોતાને સમેટવો, ભગવાન માટે પણ વિવાદ ન કરવો, એ ખરો વિનય છે. પહેલાં ઘર, ઓફિસ, ધન, દોલત માટે વિવાદ અને ઝઘડા



થતાં હતાં, આજે એવો કાળ આવી ગયો કે લોકોએ તીર્થ અને ભગવાન માટે પણ ઝઘડવાનું ચાલુ કરી દીધું. જો આજે મહાવીર ભગવાન પણ અહીં આવી જાય તો તેમને વિચારવું પડે કે મારે કોને ત્યાં જવું ? અર્થાત્ એટલા ભેદ પડી ગયા કે ન પૂછો વાત ! શુ આનું નામ વિનય છે ? ક્ષમાભાવ પ્રગટ્યા વિના વિનયભાવ પ્રગટતો નથી; એવો વીતરાગી ભગવાનનો બતાવેલો મોક્ષમાર્ગ વિનયમય છે.

જે જીવ પોતે વિનયવાન થયા છે, સત્દેવ-સત્શ્રુત-સદ્‌ગુરુનો વિનય કરે છે, તે જ જીવ વિનયનું પ્રયોજન જાણે છે. હા ! ભાગ્યોદયથી જ્ઞાની થઈ શકાતું નથી અર્થાત્ સૌભાગ્યથી વિનય સમજી શકાતો નથી. વિનયને સમજવા માટે પુરુષાર્થની જરૂર છે. સૌભાગ્ય હોય કે દુર્ભાગ્ય, તે આત્માથી ભિન્ન છે, એમ માનનાર જીવને સૌભાગ્યશાળી કહ્યો છે કારણ કે આત્માને જાણનાર જ્ઞાની જ વિનયના સ્વરૂપને સારી રીતે ઓળખે છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''શ્રી તીર્થંકરાદિ કેવળી ભગવંતોએ દિવ્યધ્વનિમાં એવો લોકોત્તર વિનયમાર્ગ ભાખ્યો છે. એ સન્માર્ગનો આદર-વિનય, સુલભબોધિ આરાધક જીવને હોય છે. તેઓ આ આશય સમજશે. બાકી સ્વચ્છંદીને નહિ બેસે અને અવળો અર્થ ગ્રહણ કરી સ્વચ્છંદનું પોષણ કરશે. જે સાચો મુમુક્ષુ છે, તે શ્રી જિનેશ્વર ભગવંતોનો કહેલો લોકોત્તર વિનયમાર્ગ સમજશે અને આરાધશે, નિયમસારમાં આચાર્ય મહારાજ કેહ છે કે, અહો સત્સમાગમ ! અહો સદ્‌ગુરુનો આશ્રય ! એ*

*ચરણકમળ સેવ્યા વિના આ વસ્તુ સમજાય તેમ નથી. તેમાં પ્રત્યક્ષ સદ્ગુરુના ગુણનું બહુમાન લાવી પૂર્ણ પવિત્ર કેવળજ્ઞાન સ્વરૂપના ગાણાં ગાયા છે. તે સંબંધીમાં કારણપરમાત્મા તથા કાર્યપરમાત્માના સ્વરૂપનું છે કે, સ્વશક્તિ પરમાત્મતત્ત્વ સહજ આનંદમય અનાદિ-અનંત પારિણામિકભાવ છે; તેની પ્રતીતિ શ્રી સદ્ગુરુ આશ્રયથી થઈ છે; માટે નિમિત્ત કારણમાં ગુરુ-ભગવાન કહ્યા. જ્યાં અધૂરી દશા છે ત્યાં આગળ અનંત જ્ઞાનીઓનો આદર થયા વિના ન રહે. પણ જેને પરમાર્થસ્વરૂપનો પ્રેમ નથી તેને સત્ અને સત્‌ના નિર્દોષ નિમિત્તનો આદર નહિ આવે. અનંત કાળમાં સ્વચ્છંદ અને મતાગ્રહથી જ સત્‌ની ઓળખ (પ્રતીતિ) થઈ નથી. માટે સદ્ગુરુનો આશ્રય અને વિનયનું બહુમાન પરમાર્થ પ્રયોજનકારી છે, એમ સમજવું. સુજાતવંત શિષ્ય અકષાયભાવની પૂર્ણ પવિત્રતાનો ઉપાસક છે, માટે જેમને વિષે પ્રગટ પુરુષાર્થ વર્તે છે એવા સદ્ગુરુ અને સાચા દેવ, ગુરુ, ધર્મના સ્થાનભૂત નિમિત્તો, તેમાં પોતાના ભક્તિભાવનો નિક્ષેપ કરીને બહુમાન કર્યા કરે છે. નિર્માનપણે વીર્યને પૂરેપૂરું ઉપાડી શકે એવા નિર્માનપણાનો એ હેતું છે. અકષાયભાવ-પૂર્ણસ્વભાવ છે, તેની પ્રાપ્તિ પોતાના પુરુષાર્થથી થાય છે; તેમાં વચ્ચે શુભ પરિણામના વિકલ્પ સહેજે આવે છે. સાધક ધર્માત્માને આખું જગત ઉપકાર કરવા તેયાર છે, લોકોત્તર માર્ગની કૂંચી સદ્ગુરુઆશ્રયથી સમજાય છે. તેથી કહ્યું છે કે, સુલભબોધિ જીવ હોય તે જ આ લોકોત્તર વિનય, દ્રવ્યે અને ભાવે જેમ છે તેમ સમજીને પોતાનું કાર્ય કરી લેશે.''*



**અસદ્ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;**
**મહામોહનીય કર્મથી, બુડે ભવ જળ માંહી. ૨૧**

જો કોઈ કુગુરુ, પોતાના શિષ્ય પાસે પોતાનો લૌકિક સ્વાર્થ સિદ્ધ કરે તો, તે કુગુરુ મોહનીયકર્મનો બંધ કરી, તે કર્મના ફળમાં અનત સંસારનું પરિભ્રમણ કરે છે. પોતાને આત્મજ્ઞાન નહિ થયું હોવા છતાં, પોતાને ગુરુ મનાવવા અથવા અજ્ઞાનીને ગુરુ માનવા, એ બંનેમાં એક જ સરખો દોષ લાગે છે. કોઈ કહે કે, મને પોતાની સાચી દશાનું જ્ઞાન નથી; તેથી ક્યારેક ભૂલથી પોતાને જ્ઞાની માની લેવાય છે. તેવાં જીવને કહે છે કે, જેને પોતાની દશાનું જ્ઞાન ન હોય તે અજ્ઞાની જ હોય, કારણ કે જ્યાં સુધી પોતાની અસલી દશાનો ભ્રમ રહેતો હોય, ત્યાં સુધી અજ્ઞાનીપણું જ સમજવું, કોઈ કુગુરુ, જો શિષ્યને એમ કહે કે, તમારી પાસે આટલો બધો પરિગ્રહ છે, તે દેખીને મને ખૂબ જ ખેદ થાય છે. ચાલો, થોડો પરિગ્રહ છોડો અને મને આપી દો. ત્યારે અણસમજદાર શિષ્ય, પોતાનો પરિગ્રહ કુગુરુને આપીને ઠગાતો રહેશે. જે સમજદાર શિષ્ય હશે, તે એવા કુગુરુને, ગુરુના રૂપમાં સ્વીકારશે જ નહિ અને ક્યારેય આવા પ્રકારનો પ્રસંગ બને તો કહેશે કે, પોતે વસ્તુ છોડીને પોતાના ગુરુને પરિગ્રહવાળા બનાવવા યોગ્ય ન કહેવાય. તેથી હું આપને કોઈ પણ ભૌતિક સાધન સામગ્રી આપવા માંગતો નથી. આમ કહીને, તે સમજદાર જીવ કુગુરુ પાસે જઈને, પોતાની સંપત્તિને લૂંટાવતો નથી.

જ્યારે કોઈ શિષ્ય વિનયવંત પ્રણામ કરે, ત્યારે તેના વિનયનો દુરૂપયોગ કરીને, કુગુરુ તેના શિષ્ય પાસે કોઈ પણ પ્રકારનું સાંસારિક

પ્રયોજન સિદ્ધ કરાવે છે અને તેના માટે અનેક પ્રકારના પ્રલોભનો આપે છે. જેમ કે કોઈ અસદ્‌ગુરુ એટલે કુગુરુ પોતાના શિષ્યના વ્યવહારિક કાર્યો માટે સહાયક બને, પુત્ર-પુત્રીના લગ્ન કરવા માટે જોડકાઓ શોધી આપે, પોતાના આશીર્વાદથી વેપાર-ધંધો સારો ચાલશે એવા પ્રલોભન આપે; આવા ગુરુ નિયમથી માન અને નામના લોભી હોવાથી સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે.

જિનેન્દ્ર ભગવાન અને શુદ્ધોપયોગી ભાવલિંગી સાધુની એ જ વિશેષતા છે કે, તેઓ પોતાના શિષ્યને આશીર્વાદ પણ આપતા નથી. એ પણ પ્રશ્ન છે કે, તેઓ પોતાના શિષ્યને આશીર્વાદ આપે પણ શા માટે ? આશીર્વાદ આપવાનો ભાવ છોડીને તો ઉચ્ચદશાને પામ્યા છે. જ્યારે કુગુરુને આશીર્વાદ આપવાના ભાવ તીવ્રરૂપે, આ જગતમાં દેખવામાં આવે છે. કયારેક તો એમ જ લાગે છે કે, જાણે તે કુગુરુઓ આશીર્વાદ આપવા માટે અને માન કષાયના પોષણ અર્થે જ સાધુ થયા હશે.

પોતાને જ્યોતિષ વિદ્યાના જાણકાર બતાવીને, મૂઢ શિષ્યને પોતાના તરફ આકર્ષે છે. ધર્મ તો અલૌકિકમાર્ગ છે પરંતુ કુગુરુ પોતાના શિષ્યને લૌકિક સુખ સગવડની લાલચ બતાવીને, શિષ્યની લાલચ વૃત્તિને દૂર કરવાના બદલે તેને વધુ તૃષ્ણા જાગૃત કરાવે છે.

કોઈ શિષ્ય તેમને ગુરુ માનીને સેવા ચાકરી કરે ત્યારે, તે સેવા-ચાકરીને વૈય્યાવચ્ચ કરી; એમ કહીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરે છે. કૃપાળુદેવે, આ કાળમાં પ્રત્યક્ષ સદ્‌ગુરુની ખૂબ જ મહિમા બતાવી છે; તેનું કારણ એ છે કે, આ કાળમાં ગલી-ગલીમાં ગુરુ



બની ગયા છે. આ ગુરુ પોતે અજ્ઞાની હોવા છતાં પોતાને ગુરુ તરીકે માને છે અને શિષ્ય પાસે મનાવે છે. **તેથી સદ્‌ગુરુની શોધનો અર્થ એમ પણ છે કે, કુગુરુમાં ફસાઈ ન જવું કારણ કે કુગુરુને ગુરુ માની લેવાથી ક્યારેય પણ સાચા ગુરુ મળશે નહિ.**

કુગુરુ, મોહના આવેગમાં મોહને વશ થઈને અનંત કર્મ બંધન કરે છે, પોતાને ધર્મી બતાવીને ધર્મના નામે ઢોંગ કરે છે; તેથી તે અનંતકાળ સુધી સંસાર પરિભ્રમણ કરે છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“આત્મસ્વરૂપથી અભાન જીવો છે તે મહામોહી છે. એવા મિથ્યાદૃષ્ટી જીવને મહામોહનીય કર્મ બંધાય છે. મૂળ તો જ્ઞાની સદ્‌ગુરુને બીજાના વિનયની સર્વથા ઈચ્છા જ નથી, પોતાનો વિનય કરાવવા કામી નથી. જેણે આચાર્ય, ઉપાધ્યાય, મુનિપણાનું નામ ધારણ કર્યું છે તે, જો જગત પાસેથી માન લેવાની કામના કરે, પોતાને યથાર્થ અનુભવ છતાં સદ્‌ગુરુપણું પોતામાં છે એમ સ્થાપન કરે, શિષ્ય આદિ પાસે વિનય કરાવે, અંતરંગમાં માનાદિની મીઠાશ વેદે, તેને માથે ૭૦ કોડાકોડી સાગરની સ્થિતિનું મોહનીયકર્મ બાંધી નિગોદમાં અનંતકાળ રખડવાની જવાબદારી છે. જે શિષ્યો તત્ત્વ સમજ્યા વિના કુગુરુઓનો જ્યાં-ત્યાં વિનય કરે, નમન કરતા ફરે, તે પણ મહામોહનીય કર્મ બાંધે. ઘણા કહે છે કે, તે ભગવાનના ભક્ત છે, સાધુનું ચારિત્ર પાળે છે, આત્માર્થે આકરાં વ્રત-તપ પાળે છે; માટે અમે તેના બાનાને (વેશને) નમસ્કાર કરીએ છીએ, એ*

*ધર્મની શોભા છે. તેનાથી ધર્મતીર્થ નભી રહે છે; પણ અજ્ઞાન જેવું મહાપાપ કોઈ નથી. અજ્ઞાનપણું-અજાણપણું તે બચાવ નથી. વળી પક્ષી પણ રાત્રિભોજન નથી કરતા, ઢોરને કોઈ પરિગ્રહ દેખાતો નથી, વનસ્પતિમાં પણ શક્તિરૂપે સિદ્ધ જેવો આત્મા છે, તે પણ કોઈ જીવની હિંસા કરતાં નથી માટે તેમને વંદન કરવાથી ધર્મલાભ થવો જોઈએ, પણ એમ તો થતું નથી. બાહ્ય ચારિત્રનો વેશ દેખીને નમસ્કાર કરવો તે અજ્ઞાનને પુષ્ટિ આપવા જેવું છે. આ સમજવું કઠણ પડે તેમ છે. માટે કહીએ છીએ કે પ્રથમ આત્મસ્વરૂપ શું છે તેનો વિરોધ ટાળીને જાણો. ઘણાં બધા વેશધારી માને છે કે અમે ત્યાગી છીએ, આમ ક્રિયા કરીએ છીએ, નિર્વદ્ય વસ્તુ લઈએ છીએ, પરિગ્રહના ત્યાગી છીએ, પણ આત્મા શું કરે અને શું ન કરે તેની કાંઈ ખબર ન પડે. તેને વંદનીય કેમ કહેવાય? પ્રશ્ન છે કે અમે ગૃહસ્થ છીએ એના કરતાં એ દ્રવ્યચારિત્રી આ દ્રવ્યસાધુ સારા ખરા કે? તેમને વંદન થાય કે? તો તેનો જવાબ છે કે તેના કરતાં સુદૃષ્ટિવાન ગૃહસ્થ અનંતગણા સારા છે. બગડેલું દૂધ છાશમાંથી જાય એમ દ્રવ્યલિંગી સાધુ ભલે ઉત્કૃષ્ટ ત્યાગ-વૈરાગ્યવાન દેખાતા હોય, ભલે બહારમાં જૈન મુનિ નામધારી હોય છતાં તે બગડેલા દૂધ જેવા છે; પણ ધર્માત્મા ગૃહસ્થ હોય તે તેના કરતાં અનંતગણો સારો છે. માટે તત્ત્વનો અભ્યાસ કરો તો જેમ છે તેમ સમજાશે.* ***ખોટાનો આદર થતાં સત્‌નો અનાદર થાય છે, માટે વિનય કરનારની પણ જવાબદારી છે.''***

❀



**હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;**
**હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨**

જ્ઞાનીના વચનને મુમુક્ષુ જીવ સમજી શકે છે. જ્ઞાનીએ જે આશયથી તત્ત્વોપદેશ આપ્યો હોય, તે આશયને ગ્રહણ કરનાર મુમુક્ષુ હોય છે. મોક્ષની ઈચ્છાવાળા આત્માને મુમુક્ષુ કહેવાય છે. સંસારથી થાકેલો જીવ મુમુક્ષુ છે, કારણ કે મોક્ષની ઈચ્છા તેને થાય છે, જેને સંસાર પરિભ્રમણનો થાક લાગ્યો હોય.

'મુમુક્ષુ ભાઈઓ તથાા બહેનો' એવા શબ્દો અવાર-નવાર વાંચવામાં તથા સાંભળવામાં આવતા હોય છે. જો કે મોક્ષ તો માત્ર ભાઈઓ (પુરુષો)ને જ થાય છે, બહેનો (સ્ત્રીઓ)ને નહિ. સ્ત્રીને મોક્ષ થતો નથી પરંતુ મોક્ષની ઈચ્છા તો અવશ્ય થાય છે; તેથી સ્ત્રીઓને પણ મુમુક્ષુ કહેવામાં આવે છે. અજ્ઞાનીને મોક્ષની ઈચ્છા થવી એ પણ બહુ મોટી વાત છે, કારણ કે આજે મોક્ષની ઈચ્છા થશે તો કાલે મોક્ષનો પુરુષાર્થ થશે અને નિકટકાળમાં મોક્ષ પણ થશે. તેથી મુમુક્ષુજીવ સદ્‌ગુરુના આશયને સમજી શકે છે. અસદ્‌ગુરુનું જ્ઞાન કરાવીને અસદ્‌ગુરુમાં દ્વેષભાવ ઉત્પન્ન કરાવવાના લક્ષ્યે, અહિં અસદ્‌ગુરુનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી પરંતુ અસદ્‌ગુરુથી બચીને, સદ્‌ગુરુને શોધીને, વીતરાગભાવ સુધી પહોંચવાના અભિપ્રાયે અસદ્‌ગુરુનું વર્ણન કરવામાં આવ્યું છે.

જે જીવ મતાર્થી હોય, તેને અર્થનો અનર્થ કરતા વાર લાગતી નથી. જ્યાં ધર્મસભામાં કોઈ સામાન્ય વિષય પર ચર્ચા ચાલતી હોય,

તો તે વિષયને પોતાના પર લઈ લે છે અને એવો જ વિચાર કરે છે કે, આ વાત મને જ અનુલક્ષીને બોલવામાં આવી રહી છે.

જ્યારે એમ કહેવામાં આવે કે, કુગુરુની સંગતિ ન કરવી કારણ કે કુગુરુની એક પળની સંગતિ પણ જન્મ મરણના ફેરા ફરાવવામાં નિમિત્ત બની શકે છે; તેનો અનર્થ કરીને મતાર્થી કોઈનો પણ સંગ ઈચ્છતો નથી. પોતાની ભૂમિકાનુસાર વર્તતો નથી. કુગુરુને છોડવાનો ઉપદેશ આપ્યો પણ મતાર્થી સદ્ગુરુને છોડવાનો નિર્ણય પહેલાં લઈ લે છે. શાસ્ત્રમાં શરીરાદિ ક્રિયાને ધર્મ કહ્યો નથી, તે વાંચી ગમે તેવા અભક્ષ્ય પદાર્થોનું પણ સેવન કરે છે અને કહે છે; શરીરની ક્રિયા ધર્મ ન હોય તો આજથી હું શરીરની દરેક શુભ ક્રિયા બંધ કરી દઈશ. એમ કહીને સ્વચ્છંદી થઈ જાય છે. ગુરુના ઉપદેશથી આત્મજ્ઞાન થતું નથી; તેમ બોલીને સદ્ગુરુ પાસેથી આત્માનુભવ સંબંધી માર્ગદર્શન લેતો નથી અને પોતાની જાતે આંખ બંધ કરીને આત્માનું ધ્યાન લગાવે છે. સદ્ગુરુના ઉપદેશ વિના તે અજ્ઞાની અજવાળા કે અંધારા દેખે છે અને મતાર્થમાં જ અટકી જાય છે. સદ્ગુરુના વચનમાં અનેક પ્રકારની અટકળો લગાવે છે. મતાર્થી જીવની દશા અત્યંત દયનીય છે. જ્ઞાની તેને કરુણા પાત્ર કહે છે કારણ કે, આટલી ઉત્કૃષ્ટ અનુકૂળતાઓ મેળવીને પણ આત્માને ન મેળવ્યો, તેથી જ્ઞાનીને તેના પ્રત્યે કરુણા ઉપજે છે.

મતાર્થીને તેના દોષો દૂર કરાવવા અર્થે મતાર્થીના લક્ષણોનું વર્ણન આગળ કરે છે.

❀



**હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;**
**તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩**

મતાર્થી જીવને આત્મા તરફ દૃષ્ટિ ન થવાથી, આત્માનું લક્ષ થતું નથી તથા આત્માનો અનુભવ પણ થતો નથી. આત્માનો અનુભવ કરવાની શક્તિ તો દરેક સંજ્ઞી પંચેન્દ્રિય ભવ્ય જીવમાં હોય છે તો પણ, કોઈક જ જીવ પુરુષાર્થના બળે આત્માને અનુભવે છે. આત્માનો વિચાર કર્યા વિના આત્માનો અનુભવ થતો નથી. સર્વપ્રથમ મતિ-શ્રુતજ્ઞાન વડે આત્માનો બુદ્ધિગમ્ય નિર્ણય થાય છે. ત્યારબાદ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય છે. અજ્ઞાની જીવને પરદ્રવ્યની રુચિ તથા પરમાં એકત્વભાવ હોવાથી, તેને આત્મા લક્ષમાં આવતો નથી. પરદ્રવ્યની રુચિમાં પણ અજ્ઞાનીને મુખ્યરૂપે પુદ્ગલની રુચિ છે તથા તેમાં પણ પુદ્ગલની પર્યાયમાં રુચિ છે. **મોટાભાગે જીવને થતા રાગ-દ્વેષમાં પુદ્ગલ પર્યાય નિમિત્ત બને છે. તેથી સદ્ગુરુએ પુદ્ગલની પર્યાયમાં સુખ નથી તેનું વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે.** જેમ કે કોઈને ગોળ નામના પુદ્ગલમાં કોઈ રુચિ નથી, કારણ કે જ્યારે ગોળનું મિઠાશની પર્યાયથી ખટાશની પર્યાયરૂપે પરિણમન થાય છે, ત્યારે તેને ગોળની કોઈ રુચિ રહેતી નથી. જે રુચિકર હતો તે જ ગોળને ફેંકી દેવામાં આવે છે. કહેવાનો આશય એ છે કે તે વ્યક્તિને મિઠાશવાળા ગોળની રુચિ હતી, પર્યાયની રુચિ હતી. તે પર્યાય ન રહેવાથી તે જ ગોળ રાગનું કારણ બનતો નથી. આમ પુદ્ગલની પર્યાયમાં એકત્વ કરીને જોડાયેલો દરેક અજ્ઞાની મતાર્થીજીવ આત્મા તરફ દૃષ્ટિ કરતો નથી, આત્માને લક્ષમાં લેતો નથી. **જીવને આત્મા**

**તરફનો ઉપદેશ આપ્યા પહેલાં પુદ્‌ગલની પર્યાયમાં સુખ નથી એ વાતનો ઉપદેશ આપવો જોઈએ, કારણ કે જ્યાં સુધી પુદ્‌ગલ પર્યાયમાં સુખબુદ્ધિ હશે ત્યાં સુધી કોઈ જીવ નિજસ્વભાવ તરફ દૃષ્ટિ શા માટે કરે ? અર્થાત્ નહિ જ કરે.**

કોઈપણ વ્યક્તિ વિશેષના દોષોને નજરમાં રાખીને આપવામાં આવેલો ઉપદેશ, દરેક જીવનું હિત કરવામાં સમર્થ નથી. તેથી અહીં મતાર્થીના લક્ષણોને નિર્પક્ષભાવે બતાવવામાં આવ્યા છે. કોઈ પણ પ્રકારનો પક્ષપાત રાખ્યા વિના, એ જ વ્યક્તિ ઉપદેશ આપી શકે, જેને કોઈ પણ જીવોથી પોતાનું હિત કે અહિત થવાની અપેક્ષા ન હોય. જ્યાં સુધી પોતાનામાં નિર્લોભીપણું જાગૃત ન થાય, ત્યાં સુધી સાચો ઉપદેશ આપી શકાતો નથી. નિર્પક્ષ વક્તાનું સ્વરૂપ બતાવતાં પંડિત ટોડરમલજી મોક્ષમાર્ગ પ્રકાશકના પહેલા અધિકારમાં કહે છે કે, ''વક્તા જો આશાવાન હોય તો યથાર્થ ઉપદેશ આપી શકે નહિ, તેને તો કંઈક શ્રોતાના અભિપ્રાયાનુસાર વ્યાખ્યાન કરી પોતાનું પ્રયોજન સાધવાનો જ અભિપ્રાય રહે.''

કૃપાળુદેવે નિર્પક્ષભાવે મતાર્થીના લક્ષણો બતાવ્યા છે એનો અર્થ એમ થયો કે અહીં બતાવેલાં મતાર્થીના લક્ષણો, કોઈ વ્યક્તિને લક્ષ્યમાં રાખીને કહેવામાં આવ્યા નથી અને પોતાને કોઈ પણ જીવ પ્રત્યે કોઈ સ્વાર્થભાવના નથી. જ્યારે અજ્ઞાનીની ભાવના સ્વાર્થી હોય છે.

જ્ઞાની તો માત્ર જ્ઞાની છે, તો તે અજ્ઞાનીના લક્ષણોને કેવી રીતે જાણે ? તેનો ઉત્તર એ છે કે, પોતે જ્ઞાની થયા પહેલાં તો અજ્ઞાની જ



હતાં. તેથી અજ્ઞાનીના લક્ષણોથી અપરિચિત તો નથી જ. લૌકિકમાં પણ જે ઝવેરી સાચાં હીરાને પારખી શકતો હોય, તે ખોટા હીરાને પણ સારી રીતે પારખી શકે છે; તેથી કહેવાય છે કે જ્ઞાનીમાં જ એવી કળા હોય છે કે તે બીજા જ્ઞાની અને અજ્ઞાનીને લક્ષણોના માધ્યમથી ઓળખી શકે છે. પરંતુ મતાર્થી પોતાને કે જ્ઞાનીને, એમ બંનેમાંથી કોઈને પણ ઓળખી શકતો નથી. આમ, મતાર્થીના બીજા પણ અનેક લક્ષણો આગળ બતાવશે.

❀

**બાહ્ય ત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય;**
**અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪**

જિનાગમમાં નિશ્ચય અને વ્યવહારની અદ્‌ભુત સંધિ છે. અપરિગ્રહીપણાનેગુરુએ સદ્‌ગુરુનું સાચું લક્ષણ કહ્યું છે. પરિગ્રહનો સંબંધ માત્ર બાહ્ય પરિગ્રહ સાથે નથી પણ તેમાં અંતરંગ પરિગ્રહનો પ્રથમ સમાવેશ થયેલો છે. ચૌદ પ્રકારના અંતરંગ અને દશ પ્રકારના બહિરંગ પરિગ્રહ હોય છે. જે પરિગ્રહનો સંબંધ આત્મા સાથે છે તેવા વિભાવને અંતરંગ પરિગ્રહ તથા જેનો સંબંધ શરીર સાથે છે, તેવા પદાર્થને બહિરંગ પરિગ્રહ કહે છે. આમ, પરિગ્રહના કુલ ચોવીશ ભેદ છે. તે ચોવીશ પરિગ્રહમાં પહેલો પરિગ્રહ મિથ્યાત્વ છે અને ચોવીશમો પરિગ્રહ વસ્ત્ર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી શ્વેતાંબર કે પીતાંબરના વિરોધી ન હતા. જો શ્વેતાંબરના વિરોધી હોત તો ચોવીશ વર્ષ પછી શા માટે આજીવન

શ્વેત એટલે કે સફેદ વસ્ત્ર જ પહેરે ? માત્ર વસ્ત્ર જ નહિ, તેઓ તો ચપ્પલ પણ સફેદ પહેરતા હતા. તેમનો કહેવાનો આશય માત્ર એટલો જ હતો કે વસ્ત્ર સહિત સાધુપણું હોતું નથી. શરીર પર એક દોરા માત્રનો પરિગ્રહ પણ જો હોય તો તે સાધુ કહેવાય નહિ. એનો અર્થ એમ નથી કે દરેક નગ્ન દેહી નિયમથી સાધુ હોય. તેથી કૃપાળુદેવ કહે છે કે, જે બાહ્યમાં તો ઘર, પુત્ર, પત્ની, પરિવારને છોડીને એકલાં રહેતાં હોય પણ આત્મજ્ઞાની ન હોય, તે છતાં કોઈ તેને ગુરુ માની લે તો, તે જીવને ગૃહિત મિથ્યાત્વનો દોષ લાગે છે. જે જીવને ગુરુની ઓળખ થઈ નથી, તે જીવને આત્માની ઓળખ પણ થઈ શકે નહિ કારણ કે, ગૃહિત મિથ્યાત્વ છૂટયા વિના, અગૃહિત મિથ્યાત્વનો ક્ષય અસંભવ છે.

અહીં જો કોઈ એમ કહે કે, જેમને બાહ્યમાં ત્યાગ કરેલો છે પરંતુ આત્મજ્ઞાન ન હોય તો પણ, આપણા કરતાં તો ઊંચા છે, તેથી તેમનો આદર નહિ કરવો ? તેને કહે છે કે, ભાઈ ! આદર સત્કારની વાત જ નથી. અહીં ગુરુની ચર્ચા ચાલી રહી છે. તેથી એ વાત ભૂલવી ન જોઈએ કે ગમે તેટલા બાહ્યત્યાગી હોય ને આત્મજ્ઞાન ન હોય તો તે સદ્‌ગુરુ કહેવાય નહિ. બાહ્યત્યાગી મિથ્યાદૃષ્ટીની ભક્તિ કરવાથી સદ્‌ગુરુનું અપમાન કરવાનો દોષ લાગે છે કારણ કે તેણે મિથ્યાદૃષ્ટી અને સદ્‌ગુરુ સાથે એક સરખો વ્યવહાર કર્યો. ઘર છોડીને, કપડાં છોડીને જંગલમાં જવાથી, નગ્નતા ધારણ કરવા માત્રથી કોઈ પરિવર્તન આવી જતું નથી. કારણ કે તે દીક્ષા લીધાં પહેલાં પોતાને ગૃહસ્થ માનતો હતો અને હવે પોતાને સાધુ માને



છે પણ, જ્યાં સુધી પોતાને આત્મા નહિ માને ત્યાં સુધી તે અજ્ઞાની જ છે. ગૃહસ્થ દશામાં પોતાને વેપાર, દુકાન, ઘર વગેરેનો કર્તા માનતો હતો અને હવે પોતાને પ્રવચન વગેરે ઉપદેશક્રિયાનો અને ઉપવાસ વગેરે વ્રતોનો કર્તા માને છે. પરંતુ હું અકર્તૃત્વ સ્વભાવી છું એવો તે અનુભવ કરતો નથી. આમ બાહ્ય ત્યાગ હોવા છતાં પણ આત્મજ્ઞાન નહિ હોવાથી અજ્ઞાની જ રહે છે. મતાર્થી જીવ પરંપરાથી ચાલતા આવતા ગુરુને જ સાચા ગુરુ તરીકે માને છે. પોતાનાં માતા-પિતા આત્મજ્ઞાની તો ન હતાં, તેથી ગુરુને ઓળખવામાં તેમની ભૂલ થઈ હોય એમ બની શકે. તેમ નહીં વિચારી સાચા ગુરુની શોધ કરતો નથી અને કુળપરંપરાથી મનાતા ગુરુને સાચા માનીને તેમાં સમર્પિત થઈ જાય છે જેના કારણે તે સાચા ગુરુને પામતો નથી.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*‘‘જેને સાચું જ્ઞાન નથી પણ જેનો બાહ્યત્યાગ-વૈરાગ્ય દેખાય તેવાને લોકો સાચા ગુરુ માને છે; કારણ કે જગતના લોકો બાહ્યદૃષ્ટિથી જોનાર છે. કોઈને ખૂબ આકરી કષ્ટક્રિયા દેખાય તો કહે અહો ! તપ કેટલા કરે છે ! વસ્ત્ર ઓછાં વાપરે છે ! વળી કોઈ પાશેર શીંગથી નભાવે તો તેનો મહિમા લાવી ગાણાં ગાય. વળી કોઈ નગ્ન હોય, કોઈ તપેલા પતરાં ઉપર ત્રણ કલાક તપતો હોય કે બ્રહ્મચર્ય જેવું કોઈને દેખાતું હોય તેને દેખીને વાહ ! વાહ ! કરી બેસે, અને વિનય કર્યા કરે કે અહો ! તમે ભારે ત્યાગી છો. જગતમાં*

*ધર્મને બહાને અન્યથા વર્તનારા બે વર્ગ મુખ્ય છે–કોઈ શરીરબળવાળા હોય તે ક્રિયાકાંડ કાયકલેશમાં પ્રવર્તે છે અને જે શરીરબળમાં મંદ હોય પણ બુદ્ધિબળ વિશેષ હોય છે તેને ચારિત્ર ઉપર એટલે કષાય ટાળવા તરફ લક્ષ હોતું નથી, પણ શુષ્કજ્ઞાનીપણું હોય છે. તે* ***બુદ્ધિવાળા ક્રિયાકાંડવાળાને નિષેધે છે અને ક્રિયાકાંડવાળા શુષ્ક-જ્ઞાનીને નિષેધ છે. એમ બેઉ સમજ્યા વિના-આત્માના ભાન વિના એકબીજાને નિષેધે છે.''***

❁

**જે જિનદેહપ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;**
**વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજબુદ્ધિ. ૨૫**

જે જીવને આત્મા અને શરીરનું અનુભવપૂર્વક ભેદજ્ઞાનની વાત તો બહુ દૂર નથી પણ આત્મા અને શરીરના ભેદની જાણકારી પણ નથી, તે જિનેન્દ્ર ભગવાનના શરીરને જ ભગવાનનું સ્વરૂપ સમજે છે અને આત્મામાં પ્રગટ થયેલી પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા તરફ દૃષ્ટિ કરતો નથી, તેથી તે મિથ્યાદૃષ્ટી જ છે.

ણમોકાર મહામંત્રમાં પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે. પરમેષ્ઠી પદ, એ આત્માની શુદ્ધ અવસ્થા છે. જિનેન્દ્ર ભગવાનને જે શરીર પ્રાપ્ત થયું છે, તે શરીરના સંયોગમાં ભગવાનનો પુરુષાર્થ કોઈ પણ રીતે કાર્યકારી નથી. અનુકૂળ કે પ્રતિકૂળ શરીરનું મળવું તો કર્મના ઉદય અનુસાર હોય છે અને વીતરાગતા પુરુષાર્થના બળથી પ્રગટ થાય છે. આમ વીતરાગભાવથી જિનેન્દ્ર ભગવાન ઊચ્ચ



દશાને પ્રાપ્ત થયા છે. શરીર વગેરે બાહ્ય સાધનોને અને વીતરાગ ભાવને કોઈ સંબંધ નથી.

આપ્તમીમાંસામાં આચાર્ય સમંતભદ્રદેવ લખે છે કે, હે નાથ! આપ બાહ્ય વૈભવને લીધે મહાન નથી કારણ કે દેવોનું આગમન તથા ચામરાદિ બાહ્ય વૈભવ તો રાગીઓને પણ હોય છે. હું તો આપને પ્રગટ થયેલી વીતરાગતાના કારણે નમસ્કાર કરું છું ! ભાવ એ છે કે, જિનદેહના કારણે જિનદેવ મહાન નથી. જિનદેહ તો જિનદેવની કમજોરી છે કારણ કે તેના સદ્ભાવમાં સંસાર છે. જો દેહ જ ઉત્તમ હોય તો સર્વોત્તમ સિદ્ધદશામાં પણ દેહ હોવો જોઈએ. તેથી સમજવું કે આત્માથી મહાન આ જગતમાં બીજું કંઈ નથી.

ભક્તામર સ્તોત્રના બારમા શ્લોકમાં કહ્યું છે કે, આ લોકમાં જેટલા શાંત પરમાણું હતાં, તે બધા પરમાણુંથી આપના શરીરની રચના થઈ છે. હવે એવો કોઈ શાંત પરમાણું આ જગતમાં બાકી રહ્યો નથી, જેના પરમાણું આપના શરીરના પરમાણું સમાન શાંત હોય. જો એમ હોય તો કોઈ બીજા જીવનો દેહ પણ આપના સમાન શાંત થઈ જશે. આ કથનમાં ભગવાનના શરીરના વખાણ કર્યા છે તે વ્યવહાર માત્ર છે. જો ભગવાનના દેહના પરમાણું ખરેખર શાંત હોય તો અજ્ઞાનીના આત્માએ પણ તે પરમાણુંને શરીરરૂપે ભૂતકાળમાં ગ્રહણ કર્યા હતાં કારણ કે આત્માએ આ જગતના કોઈ પરમાણુંને શરીરરૂપે ગ્રહણ ન કર્યો હોય એવું બન્યું નથી. તેથી જ્યારે ભૂતકાળમાં અજ્ઞાનીએ ભગવાનના શરીરના પરમાણુંને ગ્રહણ કર્યા ત્યારે અજ્ઞાનીના શરીરને પણ શાંત શરીર કહેવું જોઈતું હતું, પણ એમ ન

કહ્યું કારણ કે કોઈ શરીર શાંત હોતું નથી. **શાંતસ્વભાવી આત્મા જ્યારે પર્યાયમાં પણ શાંત થાય છે એટલે કે પૂર્ણ વીતરાગી અને સર્વજ્ઞ થાય છે, ત્યારે તેના શરીરને પણ વ્યવહારથી શાંત કહેવાય છે.** જેવી રીતે ધનવાન પુરુષ જે કપડાં પહેરે તેને કિંમતી જ કહેવાય છે, ભલે ફાટેલાં કપડાં પહેરે તો પણ તેને ફેશન જ કહેવાય છે, તેવી રીતે વીતરાગી દેવના સંયોગમાં જે પણ પરમાણું આવે છે, તે શાંત પરમાણું પણ શાંત કહેવાય છે.

એટલું જ નહિ, સમવસરણ વગેરે સંયોગ પણ પુણ્યના પ્રતાપે હોય છે. પુણ્યોદય પૂરો થઈ જતા સમવસરણ વિખરી જાય છે. જેવી રીતે અજ્ઞાનીનો પુણ્યોદય ખાલી થઈ જતાં મહેલ છૂટી જાય છે, તેમ તીર્થંકર પ્રભુને પુણ્યોદય સમાપ્ત થઈ જતાં જિનદેહ અને સમવસરણ વગેરે સાધનો છૂટી જાય છે તેથી જિનદેહ કે સમવસરણ ભગવાનની મહાનતાનું કારણ નથી. હા, એ જરૂર છે કે તીર્થંકરના બાહ્ય ઐશ્વર્યને કારણે જીવો આકર્ષાય ને એમના નિમિત્તને પામી તત્સમયની યોગ્યતાએ સમકિત, વિરતિ આદિ પામે છે.

આમ, બહીરાત્મા જિનદેવના સંયોગોને જ દેખીને તેનાથી જ પ્રભાવિત થઈ જાય છે તેથી સત્ય સ્વરૂપને નહિ સમજતો થકો મિથ્યાદ્રષ્ટી જ રહે છે. બાકી પ્રભાવથી પ્રભાવિત જીવ, જિનદેવના ઉપનિષદને પામીને પ્રભાવના મૂળ સ્વભાવને સમજે છે તેથી તે પોતે પણ સ્વભાવમાં આવે છે.

❁



**પ્રત્યક્ષ સદ્ગુરુયોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;**
**અસદ્ગુરુને દ્રઢ કરે, નિજ માનાર્થે મુખ્ય. ૨૬**

પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ મળવા છતાં પણ, સદ્ગુરુ પ્રત્યે રુચિનો અભાવ હોવાથી, પ્રત્યક્ષ સદ્ગુરુ તરફ દૃષ્ટિ કરી નહિ. જીવનો એવો સ્વભાવ છે કે, જે વિષયની જીવને રુચિ હોય, તે દૃષ્ટિમાં આવ્યા વિના રહે નહિ. આ જીવે અનાદિકાળથી આજ સુધી શુદ્ધાત્મા તરફ દૃષ્ટિ કરી નહિ, તેનું મૂળ કારણ આત્માની અરુચિ છે. રુચિનો અર્થ પ્રિય અને અરુચિનો અર્થ અપ્રિય, એમ ન લેવો. ખરેખર કોઈપણ પદાર્થમાં રાગ કે દ્વેષ થવો તે પદાર્થની રુચિનું સૂચક છે. જ્યારે કોઈ પણ પદાર્થમાં રાગ કે દ્વેષ ન થાય ત્યારે તે પદાર્થની અરુચિ થઈ એમ કહેવાય. અજ્ઞાનીને આત્માના ગુણગાન સાંભળીને પણ તેના પ્રત્યે રાગ કે દ્વેષ થતો નથી. લૌકિકભાષામાં એમ કહેવાય કે, જેને આત્માના હોવા કે નહિ હોવાના કારણે કોઈ ફરક પડતો નથી તેને આત્માની અરુચિ છે અને જેને જગતના પરદ્રવ્ય તથા તેના પર્યાયથી ફરક પડે છે તેને જગતના વિષયોની રુચિ છે. જ્યારે જગતના પ્રત્યેક પદાર્થ સંબંધી રાગ-દ્વેષ ટળે ત્યારે જ એમ કહેવાય કે તેને જગતની અરુચિ થઈ. વ્યવહારમાં કોઈ વ્યક્તિ આપણી સાથે વાત કરવા ઈચ્છે અને આપણે તે વાત સાથે કોઈ લેવા દેવા ન હોય તો, એમ કહીએ છીએ કે મને તે વાતમાં કોઈ રસ નથી, કોઈ રુચિ નથી. આમ, આ જીવે સદ્ગુરુની અરુચિના લીધે પ્રત્યક્ષ મળેલા સદ્ગુરુ તરફ દૃષ્ટિ કરી નહિ.

મતાર્થીજીવ માનકષાયના કારણે અસદ્ગુરુમાં અટકી જાય છે

તથા તેને જ સદ્‌ગુરુ માનીને, કુગુરુને આધીન થઈ જાય છે. સદ્‌ગુરુની દૃષ્ટિમાં કોઈપણ જીવ નાનો-મોટો નહિ હોવાથી, તેમની દૃષ્ટિમાં ધનવાન કે ગરીબનો ભેદ ન હોય, તે સ્વાભાવિક જ છે. **સદ્‌ગુરુ તેને કહેવાય કે, જે પોતાનું હિત છોડી બીજાનું હિત કરવા ન જાય.** સદ્‌ગુરુ પોતાની નિર્વિકલ્પદશા છોડીને કરોડપતિ આવે તો પણ આશીર્વાદ આપતા નથી, માંગલિક સંભળાવતા નથી. કરોડપતિ તો શું ? છ ખંડનો ધણી ચક્રવર્તી પણ જો સદ્‌ગુરુના ચરણોમાં મસ્તક ઝુકાવે તો પણ તેમને 'તથાસ્તુ' કહેવાનો વિકલ્પ ઉઠતો નથી કારણ કે, સદ્‌ગુરુ કોઈને સંયોગોને લીધે વધુ અને કોઈને ઓછું માન આપતા નથી. તેમની દૃષ્ટિમાં તો દરેક જીવ શુદ્ધાત્મા છે.

કોઈ ચાર પુરુષમાં ત્રણ પુરુષ જ્ઞાની હોય અને એક પુરુષ અજ્ઞાની હોય તો, માની મતાર્થી અજ્ઞાનીનો સંગ કરે છે કારણ કે, જ્યારે પહેલા ત્રણ પુરુષને એક પછી એક નમસ્કાર કર્યા, પણ તેઓ જ્ઞાની હોવાથી પોતાનામાં લીન હોવાથી, તેમણે આ જીવ તરફ દૃષ્ટિ પણ ન કરી. તેથી અભિમાની મતાર્થીએ એવી ધારણા બાંધી કે, આ પ્રથમ ત્રણમાંથી કોઈ જ્ઞાની નથી કારણ કે તેઓ શિષ્યનું ધ્યાન પણ રાખતા નથી, આશીર્વાદ પણ આપતા નથી. પરંતુ જ્યારે ચોથા ક્રમે બેઠેલા પુરુષને નમસ્કાર કર્યા, તો તેમણે તે મતાર્થીની આગતા-સ્વાગતા કરી, ખબર અંતર પૂછ્યા, થોડું મીઠું મીઠું બોલીને વખાણ પણ કર્યા; તેથી આ અભિમાની એમ સમજી બેઠો કે, આ જ સદ્‌ગુરુ છે કારણ કે મારો ઘણો ખ્યાલ રાખે છે. ખરેખર તો તે કુગુરુ છે, શિષ્યની રાહ જ દેખતા હોય છે; તેથી



અભિમાની જીવ સાથે સારી-સારી વાતો કરી, તેના મનને મોહી લે છે, તેની શ્રદ્ધાને લૂંટી લે છે. પૈસાના લૂંટારા, ગાડીના લૂંટારા, ઈજ્જતના લૂંટારા તો સીમિત વસ્તુને જ લૂંટે છે, જ્યારે શ્રદ્ધાનો લૂંટારો તો પૈસા, ગાડી, ઈજ્જત, વગેરે બધું જ લૂંટે છે. અહીં સુધી કે શ્રદ્ધાનો લૂંટારો જીવોનું અમૂલ્ય એવું આખું જીવન લૂંટે છે અને માનનો રસિયો મતાર્થી તેવા કુગુરુ પાસે ખુશી ખુશી લૂંટાય છે.

❁

**દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;**
**માને નિજ મતવેશનો, આગ્રહ મુક્તિનિદાન. ૨૭**

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટતું ક્ષાયોપશમિક જ્ઞાન, ખરેખર આત્મજ્ઞાન નથી, ધર્મ નથી. પરંતુ મતાર્થી જીવ તેને જ આત્મજ્ઞાન માની લે છે. એટલું જ નહિ, તે બાહ્યવેશ ધારણ કરવાની ક્રિયાને મોક્ષનું સાધન માને છે.

સંસાર ચારગતિનો સમૂહ છે. અરિહંત ભગવાન પણ સંસારમાં હોવાથી મનુષ્યગતિમાં કહેવાય છે. દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ તથા નરકગતિ આ ચારગતિના નામ, તેના ભેદ; જે-જે ગતિમાં રહેતા જીવોના ભેદ વગેરે અનેક વિષયોનો અભ્યાસ કરીને, પ્રાપ્ત થયેલા ક્ષયોપશમિક જ્ઞાનને મતાર્થીજીવ શ્રુતજ્ઞાન માને છે. જો કે પ્રમાણરૂપ પાંચ જ્ઞાનમાંથી કોઈપણ જ્ઞાન મિથ્યાદૃષ્ટીને હોતા નથી. મિથ્યાદૃષ્ટીને મતિ-શ્રુતજ્ઞાન નહિ પણ કુમતિ અને કુશ્રુતજ્ઞાન કહેવાય છે. જ્ઞાન સાથે વપરાયેલો 'કુ' શબ્દ મિથ્યાત્વનો સૂચક છે. પાંચ

જ્ઞાનમાંથી પ્રારંભના ત્રણ જ્ઞાનના વિરોધી પણ છે, કારણ કે પ્રારંભના ત્રણ જ્ઞાન મિથ્યાદષ્ટી પણ હોય છે. તેથી મિથ્યાદષ્ટીના મતિ-શ્રુત-અવધિજ્ઞાનને અનુક્રમે કુમતિ-કુશ્રુત-કુઅવધિજ્ઞાન કહે છે. મન:પર્યયજ્ઞાન માત્ર ભાવલિંગી મુનિને તથા કેવળજ્ઞાન અરિહંત તથા સિદ્ધ પરમેષ્ઠીને હોવાથી નિયમથી સમ્યક્ જ હોય છે; તેથી તેની સાથે 'કુ' શબ્દનો પ્રયોગ થવો અસંભવ છે. મતાર્થી જીવ મિથ્યાદષ્ટી હોવા છતાં પોતાને શ્રુતજ્ઞાની માને છે. ક્ષયોપશમજ્ઞાનનું નિમિત્ત જ્ઞાનવરણીય કર્મનો ક્ષયોપશમ છે તથા આત્મજ્ઞાનનું નિમિત્ત દર્શનમોહનીય કર્મનો ઉપશમ-ક્ષયોપશમ ક્ષય છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ તો દરેક છદ્મસ્થ જીવોને હોય જ છે. જ્યારે દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ માત્ર સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. **ત્રણ લોકના સ્વરૂપને આગમથી જાણી લેવાથી શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય એવો નિયમ નથી. પરંતુ 'શ્રુતજ્ઞાન' પ્રગટ થતાં કાળાંતરે કેવળજ્ઞાનમાં આખું જગત જણાશે એવો નિયમ છે.** તેથી સાચું ચારિત્ર નહિ હોવાથી તે ક્ષયોપશમજ્ઞાનને આત્મજ્ઞાન (શ્રુતજ્ઞાન)થી જુદું જાણવું. તેવી જ રીતે બાહ્યમાં ધારણ કરેલો વેશ મુક્તિનું કારણ નથી. **આત્મામાં પ્રગટ થયેલી વીતરાગી દશા આત્માનું વાસ્તવિક ચારિત્ર છે તેથી તે જ ચારિત્ર મુક્તિનું કારણ છે.** ગમે એવી બાહ્ય તપસ્યા કરી હોય પણ વીતરાગતા ન પ્રગટી હોય તો આત્માનું હિત થતું નથી. અહીં કહે છે કે, દરેક મતના ગુરુએ પોતાને ગુરુપદ માટે નિશ્ચિત રંગના વસ્ત્રો પહેર્યા છે. જ્યારે વીતરાગી મુનિ વસ્ત્ર બદલતા નથી પણ વસ્ત્રનો સર્વથા તથા સદાકાળ માટે ત્યાગ કરે છે. **ખરેખર તો શરીરને કપડાં વિનાનું કરવા કરતાં, આત્માને રાગાદિ વિકાર વિનાનો કરવો**



**એ જ ખરી મુનિદશા છે.** પોતાની અનુકૂળતાનુસાર વ્રત પાળે અને તેનાથી મુક્તિ મળશે એમ માને, તેને જ્ઞાનીએ મતાર્થી કહ્યો છે.

❁

**લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત-અભિમાન;**
**ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮**

જ્ઞાન અને ચારિત્ર પરસ્પર અવિનાભાવી છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર (સ્વરૂપાચરણ ચારિત્ર) પ્રગટ થાય, તેમાં કોઈ સમયભેદ નથી. મતાર્થી જીવ વૃત્તિનું સ્વરૂપ જાણતો નથી. અહીં વૃત્તિનો અર્થ ચારિત્ર સમજવો. જો કે આત્મામાં કષાયના અભાવપૂર્વક વીતરાગતાનું પ્રગટવું એ જ ખરું ચારિત્ર છે. તેથી તેને જ અંતરંગ ચારિત્ર કહે છે. તત્ત્વાર્થસૂત્રમાં ચારિત્રનું વર્ણન કરતાં બે પ્રકારના ચારિત્ર કહ્યાં છે : (૧) વીતરાગ ચારિત્ર, (૨) સરાગ ચારિત્ર. આ બંને પ્રકારના ચારિત્ર આત્મજ્ઞાનીને જ હોય છે. વીતરાગ ચારિત્ર જ્ઞાનીને હોય અને સરાગ ચારિત્ર અજ્ઞાનીને હોય, એવો એનો અર્થ નથી. જ્યારે જ્ઞાની શુદ્ધોપયોગમાં સ્થિત હોય છે ત્યારે તેમને વીતરાગ ચારિત્ર કહેવાય છે તથા વિકલ્પાત્મક દશા સમયે જ્ઞાનીના ચારિત્રને સરાગ ચારિત્ર કહ્યું છે. શરીરની ઉપવાસ વગેરે ક્રિયાનો આત્મિક ચારિત્ર સાથે કોઈ પણ પ્રકારનો સાક્ષાત્ સંબંધ નથી. છતાં શરીર વગેરે સંયોગોને વ્યવહારથી આત્માના કહ્યા હોવાથી વ્યવહારરૂપ ક્રિયાનો નિષેધ ન કરવો જોઈએ.

મતાર્થી, શરીરની શુભક્રિયાને વ્રત માને છે. એટલું જ નહિ તે

વ્રતને લીધે પોતાને મહાન પણ માને છે. આમ, શરીરની ક્રિયાને પોતાની ક્રિયા માની શ્રદ્ધાન સંબંધી તથા તેના કારણે અભિમાન કરી, ચારિત્ર સંબંધી ભૂલ કરે છે. ખાસ વાત તો એ છે કે, તે પોતાના અપરાધને દોષરૂપે સ્વીકારતો નથી. વળી, તે શુભક્રિયાને ધર્મરૂપે માને છે. પોતે અપરાધી હોવા છતાં પોતાને ધર્મી માને છે.

**વૃત્તિનો સંબંધ આત્માના ભાવ સાથે છે અને વ્રતનો સંબંધ શરીરની ક્રિયા સાથે છે એમ સમજવું.** મતાર્થી સ્વ-પરને નહિ જાણતો હોવાથી વૃત્તિના સ્વરૂપને પણ સમજતો નથી અને ઉપવાસ વગેરે વ્રત કરીને અભિમાન કરે છે. તેના અભિમાનની ઝલક આ પ્રમાણે છે.

પર્યુષણ મહાપર્વમાં વ્રત કરવાવાળાની કોઈ કમી હોતી નથી પરંતુ અંતિમ દિવસે પારણાંના સમયે સગાં-વ્હાલા અને સંબંધી ને જાણ કરવાનું પણ કોઈ ભૂલતા નથી. **વ્રત કરવું એ સારી વાત છે, પણ વ્રતનું પ્રદર્શન કરવું, લોકોમાં પ્રસિદ્ધિ મેળવવા આખા સમાજમાં જાણ કરવી, એ અભિમાનનું જ સૂચક હોવાથી પ્રસિદ્ધિનો મોહ સારો નથી.** આ કળિયુગમાં તો હવે મોટા ભાગે સ્વાર્થની સિદ્ધિ અર્થે જ ઉપવાસ કરવામાં આવે છે, સમાજમાં પોતાને ધર્મી બતાવવા ઉપવાસ કરે છે.

ઘણાં લોકો તો એમ કહે છે કે, જો તમારા દીકરા-દીકરીના લગ્ન માટે તેને યોગ્ય પાત્ર ન મળતું હોય તો તે દીકરા-દીકરીને અઠ્ઠાઈ કરવાનું કહો. અઠ્ઠાઈ કરશે તો સમાજમાં પ્રખ્યાત થશે કે, આ દીકરો-દીકરી ધર્મી છે. તપ કરવાની સાથે પોતાનું કાર્ય પણ



સિદ્ધ થઈ જશે. આવી અઠ્ઠાઈથી તપ થતું નથી, પણ આત્માનું પતન થાય છે.

તે જ લોકો ઉપવાસના અંતે પારણાંના સમયે સમાજના બધાં લોકોને ભોજનનું નોતરૂં પણ આપે છે. આખા પર્યુષણમાં લીલોતરીનો ત્યાગ કરે છે અને છેલ્લા દિવસે પણ લીલોતરી ખાતા નથી, પણ આગલા દિવસે થનારા પારણાના સામુહિક ભોજનની તૈયારી માટે ઢગલાબંધ લીલોતરી, પર્યુષણના છેલ્લા દિવસે જ કપાય છે. લીલોતરીનો ત્યાગ કરનાર લીલોતરી કાપે અથવા કપાવે, તે વાત કરુણાજનક છે. કૃપાળુદેવ તો લીલોતરીને કપાતી જોઈને અત્યંત ખેદ અનુભવતા અને અનંતજીવો પ્રત્યે કરુણા કરતા. આમ, લૌકિકમાન લેવા માટે, સમાજમાં પ્રસિદ્ધ થવા, પોતાના સ્વાર્થની સિદ્ધિ કરવા માટે તે પોતાના વ્રતને નિર્દોષરૂપે પાળતો નથી, તેથી મતાર્થી પરમાર્થને પણ પામતો નથી.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“શુદ્ધાત્મપરિણતિ શું છે, પોતાના સ્વરૂપનું વલણ કઈ બાજુ છે તેની ખબર નથી અને વિષય-કષાય, માનાદિમાં વૃત્તિ ભમે છે. બાહ્ય સંયોગની સગવડતા કેમ રહે, મારું માન, મારો બોજ કેમ વધે, એમ લૌકિક ભાવમાં તથા પુણ્યાદિ પરભાવમાં વૃત્તિ અટકે છે, છતાં માને કે અમને મમતા નથી, કષાય નથી, અમે વ્રતધારી છીએ, એવું અભિમાન કરે છે. જેમ ચોરી કરનાર ચોરને દારૂ પાઈને ગધેડે બેસાડે ત્યારે તે રાજી થાય, તેમ વિકારી પ્રકૃતિના કલુષિત*

*ભાવ ઉપર બેઠેલો, મોહભાવથી ગાંડો બનેલો પોતાના દોષ દેખી શકતો નથી પણ દોષને ગુણ માને છે. શ્રીમદ્ કહે છે કે, ગમે તેવા તુચ્છ વિષયના પ્રસંગમાં પ્રવેશ છતાં ધર્માત્માનો ભાવ તીવ્ર વૈરાગ્યમાં ઝંપલાવવું તે છે. ધર્માત્મા પ્રકૃતિના યોગ, પ્રકૃતિજન્ય ભાવ આદિમાં રૂડું માનતો નથી. એ અર્થની ઊંધી ગુલાંટથી મતાગ્રહીનું લક્ષણ એ આવે છે કે– અવિકારીપણાથી જે જીવો અજાણ છે તે તુચ્છ વિષયમાં પ્રવેશ કરતાં પણ તીવ્ર કષાયમાં ઝંપલાવી સ્વહિંસા થવા દે છે; કારણ કે પોતાના ઉપયોગ-સ્વભાવની તેમને ખબર નથી, પુણ્ય-પાપના પરિણામની વિકારી જાતથી મારી અવિકારી ચૈતન્યની જાત જુદી છે એનું ભાન તેમને નથી, એથી પ્રકૃતિના ઉદયજનિત શુભાશુભ ભાવને તે પોતામાં ખતવે છે. શુભ પરિણામને ધર્મ માને છે. જે શુભ જોગને વ્રત માને અને આત્મામાં ખતવે તેની અહીં વાત છે.''*

❀

**અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય;**
**લોપે સદવ્યવહારને, સાધન રહિત થાય. ૨૯**

જિનવાણીમાં નિશ્ચયનયને ગ્રહણ કરવાની મનાઈ નથી કરી પણ એકલા નિશ્ચયનયને ગ્રહણ કરી વ્યવહારનયનો સર્વથા નિષેધ કરવાની મનાઈ કરી છે. નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટી દરેક સ્થાને નિશ્ચયનયના શબ્દોનો પ્રયોગ કરે છે. **ખરેખર નિશ્ચયનય કહેવા માટે હોતો નથી પરંતુ માનવા માટે હોય છે. કહેવા માટે વ્યવહાર છે, તે માનવા માટે હોતો નથી.**



જ્યારે પત્ની પૂછે છે કે, મને ઘરખર્ચ માટે પૈસા જોઈએ છે. તો પતિ કહે કે તારી યોગ્યતામાં પૈસા મળે એવું લખાયેલું નથી, હજુ પૈસા મળવાનો કાળ પાક્યો નથી, અત્યારે તને પૈસા નહિ મળે. એમ કહીને ઓફિસ જતો રહે છે. જ્યારે સાંજે ઘેર પાછો આવે છે ત્યારે પત્નીને કહે છે કે મને ભૂખ લાગી છે, જમવાનું આપ. જવાબમાં પત્ની કહે છે કે, તમારી યોગ્યતામાં જમવાનું મળવાનો કાળ પાક્યો નથી. અત્યારે તમને જમવાનું નહિ મળે. ત્યારે પતિને અહેસાસ થાય છે કે, **નિશ્ચયનયના મહાન સિદ્ધાંતોને માત્ર વાણીમાં બોલીને તેની અવહેલના ન કરવી જોઈએ. બાહ્ય વ્યવહારને પણ નિભાવવો જોઈએ.** યોગ્ય તો તે જ કહેવાય કે જો પત્ની પૈસા માંગે તો તેને પૈસા આપવા જોઈએ અને જો પતિ જમવાનું માંગે તો તેને જમવાનું પણ આપવું જોઈએ.

લોકો વહેલી સવારે પ્રવચનો રાખે છે, સ્ત્રીઓ સાંભળવા જાય છે. જ્યારે ઘેર પાછી આવે ત્યારે પતિ ચા પીવા માટે તડાફડી કરતા હોય છે. અંતે બંનેનો ઘર સંસાર કલેહ સાથે તૂટે છે. ધર્મ તો કલેહ અને ઝઘડો મટાવે છે. તેથી ગુરુદેવશ્રી કાનજીસ્વામી કહેતા કે સ્ત્રી પહેલાં તો પોતાના ઘર, પતિ, પુત્ર, પરિવાર વગેરેનો વ્યવહાર કરે અને પછી ધર્મ સાંભળવા આવે. કારણ કે ઘેરથી ઝઘડીને અહીંયા આવશે તો તેનો ઉપયોગ પણ સ્થિર નહિ રહે અને તેને બીજા પણ અનેક વિકલ્પો થશે. **જિનપ્રવચનમાં દુર્વિકલ્પો કરવા કરતાં બાહ્ય વ્યવહાર પાળવો વધુ યોગ્ય છે.**

અહીં એમ કહેવા નથી માંગતા કે જીવે પરની સેવા ચાકરીમાં

જ અટકી જવું જોઈએ. આશય એ છે કે જે વ્યવહાર પાળવા યોગ્ય હોય તેને તો પાળવો જ જોઈએ. કૃપાળુદેવે મુંબઈમાં રહીને વ્યવસાય કર્યો તે ભૂમિકાનુસાર યોગ્ય જ હતું અને એક દશાએ તે બધું બંધ કરીને સ્વભાવમાં સ્થિર પણ થયાં. આમ મહાપુરુષોના જીવનમાંથી અનેકાંત શીખવો જોઈએ અને પોતાના જીવનમાં અપનાવવો જોઈએ.

એક વ્યક્તિ કહે છે કે મારે તો જીવનમાં પચાસ કરોડ જ કમાવા છે. બસ, પચાસ કરોડ પછી એક પણ પૈસો નહિ. આજે તેની ઉંમર ૫૦ વર્ષ છે અને હજુ સુધી ૭ કરોડ ભેગા થયા છે. હવે કહો, બાકીના ૪૩ કરોડ ક્યારે ભેગા થશે અને ક્યારે તે અધ્યાત્મમાં લાગશે. તેથી, જ્ઞાની કહે છે કે મુમુક્ષુના જીવનમાં પરિગ્રહની મર્યાદા પણ હોવી જોઈએ.

**શબ્દજ્ઞાન છે પણ આચરણ નથી. શબ્દોના ભાવને ગ્રહણ કરતો નથી તે નિશ્ચયાભાસી છે.**

મુનિવર રામસિંહ પાહુડદોહામાં કહે છે કે –

**पंडिय पंडिय पंडिया, कण छंडिवि तुस कंडिया ।**
**अत्थे गंथे तुट्ठो सि परमत्थु ण जाणहि मूढो सि ।।८५।।**

''પંડિતોમાં પંડિત એવા હે પંડિત ! તું કણને છોડી માત્ર ફોતરાં જ ખાંડે છે. અર્થાત્ તું અર્થ અને શબ્દમાં જ સંતુષ્ટ છે પણ પરમાર્થ જાણતો નથી માટે મૂર્ખ જ છે.''

આમ, નિશ્ચય જ મુક્તિનો માર્ગ છે, પરંતુ એકાંત દૃષ્ટિથી અપનાવેલો નિશ્ચય ક્યારેય પણ મુક્તિ અપાવી શકે નહિ.



**જ્ઞાનદશા પામે નહીં, સાધન દશા ન કાંઈ;**
**પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહી. ૩૦**

નિશ્ચય તથા વ્યવહારને નહિ અનુસરતા હોય, એવા અજ્ઞાનીની સંગતિથી જીવનું અહિત કેવી રીતે થાય છે, તેને અહીં સ્પષ્ટ કર્યું છે. જો કે સંગતિની અસર થયા વિના રહેતી નથી પરંતુ જ્ઞાની પુરુષોને ગમે તેવી પરિસ્થિતિ પણ પ્રભાવિત કરી શકતી નથી. જેવી રીતે ચંદનના વૃક્ષ પર વીંટળાઈને રહેલા સાપનું ઝેર ચંદનમાં મળતું નથી અને ચંદનની અદ્ભુત શીતળતા સાપમાં ભળતી નથી, તેવી જ રીતે જ્ઞાની ગમે એવા સંયોગોમાં હોવા છતાં, તેમાં એકત્વ કરી તન્મય થતાં નથી અને હઠાગ્રહી મિથ્યાદૃષ્ટી સદ્ગુરુનો યોગ હોવા છતાં પણ જ્ઞાની થતો નથી. **જ્ઞાનદશા એટલે નિશ્ચયમાર્ગ તથા સાધનદશા એટલે વ્યવહારમાર્ગ.** આમ, ધર્મમાર્ગથી રહિત જીવ પોતે તો સંસારરૂપી સમુદ્રમાં ડુબે છે. એટલું જ નહિ, એવા અજ્ઞાનીની સંગતિ કરવાવાળા જીવો પણ સંસાર પરિભ્રમણ કરે છે.

પાહુડ દોહામાં કહ્યું છે કે :-

**वरु विसु निसहरु वरु जलणु वरु सेविउ वण वासु ।**
**णउ जिणधम्मपरम्मुहउ मित्थतिय सहु वासु ।।२०।।**

''વિષ ભલું, વિષધર ભલો, અગ્નિ કે વનવાસનું સેવન પણ સારૂં; પરંતુ જિનધર્મથી વિમુખ એવા મિથ્યાદૃષ્ટીઓનો સહવાસ સારો નથી.''

આ કથનનો આશય એમ ન સમજવો કે નિમિત્તથી કાર્ય થાય

છે અથવા એમ પણ નથી કે એક દ્રવ્યના કારણે બીજા દ્રવ્યનું પરિણમન થાય છે. ખાસ વાત તો એ છે કે, અજ્ઞાનીની દૃષ્ટિ નિમિત્તાધીન હોવાથી, તેને નિમિત્તની હાજરીનું જ્ઞાન કરાવવા માટે નિમિત્ત સંબંધી વર્ણન કર્યું છે. **નિમિત્તની મુખ્યતાથી કથન કરવામાં આવે છે પણ નિમિત્તની મુખ્યતાથી કાર્ય થતું નથી. જ્યાં સુધી જીવની દૃષ્ટિ નિમિત્તાધીન હોય છે ત્યાં સુધી જગતનું વસ્તુ સ્વરૂપ સમજાવવા માટે નિમિત્તની મુખ્યતાથી ઉપદેશ આપવામાં આવે છે.** ઉપદેશ તો ઉપાદાનરૂપ આત્માને જ આપવામાં આવે છે પરંતુ સદ્‌નિમિત્તોની સંગતિમાં રહેવાનો ઉપદેશ આપે એવી જિનાગમની સ્યાદ્વાદ શૈલી છે.

અહીં કોઈ એમ કહે કે, વર્તમાનમાં અમે જ્ઞાનદશા અને સાધનદશા વિનાના જીવોની સંગતિમાં રહીએ છીએ; તો શું અમારે અત્યારે બધાનો સંગ છોડી દેવો જોઈએ? તેને કહે છે કે, એક સમય તો પરમાત્માનો પણ સંગ છોડીને નિજાત્મામાં લીન થવાથી સ્વાનુભવ થાય છે. પરંતુ સર્વપ્રથમ પરમાત્માનો સંગ ન છોડવો. જે અત્યંત દૂરવર્તી છે, જે વિષયમાં જીવ પ્રયોજન વિના જોડાય છે તેવાં મિત્રો, સગાં-વ્હાલા વગેરેનો સંગ છોડવો જોઈએ કારણ કે સંગતિ છોડવાનો ક્રમ એ પ્રકારથી જ કહેવામાં આવે છે. જેવી રીતે અધર્મી જીવની એક ક્ષણની સંગતિ સંસારનું કારણ બને છે; તેવી રીતે ધર્મીજીવની એક ક્ષણની સંગતિ મોક્ષમાર્ગનું કારણ બને છે. લૌકિકમાં પણ કહેવાય છે 'સંગ એવો રંગ' અર્થાત્ જીવની જેવી સંગતિ હશે તેવા જ તેના સંસ્કાર હશે. ઘણાં માતા-પિતા કહે છે કે અમારા બાળકોમાં ધર્મના સંસ્કાર કેવી રીતે સંચિત કરવા? જ્ઞાની કહે છે



કે, બાળક જેટલું દેખે અને સાંભળે છે તેટલું વિચારતો નથી. પરંતુ જેવું જોયું અને સાંભળ્યું હોય તેવું કરવા કે બોલવા માટે તેને એટલી વાર લાગતી નથી. તેથી જો બાળપણથી જ એવા સંગમાં રાખવામાં આવે, ણમોકાર મંત્ર અને પાંચ પરમેષ્ઠીનું સ્વરૂપ સમજાવવામાં આવે, દેવ દર્શનની વિધિ શિખાવવામાં આવે તો, નિયમથી ધાર્મિક સંસ્કારનું સિંચન થશે અને ભવિષ્યમાં થનાર કુસંગથી પણ બચશે.

આમ બાળકથી લઈને વૃદ્ધ સુધી દરેકને કુસંગના ત્યાગનો ઉપદેશ આપ્યો છે. ટૂંકમાં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે, સંગ એનો જ કરવો કે જેને સાધ્યના સ્વરૂપની સમજ છે અને સાધ્યને અનુરૂપ સાધના તથા અનુકુળ સાધનોનો જાણકાર છે તથા તેમાં જોડનાર છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"એક તો સંતસંગ આદિ સાધનદશા નથી અને સહજ જ્ઞાનદશાની સ્થિરતાનો પુરુષાર્થ પણ નથી, રાગાદિ વિષય-કષાયનો ઘટાડો પણ નથી, એવા જીવનો જેને સંગ મળે તે પણ ભવસાગરમાં બૂડે; કારણ કે તેને ન મળે આત્મજ્ઞાન કે ન મળે સત્‌સમાગમ આદિ સાધન. અંતરવૈરાગ્ય, વિષય-કષાયાદિનો ત્યાગ, દેહાસક્તિનો ઘટાડો વગેરે મુમુક્ષુતાના સાધન રહિત જે સ્વચ્છંદમાં વર્તે છે તેનો સંગ કરનાર પણ જ્ઞાનદશા પામે નહિ. જે આત્મા સમજ્યો ન હોય તથા સત્‌ને સમજવાનો અવકાશ રાખ્યો ન હોય, તે સાધારણ તુચ્છ વિષયમાં પણ આલસ-વીલસ અને આકુળ-વ્યાકુળ થઈ જતો હોય છે. જેને શરીરની શાતા–સુખ–સગવડતાની રુચિ છે તે જ્ઞાન પામ્યો*

*એમ કહી શકાય ? તે કદી શાસ્ત્રના અલંકારી શબ્દોને ધારી રાખે, મનને રાજી રાખે, અને ખોટો સંતોષ રાખે, પણ તેને સહજ જ્ઞાનદશાનું ભાન નથી; તેથી તેનો સંગ કરનાર પણ બૂડે, કારણ કે તેવા જીવોમાં સાધનદશા પણ નથી અને જ્ઞાનદશા પણ નથી. તે કહેશે કે રાગ તો જીવનું સ્વરૂપ નથી, પુરુષાર્થ કરવો તે વ્યવહાર છે; પણ પોતામાં રાગ-દ્વેષ, વિષય-કષાયનો ઘટાડો નથી અને વાત કરે પૂર્ણ તત્ત્વદૃષ્ટિની ! તે અને તેનો સંગ કરનાર બેઉ બૂડે છે. વળી પોતાનો પક્ષ એવો દૃઢ કરે કે સાચું સમજવાનો અવકાશ પણ રાખે નહિ.''*

❀

**એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ;**
**પામે નહિ પરમાર્થને અન્‌અધિકારીમાં જ. ૩૧**

કૃપાળુદેવે કહ્યું છે કે, **જો મનુષ્યમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત.** આ કથનના ભાવને સ્પષ્ટ કરતા અહીં કહે છે કે, મતાર્થી જીવ દરેક કાર્ય માન કષાયના પોષણ અર્થે કરે છે. તેથી તે સદ્‌ગુરુ દ્વારા પ્રરૂપિત પરમાર્થ સ્વરૂપ મોક્ષને પામતો નથી, સંસારમાં પરિભ્રમણ કરે છે અને અનંતદુઃખ ભોગવે છે.

કષાયના ભેદોમાં, જો ક્રોધ એ કડવું ઝેર હોય તો માન મીઠું ઝેર છે. ઝેર મીઠું હોય કે કડવું હોય અંતે તો તો ઝેર જ છે. માન અને પ્રસિદ્ધિ મેળવવા મતાર્થી અધર્મ કરે છે અને ધર્મ પણ માનના લક્ષ્યે જ કરે છે. નાના અને મોટાનો ભેદ જ માનનો આધાર છે.



તેથી કહ્યું છે કે –

**તું નાનો હું મોટો, એવો ખ્યાલ જગતનો ખોટો,**
**ખારાજળનો દરિયો ભરિયો, મીઠાજળનો લોટો;**
**તરસ્યાને તો દરિયાથીયે, લોટો લાગે મોટો,**
**નાના છોડે ખીલ ઉઠે, કેવો સુંદર ગુલાબ ગોટો.**

સાર એ છે કે જે બાહ્ય સાધનોના લીધે અજ્ઞાની, પોતાને નાનો અને મોટો માને છે, તે બાહ્ય સાધનોનો આત્મા સાથે વાસ્તવિક સંબંધ નથી. અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગોની પ્રાપ્તિ તો, કર્મના ઉદયથી થાય છે. કર્મનો ઉદય તો ક્ષણિક છે તેથી તે બધા સંયોગો પણ ક્ષણિક છે; આમ વિચારી સંયોગોથી પોતાને નાનો કે મોટો ન માનવો જોઈએ.

ચારગતિના સમૂહરૂપ આ સંસારમાં પરિભ્રમણ કરવું; એ જીવનો વિભાવ છે. તે પરિભ્રમણનો આધાર માન કષાય છે. પરિભ્રમણ ટાળવાનો માર્ગ બતાવનાર સદ્‌ગુરુ પાસે પણ આ જીવ તીવ્ર માન કષાય લઈને ગયો અને સદ્‌ગુરુના મર્મને સમજી શક્યો નહિ. જૈનદર્શનની એ વિશેષતા છે કે, **અનુકૂળ સંયોગોથી પોતાને મોટો માનવો એ તો માન છે જ. સાથે-સાથે પ્રતિકૂળ સંયોગોથી પોતાને નાનો માનવો એ પણ માન છે.** ધન દોલતથી પોતાને મોટો કે ધન દોલત ન હોવાથી પોતાને નાનો માનવો એ અભિમાન છે. જ્ઞાની ગમે એવા સંયોગોમાં પણ પોતાને સુખી કે દુઃખી માનતા નથી.

ધનથી પોતાને મહાન માનતો જીવ દાન પણ આપે છે. ધન

છોડીને દાન આપ્યું અને ત્યારે પોતાને દાન આપવાથી મોટો માને છે. આમ મતાર્થી માનનું પોષણ છોડતો નથી. ક્યારેક દાન પણ આપે અને પોતાનું નામ પણ ન લખાવે ત્યાં પણ એટલું તો જરૂર લખાવશે કે, એક મુમુક્ષુ ભાઈ તરફથી ૨૫૦૦૦. જ્યારે તેના દાનની ઘોષણા થાય, ત્યારે એમ બોલાય કે એક મુમુક્ષુભાઈ તરફથી ૨૫૦૦૦ આવ્યા છે. ત્યારે આ વાક્ય સાંભળીને મનોમન ખુશ થાય છે, હરખાય છે. એવો અહેસાસ પણ કરે છે કે, આ નામ મારૂં. જો કદાચ તેના દાનની ઘોષણા ભૂલથી છૂટી જાય, તો મનોમન દુઃખી પણ થાય. આમ તેના દાનનું પ્રયોજન, માન કષાયનું પોષણ જ છે. તેવા જીવને માનમાં અટકેલો મતાર્થી કહ્યો છે.

જીવ જ્યાં સુધી બધા જીવોને સ્વભાવ અપેક્ષાએ, સમદૃષ્ટિથી દેખતો નથી, ત્યાં સુધી તેની દૃષ્ટિમાં બધા જીવો વચ્ચે નાના-મોટાનો ભેદ રહે છે. **પર દ્રવ્ય તથા પોતાની પર્યાયથી પણ ભિન્ન ત્રિકાળી શુદ્ધ આત્માની દૃષ્ટિએ દરેક જીવને એક સમાન માનવાથી, પરમાર્થની પ્રાપ્તિ થાય છે. જ્યાં પર્યાયથી પણ કોઈ ભેદ નથી એવી સિદ્ધદશા પ્રગટ થાય છે.**

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''પૂર્વે મતાર્થી-માનાર્થીના લક્ષણ કહ્યા. તે પોતાનું માન અને મત સાચવવામાં જ રોકાઈ જાય, અને આત્માર્થ ચૂકી જાય. કદી રાગ ઘટાડવાનો ખૂબ પુણ્ય પરિણામ કરે, પણ એથી વાસ્તવિક અરાગીપણું આવતું નથી; એવું તો ઘણીવાર કર્યું.''*



**નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;**
**સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨**

મતાર્થીના લક્ષણનું વર્ણન કરતા કૃપાળુદેવ કહે છે કે, જે જીવને કષાયની ઉપશાંતતા તથા અંતરંગમાં વૈરાગ્ય પ્રગટ થયો નથી, તે મતાર્થી છે. એટલું જ નહિ, મતાર્થી જીવમાં સરળતા અને મધ્યસ્થતા હોતી નથી.

કષાયનું બીજું નામ રાગ-દ્વેષ છે. જ્યાં સુધી અનંતાનુબંધી કષાયનો મંદ ઉદયનો અભાવ થયો નથી, ત્યાં કષાયની ઉપશાંતતા થઈ નથી એમ કહેવાય. કષાયની ઉપશાંતતા અને વૈરાગ્યમાં કોઈ સમયભેદ નથી. આત્મામાં પ્રગટ થયેલો વૈરાગ્ય કાર્ય છે તથા અનંતાનુબંધી કષાયના ઉદયનો અભાવ નિમિત્ત કારણ છે. આમ જેટલા અંશે કષાયભાવનો અભાવ થાય છે, તેટલા અંશે આત્મામાં વૈરાગ્ય પ્રગટ થાય છે. કોઈ એમ કહે છે કે, મને ક્રોધ બહુ આવે છે પણ માન, માયા અને લોભ મને ઉત્પન્ન થતાં નથી. જ્ઞાની, તેને કહે છે કે, એમ થવું સંભવ નથી કારણ કે અજ્ઞાનીને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ એક સાથે રહેલાં હોય છે. તેથી, આ ચાર કષાયનો અભાવ થવામાં પણ કોઈ સમયભેદ નથી.

**'સરળપણું ન મધ્યસ્થતા'** આ બે શબ્દો વચ્ચે જે **'ન'** શબ્દનો પ્રયોગ થયો છે તેનો ભાવ એમ લેવો કે, 'ન સરળતા ન મધ્યસ્થતા' મતાર્થી જીવ સરળ હોતો નથી. સ્વભાવથી સરળ હોવા છતાં પણ પર્યાયમાં કુટિલતા પડેલી છે. એ જ તેના મતાર્થનું કારણ છે. સરળતાનું વિરોધી માયા કષાય છે. મન, વચન અને કાયાની

એકરૂપતા ન હોવી તેને માયા અથવા છળકપટ કહે છે. મુમુક્ષુનું જીવન કાચ સમાન પારદર્શક હોવું જોઈએ. છળકપટ કરીને પણ જો કોઈ, લોકોમાં શ્રેષ્ઠ ગણાતો હોય અને સમાજમાં તેની વાહ-વાહ થતી હોય તો, એમ સમજવું કે, પૂર્વ સંચિત પુણ્યને જ ભોગવી રહ્યો છે પણ જ્યારે તેને વર્તમાનમાં કરી રહેલા કપટનું ફળ મળશે ત્યારે બધી જ વાહ-વાહ એક પળમાં બંધ થઈ જશે અને બદનામીનો દાગ લાગી જશે. લૌકિક જીવનમાં કપટ દુ:ખદાયક અને નુકસાન-કારક જ છે પરંતુ ગુરુ સાથે કરેલું કપટ સૌથી વધુ ખતરનાક છે. **જે જીવ ગુરુ સમક્ષ કુશંકા કરીને ખોટી દલીલો કરે કે પોતાને મહાન બતાવવા માટે સદ્ગુરુને આડા અવળા સવાલો પૂછે તો તે સદ્ગુરુનું અપમાન કરે છે તથા તેના ફળમાં અનંત સંસાર પરિભ્રમણ કરે છે.**

મધ્યસ્થતા એટલે પ્રીતિ અને અપ્રીતિ જેવા ભાવોનો ભેદ ટાળવો. એમ કહેવાય છે કે, ન્યાયાધીશ મધ્યસ્થ હોવા જોઈએ. ન્યાયાલયમાં વકીલો તો પોતાના વાદી અને પ્રતિવાદીની જીત માટે લડતા હોય છે, તેથી તેને તો મધ્યસ્થભાવ હોતો નથી; એવું દરેક વ્યક્તિ માને છે. પરંતુ જે ન્યાયધીશ હોય તે તો મધ્યસ્થભાવથી ચુકાદો આપે છે એ વાત પણ ધર્મદૃષ્ટિએ સત્ય નથી, કારણ કે આત્માનુભવ રહિત હોવાથી ન્યાયાધીશમાં મધ્યસ્થતા પ્રગટી નથી; તેથી તે ન્યાયાધીશ પણ મધ્યસ્થ રહેતા નથી.

જ્યારે ભારતપ્રેમી અજ્ઞાની ક્રિકેટમેચ દેખે ત્યારે તેમાં માનો કે ભારત અને ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ રમતા હોય ત્યાં, ભારત પ્રત્યે રાગ અને ઓસ્ટ્રેલિયા પ્રત્યે દ્વેષ પડેલો જ હોય છે. જ્યારે



પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ રમાતી હોય ત્યારે તેને ઓસ્ટ્રેલિયામાં રાગ થાય છે અને પાકિસ્તાનમાં દ્વેષ થાય છે. આમ, અજ્ઞાની કોઈ પણ મેચ મધ્યસ્થભાવે દેખી શકતો નથી. તેથી અજ્ઞાનીને સર્વપ્રથમ વિષયોથી વિરક્ત થવાનો ઉપદેશ આપવામાં આવે છે. એનો અર્થ એમ સમજવો જોઈએ કે મતાર્થી આખાં જગતને મધ્યસ્થભાવે દેખતો નથી. **આમ, કષાયની ઉપશાંતતા, આંતરિક વૈરાગ્ય, સરળતા અને મધ્યસ્થતા આ ચાર સદ્ગુણોનો અભાવ હોવાથી જીવ મતાર્થી નામ પામે છે.**

❀

**લક્ષણ કહ્યા મતાર્થીના, મતાર્થ જાવા કાજ;**
**હવે કહું આત્માર્થીના આત્મઅર્થ સુખસાજ. ૩૩**

આત્મા અનંતગુણોનો પિંડ છે છતાં અજ્ઞાનીની દૃષ્ટિ તે ગુણો પર ન જઈને, દોષો તરફ જાય છે. એ દોષો પણ પોતાના નહિ પરંતુ બીજાના. પોતાના દોષો તરફ દૃષ્ટિ જાય તો તેના દોષો દૂર પણ થાય. જ્ઞાની પોતાના ગુણોને અને બીજા દોષોને ઢાંકે છે; એવું આઠ અંગોમાં, એક ઉપગૂહન નામનું અંગ છે. પરંતુ જો જ્ઞાની દ્વારા અજ્ઞાનીને, અજ્ઞાનીના દોષ ન બતાવવામાં આવે, તો અજ્ઞાની પોતાની ભૂલ કઈ રીતે દૂર કરે? તેથી જ્ઞાની કરુણાભાવપૂર્વક અજ્ઞાનીને તેના દોષ દૂર કરવાનો ઉપાય બતાવે છે. અજ્ઞાનીના દોષો બતાવતા જ્ઞાની કહે છે કે, દરેક જ્ઞાનીએ પોતે જ પોતાના દોષોને નિહાળવા જોઈએ. દરેક જીવમાં દોષથી મુક્ત થવાની અનંત શક્તિ હોય છે. જ્ઞાની કહે છે કે, અજ્ઞાની સંસારમાં અટકી રહ્યો છે.

તેના અટકવાના સાધનો જુદાં-જુદાં હોય છે પણ તેના અટકવાનું કારણ એક માત્ર મોહભાવ જ છે. મોટા ભાગે કોઈ અજ્ઞાની પત્નીમાં, કોઈ પુત્રમાં, કોઈ ઘરમાં, કોઈ ગાડીમાં, કોઈ શરીરમાં, કોઈ વેપાર-ધંધામાં વગેરે અનેક સાધનોમાં અજ્ઞાની અટકતા હોય છે. અહીં માતા-પિતાની સેવા કરવામાં અટકતા હોય છે, એમ ન લખ્યું કારણ કે આ કાળમાં માતા-પિતાની સેવા કરવામાં અટકેલા અજ્ઞાની કોઈક ભાગ્યે જ હોય છે. અહીં સુધી કે કોઈ અજ્ઞાની આ બધાથી છૂટીને પણ ક્યાંક અટકયો હોય છે તે છે ભગવાનમાં ! આમ અટકવાના સાધનો અલગ-અલગ હોય છે પરંતુ આ બધા સાધનોમાં અટકવાનું મૂળ કારણ મોહભાવ છે. તેથી મોહભાવમાં અટકેલી મતાર્થી જીવની મિથ્યા માન્યતાનું વર્ણન કરી કૃપાળુદેવ એવી ભાવના ભાવે છે કે, દરેક મતાર્થીએ અહીં બતાવેલા દુર્ગુણોને છોડવા જોઈએ, કારણ કે મતાર્થીપણું છોડ્યા વિના આત્મજ્ઞાન થશે નહિ. તેથી આત્મજ્ઞાનની પ્રાપ્તિના અભિલાષીએ સર્વપ્રથમ મતાર્થ છોડવો જોઈએ.

મતાર્થી જીવના લક્ષણ કહ્યા બાદ આત્માર્થીના લક્ષણ બતાવવાનું કારણ કહે છે. મતાર્થીના લક્ષણો જાણીને આ લક્ષણો કોના-કોનામાં છે ? કોણ-કોણ મતાર્થી છે ? એમ વિચાર કરીને બીજા જીવોમાં મતાર્થીપણું ન શોધવું. પરંતુ પોતે, પોતાની જાતને પૂછવું અને અંદર ઝાંખવું. એવો વિચાર કરવો કે, શું આ પ્રકારનું મતાર્થીપણું મારામાં પડ્યું છે ? અને જો એવો મતાર્થ પોતાનામાં હોય, તો તેને છોડવાનો પુરુષાર્થ કરવો. કારણ કે શાસ્ત્ર તથા સદ્ગુરુ, સદ્ગુણોનું



સ્વરૂપ તો, સદગુણોની પ્રાપ્તિ માટે જ સમજાવે છે, સાથે-સાથે જીવના દોષોનું વર્ણન પણ સદ્ગુણોની પ્રાપ્તિની ભાવનાપૂર્વક જ કરતા હોય છે.

જીવમાં કેવા પ્રકારના દોષ હોય, તેનું વર્ણન કરીને અહીં જીવના ગુણોનું વર્ણન કરે છે. જો ગુણોનું વર્ણન પહેલાં કરે તો ગુણોને સાંભળી લીધા પછી દોષોને સાંભળવા માટે કોઈ રોકાશે નહિ. તેથી જીવને તેના દોષોને સાંભળીને આત્માર્થીના ગુણોને સાંભળવાની જિજ્ઞાસા તથા ઉત્કંઠા જાગૃત થવી જોઈએ.

❁

**આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;**
**બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪**

આત્માર્થીનું સ્વરૂપ સમજાવતા કહે છે કે આત્માર્થી તેને જ કહેવાય, જેને સદ્ગુરુના લક્ષણોથી સદ્ગુરુનો નિર્ણય થયો હોય. **'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું'** એનો અર્થ એમ ન લેવો કે દરેક આત્મજ્ઞાની મુનિ હોય છે. હા, ચોથા ગુણસ્થાનવર્તી આત્મજ્ઞાનીને એ વાતનું દ્રઢ શ્રદ્ધાન હોય છે કે મુનિદશા અંગીકાર કર્યા વિના મોક્ષ પ્રાપ્ત થતો નથી. આશય એ છે કે આત્મજ્ઞાન વિના મુનિદશા અસંભવ છે. આત્મજ્ઞાન તો ચોથા ગુણસ્થાનમાં પ્રગટે છે અને ભાવલિંગી મુનિદશા છઠ્ઠા-સાતમા ગુણસ્થાને પ્રગટે છે. તેથી તે સ્વાભાવિક છે કે, મુનિરાજ આત્મજ્ઞાની જ હોય. કૃપાળુદેવ અને પૂજ્ય ગુરુદેવશ્રી આત્મજ્ઞાની તો હતા જ, પરંતુ મુનિ ન હતા. જ્યારે

આચાર્ય કુંદકુંદદેવ વગેરે મુનિ, દર અંતર્મુહૂર્તે આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરતા હતાં. ભાવલિંગી મુનિ આપણા આદર્શ અને પૂજ્ય છે.

આગમમાં સમ્યગ્દ્રષ્ટીની પૂજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. અહીં સુધી કે કોઈ સમ્યગ્દ્રષ્ટી તો હોય પણ જો તે પંચ પરમેષ્ઠીમાં ગર્ભિત ન હોય તો તેમને અર્ધ્ય ચઢાવવો તે દોષ છે. **શ્રદ્ધાન તથા જ્ઞાન પૂજ્ય નથી, ચારિત્ર પૂજ્ય છે.** સકલચારિત્ર છઠ્ઠા ગુણસ્થાન અને તેની ઉપરના ગુણસ્થાનમાં હોવાથી અઠ્ઠાવીસ મૂલગુણોનું નિરતિચાર પાલન કરવાવાળા ભાવલિંગી મુનિ જ પૂજ્ય છે, અવિરત સમ્યગ્દ્રષ્ટી નહિ.

આ ગાથામાં પ્રયુક્ત 'આત્મજ્ઞાન' એ નિશ્ચયનો પ્રતિપાદક છે તથા 'મુનિપણું' એ વ્યવહારનો પ્રતિપાદક છે. આત્મજ્ઞાન રહિત મુનિપણાં વિષે વર્ણન કરતાં શ્રી મુનિવર રામસિંહ પાહુડ દોહામાં કહે છે કે :-

**सप्पि मुक्की कंचुलिय जं विसु ते ण मुएइ ।**
**भोयहं भाउ ण परिहरइ लिंगग्गहणु करई ।।१५।।**

''સાપ બહારમાં કાંચળીને તો છોડી દે છે, પરંતુ અંદરના ઝેરને છોડતો નથી; તેવી રીતે અજ્ઞાની જીવ દ્રવ્યલિંગ ધારણ કરીને બાહ્ય ત્યાગ તો કરે છે, પરંતુ અંદરમાંથી વિષય ભોગોની ભાવનાનો પરિહાર કરતો નથી.''

આમ, આત્મજ્ઞાન સહિત સહલચારિત્રવાન સાધુ જ સાચા ગુરુ છે. આ સિવાય, જે કોઈપણ કુળગુરુ હોય તેને મિથ્યા સમજવા.



આત્માર્થી જીવ, કુળગુરુ તરફ દૃષ્ટિ કરતો નથી. અર્થાત્ કુળગુરુને સદ્‌ગુરુ માનતો નથી.

કોઈ એમ કહે કે અમારી કુળ પરંપરાથી કોઈ ગુરુ તરીકે મનાતા હોય અને અમારા બાપ-દાદાઓએ જેમને પૂજ્યા હોય તેમને શું અમારે ન પૂજવા? શું બાપ-દાદાથી જુદો કોઈ નવો પંથ ચાલુ કરવો? એમ કરવું તે શું માતા-પિતાનું અપમાન નથી? તેને કહે છે કે જો કોઈ એક સત્ય પંથ મળતો હોય, તો હજારો મિથ્યાપંથને છોડી દેવા. એમ નહિ વિચારવું કે બાપ-દાદાથી અલગ કંઈ નવું કરવું નથી, બાપ-દાદાના વિરોધી થવું નથી. તેને વિશેષ કહે છે કે બાપ-દાદા તો ઘોડા-ગાડીમાં ફરતાં હતાં, તું મર્સીડીસ ગાડીમાં કેમ ફરે છે? તેઓ તો ધોતી-કુર્તા પહેરતા, તું પેન્ટ-શર્ટ શા માટે પહેરે છે? આ બધું બદલવામાં જુદો પંથ યાદ ન આવ્યો અને વીતરાગી પ્રભુનો સાચો માર્ગ સ્વીકારવામાં બાપ-દાદાની પરંપરા વચ્ચે આવે છે? ખરેખર, આ માર્ગ તો ભવનો અભાવ કરાવવાવાળો માર્ગ છે. આ માર્ગમાં થોડી પણ છૂટછાટ ચાલે નહિ. ખોટી દલીલો કરીને પોતાનો બચાવ કરવો એ તો પોતાના મનુષ્યભવને વ્યર્થમાં બરબાદ કરવા સમાન છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''હું કોણ? એ જાણ્યા વિના આત્મા શું સ્વરૂપે છે, કઈ હદમાં છે, શું કરી શકે છે? એનો વિવેક જેને નથી એવા કુગુરુને મુમુક્ષુ ન માને. અહીં આત્મજ્ઞાન પ્રધાન કહ્યું છે. જગતની સમજણ ઝાઝી*

હોય કે ન હોય, ભલે શ્રુતજ્ઞાન થોડું હોય, પણ જેને આત્મજ્ઞાન હોય અને આત્માની સહજ આનંદદશા-સ્વરૂપસ્થિતિ જેને હોય તે જ્ઞાની છે; ત્યાં મુનિપણું હોય છે. જેને સાચા માર્ગનું ભાન નથી તે બીજાને માર્ગદાતા થાય તેમ બને નહીં, પ્રથમ કહ્યું હતું કે લક્ષણો નિષ્પક્ષપાતપણે કહીશ, તેથી જેમ છે તેમ અહીં કહેવાયું છે. આમ લુગડાં રાખે તો મુનિપણું, આમ ક્રિયા કરે તો મુનિપણું વગેરે. એમ બાહ્ય લક્ષણને મુનિપણું નથી કહ્યું, પણ ડાંડી પીટીને જાહેર કર્યું છે કે, આત્મજ્ઞાન ત્યાં મુનિપણું છે. બાકી કુળગુરુના મારાપણાના કલ્પિત આગ્રહથી આત્મજ્ઞાન નથી; એવાને ગુરુ માનવાનું જોખમ આત્માર્થી કરતો નથી. આત્માના સ્વભાવમાં, પરનું લેવું-મૂકવું, વેશ, વાડો કે પરમાણુંની ક્રિયા આવતી નથી. જેવા સિદ્ધ ભગવાન છે એવું જે સ્વસ્વરૂપ-નિવૃત્તપદ જેના ધ્યાનમાં આવ્યું નથી, તે-રૂપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની સ્થિરતા નથી તે જ્ઞાની નથી. જ્યાં બાહ્ય-અભ્યંતર પરિગ્રહ-રહિત મુનિદશા હોય, ત્રણ કષાય રહિત સ્થિરતા સહિત આત્મજ્ઞાન હોય ત્યાં મુનિપણું હોય જ; પણ જ્યાં આત્મજ્ઞાન ન હોય ત્યાં મુનિપણું ન જ હોય. એ જ્ઞાનીનું લક્ષણ નિર્દોષપણે બાંધ્યું છે. આત્માના ગુણ આત્મામાં જ રહે, ક્યાંય બહાર ન હોય. યશકીર્તિ નામકર્મનો ઉદય હોય અને કદી ઝાઝા માનનારા મળ્યા, તેમાં આત્મધર્મ ક્યાં આવ્યો ? અહિંસા શું ? તેની ખબર વિના કહે અમે જગતનો ઉપકાર કરીએ છીએ, દયા સિવાય બીજો ધર્મ નથી, માટે બધા જીવોની–બીજાની દયા આપણે પાળવી. એ સિદ્ધાંતને મુખ્ય કરીને આત્માનો ધર્મ માને, પણ અરાગીપણું કોને કહે ? તેનો પરિચય, તેનો પુરુષાર્થ કેમ કરવો ? તેની ખબર જેને હોતી નથી તે સાચા ગુરુ નથી. નિજપદ પૂર્ણ અખંડ જ્ઞાનમય શુદ્ધ



સ્વરૂપે છે તેની યથાર્થપણે શ્રદ્ધા, પ્રતીત તે સમ્યગ્દર્શન–સ્વાનુભવ છે, તેમાં આંધળી અર્પણતા નથી, મનની ધારણા નથી. બીજાએ કહ્યું તે ધારી લીધું એ કામનું નથી, કારણ કે **તત્ત્વ પરાધીન નથી. પોતાની જાતની સમજણ પોતાવડે કરે તો સદ્‌ગુરુ પરમ ઉપકારી નિમિત્ત કહેવાય, પોતે પ્રતીત કરીને યથાર્થપણું જાણ્યું અને ઉપકાર માન્યો ત્યારે પોતાનું બહુમાન આવ્યું અને નમ્રતા આવી.**

❁

**પ્રત્યક્ષ સદ્‌ગુરુપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;**
**ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫**

પ્રત્યક્ષ સદ્‌ગુરુની પ્રાપ્તિ પુણ્ય કર્મના ઉદયના નિમિત્તથી થાય છે, જ્યારે સદ્‌ગુરુના વચનનું અનુભવરૂપ પરિણમવું અને આત્મજ્ઞાન થવું; એ પુરુષાર્થથી થાય છે. તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ કે સદ્‌ગુરુનો ઉપદેશ સાંભળતા હોય, તે દરેક જીવ પુણ્યશાળી તો છે જ પરંતુ તે પુરુષાર્થી પણ હોવો જ જોઈએ એવો કોઈ નિયમ નથી. આ જીવે પૂર્વમાં અનેકવાર તીર્થંકર પ્રભુની સાક્ષાત્ વાણી સાંભળી પરંતુ આત્માનુભવનો પુરુષાર્થ ન કર્યો. એક વાત હંમેશાં યાદ રાખવી કે પુરુષાર્થનું ફળ વીતરાગતા છે તેથી ભગવાન કે ગુરુની સાક્ષાત્‌વાણી સાંભળીને પણ વીતરાગતા કે અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થતું નથી. **જેનાથી પુણ્યનો બંધ થાય તેને આત્મિક પુરુષાર્થ ન જ કહેવાય. પુરુષાર્થના ફળમાં બંધન નહિ પણ મુક્તિ પ્રાપ્ત થાય છે. ખરેખર પુરુષાર્થનું ફળ મોક્ષ છે.**

આ પંચમકાળમાં ભારતની ભૂમિ પર, કોઈ જીવનો એવો આત્મિક પુરુષાર્થ હોતો નથી કે, તે ભગવાન થઈ શકે અને એવું કોઈ જીવનું પુણ્ય પણ હોતું નથી કે તેને આ ભૂમિપર આ કાળમાં સાક્ષાત્ ભગવાનનો યોગ થાય. આ કાળમાં, આ દેશમાં આવા પુરુષાર્થી અને પુણ્યશાળી, એમ બંનેની હયાતી નથી. પરંતુ એ ન ભૂલવું જોઈએ કે, આ કાળમાં, આ દેશમાં આત્મજ્ઞાની સદ્‌ગુરુ થઈ શકાય એવો પુરુષાર્થ સંભવ છે અને તેવા પુણ્યશાળી જીવો પણ હોય છે, જેમને સદ્‌ગુરુનો યોગ થાય છે. જ્યારે સદ્‌ગુરુનો પ્રત્યક્ષ યોગ થાય ત્યારે જીવ સદ્‌ગુરુને સર્વસ્વ સમર્પણ કરી દે છે. સદ્‌ગુરુનો પ્રત્યક્ષ યોગ થવો એટલે પ્રત્યક્ષ મળેલા સદ્‌ગુરુને ઓળખવા. **પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારના સદ્‌ગુરુ ન હોય તો નૈસર્ગિક અને અધિગમજ એમ બે પ્રકારના સમ્યગ્દર્શન પણ ન હોત.** તેથી પ્રત્યક્ષ સદ્‌ગુરુની મહિમાનું સ્વરૂપ બતાવતાં આગળ કહે છે કે, જ્યારે જીવને સદ્‌ગુરુનો પ્રત્યક્ષ યોગ થાય છે, ત્યારે જીવ પોતાના ત્રણેય યોગથી સદ્‌ગુરુની આજ્ઞાનું પાલન કરે છે. ત્રણેય યોગનો અર્થ મન-વચન-કાયા સમજવો. આજના આ યુગમાં ત્રણેય યોગનો અર્થ તન-મન-ધનના રૂપમાં લેવામાં આવતો હોય છે. જે અર્થ ઠીક નથી. જો તન-મન-ધનથી સદ્‌ગુરુની આજ્ઞા પાળીને આત્માર્થીપણું પ્રગટ થતું હોય તો નિર્ધન લોકો આત્માર્થી બની ન શકત. કારણ કે, તન અને મન તો દરેક મનુષ્ય પાસે હોય છે પરંતુ ધન પણ હોય જ, એવો નિયમ નથી. તેથી તન-મન-ધનથી સદ્‌ગુરુની આજ્ઞા પાળવા કરતાં, મન-વચન-કાયાની એકતાપૂર્વક આજ્ઞા પાળવી જોઈએ. એવો કોઈ મનુષ્ય નથી જેને મન-વચન-કાયા ન હોય, તેથી ત્રણેય યોગની એકતાથી આજ્ઞાનું પાલન કરવું એ આત્માર્થી જીવનું પરમ કર્તવ્ય છે. મિષ્ટવચન બોલવાથી, બે હાથ જોડવાથી, સદ્‌ગુરુના ચરણ સ્પર્શવાથી, સદ્‌ગુરુને પોતાનું મસ્તક ઝુકાવવાથી, એટલે કે વચન અને કાયા માત્રથી સદ્‌ગુરુની આજ્ઞા પાળવાથી આત્માર્થી ન કહેવાય. સાથે-સાથે મનથી પણ સમર્પણભાવ હોવો જોઈએ. **પોતાના હૃદયમાં સદ્‌ગુરુને સ્થાન મળવું જોઈએ.** સદ્‌ગુરુની આજ્ઞારૂપે વર્તવું તે ચારિત્રથી સંબંધિત છે. જ્યાં ચારિત્ર હોય ત્યાં શ્રદ્ધા તથા જ્ઞાન તો હોય જ. આમ શ્રદ્ધા, જ્ઞાન તથા ચારિત્રથી સદ્‌ગુરુની આજ્ઞા પાળે તે આત્માર્થી છે.



અહીં કોઈ એમ કહે અમે સદ્‌ગુરુની આજ્ઞાનું પાલન કરતા રહીશું તો, પોતાના આત્માનું હિત ક્યારે કરીશું ? તેને કહે છે ભાઈ ! સદ્‌ગુરુની આજ્ઞા તારા આત્માના હિત માટે જ છે. સદ્‌ગુરુ હંમેશાં એમ જ કહેશે કે, અહીંથી ગયા પછી, તારે અહીં મારી પાસે આવવું જ ન પડે, એવી ભાવના ભાવું છું. એનો અર્થ એ થયો કે તું પોતાનામાં લીન થઈ જા અને તને સદ્‌ગુરુની જરૂર પણ ન પડે. જ્યારે કુગુરુની એ ભાવના હોય છે કે મારો શિષ્ય મને છોડીને ન જાય. હંમેશાં મારા પર આધીન રહે. આમ સદ્‌ગુરુની આજ્ઞા પણ અનેરી હોય છે. તે રૂપે વર્તવાથી જીવનું હિત જ થાય છે.

❁

**એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;**
**પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬**

કાળચક્રનું પરિવર્તન, એ કાળનો સ્વભાવ છે તથા આત્માના

સ્વરૂપનું નહિ પલટાવું, તે આત્માનો સ્વભાવ છે. ધર્મનો સંબંધ આત્મા સાથે હોવાથી, આત્માની જેમ, આત્માના ધર્મનું સ્વરૂપ પણ બદલાતું નથી, ત્રિકાળ એકરૂપ જ રહે છે. પરમાર્થ અર્થાત્ મોક્ષ એટલે પરમાર્થના પંથને મોક્ષમાર્ગ કહેવાય છે. પરમાર્થની પ્રાપ્તિ વ્યવહાર વિના સંભવ નથી. તેથી પ્રથમ ભૂમિકાવાળા જીવોએ એવા વ્યવહારનો આશ્રય લેવો જોઈએ કે જે પરમાર્થની પ્રાપ્તિ કરાવે.

માત્ર કાળથી જ નહિ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ધર્મનું સ્વરૂપ, મોક્ષમાર્ગનું સ્વરૂપ એક જ રહે છે.

દ્રવ્યની અપેક્ષાએ, ચારગતિના સમૂહરૂપી આ સંસારમાં રહેલા બધાં જીવોનો ધર્મ એક જ છે. દરેક જીવને પોતાનું સ્વરૂપ સમજવાથી જ મોક્ષમાર્ગ મળે છે. કોઈ અન્ય પ્રકારે ક્રિયાકાંડ કરવાથી મોક્ષમાર્ગ મળી શકતો જ નથી. મનુષ્યને જે વિધિથી મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે, તે જ વિધિથી દેવ, તિર્યંચ અને નારકીને પણ મોક્ષમાર્ગ સંભવે છે. આત્માનુભૂતિ વિના કોઈને પણ ધર્મ થતો નથી.

ક્ષેત્રની અપેક્ષાએ, ભરતક્ષેત્ર અને વિદેહક્ષેત્રમાં પરમાર્થનો પંથ અલગ હોય એમ નથી. જે ઉપદેશ મહાવીર ભગવાન વગેરે ચોવીશ તીર્થંકરોએ ભરતક્ષેત્રમાં આપ્યો હતો, તે જ ઉપદેશ સીમંધર ભગવાન વગેરે ૨૦ તીર્થંકરો વર્તમાનમાં આપી રહ્યાં છે. આમ, ભારત હોય કે અમેરિકા હોય આત્માનુભૂતિ વિના, કયાંય પણ ધર્મ થતો નથી.

કાળની અપેક્ષાએ, અહીં ચોથો કાળ હોય કે પાંચમો કાળ હોય, પણ ધર્મનું સ્વરૂપ બદલાતું નથી. મહાવીર ભગવાનના કાળમાં અહિંસાથી જ ધર્મ થતો અને આ કાળમાં પણ અહિંસાથી જ ધર્મ



થાય છે. કોઈ કહે છે કે, પહેલાંના જમાનામાં લાઈટ હતી નહિ એટલે રાત્રિભોજનના ત્યાગનો ઉપદેશ આપ્યો હતો પણ હવે આ કાળમાં તો રાત્રે પણ એટલી લાઈટ (પ્રકાશ) હોય છે કે, દિવસ અને રાત જેવું અંતર જ લાગતું નથી. જ્ઞાની તેને કહે છે કે, **ગમે તેટલી લાઈટ (પ્રકાશ) હોય તો પણ સૂર્યપ્રકાશની ગેરહાજરીથી ઉત્પન્ન થતાં જીવોને તથા જીવોની હિંસાને રોકવાનું સામર્થ્ય તો કોઈ પણ કૃત્રિમ લાઈટ (પ્રકાશ)માં નથી. તેથી પોતાની મતિ પ્રમાણે કલ્પના નહિ કરી પ્રભુના વચન પર શ્રદ્ધા કરી તું એમ માન કે, કોઈપણ કાળમાં ધર્મનું સ્વરૂપ બદલાતું નથી.** મહાવીર ભગવાનના કાળમાં સંપૂર્ણ પરિગ્રહના ત્યાગથી જ ધર્મ થતો હતો અને આ કાળમાં થોડો પરિગ્રહ હોય તો પણ ચાલે એમ માનવું મિથ્યા છે. ત્રણેય કાળમાં એક દોરા માત્રનો બાહ્ય પરિગ્રહ કે સૂક્ષ્મરાગનો અંશ પણ મુક્તિની પ્રાપ્તિમાં બાધક જ છે. કાળ બદલાઈ જવાથી ધર્મમાં થોડી પણ છૂટ મળતી નથી. ભવનો અભાવ કરાવે તે માર્ગમાં છૂટછાટને કોઈ સ્થાન નથી. આત્માનુભૂતિ વિના, ક્યારેય ધર્મ થતો નથી.

ભાવની અપેક્ષાએ, અશુભભાવ તો અધર્મ જ છે. સાથે સાથે શુભભાવ પણ અધર્મ જ છે અને સંસારનું જ કારણ છે. કૃપાળુદેવ કે કાનજીસ્વામીએ ધર્મ કર્યો એટલે સ્વર્ગમાં ગયા એમ નથી. તેમણે પુણ્ય નામનો શુભ ભાવરૂપી અધર્મ કર્યો હતો તેના ફળમાં દેવગતિ પ્રાપ્ત થઈ. ધર્મના ફળમાં દેવગતિ મળતી નથી. જે સંસારની ગતિનો અભાવ કરાવે તેવો વીતરાગ ધર્મ શુદ્ધભાવમય જ છે. આત્માનુભૂતિ સ્વરૂપ શુદ્ધભાવ વિના કોઈ પણ રીતે ધર્મ થતો નથી. શુદ્ધ સોનામાં લેશ માત્ર તાંબાનો ભેગ ચાલે નહિ. આપ આ વાત વાંચીને ચોંકી

ન જશો, પરંતુ તાત્ત્વિક સિદ્ધાંતની દૃષ્ટિએ વિચાર કરીને વસ્તુ સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરશો.

**એ વ્યવહાર જ ખરો વ્યવહાર કહેવાય જે પરમાર્થ સુધી પહોંચવાની પ્રેરણા આપે. વ્યવહારમાં અટકાવે તે વ્યવહાર નહિ પણ વ્યવહારાભાસ છે.** જેની ચર્ચા પ્રારંભમાં થઈ ચૂકી છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“ગમે તેવા ગુરુ ગમે તે વ્યવહાર બતાવે તેનાથી મોક્ષ થઈ જશે એ માન્યતા ખોટી છે એમ અહીં બતાવે છે. આત્માનો માર્ગ અતીન્દ્રિય-લોકોત્તર છે, ભાવનગર ગમે તે રસ્તે ગમે તે સાધનથી જઈ શકાય તેમ લોકોમાં કહેવાય છે, પણ ભાવનગરની દિશા અવશ્ય હોવી જોઈએ. તે દિશા-માર્ગનું જ્ઞાન જોઈએ, પણ તે ન જાણે અને વિરુદ્ધ દિશામાં જાય, છતાં ભાવનગર જાઉં છું એમ માને; તો જે ગામ ધાર્યું છે ત્યાં નહિ પહોંચાય. તેમ અંતરંગ અકષાયભાવની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાનું લક્ષ, વિધિ-નિષેધ સહિત જાણ્યા વિના, આ લોકોત્તર માર્ગ કેમ પમાશે ? માટે વર્તમાન જ્ઞાનદશાનો પુરુષાર્થ જે પુરુષને પ્રાપ્ત છે તેના સંગ વડે આત્મધર્મ પમાય છે. સર્વજ્ઞ-વીતરાગનો અવિરોધ આત્મધર્મ સ્યાદ્‌વાદસ્વરૂપ માર્ગ છે તે એક જ મોક્ષમાર્ગ છે. તે પરમાર્થનો પંથ એક જ છે. રાગ-દ્વેષ અને અજ્ઞાન રહિત કેમ થવાય ? એ જાણવાનો અપૂર્વ મોક્ષમાર્ગ જ્યાંત્યાં નથી કે ઝટ પકડી લઈએ, વર્તમાનમાં તેની પ્રાયઃ દુર્લભતા છે. અનેકાન્ત દૃષ્ટિથી, ન્યાયથી વિરોધ ટાળીને, વીતરાગ પ્રભુએ કહ્યો તે માર્ગ જે સમજે તેને જ મોક્ષમાર્ગ છે. પણ લોકો એમ માને કે ગમે તે વેષ-*



*મત હોય, પણ આત્માના નામે ધર્મ થશે અને આપણી કલ્પના મુજબ ફળશે; પણ તે ખોટું છે. શુદ્ધ ભાવની જાતિના અનુભવ વિના જડભાવના નિમિત્તથી તો જડ ફળશે; માટે સર્વજ્ઞ-વીતરાગ શ્રી જિનદેવે કહેલો લોકોત્તર માર્ગ સમજ્યે જ અંતરથી છૂટવાનો ભાવ (ભણકાર) આવશે. મોક્ષમાર્ગ તો આત્મામાં છે, તે યથાર્થ સત્‌પુરુષના આશ્રયથી પ્રાપ્ત થાય છે, સમજાય છે; પણ લોકો પરભાવથી ધર્મ માને છે. પરમાં કર્તાબુદ્ધિ હોવા છતાં અનાસક્તિથી કંઈ દયા, સેવા આદિ કરીએ તે આપણો ધર્મ છે એમ માને છે, એનો અર્થ એમ થયો કે રાગથી, પરભાવથી, અકષાય-અરાગી આત્મધર્મ ઊઘડે, એમ તેણે માન્યું, પણ વિકારથી અવિકારી તત્ત્વ કદી પણ ઊઘડે નહિ. લોકોની સાચી માન્યતા રાખવા અને પુણ્યાદિ શુભ રાગ ત્યાગવા કહીએ તો ભડકે છે, અરે રે ! અમારું કર્યું કાંઈ કામનું નહિ ? તે કેમ છોડાય ? પણ આ તો એવું થયું કે જો અમૃતમાં હું આવી જાઉં તો ઝેર ખસી જશે, એટલે કે હું શુદ્ધ આત્મામાં રહીશ તો આ શુભ પરિણામ (જે મલિનભાવ છે તે) એટલે કે અમારાં પુણ્ય ઊડી જશે. લોકો કહે છે, અમારે કરવું શું ? તેમને જ્ઞાની કહે છે કે, તમે જ્ઞાતા છો તો વિપરીત અભિપ્રાય છોડી જ્ઞાતાપણું સમજીને રાગરહિત જ્ઞાનમાં ટકવું, બીજું કાંઈ તમારાથી થતું જ નથી; માત્ર કુજ્ઞાન અને રાગ-દ્વેષ અથવા અરાગી ભાવ અને સુજ્ઞાન જીવતી થઈ શકે છે, પુણ્ય તો જ્ઞાનીને પણ સહેજે બંધાઈ જાય છે, પણ તે પુણ્ય અજ્ઞાની બાંધે છે તેના કરતાં જુદી જાતનું અને અનંતગણું અધિક હોય છે. જોગાનુજોગ બહારની ક્રિયા થઈ જાય, તેથી કાંઈ તે ક્રિયા કોઈ જીવની કરી થઈ નથી. જે દાનાદિની બાહ્ય ક્રિયા થવાની*

*છે, તે અટકવાની નથી. ચૈતન્ય જ્ઞાતા તો એ બાહ્ય ક્રિયાનો અકર્તા છે, દેહાદિની ક્રિયા થાય તેને જાણે છે.* ***જ્ઞાની પુણ્યપરિણામને પોતાના માનતા નથી, ઉદયકર્મનું ફળ જાણે છે.*** *શુભરાગ-દયાના પરિણામ થઈ જાય, તેનું જ્ઞાનીને સ્વામીપણું નથી એટલે કે તેમાં મારાપણું નથી. શુભરાગને પોતાનો સ્વભાવ માન્યો નથી, તેથી તેમાં કર્તાપણું નથી. એ પરભાવ છે, જડભાવ છે, સર્વથા હેય છે; છતાં જ્ઞાની ધર્માત્મા જ્યાં લગી નીચલી ભૂમિકામાં છે, ત્યાં લગી સમ્યગ્ અભિપ્રાય સહિત અરાગી તત્ત્વદૃષ્ટિના ભાનપૂર્વક દયા, દાનાદિ શુભ જોગ તેને થઈ જાય છે, પણ તેને શ્રદ્ધામાં હેય જાણે છે.''*

❁

**એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ;**
**કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭**

આ કાળમાં સદ્ગુરુના યોગ વિના પરમાર્થ સમજવો અઘરો છે, એવો અંતરંગમાં વિચાર કરી જીવે સદ્ગુરુની શોધ કરવી જોઈએ. સદ્ગુરુ બે પ્રકારના હોય છે. (૧) આત્મજ્ઞાની સાધુ (૨) આત્મજ્ઞાની ગૃહસ્થ.

આત્મજ્ઞાની સાધુ ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક સકલચારિત્રના ધણી છટ્ઠા-સાતમા ગુણસ્થાને ઝુલનારા હોય છે. છટ્ઠા ગુણસ્થાનવર્તી સાધુ અલગ અને સાતમા ગુણસ્થાનવર્તી સાધુ અલગ એમ સાધુ બે પ્રકારના હોતા નથી. એક જ સાધુની બે અવસ્થા હોય છે. એક જ સાધુ છટ્ઠા અને સાતમા ગુણસ્થાનની દશામાં હોય



છે. જ્યારે સાધુ શુદ્ધોપયોગમાં લીન હોય, ત્યારે સાતમું ગુણસ્થાન તથા જ્યારે વિકલ્પાત્મક શુભોપયોગમાં હોય છે ત્યારે છટ્ઠું ગુણ-સ્થાન કહેવાય છે. સંપૂર્ણ પાપ પ્રવૃત્તિના ત્યાગી હોવાથી સાધુને અશુભોપયોગ તો હોતો જ નથી. આપણાં માટે આવા સાધુનો યોગ થવો દુર્લભ છે કારણ કે આપણે જ્યાં રહીએ છીએ એવા શહેરમાં આ સાધુ રહેતા નથી અને તેઓ જ્યાં રહે છે એવા વન-જંગલમાં આપણે જતાં નથી.

બીજા પ્રકારના સદ્ગુરુ, ગૃહસ્થ પણ હોય શકે છે પણ તે ગુરુને ણમોકારમંત્રમાં નમસ્કાર કર્યા નથી. નવકારમંત્રમાં તો માત્ર છટ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી ભાવલિંગી મુનિને જ નમસ્કાર કર્યા છે. કારણ કે ચાર દિવાલ અને છત નીચે રહેવું તથા વસ્ત્રનો દોરા માત્ર પરિગ્રહ પણ રાખવો, તે સાધુનું લક્ષણ નથી. ચોથા અથવા પાંચમા ગુણસ્થાનવર્તી ગૃહસ્થ હોવા છતાં સમ્યગ્જ્ઞાનથી સુશોભિત હોવાથી સદ્ગુરુ કહેવાય છે. કૃપાળુદેવ અને કાનજીસ્વામી સાધુ ન હતા પણ આત્મજ્ઞાની તો હતા જ. તેથી તેમનો યોગ પણ આત્માર્થી જીવ માટે સદ્ગુરુનો યોગ મળ્યો એમ કહેવાય.

સદ્ગુરુને શોધવાનો અર્થ એમ નથી કે ગલી-ગલીમાં જઈને સદ્ગુરુને શોધવા. **ખરેખર તો સદ્ગુરુના સાચા સ્વરૂપને ઓળખવું એ જ સદ્ગુરુની શોધ છે. સદ્ગુરુનું મહત્વ બતાવવાનું કારણ એ છે કે, જે વાત સદ્ગુરુના વચનોને અનેકવાર સાંભળવાથી સમજાય છે તે જ વાત સદ્ગુરુના આચરણને દેખીને સમજી શકાય છે.**

સદ્ગુરુની સાચી શોધ તો આપણે શરૂ કરી જ નથી અને એવું

લાગતું પણ નથી, કે સદ્‌ગુરુ વિના અત્યારે આપણે અધુરાં છીએ. દરેક વ્યક્તિએ, પોતાને સદ્‌ગુરુ માનીને બેઠા રહેવું છે. અર્થાત્ હું કાંઈક જાણું છું અને મારામાં સર્વ પ્રશ્નોનું સમાધાન કરવાની શક્તિ છે. એમ માનીને ત્યાં જ અટકી જાય છે. કોઈ જીવ એવા છે, સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય કે ન થાય, તેનાથી તેમને કોઈ ફરક પડતો નથી, એમ તે માને છે. કારણ કે સાચી ભાવનાથી કરાયેલી શોધના ફળમાં જો ભગવાન પણ મળતા હોય તો સદ્‌ગુરુ કેમ ન મળે ? અવશ્ય મળે.

આત્માના હિત અર્થે સદ્‌ગુરુની શોધ કરવી જોઈએ. બીજો કોઈ રોગ ન હોવાનો અર્થ એ છે કે,, આત્માર્થનું કાર્ય કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ પણ નહિ હોવો જોઈએ. આત્માર્થીની દરેક ક્રિયા, આત્માર્થના લક્ષ્યે જ થતી હોય છે. જેવી રીતે કોઈ વ્યક્તિ કરોડપતિ બનવા માંગે છે, ત્યારે તેની દરેક ક્રિયામાં કરોડપતિ બનવાનું લક્ષ્ય સમાયેલું છે. તે ઓફિસ જાય છે, જમે છે, ઊંઘે છે, એ બધાં કાર્યમાં એક જ ધ્યેય છે કે; મારે કરોડપતિ બનવું છે. જો હું જમીશ નહિ તો કામ નહિ કરી શકું, પૂરતી ઊંઘ નહિ લઉં તો ઓફિસમાં કંટાળો આવશે અને મારું કાર્ય વ્યવસ્થિત રીતે નહિ કરી શકું. તેથી તેની જમવાની, ઊંઘવાની, વગેરે દરેક ક્રિયા કરોડપતિ બનવાના લક્ષ્યે જ થાય છે. તેવી રીતે આત્માર્થી જમે છે તો પણ આત્મા માટે અને ઊંઘે છે તો પણ આત્મા માટે. કારણ કે જમ્યા વિના કે ઊંઘ્યા વિના બિમાર પડશે તો આત્મહિતમાં બાધા આવશે; તેથી પોતાની ભૂમિકાનુસાર દરેક ક્રિયા કરતો હોવા છતાં, તે ક્રિયામાં પોતાનું આત્મહિત છોડતો નથી. તેથી તે જ ખરો આત્માર્થી છે.



**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;**
**ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮**

આત્માર્થી જીવના લક્ષણો બતાવતા કૃપાળુદેવ આગળ એમ કહે છે કે, કષાયની ઉપશાંતતા અને એક માત્ર મોક્ષની અભિલાષા એ આત્માર્થીના મુખ્ય લક્ષણો છે. ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાયભાવ પાતળા થયા વિના આત્માર્થીપણું પ્રગટતું નથી. તીવ્ર કષાયભાવોનું મંદકષાયરૂપે પરિણમવું; તેને કષાયની ઉપશાંતતા કહેવાય છે. આગમમાં પંચલબ્ધિના વર્ણનમાં વિશુદ્ધિલબ્ધિ બીજા ક્રમે છે અને કરણલબ્ધિ પાંચમાં ક્રમે છે. વિશુદ્ધિનો અર્થ અનંતાનુબંધી કષાયભાવનું એવું પાતળા પડવું કે, જેનાથી સદ્‌ગુરુનો ઉપદેશ રુચે. તે જ કારણ છે કે વિશુદ્ધિલબ્ધિ બાદ દેશનાલબ્ધિ પ્રગટે છે અને કરણલબ્ધિ એટલે અનંતાનુબંધી કષાયના અભાવથી એક અંતર્મુર્હૂત દૂર આત્માની અવસ્થા. **ગુરુની દેશના પ્રાપ્ત કરવા માટે વિશુદ્ધિલબ્ધિ પણ આત્માનુભવ માટે કરણલબ્ધિની અનિવાર્યતા છે.** તેથી આત્માર્થીનું પ્રથમ લક્ષણ કષાયની ઉપશાંતતા બતાવ્યું છે. આત્માર્થી જીવને મોક્ષની પ્રાપ્તિ કરવાનું જ એક માત્ર ધ્યેય હોય છે. દરેક જીવે એ વિચાર કરવો જોઈએ કે, શું પોતાને મોક્ષે જવાની અભિલાષા છે ? અરે ! મોક્ષપ્રાપ્તિની અભિલાષા તો દૂર, સર્વપ્રથમ મોક્ષ છે; એ વાતનો વિશ્વાસ છે કે નહિ ? મોટાભાગના લોકો કહે છે, મારે મોક્ષે જવું છે, તે વિચાર કરે છે કે જેમ અમેરિકા જવાનું હોય, એમ મોક્ષ નામની કોઈ જગ્યા છે કે જ્યાં આ દેહ સાથે જવાનું છે. પરંતુ જ્ઞાની સ્પષ્ટ કહે છે કે, મોક્ષ કોઈ જગ્યાનું નામ નથી. જેમ

ભારત, લંડન, અમેરિકા વગેરે જગ્યા છે, એવી રીતે મોક્ષ નામની કોઈ જગ્યા નથી. આત્માની પરિપૂર્ણ શુદ્ધપર્યાય અથવા અવસ્થાને મોક્ષ કહેવાય છે. મોક્ષે જવાનું નથી પરંતુ મોક્ષરૂપે પરિણમવું તેને મોક્ષપ્રાપ્તિ કહે છે. મોક્ષ થતાં આત્મા લોકાગ્રે સ્થિત થાય છે. લોકનો અગ્રભાગ એ સ્થાન છે. અને આત્માર્થીને એ સ્થાન પર બિરાજમાન થવાની પણ અભિલાષા હોતી નથી કારણ કે સંયોગોની જેમ સ્થાન પણ સુખ-દુઃખનું કારણ નથી. સિદ્ધશિલા પર જ્યાં સિદ્ધભગવાન સ્થિત છે ત્યાં અનંત નિગોદિયા જીવો પણ રહેલા છે. ત્યાં સિદ્ધનું અને નિગોદિયાનું અવગાહત સ્થાન એક હોવા છતાં, પણ સિદ્ધ-ભગવાન અનંત સુખી છે અને નિગોદિયા જીવો અનંત દુઃખી છે. તેથી એમ ન સમજવું કે સિદ્ધભગવાનની સાથે રહેલાં નિગોદિયા જીવોને થોડું ઓછું દુઃખ થતું હશે. અહીં સુધી કે, નિગોદિયા જીવોને સિદ્ધભગવાનનો કોઈ પ્રભાવ પડતો નથી. પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા કે સમ્યગ્દર્શન વિના ચક્રવર્તી થવા કરતાં સમ્યગ્દર્શન સહિત નરકનો ભવ પણ ઉત્તમ છે. આમ, કોઈ ગતિ જીવને પ્રભાવિત કરી શકતી નથી.

આત્માર્થી જીવને હવે સંસારનો થાક લાગ્યો છે. તેથી તેને હવે સંસારની કોઈ પણ ગતિમાં જન્મ લેવો નથી. તેને પળે પળે સંસારથી ખેદ વર્તે છે. પોતે એમ વિચારવું કે, શું મને સંસાર દુઃખરૂપ લાગ્યો છે? જો તમને ગુરુ એમ કહે કે, ચાલો, એક ગાડી મોક્ષમાં જઈ રહી છે. શું તમારે જવું છે? હા, પણ એક શર્ત છે કે, એક વાર મોક્ષમાં ગયા પછી તમે સંસારમાં પાછા નહિ આવી શકો. ત્યારે તે



વ્યક્તિ એકવાર વિચાર કરે છે. જવું કે નહિ? ત્યારે જ્ઞાની કહે છે, તને વગર મહેનતે મોક્ષ આપીએ છીએ, તો પણ તું વિચારવાનો સમય માંગે છે; તો મહેનત કરીને મોક્ષ તો ક્યારે પ્રાપ્ત કરીશ? ખરેખર તો આ રીતે કોઈના લઈ જવાથી પુરુષાર્થ વિના મોક્ષ મળતો નથી પરંતુ આ તો જીવને ભવભ્રમણનો થાક કેવો લાગ્યો છે એ જાણવા ગુરુએ તેની કસોટી કરી હતી. **આત્માર્થી જીવ સ્વદયાના લક્ષ્યે પરદયા કરે છે.** આત્માર્થી જીવને પરજીવોની રક્ષાનો ભાવ આવવો જોઈએ. આવવો જોઈએ નહિ, પણ આવતો જ હોય છે. ભૂખ્યા કે તરસ્યાને જોઈને તેને ખાવા-પીવાનું આપવું; એવો ઉપદેશ તો જગતમાં સર્વત્ર મળતો હોય છે, પરંતુ જૈનદર્શનની વિશેષતા એ છે કે તમે જેને જમવાનું આપ્યું તેનું અભિમાન નહિ કરો કારણ કે તેને જમવાનું મળ્યું, એમાં તેનું પણ એટલું પુણ્ય ખર્ચાયું છે. આમ, **દયા પાળીને પણ તેમાં કર્તૃત્વ ન કરવું, તે આત્માર્થીનું લક્ષણ છે.**

❀

**દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;**
**મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯**

આત્માર્થીપણું પ્રગટ થયા વિના આત્મજ્ઞાન થતું નથી તેથી આત્માર્થીપણું પ્રગટ કરવા માટે કૃપાળુદેવ પ્રેરણા આપે છે. દરેક જીવની પોતાની કોઈક નિશ્ચિત દશા હોય છે. એવો કોઈ જીવ નથી કે જેની કોઈ દશા ન હોય, એટલું જ નહિ દરેક અજીવ દ્રવ્યોની પણ પોત-પોતાની દશા હોય છે. સંસારી જીવની દશાને ગુણસ્થાન કહેવાય છે. તેથી નિગોદિયા જીવથી અરિહંત ભગવાન સુધીના જીવને

ગુણસ્થાનમાં સ્થાન મળ્યું છે. દરેક અજ્ઞાની મિથ્યાદૃષ્ટીની પણ દશા હોય છે, જેની દશાને મિથ્યાત્વ અથવા પ્રથમ ગુણસ્થાન કહેવાય છે. જો કે, મિથ્યાત્વી હોવા છતાં, તેને દશા પામેલો જીવ કહેવો; એમાં અચરજ લાગે પણ એ તો વસ્તુનો સ્વભાવ છે. એટલું ખરૂં કે પ્રથમ ગુણસ્થાનવર્તી અજ્ઞાનીની અવસ્થાને જે દશા કહી છે તે ખરેખર અજ્ઞાનીની દુર્દશા છે. જો અજ્ઞાનીમાં પણ મંદકષાય સહિત પૂર્વે બતાવેલા લક્ષણ હોય, તો તે જીવને કૃપાળુદેવે આત્માર્થી કહ્યો છે. જીવ જ્યાં સુધી સમ્યક્ત્વ સન્મુખ ન થાય ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન પણ પ્રગટ ન થાય, એ સ્વાભાવિક છે. નિજાત્માને નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મથી જુદો માનવાથી સમ્યગ્દર્શન અથવા મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે. મોક્ષમાર્ગ પ્રાપ્ત થયા વિના અનાદિકાળથી ચાલી રહેલા સંસાર પરિભ્રમણ, દુ:ખ અને જન્મ-મરણરૂપી અભ્યંતર રોગ મટી શકતો નથી. જેને સંસાર પરિભ્રમણ દુ:ખરૂપ લાગે, તે જીવ જ આત્માર્થ પ્રગટ કરે એવો નિયમ છે. શરીર કે શરીરની કોઈપણ ક્રિયા, મોક્ષમાર્ગનો આધાર નથી. આત્માના શ્રદ્ધાગુણની પર્યાયનું શુદ્ધ પરિણમન મોક્ષમાર્ગ છે. **આત્મા અનંત ગુણોનો પિંડ હોવાથી, એક શ્રદ્ધાગુણના મિથ્યા પરિણમનને લીધે, અનંતગુણમય આત્મદ્રવ્યનું સંસાર પરિભ્રમણ થાય છે અને દુ:ખ ભોગવવું પડે છે.** જેવી રીતે માથું દુ:ખતું હોય ત્યારે ફરવા જવાનું મન થતું નથી. જોકે ફરવાની ક્રિયા તો પગથી થાય છે પરંતુ પગ અને માથું શરીરના અભિન્ન અંગ હોવાથી એક અંગની બિમારીનું ફળ આખું શરીર ભોગવે છે. તેવી રીતે શ્રદ્ધાગુણના મિથ્યાત્વરૂપ પરિણમનના કારણે આત્માનું ચારગતિ (સંસાર)માં પરિભ્રમણ થાય છે. **શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર,**



**વગેરે ગુણ આત્માના અભિન્ન અંશ હોવાથી એક પર્યાયની ભૂલનું ફળ આત્મા ભોગવે છે અને જન્મ-મરણ કરી દુ:ખી થાય છે. દુ:ખ જ મોટો રોગ છે. અજ્ઞાનથી દુ:ખ થાય છે તેથી અજ્ઞાન જ દુ:ખનું મૂળ કારણ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ દુ:ખરૂપી બિમારીનો ઉપાય છે. આમ પોતાના દુ:ખનું કારણ પોતે છે અને દુ:ખ દૂર કરવાનું કારણ પણ પોતે જ છે. તેથી પોતાના સુખ-દુ:ખનો આધાર કોઈ પરદ્રવ્ય છે જ નહિ.**

આમ જીવ પોતાની ભૂલ સ્વીકારી, તેને દૂર કરી આત્માર્થીપણું પ્રગટ ન કરે, ત્યાં સુધી મોક્ષમાર્ગ પર ચાલી શકે નહિ અને તેનું દુ:ખ પણ મટી શકે નહિ.

❁

**આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦**

આત્માર્થી જીવને સદ્ગુરુનો બોધ રુચે છે તેથી આત્માર્થીની દશા પણ મિથ્યાદૃષ્ટીમાં સદ્ગુણોની દૃષ્ટિએ મોખરે છે. અનાદિ-કાલીન મિથ્યાત્વભાવ સહિત દરેક મિથ્યાદૃષ્ટી પ્રથમ ગુણસ્થાનવર્તી જ હોય છે. પરંતુ તેમાં પણ કોઈક જીવ નિકટભવ્ય હોય છે. આત્માર્થીપણું પ્રગટ થવાથી આત્મજ્ઞાન નજીક છે અથવા એમ પણ કહેવાય કે આત્મજ્ઞાનથી નિકટ જીવમાં આત્માર્થીના લક્ષણો જોવામાં આવે છે. સદ્ગુરુનો બોધ રુચ્યો હોય, તેને જગતના પંચેન્દ્રિય વિષયભોગો ન રુચે. સદ્ગુરુ બોધ આપે ત્યારે તેને ઊંઘ, કંટાળો, આળસ, બગાસા ન આવે. જેવી રીતે રુચતા ભોગો ભોગવતી વખતે

ઊંઘ, કંટાળો, આળસ કે બગાસા વગેરે પ્રમાદના ચિન્હો ઉત્પન્ન થતાં નથી, તેવી રીતે આત્માનુભવનું કારણ એવા સદ્‌ગુરુના બોધને સાંભળતા પ્રમાદ ન થવો જોઈએ.

સદ્‌ગુરુના મૂળ આશયને ગ્રહણ કરવો જોઈએ. સદ્‌ગુરુ વાણીમાં, જે યુક્તિ, તર્ક, દૃષ્ટાંત, વગેરે સમજણના સાધનોનો પ્રયોગ થાય છે, તે માત્ર જીવને મૂળ સિદ્ધાંતનું જ્ઞાન કરાવવા માટે જ હોય છે. પરંતુ જો કોઈ શિષ્ય દાખલા-દલીલો યાદ રાખે અને મૂળ સિદ્ધાંતને ભૂલી જાય તો તે સદ્‌ગુરુના આશયને સમજી શકે નહિ અને આત્માનુભવ કરી શકે નહિ.

ક્ષયોપશમજ્ઞાનને વિશેષરૂપે પ્રાપ્ત કરેલાં મિથ્યાદૃષ્ટી વિદ્વાન કરતાં અલ્પ ક્ષયોપશમ જ્ઞાની સમ્યગ્દૃષ્ટીનો ઉપદેશ સાંભળવો વધુ હિતાવહ છે કારણ કે, સમ્યગ્દૃષ્ટીનો ઉપદેશ, શિષ્યને આત્મજ્ઞાન થવાં માટે પ્રત્યક્ષ કારણ બને છે.

**પ્રત્યેક દ્રવ્ય અનેકાંતસ્વરૂપી છે. તેથી છ દ્રવ્યના સમૂહરૂપ સંપૂર્ણ જગત પણ અનેકાંતસ્વરૂપી છે. પરંતુ અજ્ઞાનીની માન્યતામાં એકાંત હોવાથી તે જગતનું સ્વરૂપ સમજતો નથી. સદ્‌ગુરુ દ્વારા શિષ્યને અનેકાંતદૃષ્ટિથી જગતને જાણવાની કળા શિખવા મળે છે.**

તત્ત્વજ્ઞાન પ્રાપ્તિનો સંતોષ થતાં, જીવનું જ્ઞાન વિકસતું નથી. એક પ્રશ્નનો ઉતર મળતાં જો સંતોષાઈ જાય તો તેની વિચારશ્રેણી રૂંધાય જાય છે. તેથી એક પ્રશ્નનો ઉતર મળતાં તે ઉત્તરમાંથી બીજા પણ અનેક પ્રશ્ન થવા જોઈએ. જો એક ઉત્તરમાંથી બીજો નવો પ્રશ્ન ન ઉદ્‌ભવે તો એમ સમજવું કે તેને પહેલો પ્રશ્ન સંપૂર્ણ રીતે સમજાયો



નથી અથવા તો તેને સંપૂર્ણ જિનાગમ સમજાઈ ગયું છે. આત્માનુભવ વિના તો સંપૂર્ણ જિનાગમ સમજાતું નથી કારણ કે, સંપૂર્ણ જિનાગમનું કેન્દ્રબિંદુ આત્માનુભવ છે. તેથી અજ્ઞાનીને વિશેષ જિજ્ઞાસાના અભાવમાં નવીન પ્રશ્નો ન થવા, તે એમ સિદ્ધ કરે છે કે તેને હજુ પહેલાં સમજાવેલું પણ કંઈ સમજાયું નથી. તેથી તેણે નિરંતર તત્ત્વનો વિચાર કરવો જોઈએ. **વિચારથી જ જ્ઞાન વિકસિત થાય છે અને જ્ઞાનનો વિકાસ આત્માનુભવમાં મદદરૂપ બને છે. આત્માનુભવ થતાં અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થાય છે.**

❀

**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧**

આત્માર્થી જીવ કઈ વિધિથી મોક્ષપદ પામે છે; તેના વિષે અહીં સ્પષ્ટતા કરી છે. જે જીવમાં સુવિચારણા પ્રગટે, અર્થાત્ જે શાસ્ત્રના અર્થ કરવાની પદ્ધતિ સમજે ત્યારે, તે જીવ આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે. આત્મજ્ઞાનીને જગતનું સ્વરૂપ અયોગ્ય લાગતું નથી કારણ કે જગતનું સ્વરૂપ અયોગ્ય જ નથી. જ્યારે **અનેક અપેક્ષાથી વસ્તુ સ્વરૂપને જાણવાની કળા પ્રગટે, ત્યારે તે ભવ્યજીવ આત્મજ્ઞાનની સમીપ હોય છે.** સુવિચારણા પ્રગટે ત્યારે આત્માર્થીનું જીવન અધ્યાત્મમય થઈ જાય છે. સદ્‌ગુરુ દ્વારા તે અનેક નયવિવક્ષાઓ જાણે છે. એટલું જ નહિ, જાણેલી નયવિવક્ષાઓથી જગતને પણ જાણે છે. જગતમાં પોતે પણ હોવાથી આત્માર્થી તે સુવિચારણાના બળે પોતાના આત્માને પણ જાણે છે.

જ્યારે આત્મજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે અવિરત સમ્યક્ત્વ નામના ચોથા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ જીવને મોહનીયકર્મની મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય ચોકડીનો અભાવ થાય છે. આઠકર્મની ૧૪૮ પ્રકૃતિના ક્ષય થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. પરંતુ ૧૪૮ પ્રકૃતિમાંથી માત્ર પાંચ અથવા સાત પ્રકૃતિના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયના નિમિત્તથી મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. તેથી સમજી શકાય કે મોક્ષમાર્ગમાં ૧૪૮ કર્મપ્રકૃતિ તો બાધક નથી જ. મિથ્યાત્વ તથા અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા તથા અનંતાનુબંધી લોભ એમ કુલ મળીને પાંચ અથવા મિથ્યાત્વની મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ, સમ્યક્ત્વ અને અનંતાનુબંધી ચોકડી એમ કુલ મળીને સાત પ્રકૃતિ મોક્ષમાર્ગમાં બાધક કહેવાય છે. નિશ્ચયથી તો તે પાંચ અથવા સાત પ્રકૃતિ પણ બાધક નથી. કારણ કે, જ્યારે જીવ પુરુષાર્થના માધ્યમથી સ્વસન્મુખ થાય છે, પોતે પોતાને અનુભવે છે, ત્યારે તે કર્મ પ્રકૃતિનો સહેજે અભાવ થાય છે.

આત્મજ્ઞાની, મોનીયકર્મનો સંપૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાન પામે છે કારણ કે જ્યાં સુધી આત્મામાં મોહનો અંશ પણ રહે, ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટતું નથી. કેવળજ્ઞાન થયા પછી મોહ ઉપજતો જ નથી. કેવળજ્ઞાન પામી ચાર અઘાતિ કર્મોનો પણ ક્ષય કરીને આત્મા નિર્વાણ પામે છે. નિર્વાણપદ પ્રાપ્ત થતાં જન્મ-મરણના ફેરા ટળે છે. સવાલ એ થાય છે કે, જન્મ-મરણનું ચક્ર, જન્મ બંધ કરીને રોકવું કે મરણનો ક્ષય કરીને રોકવું ?

જન્મ-મરણનો અંત મરણથી થાય છે. એવો અટલ નિયમ છે કે



મરણ થયા પછી જન્મ થાય જ. પરંતુ જન્મ થયા પછી મરણ થાય જ, એવો કોઈ નિયમ નથી. કારણ કે જન્મ પછી અપૂર્વ પુરુષાર્થ કરીને જો જીવ નિર્વાણ પામે તો મરણ થતું જ નથી. તે જીવનો નિર્વાણ થાય છે. મરણ તથા નિર્વાણ વચ્ચે ભેદ છે. **આત્મા એક દેહને છોડીને બીજા દેહને ધારણ કરે ત્યારે પહેલાં દેહને છોડવાની ક્રિયાને મરણ થયું એમ કહેવાય અને જ્યારે આત્મા એક દેહને છોડીને બીજા દેહને ધારણ ન કરે પણ સિદ્ધશિલા પર સ્થિત થાય ત્યારે પૂર્વ દેહને છોડવાની ક્રિયાને નિર્વાણ થયો એમ કહેવાય.** નિર્વાણનો અર્થ જ એ છે કે નિઃ વાન થવું. વાન એટલે કે શરીર વિનાના અશરીરી-અદેહી થવું. ભગવાન મહાવીર વગેરે અનંતજીવો એ જન્મ તો લીધો પણ તેમનું મરણ ન થયું કારણ કે, તેઓ નિર્વાણ પામ્યા. આત્મજ્ઞાનથી જ નિર્વાણપદ પ્રાપ્ત થાય છે. સુવિચારણાંથી આત્મજ્ઞાન થાય છે, સદ્‌ગુરુનો બોધ ગમવાથી સુવિચારણા થાય છે. આત્માર્થીને કષાયભાવની મંદતા વગેરે લક્ષણો પ્રગટ્યા હોવાથી સદ્‌ગુરુનો બોધ રુચે છે. તેથી અજ્ઞાનીએ મતાર્થ છોડીને આત્માર્થને અપનાવવો જોઈએ.

❁

**ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;**
**ગુરુ શિષ્ય સંવાદથી, ભાખું ષટ્ પદ આંહીં. ૪૨**

સુવિચારણા વિના મોક્ષ તો શું, પણ મોક્ષનો માર્ગ પણ સમજાતો નથી. તેથી સદ્‌ગુરુથી બોધ લઈને સુવિચારણા પ્રગટ કરવી જોઈએ. મોક્ષમાર્ગને સમજવો એટલે મોક્ષમાર્ગ પામવો. મોક્ષમાર્ગ વીતરાગ

સ્વરૂપ છે. અજ્ઞાનીને આ વાતનું જ્ઞાન હોવા છતાં વીતરાગતા પ્રગટ થઈ નહિ હોવાથી, અજ્ઞાની હજુ મોક્ષમાર્ગ સમજ્યો નથી. વીતરાગતા પ્રગટ થઈ હોત તો એમ કહેવાત કે તેને મોક્ષમાર્ગ સમજાયો છે. પ્રવચન દરમ્યાન ગુરુદેવ વારંવાર કહેતા કે, 'સમજાણું કાંઈ ? ત્યારે તેના શિષ્ય કહેતા, 'જી પ્રભુ, સંભળાયું બધું.' ત્યારે ગુરુદેવ કહેતા, 'માત્ર સાંભળવું જ નહિ, તત્ત્વને સમજવું પણ પડશે કારણ કે તત્ત્વને સાંભળ્યા વિના તત્ત્વ સમજાતું નથી તથા તત્ત્વને સમજ્યાં વિના કોઈ જીવનું ભલું થયું નથી.' આમ મોક્ષમાર્ગ સમજવાની વસ્તુ છે, મોક્ષમાર્ગ અપનાવવાની વસ્તુ છે. માત્ર વચનમાં તત્ત્વના ઊંચા ઊંચા વાક્યો બોલીને પોતાને જ્ઞાની બતાવવાથી, મોક્ષમાર્ગ પ્રગટ થતો નથી.

જૈનધર્મના અનેક ગ્રંથોમાં તે ગ્રંથોના રચયિતાઓએ પોતે પ્રશ્ન ઉપસ્થિત કરીને, પોતે જ તેના ઉત્તર આપીને તત્ત્વનું વિશેષ પ્રકારે સ્પષ્ટીકરણ કર્યું છે. પંડિત ટોડરમલજીએ પણ મોક્ષમાર્ગ પ્રકાશકમાં, અનેક યુક્તિ અને તર્કસહિત પ્રશ્નોત્તર શૈલીથી વિષય-વસ્તુ સમજાવી છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ઉત્તર આપનાર સદ્‌ગુરુની શ્રેણીમાં તો કોઈ અજ્ઞાનીને સ્થાન મળતું નથી. પરંતુ પ્રશ્ન પૂછનાર શિષ્યની કોટિમાં પણ તેને તો જ સ્થાન મળી શકે, જો તે પોતે આત્મસિદ્ધિ શાસ્ત્રનો અભ્યાસ કરીને, આત્માનુભવ પ્રાપ્ત કરવાનો હોય. કારણ કે કૃપાળુદેવના શિષ્યને આત્મસિદ્ધિના અંતમાં આત્મજ્ઞાન થશે. ગુરુ અને શિષ્યમાં બસ એટલું અંતર કહી શકાય કે, સદ્‌ગુરુ સમ્યગ્દૃષ્ટી છે અને શિષ્ય સમ્યક્ત્વ નિકટ મિથ્યાદૃષ્ટી છે. જ્ઞાની જ્યારે અજ્ઞાની હતા ત્યારે સમ્યક્ત્વ નિકટ મિથ્યાદૃષ્ટી હતા, તે સમયે તેમને જે પ્રશ્નો ઉપસ્થિત થતા હતા, તે પ્રશ્નોને કૃપાળુદેવે, શિષ્યના સંવાદરૂપે તથા વર્તમાનમાં આત્માનુભવથી જે સ્વરૂપ સમજાયું તેને, ગુરુ-શિષ્યના સંવાદરૂપે રજુ કર્યું છે.



જ્યારે ગુરુ અને શિષ્યનો સંવાદ સાંભળવામાં અથવા વાંચવામાં કે અભ્યાસમાં આવે, ત્યારે એમ ન સમજવું કે, તે સંવાદ શિષ્ય અને ગુરુ વચ્ચે ચાલી રહ્યો છે. અજ્ઞાનીને એમ વિચાર આવવો જોઈએ કે, મારા અને ગુરુ વચ્ચે સંવાદ ચાલી રહ્યો છે. તેથી મારે સદ્‌ગુરુ પ્રત્યે આ પ્રકારે વ્યવહાર કરવો જોઈએ અને જો કોઈ પોતાને સદ્‌ગુરુ માની બેઠા હોય, તેને કહે છે કે, જ્યારે પોતાને ગુરુ માની જ લીધા છે તો, એ પણ પહેલાં શિખી લો કે, શિષ્ય સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ. જે પોતાને અજ્ઞાનદશામાં ગુરુ માને છે તે સદ્‌ગુરુ તો નથી જ, પરંતુ તે શિષ્ય પણ નથી કારણ કે કૃપાળુદેવનો શિષ્ય અજ્ઞાનદશામાં પોતાને ગુરુ કહેતો નથી. જે જીવ શિષ્ય થવા તૈયાર થાય છે, તે જ કાળાંતરે ગુરુ બને છે. જે પોતાને વર્તમાનમાં અજ્ઞાનદશારૂપે માનતો નથી, તે અજ્ઞાની સદ્‌ગુરુને કોઈ પણ પ્રકારના પ્રશ્ન પણ પૂછતો નથી.

તેથી તો પાહુડ દોહામાં કહ્યું છે કે :-

**एक्क ण जाणहि वट्टडिय अवरु ण पुच्छहि कोइ ।**
**अदु वियदहं डुगरहं णर भंजंता जोइ ।।११४।।**

''એક તો પોતે માર્ગને જાણતા નથી તથા બીજા કોઈને પૂછતા પણ નથી, એવા મનુષ્ય વન-જંગલ તથા પહાડોમાં ભટકી રહ્યા છે. તેમને તું દેખ.''

હવે, અહીં ગુરુ શિષ્યના સંવાદથી છ પદ સંબંધી ખૂબ જ માર્મિક વર્ણન કરવામાં આવશે.

❁

**'આત્મા છે' 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ;'**
**'છે ભોક્તા' વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ'. ૪૩**

આત્મસિદ્ધિ શાસ્ત્રનો વિષયવસ્તુ છ પદ છે. તે પદોના નામ તથા તેનો ક્રમ પણ આ પદમાં બતાવ્યો છે. સર્વપ્રથમ મંગલાચરણમાં કહ્યું હતું કે, **'સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.'** ત્યાં પ્રારંભમાં જે પદ શબ્દનો પ્રયોગ કર્યો હતો, તે છ પદનું સ્વરૂપ અહીં સ્પષ્ટ કરે છે. આ પદને કૃપાળુદેવે અન્ય સ્થાને પણ એક જ વાક્યમાં સમાવી દીધાં છે. ત્યાં કહ્યું છે કે –

**હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું.**
**કોના સંબંધે વળગણાં છે, રાખું કે હું પરિહરું ?**

આ વાક્યો પ્રશ્નની શૈલીમાં નિબદ્ધ છે. તેના ઉત્તરરૂપ આ છ પદ છે. હું કોણ છું તે પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રથમ પદ રચ્યું છે કે, આત્મા છે. જો કે આત્મા છે એમ માનવાથી આત્મજ્ઞાન થતું નથી, તેથી એમ સમજવું કે, 'હું આત્મા છું'. સમ્યગ્દૃષ્ટીને એવી દ્રઢ શ્રદ્ધા હોય છે કે, 'હું આત્મા જ છું.' ત્યારબાદ એવો પ્રશ્ન થયો કે, 'ક્યાંથી



થયો' તેના ઉત્તરરૂપે બીજું પદ કહ્યું છે. તેમાં કહ્યું કે, 'આત્મા નિત્ય છે.' અર્થાત્ હું નવીન ઉત્પન્ન થયો જ નથી. હું તો અનાદિ-અનંત શુદ્ધ તત્ત્વ છું. આમ કહીને આત્માની નિત્યતા સિદ્ધ કરી છે. તેથી આગળ એમ કહ્યું કે, 'એ શું સ્વરૂપ છે, મારું ખરૂં' તેના ઉત્તરરૂપે ત્રીજું અને ચોથું પદ રચ્યું છે. તેમાં કહ્યું કે, આત્મા અજ્ઞાન દશામાં, રાગાદિભાવોનો કર્તા-ભોક્તા છે, જ્યારે જ્ઞાનદશામાં, પોતાના જ્ઞાનનો જ કર્તા તથા ભોક્તા છે. તેથી આગળ કહ્યું કે, 'કોના સંબંધે વળગણાં છે, રાખું કે હું પરિહરૂં' તેના ઉત્તરરૂપે કહ્યું કે, 'મોક્ષ છે'. હું તો અનાદિકાળથી આજ સુધી કોઈ પણ પરદ્રવ્યરૂપે થયો નથી તથા અનંતકાળ સુધી પરદ્રવ્યથી નિરાળો રહેવાવાળો પદાર્થ છું. હું કોઈ પણ પ્રકારના બંધનથી રહિત શુદ્ધ છું. દ્રવ્યદૃષ્ટિએ મોક્ષ સ્વરૂપી છું અને પર્યાયમાં પણ મોક્ષ પ્રગટ કરી શકુ છું અર્થાત્ 'મોક્ષનો ઉપાય છે.' આમ, છ પદના માધ્યમથી આત્માનુભવની વિધિ બતાવી છે. આ છ પદમાં પાંચમા ક્રમે 'મોક્ષ છે' એ પદ સમજાવ્યા પછી છઠ્ઠા ક્રમે 'મોક્ષનો ઉપાય છે' એ પદ સમજાવ્યું છે. જો કે મોક્ષનો ઉપાય એટલે કે સમ્યગ્દર્શન, એ મોક્ષ થયા પહેલાં પ્રગટ થાય છે અને મોક્ષ એ મોક્ષમાર્ગ પછી પ્રગટ થાય છે. આમ હોવા છતાં 'મોક્ષ છે.' એ પદ પાંચમાં ક્રમે રાખ્યું. કારણ કે જ્યાં સુધી જીવને 'મોક્ષ છે' એ વાતની ખાતરી ન થાય, ત્યાં સુધી તે 'મોક્ષનો ઉપાય' પણ શોધતો નથી. મોક્ષની શ્રદ્ધા થવી, એ જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે. આત્માને સંસારથી મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે થાય તથા મોક્ષમાર્ગનું સ્વરૂપ શું છે, તેનો ઉલ્લેખ પણ છ પદમાં કરવામાં આવ્યો છે.

આ છ પદમાં આત્મા છે અને આત્મા નિત્ય છે, તે બે પદ આત્મદ્રવ્યને સ્પષ્ટ કરે છે. આત્મા કર્તા છે અને આત્મા ભોક્તા છે, એ બે પદ આત્માની અશુદ્ધ પર્યાયને બતાવે છે. મોક્ષ છે, એ પદ આત્માની પરિપૂર્ણ શુદ્ધ પર્યાયને સિદ્ધ કરે છે તથા મોક્ષનો ઉપાય છે, એ પદ આત્માની આંશિક શુદ્ધપર્યાયનો દ્યોતક છે. આમ છએ પદ આત્માની સિદ્ધિમાં મુલાધારરૂપ હોવાથી, કૃપાળુદેવે અત્યંત સરળ ભાષા અને રોચક શૈલીમાં સ્પષ્ટીકરણ કર્યું છે.

❀

**ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્ દર્શન પણ તેહ;**
**સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪**

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં બતાવેલાં છ પદને કૃપાળુદેવે છ સ્થાનક કહ્યાં છે. જગતમાં મુખ્ય છ દર્શન છે, તે બધાં દર્શન એકાંતવાદી છે, તેથી મિથ્યા છે. જૈનદર્શન અનેકાંતવાદી હોવાથી સમ્યક્ છે. છ પદના માધ્યમથી છ દર્શનનું નિરાકરણ કરવામાં આવ્યું છે. પાહુડ દોહામાં છ દર્શનને મિથ્યાસિદ્ધ કરતાં કહ્યું છે કે –

**छहदंसण धंधइ पडिय मणहं ण फिट्टिय भंति ।**
**एक्कु देउ छह भउ किउ तेण ण मोक्खहं जंति ।।११६।।**

''ષટ્દર્શનના ધંધામાં પડેલાં અજ્ઞાનીઓના મનની ભ્રાંતિ ન મટી. અરે રે ! એક દેવના છ ભેદ કર્યા. આનાથી તેઓ મોક્ષે જતા નથી.''

કૃપાળુદેવની એ વિશેષતા છે કે, તેઓ છ દર્શનને ખોટા કહેવા



કરતાં પરમ સત્ય એવા જૈનદર્શનના સિદ્ધાંતોને બતાવવા વધુ હિતાવહ માને છે. કારણ કે, સમયના અભાવને લીધે બીજાને ખોટા કહેવા કરતાં પોતાનું તત્ત્વ કહેવું વધુ ઉત્તમ છે. ટેલિવિઝન પર જે જાહેરખબર આવે છે, તેમાં જે તે કંપની પોતાની વિશેષતા બતાવે છે પણ બીજાની નિંદા કરતા નથી. કારણ કે, મર્યાદિત સમયમાં જો બીજાની નિંદા કરશે તો પોતાની કંપનીના વખાણ ક્યારે કરશે. **તેથી કૃપાળુદેવે પણ બીજાના દોષોનું નિરૂપણ કરવા કરતાં, જૈનદર્શનના સિદ્ધાંતોને અનેકાંતદષ્ટિએ સમજાવ્યા છે.** અન્ય દર્શનોમાં કોઈ દર્શન એમ કહે છે કે, 'આત્મા નથી' તેથી કૃપાળુદેવે એ સિદ્ધ કર્યું છે કે, 'આત્મા છે'. આમ બીજા પણ દરેક પદ વિષે પણ સમજવું. **કૃપાળુદેવ વગેરે અનેક જ્ઞાનીઓએ જૈનદર્શનને અસ્તિ-નાસ્તિ સ્વરૂપે સિદ્ધ કર્યું છે. આત્મા સ્વપણે છે અને પરપણે નથી એવી દષ્ટિ જ ખરી અનેકાંતદષ્ટિ છે.**

સ્યાદ્વાદશૈલી વિના, અનેકાંત સ્વરૂપી પરમાર્થને સમજાવી શકાતો નથી. તેથી દરેક પદમાં અપેક્ષા સહિત અનેકાંતસ્વરૂપ સમજાવ્યું છે. 'આત્મા નિત્ય છે.' આત્મા નિત્ય અને અનિત્ય એમ બંને છે, તો પણ કોઈ દર્શન આત્માને અનિત્ય જ માને છે; તેથી અહીં આત્માને નિત્યરૂપે સિદ્ધ કર્યો છે. પરંતુ જૈનદર્શન 'આત્મા નિત્ય જ છે.' એમ માને તો તે પણ એકાંત થઈ જશે. તેથી અપેક્ષા લગાડીને પછી જકારપૂર્વક કહ્યું કે, આત્મા દ્રવ્ય અપેક્ષાએ નિત્ય જ છે તથા પર્યાય અપેક્ષાએ અનિત્ય જ છે. તેવી રીતે અજ્ઞાનદશામાં, પોતાના વિકારી-ભાવનો કર્તા તથા ભોકતા છે પરંતુ જ્ઞાની ભેદજ્ઞાનના બળ વડે

રાગ-દ્વેષના કર્તા-ભોક્તા પોતાને નહિ માનતા હોવાથી, વિકારી-ભાવોના અકર્તા તથા અભોક્તા છે. મોક્ષ પ્રાપ્તિ પછી પણ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ રહે છે. આત્મા કોઈ અન્ય આત્મામાં ભળી જતો નથી, તેનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે કે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે; તેથી સંસારથી છૂટવું, પોતાના હાથની વાત છે. પરભાવની ઉત્પત્તિમાં પરનિમિત્તો તરફ દૃષ્ટિ કરવી પડે છે, સ્વભાવમાં સ્થિર થવા માટે, પરનિમિત્તો તરફ દૃષ્ટિ કરવાની જરૂર નથી. અહીં સુધી કે નિમિત્તાધીન દૃષ્ટિ છૂટે ત્યારે, આત્મા સ્વભાવમાં લીન થઈ પરમાર્થ પ્રાપ્ત થાય છે.

પ્રાપ્તિના લક્ષ્યે સદગુરુએ છ પદ સમજાવ્યાં છે. એક પદની શ્રદ્ધા જેને હોય, તેને છએ પદની શ્રદ્ધા હોય છે. તેથી જ્ઞાનીએ સમજાવેલાં છએય પદ પરમાર્થ સુધી પહોંચવામાં કારણરૂપ છે.

❁

**નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;**
**બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૫**

'આત્મા છે.' આ પદ સંબંધી શંકા કરતા શિષ્ય કહે છે કે, આત્માનું અસ્તિત્વ હોતું નથી કારણ કે દૃષ્ટિ, જ્ઞાન કે અનુભવનો વિષય બનતો નથી. કૃપાળુદેવે પ્રશ્નને જ જવાબ બનાવી દીધો છે. શિષ્યને આત્માના દર્શન, જ્ઞાન તથા ચારિત્ર વગેરે ગુણોની જાણકારી હોવા છતાં પણ તે, આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરતો નથી. કૃપાળુદેવનો શિષ્ય કૃપાળુદેવ કરતાં જરાય કમજોર નથી કારણ કે,



પ્રશ્ન ઉપસ્થિત કરનાર અને તેનું સમાધાન કરનાર પણ કૃપાળુદેવ જ છે. આશય એ છે કે કોઈ શિષ્યને આવા પ્રકારની શંકા ઉદ્‌ભવી શકે છે અને જો આવી શંકા ઉદ્‌ભવે, તો તેનું સમાધાન પણ પોતે આગળના પદોમાં રજુ કર્યું છે.

શિષ્ય પૂછે છે કે, આત્મા દૃષ્ટિમાં આવતો નથી; તેથી આત્માનું અસ્તિત્વ આ જગતમાં હોતું નથી. આત્માના અનંતગુણોમાં શ્રદ્ધા, જ્ઞાન તથા ચારિત્ર એ ત્રણ ગુણો મુખ્ય છે, કારણ કે, મોક્ષમાર્ગમાં શ્રદ્ધા, જ્ઞાન તથા ચારિત્રગુણની પર્યાય ભુમિકાનુસાર શુદ્ધ હોય છે. દર્શન શબ્દના અનેક અર્થ થાય છે; તેથી એ સમજવું ખૂબ જ જરૂરી છે કે, જિનાગમમાં દર્શન શબ્દનો પ્રયોગ કયા અર્થમાં કરવામાં આવ્યો છે. દર્શન એટલે સામાન્ય અવલોકન તથા દર્શનનો બીજો એક અર્થ શ્રદ્ધા પણ છે. **સમ્યગ્દર્શન સાથે વપરાયેલા દર્શન શબ્દનો અર્થ શ્રદ્ધાન સમજવો. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન વગેરે પર્યાય સાથે વપરાયેલો દર્શન શબ્દ દર્શનગુણનો સૂચક છે.** આમ શિષ્ય પૂછે છે કે આત્મા દૃષ્ટિમાં કેમ આવતો નથી? અહીં એમ સમજવું કે, શિષ્યને આત્માની શ્રદ્ધા કે સામાન્ય અવલોકન એ બેમાંથી કંઈ પણ પ્રગટ્યું નથી.

આત્માનું રૂપ જણાતું નથી તેથી આત્મા હોતો નથી. જ્ઞાનથી આત્મા કેમ જણાતો નથી? શિષ્ય જ્ઞાનનો સ્વીકાર કરે છે પરંતુ આત્માને સ્વીકારતો નથી. સૂક્ષ્મ દૃષ્ટિએ દેખવામાં આવે તો શિષ્યને જ્ઞાનનું પણ વાસ્તવિક જ્ઞાન નથી, કારણ કે જ્ઞાન જ આત્મા છે. જે જ્ઞાનને જાણે છે તે આત્માને જાણે છે. કારણ કે એ જાણે છે કે, હું

જ્ઞાન સ્વભાવી આત્મા છું. શિષ્યને ક્ષયોપશમજ્ઞાનનું જ્ઞાન છે પણ જ્ઞાન સ્વભાવનું જ્ઞાન નથી. કારણ કે જ્ઞાનસ્વભાવનું જ્ઞાન, એ ક્ષયોપશમજ્ઞાનના અભાવનું કારણ બને છે.

આત્માનો અન્ય કોઈ પણ રીતે અનુભવ થતો નથી; તેથી આત્મા નથી, એમ શિષ્યનું કથન છે. શિષ્યને આત્માના અપૂર્વ અનુભવનું ભાન નહિ હોવાથી, તેણે આત્માના અનુભવ વિષે પણ શંકા વ્યક્ત કરી છે. માત્ર આત્માનો અનુભવ નહિ, પુદગલ પર્યાયનો અનુભવ પણ વચનગોચર નથી. કોઈ ત્રણ વ્યક્તિને પૂછવામાં આવ્યું કે, ગોળ કેવો છે ? તો ત્રણેય વ્યક્તિએ અનુભવથી કહ્યું કે ગોળ મીઠો છે. અહીં ત્રણેયના ઉત્તર સમાન છે પણ ત્રણેયનો અનુભવ જુદો જ છે. તેવી રીતે આત્મા પણ સુખસ્વરૂપ છે પરંતુ અજ્ઞાનીને સુખ સ્વરૂપ આત્માનો અનુભવ નહિ હોવાથી, તે આત્મા અસ્તિત્વ સંબંધી શંકા કરે છે. કેટલાંય લોકો આત્માનો અનુભવ ન થયો હોવા છતાં, આત્મા સુખસ્વરૂપ છે એવું વચન માત્રમાં બોલતા હોય છે પરંતુ આત્મા સુખસ્વરૂપ છે, તેની અનુભૂતિ માટે પુરુષાર્થ કરતાં નથી. અહીં શિષ્યએ, અનુભવ સહિત દૃષ્ટિ તથા જ્ઞાનથી પ્રાપ્ત નહિ થયેલાં, આત્માના અસ્તિત્વ વિષે શંકા વ્યક્ત કરી છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“પહેલો જ પ્રશ્ન કરે છે કે, શ્રીગુરુ ! મને આત્મા દૃષ્ટિમાં આવતો નથી, એ નકારમાં જ હકારનો ભણકાર છે. સામો જિજ્ઞાસુ એટલી તૈયારીવાળો હોય છે કે, મારે એવી દલીલ કરવી કે જેથી*



*ગુરુ પાસેથી પાકું સમજાઈ જાય. તે ગુરુને કહે છે કે, હથેળીમાં આમળું દેખાય એમ દેખાડો અને તેના કારણો જણાવો પવન જેમ સ્પર્શથી જણાય છે તેમ આત્માનું લક્ષણ શું છે તે જણાવો. ભલે સ્પર્શાદિથી કે રૂપથી ન દેખાય પણ બીજા કોઈ અનુભવથી તો જણાવો. ઘુવડ સૂર્યને દેખી ન શકે પણ તાપ પડે છે તેનો અનુભવ તો તેને થઈ શકે છે, તેમ આ આત્મા અનુભવગમ્ય તો થવો જોઈએ; એમ કારણો રજુ કર્યા અને જણાવ્યું કે કારણો વિચારીને મેં મૂક્યાં છે.”*

❀

**અથવા દેહ જ આત્મા, અથવા ઈન્દ્રિય પ્રાણ;**
**મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ. ૪૬**

શિષ્યને આત્માનો પ્રત્યક્ષ અનુભવ થયો નહિ હોવાથી આત્મા સંબંધી અલગ-અલગ પ્રકારે, પોતાનો મત રજુ કરે છે. શિષ્યમાં એટલી કોમળતા અને સરળતા છે કે, જે આત્માના અસ્તિત્વનો જ નકાર કરતો હતો; તે જ શિષ્ય હવે કહે છે કે, આત્માનું અસ્તિત્વ હોય છે. પણ આત્મા નામની વસ્તુ શરીરથી જુદી નથી. શિષ્ય કહે છે કે, દેહ જ આત્મા છે અથવા પાંચ ઈન્દ્રિય કે દશ પ્રાણ સ્વરૂપ આત્મા છે. આત્માનું લક્ષણ આ શરીરથી જુદું દેખવામાં આવતું નથી.

આત્મા અને શરીર બંને એક જ છે. જે જ્ઞાન થઈ રહ્યું છે, તે શરીરને જ થાય છે. ઠંડા-ગરમ વગેરે સ્પર્શાદિનો અનુભવ પણ શરીર કરે છે; એમ માનીને શિષ્ય કહે છે કે, આત્મા અને શરીર જુદાં નથી. શિષ્ય જ્ઞાનમાં નિમિત્તરૂપ પાંચ ઈન્દ્રિયોને જ જ્ઞાતા માની

કહે છે કે, પાંચ ઈન્દ્રિયો જ જીવ છે. જે જીવને ઈન્દ્રિયો ઓછી હોય, તેનું જ્ઞાન ઓછું હોય તથા જે જીવને ઈન્દ્રિયો વધુ હોય, તેનું જ્ઞાન પણ વિકસિત હોય; એમ માનીને શિષ્યએ ઈન્દ્રિય અને આત્માને એકરૂપ જ માન્યા છે.

એટલું જ નહિ, દશ પ્રાણરૂપ શરીરની ક્રિયાને, શિષ્ય આત્માની ક્રિયા માને છે. જેના સદ્ભાવથી જીવન અને અભાવથી મરણ થાય છે; તેને પ્રાણ કહે છે. આમ, અજ્ઞાની આત્માના સ્વરૂપને સમજતો નથી અથવા તો અજ્ઞાની એમ કહે છે કે, આત્મા તો હજારો સૂર્યના પ્રકાશ સમાન તેજસ્વી છે. જો કે જ્ઞાનીઓએ અંધકાર અને પ્રકાશને પુદ્ગલની પર્યાય કહી છે; તેથી જ્યાં સુધી અંધકાર કે પ્રકાશ દેખાય, ત્યાં સુધી આત્માનો અનુભવ થયો નથી; એમ સમજવું. શિષ્યને આત્માનું એવું કોઈ લક્ષણ જણાતું નથી કે, જે લક્ષણ વડે તેને આત્મા અને શરીર ભિન્ન જણાય. લક્ષણના માધ્યમથી અનેક વસ્તુમાં ભેદ કરી શકાય છે. શરીર, ઈન્દ્રિય અને પ્રાણ, વગેરે દરેક પુદ્ગલો; જ્ઞાનરહિત હોવાથી આત્માથી ભિન્ન છે. આત્માને, અન્ય પર પદાર્થોથી ભિન્ન બતાવનારૂં જ્ઞાન; એ આત્માનું લક્ષણ છે. શિષ્યને, આત્મા અને જ્ઞાનની અભેદતાનું જ્ઞાન નહિ હોવાથી, શરીરાદિને જ આત્મા કહે છે. અશુભભાવ કે શુભભાવનું ફળ શરીરના માધ્યમથી જ ભોગવાતું હોવાથી, શિષ્યને શરીર સંબંધી જ જ્ઞાન છે. લૌકિકમાં પણ એમ જોવામાં આવે છે કે,, જ્ઞાનમાં પહેલાં નંબરે આવેલાં વિદ્યાર્થીના ગળામાં ફૂલનો હાર પહેરાવીને તેનું સન્માન કરવામાં આવે છે તથા કલાસરૂમમાં પ્રશ્નનો જવાબ નહિ આપનાર વિદ્યાર્થીને,



કલાસરૂમમાં ઉભો રાખવામાં આવે છે. અર્થાત્ આત્માના જ્ઞાન તથા અજ્ઞાનનું ફળ પણ શરીરના માધ્યમથી જ ભોગવવામાં આવે છે. આમ અજ્ઞાનીને આત્માના લક્ષણોનું જ્ઞાન નહિ હોવાથી, શરીરને જ આત્મા માને છે. દેહ છૂટી જવો, ઈન્દ્રિયો મૃત થઈ જવી તથા પ્રાણ પંખેરૂ ઉડી જવા, આવા શબ્દોનો મરણ માટે પ્રયોગ કરવામાં આવે છે. આમ દેહ, ઈન્દ્રિય અને પ્રાણને જ આત્મા સમજી લેવામાં આવે છે; તેથી તેની સ્પષ્ટતાના લક્ષ્યે આત્માના અસ્તિત્વ વિષે, શિષ્યએ શંકા વ્યક્ત કરી છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“કહે છે કે, પ્રભુ ! આ દેહ અને ઈન્દ્રિયની ચેષ્ટા ઉપરથી જણાય છે તેથી એના વડે જ જાણપણું છે, માટે અમને દેહ અને ઈન્દ્રિયોથી આત્મા જુદો માનવો મિથ્યા લાગે છે. પ્રશ્ન કરનાર નિર્માની છે. મારી ભૂલ સભામાં ઉઘાડી થશે અને માન જશે, એમ માન રાખ્યા વિના ખુલ્લા હૃદયથી મુમુક્ષુએ પ્રશ્ન કરવા જોઈએ. જેમ પરદેશી રાજાએ શ્રીકેશી ભગવાન પાસે પ્રશ્નો કર્યા હતા, તેમ તદ્દન માન મૂકીને ખુલાસા પૂછવા જોઈએ. તેણે એમ નહોતું માન્યું કે મારી પ્રજા અને પ્રધાનો વચ્ચે હું આમ પૂછીશ તો મારી હીણપ કહેવાશે; પણ બાળકની જેમ માનની દરકાર નહિ કરતાં, સમજવાની રુચિ કરી તો અંતરની ભ્રાન્તિ ટાળવાનો પ્રસંગ મળ્યો. માટે શ્રીમદ્નું કહેવું છે કે, પ્રશ્ન કરનારે પ્રશ્ન કરતાં શંકાને ગોપવવી નહિ અને વિનયસહિત બેધડક સ્પષ્ટપણે પ્રશ્નો પૂછી પોતાને એવી દૃષ્ટિ*

*સુખપ્રાપ્તિનો-મોક્ષનો ઉપાય સમજી લેવો. વળી પ્રશ્નો કેવી રીતે પૂછવા તે ઉપર ઘણો વિચાર કરવો જોઈએ. આગળ કહી તેવી સુવિચારદશા પણ પ્રથમ હોવી જોઈએ. અહીં શિષ્યનું કહેવું છે કે, ગુરુ ! અમને તો દેહ, ઈન્દ્રિય અને આત્મા એક જ લાગે છે. કારણ કે એનાથી જ બધા વિષયોનું જાણવું થાય છે. દેહ અને ઈન્દ્રિયોના નિમિત્તોમાં ખામી આવે એટલે કે શરીરમાં લકવા થતાં કેટલીક ઈન્દ્રિયોનું કામ અટકી પડે છે, એમ દેહ અને ઈન્દ્રિયોથી આત્માની જુદાઈનું લક્ષણ જણાતું નથી, એવો વિચાર કરીને તે બન્નેના જુદાપણાનું એંધાણ એટલે સાચું લક્ષણ ક્યું તે બતાવો. આ શિષ્યની જિજ્ઞાસાવૃત્તિ બતાવે છે. આત્માની પ્રતીતિ કેમ થાય, તેની સમજણ કેમ કરી શકાય, તે જાણવાની રુચિ લોકો કરતા પણ નથી, તો તેને પ્રશ્નો કેમ કરવા અને શું જાણવું તેની રુચિ ક્યાંથી થાય ?''*

❁

**વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ ?**
**જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭**

વળી શિષ્ય દલીલ કરે છે કે, જો આત્માનું અસ્તિત્વ આ જગતમાં હોય તો, આત્મા કેમ જણાતો નથી? જ્ઞાનસ્વભાવી હોવા છતાં વર્તમાન પર્યાયમાં જ્ઞાન પરાધીન છે. છદ્મસ્થને પાંચ ઈન્દ્રિય અને મનના નિમિત્તથી જ્ઞાન થાય છે. અજ્ઞાની આત્મા, જ્ઞાનસ્વભાવી હોવા છતાં, સાકરને જીભથી ચાખ્યા વિના, સ્વાદને જાણી શકતો નથી. જ્ઞાનસ્વભાવી આત્માને, પાણીના સ્પર્શને જાણવા માટે સ્પર્શનેન્દ્રિયનો આશ્રય લેવો પડે છે. ફૂલની સુગંધ જાણવા માટે



ઘ્રાણેન્દ્રિય, કપડાંનો રંગ જાણવા માટે ચક્ષુરિન્દ્રિયનો તથા શબ્દ સાંભળવા માટે કર્ણેન્દ્રિયનો આશ્રય લેવો પડે છે; એટલું જ નહિ, વસ્તુનો વિચાર કરવા માટે પણ મનનો આધાર લેવો પડે છે. આ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનની પરાધીનતા છે. જેવી રીતે ઈન્દ્રિય તથા મનના નિમિત્તથી પુદ્ગલ પદાર્થોનું સ્થૂળ જ્ઞાન થાય છે, તેવી રીતે ઈન્દ્રિય અને મનથી આત્માનો અનુભવ કેમ થતો નથી ? શિષ્યની શંકા એમ છે કે, જો આત્માને જાણી શકાતો હોય અથવા તે આત્મા જ્ઞાનમાં જણાતો હોય, તો જેવી રીતે ઘટ અને પટ જણાય છે; તેવી રીતે આત્મા પણ કેમ જણાતો નથી ? પૂર્વે થયેલા અનેક આચાર્યોએ પણ ઘટ તથા પટનું દૃષ્ટાંત લઈને, તેમના ગ્રંથોમાં આત્માના સ્વરૂપને ઘટ-પટથી જુદું બતાવ્યું છે. ઘટ એટલે ઘડો કે માટલું તથા પટ એટલે કપડું. ઘટ અને પટ બંનેને એક સાથે દૃષ્ટાંતરૂપે બતાવ્યા હોવાથી એમ લાગે છે કે, આચાર્યના કાળમાં માટલાં સાથે કપડું અવશ્ય રહેતું હશે. એટલે કે લોકો હંમેશાં માટલામાંથી પાણીને કપડાં વડે ગાળીને જ પીતાં કે વાપરતાં હશે તથા ઘટ તથા પટ એ બંને શબ્દોનો પ્રાસ પણ મળે છે. માટલાને ઢાંકવા તેમજ પાણી ઠંડુ રાખવા માટે પણ કપડાંનો ઉપયોગ થતો હશે. આમ, આચાર્યના ઘટ-પટ નામના દૃષ્ટાંતનો, કૃપાળુદેવે પણ અહીં પ્રયોગ કર્યો છે.

જો સત્તા સ્વરૂપી ઘટ-પટરૂપ પુદ્ગલદ્રવ્ય જ્ઞાનમાં જણાતું હોય, તો સત્તા સ્વરૂપી આત્મા જ્ઞાનથી કેમ જણાતો નથી ? શિષ્યનો એવો પ્રશ્ન છે. આત્મા કેમ જણાતો નથી; એમ પૂછવા કરતાં શિષ્યનો લક્ષ્યાર્થ એમ છે કે, આત્મા મને કેમ જણાતો નથી ? કારણ કે શિષ્યને

આગમ પ્રમાણથી કે ગુરુ વચનથી આત્માને જાણવામાં કોઈ રસ નથી. તેને તો આત્માને અનુભવ પ્રમાણથી જાણવો છે. તેથી જ તેણે પૂછ્યું છે કે, જો આત્મા જણાતો હોય તો, જેવી રીતે પુદ્‌ગલ પદાર્થો અનુભવ પ્રમાણથી જણાય છે, તેવી રીતે મને આત્મા કેમ જણાતો નથી ?

પુદ્‌ગલની પર્યાયનો અનુભવ થાય, તો આત્માનો અનુભવ કેમ ન થાય ? પુદ્‌ગલદ્રવ્યમાં પણ શિષ્યએ સ્થૂળ સ્કંધરૂપ પુદ્‌ગલનું દૃષ્ટાંત આપ્યું છે; જેથી એ સિદ્ધ થાય છે કે શિષ્યને હજુ સુધી સ્થૂળ પુદ્‌ગલનું જ જ્ઞાન થઈ રહ્યું છે. શિષ્યના પ્રશ્ન પરથી એમ પણ પ્રતીત થાય છે કે, શિષ્યને ઈન્દ્રિયજ્ઞાનનું જ્ઞાન છે. જો અતીન્દ્રિયજ્ઞાનનું જ્ઞાન હોત તો આત્મા સંબંધી અજ્ઞાન પણ દૂર થયું હોત. અતીન્દ્રિયજ્ઞાનીને આત્મા કેવો છે, એવી શંકા થતી નથી તથા મૂઢ અજ્ઞાનીને પણ એવો પ્રશ્ન થતો નથી કે, આત્મા કેવો છે ? તેથી શિષ્ય મૂઢ અજ્ઞાની પણ નથી તથા જ્ઞાની પણ નથી અર્થાત્ આત્માનુભૂતિ માટે પાત્ર જીવ છે.

❀

**તેથી છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;**
**એ અંતર શંકાતણો, સમજાવો સદુપાય. ૪૮**

આત્મા સંબંધી પૂર્વોક્ત મત રજુ કર્યા પછી શિષ્ય એમ કહે છે કે, આત્માનું અસ્તિત્વ જ નહિ હોવાથી, મોક્ષનો ઉપાય વ્યર્થ છે. શિષ્ય એમ કહેવા ઈચ્છે છે કે, જો આપે બતાવેલ કુલ છ પદમાંથી



પ્રથમ 'આત્મા છે' એ પદ જ સત્ય સિદ્ધ ન થાય તો છઠ્ઠું 'મોક્ષનો ઉપાય છે.' તે પદ પર વિચાર કરવો વ્યર્થ છે. જો પહેલું પદ સિદ્ધ ન થાય તો છઠ્ઠું પદ જ નહિ પરંતુ એક થી છ સુધીના દરેક પદ મિથ્યા સિદ્ધ થાય છે, એવું શિષ્ય કહે છે.

આત્મા સાધક છે, મોક્ષ સાધ્ય છે તથા મોક્ષનો ઉપાય સાધન છે. અર્થાત્ આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના માધ્યમથી મોક્ષરૂપી ધ્યેયને પ્રાપ્ત કરે છે. પરંતુ જો આત્માનું અસ્તિત્ત્વ સિદ્ધ ન થાય અર્થાત્ સાધકનું અસ્તિત્ત્વ જ ન હોય તો સાધન અને સાધ્યનું પણ કોઈ પ્રયોજન રહેતું નથી.

બીજો એક અર્થ એમ પણ થાય છે કે, જો દ્રવ્યનું અસ્તિત્વ જ ન હોય તો પર્યાયનું કોઈ પ્રયોજન રહેતું નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયનો સમન્વય હોય છે. એમ ન બની શકે કે આ ત્રણમાંથી કોઈ એક હોય અથવા કોઈ એક ન હોય. જે જીવ દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ત્રયાત્મક વસ્તુમાંથી કોઈ એકનો નિષેધ કરે તે સમસ્ત વસ્તુવ્યવસ્થાનો નિષેધ કરે છે. એટલું જ્ઞાન તો શિષ્યને પણ છે કે, જો આત્મા જ ન હોય તો બાકીના કોઈ પણ પદ સત્ય સિદ્ધ થતાં નથી. શિષ્યને બાકીના પદ પણ સમજવાની ભાવના છે. તેથી શિષ્ય કહે છે કે, હું હૃદયપૂર્વક મારી શંકાનું સમાધાન ઈચ્છું છું. જેને જ્ઞાન ઘણું અલ્પ હોય, પરંતુ વસ્તુ સ્વરૂપ સમજવાની ઈચ્છા હોય, તો તેને વસ્તુ સ્વરૂપ સંબંધી સમાધાન અવશ્ય થાય છે. કારણ કે આ કાળમાં ક્ષયોપશમજ્ઞાનવાળા જીવની કોઈ ખોટ નથી. પરંતુ આત્મ તત્ત્વની પ્રાપ્તિનો ખરો અભિલાષી મળવો દુર્લભ છે. જ્ઞાન પ્રાપ્ત કરીને, પોતે પણ ગુરુની

જેમ પ્રવચન આપવાની અભિલાષાવાળા જીવો ગલી-ગલીમાં ફરી રહ્યા છે.

મોટાભાગના લોકોને ગુરુ બનવું છે, પરંતુ કોઈ શિષ્ય બનવા માંગતુ નથી. જો બધાં જ ગુરુ બની જશે અને કોઈ શિષ્ય જ નહિ રહે, તો તેને ગુરુ કહીને બોલાવશે કોણ ? શિષ્યની ભાવના છે કે જ્ઞાનીના માધ્યમથી સમજણ પ્રાપ્ત કરીને નિજાત્માનુભવ કરે. શિષ્યને ગુરુ પ્રત્યેનો વિનય કેવાં પ્રકારે હોય, તેનું જ્ઞાન પણ શિષ્યને છે. શિષ્યએ ગુરુને કેવા પ્રકારે પ્રશ્ન પૂછવાં જોઈએ, તેની શિખામણ પણ અજ્ઞાનીએ કૃપાળુદેવના શિષ્ય પાસેથી લેવી જોઈએ.

ગુરુના જ્ઞાનની કસોટી કરીને પોતાને મહાન બતાવવાથી આત્મહિત તો થતું નથી પરંતુ માન અને માયા કષાયના ફળમાં સંસાર પરિભ્રમણ વધે છે. શિષ્યએ ગુરુ સમક્ષ શંકા કરવી જોઈએ પણ કુશંકા ન કરવી જોઈએ.

પહેલાના જમાનામાં શિષ્યને જ્ઞાન આપતાં પહેલાં, સદ્‌ગુરુ દ્વારા શિષ્યની પાત્રતાની કસોટી લેવામાં આવતી હતી અને જો શિષ્યમાં વિનય, વિવેક વગેરે સદ્‌ગુણો હોય, તો જ જ્ઞાન પ્રદાન થતું. આમ શિષ્ય બનવા તથા જ્ઞાન ગ્રહણ કરવા માટે પણ યથાયોગ્ય વિનય અને વિવેક જેવાં અનિવાર્ય અને મહત્ત્વપૂર્ણ સદ્‌ગુણો આત્મામાં પ્રગટ થવાં જોઈએ. અહીં શિષ્ય વિનય અને વિવેકપૂર્વક આત્મા સંબંધી શંકાનું સમાધાન ઈચ્છે છે.

❁



**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બંને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯**

આત્મા દેહાકાર તથા દેહ સાથે એકક્ષેત્રાવગાહી હોવા છતાં, આત્મા અને શરીર બંને ભિન્ન છે. મિથ્યાત્વના કારણે આત્મા પોતાને શરીર માને છે અને તે જ પ્રકારે વર્તે છે. તેથી અજ્ઞાની જીવને આત્મા અને શરીરનું ભેદજ્ઞાન થતું નથી. ભેદજ્ઞાન માટે વસ્તુમાં ભેદ કરવો અનિવાર્ય નથી. જ્ઞાનમાં ભેદ જાણવો, માન્યતામાં દૃઢ થવો તેને ભેદજ્ઞાન કહેવાય. ભેદરૂપ વસ્તુને ભેદરૂપે તથા અભેદવસ્તુને પરથી ભિન્ન અભેદરૂપે જાણવી અને માનવી તેને ભેદજ્ઞાન કહેવાય. અજ્ઞાની પોતાને શરીર માને છે. એટલું જ નહિ, શરીરથી પ્રત્યક્ષ ભિન્ન બાહ્ય સંયોગોને પણ પોતાના માને છે. અજ્ઞાની જીવ પોતાને શરીરરૂપે માને છે અર્થાત્ અજ્ઞાની જીવ આત્માને પણ શરીરરૂપે જ માને છે. આમ અજ્ઞાનીને, આત્મા તથા શરીરનું ભેદજ્ઞાન નહિ હોવાથી આત્મા તથા અનાત્માને એક માને છે. આત્મા દેહાકાર, દેહપ્રમાણ હોવા છતાં, દેહથી ભિન્ન છે. અજ્ઞાનીને શરીરાદિ પરપદાર્થોમાં મિથ્યાબુદ્ધિ હોવાથી, આત્મા તથા શરીરને એક માને છે અથવા પોતાને શરીર માને છે. શરીરની ક્રિયાને પોતાની ક્રિયા માને છે. શરીરની અનુકૂળતા તથા પ્રતિકૂળતાને પોતાની અનુકૂળતા તથા પ્રતિકૂળતા માને છે. આત્મા જે જે શરીર ધારણ કરે છે, તે તે શરીરના આકારરૂપે પરિણમે છે. જેવી રીતે પાણીને જે વાસણમાં ભરવામાં આવે ત્યારે પાણી સ્વયં વાસણનો આકાર ગ્રહણ કરે છે. તેવી રીતે આત્મા દેહાકારે હોય છે પણ દેહરૂપે હોતો નથી. જેવી

રીતે પાણી કોઈ વાસણમાં રહીને પણ વાસણરૂપે થઈ જતું નથી કે વાસણમાં મળી જતું નથી, પણ બંને વસ્તુ જુદી જ રહે છે તેવી રીતે આત્મા કોઈ શરીરમાં રહીને પણ શરીરરૂપે થઈ જતો નથી કે શરીરમાં મળી જતો નથી, પણ બંને દ્રવ્યો જુદાં જ રહે છે.

આત્મા તથા પુદ્‌ગલ બંને ભિન્ન દ્રવ્યો છે કારણ કે બંનેના લક્ષણો પણ ભિન્ન છે. જ્ઞાન તથા દર્શન એ જીવનું મુખ્ય લક્ષણ છે, જ્યારે પુદ્‌ગલનું લક્ષણ સ્પર્શ, રસ, ગંધ તથા વર્ણ છે. જીવમાં સુખ છે પરંતુ પુદ્‌ગલમાં સુખ નથી. પુદ્‌ગલદ્રવ્ય સ્વયં સુખ કે દુઃખ સ્વભાવી નહિ હોવાથી તે જીવને સુખ કે દુઃખ આપી શકે નહિ. આત્મા પોતે જ પોતાની કલ્પનાથી પુદ્‌ગલ પદાર્થોમાં સુખ-દુઃખ માને છે. આત્માનો સ્વભાવ અનાદિ-અનંત એકરૂપ છે જ્યારે પુદ્‌ગલ પણ અનાદિ-અનંત પોતાના સ્વભાવને છોડતું નથી. આત્મા ક્યારેય પુદ્‌ગલાદિ દ્રવ્યોરૂપે થતો નથી અને પુદ્‌ગલ પરપદાર્થો ક્યારેય આત્મારૂપે થતાં નથી.

જ્ઞાની કહે છે કે, આત્માનું જ્ઞાન લક્ષણ પ્રગટ છે કે જે પુદ્‌ગલાદિ દ્રવ્યોથી તદ્દન ભિન્ન છે. અજ્ઞાનીને સ્પષ્ટ અને પ્રગટ જ્ઞાન પર પણ દૃષ્ટિ જતી નથી કારણ કે જ્યાંસુધી પાંચ ઈન્દ્રિયના વિષયભોગોની આસક્તિ ન છૂટે ત્યાં સુધી આત્મા તરફ દૃષ્ટિ થતી નથી. જો જીવ પોતાના અનંત સામર્થ્યનો પ્રયોગ પોતાને જાણવા અર્થે કરે તો નિશ્ચિતરૂપે આત્મસ્વરૂપના અનુભવથી અનંત સુખી થઈ શકે છે.

❀



**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બંને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦**

અજ્ઞાનીને આત્મા અને શરીરનું ભેદજ્ઞાન ન થવાનું કારણ બતાવતાં કહે છે કે, શરીર સાથે એકત્વબુદ્ધિ હોવાથી આત્મા અને દેહ એક સમાન લાગે છે અને અજ્ઞાની એક સમાન માને છે. પરંતુ તે બંને તલવાર અને મ્યાનની માફક જુદાં-જુદાં છે. અનાદિકાળથી આજ સુધી, એક સમય માટે પણ આત્મા અને શરીરનો સંયોગ છૂટ્યો હોય, તેમ બન્યું નથી. એક શરીર છોડીને બીજા શરીરને ધારણ કરે તેના પહેલા વચ્ચેના સમયની આત્માની અવસ્થાને વિગ્રહગતિ કહેવાય છે. આત્મા વિગ્રહગતિમાં પણ સૂક્ષ્મ એવાં તેજસ અને કાર્મણ શરીરને છોડતો નથી. આમ, સંસારી આત્મા નિરંતર શરીર સાથે હોવા છતાં શરીરથી જુદો છે. આત્મા અને શરીર આકાશના એક જ પ્રદેશ પર રહેતા હોવાથી, તે બંનેને એક-ક્ષેત્રાવગાહી કહેવાય છે. આત્મા અને શરીર એક જ આકાશ પ્રદેશ પર રહેતા હોવા છતાં, તે બંનેના લક્ષણો જુદાં-જુદાં છે. આત્મા જ્ઞાનમય છે તથા શરીર જડ છે. ખરેખર મૃતદેહ અને જીવિત દેહ એમ બંને શરીર વચ્ચે કોઈ અંતર નથી કારણ કે મૃતદેહ હોય કે જીવિતદેહ હોય, સ્વભાવથી તો પુદ્‌ગલ પરમાણુંના સમૂહરૂપ જ છે. પુદ્‌ગલમય હોવાથી બંને શરીર જડ છે. પોતે પોતાના સ્વભાવને છોડતો નહિ થકો હંમેશાં નિત્ય જ્ઞાનમય જ રહે છે. આજ સુધી અજ્ઞાનીએ આત્માને જાણ્યો નથી અને શરીરને પણ જાણ્યું નથી. જો આત્માને સાચા સ્વરૂપે જાણ્યો હોત તો, તેમાં એકત્વ કરીને પોતાને

આત્મારૂપે માન્યો હોત અથવા જો શરીરને પણ સાચારૂપમાં જાણ્યું હોત તો શરીરનું એકત્વ તોડીને તેને પરદ્રવ્યરૂપે જાણ્યું હોત. આમ, તેને આ રીતે સમજાવી શકાય. અજ્ઞાની પોતાને કે પરને કોઈને પણ જાણતો નથી.

અજ્ઞાની શરીરની દશાને પોતાની દશા માને છે. ધારો કે, સો લોકોની હાજરીમાં કોઈ એક વ્યક્તિના શરીરનું નામ રમેશ છે. જ્યારે એમ કહેવામાં આવે કે, 'રમેશ અહીં આવ' ત્યારે બાકીના નવ્વાણું લોકોને કોઈ અસર નહિ થાય અને એક રમેશ નામના વ્યક્તિને થશે કે મને બોલાવ્યો છે. પરંતુ જો આત્મા કહીને બોલાવવામાં આવે તો? કોઈ નહિ આવે. એટલું ખરૂં કે તે સો લોકોમાંથી કોઈ આત્મજ્ઞાની હશે તો તેને લાગશે કે મને બોલાવે છે. આમ જ્ઞાનીને આત્મા સાથે તથા અજ્ઞાનીને શરીર સાથે એકત્વ હોય છે.

તલવાર અને મ્યાનનું દૃષ્ટાંત સ્થૂળબુદ્ધિ જીવોને સમજાવવા માટે આપ્યું છે કારણ કે, મ્યાન અને તલવારના આકાશ પ્રદેશો તો જુદાં જ છે. જ્યારે આત્મા અને શરીર વચ્ચે આકાશ પ્રદેશની અપેક્ષાએ એટલું અંતર પણ નથી. જો કે ઉદાહરણ તો એકદેશ જ ઘટિત થાય. પંડિત દોલતરામજીએ છ ઢાળામાં આત્મા અને શરીરને પાણી અને દૂધની જેમ એકક્ષેત્રાવગાહી કહ્યાં છે. જેમ રાજહંસમાં દૂધ અને પાણીને અલગ કરવાની કળા છે તેમ જ્ઞાની મહાપુરુષોને આત્મા તથા શરીરનું ભેદજ્ઞાન સહજ હોય છે. આત્મા ક્યાં છે? તેના ઉત્તરમાં અજ્ઞાની પોતાનો હાથ હૃદય પર રાખીને કહે છે કે,



આત્મા હૃદયમાં બેઠેલો છે. જ્ઞાની કહે છે કે, આત્મા તો શરીર પ્રમાણ છે. પ્રત્યેક પ્રદેશ પર જ્ઞાન અને આનંદ સ્વભાવી આતમરામ બિરાજી રહ્યો છે. આ દેહરૂપી દેવળમાં નિજપરમાત્મા સ્થિત છે. જ્ઞાની કહે છે કે, જ્યારે દર્પણ સામે ઉભા રહીને તમે દેખો છો કે, દર્પણમાં જે દેખાય રહ્યો છે તે હું પોતે છું. તે અજ્ઞાનીનો ભ્રમ છે. ખરેખર, દર્પણમાં શરીરનું પ્રતિબિંબ છે. શરીર અને શરીરનું પ્રતિબિંબ પુદ્ગલ જ છે. દર્પણમાં પડી રહેલાં પ્રતિબિંબને સહિત સર્વ જગતને જાણનાર હું આત્મા છું.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''હે ભાઈ ! અજ્ઞાનના કારણે અનંત ભવના દેહાધ્યાસથી તને દેહ અને આત્મા એક લાગે છે, પણ તલવાર અને મ્યાન જેમ જુદાં છે, તેમ દેહ અને ચૈતન્ય બન્ને ભિન્ન છે. બેઉના લક્ષણો જુદાં છે અને તે સ્પષ્ટ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. તેના પૂર્ણ આનંદના અનુભવ માટે શરીરમાં રહેલો ચૈતન્ય આત્મા પોતાના સ્વરૂપને સત્સમાગમ વડે જેમ છે તેમ જાણે અને તેનું ધ્યાન કરે તો દેહથી આત્મા જુદો હોવાથી તે દેહથી છૂટીને મુક્ત થાય છે; એટલે તેમાં શાશ્વત સ્વરૂપનો અવ્યાબાધ આનંદ છે તે પ્રગટ થાય છે. આત્માનો અનુભવ તો વર્તમાનમાં દેહ હોવા છતાં પણ થાય છે; એટલે કે આત્માને આત્મામાં સુખ ઊપજે છે અને દેહનો અભાવ થતાં જીવ સંસારથી મુક્ત થાય છે.''*

❀

**જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;**
**અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧**

આ ગાથામાં આત્માના સ્વરૂપને દર્શન, જ્ઞાન અને ચારિત્ર એમ કુલ ત્રણ લક્ષણોના માધ્યમથી સમજાવવમાં આવ્યું છે કારણ કે, શિષ્યની શંકા પણ દર્શન, જ્ઞાન તથા ચારિત્રગુણની મુખ્યતાથી ઉત્પન્ન થઈ હતી. આત્મા દૃષ્ટિમાં આવતો નથી પણ દૃષ્ટિનો દૃષ્ટા પોતે આત્મા છે. આત્માનું રૂપ જણાતું નથી પણ રૂપનો જાણનારો પોતે આત્મા છે. આત્મા અનુભવમાં આવતો નથી પણ જગતનો અનુભવ કરનાર આત્મા પોતે જ છે. એમ દર્શન, જ્ઞાન તથા ચારિત્રની મુખ્યતાથી જીવનું સ્વરૂપ સમજાવ્યું છે, તેમાં માર્મિક રહસ્ય પણ છૂપાયેલું છે. આત્મા ઈન્દ્રિયગમ્ય નહિ હોવાથી, ઈન્દ્રિયોના માધ્યમથી દૃષ્ટિમાં આવતો નથી. પરંતુ ઈન્દ્રિય વગેરે પુદ્‌ગલોનો દૃષ્ટા આત્મા સ્વયં છે. તેનો સીધો અર્થ એ છે કે, આંખ વડે આત્માને દેખી શકાતો નથી પરંતુ આત્મા વડે આંખ દેખી શકાય છે. અરૂપી આત્માને રૂપી ઈન્દ્રિયો દેખી શકતી નથી, તેથી આત્મા અદૃશ્ય છે પણ રૂપી ઈન્દ્રિયોને અરૂપી આત્મા દેખી શકે છે, તેથી આત્મા દૃષ્ટિનો દૃષ્ટા છે. આત્મા વડે રૂપી પદાર્થ જણાય છે, રૂપી પદાર્થોને જાણતો હોવા છતાં પોતાના અરૂપી સ્વભાવને છોડીને પોતે રૂપી થઈ જતો નથી. પોતે તો અરૂપી જ રહે છે. રૂપી વસ્તુમાં જ્ઞાન સ્વભાવ હોતો જ નથી. દ્રવ્યેન્દ્રિયો પુદ્‌ગલદ્રવ્ય હોવાથી, તેમાં જ્ઞાન નથી. આત્મા ઈન્દ્રિયગમ્ય નથી એટલે ઈન્દ્રિયોથી આત્મા જણાતો નથી. આત્માથી ઈન્દ્રિયો જણાય છે. તેથી જ્ઞાન એ આત્માનું નિર્દોષ લક્ષણ છે. જે અનુભવ ટકી રહે છે તે જીવનું સ્વરૂપ છે. સમયસારમાં કહ્યું છે કે,



આબાલ-ગોપાલને આત્મા અનુભવમાં આવી રહ્યો છે. પરંતુ તે આત્મા તરફ દૃષ્ટી કરીને આત્મા સાથે એકત્વ સ્થાપિત કર્યું નથી, તેથી અજ્ઞાનીને આત્મા સ્વાનુભવથી અનુભવાયો નથી. જ્ઞાનમાં જણાતાં જ્ઞેયોને પોતાનું સ્વરૂપ માનીને, અજ્ઞાની જ્ઞાન સ્વભાવ તરફ દૃષ્ટિ કરતો નથી. જ્ઞાનને દર્પણની ઉપમા પણ આપવામાં આવે છે. જોકે દર્પણ તથા જ્ઞાન ભિન્ન લક્ષણવાળા દ્રવ્ય છે. અજ્ઞાનીને સમજાવવા માટે દર્પણનું દૃષ્ટાંત આપવામાં આવે છે. દર્પણ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે કારણ કે દર્પણ વસ્તુને જેમ છે તેમ પ્રતિભાસિત કરે છે પણ અક્ષરોને ઉલટા પ્રતિભાસિત કરે છે.

હોસ્પિટલની ગાડીમાં AMBULANCE શબ્દ ઉલટો લખાતો હોય છે, જેથી સામાવાળાને દર્પણમાં સીધો શબ્દ વંચાય. આમ, દર્પણ કોઈ વસ્તુને યથાયોગ્ય તથા અક્ષર અથવા શબ્દને ઉલટા પ્રતિબિંબિત કરે છે. જ્યારે જ્ઞાન દરેક જ્ઞેયને યથાયોગ્ય જાણે છે. તેથી જ્ઞાન શ્રેષ્ઠ છે. અહીં કોઈ એમ કહે કે, દર્પણ વસ્તુને પણ અક્ષરોની જેમ ઉલટી પ્રતિભાસિત કરે છે, પરંતુ આત્મા પોતાના અજ્ઞાનના કારણે વસ્તુના ઉલટા પ્રતિબિંબને સમજી શકતો નથી. અક્ષરોના ઉલટા પ્રતિબિંબને જ્ઞાનથી સમજી શકે છે. તેથી દર્પણ તો દરેક વસ્તુ તથા અક્ષરોને એક સમાન પ્રતિભાસિત કરે છે. જ્ઞાન અક્ષરોના વિરોધીપણાને જાણે છે પણ વસ્તુના વિરોધીપણાને જાણતું નહિ હોવાથી જ્ઞાન નબળું સિદ્ધ થયું તથા દર્પણ શ્રેષ્ઠ થયું. તેને એમ કહી શકાય કે દર્પણ સીમિત પુદ્‌ગલોને ઉલટા જ પ્રતિભાસિત કરે છે જ્યારે જ્ઞાન સંપૂર્ણ જગતના અરૂપી તથા રૂપી પદાર્થોને જેમ છે તેમ સ્પષ્ટ જાણે છે, તેથી જગતમાં જ્ઞાન સમાન કોઈ ઉત્તમ વસ્તુ

નથી. આત્મા તો દર્શન, જ્ઞાન તથા ચારિત્ર વગેરે અનંતગુણોનો પિંડ છે. તેથી આત્માને ઉપરોક્ત મુખ્ય ત્રણ ગુણો વડે સમજાવવામાં આવ્યો છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''ભાઈ ! તું કહે છે કે, આત્મા દૃષ્ટિ એટલે આંખ વડે દેખાતો નથી પણ તે આંખે ક્યાંથી દેખાય ? આંખને જાણનારો આંખથી જુદો છે. આંખ તો બાહ્ય પદાર્થને દેખવામાં નિમિત્ત છે. આંખને દેખનાર આત્મા આંખ વડે કેમ જણાય ? વળી ઈન્દ્રિયો આત્માથી પર છે એટલે તે પરવસ્તુ જાણવામાં નિમિત્ત થાય પણ આત્માને જાણવામાં કેમ નિમિત્ત થાય ? કેમકે ઊલટો ઈન્દ્રિયો આદિનો તે જોનાર છે. સ્થૂળ-સૂક્ષ્મ બન્નેને તે જાણે છે; પેટના મધ્યમાં કાંઈ થતું હોય તેને બાહ્ય ઈન્દ્રિય તો જાણતી નથી, છતાં જાણનાર સીધી રીતે જાણી લે છે. કાનની અંદર પીડા થાય છે, તેમ જ મગજમાં કાંઈ વેદના થાય છે, તો તેને આત્મા સ્પષ્ટ જાણે છે. બાહ્ય ઈન્દ્રિયના નિમિત્ત વિના સૂક્ષ્મ રતિ-અરતિને પણ જીવ જાણે છે. દેહાદિ પરમાણુમાં કાંઈ વિચિત્ર સ્થિતિ થાય તેની બધી અવસ્થાને સળંગપણે જાણનાર જીવ તેનાથી જુદો છે. મારા આંતરડાની અંદર કંઈક છે, ઝાડો બંધાઈ ગયો છે, છાતીમાં કફ દેખાય છે, એ કઈ ઈન્દ્રિયથી જાણ્યું ?* ***એવી અનેક પ્રકૃતિઓની વેદનાને તથા દુઃખરૂપ આકુળતાને પ્રત્યક્ષપણે જાણનાર જાણનારપણે જ ટકી રહે છે, ક્રોધાદિ તથા વેદનાનું સ્વરૂપ ફરી જાય તોપણ પોતે સળંગ રહીને જાણે છે. એ***



***ઉપરથી નક્કી થાય છે કે, હું તો રહું અને આ ઉપાધીઓ ટળી જાઓ. એમ પ્રત્યક્ષ જુદી જાતનું નિત્ય સમજણસંજ્ઞાધારક લક્ષણ, દેહ-ઈન્દ્રિયથી જુદું દેખાય છે.*** *પ્રશ્ન પૂછનારે દલીલથી પ્રશ્ન મુક્યો હતો. તેનું યથાર્થ સમાધાન કરાવનાર દલીલ મળી.''*

❁

**છે ઈન્દ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;**
**પાંચ ઈંદ્રીના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨**

આ ગાથામાં સમજાવવા માટે વ્યવહારથી ઈન્દ્રિયોનું દૃષ્ટાંત આપીને આત્માને જ્ઞાતા સિદ્ધ કર્યો છે. ઈન્દ્રિયો શરીરના અંગરૂપ છે તેથી નિશ્ચયદૃષ્ટિએ ઈન્દ્રિયો જ્ઞાનરહિત જડ છે. પરંતુ વ્યવહારથી સમજાવવા માટે પ્રત્યેક ઈન્દ્રિયના જ્ઞાન સંબંધી વિષય પર સ્પષ્ટીકરણ કર્યું છે. પાંચ ઈન્દ્રિયોમાં સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય તથા કર્ણેન્દ્રિય છે. આમ કુલ પાંચેય ઈન્દ્રિય સહિત આત્મા પંચેન્દ્રિય જીવ કહેવાય છે. સ્પર્શનેન્દ્રિય પુદ્‌ગલની સ્પર્શ પર્યાયનું, રસનેન્દ્રિય પુદ્‌ગલની રસ પર્યાયનું, ઘ્રાણેન્દ્રિયને ગંધ પર્યાયનું, ચક્ષુરિન્દ્રિયને વર્ણ પર્યાયનું તથા કર્ણેન્દ્રિયને શબ્દનું જ્ઞાન થાય છે, અર્થાત્ આ પાંચ ઈન્દ્રિયો કોઈ નિશ્ચિત વિષયના જ્ઞાનમાં નિમિત્ત બને છે. જ્યારે પાંચેય પ્રકારના વિષયોને જાણનારો આત્મા છે.

ઈન્દ્રિયજ્ઞાનમાં ઈન્દ્રિયોનું નિમિત્તપણું કોઈ એક સમયમાં એક વિષયરૂપ હોય છે. જ્યારે સ્પર્શનેન્દ્રિયના નિમિત્તથી જ્ઞાન થાય, ત્યારે બાકીની ચાર ઈન્દ્રિયોથી જ્ઞાન થતું નથી. તેવી જ રીતે અન્ય ઈન્દ્રિયનું

પણ સમજવું. છદ્મસ્થદશામાં એક સમયમાં બે ઈન્દ્રિયોના નિમિત્તથી જ્ઞાન થતું નથી. જેમ કે ફિલ્મ દેખતી વખતે જ્યારે ચિત્રનું જ્ઞાન થાય છે, ત્યારે અન્ય ઈન્દ્રિયોથી જ્ઞાન થતું નથી. તથા જ્યારે ફિલ્મના સંવાદો સંભળાય છે ત્યારે પડદાં પર પ્રકાશિત ચિત્રનું જ્ઞાન તે ઈન્દ્રિય દ્વારા થતું નથી. આમ, કોઈ એક ઈન્દ્રિય નિમિત્ત મટીને બીજી ઈન્દ્રિય નિમિત્ત બને છે. આમ, પાંચેય ઈન્દ્રિયો વારાફરતી જ્ઞાનમાં નિમિત્ત બને છે. પરંતુ આત્મા નિત્ય જાણે છે.

એક પણ સમય એવો હોતો નથી કે જે સમયે આત્માને કોઈ જ્ઞાન ન થતું હોય કારણ કે, જાણવું એ આત્માનો સ્વભાવ છે. નિગોદિયા જીવમાં પણ અક્ષરના અનંતમાં ભાગનું જ્ઞાન હોય છે. એવો કોઈ ક્રમ હોતો નથી કે આત્માને સ્પર્શનું જ્ઞાન થયા પછી રસનું જ જ્ઞાન કે રસનું જ્ઞાન થયા પછી ગંધનું જ્ઞાન થાય. કોઈ પણ સમયે કોઈ પણ વિષયનું જ્ઞાન થઈ શકે છે. **આત્મા જાણે છે, ઈન્દ્રિયો જાણતી નથી.**

આંખ, આંખનું જોવાનું કાર્ય કરે છે પણ કાનનું સાંભળવાનું કાર્ય કરતી નથી. કાન સાંભળવાનું કાર્ય કરે છે પણ નાકનું સુંઘવાનું કાર્ય કરતા નથી.

પ્રત્યેક ઈન્દ્રિયો પોતપોતાનું કાર્ય કરે જ છે પણ અન્ય ઈન્દ્રિયનું કાર્ય નથી કરી શકતી. જોવાની ખૂબી એ છે કે તે કાર્ય પણ આત્માની હાજરીમાં જ કરે છે. ઈન્દ્રિયો દેખાય છે પણ આત્મા દેખાતો નથી. હા! આત્મા અનુભવાય છે જરૂર.

ટ્યૂબલાઈટ, પંખો, ફ્રીઝ, માઈક્રોવેવ, ટી.વી. ઘરમાં છે. પ્રત્યેક



વિદ્યુત ઉપકરણો પોતપોતાનું કામ કરે છે. ટ્યૂબલાઈટનું કામ પંખો નહિ કરે, તેમ પંખાનું કામ ટ્યૂબલાઈટ કે અન્ય વિદ્યુત ઉપકરણો નહિ કરી શકે. પરંતુ ઈલેક્ટ્રીસીટી-પાવર-વિદ્યુતપ્રવાહ ન હોય, તો એકેય ઉપકરણ કામ નહિ કરે.

વિદ્યુત ઉપકરણો દેખાય છે પણ વિદ્યુતપ્રવાહ દેખાતો નથી પરંતુ શૉક-કરંટ લાગે ત્યારે અનુભવાય છે જરૂર. જ્યાં સુધી વિદ્યુત ઉપકરણો કાર્ય કરી રહ્યા હોય ત્યાં સુધી વિદ્યુતપ્રવાહનો મહિમા નથી જણાતો. પરંતુ વિદ્યુત ઉપકરણો કામ કરતાં ઠપ થઈ જતાં જ વિદ્યુત શક્તિનો મહિમા સમજાઈ જાય છે, એની ખોટ સાલે છે.

એજ પ્રમાણે જ્યાં સુધી ઈન્દ્રિયો કાર્યશીલ છે, ત્યાં સુધી આત્માનો મહિમા નથી જણાતો. પરંતુ જેવી ઈન્દ્રિયો મૃત થાય છે કે આત્માની અગત્યતાનું ભાન થાય છે.

ઈલેક્ટ્રીક કરન્ટનો અનુભવ એક વાર થયા પછી એ ઉત્તેજક-દાહક-મારક અનુભવ ફરી કરવાનું સાહસ કરવા કોઈ તૈયાર થતું નથી. આત્માનો અનુભવ એક વાર થયા પછી તે સુખદ-શામક-ઠારક અનુભવ ફરી ફરીને કરવા માટે જીવ બેચેન રહે છે.

**પાંચ ઈન્દ્રિયના માધ્યમથી આત્માનો જ્ઞાન ઉપયોગ પરપદાર્થોને જાણવામાં વ્યસ્ત છે. પરંતુ જ્યારે આત્મા પોતાના જ્ઞાન સ્વભાવને પરદ્રવ્યોથી સમેટીને પોતે નિજસ્વભાવમાં સ્થિત થાય છે ત્યારે તે ઉપયોગને શુદ્ધોપયોગ અથવા શુદ્ધજ્ઞાન કહે છે.**

આત્મા પાંચે ઈન્દ્રિયના માધ્યમથી જાણતો હોવા છતાં, પોતાના જ્ઞાન સ્વભાવને જ જાણે છે કારણ કે, આત્માનો વિયોગ થતાં

ઈન્દ્રિયોનું અસ્તિત્વ હોવા છતાં, ઈન્દ્રિયો જાણતી નથી કારણ કે, આત્માના સંયોગમાં પણ ઈન્દ્રિયો જાણતી નથી. **જાણનાર તત્ત્વ આત્મા છે. જેને જ્ઞાનની મહિમા હોય છે તેને જ્ઞાનીની એટલે કે આત્માની મહિમા હોય છે. જેવી રીતે લોકમાં પણ જેને કરોડ રૂપિયાની મહિમા હોય છે તેને જ કરોડપતિની મહિમા હોય છે. તેવી રીતે જ્ઞાનના ધણી આત્માની મહિમા જાગૃત કરવા જ્ઞાનના સ્વરૂપને સમજવું જોઈએ. જ્ઞાન જ સર્વસ્વ છે એવી મહિમા આવવી જોઈએ.**

❁

**દેહ ન જાણે તેહને, જાણે ન ઈન્દ્રિય પ્રાણ;**
**આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩**

અહિં, જ્ઞાન સ્વભાવનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે કે, આત્મદ્રવ્ય સિવાય કોઈ પણ પરદ્રવ્યમાં જાણવાની શક્તિ નથી. એક માત્ર આત્મા જ જ્ઞાનનો ભંડાર છે. આત્મા અનંત શક્તિઓનું સંગ્રહાલય છે.

લંડન જવાનો પ્રસંગ આવ્યો ત્યારે ત્યાંના લોકોને પૂછવામાં આવ્યું કે, લંડનમાં સૌથી વધુ મૂલ્યવાન વસ્તુ કઈ છે ? તેના જવાબમાં એક ભાઈએ કહ્યું કે, લંડનમાં કોહિનૂર હીરો સૌથી પ્રખ્યાત તથા કિંમતી પણ છે. વળી મેં પૂછ્યું કે કોહિનૂર હીરો કિંમતી છે કે હીરાને દેખવાવાળી આંખ કિંમતી છે? કારણ કે જો આંખ ન હોત તો હીરાને દેખત કોણ? તેણે કહ્યું કે, આપની વાત સાચી છે. હીરા કરતાં આંખ વધું કિંમતી છે. વળી ફરી મેં પૂછ્યું કે, આંખ કિંમતી છે કે જ્ઞાન કિંમતી છે? કારણ કે જો આંખ હોય પણ જ્ઞાન ન હોય તો



હીરાને જાણે કોણ? **આમ, પરદ્રવ્ય નહિ પણ સ્વ તથા પર દ્રવ્યને જાણનારો આત્મા જ સર્વોત્કૃષ્ટ છે. જેવી રીતે આંખ આખા જગતને દેખે છે પણ આંખ એ પોતાને દેખતી નથી. તેવી રીતે અજ્ઞાની જીવ આખા જગતને જાણે છે પરંતુ પોતાને જાણતો નથી.** દેખવા માટે આંખ એ જ્ઞાન પર આધીન છે, અજ્ઞાનીને તે આંખ પર આધીન છે. પણ જ્ઞાન સ્વભાવી હોવા છતાં જ્ઞાનની મહિમા જાણતો નથી. શરીરના અંગરૂપ ઈન્દ્રિયો શિથિલ થાય ત્યારે, આત્માને જ્ઞાન પણ મંદ થાય છે તેમ છતાં, ઈન્દ્રિયોની શિથિલતાને કારણે જ્ઞાન મંદ થાય છે, એમ નથી. તે સમયની જ્ઞાનની યોગ્યતાનુસાર જ જ્ઞાન થાય છે. તેમાં ઈન્દ્રિયો નિમિત્ત કહેવાય છે.

પ્રાણ નીકળી જતાં શરીરને જ્ઞાન થતું નથી એમ પણ નથી. કારણ કે પ્રાણ એ શરીરનું અંગ છે. તે આત્માથી ભિન્ન છે. જાણનાર આત્મા જ્યારે દેહને છોડી જાય છે ત્યારે તે દેહને મૃતદેહ કહીએ છીએ. આત્માના વિયોગ થયા બાદ તે દેહ મૃત થતો નથી કારણ કે દેહ તો આત્માના યોગમાં પણ મૃત હોય છે. જેવી રીતે લોક વ્યવહારમાં જેને મૃતદેહરૂપે ઓળખવામાં આવે છે, તે મૃતદેહ જાણતો નથી. એટલું જ નહિ પણ લોક વ્યવહારમાં કહેવાતો જીવિત દેહ પણ પુદ્‌ગલ દ્રવ્ય હોવાથી જાણતો નથી તેથી **દરેક દેહ પૌદ્‌ગલિક હોવાના કારણે જ્ઞાન શક્તિ રહિત હોવાથીમૃતદેહ છે; એમ કહેવામાં કોઈ વાંધો નથી.**

કોઈ એમ કહે કે જો મગજ સારૂં હોય તો યાદ વધુ રહે પરંતુ ખરેખર એમ માનવું પણ યોગ્ય નથી. જ્યારે સંપૂર્ણ દેહને જ્ઞાન રહિત જડ કહ્યો તો, શરીરના અંગરૂપ મગજ જ્ઞાનસહિત કેવી રીતે

થઈ શકે ? આમ, મગજ કે મન જાણતા નથી કારણ કે, તે શરીરના અંગરૂપ પુદ્ગલ દ્રવ્યની પર્યાય છે. જ્યાં સુધી આત્માનો સંયોગ, જે દેહ સાથે હોય છે ત્યાં સુધી તે દેહ, ઈન્દ્રિય તથા પ્રાણ વગેરે સાધનોને વ્યવહારથી સચેતન કહેવામાં આવે છે. ઈન્દ્રિયજ્ઞાનને વ્યવહારથી જ્ઞાન કહેવામાં આવે છે કારણ કે ઈન્દ્રિયજ્ઞાન નિમિત્તજ્ઞાન છે. **જ્યાં નિમિત્તની મુખ્યતાથી કથન કરવામાં આવે તેને વ્યવહારનયનું કથન જાણવું તથા જ્યાં ઉપાદાનની મુખ્યતાથી કથન કર્યું હોય તે કથનને નિશ્ચયનયનું કથન જાણવું જોઈએ.** આમ, આ જગતમાં સર્વત્ર જ્ઞાન જ મહિમાવંત છે. શરીર તથા ઈન્દ્રિયાદિ પુદ્ગલોની મહિમા છોડવા યોગ્ય છે, કારણ કે, તે જાણતાં નથી.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''દેહ, ઈન્દ્રિયો, શ્વાસોચ્છ્વાસ તથા પ્રાણો પણ આત્માને જાણતા નથી. દેહને ખબર નથી કે આંખ વગેરે આ સ્થાને છે. આત્મા પરમાર્થે અસંગ છે; જ્ઞાતા છે; પણ પૂર્વ કર્મ, દેહાદિની ક્રિયા અને મન, વાણી, દેહના યોગના અવલંબનથી અંદર કંપન થાય છે. જ્યાં લગી દેહ છે, ત્યાં લગી ઓછી-અધિક શ્વાસોચ્છ્વાસ આદિની ક્રિયા જણાય છે. આત્મા દેહમાંથી જતાં, કાર્મણ શરીર આ દેહમાંથી છૂટીને જીવ સાથે-જીવ જ્યાં બીજો દેહ ધારણ કરે ત્યાં જાય છે. આ કાર્મણ શરીર અતિસૂક્ષ્મ ધૂળનો પિંડ છે. તે જીવથી જ્યારે છૂટી જાય છે ત્યારે જીવ સંપૂર્ણ શુદ્ધ અને મુક્ત થાય છે. આત્મા શ્વાસ લેતો નથી; તે તો જડ રજકણોની ક્રિયા પૂર્વપ્રારબ્ધ મુજબ થયા કરે છે. જીવને*



*મૃત્યુ વખતે શ્વાસોચ્છ્વાસ મંદ પડે છે અથવા શ્વાસ ઊપડે છે, તે ઉપરથી ઘણાં ડાહ્યા માણસો સમજી શકે છે, કે હવે મૃત્યુ નજીક છે. દેહ છોડવાના ટાણાં આવે છે ત્યારે જ્ઞાની, આત્માર્થી, ધર્માત્મા આ સમાધિમરણ કરવાનો અપૂર્વ અવસર છે એમ ઓળખી લે છે; પવિત્ર ધર્માત્માને આ ખબર પડી જાય છે જ્યારે મૃત્યુની છેલ્લી ભીંસ જણાય તે ટાણે અપૂર્વ હોંશ અને આત્માની સૌમ્યતા તેને ઝળકી ઊઠે છે. જેની દરેક ક્ષણ આત્મભાનની જાગૃતિમાં વર્તે છે, એવા પવિત્ર ધર્માત્મા દેહની સ્થિતિ પૂરી થવા વખતે આત્મભાનમાં બળવાનપણે વર્તે છે.* ***શ્રીમદે દેહ છૂટવા વખતે કહ્યું હતું કે, ''હવે હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું; મને કોઈ બોલાવશો નહિ.''*** *ધર્માત્માને સમાધિમરણના વખતની અગાઉથી ખબર પડી જાય છે અને અંદર જ્ઞાનબળના ઉગ્ર પુરુષાર્થની એવી હોંશ પ્રગટે છે કે, એ અપૂર્વ ભાવ કોઈ જુદી જાતનો છે. તે જાણે છે કે, આ વર્તમાન કાળે મોક્ષ નથી પણ એક ભવ કરીને મુક્તિ પમાય છે. ધર્માત્મા મરણકાળે એ પ્રમાણે આત્મસમાધિથી દેહ છોડે છે.''*

❁

**સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;**
**પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪**

જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે, તેથી આત્મામાં તેનું અસ્તિત્વ ત્રિકાળ રહે છે. ગુણની પરિભાષામાં એમ છે કે, **જે દ્રવ્યના સંપૂર્ણભાગમાં તથા તેની સર્વ અવસ્થામાં રહે તેને ગુણ કહે છે.**

જ્ઞાન આત્માના પ્રત્યેક પ્રદેશ પર તથા ત્રણેય કાળમાં આત્માથી અભિન્ન રહે છે. **સર્વ આત્મદ્રવ્યમાં, સર્વત્ર તથા સર્વદા વ્યાપ્ત જ્ઞાન ગુણ જ આત્માનું સર્વસ્વ છે.** પોતાના અસ્તિત્વને નહિ છોડતો જ્ઞાન સ્વભાવી આત્મા, પોતાના વિશિષ્ટપણાને છોડતો નથી.

આત્મા જે દેહને ધારણ કરે છે, તે દેહરૂપે લેશમાત્ર પણ થયો નથી. પોતે જીવદ્રવ્ય છે તથા દેહ પુદ્ગલ દ્રવ્ય છે. જીવ તથા પુદ્ગલદ્રવ્ય વચ્ચે અત્યંતાભાવ હોવાથી, કોઈ પણ ગતિમાં આત્મા પોતાના આત્મપણાને છોડતો નથી.

અજ્ઞાનીની દૃષ્ટિ દેહ પર હોવાથી, તેને સર્વપ્રથમ દેહ જ વર્તાય છે. પોતાના પિતા જ્યારે બિમાર પડે અને ડૉકટર કહે કે એક કરોડ રૂપિયાનો ખર્ચ થશે તો ગમે તેમ કરીને એક કરોડ રૂપિયા ખર્ચવા તૈયાર થઈ જાય છે પણ પિતાના મરણ થયા પછી પિતાનો આત્મા જ્યારે બિલાડીના દેહરૂપે જન્મ ધારણ કરીને પોતાના ઘરમાં આવે અને જો તે બિલાડી પોતાના ઘરમાંથી દૂધ પી જાય તો તે બિલાડીને ઘરમાંથી ગમે તે રીતે ભગાડવાની કોશિશ કરે છે. તેથી સમજી શકાય કે સંસારનો સંબંધ સ્વાર્થ પૂરતો જ છે. આત્મા તો પિતાના દેહમાં અને બિલાડીના દેહમાં એક જ છે. આત્માનું મૂળ સ્વરૂપ દરેક અવસ્થામાં પલટાતું નથી, તેથી દરેક જીવને સંયોગી શરીરરૂપે ન દેખતાં, સમદૃષ્ટિએ દેખવા જોઈએ. જો આત્મા પશુદેહને ધારણ કરીને પોતાના જ્ઞાન સ્વભાવને છોડી દે તો એમ કહી શકાય કે, આત્મા બદલાયો છે. પરંતુ એમ તો ત્રણેય કાળમાં થતું નથી.

આત્માનો ચૈતન્ય સ્વભાવ આત્માનું વાસ્તવિક લક્ષણ છે કારણ



કે **જ્ઞાન લક્ષણ, ત્રણ પ્રકારના લક્ષણાભાસથી રહિત છે. જે લક્ષણ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ તથા અસંભવ દોષથી રહિત હોય, તેને પદાર્થનું સાચું લક્ષણ કહે છે.** જ્ઞાન એ સર્વ આત્મામાં વ્યાપ્ત હોવાથી, અવ્યાપ્તિ દોષથી રહિત છે. જો કેવળજ્ઞાનને આત્માનું લક્ષણ માનવામાં આવે તો તેમાં અવ્યાપ્તિ દોષ ઉત્પન્ન થાય છે કારણ કે, કેવળજ્ઞાન સર્વ આત્મામાં પ્રગટ હોતું નથી. જ્ઞાનને આત્માનું એંધાણ અથવા લક્ષણ માનતા અતિવ્યાપ્તિ દોષ પણ ઉત્પન્ન થતો નથી, કારણ કે આત્મા સિવાય કોઈ દ્રવ્યમાં જ્ઞાન લક્ષણ ઘટિત થતું નથી. જો અરૂપીપણાને આત્માનું લક્ષણ માનવામાં આવે તો તેમાં અતિવ્યાપ્તિ દોષ ઉત્પન્ન થાય છે, કારણ કે અરૂપીપણું આત્મા સિવાય ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યમાં પણ વ્યાપ્ત હોય છે. તેવી જ રીતે જ્ઞાનને આત્માનું લક્ષણ માનવાથી અસંભવ દોષ પણ લાગતો નથી કારણ કે જ્ઞાન એ આત્માનું નિર્દોષ સાક્ષાત્ લક્ષણ છે. જો આત્માને હજારો સૂર્યના પ્રકાશ જેવો માનવામાં આવે, તો અસંભવ દોષ ઉત્પન્ન થાય છે. આમ, આત્મામાં જ્ઞાન એટલે ચૈતન્યતા લક્ષણ હંમેશાં પ્રગટ છે. જ્ઞાન સ્વભાવનો ક્યારેય પણ ઘાત થતો નથી. તેથી જ્ઞાનનો અધિપતિ આત્મા, સર્વ અવસ્થામાં પોતાના જ્ઞાન સ્વભાવના કારણે પરથી સદાય ન્યારો છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“અહીં નિત્યતાના ભણકાર છે.*

*શિષ્યે પૂછ્યું હતું કે, જીવનું લક્ષણ દેહથી જુદું કેમ દેખાતું નથી ?*

*અહીં શ્રીગુરુ કહે છે કે, ‘‘પ્રગટરૂપ ચૈતન્યમય એ એંધાણ સદાય.’’ કોઈ કહે કે મને નિદ્રા બહુ સારી આવી ગઈ. તે અવસ્થાને જાણનાર નિત્ય છે, તેથી તેનો અનુભવ કહે છે કે બહુ ભારે ઊંઘ આવી, અમુક સ્વપ્ન આવ્યું વગેરે. શ્રીમદ્ રાજચંદ્રે કિશોરાવસ્થામાં પુષ્પમાળામાં પહેલો ફકરો લખ્યો છે કે, ‘‘રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું; નિદ્રાથી મુક્ત થવા ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.’’ અનાદિની અજ્ઞાનરૂપ ભાવનિદ્રા ટાળો, એમ કહ્યું છે.*

*જાગૃત, સ્વપ્ન અને નિદ્રા એ ત્રણે અવસ્થાને જાણનારો તે-તે અવસ્થાથી જુદો છે. તે-તે અવસ્થામાત્રપણે નથી; તેમ રોગ, નીરોગ, બાળક, વૃદ્ધ, સ્ત્રી, રાજા, રંક આદિ દેહોની બધી અવસ્થાને જાણનારો તે-તે બધી અવસ્થારૂપે થતો નથી, તે-તે અવસ્થા વ્યતીત થયે પણ જેનું હોવાપણું છે અને તે અવસ્થાને જે જાણે છે એવો પ્રગટ સ્વરૂપ ચૈતન્યમય પોતે જાણ્યા જ કરે છે, એવો જેનો સ્વભાવ પ્રગટ છે. શીત અને ઉષ્ણ સ્પર્શ, વર્ણ, ગંધ અને રસ આદિ સંયોગને જાણનાર તે તેના જેવો નથી, તે-તે વસ્તુરૂપે નથી, માત્ર સદા જ્ઞાતાદૃષ્ટા સાક્ષી, જ્ઞાયક જ તે જીવની નિશાની સદાય વર્તે છે. કોઈ દિવસ જાણવાના લક્ષણથી તે જુદો થતો નથી. આત્માનું પ્રગટ લક્ષણ જ્ઞાન છે. ચેતનાગુણ જ્ઞાનરૂપ છે, તે નિશાની સદાય જીવનું નિર્દોષ લક્ષણ છે. આ પ્રગટ લક્ષણ અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણે દોષો રહિત છે. આથી એમ નક્કી થયું કે જાણવું તે આત્માનું લક્ષણ છે; એટલે પરનું કંઈ કરવું, મન, વાણી, દેહાદિ પુણ્ય-પાપ, રાગ-દ્વેષની ક્રિયા કરવી, તે જીવનું લક્ષણ નથી. એ નિર્બાધ હેતુથી ચેતનાલક્ષણે સિદ્ધ છે. એકેન્દ્રિય નિગોદ દશામાં નાના સૂક્ષ્મ જીવને પણ ચેતનાલક્ષણ છે. તેમાં પણ કેવળજ્ઞાન શક્તિરૂપે છે; અરહંત અને સિદ્ધ ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ-વ્યક્તપણે છે. ૪૬મી ગાથામાં કહ્યું હતું કે, ‘મિથ્યા જુદો માનવો, અહીં જુદું એંધાણ’ અહિ વિશેષપણે જુદું ચિહ્ન તેના ઉત્તરરૂપે જણાવ્યું છે.*



❀

**ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહિએ કેવું જ્ઞાન? ૫૫**

શિષ્યની શંકાનું સમાધાન કરતા કૃપાળુદેવ કહે છે કે, જ્ઞેયોને જાણનાર જ્ઞાતા પોતાના અસ્તિત્વની શંકા કરે છે, શિષ્યનો તે પક્ષ યોગ્ય નથી; એમ બતાવી કૃપાળુદેવ આશ્ચર્ય વ્યક્ત કરે છે.

વળી, શિષ્યને કહે છે કે, ઘટ અને પટ જેવા પુદ્‌ગલનું જ્ઞાન કરનાર આત્મા પોતે છે. આખા જગતનો નિર્ણય કરીને પોતાનો નિર્ણય ન કરે તેવું જીવનું જ્ઞાન આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. જગતમાં કોઈ વ્યક્તિ આંખના માધ્યમથી જગતના અનેક પુદ્‌ગલોને જાણીને એમ કહે કે મને આંખ નથી, તેવી રીતે શિષ્ય જગતના પુદ્‌ગલ દ્રવ્યોને જાણીને એમ કહે કે, આત્મા હોતો નથી તે જ તેનું જ્ઞાન પણ અજ્ઞાન છે. શિષ્ય આત્માને માનતો નથી કારણ કે તે આત્મા જાણતો નથી. તે જે ઈન્દ્રિયજ્ઞાનથી આત્માને જાણવા ઈચ્છે છે, તે

ઈન્દ્રિયજ્ઞાન વડે આત્મા જાણી શકાતો નથી; તેથી શિષ્યને કહે છે કે ઈન્દ્રિયો વડે આત્મા જણાતો નથી એટલું જ નહિ, આત્મજ્ઞાન થવામાં ઈન્દ્રિયો નિમિત્ત પણ નથી. પોતાના જ અલ્પ ક્ષયોપશમ જ્ઞાનનો સ્વીકાર કરવો તે યોગ્ય નથી. જો તમને કોઈ વાત ન સમજાય તો એમ જ વિચાર કરવો કે, આ વાત તો પરમ સત્ય છે, પરંતુ મારા અજ્ઞાનને લીધે એ વાત મને સમજાતી નથી. ઘણાં લોકો કહે છે કે જ્ઞાનની નબળાઈના લીધે અમને એ વાત સમજાતી નથી. જ્ઞાની તો એમ કહે છે કે જ્ઞાન ક્યારેય નબળું હોતું નથી. અણસમજનું કારણ અજ્ઞાનતા હોય છે. પરંતુ તે અજ્ઞાનતાને, અજ્ઞાની જ્ઞાનની નબળાઈ કહે છે.

આત્મા સ્વ-પર પ્રકાશક છે પણ શિષ્યને એકલું પર દ્રવ્ય જણાય છે. જો સ્વદ્રવ્યને પણ જાણે તો અજ્ઞાની એવું નામ જ ન પામે. આત્મા જ્ઞાતા છે. જ્ઞાન આત્માનો સ્વભાવ છે. તથા સંપૂર્ણ જગત જ્ઞાનનું જ્ઞેય છે. આમ, સર્વને જાણનારો આત્મા પોતાના અસ્તિત્વ વિષે શંકા કરે છે. શિષ્ય બુદ્ધિવાન તો છે જ, સાથે-સાથે નીડર પણ છે કારણ કે તે પોતાને જણાઈ રહેલા જગતના પુદ્ગલ પદાર્થોને તો માને છે; પરંતુ તેને જાણનાર આત્માને માનતો નથી. વળી તેના અસ્તિત્વ વિષે દલીલો કરે છે.

જે જીવ પરદ્રવ્યને જાણે છે પરંતુ પોતાને જાણતો નથી, તે ખરેખર પરદ્રવ્યને પણ જાણતો નથી. જો કે આત્મા ઈન્દ્રિય અથવા મનથી અનુભવમાં આવતો નથી, પરંતુ ચક્ષુરિન્દ્રિયના માધ્યમથી આત્માનું સ્વરૂપ શાસ્ત્રમાંથી વાંચી શકાય છે અને કર્ણેન્દ્રિયના



માધ્યમથી આત્માનું સ્વરૂપ ગુરુના મુખેથી સાંભળી શકાય છે. પણ જો કોઈ જીવ આત્માને ચક્ષુ વડે દેખે અથવા કોઈ જીવ આત્માને કાન વડે સાંભળે તો તે મૂર્ખ છે કારણ કે આંખના નિમિત્તથી અક્ષરનું જ્ઞાન થાય છે અને કાનના નિમિત્તથી શબ્દનું જ્ઞાન થાય છે. અક્ષર તથા શબ્દ એ બંને પુદ્ગલની પર્યાય છે, તે પુદ્ગલ પર્યાયને આત્મા કહેતો હોવાથી તે અજ્ઞાની છે. તેથી આત્મા અક્ષર અને શબ્દથી જુદો છે. એટલું ખરૂં કે આત્મા નામનો અક્ષર વાંચીને કે શબ્દ સાંભળીને મનના માધ્યમથી વિચાર કરતા આત્માનું ભાવભાસન થઈ શકે છે. તેથી એમ ન સમજવું કે, આત્મા ઈન્દ્રિયોથી જણાતો નથી તો શાસ્ત્ર વાંચવાની કે પ્રવચન સાંભળવાની શી જરૂર ? કોઈ પણ જીવને આત્મજ્ઞાન થયા પહેલાં, વિકલ્પાત્મક નિર્ણયપૂર્વક ભાવભાસન થાય છે. આમ, પુદ્ગલને જાણનાર આત્માએ પોતાના હોવાપણા વિષે જે સંશય હતો; તેનું કૃપાળુદેવે સમાધાન કર્યું છે.

❋ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“હે ભાઈ ! ઘટ, પટ, રથાદિનો જાણક તો તું જ છે, પણ જાણનારું ચૈતન્યતત્ત્વ નિત્ય છે, તેને તું માન નહિ, એ તારું જાણપણું કેવું ? જાણનારને માને નહિ અને જે પરવસ્તુ છે તેને જાણનારો, માનનારો તું કેવો છો તેનું ભાન નથી એ તારું જ્ઞાન તે કેવું કહેવું ? ઘટ, પટ, રથાદિ છે તે જણાય છે. કદાચ તે સન્મુખ ન હોય, છતાં સ્મરણથી પણ જાણ્યા જ કરે છે. તે પોતાને કેમ જાણતો નથી ? જે-જે વસ્તુને તે જાણે છે તે જાણનારો બાહ્ય વસ્તુથી જુદો છે. લોકો*

*ઓઘસંજ્ઞાથી આત્મા છે એમ બીજાના કહેવાથી હા પાડે છે; પણ પોતે શંકા કરીને તે કેમ છે, કેવડો છે, કેવો છે તેનો વિચાર કરીને કદી પ્રશ્ન પણ પૂછી શકતા નથી, જાણવા જ માગતા નથી; એના કરતાં જે વિચાર કરીને પ્રશ્ન પૂછે છે, તે યોગ્ય છે. ખરી રીતે આ બધા ઘટ, પટ આદિ જડ પદાર્થ જે દેખાય છે ત્યાં પણ ઉઘાડરૂપ જ્ઞાન દેખાય છે ને તેમાં જ્ઞાનના વિષયો જણાય છે. જ્ઞાનમાં જ સ્વ-પર જણાય છે. પોતાના જ્ઞાનની ક્ષણે ક્ષણે થતી અવસ્થામાં પરપદાર્થ સહેજે જણાય છે. એવો આત્માનો સ્વ-પરપ્રકાશક સહજ જ્ઞાનસ્વભાવ છે. લોકો તત્ત્વની રુચિ કરે અને વિચાર, મનન કરે તો બધુંય સમજાય તેમ છે; પણ કોણ જાણે શું હશે ? એવી નિરાશામાંથી લોકો બહાર નીકળતા નથી, અને બુદ્ધિના તર્કથી પ્રશ્ન લાવતા નથી.''*

❀

**પરમ બુદ્ધિ કૃષ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;**
**દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬**

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતાં ક્ષાયોપશમિક જ્ઞાનને બુદ્ધિ કહેવાય છે. જેટલાં અંશે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હોય તેટલાં અંશે જ્ઞાન અપ્રગટ હોય છે તથા જેટલાં અંશે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય તેટલાં અંશે જ્ઞાનનો ઉઘાડ થાય છે. બુદ્ધિ અને શરીરની અવસ્થા સ્વતંત્ર છે. શરીરના આધારે બુદ્ધિનું માપદંડ નક્કી ન કરી શકાય. દેહ નાનો હોય ત્યારે ઓછી બુદ્ધિ હોય અને મોટો થાય એટલે બુદ્ધિ પણ વધે એમ માનવું અસત્ય છે. કારણ કે, આ જગતમાં એવા કેટલાય લોકો જોવામાં આવે છે કે



કોઈ આત્મા પાતળા શરીરના સંયોગમાં રહીને પણ વિશેષ બુદ્ધિમાન હોય છે જ્યારે કોઈ આત્મા શરીરથી જાડા છે પણ બુદ્ધિ ઘણી અલ્પ હોય છે. ઓછી બુદ્ધિવાળાને જાડી બુદ્ધિવાળો કહેવો એ પણ યોગ્ય નથી, કારણ કે બુદ્ધિને માપવાનું પ્રમાણ જાડા અને પાતળારૂપે હોતું નથી.

ક્ષયોપશમજ્ઞાનને બુદ્ધિ કહેવાય છે. પહેલાં ગુણસ્થાનથી માંડીને બારમાં ગુણસ્થાન સુધી ક્ષયોપશમજ્ઞાન એટલે બુદ્ધિ હોય છે. જો કે એકેન્દ્રિયથી લઈને અસંજ્ઞી પંચેન્દ્રિય અજ્ઞાની જીવ પહેલા ગુણસ્થાનમાં હોવાથી તેઓ પણ બુદ્ધિમાન છે કારણ કે ક્ષયોપશમજ્ઞાન તો તેમને પણ છે. તેમના દેહને તથા બુદ્ધિને કોઈ સંબંધ નથી. હાથી કે તેનાથી પણ મોટા પ્રાણીઓને મનઃપર્યયજ્ઞાન થતું જ નથી જ્યારે તેવા વિશાળ કદવાળા પશુઓ કરતાં પ્રમાણમાં ઘણાં નાના દેહવાળા મનુષ્યને, મનઃપર્યયજ્ઞાન થઈ શકે છે. તેથી જ્ઞાનનો સંબંધ દેહ સાથે નથી. પાતળા શરીરવાળા બાળકને યાદશક્તિ વધુ હોય છે, જ્યારે કેટલાય વૃદ્ધો ફરિયાદ કરે છે કે,, અમને યાદ રહેતું નથી. આનંદની વાત તો એ છે કે, તેમને એટલું તો યાદ રહે છે કે, 'મને યાદ રહેતું નથી.'

જ્ઞાનનું માપદંડ શરીર હોય તો સિદ્ધ ભગવાન અશરીરી હોવા છતાં પણ કેવળજ્ઞાન દ્વારા સર્વ જગતને કેમ જાણે ? તેથી સિદ્ધ થાય છે કે જ્ઞાનનો સંબંધ આત્મા સાથે છે, શરીર સાથે નહિ. અજ્ઞાન દશામાં પણ પરદ્રવ્યનું જ્ઞાન થવામાં ઈન્દ્રિયો નિમિત્ત કહેવાય છે, પરંતુ ઈન્દ્રિયો જાણતી નથી. જ્ઞાન એ આત્માનું સ્વરૂપ હોવાથી આત્માના પ્રત્યેક પ્રદેશ પર જ્ઞાન છે. જ્યારે શરીર જડ છે તેના એક

પણ પ્રદેશ પર જ્ઞાન નથી. તેથી સમજવું કે બુદ્ધિનો આધાર શરીર નહિ, પરંતુ આત્મા જ છે.

બુદ્ધિનું વધવું કે ઘટવું પણ શરીર પર આધારિત નથી પરંતુ પૂર્વ સંચિત જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના નિમિત્ત અનુસાર બુદ્ધિમાં વધ-ઘટ થાય છે. અજ્ઞાની એમ માને છે કે દિન-પ્રતિદિનના અનુભવથી બુદ્ધિ વધે છે. પરંતુ એવો કોઈ નિયમ નથી, કારણ કે દિન-પ્રતિદિન અનુભવ કરીને મરણ પથારી પર પડેલા વૃદ્ધ વ્યક્તિને કંઈ યાદ રહેતું નથી, એવા અનેક પ્રસંગો જોવામાં આવે છે. કોઈ તો અહીં સુધી કહે છે કે, મરણના સમયે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ. કહેવાનો આશય એ છે કે, જીવનભર સાથે રહેલી બુદ્ધિ મરણકાળે ભ્રષ્ટ થઈ જાય છે. **આમ, બુદ્ધિને દેહ સાથે સંબંધ નથી. તેથી શરીરાધીન દૃષ્ટિ છોડીને આત્માધીન થવું, સ્વાધીન થવું.**

❀

**જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;**
**એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વય ભાવ. ૫૭**

આત્મા તથા જડ દ્રવ્યનો સ્વભાવ જુદો-જુદો છે. અજ્ઞાનીને આત્મા તથા જડ દ્રવ્ય વચ્ચે ભેદજ્ઞાન નહિ હોવાથી આત્મા પોતાને ભૂલીને જડ દ્રવ્યોને પોતાના માને છે. પરંતુ એક પરમાણું પણ પોતાના સ્વભાવને છોડીને ચેતન થતો નથી કે ચેતનની અભિલાષા રૂપે પરિણમતો નથી. આ પદમાં દરેક દ્રવ્યની સ્વતંત્રતા બતાવી છે. સ્વ-પરનું ભેદજ્ઞાન થયાં વિના આત્માનુભૂતિ થતી નથી. જો કે ભેદજ્ઞાનરૂપ ધારા તો આત્મજ્ઞાનીને જ હોય છે. તેમ છતાં અજ્ઞાની



પણ આગમ તથા યુક્તિના માધ્યમથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરે છે. આમ, ભેદજ્ઞાન મિથ્યાદૃષ્ટી તથા સમ્યગ્દૃષ્ટી બંનેને પોત-પોતાની ભૂમિકાનુસાર હોય છે. નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટીને જ ભેદજ્ઞાન હોય છે. આગમપૂર્વક અજ્ઞાનીને તથા જ્ઞાનીને અનુભવપૂર્વક ભેદજ્ઞાન હોય છે.

પ્રત્યેક દ્રવ્યમાં પોતાને પરદ્રવ્યથી ભિન્ન બતાવતો વિશેષગુણ હોય છે; જેના વડે બે ભિન્ન દ્રવ્યો વચ્ચે ભેદજ્ઞાન થાય છે.

ફુટબોલની મેચમાં રમતાં બંને ટીમના ખેલાડીઓના કપડાંનો રંગ જુદો-જુદો હોય છે; જેનાથી ખેલાડી પોતાના અને સામેની ટીમના ખેલાડીને ઓળખી શકે. તેવી રીતે **ચેતન તથા જડદ્રવ્યને લક્ષણોના માધ્યમથી જુદા જણી શકાય છે. બે દ્રવ્યોને જુદા કરવા એ ભેદજ્ઞાન નથી પરંતુ બે ભિન્ન દ્રવ્યોને ભેદરૂપે જાણવા તેને ભેદજ્ઞાન કહેવાય. ભેદજ્ઞાન સ્વ તથા પર વચ્ચે થવું જોઈએ. પરદ્રવ્યનો એક પણ અંશ સ્વ દ્રવ્યમાં મળતો નથી તથા સ્વદ્રવ્યનો એક પણ અંશ પરદ્રવ્યમાં મળતો નથી; એમ જાણવું તેને ભેદજ્ઞાન કહેવાય.**

કોઈ ડૉક્ટર ઓપરેશન સમયે દર્દીના અંગમાં થયેલી ગાંઠને દૂર કરે ત્યારે, જો થોડી પણ ગાંઠ દર્દીના અંગ સાથે રહી જાય, તો તે ડૉક્ટરને શ્રેષ્ઠ ડૉક્ટર ન કહેવાય. કારણ કે જે દૂર કરવાનું હતું, તે દૂર કર્યું નહિ, તેણે ગાંઠને પૂર્ણ રીતે દૂર કરી નહિ. ફરી કોઈ બીજા ડૉક્ટરને ઓપરેશન કરવાનું કહ્યું; તો તેણે ગાંઠ તો પૂરી રીતે દૂર કરી પરંતુ જે દૂર કરવાનું ન હતું, તેવું શરીરનું અંગ પણ ગાંઠ સાથે કાપીને દૂર કરી દીધું. આમ, તે બંને ડૉક્ટર પોતાના કાર્યમાં કુશળ ન કહેવાય. પહેલાં ડૉક્ટરે દૂર કરવાનું સંપૂર્ણ દૂર

કર્યું નહિ, જ્યારે બીજા ડૉક્ટરે દૂર ન કરવાનું પણ દૂર કર્યું. હોશિયાર ડૉક્ટર તેને કહેવાય જે ગાઠ અને અંગ વચ્ચે કાપ મુકીને ગાંઠનો ભાગ થોડો પણ રાખે નહિ અને શરીરના અંગને થોડું પણ કાપે નહિ. તેવી રીતે જ્ઞાની ભેદજ્ઞાનમાં કુશળ હોય છે કારણ કે, ત્રિકાળી જ્ઞાયકભાવ સિવાય, સર્વજગતને પરરૂપ જાણીને, એક માત્ર જ્ઞાયકભાવમાં એકત્વ કરે છે. ચેતન તથા જડ એક ક્ષેત્રમાં રહેતાં હોવા છતાં પોતપોતાના સ્વભાવને છોડતા નથી. તેઓ ત્રિકાળ જુદાં રહે છે કારણ કે, બે દ્રવ્ય એકરૂપ થાય, તો એક દ્રવ્યનો નાશ થયો એમ કહેવાય. તથા જો એક દ્રવ્યનો પણ નાશ થાય તો જગતના નાશનો પ્રસંગ બને. તેથી એમ સમજવું કે પ્રત્યેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં સ્થિત છે. આત્મા પોતાના જ્ઞાનસ્વભાવને ત્રણેય કાળે છોડતો નથી ,તેથી આત્માને ધ્રુવ જ્ઞાયકભાવ કહે છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''આત્મા જ્ઞાતા-દૃષ્ટા અરૂપી છે. તેનો ચૈતન્યસ્વભાવ છે, તે નિર્મળ શાંતમૂર્તિ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે; દેહાદિ જડ પદાર્થો તેનાથી તદ્દન ભિન્ન છે. ત્રણે કાળ જડ તે જડ છે, અજીવ છે, અચેતન છે અને આત્મા જ્ઞાતા ચૈતન્ય છે. તે બેઉની અવસ્થા એક ક્ષેત્રમાં દેખાવા છતાં તેના લક્ષણ જુદાં જુદાં છે. જે ક્ષેત્રમાં આત્મા છે, તે ક્ષેત્રમાં આઠ જડકર્મના પડદા (-આવરણ) પણ છે. તેની ક્ષણે ક્ષણે દશા બદલાય છે. તેમાં કર્તૃત્વ-મમત્વ વડે સંકલ્પ-વિકલ્પ જન્મ પામે છે. દેહાદિની ક્રિયા થાય છે તે જ હું છું એમ અજ્ઞાની જીવ ભૂલ કરે*



*છે. તે અવસ્થા ક્ષણિક હોવાથી ક્ષણે ક્ષણે નાશ પામે છે પણ. 'જે હોય તે જાય નહિ અને જે ન હોય તે નવું થાય નહિ' એ ન્યાયે આત્મા નિત્ય ટકી રહે છે. દેહ, સંકલ્પ-વિકલ્પ તથા પૂર્વ અવસ્થા પલટી જાય છે; તે આત્મા સાથે નિત્ય રહેનારાં નથી. આત્મા સર્વ દોષ, આઠ કર્મના આવરણ અને દેહાદિ રજકણોથી છૂટો પડી મોક્ષમાં જાય છે અને કર્મના રજકણો તથા દેહના રજકણો બીજી અવસ્થાને ધારણ કરે છે. જગતમાં જડ પરમાણું અનંતા છે, તે સત્ છે, વસ્તુ છે, પદાર્થ છે અને તેનાથી ભિન્ન ચૈતન્યદ્રવ્ય છે. ''ક્યારે કોઈ વસ્તુનો કેવળ હોય ન નાશ'' એ મહાન સિદ્ધાંત છે. પદાર્થોનું અવસ્થાંતર થાય છતાં તે પોતાની સ્વસત્તા છોડે નહિ. એક વસ્તુ બીજી વસ્તુનું કારણ થાય નહિ. મોક્ષદશા થાય છતાં એક આત્મા બીજા આત્મામાં કે જડ તત્ત્વમાં ભળી જાય નહિ. જડ અને ચેતન-બન્ને દ્રવ્ય ત્રિકાળ, ભિન્ન-ભિન્ન રહે છે. કોઈ કાળે જેમાં જાણવાનો ગુણ નથી તે જડ અને જેનો સદાય જાણવાનો સ્વભાવ છે તે ચૈતન્ય એવો બેઉનો કેવળ જુદો સ્વભાવ છે. લોકો મુખથી કહે છે કે, દેહથી આત્મા જુદો છે, પણ વસ્તુનો સ્વભાવ જેમ છે તેમ બરાબર સમજે તો આત્મસ્વરૂપનો નિર્ણય થાય. દેહાદિની મમતા છોડ્યા વિના અને પરમાર્થનો પ્રેમ થયા વિના પદાર્થનો નિર્ણય થતો નથી. તત્ત્વજ્ઞાન લોકોને અઘરું પડે છે, તેથી પોતાના સ્વચ્છંદે જેમ ઠીક લાગે તેમ માને છે. પરનો આશ્રય લઈને સંતોષ માને, એટલે કાં તો ઈશ્વર કર્તા માને, કાં તો જડ અને જીવનું એકપણું માને, કાં તો રાગ-દ્વેષ અને સંકલ્પ-વિકલ્પને પોતાનું સ્વરૂપ માને; એમ પોતાને ઈષ્ટ લાગે તેમ માને; પણ જ્યાં લગી જાત મહેનતથી અતીન્દ્રિય જ્ઞાનનો પુરુષાર્થ*

*યથાર્થ વિધિવડે ન કરે; ત્યાં લગી રખડવાનો દોષ અને દુઃખ ટળે નહિ. સાચું જાણે તો ભ્રમણા રહે નહિ. આત્મા કેવળ જ્ઞાનસ્વરૂપ છે એવો એકવાર ચોક્કસ-યથાર્થ પણે નિર્ણય થાય તો એક ક્ષણના પુરુષાર્થથી અનંત ભવના જન્મ-મરણનો છેડો દેખાય, નિઃસંદેહ ખાત્રી થાય. અંદરથી પોતાને સાક્ષી આવે કે મારે હવે ભવભ્રમણ નથી; જ્યાં-ત્યાં પૂછવા જવું પડે નહિ, સત્‌નો યથાર્થ નિર્ણય કરે તો માર્ગ મળે અને સાધ્યની ઓળખાણ થતાં તે રસ્તે ચાલવા માંડે. ભાવનગર કેવું છે, કેમ પહોંચાય, તે જાણ્યા વિના અંધપણે ચાલે તો જરૂર હેરાન થાય. બહારનું તો જ્યાં-ત્યાં પૂછ્યે ઠેકાણું મળે. પણ આ તો લોકોત્તર માર્ગ, અતીન્દ્રિય સ્વરૂપ તેને જાણવાની વિધિ અનેરી છે. તેનો નિર્ણય પોતાની તૈયારીથી થઈ શકે છે પણ બાહ્ય સાધનથી આત્મા ઊઘડતો નથી. વસ્તુસ્વભાવ જાણ્યા વિના, બીજા વિપરીત સાધન જે દેહ, મન, અને વાણીને ગમે તેમ કેળવે પણ તે બધાં સાધન નિષ્ફળ છે. બીજું કરે તો બીજું થાય. જડભાવનો કર્તા થઈ પુણ્યપરિણામ કરે તો જડભાવથી જડ ફાટે. માટે અપૂર્વ તત્ત્વની ખોજ કરો અને જાગો. આ કાળે પણ એક કે બે દેહ કરી આત્મા કર્મઉપાધિથી સર્વથા મુક્ત થઈને પોતાના સ્વાધીન મોક્ષસ્વરૂપને પુરુષાર્થથી અવશ્ય પામી શકે છે. વર્તમાનકાળે તેની સાક્ષી, પ્રતીતિ અને અનુભવ થઈ શકે છે માટે પ્રથમ જડ-ચેતનની જુદાઈ જાણવા માટે વસ્તુસ્વભાવ જેમ છે તેમ પોતાના નિર્ણયથી જાણો. જડ અને ચેતન એ ત્રણે કાળમાં દ્વિભાવપણું છોડી એકપણું પામે નહિ.''*



**આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;**
**શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮**

આત્મા પોતે જ આત્માના અસ્તિત્વની શંકા કરે, એ અચરજ પમાડે એવી વાત છે. આત્મા જગતના સર્વ પદાર્થોના અસ્તિત્વનો સ્વીકાર કરે છે પરંતુ પોતાના અસ્તિત્વનો સ્વીકાર કરતો નથી. પરપદાર્થમાં એકત્વ કરી, તેમાં સુખ માનનાર અજ્ઞાની આત્મા, પોતે પોતાને ભૂલી ગયો છે.

જેવી રીતે કોઈ વ્યક્તિ અનેક લોકોના ટોળામાં ઉભો રહીને, જ્યારે ટોળામાં ઉભેલા લોકોની સંખ્યા ગણતો હોય, ત્યારે તે વ્યક્તિ ટોળામાં ઉભેલા બધાં લોકોમાંથી કોઈની ગણત્રી કરવાનું ચૂકતો નથી. પરંતુ પોતાને ગણવાનું ભૂલી જાય છે. તેવી રીતે અજ્ઞાની જડદ્રવ્યોને તો જાણે છે, માને છે પરંતુ ચેતનદ્રવ્યને જાણતો નથી તથા માનતો પણ નથી. લોકમાં કહેવાય છે કે ગણનારો પોતે જ પોતાને ગણવાનું ભૂલી જાય છે, તેથી ગણત્રીમાં ભૂલ આવે છે. જાણનારો, જાણનારને ભૂલીને જાણનાર વિષે શંકા કરે છે. જ્ઞાનીને તે વાતનું અચરજ છે. ખરેખર જે આત્માને જાણતો નથી, તે જગતને પણ જાણતો નથી. જો આત્મા આત્માને જાણતો હોત તો આત્માને પોતારૂપે માન્યો હોત. તથા જો અનાત્મા એટલે પરદ્રવ્યને આત્મા જાણતો હોત, તો તેને પોતાના ન માન્યા હોત. જેવી રીતે કોઈ છોકરાને બજારમાં લીંબુ લેવાં મોકલ્યો હોય અને તે છોકરો લીંબુના બદલે સંતરા લઈ આવે, તો એનો અર્થ એમ થયો કે, તે છોકરાને લીંબુનું જ્ઞાન નથી. તેને માત્ર લીંબુનું જ્ઞાન નથી એમ નહિ, તેને

સંતરાનું પણ જ્ઞાન નથી. જો લીંબુનું જ્ઞાન હોત, તો લીંબુ જ લાવ્યો હોત તથા જો સંતરાનું જ્ઞાન હોત તો સંતરા ન લાવ્યો હોત. **તેવી રીતે જો આત્મા પોતાને જાણતો હોત, તો તેમાં જ એકત્વ કર્યું હોત તથા જો પરને જાણ્યું હોત તો પદાર્થનું એકત્વ છોડી દીધું હોત.**

સંપૂર્ણ જગતને જાણવાનો પ્રયત્ન કરવા છતાં જગતને જાણી શકાતું નથી કારણ કે જગતને ભોગવવાની ઈચ્છા જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તો કેવળજ્ઞાન થતું જ નથી. સાથે સાથે જગતને જાણવાની ઈચ્છા કરવાથી પણ કેવળજ્ઞાન થતું નથી. કારણ કે ઈચ્છા તો મોહના ઉદયથી ઉત્પન્ન થાય છે. તથા મોહનો ઉદય જ્યાં સુધી હોય, ત્યાં સુધી કેવળજ્ઞાન થતું નથી. નિજશુદ્ધાત્માને જાણવાથી સંપૂર્ણ જગત કેવળજ્ઞાનમાં સહજ જણાય છે. તેથી શિષ્ય આત્માને જાણવા ઈચ્છે છે. તેને પર પદાર્થોને જાણવાની અભિલાષા પણ નથી. શિષ્યના દરેક પ્રશ્ન આત્માથી સંબંધિત છે. એ અપેક્ષાએ પણ કૃપાળુદેવના શિષ્યની દશા અન્ય મિથ્યાદૃષ્ટી કરતાં ઘણી ઉત્કૃષ્ટ છે કારણ કે વર્તમાનકાળમાં ધર્મની રુચિ કરતાં વ્યક્તિની રુચિવાળા શિષ્ય ઘણાં છે. કોઈ નિશ્ચિત ગુરુને જ સાચા ગુરુરૂપે માની લેવાથી મોક્ષમાર્ગ મળી જતો નથી. મોક્ષમાર્ગની પ્રાપ્તિ સદ્‌ગુરુએ સમજાવેલા તત્ત્વજ્ઞાનના માધ્યમથી થાય છે, તેથી કૃપાળુદેવે સદ્‌ગુરુને નમસ્કાર કર્યા છે. ત્યાં સદ્‌ગુરુના સ્થાને, કોઈ જ્ઞાની વિશેષના નામનો ઉલ્લેખ કર્યો નથી. દરેક જીવે વીતરાગતાને પૂજ્ય માનવી જોઈએ. તે વીતરાગતા ગમે તે જાતિના કોઈ પણ ગતિના આત્મામાં પ્રગટ થઈ હોય, તો તે આત્મજ્ઞાની છે.



આમ, શિષ્યએ આત્મજ્ઞાનની પ્રાપ્તિના લક્ષ્યે આત્મજ્ઞાન સંબંધી પ્રશ્ન પૂછ્યા છે. તેમ છતાં આત્મા પોતાના સ્વરૂપને જાણતો નથી. આત્મા પોતાની ઓળખાણ બીજાને પૂછે છે, તેથી જ્ઞાનીને અચરજ થાય છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*‘‘પોતાની જાતની વાત છે. અહીં શ્રીગુરુ કહે છે કે, ઊંઘાઈથી શંકા કરીને તું કહે કે આત્મા જ નથી, જાણનારો જ નથી. જો કોઈ કહે કે ‘મારી માતા વંધ્યા છે’ તો તેની મશ્કરી થાય છે, તેમ ‘હું નથી’ એવી તારી બુદ્ધિ વિષે અમાપ અચરજ થાય છે. આત્માની ઝીણી વાત અમારાથી સમજાય નહિ, તેમ કહેનારા પણ બધા આશ્ચર્યરૂપ છે. હવે શિષ્ય કબૂલવાની ભાષાએ બીજી શંકા કરશે. આત્મા છે તે તો નક્કી થયું, પણ હવે નિત્ય છે કે કેમ ? તેની શંકા કહેશે. આપે જે જે ન્યાય કહ્યા તેને મેં ખ્યાલમાં રાખ્યા છે તેમ પણ તે કહેશે. પણ અહીં તો લોકોને રોજ સાંભળવું અને ઘેર જઈને કાંઈ વિચાર-મનન કરવું નહિ, ભૂલી જવુ. ૫૦-૬૦ વર્ષો સુધી સામાયિક-પડિક્કમણાના નામે પથરણાં ફાડ્યાં, ધર્મક્ષેત્ર સેવ્યાં, છતાં આવા પ્રશ્નો કરીને સત્‌ને સમજવાની ધગશ કોઈએ કરી ? શિષ્ય એવા હોવા જોઈએ કે બરાબર એકાગ્રતાથી જે ન્યાય આવે તેને પકડી શકે અને તેને અધિકપણે સમજવા માટે પ્રશ્ન કરે.*

*આત્મા છે અને નિત્ય છે એમ ઔઘિક રીતે ઘણાં વાતો કરે છે, પણ વિચાર દ્વારા જાતે નિર્ણય કરનારા બહુ થોડાં હોય છે. શાસ્ત્રો*

*વાંચે, પણ નિર્ણય ન કરે કે આમ જ છે અને તે આ ન્યાયથી છે. શ્રીમદ્ પોતે જ શિષ્યની જિજ્ઞાસાની આબેહૂબ રચના કરી છે, અને હૃદયમાં આરપાર ઊતરી જાય તેવી હૃદયવેધક ભાષામાં સંવાદ રચ્યો છે.''*

❁

**આત્માના અસ્તિત્વના આપે કહ્યા પ્રકાર;**
**સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯**

શિષ્યને સદ્ગુરુએ કરેલાં સમાધાનથી આત્માનું અસ્તિત્વ સમજાયું છે, એ વાતની પુષ્ટિ કરતા તે આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. સદ્ગુરુએ શિષ્યને અનેક તર્ક, યુક્તિ તથા ન્યાયસંગત દૃષ્ટાંતોના માધ્યમથી આત્માના અસ્તિત્વની સિદ્ધિ કરતા શિષ્યની શંકાનું સમાધાન કર્યું છે. કોઈપણ જીવને, આત્માના અસ્તિત્વના સંબંધમાં યુક્તિ અને દૃષ્ટાંતના માધ્યમથી, આત્માના અસ્તિત્વનું સ્વરૂપ જેટલી સરળતાથી સમજાવી શકાય છે, તેટલી સરળતાથી આગમના ઉદાહરણોના માધ્યમથી સમજાવી શકાતું નથી. આત્માના અસ્તિત્વનો સ્વીકાર નહિ કરનાર શિષ્ય સમક્ષ યુક્તિ, તર્ક અને દૃષ્ટાંતથી શંકાનું સમાધાન કરવું, તે વધુ કાર્યકારી છે.

અલ્પ પ્રયાસે પણ શિષ્યને આત્માનું અસ્તિત્વ સમજાયું, તેનું કારણ શિષ્યની કોમળતા તથા સરળતા છે. કૃપાળુદેવનો શિષ્ય સરળ અને કોમળ તો છે જ, સાથે સાથે બુદ્ધિવાન પણ છે. કારણ કે સદ્ગુરુના કહેવા માત્રથી શિષ્યએ, આત્માના અસ્તિત્વનો સ્વીકાર કર્યો નથી પરંતુ અંતરંગમાં સદ્ગુરુના ઉત્તરનો વિચાર



પણ કર્યો છે કારણ કે વિચાર કરીને, કરેલો નિર્ણય છૂટવો અત્યંત દુષ્કર હોય છે. આ ગાથા પરથી વિચારની મહિમા પણ સમજી શકાય છે. વિચાર કર્યા વિના મોક્ષમાર્ગ પ્રગટતો નથી, એટલું જ નહિ આત્માના અસ્તિત્વનો નિર્ણય કરવા માટે પણ અંતરંગ વિચારની અનિવાર્યતા છે.

શિષ્યએ પણ વિચારને મહત્વ આપ્યું છે. વિચાર કર્યા બાદ શિષ્યએ આત્માના અસ્તિત્વનો નિર્ણય લીધો છે. એમ પણ નથી કે શિષ્યને પહેલાં પ્રશ્નના ઉત્તરની પ્રાપ્તિમાં સંતોષ થઈ ગયો હોય. તેથી વિશેષ ખુલાસો મેળવવા માટે એમ કહે છે કે, આત્માના અસ્તિત્વની સંભાવના છે.

આત્મા અરૂપી હોવા છતાં, આત્માર્થી જીવને વિચારના માધ્યમથી આત્માનો નિર્ણય થઈ શકે છે. 'થઈ શકે છે' એટલું જ નહિ, પણ વિચારથી કરેલાં નિર્ણય વિના તો, આત્માનુભૂતિ સુધી પહોચવું અસંભવ છે. શાસ્ત્રમાં સમ્યગ્દૃષ્ટી, નારકી, પશુ અને દેવની પણ ચર્ચા આવે છે, તેમાં એમ સમજવું કે, તે જીવોને પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં આત્માનો વિકલ્પાત્મક વિચારપૂર્વક નિર્ણય થયો જ હતો.

શિષ્યના કથનથી એમ સ્પષ્ટ થાય છે કે, શિષ્યએ આત્માની સંભાવનાનો સ્વીકાર કર્યો છે. આત્માની સંભાવનાનો સ્વીકાર અને આત્માનો સ્વીકાર એ બંને સ્વીકારમાં અંતર છે. શિષ્ય એમ માને છે કે, આત્માને જ્યાં સુધી અનુભવ પ્રમાણથી ન જાણવામાં આવે ત્યાં સુધી તેનો સંભાવનારૂપે જ સ્વીકાર કર્યો એમ કહેવાય. વર્તમાનમાં

કેટલાક અજ્ઞાની આગમના માધ્યમથી આત્માના બે-ચાર ગુણોના નામ યાદ રાખીને પોતાને આત્માના અનુભવી માની લે છે. પોતાને જ્યાં સુધી આત્માનુભવ ન થાય, ત્યાં સુધી પોતાની અજ્ઞાનદશાનો સ્વીકાર કરવો એ ઉત્કૃષ્ટ શિષ્યનું લક્ષણ છે. કૃપાળુદેવના શિષ્યમાં આ લક્ષણ જોવા મળે છે, કારણ કે કૃપાળુદેવના શિષ્ય આત્માનુભવ પહેલાં થયેલા આત્માના સ્વીકારને આત્માનો સંભાવનારૂપે સ્વીકાર કહે છે, અર્થાત્ તેમાં સંતોષ માનીને અટકી જતા નથી.

❁

**બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;**
**દેહ યોગથી ઊપજે, દેહ વિયોગે નાશ. ૬૦**

સદ્‌ગુરુના ઉપદેશથી આત્માના અસ્તિત્વ વિષે સમાધાન થાય બાદ શિષ્યને બીજી શંકા ઉત્પન્ન થાય છે. પ્રથમ શંકાનું સમાધાન થઈ જતાં શિષ્યએ સંતોષ ન માન્યો અને બીજો પ્રશ્ન પણ પહેલાં પ્રશ્નના સમાધાનથી જ ઉત્પન્ન કર્યો, તે એમ બતાવે છે કે, શિષ્યને પહેલો પ્રશ્ન સારી રીતે સમજાયો છે. આત્માનો નિર્ણય થયા પછી આત્માના કાળ વિષે શિષ્ય શંકા કરે છે.

જેવી રીતે કોઈ ગ્રાહક ખરીદી માટે કોઈ દુકાને જાય, ત્યારે દુકાનદારને 'આ વસ્તુ તમારી પાસે છે ?' એમ પ્રશ્ન કરે છે અને જો દુકાનમાં એ વસ્તુ હોય તો તે વસ્તુની ગારંટી કે વૉરંટી છે કે, નહિ અને જો હોય તો તે કેટલા સમય માટે ? આમ, વસ્તુના હોવાપણાનો નિર્ણય થયા બાદ વસ્તુના કાળ વિષે શંકા થાય છે. તેવી રીતે ગુરુના મુખેથી ઉપદેશ સાંભળીને આત્માનો નિર્ણય કરનાર શિષ્ય આત્માના



કાળ વિષે પોતાનો મત રજુ કરે છે. શિષ્ય કહે છે કે આત્મા અવિનાશી હોતો નથી. જ્યારે શરીરની ઉત્પત્તિ થાય છે, ત્યારે આત્માની ઉત્પત્તિ થાય છે તથા જ્યારે શરીરનો નાશ થાય છે, ત્યારે આત્માનો પણ નાશ થાય છે અર્થાત્ આત્માનો અને શરીરનો કાળ એક સરખો છે. એક જ આત્મા, એક દેહને છોડીને બીજા દેહને ધારણ કરે છે, શિષ્ય એ વાતને માનતો નથી. લોકવ્યવહારમાં એમ કહેવાય કે શિષ્ય પુનર્જન્મમાં માનતો નથી. જગતમાં કોઈ દર્શન એવાં પણ છે, જે આ ભવ પછી બીજો ભવ થશે તેના વિષે માનતા નથી. તેઓ કહે છે કે, અહીં જ નરક છે, અહીં જ સ્વર્ગ છે. જીવે કરેલું બધું અહીં જ ભોગવવાનું છે અર્થાત્ તેઓ આત્માને નિત્ય માનતા નથી. શરીરની ઉત્પત્તિ અને શરીરનો નાશ થાય છે પરંતુ આત્માની ઉત્પત્તિ કે નાશ થતાં નથી. આ વાત શિષ્યને માન્ય નથી. ખરેખર શરીરના પરમાણું ઉત્પન્ન થયા નથી કારણ કે એ પરમાણું શરીરરૂપે પરિણમ્યા પહેલા આ જગતમાં કોઈ અલગ અવસ્થારૂપે તો હતાં જ. તેવી રીતે શરીરના પરમાણું નષ્ટ પણ થતાં નથી કારણ કે શરીરની અવસ્થા પલટાયા પછી પણ તે પરમાણું આ જગતમાં કોઈ ને કોઈ અલગ અવસ્થારૂપે રહેશે જ. આમ, આત્મા જ નહિ પણ સર્વ દ્રવ્ય સત્તાસ્વરૂપે ટકી રહેતા હોવાથી, સર્વ દ્રવ્ય સત્તા સ્વરૂપે નિત્ય છે. શિષ્યને શરીરનું પણ જ્ઞાન નહિ હોવાથી આત્મા અને શરીરને એક માને છે. આત્મા અને શરીર એકક્ષેત્રાવગાહી હોય છે પરંતુ શરીરમાં આત્મા રહેલો નથી તથા આત્માને શરીરની કોઈ અપેક્ષા નથી.

અજ્ઞાની કહે છે કે મારા શરીરમાં આત્મા છે એટલે એનો અર્થ

એમ થયો કે અજ્ઞાની પોતાને શરીર માને છે અને આત્માને પોતાનાથી જુદી વસ્તુ માને છે. શિષ્યનો ભાવ એમ છે કે, જેવી રીતે કોઈ કપડું જુનું થઈને જીર્ણ થઈ જતાં પહેરવાલાયક રહેતું નથી તેવી રીતે શરીર પણ વૃદ્ધ થઈ જતાં તેનું મરણ થાય છે અને તેની સાથે આત્મા પણ મરી જાય છે. તેને કહીએ છીએ કે કોઈ દેહ તો વૃદ્ધ થયા પહેલાં જ અકસ્માત કે બિમારીના કારણે નાની વયમાં કાર્ય કરતું બંધ થઈ જાય છે. તો ત્યાં શું સમજવું ? તેનો તર્ક આપતા શિષ્ય કહે છે કે, જેવી રીતે કોઈ કપડું જૂનું તો ન થયું હોય પણ કોઈ કારણસર ફાટી જાય, ત્યારે તે નવું હોવા છતા પહેરવાલાયક રહેતું નથી. તેવી રીતે વૃદ્ધ થયા પહેલાં જ કોઈક અકસ્માત થતાં શરીર મૃત થાય છે અને આત્મા પણ સાથે જ મરી જાય છે. શિષ્ય, આત્મા અને શરીરની ઉત્પત્તિ અને નાશ એકસાથે માને છે.

❀

**અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;**
**એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧**

વસ્તુનો સ્વભાવ ક્ષણિક હોવાથી વસ્તુ દરેક સમયે બદલાય છે. આત્મા પણ દરેક સમયે બદલાતો હોવાથી આત્માની નિત્યતા સિદ્ધ થતી નથી, એમ શિષ્ય કહે છે. દરેક વસ્તુની અવસ્થા નિત્ય બદલાય છે. જો કે વસ્તુ ક્ષણે ક્ષણે બદલાય છે પણ તેનો બદલાવ એક ક્ષણ પૂરતો નથી. દ્રવ્યમાં ક્ષણેક્ષણે થતો બદલાવ પણ નિત્ય છે તેની શિષ્યને સમજ નથી. પર્યાય એક સમયની હોય છે પણ પર્યાયપણું તો ત્રિકાળ નિત્ય હોય છે. શિષ્યને દ્રવ્યનો પલટાતો ભાવ દેખાય છે



પરંતુ તેને દ્રવ્યના નહિ પલટાતા ભાવનો સ્વીકાર નથી. અજ્ઞાનીને દ્રવ્યનું સ્થૂળ પરિણમન જણાય છે પણ દ્રવ્યનો પરિણમન સ્વભાવ સમજાતો નથી.

જેની દૃષ્ટિ માત્ર પર્યાય પર જ છે તેવા શિષ્યને જગતનો દરેક પદાર્થ ક્ષણિક લાગે છે. જે મતમાં જગતના ક્ષણિકપણાનો જ અનુભવ કરવાનો ઉપદેશ આપવામાં આવે છે, તેઓ આત્માની ધ્રુવતાનો સ્વીકાર કરતા નથી. પરિણામે તેઓ અતીન્દ્રિય આનંદ પામતા નથી અને ક્ષણિકપણાના વિકલ્પોમાં જ અટકી જાય છે. ખરેખર ક્ષણિકનો વિચાર જ વિકલ્પ કહેવાય છે. કારણ કે જે ક્ષણિક છે તે ભેદરૂપ છે તથા ત્રિકાળી તત્ત્વ અભેદ છે. જો કે વિકલ્પ ક્ષણિકના લક્ષ્યે થતો હોવા છતાં, વિકલ્પ બે પ્રકારના કહ્યાં છે. પરદ્રવ્યની ક્ષણિક અવસ્થાના નિમિત્તથી થતો વિકલ્પ તથા પોતાના આત્માની ક્ષણિકદશા અર્થાત્ પર્યાયના નિમિત્તથી થતો વિકલ્પ.

ઉપયોગને ખેંચી-તાણીને આત્મામાં સ્થિર કરવાથી ઉપયોગ સ્થિર થતો નથી. કાચના ગ્લાસને છૂટી ન જાય તેના માટે ગ્લાસની ક્ષમતા કરતા વધુ કસીને પકડવાથી કાચનો ગ્લાસ તૂટી જશે. તેવી રીતે જે જીવ ઉપયોગને ખેંચી-તાણીને આત્માને પકડવાની કોશિશ કરે છે તેમની તે કોશિશ વ્યર્થ છે કારણ કે **આત્માનુભૂતિ ખેંચી-તાણીને ઉપયોગને સ્થિર કરવાથી થતી નથી.**

આત્માનુભૂતિ એ આત્માની સહજ દશા છે. આત્માનુભૂતિ અત્યંત સુલભ છે કારણ કે એક સમય માટે ઉપયોગ સ્વભાવમાં સ્થિર થતાં આત્માનુભૂતિ થાય છે તથા તે દુર્લભ પણ છે કારણ કે

અજ્ઞાનીને અનાદિકાળથી આજ સુધી એકવાર પણ આત્માનુભૂતિ થઈ નથી. જો એટલી સુલભ હોત તો આજ સુધી અનેકવાર આત્માનુભૂતિ થઈ ચૂકી હોત!

શિષ્ય પર્યાયના પરિણમનનો સ્વીકાર કરે છે એટલું જ નહિ નિત્ય પરિણમનનો પણ સ્વીકાર કરે છે. તેથી તે કહે છે કે વસ્તુ ક્ષણે ક્ષણે પલટાય છે. કાળ દૃષ્ટિએ વિચાર કરતાં એક સમય પણ એવો હોતો નથી, કે જે સમયે વસ્તુનું પરિણમન ન થયું હોય. વસ્તુ નિત્ય પરિણમે છે પરંતુ અજ્ઞાનતાના કારણે આત્માને વસ્તુનું ક્ષણેક્ષણે થતું પરિણમન જણાતું નથી. સમજવાની દૃષ્ટિએ એમ કહેવાય છે કે આજે વાળ અને નખ કાપ્યા પછી અમુક દિવસ બાદ એમ જણાય છે કે, ફરી પાછા વાળ અને નખ વધી ગયા છે. ખરેખર વાળ અને નખનું વધવું એ એક ક્ષણમાં થતું નથી. તેનો વિકાસ ક્રમે ક્રમે થાય છે. ક્રમે ક્રમે થતો વિકાસ પણ નિરંતર થાય છે. માત્ર વાળ અને નખ જ નહિ પરંતુ જગતનો પ્રત્યેક પદાર્થ નિત્ય પરિણમનશીલ છે. આત્માનુભૂતિ માટે પણ એમ જ સમજવું કે **આત્માનુભૂતિ એક સમયમાં થાય છે પણ તેની પાત્રતા માટે અનંતભવના સંસ્કાર કારણભૂત બને છે. બહારગામથી ઘરમાં આવતા એક સમય લાગે છે, પરંતુ ઘરના દરવાજા સુધી પહોંચતા તો કલાકો પણ લાગે છે.** તેમ આત્માનુભૂતિ માટે પણ સમજવું જોઈએ. શિષ્યને ક્ષણિક વસ્તુનો અનુભવ થાય છે, પરંતુ વસ્તુનો અનુભવ કરનાર આત્માનો અનુભવ થયો નથી. તેથી સદ્‌ગુરુ સમક્ષ આત્માની નિત્યતા સંબંધી શંકા કરે છે.



❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"આત્મા છે એમ તો માનીએ; દેહ ઈન્દ્રિયોથી જુદો છે, જાણનારો છે, એ તમારી વાત સાચી; પણ દેહનો નાશ થયા પછી કોઈ જીવ મને કહેવા આવતો નથી કે "અમે છીએ." વળી ક્ષણે ક્ષણે શુભાશુભભાવ-ઈચ્છા આદિ પરિણામ થઈને નાશ પામે છે. કોઈ વાર તીવ્ર લોભ, કોઈ વાર ઉદારતા, કોઈ વાર ક્રોધ, કોઈ વાર ક્ષમા એમ વસ્તુ બદલાઈ નાશ થઈ જાય છે, તેથી વસ્તુ નિત્ય લાગતી નથી, પણ ઉત્પત્તિ અને લય થયા જ કરે છે. આ બૌદ્ધ દર્શનની માન્યતા છે, પણ એ પક્ષ એકાંતી છે. જિનેશ્વર ભગવાન સર્વજ્ઞ જ્ઞાનથી કહે છે તે યુક્તિ, ન્યાય અને અનુભવથી સિદ્ધ છે.* ***આત્મા નિત્ય ટકતો બદલાય છે. દ્રવ્યે નિત્ય છે અને પર્યાયે પલટાય છે,*** *એ ન્યાય આગળ આવશે. અહીં શિષ્ય કહે છે કે, ગુણ વખતે આત્મા બીજો અને દોષ વખતે બીજો, ક્રોધ વખતે બીજો અને ક્ષમા વખતે બીજો એમ હોય તો? માટે નિત્યપણું જણાતું નથી; આનો કંઈ સાચો ઉપાય હોય તો જણાવો. શ્રી સદ્‌ગુરુ કહેશે કે દરેક આત્મા સ્વતંત્ર છે અને નિત્ય છે."*

❁

**દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય;**
**ચેતનના ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય? ૬૨**

આત્મા માટે આ દેહ ક્ષણિક સંયોગ છે. સંયોગ તેને જ કહેવાય

જેનો અમુક કાળે વિયોગ થવાનો હોય. સંયોગ એ વિયોગપૂર્વક જ હોય છે. એક વાત એ પણ છે કે, જેને સંયોગ કહેવામાં આવે છે, તે સંયોગ પોતાનાથી સર્વથા જુદાં છે. શરીર એ આત્માનો સંયોગ છે એનો અર્થ એમ થયો કે શરીર એ આત્મા નથી, કારણ કે, સંયોગ એ સંયોગીથી ભિન્ન થાય છે. આજે જે શરીર છે તેમાંના અનંત પરમાણું આવતીકાલે આ શરીર સાથે નહિ રહે. તથા શરીરથી જુદાં અનંત પરમાણુંનો શરીર સાથે નવીન સંયોગ થશે.

જે શરીરને અજ્ઞાની પોતાનું માને છે, તે શરીર જડ છે, માત્ર સંયોગ થવાથી જો જગતના પદાર્થો પોતાના થઈ જતાં હોય તો આખું જગત પોતાનું થઈ ગયું હોત કારણ કે આત્મા અનાદિકાળથી આ લોકના સમસ્ત પરમાણુંના સંયોગરૂપે રહી ચૂક્યો છે. આત્માને આ દેહનો સંયોગ દુઃખી કરતો નથી. માત્ર આ દેહનો જ નહિ, પણ જગતના કોઈ પણ દ્રવ્યનો સંયોગ આત્માના સુખ-દુઃખનું કારણ હોતો નથી. સંયોગોમાં મોહ-રાગ-દ્વેષરૂપ વિકારીભાવ કરી આત્મા પોતાને સુખી-દુઃખી માને છે. જો સંયોગ સુખ-દુઃખનું કારણ હોય તો ગાડીને પેટ્રોલના સંયોગથી સુખ કે દુઃખ થવું જોઈએ. કોઈ એમ કહે કે, ગાડી તો જડ છે, તેથી તેને સંયોગથી સુખ-દુઃખ કેવી રીતે થાય ? હા, તેની વાત સાચી છે. પરંતુ સિદ્ધભગવાનને અનંત નિગોદિયા જીવનો સંયોગ છે,તેમ છતાં તેમને કોઈ પણ સંયોગોથી સુખ-દુઃખ ઉત્પન્ન થતાં નથી. કારણ કે, તેઓ પૂર્ણ વીતરાગી અને સર્વજ્ઞ દશાને પ્રાપ્ત થયા છે. આમ, સંયોગ સુખ-દુઃખનું કારણ નથી પરંતુ સંયોગને સાથી માનીને જીવ પોતે જ સુખી-દુઃખી થાય છે.



સંયોગરૂપ શરીરને અજ્ઞાની એમ માને છે કે, આ શરીર જ હું છું. શરીરના રંગને પોતાનો રંગ, શરીરના કદને પોતાનું કદ, શરીરના વજનને પોતાનું વજન માને છે કે, હું આટલાં-આટલાં કિલોગ્રામ છું. શરીરમાં રહેલી વિષ્ટા છોડ્યા પછી શરીરનું વજન ઓછું થઈ જતાં એમ માને છે કે મારૂં વજન ઘટી ગયું. એનો અર્થ એમ થયો કે અજ્ઞાની વિષ્ટામાં પણ હું પણું કરે છે. આ દેહ માંસ, લોહી, હાડકાં, પરૂ, મૂત્ર, વિષ્ટા વગેરે અપવિત્ર પદાર્થોનો સમૂહ છે. માખીની પાંખ જેવી ચામડીથી અપવિત્ર પદાર્થો ઢંકાયેલા છે. આત્મા તે સમસ્ત પદાર્થોથી અત્યંત ભિન્ન છે.

અહીં આત્મા તથા શરીર વચ્ચે મુખ્ય ત્રણ ભેદ બતાવ્યા છે. આત્મા જ્ઞાન સહિત હોવાથી ચેતન છે. શરીર જ્ઞાન રહિત હોવાથી જડ છે. આત્મા સ્પર્શ, રસ, ગંધ તથા વર્ણથી રહિત હોવાથી અરૂપી છે. શરીર પુદ્‌ગલમય હોવાથી રૂપી છે. આત્મા અરૂપી હોવાથી અદૃશ્ય એટલે ઈન્દ્રિયગમ્ય નથી, શરીર રૂપી હોવાથી દૃશ્ય એટલે ઈન્દ્રિયગમ્ય છે.

આત્માના અસ્તિત્વને તથા તેની પલટાતી ઉત્પાદ્-વ્યયરૂપ અવસ્થાને શરીર જાણતું નથી તથા અનુભવી શકતું પણ નથી. અરૂપી આત્માનો અનુભવ અરૂપી આત્મા જ કરી શકે, કારણ કે, જડ પદાર્થમાં તો એ પણ શક્તિ નથી કે પોતાનો અનુભવ કરી શકે. દેહની મહિમા છોડીને જે આત્માને મહિમાવંત માને છે, તે જ જ્ઞાની છે.

❀

**જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;**
**તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩**

આત્માનું નિત્યપણું સિદ્ધ કરતા સદ્ગુરુ કહે છે કે ઉત્પાદ્ અને વ્યયના જ્ઞાનનો આધાર ત્રિકાળી ધ્રુવ નિત્ય આત્મા છે. ક્ષણિક એવા ઉત્પાદ્ તથા વ્યયનો જાણનારો પણ ત્રિકાળી નિત્ય આત્મા છે. ત્રિકાળી આત્મામાં જ્ઞાન સ્વભાવ ત્રિકાળ છે. ૬૨મી તથા ૬૩મી ગાથામાં આત્માની નિત્યતાને સિદ્ધ કરવા માટે સદ્ગુરુદેવે અનેરી શૈલીનો પ્રયોગ કર્યો છે. ૬૨મી ગાથામાં સદ્ગુરુએ પ્રશ્નની શૈલીમાં સમાધાન કર્યું છે તથા ૬૩મી ગાથામાં તે જ પ્રશ્નનું ઉત્તરની શૈલીમાં સમાધાન કર્યું છે. સદ્ગુરુ, શિષ્ય સમક્ષ આત્માની નિત્યતા સંબંધી સમાધાન કરતાં કહે છે કે પર્યાયદૃષ્ટિએ આત્મા ક્ષણિક છે તથા દ્રવ્યદૃષ્ટિએ આત્મા નિત્ય છે. મિથ્યાજ્ઞાનરૂપ પર્યાય પલટાઈને સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમે છે, ત્યારે મિથ્યાજ્ઞાનનો વ્યય તથા સમ્યગ્જ્ઞાનનો ઉત્પાદ્ થાય છે. ઉત્પાદ્ તથા વ્યય વચ્ચે સમયભેદ નથી. ઉત્પાદ્ તથા વ્યય એક જ સમયે થાય છે, ત્યાં એટલું ખાસ યાદ રાખવું કે, એક જ સમયમાં થતી ઉત્પાદ્ તથા વ્યયરૂપ પર્યાયો જુદી-જુદી હોય છે. જે સમયે જ્ઞાનની એક પર્યાયનો વ્યય થાય છે, તે જ કાળે જ્ઞાનની નવીન પર્યાયનો ઉત્પાદ્ થાય છે. ઉત્પન્ન થયેલી નવીન પર્યાય એક સમય સુધી ટકે છે તથા એક સમય બાદ બીજી ક્ષણે તે પર્યાય વ્યય પામે છે. આમ, ઉત્પાદ્ તથા વ્યયનો ક્રમ અનાદિકાળથી ચાલે છે તથા અવિરત ધારારૂપે અનંતકાળ સુધી ચાલતો રહેશે. **ઉત્પાદ્ તથા વ્યયની અવિરત ધારાને જાણતું જ્ઞાન ત્રિકાળ છે, તે જ્ઞાન આત્મદ્રવ્યમાં**



**ત્રિકાળ વિદ્યમાન હોવાથી આત્માને જ્ઞાયક પણ કહેવામાં આવે છે. જો ઉત્પાદ્ તથા વ્યયને જાણનાર એટલે જ્ઞાયક કહેવામાં આવે તો તે ક્ષણિક હોવાથી તેમાં જ્ઞાયકભાવ સંભવ નથી. તેથી ઉત્પાદ્ તથા વ્યયથી જુદો આત્મા જગતનો જાણનારો છે તે શક્તિ સ્વરૂપે છે. જાણનારો ત્રિકાળી છે તથા જેમાં જાણે છે અને જે જણાય છે તે પર્યાય ક્ષણિક છે. તેથી એમ કહેવાય છે કે જાણનારને જાણનારની પર્યાયમાં જાણવો એ જ આત્માનુભૂતિ છે. મિથ્યાજ્ઞાન, સમ્યગ્જ્ઞાન તથા ત્રિકાળી ધ્રુવ આત્મા આ ત્રણેયને જાણનાર આત્મા છે. અહીં આત્માને પર્યાયથી પણ ભિન્ન બતાવ્યો છે. આત્મા પરદ્રવ્યથી તો ભિન્ન છે જ, સાથે-સાથે પર્યાયથી પણ ભિન્ન (અન્ય) છે. આત્મા સર્વથા કુટસ્થ નથી, કારણ કે આત્મા જ્ઞાનાદિ અનંતગુણોનો ઘનપિંડ છે.**

જેવી રીતે લોકમાં કોઈનું મરણ થતાં મરનાર વ્યક્તિ મરણ થયા બાદ છોડેલા શરીરને જાણતો નથી; પરંતુ ત્યાં ઉપસ્થિત અન્ય લોકો, મરણ પહેલાં તથા મરણ પછી એમ બંને શરીરને જાણે છે. જીવિતદેહનો વ્યય તથા મૃતદેહનો ઉત્પાદ્ જાણનાર, એ અવસ્થાથી ભિન્ન ત્યાં ઉપસ્થિત લોકો છે. તેવી રીતે ઉત્પાદ્ તથા વ્યયનો અનુભવ કરનાર ઉત્પાદ્ તથા વ્યય નથી પરંતુ ઉત્પાદ્ તથા વ્યયથી ભિન્ન ત્રિકાળી આત્મા છે. ઉત્પાદ્ તથા વ્યયથી ત્રિકાળી આત્મા સર્વથા ભિન્ન નથી કારણ કે ઉત્પાદ્-વ્યય એ ત્રિકાળી આત્માની પોતાની જ ક્ષણિક અવસ્થા છે જેને પર્યાય કહે છે. અનુભવ પર્યાયમાં થાય છે પણ એ અનુભવમાં આવતી પર્યાયથી ત્રિકાળ નિત્ય જ્ઞાયક આત્મા જુદો છે. આત્માને ઉત્પાદ્ તથા વ્યયરૂપ પર્યાયથી જુદો કહેવો તે સાપેક્ષ કથન છે. સ્યાદ્વાદશૈલી વિના તે સમજી શકાતું નથી.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"૬૨મી ગાથામાં ન્યાય કહ્યો હવે ૬૩માં તેનો સિદ્ધાંત કહે છે. જેના અનુભવમાં ઉત્પત્તિ અને નાશનું જ્ઞાન વર્તે છે તે જાણનારો તેથી જુદો રહ્યા વિના કોઈ પ્રકારે તેને ઉત્પન્ન-લયનું જ્ઞાન સંભવતું નથી; અથવા ચેતનની ઉત્પત્તિ અને લય થાય છે, એવો અનુભવ કોઈને પણ થવા યોગ્ય નથી. સ્વપ્નમાં કોઈને પોતાના મૃત્યુનો ભાસ થાય છતાં જાગૃત થતાં તેમ જણાતું નથી. પહેલાનું ને પછીનું જ્ઞાન કરનારો તો પોતે નિત્ય જ છે. સમુદ્રના મોજાં ઊપજે છે ને વિણસે છે; પણ તેને દેખનારો ઉપજતોય નથી ને નાશ પણ પામતો નથી. જાણનારો તો નિત્ય જ છે. જાણનારો તો તે બેઉ કાળને સળંગ જાણનારો છે. ૬૨મી ગાથામાં ઉત્તર છે કે, જે વખતે દેહનો નાશ થાય છે, તે વખતે જીવનો નાશ થતો હોય તો ગંભીર માંદગીના કાળે પોતાને લાગે કે હવે આ દેહ નહિ રહે, એવું જે સપ્રગટ ભાન છે તે* ***અનિત્ય દેહને જાણનારો અનિત્ય કેમ હોઈ શકે ? આ દેહ નહિ રહે એમ જાણ્યું તેની સાથે જ એમ આવ્યું કે હું નિર્ણય કરનારો તો નિત્ય રહેનાર છું. અનિત્યનો નિર્ણય કરનાર અનિત્ય હોય તો બીજી ક્ષણે કોણે જાણ્યું કે પ્રથમ હું હતો.*** *લોકો કહે છે કે આત્મા નિત્ય છે, પણ યથાર્થ યુક્તિથી, ન્યાયથી, અંતર વિચારણાથી તેઓ પોતાની નિત્યતાનો નિર્ણય કરતા જ નથી. જેને પોતાનું યથાર્થપણું ભાસ્યું હોય તેને રાગ-દ્વેષ અજ્ઞાન અને મમત્વભાવમાં ઠરવું ન હોય, અનિત્યમાં ઠરવું ન હોય; તેને જાતઅનુભવની જરૂર છે."*

❀



## જે સંયોગો દેખીયે, તે તે અનુભવ દશ્ય;
## ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

આત્માની નિત્યતાને સિદ્ધ કરતા આ ગાથામાં કહે છે કે, આત્મા સંયોગોથી ઉત્પન્ન થતો નથી. પુદ્ગલ સંયોગો દશ્ય તથા અનુભવગમ્ય છે. જેવી રીતે જ્ઞાનના વિષયભૂત પદાર્થને જ્ઞેય કહેવાય છે, તેવી રીતે દર્શન તથા અનુભવના વિષયભૂત પદાર્થને અનુક્રમે દશ્ય તથા અનુભાવ્ય કહેવાય છે. જે આંખ વડે દેખાય છે તે બધું પુદ્ગલ જ છે પરંતુ જે આંખે વડે દેખાતું નથી, તે પણ પુદ્ગલ હોય શકે છે. કારણ કે, સૂક્ષ્મસ્કંધો તથા પરમાણું આંખ વડે દેખાતા નથી. તેમ છતાં તે પુદ્ગલ જ છે, અરૂપી નહિ. જે આંખ વડે દેખાય તે રૂપી તથા આંખ વડે ન દેખાય તે અરૂપી એમ માનવું યોગ્ય નથી. કારણ કે, અધિકાંશ પુદ્ગલો છદ્મસ્થને આંખ વડે દેખાતાં નથી. ચામાં ઓગળી ગયેલી સાકર કયાં દેખાય છે ? તેમ છતાં તે સાકરનું અસ્તિત્વ તો છે જ.

આત્મા કોઈ સંયોગોથી નવીન ઊપજતો નથી. એક રૂપી પદાર્થ બીજા રૂપી પદાર્થને ઉત્પન્ન કરી શકતો નથી. તો રૂપી સંયોગીથી અરૂપી આત્માની ઉત્પત્તિ થવી અસંભવ છે. આ જગતમાં બે પ્રકારના સંયોગો હોય છે. એક જડ સંયોગો અને બીજા ચેતનના સંયોગો.

આ જગતમાં કેટલાંક દંપતિ એવાં છે કે જેમની પાસે જડ સંયોગો અઢળક છે, પણ ચેતન સંયોગો નથી. તેમને જડ સંયોગોમાં ઘર, ગાડી, પૈસા વગેરે ઘણું બધું પ્રાપ્ત થયેલું છે પણ તેમને ચેતન સંયોગરૂપે એકેય બાળક નથી, તેથી તેઓ દુ:ખી છે તથા કોઈ દંપતિ

એવા છે કે, જેમની પાસે ચેતન સંયોગો ઘણાં છે પણ જડ સંયોગો નથી. તેમને ચેતન સંયોગોમાં બાળ-બચ્ચા ઘણાં છે પણ તેમને રહેવા માટે ઘર, ખાવા માટે ભોજન કે ખર્ચવા માટે પૈસાનો જડ સંયોગ નથી. આમ, ચેતન વિના જડ સંયોગવાળા તથા જડ વિના ચેતન સંયોગવાળા, બંને પ્રકારના લોકો દુઃખી છે. અહીં કોઈ એમ કહે કે અમને તો ચેતન અને જડ એમ બંને સંયોગો મળ્યા છે, તેથી અમે તો સુખી થયા ને ? તેને કહે છે કે, જે માત્ર એક સંયોગને સાચવવામાં, તેની દેખરેખ કરવામાં, આકુલિત તથા દુઃખી થતો હતો તો પછી જેણે બંને સંયોગો એકઠા કર્યા તેનું તો કહેવું જ શું ? તેણે તો જાણી કરીને મોટી ઉપાધિ વ્હોરી છે. તેણે આ સંયોગોને સુખના સાધન માનીને એકઠા કર્યા હતાં પણ ખરેખર સંયોગો જીવને સુખી કરતા હોત તો ભગવાને જગતના સંયોગોને છોડ્યા ન હોત ! જે લોકો પાસે અઢળક પૈસા છે, તેઓ પૈસા ખર્ચીને દીકરાની શોધમાં લાગે છે. જડથી ચેતન ખરીદવા માંગે છે. ધન થી 'સન' (દીકરો) ખરીદવા માંગે છે પરંતુ એમ થવું સંભવ નથી કારણ કે, આવી પ્રવૃત્તિ તો વિષય લોલુપી અજ્ઞાનીમાં જ થતી હોય છે. ધનથી કોઈના મનને ખરીદી શકાતું નથી તો આત્માને કયાંથી ખરીદી શકાય ?

વૈજ્ઞાનિક સંશોધન કરીને પણ પરમાણુંથી આત્મા ઉત્પન્ન કરી શકાતો નથી. બેંકમાં જમા કરાવેલાં પૈસા અનેક વર્ષો વિતી ગયા પછી પણ જડ જ રહે છે, ચેતનરૂપે પરિણમતા નથી. ચેતનનું સ્વરૂપ ન્યારૂં છે. આ જગતમાં પુદ્‌ગલને પારખવાવાળા અજ્ઞાની તો, ગલી



ગલીમાં પડેલાં છે. તેઓ ખરેખર અનેક માયાજાળામાં ફસાયેલા હોવાથી અત્યંત દુઃખી છે પરંતુ આત્મા રૂપી હીરાની ઓળખાણ કરનાર કોઈ વિરલા જ છે, તેઓ જ્ઞાની છે અને સમસ્ત માયાજાળથી મુક્ત હોવાને લીધે અનંત સુખી છે. આમ, જડથી ચેતનને ન્યારો જાણીને તેને ઓળખવા અર્થે જ આ ગ્રંથની રચના થઈ છે. અહીં કહે છે કે, **સંયોગો તો આવનારા અને જનારા છે. આવનારા, ટકનારા અને જનારા સંયોગોને જે દેખનારો તથા અનુભવનારો છે, તે આત્મા નિત્ય છે. વળી, તે અનુભવ લક્ષણ સહિત હોવાથી પ્રત્યક્ષ છે. આમ, આત્મા નિત્ય પ્રત્યક્ષ છે.**

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"જે જે દૃશ્ય પદાર્થો દેખવામાં આવે છે તે તે જાણનારના જ્ઞેય છે, પર છે, તે તે સંયોગનું અનિત્યપણું દેખાય છે. સંયોગપણું વિચારતાં વિચારતાં ક્રમપૂર્વક ભેદ પડે છે. તેથી કાંઈ જાણનારો ભેદરૂપ થઈ જતો નથી. કાળની અવસ્થાનો ભેદ પડે છે, પણ ત્રણે અવસ્થામાં, સળંગપણે પરસંયોગને જાણનારો કોઈ સંયોગરૂપે નથી. સંયોગને જાણનારો અસંયોગી, સ્વાભાવિક પદાર્થ છે; કેમ કે કોઈ પણ સંયોગોમાંથી, ચેતનત્વ (અનુભવ) ઉત્પન્ન થવા યોગ્ય નથી. આત્મા એ રીતે અનુત્પન્ન છે, અસંયોગી હોવાથી અવિનાશી છે. જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય તેનો કોઈ સંયોગને વિષે લય પણ હોય નહિ. અનાજ, ભોજન, આહારથી આત્માનું ટકવું નથી. ઘણા સંયોગોથી કોઈ જડ વસ્તુ, મકાન આદિની રચના થાય છે,*

*વળી તે વિખરાઈને અન્ય અવસ્થારૂપે થઈ જાય છે, પણ તેમાંથી કંઈ ચેતન (જાણક) પદાર્થની ઉત્પત્તિ અને નાશ સંભવતો નથી.* ***જે જે સંયોગો દેખાય છે તે તે સંયોગોની અવસ્થાને પલટતી (બદલતી) જોનારો પલટી જતો નથી; જાણવામાં ક્રમ પડે છે, પણ સળંગ અનુભવસ્વરૂપ પોતે નિત્ય છે.*** *કોઈ કહે કે સંયોગથી જ્ઞાન થાય છે, તો તે વાત જૂઠી છે.''*

❀

**જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;**
**એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫**

ચેતનથી જડની ઉત્પત્તિ થતી નથી તથા જડથી ચેતન ઊપજતું નથી. આ જગતમાં એક પણ દ્રવ્ય વધતું કે ઘટતું નથી. જગતમાં રહેલાં દ્રવ્યની રાશિ ત્રિકાળ એક સરખી રહે છે, તેમાં એક દ્રવ્યની તો વધ ઘટ થતી નથી કારણ કે વધવાવાળું દ્રવ્ય આવે ક્યાંથી? તથા ઘટવાવાળું દ્રવ્ય જાય ક્યાં?

જ્યારે એમ કહેવામાં આવે કે માતા-પિતાના સંયોગથી પુત્રની ઉત્પત્તિ થાય, ત્યારે એમ ન સમજવું જોઈએ કે, માતા-પિતાએ નવા જીવને જન્મ આપ્યો. કારણ કે, માતા-પિતાના શરીરના પરમાણું પુદ્ગલ દ્રવ્ય છે અને આત્મા એ જીવ દ્રવ્ય છે. આમ, બંને વચ્ચે અત્યંતાભાવ છે. જ્યારે માતા-પિતાના પરમાણુંથી નવીન શરીરની ઉત્પત્તિ થાય છે, તે જ સમયે આત્માનો તે શરીર સાથે સંયોગ થાય છે, પરંતુ આત્મા શરીરરૂપે થઈ જતો નથી અને શરીર આત્મારૂપે



થઈ જતું નથી. કારણ કે, જો બંને એકરૂપ થઈ જતાં હોય તો આત્મા એ જ્ઞાન રહિત થઈ જાય અથવા શરીર એ જ્ઞાન સહિત થઈ જાય પરંતુ એમ થવું તો ત્રિકાળ અસંભવ છે. આ કથનનો આશય એમ પણ છે કે, આત્માના ભાવોથી જડની ક્રિયા થતી નથી જડની ક્રિયાથી આત્મામાં ભાવો ઉત્પન્ન થતાં નથી. નિશ્ચયથી પ્રત્યેક દ્રવ્ય સ્વતંત્ર છે. સિદ્ધાંત દૃષ્ટિએ પાપના ઉદયથી શરીરમાં તાવ આવતો નથી તથા પુણ્યના ઉદયથી તાવ મટતો નથી. ખરેખર પાપ તથા પુણ્યના ઉદયરૂપ કર્મ પરમાણું શરીરના પરમાણુંથી ભિન્ન છે. તેથી વાસ્તવિકતા એમ છે કે, જ્યારે પોતાની યોગ્યતાથી શરીરના પરમાણું જે કાળે ગરમ થાય છે ત્યારે પાપના ઉદયથી તાવ આવ્યો એમ બોલવામાં આવે છે. તેવી જ રીતે જ્યારે પોતાની યોગ્યતાથી શરીરના પરમાણું જે કાળે ઠંડા થાય છે ત્યારે પુણ્યના ઉદયથી તાવ મટ્યો, એમ કહેવાય છે. ખરેખર કર્મ પણ શરીરનું પરિણમન કરતા નથી અર્થાત્ જડ પણ જડનું પરિણમન કરતું નથી. તો જડથી ચેતનની ઉત્પત્તિ કે પરિણમન માનવું મિથ્યા છે. જડનું પરિણમન જડથી છે અને ચેતનનું પરિણમન ચેતનથી છે. બંને દ્રવ્યો સંયોગી હોવા છતાં બંનેનું પરિણમન પોતપોતાથી સ્વતંત્ર છે. આ વાત અનુભવથી સંબંધિત છે તેથી નિશ્ચય અપેક્ષાએ દ્રવ્યની સ્વતંત્રતાનું કથન કર્યું છે. જગતનો સત્ય અનુભવ તો જ્ઞાનીને જ હોય છે. તેમને જડ તથા ચેતન ભિન્ન જ અનુભવાય છે. જ્યારે અજ્ઞાનીને જડ તથા ચેતનનો એકરૂપ તથા કર્તા-કર્મપણાંનો સંબંધ અનુભવાય છે. તેથી અજ્ઞાનીનો દરેક અનુભવ મિથ્યા છે, અનુભવાભાસ છે.

કેટલાંક સમયથી ભારતદેશની જનસંખ્યા પહેલાં કરતા પ્રમાણમાં ખૂબ જ વધી રહી છે. તેનો અર્થ એમ ન સમજવો કે જીવોની સંખ્યામાં વધારો થયો છે. કારણ કે જે જીવોએ મનુષ્યરૂપે જન્મ ધારણ કર્યો છે. તેઓ આ ભવ પહેલાં કોઈ ને કોઈ દેહ સહિત જ હતાં. મનુષ્ય અવતાર મળ્યો એ સદ્‌ભાગ્ય છે, પરંતુ પંચમકાળમાં આ ભૂમિ પર જન્મ્યાં એ દુર્ભાગ્ય છે. પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા કે અમે તો પૂર્વે સીમંધર પ્રભુની સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળી છે. અમે ભૂતકાળમાં વિદેહક્ષેત્રમાં હતાં. અહીં આ પંચમકાળમાં તીર્થંકરની વિરહભૂમિ પર અમને હંમેશાં એ વાત ખટકે છે કે, અરે ! અમે ક્યાં હતા અને ક્યાં આવી ગયા ? અજ્ઞાની પણ વિદેશમાં ફરીને જ્યારે પાછો ભારતમાં આવે ત્યારે અહીંના પ્રદુષણથી કંટાળીને કહે છે કે, અરે ! અમે તો ક્યાં હતા અને ક્યાં આવી ગયા ? અંતર માત્ર એટલું છે કે, ગુરુદેવ વિદેહથી પધાર્યા હતાં અને અજ્ઞાની વિદેશથી આવે છે. ગુરુદેવને અહીં ભગવાનનો વિરહ ખૂંચતો હતો જ્યારે અજ્ઞાનીને અહીં પરદેશના ભોગોનો વિરહ ખૂંચે છે. આમ, વિચાર કરતાં લાગે છે કે અજ્ઞાનીની દશા અત્યંત દયનીય છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''જડ વસ્તુમાંથી જીવની ઉત્પત્તિ થતી નથી અને ચેતનથી જડની ઉત્પત્તિ થતી નથી. એકનું લક્ષણ અન્યરૂપે થાય એવો અનુભવ કોઈ જીવને ક્યારે પણ (ત્રણ કાળમાં) થાય એવું બનતું નથી.*

*જડ વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અવસ્થાને ધારણ કરે છે અને તેના સંયોગથી થયેલ સ્થૂળ પિંડ ઈન્દ્રિયો દ્વારા દેખાય છે પણ તે દ્વારા આત્મા જાણી શકતો નથી. સંયોગો પલટે છે, અનેકપણું ધારણ કરે છે, પણ આત્મા નિત્ય, અવિનાશી, જ્ઞાયક છે. જે છે તેનો નાશ થાય નહિ. જે સત્તા ચૈતન્યમૂર્તિ છે અને જે સત્તા જડરૂપ છે, તેનું અસ્તિત્વ પલટીને અન્યથા-અન્યસત્તારૂપે થવું કોઈ પ્રકારે સંભવતું નથી.''*



❁

**કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;**
**નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬**

આત્માની ઉત્પત્તિ સંયોગોથી થતી નથી. માત્ર આત્મા જ નહિ, કોઈ પણ દ્રવ્યની ઉત્પત્તિ કે વ્યય ક્યારેય થતાં નથી. જગતમાં અનાદિકાળથી આજ સુધી દ્રવ્યની સંખ્યામાં વધારો કે ઘટાડો થયો નથી તથા ભવિષ્યમાં પણ અનંતકાળ પર્યંત દ્રવ્યની સંખ્યામાં વધ-ઘટ થશે નહિ.

અજ્ઞાની એમ માને છે કે માતા તથા પિતાના સંયોગથી જીવે જન્મ લીધો. પરંતુ એમ માનવું મિથ્યાત્વ છે. ખરેખર માતા-પિતાના સંયોગથી નવીન શરીરના પરમાણુંની પણ ઉત્પત્તિ થતી નથી. જે સમયે માતા-પિતાના પરમાણુંનો યોગ થાય છે, ત્યારે આત્મા તે પરમાણુંના સમૂહરૂપ શરીર સાથે એકક્ષેત્રાવગાહ સંબંધ ધારણ કરે છે; તેને બાળક ગર્ભમાં આવ્યો એમ બોલાય છે. જે આત્મા આ દેહને ધારણ કરે છે અર્થાત્ જન્મેલ છે, તે ભૂતકાળના સ્થૂળદેહને છોડી ચૂક્યો હોય છે.

એક શરીરને છોડીને બીજા શરીરને ધારણ કરતો આત્મા, નવીન ઉત્પન્ન થયો; એમ કહેવું યોગ્ય નથી. કોઈ વ્યક્તિ એક ઓરડામાંથી નીકળિ બીજા ઓરડામાં જાય, ત્યારે બીજા ઓરડામાં પહોંચીને તેનું મૂળ સ્વરૂપ બદલાઈ જતું નથી. તેવી રીતે એક દેહને છોડીને અન્ય દેહને ધારણ કરવાથી, આત્માનું મૂળ સ્વરૂપ પલટાતું નથી. આત્મા નવીન ઉત્પન્ન થતો નથી. લોકો એમ કહે છે કે આ આધુનિક યુગમાં વિજ્ઞાને કૃત્રિમજીવની ઉત્પત્તિ કરી છે જો કે તે પણ કૃત્રિમ નથી, કુદરતી જ છે કારણ કે ત્યાં પણ આત્મા નવીન ઉત્પન્ન થયો નથી.

આત્મા સંયોગોથી ઉત્પન્ન થતો નથી તેથી વિયોગોથી નષ્ટ થતો નથી. જેની ઉત્પત્તિ થાય તેનો જ નાશ થાય. આત્માની ઉત્પત્તિ થતી નથી, તેથી આત્માનો નાશ પણ થતો નથી. જે લોકો એમ માને છે કે ખબર નહિ કાલે રહીશું કે નહિ ? તે લોકો આત્માના અસ્તિત્વને નિત્ય માનતા નથી. પોતાનું અસ્તિત્વ આ દેહ પૂરતું જ માનના અજ્ઞાની, સુરક્ષાની તૈયારી પણ પોતાના આ ભવ પુરતી જ કરે છે. કોઈ વ્યક્તિ જ્યોતિષ પાસે જઈને પૂછે છે કે, હું કેટલાં વર્ષ જીવીશ ? તેનો પ્રશ્ન આ ભવના મરણથી સંબંધિત હોય છે. તે એમ નથી પૂછતો કે મારો મોક્ષ ક્યારે થશે ? તેને એમ નથી કે પંચમકાળમાં મોક્ષ મળતો નથી એટલે મોક્ષ વિષે શા માટે પૂછું ? ખરેખર તેને મોક્ષની સમજણ જ નથી. તો પછી મોક્ષની રુચિ ક્યાંથી થાય ? તે તેના જન્મ વિષે પણ પૂછતો નથી કારણ કે જન્મ તો થઈ ચૂક્યો છે. અહીં સુધી કે જન્મની પત્રિકા લઈને તો મરણની તારીખ પૂછવા જાય છે. જ્યારે અહીંથી મરણ થશે તો વધુમાં વધુ ચાર સમયમાં બીજો જન્મ તો



થશે જ. તે વ્યક્તિ મરણ પછી થવાવાળા આગલા જન્મ વિષે પણ કશું પૂછતો નથી. તેથી એમ સિદ્ધ થયું કે, તે આ ભવના અંત સુધીના જ વિચાર કરે છે. તેણે પોતાનું અસ્તિત્વ પણ આ ભવ પૂરતું માન્યું છે. જે જીવ પોતાને આત્મા માને છે; તે પોતાને અનાદિ-અનંત માને છે. પોતાનું અસ્તિત્વ આ દેહ પૂરતું માનવાવાળી વ્યક્તિ, પોતે સુરક્ષાની તૈયારી પણ આ ભવ પૂરતી જ કરે છે. ઘડપણમાં પોતાની સેવા કરવાવાળું કોઈક તો હોવું જોઈએ. પત્ની હશે તો જમવાનું આપશે, એમ વિચારી લગ્ન કરે છે. એ વાતની કોઈ ગેરંટી નથી કે પોતાના પહેલાં પત્ની બિમાર નહિ પડે. તેથી જો પત્ની ન રહે તો દીકરા હશે તો મારી સેવા-ચાકરી કરશે, એમ વિચારી દીકરાને પણ જન્મ આપે છે. દીકરો મોટો થઈને જો મારું માને નહિ, મને ઘરમાં રાખે નહિ તો ? એમ વિચાર કરીને પોતાનું જુદું ઘર, પૈસા વગેરે સાધનોને પણ એકઠા કરી રાખે છે. આમ, **અજ્ઞાનીની બધી તૈયારી આ ભવથી સંબંધિત હોય છે પરંતુ તે આવતા ભવનો વિચાર કે વિશ્વાસ પણ કરતો નથી; તેથી તે આવતા ભવ માટે કોઈ તૈયારી કરતો નથી.**

**આત્માનો ઉત્પાદ્ પણ નથી અને વ્યય પણ નથી. આત્મા અનાદિઅનંત, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ, સ્વાધીન, સ્વનિષ્પન્ન છે. આત્માનો નાશ થતો નથી. આત્માનું અસ્તિત્વ નિત્ય છે; એમ વિચારી મોક્ષને ધ્યેય બનાવી, મોક્ષ પ્રાપ્તિનો પુરુષાર્થ કરવો જોઈએ.**

❀

**ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;**
**પૂર્વજન્મ-સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭**

પુનર્જન્મને સિદ્ધ કરતા શ્રી કૃપાળુદેવ કહે છે કે સર્પાદિક પ્રાણીઓ જન્મથી જ ક્રોધી હોય છે. તેનું કારણ તે જીવના પૂર્વજન્મના સંસ્કાર સમજવા. આમ જીવનું અસ્તિત્વ પૂર્વભવમાં પણ હોવાથી આત્માની નિત્યતા સાબિત થાય છે. પ્રત્યેક જીવના સંસ્કાર જુદા જુદા હોય છે. તેથી ક્રોધમાં તરત્મ્યતા–ઓછાવત્તાપણું હોય છે.

ઘણાં માતા-પિતા કહે છે કે અમે અમારા બાળકને ધર્મના સંસ્કાર આપ્યા પરંતુ તેણે સંસ્કાર લીધા જ નહિ. વાસ્તવમાં માતા-પિતાના સંસ્કાર બાળકમાં આવતા નથી. જો માતા-પિતાના સંસ્કાર બાળકમાં આવતા હોય તો દરેક માતા-પિતા પોતાના બાળકને સારા સંસ્કાર જ આપે છે. અરે ! અહીં સુધી કે, તે બાળક પોતે સુસંસ્કારિત નહિ હોવા છતાં પોતે મોટો થઈ પોતાના બાળકને પણ સારા સંસ્કાર આપવાનો પ્રયત્ન કરે છે. આમ, સુસંસ્કારી માતા-પિતા તો પોતાના બાળકને સુસંસ્કાર આપે છે પરંતુ કુસંસ્કારી માતા-પિતા પણ પોતાના બાળકને સુસંસ્કારીરૂપે જોવા માંગે છે. આમ, દરેક બાળકના માતા-પિતા પોતાના બાળકને સારા સંસ્કાર આપે, તો પણ બાળકમાં સારા સંસ્કાર આવતા નથી. તેથી સિદ્ધ થયું કે બાળક પોતાના પૂર્વભવના સંસ્કાર લઈને આવ્યો છે. એમ પણ સમજવું કે, પુત્રમાં સારા સંસ્કાર ન આવવામાં જેમ પુત્રના સ્વતંત્ર સંસ્કાર છે, તેવી રીતે સારા સંસ્કાર આવવામાં પણ પુત્રના જ સ્વતંત્ર સંસ્કાર છે. જીવને સુસંસ્કારિત કરવામાં માતા-પિતા વગેરે બાહ્ય નિમિત્ત કહેવાય છે.



પૂજ્ય ગુરુદેવશ્રી કહેતાં કે, જો માતા-પિતાના સંસ્કાર પુત્રમાં આવતા હોય તો, પુત્ર પણ માતા-પિતાના જેમ કામવિકારવાળો હોવો જોઈએ પણ એવો કોઈ નિયમ નથી. કારણ કે કોઈ પુત્ર નાની ઉંમરમાં બાળબ્રહ્મચારી રહીને મુનિ દીક્ષા ગ્રહણ કરે છે; એનો અર્થ એમ થયો કે માતા-પિતાની જેમ કામવિકારનો ભાવ પુત્રમાં ઉત્પન્ન ન થયો અને મુનિ થઈ ગયો. આમ, જીવમાં જે સંસ્કાર હોય છે, તે તેના સ્વતંત્ર સમજવા જોઈએ. સુસંસ્કાર કે કુસંસ્કાર માટે અન્ય કોઈ જવાબદાર નથી.

જેમ કે – એક જ ઘરમાં બે બાળક રહે છે. મમ્મીએ બંને બાળકોને બે-બે ચોકલેટ આપી. મોટોભાઈ પોતાની બે ચોકલેટ ફટાફટ ખાઈ ગયો અને તેના નાનાભાઈને જોતો રહ્યો. નાનાભાઈએ મોટાભાઈને જોઈને પોતાની બે ચોકલેટમાંથી એક ચોકલેટ આપી દીધી અને એક ચોકલેટ પોતે ખાધી. આમ, મોટાભાઈ ત્રણ અને નાનાભાઈએ એક ચોલકેટ ખાધી. માતા-પિતા તો બંનેના એક જ છે. ઘર-પરિવારનું વાતાવરણ પણ બંને માટે સરખું જ છે. પણ એક ભાઈને લાલચનો ભાવ આવવો અને બીજા ભાઈને આપવાનો ભાવ આવવો; તે તેના પોતાના સ્વતંત્ર સંસ્કાર સમજવા કે, જે તેઓ પૂર્વભવથી સાથે લઈને આવેલા છે.

કોઈ બાળક જન્મથી શાંત સ્વભાવનું હોય છે અને કોઈ બાળક તોફાની સ્વભાવનું હોય છે. કોઈ બાળક પાસેથી રમકડું લઈ લો તો રડવા લાગે અને કોઈ બાળક ચુપચાપ જોયા કરે. અહીં પણ તે બંને બાળકોના સ્વતંત્ર પૂર્વભવના સંસ્કાર સમજવા. જે બાળક શાંત

સ્વભાવનું હોય ત્યાં એમ સમજવું કે, પૂર્વમાં ધર્મના સંસ્કાર સંચિત કર્યા હશે, તેથી અહીં શાંતિથી રહે છે. કોઈ વ્યક્તિને પૂર્વમાં ધર્મના સંસ્કાર ન હોય અને એકઠી કરેલી પોતાની બધી સંપતિ કે વૈભવ છોડીને આવવું પડ્યું, તેનાથી ત્યાં એવો રડ્યો કે અહીંયા બીજો દેહ ધારણ કર્યા પછી પણ રડવાનો સંસ્કાર ન ગયો. **આમ દરેક જીવના સંસ્કાર માટે, તેનો વર્તમાન જ નહિ પરંતુ ભૂતકાળના સંસ્કાર પણ જવાબદાર છે.**

કોઈ એમ પણ પૂછે છે કે, જો આત્મા નિત્ય હોય અને સંસ્કાર આત્મામાં સંચિત થતા હોય, તો શું તે સંસ્કાર આવતા ભવમાં આત્મા સાથે જાય? તેને એમ કહે છે કે જો પૂર્વભવના ગમે તે પ્રકારના શુભ અથવા અશુભ સંસ્કાર આત્મા સાથે સીંચાતા હોય, તો વર્તમાનકાળનો ધર્મમય, નિજસ્વભાવમય સંસ્કાર ભવિષ્યકાળમાં કેમ ન રહે ? અર્થાત્ દરેક સંસ્કાર અવશ્ય ટકીને રહેશે, એમ નિર્ણય કરવો. પાપ કરતા-કરતા પણ જીવ ક્યારેક પાછો વળે છે, તેનું કારણ પૂર્વસંચિત શુભસંસ્કાર પ્રગટ થયા તથા પુણ્ય કરતા-કરતા પાપ કાર્યમાં કળિ પડે છે, તેનું કારણ અશુભ સંસ્કારનો ઉદય જાણવો.

આમ સંસ્કાર એક મનુષ્યમાં જ નહિ, પરંતુ ચારેય ગતિના દરેક આત્મામાં સંસ્કાર સંચિત થઈ શકે છે અને કુસંસ્કાર દૂર થઈ શકે છે કારણ કે, આત્મા નિત્ય છે. સંસ્કારમાં તરતમતા હોવાના કારણે ક્રોધાદિ દોષમાં પણ તરતમતા હોય છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*



*"આત્મા અક્રિય, નિર્મળ, જ્ઞાતા, રાગ-દ્વેષ રહિત છે, શુભરાગ-પુણ્યાદિ રહિત છે અને મન, વાણી તથા દેહની ક્રિયા આત્મા કરે એમ માનવું તે મિથ્યાત્વ છે, તો તે આટલું સાંભળતાં વક્તા પ્રત્યે દ્વેષથી ત્રાડ નાખી બોલે કે તમારી વાત જૂઠી છે. એમ જ્યાં સત્‌ની પ્રામાણિક વાત આવે તેનો નિરોધ કરવાની બુદ્ધિ અને સંસાર પ્રત્યે ઘણા પ્રેમની બુદ્ધિ વગેરે કારણો પૂર્વ જન્મના સંસ્કાર સિદ્ધ કરે છે. અને તે વડે આત્માનું સળંગપણું નિત્યપણું નક્કી થાય છે.*

*(તા. ૨૪-૧૦-૩૯)*

*વળી કોઈ એમ દલીલ કરે કે માતા-પિતાના વીર્યરેતના ગુણના કારણે એની ઉત્પત્તિ થતી હોય તો ? પૂર્વ જન્મ તેમાં કારણભૂત નથી. તેનો ઉત્તર એમ છે કે, વીર્યરતના જડ રજકણોથી જીવની ઉત્પત્તિ સંભવતી નથી. એ વીર્યની જાતમાંથી જીવની ઉત્પત્તિ થતી સંભવતી હોય તો જે માતા-પિતા કામભોગને વિષે વિશેષ પ્રીતિવાળા જોવામાં આવે છે એના પુત્રો વૈરાગ્યવંત બાળપણાથી જણાય છે તે કેમ બને ? પૂર્વ જન્મના બ્રહ્મચર્ય અને વૈરાગ્યના સુસંસ્કારો લઈને તે જીવો આવે છે તે પૂર્વ જન્મની ખાતરી આપે છે. તેમ જ પૂર્વના આત્મજ્ઞાનના સંસ્કાર સહિત, બ્રહ્મચર્યના પ્રેમવાળા, પરમ સમતાવંત પુત્રો હોય છે તે પૂર્વના બળવાન સંસ્કાર છે. શ્રીમદ્ પણ કહે છે કે, અમે પૂર્વ જન્મના આત્મજ્ઞાનની-સત્ સ્વરૂપની આરાધનાનું બળ લઈને આવ્યા છીએ અને એક ભવ પછી આત્માની પૂર્ણ શુદ્ધ પવિત્ર દશા પ્રગટ કરશું. એ ભણકાર નાની ઉંમરમાં ક્યાંથી આવ્યા ? સોળમે વર્ષે કહ્યું કે હું સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપી આત્મા છું. લોકોમાં*

*કહેવત છે કે, થોરે કેળાં પાક્યાં. માતા-પિતા સાધારણ હોય અને નીચ કુળ જેવો યોગ હોય, છતાં કોઈ પુત્રી કે પુત્ર નાનપણથી મહા પવિત્ર સુસંસ્કારવાળાં દેખાય છે.*

*તેમાં પણ ચૌભંગી સમજવી. (૧) માતા-પિતા ખાનદાન ઉત્તમ કુળના હોય અને તેના પુત્રો વ્યભિચાર અને નીચ કાર્યપ્રસંગમાં વર્તતા જણાય, (૨) સારા માતા-પિતાના સારા પુત્રો પણ હોય, (૩) માતા-પિતા દુષ્ટ હોય અને પુત્રો સારા ગુણોના ધારક હોય, (૪) અને દુષ્ટ માતા-પિતાના દુષ્ટ પુત્રો પણ પાકે; પણ અહીં તો, પરમ પવિત્ર વીતરાગી પુત્રરત્નો કેમ પાકે છે તેનું દૃષ્ટાંત અતિમુક્તમુનિનું છે. તેમની ઉંમર નવ વર્ષની છે મુનિને જોયા અને અંતરમાં કંઈ કંઈ અપૂર્વ ભાવની ઊર્મિ ઉલ્લસે છે. મુનિને આમંત્રણ કરી પ્રેમપૂર્વક ઘેર આહાર લેવા તેડી લાવે છે. આહારવિધિ થયા પછી તેઓ માતા પાસેથી રજા માગે છે. માતા તેના ઊંડા ગંભીર પ્રશ્નોથી વિચારમાં પડે છે. માતાના પ્રશ્નોના ઉત્તરમાં કહે છે કે હું પૂર્વે હતો, પણ ક્યા ભવમાં, કોણ હતો તેની ખબર નથી. મારે હવે ભવભ્રમણ ન હોય. ભવના કારણો મેં સેવ્યાં તે હું જાણું છું. પૂર્વ ભવે પુણ્ય-પાપના કારણો સેવ્યાં છે તેના કારણે આ ભવ કરવો પડ્યો છે. હું નથી જાણતો કે દેહની સ્થિતિ ક્યારે અને ક્યા ક્ષેત્રે છૂટશે ભાન છે કે, આત્મા દેહ રહિત નિત્ય છે. હું જાણું છું કે આત્મા અસંયોગી સ્વાધીન તત્ત્વ છે. તેને વિનાશી પદાર્થનો સંગ ન જોઈએ. પોતાને પરભાવથી અને ભવથી મુક્ત થવાની એટલે સ્વતત્ત્વમાં ઠરવાની ઝંખના લાગી છે. માતા મને રજા આપો તો હું મુનિ સાથે*



*જાઉં. આત્મા પરપ્રસંગ વિનાનો અને રાગ વિનાનો છે. નિર્મળ શાન્ત છે એવું અંતરમાં ઊંડું ઊંડું મનન ક્યાંથી આવ્યું. કે જેથી બાળવયમાં આત્મજ્ઞાનદશા પ્રાપ્ત કરીને પછી કેવળજ્ઞાન પામ્યા. એ જીવની નિત્યતા છે એમ જણાવે છે.*

*વળી કોઈ માતા-પિતા ક્રોધી હોય છે, તો તેનો પુત્ર બહુ સમતાવાળો દેખાય છે. તે આત્માના ગુણો પૂર્વેથી લઈને આવ્યો છે. ક્યાંયથી આવેલો આત્મા માતાના ઉદરમાં ૯ માસ રહે છે તેથી તેની ઉત્પત્તિ થઈ નથી; પણ જડ પુદ્‌ગલોનો સંગ્રહ થઈને દેહપિંડ બને છે. તેના નિમિત્તે જીવ દેહધારી કહેવાય છે.''*

❁

**આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;**
**બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮**

આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. પરંતુ નયવિવક્ષા ઘટિત થતાં આત્મા એકાંતથી નિત્ય તથા અનિત્ય છે. આત્મા દ્રવ્ય અપેક્ષાએ નિત્ય જ છે તથા પર્યાય અપેક્ષાએ અનિત્ય જ છે. **જ્યારે અપેક્ષા લગાવવામાં આવે ત્યારે 'પણ' શબ્દનો પ્રયોગ થતો નથી. અપેક્ષા સહિત કથન કરતા 'જ' શબ્દનો પ્રયોગ થાય છે.** દ્રવ્ય એ ગુણોનો સમૂહ છે તથા પર્યાય એ ગુણોનું પરિણમન છે. દ્રવ્ય Proprietor છે ગુણ Properties છે અને પર્યાય Function છે. અથવા દ્રવ્ય માલિક છે ગુણ મિલકત છે અને પર્યાય મિલકતનો ઉપભોગ છે.

ગુણ અને પર્યાયના સ્વરૂપને સમજવામાં, વર્ષોથી તત્ત્વ પ્રવચનો સાંભળનારા લોકો પણ ભૂલ કરી બેસે છે. ગોળનો ગુણ મીઠાશ છે તથા પાણીનો ગુણ શીતળતા છે. એવું મોટાભાગના શાસ્ત્રના જાણકાર પણ માને છે. પરંતુ તેમનું માનવું સત્ય નથી. કારણ કે, ગોળની મીઠાશ અને પાણીની શીતળતા હંમેશાં ટકીને રહેતી નથી. ગોળ મીઠામાંથી ખાટો થઈ જાય છે તથા પાણી ઠંડા માંથી ગરમ થઈ જાય છે. **જે પલટાય તેને પર્યાય કહેવાય તથા જે ન પલટાય તેને ગુણ કહેવાય.** આમ મીઠાશ અને ખટાશમાં નહિ પલટાતો એવો નિત્ય ટકી રહેતો ભાવ રસ છે. તેથી ગોળમાં રસ વગેરે ગુણો નિત્ય છે. મીઠાશ તો પર્યાય જ છે, ગુણ નહિ. તેવી જ રીતે પાણીની શીતળતા અને ઉષ્ણતામાં નહિ પલટાતો એવો નિત્ય ટકી રહેતો ભાવ સ્પર્શ છે. તેથી પાણીમાં સ્પર્શ વગેરે ગુણો નિત્ય છે. શીતળતા તો પર્યાય જ છે, ગુણ નહિ. આત્માની અપેક્ષાએ કેવળજ્ઞાનને આત્માનો ગુણ કે સ્વભાવ માનવો યોગ્ય નથી કારણ કે, છદ્મસ્થદશામાં કેવળજ્ઞાન હોતું નથી. જો કેવળજ્ઞાન એ આત્માનો ગુણ હોય તો એ આત્મામાં ત્રણેય કાળમાં પ્રગટ હોવું જોઈએ. કારણ કે ગુણ તો ત્રિકાળ પ્રગટ જ હોય છે. આત્મામાં કેવળજ્ઞાન થઈ શકે એવી શક્તિ ત્રિકાળ છે પરંતુ કેવળજ્ઞાન સદાય પ્રગટ હોતું નથી, તે તો નવીન પ્રગટ થાય છે. આમ, કેવળજ્ઞાન એ આત્માનો ગુણ કે સ્વભાવ નથી પરંતુ જ્ઞાન ગુણની પૂર્ણ શુદ્ધ પર્યાય છે. જ્ઞાન ગુણ આત્મામાં ત્રિકાળ હોય છે.

સિદ્ધ ભગવાનને પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ હોવા છતાં પર્યાયનું પરિણમન નિત્ય ચાલી રહ્યું છે. **સિદ્ધ ભગવાનની દરેક સમયની પર્યાય**



**એક સમાન શુદ્ધ હોય છે પરંતુ એક હોતી નથી. તેમાં સ્વભેદ નથી પણ કાળભેદ છે. પર્યાય એવી ને એવી છે પણ એ જ નથી.** કાનમાં પહેરાતી બે બુટ્ટી એક સમાન હોવા છતાં પણ બંને અલગ-અલગ છે, એક નહિ. તેવી રીતે સિદ્ધદશામાં કેવળજ્ઞાન વગેરે અનંતગુણોની પર્યાય નિરંતર એક સમાન હોવા છતાં, તે પર્યાયો એક નથી. સૂક્ષ્મ રીતે દેખવામાં આવે તો બે બુટ્ટી એક તો નથી જ પરંતુ એક સમાન પણ હોતી નથી, તેમાં કેટલુંય અંતર હોય છે. ખરેખર તો એ બુટ્ટીની પર્યાય છે એટલે તેનામાં અંતર છે જ્યારે કેવળજ્ઞાન વગેરે પૂર્ણશુદ્ધ પર્યાયોમાં તો પરસ્પર એટલું અંતર પણ હોતું નથી.

પર્યાય સંસારીની હોય કે પછી સિદ્ધભગવાનની હોય, પલટવાનો તેનો સ્વભાવ છે. **કેવળજ્ઞાન પર્યાય પણ કાળ અપેક્ષાએ પલટાય છે. કારણ કે, પર્યાય તો કાળથી જ પલટાય, અકાળે તો ન જ પલટાય.** કેવળજ્ઞાન પર્યાયમાં સવારે ત્રણેય લોક અને ત્રણેય કાળ એક સાથે જણાય છે, બપોરે પણ ત્રણેય લોક અને ત્રણેય કાળ એક સાથે જણાય છે અને સાંજે પણ ત્રણેય લોક ત્રણેય કાળ એક સાથે જણાય છે. તેમાં કાળ અપેક્ષાએ પરિવર્તન જણાય છે. જે દિવસે સવારે જાણે ત્યારે તે દિવસના બપોર અને સાંજને ભવિષ્યકાળરૂપે જાણે છે. જ્યારે બપોર થાય ત્યારે બપોરને વર્તમાનકાળરૂપે જાણે છે અને સવારને ભૂતકાળ અને સાંજને ભવિષ્યકાળરૂપે જાણે છે. તથા સાંજે જાણે ત્યારે સાંજને વર્તમાનના રૂપમાં તથા તે દિવસની સવાર અને બપોરને ભૂતકાળરૂપે જાણે છે. **આમ કેવળજ્ઞાનની પર્યાય કાળ અપેક્ષાએ બદલાય છે, પરંતુ કાર્ય અપેક્ષાએ બદલાતી નથી. કારણ**

**કે કાર્ય તો ત્રણેય કાળના એક સાથે જ જણાય છે પરંતુ ભવિષ્યકાળ અને ભૂતકાળનું જ્ઞાન વર્તમાનમાં થાય છે એનો અર્થ એમ ન લેવો કે ત્રણેય કાળની ઘટનાને વર્તમાનકાળરૂપે જાણે છે. 'વર્તમાનવત્' શબ્દનો પ્રયોગ જ્ઞાનની નિર્મળતા બતાવવા કર્યો છે.**

આત્મા દ્રવ્યથી પલટાતો નથી તથા પર્યાયથી પલટાયા વિના રહેતો નથી. દ્રવ્યને કોશિશ કરવા છતાં પણ પલટાવી શકાતું નથી તેથી દ્રવ્યને તો કોઈ પુરુષાર્થની અપેક્ષા નથી. તેવી રીતે પરિણમતી પર્યાયને રોકવાથી રોકાઈ જતી નથી એ તો નિત્ય પલટાય જ છે. પલટાય છે, એટલું જ નહિ સહજરૂપે ક્રમબદ્ધ પલટાય છે તેથી પર્યાયને પણ પલટાવવાનો પુરુષાર્થ વ્યર્થ છે. **આ સ્થિતિમાં એવી શંકા થાય કે દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈમાં પુરુષાર્થ કરવાનો ન હોય તો પુરુષાર્થ શું કરવો ? જ્ઞાની કહે છે કે, દ્રવ્યને નિત્યરૂપે અને પર્યાયને અનિત્યરૂપે જેમ છે એમ યથાયોગ્ય જાણવી એ જ પુરુષાર્થ છે અર્થાત્ હું તેનો માત્ર જ્ઞાતા છું એમ માનવું તે નિશ્ચયનયનું કથન છે.**

બાલ્યાવસ્થા, યુવાવસ્થા તથા વૃદ્ધાવસ્થા કાળથી ભિન્ન-ભિન્ન હોવા છતાં તે ત્રણેય અવસ્થાને ત્રણેય અવસ્થામાં ત્રિકાળી નિત્ય એક એવો આત્મા જાણે છે. તેથી આત્માની નિત્યતા સિદ્ધ થાય છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''અપૂર્વ અવસર'' કાવ્યમાં કહ્યું છે કે ''રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.'' એમ મુમુક્ષુ આત્માર્થી*



*પુણ્યને પણ ન ઈચ્છે. સડેલો કાળો શ્વાન હોય, તેના શરીરમાં અનેક ઈયળ અને મળમેલ ભર્યા હોય તેના ઉપર દ્વેષ કે ગ્લાનિ ન કરે; અને ઈન્દ્રાણી જેવાં સુંદર રૂપવાળી સ્ત્રીઓ દેખાય તેમાં રાગ ન કરે. તે બન્નેમાં રાગ-દ્વેષ કે અંતરક્ષોભ ન થાય. એ બેઉ સરખાં છે, એક જ જાતના જડ પરમાણુંની રચના છે. ક્ષણમાં તે સડેલા કૂતરાના રજકણો ગુલાબના ફૂલની સુગંધરૂપે થઈ જાય છે. માટે હે ચેતન ! તારી પરમ સુંદરતાનો મહિમા ભૂલીને (અનાદર કરીને) અશુચિમય પુદ્‌ગલપરમાણુંમાં મોહ કેમ કરે છે ? આત્મા પૂર્ણ જ્ઞાનઘન પવિત્ર છે તેને પુણ્યના સાધનવાળો માનવો, પુણ્યથી સુખ માનવો તે ભૂલ છે, ભગવાનનો ભક્ત પ્રીતિથી પુણ્યરૂપ મેલને કેમ ઈચ્છે ? જ્ઞાની ધર્માત્મા પરભાવની ઉપાધિને ઈચ્છે નહિ; છતાં પૂર્વપ્રારબ્ધના યોગે બહારથી ક્રિયા દેખાય પણ તેમાં તેને રુચિ નથી. ચક્રવર્તી જેવા ધર્માત્માને હજારો સ્ત્રી, રાજ્ય વગેરેનો યોગ બહારથી દેખાય છતાં તે મહા વૈરાગ્યવંત છે; સંસારથી છૂટવાનો ઉપાય કરે છે. જેમ કચરાના ઉકરડા ઉપર વિષ્ટા કે ગુલાબના ઢગલા સરખા છે, તેમ જ્ઞાની અંતરમાં તે સકળ જગતને એઠવત્ માને છે, અને મોક્ષમાર્ગમાં વર્તે છે. સમસ્ત જગત જેણે એઠવત્ જાણ્યું છે તે વમેલું કેમ ખાય ? રજકણોના સંયોગો અનંતવાર આત્મપ્રદેશે આવી ગયા છતાં તે તારા થયા નથી, તે તો જ્ઞેય માત્ર છે. સંસારના જીવો એકાંત દુ:ખે કરીને બળી જળી રહ્યા છે. આ ભયંકર સંસારનો ત્રાસ (ભવનો ભય) જેના કાળજામાં લાગ્યો છે તેને સંસારનું પરમાણું માત્ર કેમ ગોઠે ? અનિત્ય એવો સંસાર કેવળ દુ:ખમય છે. દુ:ખ પરના કારણે નથી, પણ પોતામાં*

*ભૂલવાળી માન્યતારૂપ પોતાનું અજ્ઞાન એ જ દુઃખ (સંસાર) છે. સંસાર સ્વપ્ન સમાન છે; તે જાણનારો પોતે, દેહની અવસ્થારૂપ થતો નથી. ત્રણે અવસ્થાની સ્મૃતિ રાખનારો તે તે અવસ્થાને જાણનારો પોતે નિત્ય છે. આત્માર્થી મુમુક્ષુને આવી સહેલી ભાષાથી આ શાસ્ત્રમાં સમજાવ્યું તે જ્ઞાનીનો અનંત ઉપકાર છે; માટે તેનો યથાર્થ વિચાર કરી દૃઢ નિર્ણય કરવાની જરૂર છે. ઘણાં વર્ષોથી ઘણું સાંભળ્યું પણ સાચું હિત સમજાયું નથી, તેનું કારણ પોતાની તત્ત્વ પ્રત્યે અરુચિ છે. આ આત્મસિદ્ધિશાસ્ત્રમાં યથાર્થ ઉપાય અને સમજણની રીત બતાવી છે. જીવની નિત્યતા દૃઢ નિર્ણયથી સમજાય તો રાગી-દ્વેષી થવા રૂપ અજ્ઞાનદશા હોય નહિ. ભૂલને જાણનારો ભૂલ જેટલો નથી. ભૃગુ પુરોહિતની વાત છે. તેના પુત્રોને તે પુરોહિત કહે છે કે, ભાઈ! આત્મા અનિત્ય છે, આ સંસારના કામભોગ ભોગવો, ઈન્દ્રિયના સુખ ભોગવો. તેને પુત્રો ઉપદેશે છે કે, હે માતા-પિતા! ઈન્દ્રિય, દેહ આદિ મૂર્ત પદાર્થ જે જે છે તે તે અનિત્ય છે અને તેને જાણનાર આત્મા નિત્ય છે, નિરુપાધિક, અવિનાશી છે. તેને તમે અનિત્ય કહો છો તે તમારી ઊંધી શ્રદ્ધા છે. પિતા કહે છે કે, આત્મા ઈન્દ્રિયગ્રાહ્ય નથી, વળી તમે બાળક છો માટે સંસારના સુખ ભોગવો. પુત્રોને જાતિસ્મરણ જ્ઞાન થયું છે; તે કહેવા લાગ્યા કે અમે તમોને ઘણા ન્યાય-પ્રમાણવડે આત્માની નિત્યતા સમજાવી શકીએ તેમ છીએ માટે તેની શ્રદ્ધા કરો. તમારી ઊંધી શ્રદ્ધા છે, તે અનંત સંસારના જન્મ-મરણના દુઃખમાં રખડવાનું કારણ છે.''*

❀



**અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;**
**વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯**

જગતનું એક સ્વરૂપ ક્ષણિક છે અને એક સ્વરૂપ નિત્ય છે, જગતના ત્રિકાળી નિત્ય સ્વરૂપને જાણનારો આત્મા તો ક્ષણિક નથી. એવા **અનેકાંત સ્વરૂપી જગતને જાણનારો આત્મા પોતે નિત્ય છે.** ક્ષણિક અને નિત્ય એવાં અનેકાંતસ્વરૂપી જગતને જાણનારો આત્મા ત્રિકાળ ટકે છે, તે ક્ષણિક નથી. **આત્મા એ જ્ઞાતા છે તથા વસ્તુનું ક્ષણિક સ્વરૂપ એ જ્ઞેય છે. જ્ઞાતા પોતે જ્ઞેયને જાણીને પણ જ્ઞાતા જ રહે છે, જ્ઞેયરૂપ થતો નથી.** જો ત્રિકાળી આત્મા ક્ષણિક વસ્તુને જાણીને ક્ષણિક થઈ જતો હોય તો પુદગલ વગેરે જડદ્રવ્યોને જાણનાર આત્માને પુદગલમય માનવો પડશે પરંતુ એમ થવું અસંભવ છે. આત્મા પોતે આત્મારૂપે જ નિત્ય રહે છે તથા જગતના જ્ઞેયો પોતાના મૂળ સ્વભાવને ન છોડતા થકા જ્ઞેયરૂપે જ રહે છે.

**મોતીની માળામાં મોતી તો અનેક હોય છે પણ દોરો તો એક સળંગ છે. મોતીના ભેદના કારણે દોરામાં કોઈ ભેદ પડતો નથી. તેવી રીતે ક્ષણિક જ્ઞેયોને જાણનાર આત્મા ક્ષણિક થતો નથી. પોતાના નિત્ય અસ્તિત્વમાં ટકી રહીને ક્ષણિકને જાણે છે.**

આ પદમાં જગતના અનેકાંત સ્વરૂપને સ્પષ્ટ કર્યું છે. જગતમાં બધું ક્ષણિક જ નથી તથા જગતમાં બધું નિત્ય જ નથી. **આ જગત નિત્ય તથા ક્ષણિકનો સમૂહ છે. આત્માની નિત્યતાનો અનુભવ ફક્ત જ્ઞાનીને જ હોય છે કારણ કે જ્ઞાનીને જ આત્માની અનુભૂતિ થાય છે.**

આત્મા પર્યાય સહિત હોવા છતાં પર્યાયથી ભિન્ન છે. પર્યાયનો ઉત્પાદ્ તથા વ્યય થવો નિશ્ચિત છે પણ આત્મદ્રવ્યનો ઉત્પાદ્ તથા વ્યય થતો નથી. દ્રવ્ય અપેક્ષાએ આત્મા ઉત્પાદ્ અને વ્યયથી ભિન્ન શુદ્ધ તત્ત્વ છે. ગ્રંથાધિરાજ સમયસારની છઠ્ઠી ગાથામાં ત્રિકાળી આત્માને જ્ઞાયકભાવ કહ્યો છે. ત્યાં કહ્યું છે કે હું પ્રમત્ત પણ નથી તથા અપ્રમત્ત પણ નથી, હું તો માત્ર જ્ઞાયકભાવ છું. પોતાને પ્રમત્ત તથા અપ્રમત્તદશા અર્થાત્ પર્યાયથી ભિન્ન કહ્યો છે. છઠ્ઠા ગુણસ્થાનનું નામ પ્રમત્તવિરત ગુણસ્થાન તથા સાતમા ગુણસ્થાનનું નામ અપ્રમત્તવિરત ગુણસ્થાન છે. હું છઠ્ઠા ગુણસ્થાનવાળો નથી અર્થાત્ પહેલાં ગુણસ્થાનથી લઈને છઠ્ઠા ગુણસ્થાનથી રહિત છું. તથા હું સાતમા ગુણસ્થાનવાળો નથી એટલે હું સાતમા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાનવાળો નથી. **આમ જ્ઞાયકભાવ ચૌદ ગુણસ્થાનોથી રહિત છે. આત્મા ત્રિકાળી છે તથા ગુણસ્થાન ક્ષણિક છે.**

આત્મા એ મિથ્યાજ્ઞાન નથી તથા આત્મા એ સમ્યગ્જ્ઞાન પણ નથી. મિથ્યાદૃષ્ટીને સમ્યગ્દર્શન પ્રગટ થશે ત્યારે મિથ્યાજ્ઞાન પર્યાયનો વ્યય થશે પરંતુ આત્માનો વ્યય થશે નહિ તેથી આત્મા મિથ્યાજ્ઞાનથી જુદો છે. આત્મા એ સમ્યગ્જ્ઞાન પણ નથી. મિથ્યાદૃષ્ટીને વર્તમાનમાં સમ્યગ્દર્શન પ્રગટ થયું નથી. પરંતુ આત્મા તો વર્તમાનમાં પણ પ્રગટ છે. તેથી આત્મા સમ્યગ્જ્ઞાનથી પણ જુદો છે. આમ, મિથ્યાજ્ઞાન તથા સમ્યગ્જ્ઞાન પર્યાય છે, પર્યાય ક્ષણિક છે તથા આત્મા નિત્ય છે. ક્ષણિકઆત્મા દૃષ્ટિનો વિષય નથી તેથી અહીં આત્માની નિત્યતા પર વિશેષ સમજાવ્યું છે. તથા **હું ઉત્પન્ન થયો તથા હું મરીશ એવો**



**પોતાના ક્ષણિકપણાનો અનુભવ તો અનાદિકાળથી થઈ રહ્યો છે પણ પોતાને દ્રવ્ય સ્વભાવથી પોતાના ત્રિકાળીપણાનો વિચાર પણ કર્યો નથી તેથી આત્મા નિત્ય છે એમ સિદ્ધ થાય છે.**

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“વળી અમુક પદાર્થ ક્ષણિક છે એમ જે જાણે છે, જાણીને ક્ષણિકપણું કહે છે તે ક્ષણિક હોય નહિ. બોલવામાં તો વાણી છે; વાણી પણ બદલાય છે. વાણી ઈચ્છા વગેરે બદલાતી બધી અવસ્થાને સળંગ જાણનાર તો નિત્ય છે.* ***વાણી દ્વારા કહેનારો વાણીને જાણનાર છે. તે ક્ષણિક હોય નહિ; કેમ કે પ્રથમ ક્ષણે અનુભવ થયો, તે અનુભવ બીજી ક્ષણે કહી શકાય છે. તે બીજી ક્ષણે પોતે જાણનારો ન હોય તો ક્યાંથી કહે ? માટે સળંગ નિત્યના અનુભવથી પણ આત્માની નિત્યતાનો તું વિચાર કર.*** *અહીં વ્યવહારભાષા સમજનારને સહેલું પડે તે માટે કહી છે. બોલનારો આત્મા નથી એ વાત અહીં સિદ્ધ નથી કરવી. બોલવા વખતે ભાષાના અનંત પરમાણુંઓ જે સ્વતંત્ર રજકણો છે. તેની ક્રિયા ચેતનને આધીન નથી, પણ વ્યવહારથી-ઉપચારથી કહેવાય છે, ‘હું વાત કહું છું.’ જે સ્થાને જે ન્યાયનો હેતુ હોય તે કહેવાય. સર્વજ્ઞ ભગવાનની વાણીનું બહુમાન ધર્માત્મા કરે તેથી કાંઈ વાણીના પરમાણુંઓને પરિણમાવવા તે ચેતનનું કાર્ય થઈ જતું નથી. અહીં તો ભાષા-વચનના ક્ષણે ક્ષણે થતા વ્યાપારને સળંગ જાણનારો કેવલ ક્ષણિક નથી, નિત્ય છે, એમ બતાવ્યું છે. પ્રથમની અવસ્થા પલટી અને નાશ થઈ, ભૂતકાળરૂપ થઈ; પણ તેની સ્મૃતિરૂપે*

*જાણનારો સાક્ષી, તે ટકનારો આત્મા સદાય નિત્ય છે. **ભગવાન આત્માને કોઈ તદ્દન નિત્ય માને છે. જો એકાંત કૂટસ્થ અપરિણામી હોય, તો તે પુરુષાર્થ કરી શકે નહિ; રાગ ટાળીને અરાગી થઈ શકે નહિ, ક્રોધ ટાળીને ક્ષમા તથા સંસારની મલીન અવસ્થા પલટાવીને નિર્મળ નિરુપાધિક, પવિત્ર અવસ્થા થઈ શકે નહિ;** પણ નજરે જોઈએ છીએ કે અવસ્થાએ જીવનું પલટવું અને દ્રવ્યે નિત્યપણે ટકી રહેવું એમ નિત્ય-અનિત્યપણું છે. દ્રવ્યના અવિનાશી સ્વભાવે જીવત્વપણું નિત્ય છે અને બદલતી અવસ્થાએ અનિત્ય છે, પણ સર્વથા નાશ પામવા યોગ્ય નથી.''*

❀

**ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;**
**ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦**

**વસ્તુત્વગુણની મુખ્યતાથી દ્રવ્યને વસ્તુ કહે છે તથા દ્રવ્યત્વ-ગુણની મુખ્યતાથી વસ્તુને દ્રવ્ય કહે છે. આમ દ્રવ્ય કે વસ્તુ જુદાં નથી.** જગતમાં રહેલી કોઈ પણ વસ્તુ એકાંત સ્વરૂપી નથી પરંતુ વસ્તુ સંબંધી અજ્ઞાનનું જ્ઞાન એકાંતરૂપ છે તેથી તે વસ્તુના મૂળ સ્વભાવને ગ્રહણ કરતો નથી.

દરેક વસ્તુ પરસ્પર વિરોધી એવા સામાન્ય-વિશેષ, ભેદ-અભેદ, નિત્ય-અનિત્ય, એક-અનેક વગેરે ધર્મો સહિત હોય છે. તે પરસ્પર વિરોધી ધર્મો એક સાથે રહે છે. જગતમાં એવું એક પણ દ્રવ્ય નથી કે જે નિત્ય જ હોય અથવા કોઈ દ્રવ્ય એવું નથી કે જે અનિત્ય જ હોય.



**પ્રત્યેક દ્રવ્ય નિત્ય અને અનિત્ય સ્વરૂપી હોય છે તેથી તે અનેકાંત સ્વરૂપી કહેવાય છે.**

આત્મા મરતો નથી એટલું જ નહિ, જડ દ્રવ્યો પણ મરતા અર્થાત્ નષ્ટ થતા નથી. તેવી જ રીતે કોઈ પદાર્થ નવીન ઉત્પન્ન થતો નથી. જો વસ્તુ નષ્ટ થાય તો તે ક્યાં જાય ? બીજું એ પણ છે કે, **જો એક વસ્તુનો નાશ થતો હોય તો અનેક વસ્તુઓ કે આખાં જગતનો પણ નાશ થઈ શકે છે. તેથી એમ સમજવું કે જગતમાં એક પણ દ્રવ્ય નષ્ટ થતું નથી.**

પ્રત્યેક દ્રવ્ય પરિપૂર્ણ અનંત શક્તિમય છે. દરેક દ્રવ્યમાં અસ્તિત્વગુણ નામનો સામાન્યગુણ છે. **જે શક્તિના કારણે દ્રવ્યનો કદી નાશ ન થાય તે શક્તિને અસ્તિત્વગુણ કહે છે.** આ ગુણ સામાન્ય હોવાથી જગતના સમસ્ત અનંતાનંત દ્રવ્યોમાં સ્વતંત્રરૂપે રહે છે. આત્મા પોતાના અસ્તિત્વગુણથી નિત્ય ટકીને રહે છે જ્યારે દરેક પુદ્‌ગલાદિ દ્રવ્યો પોત-પોતાના અસ્તિત્વ ગુણથી નિત્ય ટકીને રહે છે. અસ્તિત્વગુણ આત્મામાં નિત્ય રહે છે કારણ કે ગુણ તેને જ કહેવાય જે દ્રવ્યમાં ત્રિકાળ રહે તેથી દરેક વસ્તુ પોતાની શક્તિથી ટકીને રહેશે જ.

જ્યારે કોઈ વ્યક્તિનું મરણ થાય ત્યારે એમ વિચાર કરવો જોઈએ કે આત્માનું તો મરણ થતું નથી, જે આત્માનો મને વિયોગ થયો છે, તે આત્મા આ જગતમાં છે. તે આત્માનું અસ્તિત્વ હોવા છતાં અજ્ઞાનતાના લીધે જ્ઞાન થતું નથી અને શ્રદ્ધાન પણ થતું નથી. આત્મા જ નહિ, પુદ્‌ગલાદિ વસ્તુમાં પણ આ સિદ્ધાંત ઘટિત થાય છે. જ્યારે

પોતાની કોઈ મનપસંદ વસ્તુ ખોવાઈ જાય છે, ત્યારે આપણે દુઃખી થઈએ છીએ અને અનેક વિકલ્પો કરીએ છીએ. સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરતા વસ્તુ ખોવાઈ જ નથી. **કોઈ પણ વસ્તુ હકીકતમાં ખોવાતી જ નથી, માત્ર એટલું જ કે વસ્તુ જ્ઞાનમાંથી ખોવાઈ જાય છે. જ્યારે આપણે વસ્તુને જાણી લઈએ એટલે કહીએ છીએ કે અમને અમારી વસ્તુ મળી ગઈ.** ક્યારેક એવું થતું હોય છે કે, ઘરથી બહાર નીકળતી વખતે ચાવી મળતી નથી. પરંતુ ચાવી હાથમાં જ હોય છે. માણસ ચારે બાજુ ચાવી શોધે છે. જરા વિચાર કરો ! હાથમાં પકડેલી ચાવી ને તે ખોવાયેલી માને છે. શું ચાવી ખોવાઈ ગઈ છે ? વાસ્તવમાં ચાવી ખોવાઈ જ નથી. પરંતુ ચાવીનું જ્ઞાન ખોવાઈ ગયું છે. **અજ્ઞાની વસ્તુના અજ્ઞાનને જ વસ્તુનું ખોવાઈ જવું તથા વસ્તુના જ્ઞાનને જ વસ્તુનું મળી જવું એમ માને છે. આત્મા પણ અનાદિકાળથી ખોવાઈ ગયો છે. પોતે પોતાને ભૂલી ગયો છે. આત્મા નષ્ટ થયો નથી, ખોવાઈ ગયો નથી. માત્ર જ્ઞાનમાં જણાયો નથી તે અપેક્ષાએ ખોવાયો તથા ભૂલાઈ ગયો એમ કહેવાય છે અને તેને શોધી પણ શકાય છે. આત્માને જ્ઞાનમાં જાણવો તેને આત્મપ્રાપ્તિ કહેવામાં આવે છે. ગણનારો પોતે પોતાને જ ગણતો નથી તેથી ગણત્રીમાં ભૂલ આવે છે.**

જો ચેતન નાશ પામે તો જ્ઞાન નાશ પામે. જાણનારાનો નાશ થાય તો જાણપણાનો પણ નાશ થાય. જ્ઞાતા નાશ પામતા, જ્ઞાનનો નાશ થવાથી પછી તપાસ કરશે કોણ ? અને તપાસ કરશે શેની ? આત્માની અસ્તિથી જ આત્માની અને આત્મા સહિત વિશ્વ આખાની ખ્યાતિ છે.



તેથી સમજવું કે વસ્તુનો નાશ થતો નથી, વસ્તુ ખોવાતી પણ નથી. આત્મા નિત્ય છે. તેનો નાશ થાય તો તેના માટે આ જગતમાં ક્યાંય અવકાશ નથી. ખરેખર આત્માનો નાશ થતો જ નથી.

❁

**કર્તા ન જીવ કર્મનો, કર્મ જ કર્તા કર્મ;**
**અથવા સહજ સ્વભાવ હાં, કર્મ જીવનો ધર્મ. ૭૧**

આત્મા કર્મનો કર્તા નથી તેના પક્ષમાં શિષ્ય પોતાનો મત રજુ કરે છે કે આત્મા કર્મનો કર્તા નથી. કર્મનું બંધન કર્મથી થાય છે. જો કર્મનો કર્તા આત્મા હોય, તો કર્મને આત્માનો સ્વભાવ કહેવો જોઈએ.

ચેતન અને જડ દ્રવ્ય સ્વતંત્ર છે; તેથી આત્માને કર્મનો કર્તા કહેવો યોગ્ય નથી. કારણ કે, પરસ્પર ભિન્ન સ્વભાવી દ્રવ્ય એકબીજાના કર્તા હોય શકે નહિ; તેથી કર્મ જ કર્મનો કર્તા છે. કર્તા-કર્મપણું એક જ દ્રવ્યમાં ઘટિત થાય છે. તેથી કર્મને જ કર્મનો કર્તા કહેવાય એવો શિષ્યનો પક્ષ છે.

દરેક દ્રવ્ય સ્વતંત્ર હોય તો ચેતનને જડનો કર્તા કેવી રીતે કહેવાય ? એવો ભાવ વ્યક્ત કરતા શિષ્ય કહે છે કે કર્મ પોતાની યોગ્યતાથી કર્મરૂપે પરિણમે છે. કર્મ જીવના ભાવોની અપેક્ષા રાખતું નથી. શિષ્યનો પક્ષ પણ સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી. શિષ્યની અણસમજ એટલી છે કે, નય અપેક્ષા વડે આત્મા અને કર્મના કર્તા-કર્મપણારૂપ સંબંધને જાણતો નથી. નિશ્ચયદૃષ્ટિએ શિષ્યની વાત સત્ય છે કે, આત્મા કર્મનો કર્તા નથી. પરંતુ નિશ્ચયને જ પકડી રાખીને

વ્યવહારનો નિષેધ કરવો યોગ્ય નથી. જ્યાં સુધી જીવને એકાંતદૃષ્ટિ હોય છે ત્યાંસુધી તેને પર્યાયદૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટી કહ્યો છે. અનેકાંતદૃષ્ટીએ જીવને જ દ્રવ્યદૃષ્ટી અથવા સમ્યગ્દૃષ્ટી કહેવાય છે. આત્મસિદ્ધિ શાસ્ત્ર તથા સમયસારની વિષયવસ્તુ અનેકાંત સ્વરૂપની પ્રકાશક હોવા છતાં અજ્ઞાનીને બંને શાસ્ત્રમાં વિરોધાભાસ પ્રતીત થાય છે. સમયસારમાં કુંદકુંદાચાર્યનો શિષ્ય પોતાનો મત વ્યક્ત કરતા કહે છે કે, આત્મા કર્મનો કર્તા છે. શિષ્યની તે શંકાનું સમાધાન કરતા આચાર્યદેવ કહે છે, કે નિશ્ચયથી આત્મા કર્મનો કર્તા નથી. તે સિદ્ધાંતની સિદ્ધિના પ્રયોજન અર્થે સમયસારમાં કર્તા-કર્મ અધિકારની રચના થઈ છે. અહીં આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શિષ્યની શંકા કંઈક જુદા પ્રકારની છે. શિષ્ય પોતોનો મત વ્યક્ત કરે છે કે, આત્મા કર્મનો કર્તા નથી. શિષ્યનું સમાધાન કરતા સદ્ગુરુ કહે છે કે, વ્યવહારનયથી આત્મા કર્મનો કર્તા કહેવાય છે. પરંતુ નિશ્ચયથી આત્મા કર્મનો કર્તા નથી. આમ બે મહાન સદ્ગુરુ દ્વારા વર્ણિત શિષ્યની દશા ભિન્ન-ભિન્ન છે. કારણ કે, સદ્ગુરુદેવના માધ્યમથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવને અનુલક્ષીને તત્ત્વોપદેશ આપવામાં આવે છે. કુંદકુંદાચાર્યદેવે નિશ્ચયનયની મુખ્યતાથી કર્તાકર્મ અધિકારની રચના કરી છે તથા આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કર્મનો કર્તા આત્માને કહ્યો છે, તેમાં વ્યવહાર-નયની મુખ્યતા છે. આચાર્ય અમૃતચંદ્રદેવ પણ આત્મખ્યાતિ ટીકાના શ્લોક ૨૦૫માં આત્માને અજ્ઞાનદશામાં કર્મનો કર્તા બતાવતા કહે છે કે, 'હે આર્હતના અનુયાયી ! તમે પણ સાંખ્યમતિઓની જેમ આત્માને સર્વથા અકર્તા ન માનો. ભેદજ્ઞાન થયા પહેલાં સદા રાગાદિ ભાવોનો કર્તા જ માનો અને ભેદજ્ઞાન થયા પછી તેને સદા અચળ



અકર્તા અર્થાત્ જ્ઞાતા જ દેખો. આમ આત્મા એકાંતથી અકર્તા અથવા કર્તા નથી. **જો નય વિવક્ષા નહિ સમજવામાં આવે તો, બે જ્ઞાનીમાં વિરોધાભાસ થશે. નય વિવક્ષા સમજ્યા વિના, બે જ્ઞાનીમાં જ નહિ પરંતુ એક જ્ઞાનીના પ્રત્યેક વાક્ય વિરોધી ભાસે છે. તેથી જેણે જ્ઞાનીને ઓળખવા હોય, તેણે નય વિવક્ષા સમજવી અનિવાર્ય છે.**

❁

**આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;**
**અથવા ઈશ્વર-પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨**

આત્માને સર્વથા કર્મબંધન રહિત માનનાર શિષ્ય કહે છે કે, આત્મા કોઈ પણ પરમાણુંને સ્પર્શતો પણ નથી તેથી આત્માને કર્મબંધન થતું નથી. કર્મબંધનનો કર્તા આત્મા નથી, કારણ કે, સ્નિગ્ધત્વ તથા રુક્ષત્વ એવા પરસ્પર વિરોધી પરમાણુંનો બંધ થાય છે. આત્મા ચીકણો હોતો નથી તેથી કોઈ સૂકો પરમાણું આત્માને બંધાતો નથી તથા આત્મા સૂકો હોતો નથી તેથી કોઈ ચીકણો પરમાણું પણ આત્માને બંધાતો નથી. આમ, કોઈ પણ પ્રકારના પુદગલ સ્કંધોમાં આત્મા સાથે બંધાવાની તથા આત્મામાં કર્મો સાથે બંધાવાની શક્તિ નહિ હોવાથી આત્મા કર્મનો કર્તા નથી. પુદ્ગલનો પુદ્ગલ સાથે સંબંધ થતો હોવાથી એમ સમજવું કે કર્મનો કર્મ સાથ સંબંધ થાય છે પણ આત્મા સાથે નહિ.

જેવી રીતે ગાયના ગળાને રાશ વડે બાંધવામાં આવે છે, ત્યાં ખરેખર શરીરને રાશ સાથે બાંધી છે. ગાયના ગળાને નહિ જો કે ગાય નહિ બાંધી હોવા છતાં ગાયને બાંધી, એમ વ્યવહારથી કથન

કરવામાં આવે છે, તેવી રીતે આત્માને કર્મ બંધાતુ નથી, તેમ છતાં આત્માને વ્યવહારથી કર્મબંધનનો કર્તા કહેવામાં આવે છે.

'કરે પ્રકૃતિ બંધ' માં 'પ્રકૃતિ' એટલે 'સ્વભાવ.' કર્મ પોતાના સ્વભાવ વડે આત્મા સાથે બંધાય છે, જ્યારે આત્મા નિત્ય કર્મ બંધન રહિત રહે છે. જેમ આ જગતમાં હવા, પાણી વગેરે કુદરતી પદાર્થો રહે છે, તેમ કર્મબંધન પણ કુદરતી છે. એમ શિષ્ય કહે છે.

કોઈ એમ પણ માને છે કે, ઈશ્વર ઈચ્છા મુજબ કર્મ બંધન થાય છે. તથા તેનાથી પણ વિશેષ કોઈ તો, અહીં સુધી માને છે કે, આપણાં પાપ અને પુણ્યનું નામું ભગવાન લખે છે. મરણ થયા પછી દરેક જીવે ભગવાન પાસે જઈને પોતાના કરેલા કર્મનો હિસાબ આપવો પડે છે. ઈશ્વર પૂછપરછ કરીને જીવને તેના કર્મ અનુસારે નવો જન્મ આપે છે. જો કે જૈનદર્શનની દૃષ્ટિએ ભગવાન જીવના પુણ્ય અને પાપને લખે છે એટલે દેખે છે. કારણ કે, લખવાનો એક અર્થ જ્ઞાનમાં જાણવું તથા દૃષ્ટિમાં દેખવું એમ પણ થાય છે. કોઈ તો એમ જ કહે છે કે, ભગવાને કર્મ કરવાનું કહ્યું છે. અમે ભગવાનથી પ્રેરણા લઈને કર્મ બાંધીએ છીએ. આમ 'કર્મ બંધન પોતાનું અને પ્રેરણા ભગવાનની.' આજ સુધી એ તો સાંભળ્યું હતું કે, અનુકૂળતા તથા પ્રતિકુળતામાં એકત્વ કરવાથી કર્મબંધન થાય છે, પણ અહીં તો શિષ્ય એમ કહે છે કે, ઈશ્વરની પ્રેરણાથી કર્મબંધન થાય છે.

ઈશ્વરની પ્રેરણાથી કર્મબંધન થતા હોવાથી આત્મા કર્મબંધનનો કર્તા થતો નથી. જો કે શિષ્ય આત્માને અબંધ કહે છે, તે વાત પણ સત્ય છે, પરંતુ તે અજ્ઞાનદશામાં આત્માને કર્મબંધનનો કર્તા માનતો



નથી તે યોગ્ય નથી. કારણ કે, દરેક જ્ઞાનીના અંતિમ વાક્યો પણ એમ હોય છે કે, 'તેથી આત્મા કર્મનો કર્તા નથી.' પરંતુ આત્માને અકર્તા કહ્યો, તે પહેલાં અનેક પ્રકારે આત્માને કર્મના કર્તારૂપે સ્વીકાર્યો છે અને પુરુષાર્થ વડે રાગાદિ વિકારીભાવોને દૂર પણ કર્યા છે. આત્મા જો સર્વથા અબંધ હોત તો સર્વ જીવ મુક્ત હોત અને સંસારનું અસ્તિત્વ જ ન રહેત. અને મોક્ષ તો સંસારના અભાવનું નામ છે. તેથી જો સંસાર જ ન હોત તો તેના અભાવરૂપ મોક્ષ પણ ન હોત. સંસાર અને મોક્ષનો નિષેધ થતા આત્માને પર્યાય રહિત માનવારૂપ વિપત્તિ આવતા પર્યાય રહિત આત્માના અસ્તિત્વનો પણ નિષેધ થશે. તેથી આત્મા સર્વથા અબંધ નથી. આત્મા સર્વથા અબંધ છે એવો શિષ્યનો મત છે. તેનું વિશેષ વિવેચન આગામી પદમાં કરશે.

❁

**માટે મોક્ષ-ઉપાયનો, કોઈ ના હેતુ જણાય;**
**કર્મતણું કર્તાપણું, કાં નહિ, કાં નહિ જાય. ૭૩**

કર્મનો કર્તા આત્મા નહિ હોવાથી, મોક્ષમાર્ગની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવો વ્યર્થ છે. મુક્તિનો પુરુષાર્થ જીવ કરે છે, જે પોતાને વર્તમાનમાં બંધન સહિત માને છે. બંધન ક્ષણિક છે અર્થાત્ છૂટી શકે છે, એમ માને છે. જે અજ્ઞાની, પોતાને અજ્ઞાનદશામાં જ કર્મબંધનથી રહિત માને છે, તેના માટે મોક્ષ અથવા મોક્ષમાર્ગનું કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી.

શિષ્યની દૃષ્ટિએ કર્મનો કર્તા આત્મા નથી; અથવા જો કર્મનો

કર્તા આત્મા હોય તો આત્માને કર્મનો કર્તા નિત્ય કહેવો જોઈએ. તથા જો આત્મા નિત્ય કર્મનો કર્તા હોય તો, આત્માનું કર્મ રહિત થવું એટલે કે મોક્ષમાર્ગ સંભવ નથી. જો કોઈ ભૂલ પોતે કરેલી હોય તો તે ભૂલને દૂર પણ પોતાના વડે જ કરી શકાશે; પરંતુ જે કર્મબંધનરૂપ ભૂલનો કર્તા આત્મા નથી તો, કર્મ બંધન રહિત થવું એ પણ આત્માને આધીન નથી.

આશય એ છે કે બે દેશ પર થઈ રહેલી લડાઈને ટેલિવિઝનમાં જોઈને આપણે તેના પર કષાય ન કરવો જોઈએ, કારણ કે તે લડાઈ આપણે તો કરતા નથી. તેથી આપણા ગમે તેટલા કષાયભાવ કરવાથી તે લડાઈ રોકાઈ જશે નહિ. ફિલ્મમાં જેટલા પણ લડાઈના, અપહરણના, બળાત્કારના ચિત્રો બતાવવામાં આવે છે, તે વાસ્તવિક હોતા નથી. તે તો નાટક છે. કારણ કે વાસ્તવમાં લડાઈ, અપહરણ બળાત્કાર વગેરે હીન કાર્ય કરનાર, ક્યારેય તેની ફિલ્મ બનાવતા નથી. તેથી તે ફિલ્મ દેખીને કષાય ન કરવો એ જ દુઃખી નહિ થવાનો ઉપાય છે.

આશય એ છે કે, જો તમે કોઈ કાર્યના કર્તા બનો તો તમે તે કાર્યના અકર્તા પણ બની શકો. ખરેખર અકર્તા થવાનો ઉપદેશ પણ તેને જ આપવામાં આવે છે, જે કાર્યનો કર્તા હોય છે. કોઈ વિશેષ પ્રસંગોમાં વ્યવસ્થાની દેખરેખ માટે કાર્યકર્તા નીમવામાં આવે છે અને કાર્યક્રમ સંબંધી સલાહ, સૂચન વગેરે પણ તેજ કાર્યકર્તાને આપવામાં આવે છે. પરંતુ જે વ્યક્તિનું, તે કાર્યમાં કંઈ ચાલતું જ ન હોય તેને કોઈ સલાહ પણ આપતું નથી, એટલું જ નહિ તેની સાથે



કોઈ વાત પણ કરતું નથી. આમ કાર્યકર્તા સાથે જ કાર્ય સંબંધી ચર્ચા કરવામાં આવે છે. **તેવી રીતે કર્મબંધનરૂપી કાર્યનો કર્તા આત્મા છે, તેથી આત્માને કર્મબંધનથી રહિત થવાનો ઉપદેશ આપવામાં આવે છે. જો આત્માને કર્મનો કર્તા ન માનવામાં આવે તો કર્મબંધનથી છૂટવાનો કોઈ માર્ગ રહેતો નથી.**

શિષ્ય એકાંતથી આત્માને કર્મબંધનનો કર્તા માને છે. તે કહે છે કે આત્મા અજ્ઞાનદશામાં કર્મનો કર્તા હોય તો આત્માને જ્ઞાન દશામાં પણ કર્મનો કર્તા કહો તથા જો આત્મા જ્ઞાનદશામાં કર્મનો કર્તા ન હોય તો આત્માને અજ્ઞાનદશામાં પણ કર્મનો કર્તા ન કહો. જેમ કોઈ વ્યક્તિ એમ પૂછે કે, તમે મને આવતીકાલે મળી શકશો ? અને જો તમે એમ જવાબ આપો કે હું સમયનો અભાવ હશે તો મળી શકીશ નહિ પરંતુ સમયનો સદ્ભાવ હશે તો મળીશ. ત્યારે તે વ્યક્તિ કહેશે કે સીધી-સીધી વાત કરો કે તમે મને મળશો કે નહિ ? તે વ્યક્તિ તમારી ભેદવિવક્ષામાં પડવા માંગતો નથી. તેવી રીતે શિષ્ય એ વાત સાંભળવા માંગતો નથી કે સમ્યગ્જ્ઞાનના અભાવમાં આત્મા કર્મનો કર્તા છે તથા સમ્યગ્જ્ઞાનના સદ્ભાવમાં આત્મા કર્મનો કર્તા નથી. તે તો એમ જ કહે છે કે, આત્મા કર્મનો કર્તા નથી; અથવા જો આત્મા કર્મનો કર્તા હોય તો અનંતકાળ સુધી પણ અજ્ઞાનદશામાં કર્મબંધન થશે. શિષ્ય આત્માને ત્રિકાળ કર્મબંધનનો કર્તા અથવા અકર્તા માનવા તૈયાર થયો છે. પરંતુ નય વિવક્ષાથી તેનો સ્વીકાર કરવા માટે હજુ તૈયાર થયો નથી. તેવો ભાવ આ પદના માધ્યમથી પ્રગટ થાય છે.

**હોય ન ચેતનપ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?**
**જડ સ્વભાવ નહિ પ્રેરણા, જુવો વિચારી ધર્મ. ૭૪**

કર્મબંધનનો કર્તા આત્મા છે, તેને સિદ્ધ કરતા સદ્‌ગુરુ કહે છે કે જો આત્મામાં રાગાદિ વિકારીભાવોની ઉત્પત્તિ જ ન થાય તો કર્મબંધન પણ થતું નથી; તેથી આત્મા કર્મનો કર્તા છે. આત્મા અરૂપી હોવા છતાં રૂપી કર્મનો આત્મા સાથે બંધ થાય છે. જેવી રીતે અરૂપી આત્મા રૂપી દ્રવ્યોને પણ જાણે છે, તેવી રીતે રૂપી કર્મનો અરૂપી આત્મા સાથે બંધ થવામાં કોઈ વિરોધ ઉત્પન્ન થતો નથી.

જેવી રીતે કોઈ વ્યક્તિ પોતાના ચહેરા પર તેલ લગાવીને રસ્તા પર ચાલતો હોય ત્યારે રસ્તા પર ઉડતા રજકણોમાંથી અમુક રજકણો તેના ચહેરા પર ચોંટી જાય છે. ત્યાં રજકણનું ચોંટવાનું મૂળકારણ રજકણોની ક્રિયાવતી શક્તિ જ છે; પરંતુ તેલના નિમિત્ત વિના તેઓ ચેહરા પર ચોંટતા નથી. આમ, તેલથી પ્રેરાઈને રજકણ ચહેરા પર ચોંટે છે. તેવી રીતે આત્મા રાગાદિ વિકારીભાવોને ભાવે છે, ત્યારે લોકાકાશમાં વ્યાપ્ત કાર્મણવર્ગણામાંથી અમુક કાર્મણવર્ગણા આત્મા સાથે એકક્ષેત્રાવગાહ બંધ પામે છે. ત્યાં કર્મબંધનનું મૂળકારણ કાર્મણવર્ગણાની ક્રિયાવતી તથા કર્મરૂપ પરિણમિત થવાની શક્તિ જ છે; પરંતુ રાગાદિ વિકારી ભાવોના નિમિત્ત વિના કાર્મણવર્ગણા કર્મરૂપે પરિણમતી નથી. આમ આત્માના રાગાદિભાવોથી પ્રેરાઈને કાર્મણવર્ગણા કર્મરૂપે પરિણમે છે. ચેતનની પ્રેરણાથી કર્મબંધન થાય છે; તેથી કર્મબંધનનો કર્તા તથા ભોક્તા આત્મા જ છે. જો કે પ્રેરણા આપનાર રાગાદિ વિકારીભાવોના અભાવમાં કર્મબંધન થતું નથી.



'પૂજ્ય શ્રી કાનજીસ્વામી પ્રેરિત શ્રી દિગંબર જૈન મંદિર' આવા વાક્યો કેટલાય સ્થાને જોવા મળે છે. પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીની પ્રેરણાથી અનેક પંચકલ્યાણકો તથા વેદી પ્રતિષ્ઠાઓ વગેરે શુભકાર્યો થયા છે. ત્યાં મંદિરોમાં દાન આપવાવાળા અથવા મંદિરનું બાંધકામ કરવાવાળાનું નામ લખાયેલું નથી પરંતુ મંદિરની પ્રેરણા આપનાર પૂજ્ય ગુરુદેવશ્રીનું નામ લખાયેલું છે. કહેવાનો આશય એ છે કે, જે કાર્ય કરવાની પ્રેરણા આપે છે તેમની મુખ્યતાથી કથન કરવામાં આવે છે. આમ, **કર્મબંધનની પ્રેરણા આપનાર આત્માના રાગાદિ વિકારીભાવો હોવાથી આત્માને કર્મબંધનનો કર્તા કહેવામાં આવે છે.**

પુદ્‌ગલાદિ જડ દ્રવ્યો કોઈને પ્રેરણા આપતા નથી. જડ તથા ચેતનનો ભિન્ન સ્વભાવ છે. ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. દરેક વસ્તુમાં પોત-પોતાના ગુણ-ધર્મ હોય છે. એક દ્રવ્ય પોતાના ગુણ-ધર્મને છોડીને પરદ્રવ્યરૂપે પરિણમતું નથી. આ પદમાં ફરી એક વાર જીવને વિચાર કરવા માટે ઉપદેશ આપ્યો છે. કારણ કે વિચાર કર્યા વિના વિકારનો, સદ્‌ગુરુના ઉપકારનો કે નિરાકાર-જ્ઞાનાકાર આત્માનો નિર્ણય થઈ શકતો નથી.

❁

**જો ચેતન કરતું નથી, થતાં નથી તો કર્મ;**
**તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવ ધર્મ. ૭૫**

આત્મા કર્મનો કર્તા છે. આત્મા પુરુષાર્થ કરે તો કર્મબંધન થતું

નથી. તેની સિદ્ધિ કરતા કહે છે કે જગતનો કોઈ પણ પદાર્થ કર્મબંધન કરાવતો નથી. આત્મા પુરુષાર્થની કમજોરીથી પરદ્રવ્યમાં મોહ-રાગ-દ્વેષ કરે છે; તેથી આત્માને કર્મબંધન થાય છે. આમ કર્મબંધનનો કર્તા કોઈ કર્મ નહિ, પરંતુ આત્મા પોતે છે. તેનો અહીં વિશેષ વિસ્તાર કર્યો છે. **નોકર્મનું નિમિત્તકારણ દ્રવ્યકર્મનો ઉદય છે તથા દ્રવ્યકર્મના બંધનું નિમિત્તકારણ ભાવકર્મ છે. તેથી ભાવકર્મનો અભાવ થતા દ્રવ્યકર્મ અને નોકર્મનો પણ અભાવ થાય છે.**

સ્કંધરૂપ બાવીશ વર્ગણામાંથી કાર્મણવર્ગણામાં જ એવી શક્તિ છે કે, જેનાથી તે કાર્મણવર્ગણા કર્મરૂપે પરિણમે છે. જીવ તેને પરિણમાવતો નથી. તે વાત સત્ય છે, પરંતુ માત્ર શક્તિના કારણે, કાર્મણવર્ગણા કર્મરૂપ પરિણમિત થતી હોય, તો સિદ્ધશિલા પર પણ કાર્મણવર્ગણા ઠસોઠસ ભરેલી છે; તેમ છતાં સિદ્ધ ભગવાનને કર્મબંધન થતું નથી. કારણ કે તેઓ પૂર્ણ વીતરાગી છે. જીવ ભાવકર્મનો કર્તા છે. **ભાવકર્મને પરભાવ પણ કહેવાય છે. પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થતાં ભાવને પરભાવ કહેવાય. આત્મા પરદ્રવ્યનો કર્તા નથી. તેથી પંડિત ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે કે, 'જેણે બંધ ન કરવો હોય તે કષાય ન કરે.' કારણ કે કર્મબંધનનું મૂળકારણ કષાયભાવ છે.**

**કર્મબંધન કરવું એ જીવનો ધર્મ નથી, પરંતુ કર્મબંધનથી મુક્ત હોવું એ આત્માનો ધર્મ છે. કર્મબંધનનું બીજું નામ અધર્મ છે.** જો આત્મામાં ઉત્પન્ન થતા શુભભાવથી પુણ્ય તથા અશુભભાવથી પાપનો બંધ થાય છે તો શુભાશુભભાવથી રહિત શુદ્ધભાવથી અબંધ દશા



પ્રગટ થાય છે. જો કર્મ એ જીવનો ધર્મ હોય તો જીવ સાથે નિત્ય રહેવું જોઈએ. જેવી રીતે જ્ઞાન આત્મા સાથે અભેદ નિત્ય રહે છે. તેવી રીતે કર્મ આત્મા સાથે અભેદ નિત્ય રહેતા નથી; તેથી કર્મ એ જીવનો ધર્મ અથવા સ્વભાવ નથી.

**સ્વભાવને નિમિત્તની અપેક્ષા હોતી નથી. સ્વભાવ ત્રિકાળી હોવાથી ત્રિકાળી સ્વભાવમાં નિમિત્તનું પ્રયોજન હોતું નથી.** જ્ઞાન એ આત્માનો સહજ સ્વભાવ છે. તેથી જ્ઞાનના અસ્તિત્વ માટે કોઈ પણ નિમિત્ત કહેવાતા નથી, જ્યારે કર્મબંધન થવું એ કાર્ય છે; તેથી તેમાં જીવના વિકારીભાવોને નિમિત્ત કહેવાય છે. દ્રવ્યકર્મના બંધન માટે વિકારી ભાવો નિમિત્ત હોવાથી, દ્રવ્યકર્મનું બંધન આત્માનો સ્વભાવ નથી. તથા વિકારીભાવોની ઉત્પત્તિમાં પૂર્વમાં બંધાયેલા દ્રવ્યકર્મનો ઉદય નિમિત્ત હોવાથી, ભાવકર્મ પણ આત્માનો સ્વભાવ નથી. જેમાં નિમિત્તની હાજરી હોય તે કોઈ પણ દ્રવ્યનો સ્વભાવ હોય શકે નહિ. સંસાર અને મોક્ષ પણ આત્માનો સ્વભાવ નથી, કારણ કે તેમાં પણ અનુક્રમે કર્મોદય તથા કર્મોદયનો અભાવ નિમિત્તકારણ છે. **તેમ છતાં સંસાર પરિભ્રમણ માટે કોઈ પણ અન્ય દ્રવ્ય જવાબદાર નથી. આત્મા પોતે જ પોતાની ભૂલથી સંસાર પરિભ્રમણ કરી રહ્યો છે અને પુરુષાર્થના બળથી પોતે સંસાર પરિભ્રમણથી મુક્ત થઈ શકે છે.**

❀

**કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?**
**અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬**

આત્મા સંયોગોથી અસંગ છે અર્થાત્ સંયોગો સાથે રહેતો હોવા છતાં પણ સંયોગોથી સર્વથા ભિન્ન છે; એ નિશ્ચયનયનું કથન છે. જો આત્મા એકાંતથી અસંગ હોય તો આત્માને નિશ્ચિતરૂપે મોક્ષ પ્રાપ્ત થયો હોત, તથા મુક્ત આત્મા પોતે, પોતાને જાણે છે તેથી; જો આત્મા સંયોગોથી સર્વથા જુદો હોત તો, દરેક જીવને પોતાના સ્વભાવનો એકત્વપૂર્વક અનુભવ થવો જોઈએ. અજ્ઞાનીની એકાંતદૃષ્ટિ મિથ્યાત્વદોષ ઉત્પન્ન કરનારી છે. તેથી સર્વપ્રથમ મિથ્યાત્વ પાપના ત્યાગ માટે અનેકાંત સ્વરૂપ સમજવું અનિવાર્ય છે. નિશ્ચયાભાસી પોતાને સર્વથા અસંગ માને છે. વર્તમાનદશાનો સ્વીકાર કર્યા વિના જ્ઞાની પણ પોતાને અસંગ માનતા નથી. જ્ઞાની પોતાને સર્વ પરદ્રવ્યથી ભિન્ન માને છે ત્યારે પણ, પર્યાયગત ભૂલનો સ્વીકાર કરે છે; તેથી પ્રતિસમય પુરુષાર્થમાં વ્યસ્ત છે. નિર્વિકલ્પ આત્માનુભૂતિમાં દૃષ્ટનો વિષય સમ્યક્ એકાંત હોવા છતાં, તે કાળે પર્યાયનો પણ સ્વીકાર છે. જો આત્મા સર્વથા કર્મ તથા શરીર વગેરે સંયોગોથી જુદો હોત તો તે મોક્ષ પામી ચૂક્યો હોત. તેથી અસંયોગી આત્મા તથા સંયોગી કર્મ અને શરીરનો સ્વીકાર કરવો તે અનેકાંત દૃષ્ટિ છે. જેને દેહનો આત્યંતિક વિયોગ થયો હોય, તેને ઈન્દ્રિયજ્ઞાન પણ છૂટી જ ગયું હોય. જ્ઞાની નિજ આત્માને નિત્ય અનુભવે છે. **પરમાર્થ એટલે નિશ્ચય. નિશ્ચયનયથી આત્મા સંયોગ તથા સંયોગીભાવોથી પણ જુદો છે. દેહ હોવા છતાં દેહાતીત છે તે પરમાર્થનયનો વિષય છે.** આત્માને સર્વ પરદ્રવ્યથી, પરદ્રવ્યના ભાવોથી, પરદ્રવ્યના નિમિત્તથી આત્મામાં ઉત્પન્ન થતા વિકારી-ભાવોથી, આત્મા પર દૃષ્ટિ થતા, પ્રગટ થયેલી નિર્મળ પર્યાયોથી



તથા ગુણભેદના વિકલ્પથી પણ ભિન્ન બતાવે, એવો પરમશુદ્ધ નિશ્ચયનય છે. તે જ ખરો પરમાર્થ છે.

જ્યારે સદ્ગુરુ તત્ત્વની સમજણ અથવા ઈન્દ્રિય વિષયના ભોગનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે, ત્યારે એમ ન કહેવું જોઈએ કે, આત્મા અસંગ છે; ઈન્દ્રિય તથા ઈન્દ્રિયના વિષયોથી જુદો છે. જો કે તે સત્ય છે, પરંતુ દરેક સત્યને વાત વાતમાં બોલવાથી સત્યનું મહત્વ રહેતું નથી. ક્યારેક એવું પણ બને કે, વારંવાર એક જ વાત બોલવાથી, સત્ય પર શંકા થવા લાગે. જેમ કે પોતાનું નામ વારંવાર કોઈ સામે બોલીને પોતાની ઓળખાણ કરાવવી તે યોગ્ય નથી. એકવાર ઓળખાણ કરાવાયા પછી વારંવાર એમ કહેવું કે, આ મારૂં નામ છે, એ યોગ્ય નથી. વારંવાર એમ કહેવાથી, તે હકીકત હોવા છતાં સામેવાળાને તમારા નામ પર શંકા થશે. તેવી રીતે હું પોતે અસંગ આત્મા છું; એવું વારંવાર કોઈ સામે બોલીને, પોતાની ઓળખાણ કરાવવી યોગ્ય નથી. એકવાર પોતાની ઓળખાણ કરાવ્યા પછી, વારંવાર એમ કહેવું કે મારૂં નામ અસંગ આત્મા છે, તે યોગ્ય નથી. વારંવાર એમ કહેવાથી, તે કહીકત હોવા છતાં, તમે આત્મા છો, તેના પર શંકા થશે. હું પરથી ભિન્ન, અસંગ આત્મા છું, તે સત્ય તો શ્રદ્ધાનનો વિષય છે, વારંવાર અસંગ આત્મા બોલવાથી, અસંગનું શ્રદ્ધાન થતું નથી તથા તેનો મહિમાભાવ પણ રહેતો નથી. તેથી પરમાર્થ તથા વ્યવહારને સત્ય સ્વરૂપે સમજવો જોઈએ.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"તારું સ્વરૂપ શુદ્ધ શક્તિરૂપે છે. અવસ્થાએ કેવળ અસંગ અને નિર્મળ હોત તો તને પ્રથમથી જ ભાસ કેમ ન થાય ? અસંગશુદ્ધ તો નિજભાન થયે પુરુષાર્થથી પ્રગટ થાય છે. શક્તિએ, સ્વરૂપે, દ્રવ્યસ્વભાવે તો શુદ્ધ પરમાત્માપણું છે; જેમ તલમાં તેલ છે, પણ એમને એમ તેનો સ્વાદ લઈ શકાય નહિ; તેમ આત્મા આનંદમૂર્તિ, જ્ઞાતાદૃષ્ટા ભગવાન છે. તે ઉપાધિ રહિત હું નિત્યસ્વભાવે પૂર્ણ શુદ્ધ કૃતકૃત્ય છું એવી સાચી શ્રદ્ધા વડે રાગાદિકથી જુદો પડી, પુરુષાર્થ વડે પ્રથમથી જ ઉજ્જવળતા કરે, અને યથાર્થ સ્વાનુભવની પ્રતીતિ, સમ્યગ્જ્ઞાન અને ચૈતન્યતત્ત્વમાં ટકી રહેવા રૂપ એકાગ્રતાવડે જેવું તત્ત્વ છે. તેવું જાણે-અનુભવે તો વર્તમાન અવસ્થાએ જ્ઞાનાનંદ, અસંગ, શુદ્ધ થઈ શકે છે, તું સ્વભાવે તો પુણ્ય-પાપ રાગાદિવાળો નથી, કેવળ અસંગ છો; દ્રવ્યસ્વભાવે અસંગ છો, પરમાર્થે તારું સ્વરૂપ અસંગ છે, શુદ્ધ છે, પણ સર્વથા અસંગ નથી, એટલે અવસ્થાએ અસંગ (શુદ્ધ) નથી, પણ પરમાં રુચિવડે, રાગની રુચિવડે મલિનતા, અશુદ્ધતા છે. તે અશુદ્ધતા પુરુષાર્થ વડે ટાળીને શુદ્ધ દશા પ્રગટે ત્યારે અસંગ થવાય."*

❀

**કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;**
**અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષપ્રભાવ. ૭૭**

કર્મનો કર્તા ઈશ્વર નથી. ઈશ્વર તથા કર્મ, એ બંને ભિન્ન ભિન્ન લક્ષણવાળા હોવાથી, ખરેખર તેમના વચ્ચે કર્તા કર્મ સંબંધ થઈ શકતો નથી. ઈશ્વરને કર્મનો કર્તા માનવાથી, ઈશ્વરનો અથવા કર્મનો



નાશ માનવો પડશે, કારણ કે એક દ્રવ્ય અન્યદ્રવ્યરૂપે પરિણમતા દ્રવ્યનો જ નાશ થાય છે. ઈશ્વર કર્તા માનવાથી, ઈશ્વરને રાગ-દ્વેષ કષાયયુક્ત માનવાનો પણ પ્રસંગ આવશે. કારણ કે રાગ-દ્વેષ કષાયભાવ ઉત્પન્ન થયા વિના કર્મ બંધન થતું નથી.

કેટલાંક લોકો એમ માને છે કે, ઈશ્વર જગતનો કર્તા છે. તેઓ એમ કહે છે કે જૈન સમાજમાં પોતાનું જીવન નિર્વાહ કરવા માટે ભીખ માંગવી પડતી હોય, એવા લોકો ખૂબ જ ઓછા હોય છે. જૈનો પર જિનેન્દ્ર ભગવાન પ્રસન્ન થયા હોવાથી, જિનેન્દ્ર ભગવાનને પૂજવાવાળા સાધારણ રીતે કોઈ દુઃખી થતા નથી. કારણ કે ભગવાને પોતાનો સમસ્ત વૈભવ, તેમના ભક્તોને આપી દીધો. અહીં સુધી કે વસ્ત્ર તથા ઘર વગેરે પરિગ્રહોને પણ, પોતાની પાસે ન રાખ્યા અને જંગલમાં જતાં રહ્યાં. તેમના જંગલમાં ગયા પછી, જૈનોએ તેમનો વૈભવ લઈ લીધો, તેથી તેમને કોઈ પાસે ભીખ માંગવી પડે, તેની જરૂર જ નથી. જો કે આ વાત તો અજ્ઞાની મિથ્યાદૃષ્ટીની મનથી કલ્પિત કરેલી કલ્પના છે. **ભક્તને લેવા અથવા આપવાનો ભાવ હોય શકે છે પણ, ભગવાનને લેવા તથા આપવાનો કોઈ ભાવ હોતો નથી. અરે ! લેવા તથા આપવાનો, ભાવ છોડીને તો ભગવાન થયા છે;** તેથી ઈશ્વરને જગતનો કર્તા માનવો યોગ્ય નથી. એ જગત જેવું છે તેવું જ બતાડનારા છે પણ જગતના બનાવનારા કે જગતનું કાંઈ કરનારા નથી. વીતરાગી ભગવાનની જેમ, રાગી દેવ-દેવી પણ, જગતના કર્તા નથી. જગતનું તો શું કરે ? અરે ! એક જીવનું પણ કાંઈ કરી શકતા નથી. અરે ભાઈ ! એમ કેમ નથી વિચારતા કે

પાર્શ્વનાથ ભગવાનનો પુણ્યનો ઉદય હતો તો તેમની રક્ષા થઈ અને તે જ સમયે પદ્માવતીદેવી અને ધર્ણેન્દ્રદેવને રક્ષા કરવાનો ભાવ પણ આવ્યો. પાર્શ્વનાથ ભગવાને દેવ-દેવીની પૂજા-અર્ચના, હવન-યજ્ઞ, દોરા-ધાગા કરીને દેવ-દેવીને કર્તા માનીને તેમની પૂજા કરે છે અને તેમાં પણ જો સહજ પુણ્યોદયથી તેમનું કાર્ય થઈ પણ જાય તો દેવ-દેવીને કર્તા માનીને ઘરમાં તેમની સ્થાપના કરે છે અને ત્યારથી રાગી દેવ-દેવી ઘર કરી જાય છે. વીતરાગી ભગવાન કોઈને દેખાતા નથી. કોઈ કહે છે કે અમે તો માત્ર શૉ-પીસ તરીકે રાગી દેવ-દેવીને અમારા ઘરમાં રાખીએ છીએ, તો શું તેવી રીતે પણ ન રખાય? તેને કહ્યું છે કે શૉ-પીસ તરીકે રાગી દેવ-દેવીને જ રાખો છો; તેમાં ઊંડે ઊંડે તમે તેમને કર્તા માનેલા છે; તેથી ગૃહિત મિથ્યાત્વનું પોષણ કરીને શા માટે વ્યર્થમાં ભવ બગાડો છો ? રાગી દેવ-દેવીની મૂર્તિ કોઈ ભેટમાં આપે તો શું કરવું ? જેવી રીતે કોઈ માંસ, ઈંડા વગેરે અભક્ષ્ય પદાર્થોમાંથી બનાવેલી કેક ભેટમાં આપશે તો શું તમે લઈ લેશો ? અને લઈ પણ લો તો શું ખાઈ લેશો ? તેથી તમારા પ્રશ્નનો ઉત્તર તમારી પાસે જ છે. શા માટે વ્યર્થમાં પોતાના ગૃહિત મિથ્યાત્વને છુપાવો છો ? ગૃહિત મિથ્યાત્વ સંબંધી ભૂલનો સ્વીકાર કરી તેને છોડો અને વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુના ઉપદેશને જીવનમાં અપનાવો અને મોક્ષમાર્ગ પર ચાલો, કારણ કે ઈશ્વર અજ્ઞાનીને સંસારમાં ભટકાવતા નથી. જે પોતે જ સંસારમાં ભટકવાનું છોડીને મુક્તિને પ્રાપ્ત થયા છે; તે બીજા જીવોને સંસારમાં કેવી રીતે ભટકાવી શકે ? જેવી રીતે ભગવાન અજ્ઞાની જીવને, સંસારમાં ભટકાવતા નથી; તેવી જ રીતે ભગવાન અજ્ઞાની જીવને સંસારથી છોડાવતા



પણ નથી. **જીવ પોતે જ પોતાની ભૂલથી ભ્રમિત થઈને સંસારમાં ભટકે છે અને પોતાની ભૂલ છોડીને સંસારથી છૂટે છે.**

ઈશ્વર તો જગતના જ્ઞાતા છે, કર્તા નહિ. એ ઈશ્વર જગતદૃષ્ટા છે પણ જગતકર્તા નથી. જો ઈશ્વરને જગતનો કર્તા માનવામાં આવે તો અનેક દોષ તથા વિપત્તિ ઉત્પન્ન થશે.

ઈશ્વર શુદ્ધાત્મસ્વભાવને પ્રાપ્ત થયા છે; તેથી ઈશ્વર જગતના કર્તા નથી. તેમની પાસેથી કંઈ પણ માગવું યોગ્ય નથી. **મંદિરમાં જઈને ભગવાન પાસે માંગે તેમાં અને ભિખારીમાં કંઈ અંતર નથી.** ભિખારી મંદિરની બહાર ભીખ માંગે છે અને ભગવાન પાસે માંગનાર મંદિરની અંદર ભીખ માંગે છે. બહારનો ભિખારી બે-પાંચ રૂપિયા માંગે છે પરંતુ અંદરનો ભિખારી બે-પાંચ કરોડ માંગે છે. બહારનો ભિખારી તેની પાસે બે-પાંચ રૂપિયા માંગે છે કે જેની પાસે બે-પાંચ લાખ રૂપિયા છે, પરંતુ અંદરનો ભિખારી તેની પાસે ભીખ માંગ છે જેની પાસે એક પૈસો પણ નથી! કપડાં પણ નથી!

**આમ, ઈશ્વર જગતનો કે કર્મનો કર્તા નથી; એમ માનીને, આત્મા પોતે જ કર્મનો કર્તા છે, તે સ્વીકાર કરવો જોઈએ. કર્મના કર્તાપણાનો સ્વીકાર, કર્મ દૂર કરવા માટે કરવાનો છે, કર્મમાં અટકી કર્મવાદી થઈ જવા માટે નહિ.**

શુદ્ધ સ્વભાવ એટલે કે વીતરાગતા તથા સર્વજ્ઞતા, એમણે આત્માનું ઐશ્વર્ય–સ્વરૂપી ઐશ્વર્યને પ્રાપ્ત કર્યું છે. એ શુદ્ધસ્વભાવના કારણે તેઓ જગતનું અને જીવનું જેવું સ્વરૂપ છે તેવું જ બતાવનારા

છે. જીવની શુદ્ધદશા અને તેની સામે જીવની અશુદ્ધદશાને બતાડીને જીવને તેના સાચા-શુદ્ધ મૌલિક સ્વરૂપને પ્રાપ્ત કરવાની એષણા જગાડનારા છે, માટે તે પ્રેરક કહેવાય છે.

બાકી જો કોઈ કર્તા હોય, જેને ઈશ્વર માનવો હોય તો તે પોતાના દોષનો પ્રભાવ છે. એ દોષના સેવનથી જ જીવને પોતાની શુભાશુભ કરણીના ફળરૂપ સુખ-દુઃખ થાય છે. અન્ય કોઈ વ્યક્તિ વિશેષને ઈશ્વર માનવી તે તો અજ્ઞાનતા નામના દોષનો જ પ્રભાવ છે. વળી, ઈશ્વરને કર્તા માનવામાં તો ઈશ્વરમાં કર્તાપણાનો આરોપ કરવાથી તો ઈશ્વરમાં દોષારોપણ કરવાનું થાય છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''પ્રગટ દશામાં પણ જેનો સ્વભાવ પૂર્ણ શુદ્ધ થયો છે, જેઓ રાગ-દ્વેષ, ઈચ્છા, ઉપાધિ રહિત છે, છેલ્લામાં છેલ્લી પૂર્ણ દશા, જ્ઞાતા-દૃષ્ટા સાક્ષીસ્વભાવ જેનો પ્રગટ થયો છે તેને કંઈ કરવાનું બાકી રહે નહિ. જો કંઈ કરવું બાકી રહે તો વ્યાકુળતા રહે અને જેને વ્યાકુળતા હોય તેને ઈશ્વર કહેવાય નહિ. જો ઈશ્વરને કંઈ કરવું રહે તો તે ઈશ્વર ન કહેવાય, આત્માનો સ્વભાવ એવો અગુરુલઘુ છે કે, પૂર્ણ શુદ્ધતા પ્રગટી જાય પછી તેને વધવાપણું રહે નહિ. પૂર્ણ શુદ્ધતા બેહદ-અમર્યાદિત છે. આત્મા જ્યારે સર્વ કર્મકલંક ઉપાધિથી મુક્ત થાય ત્યારે તેમાં કાંઈ અશુદ્ધતાનો અંશ રહે નહિ. એવો પૂર્ણ શુદ્ધ આત્મસ્વભાવ જેને પ્રગટ થયો છે તે ઈશ્વર છે. તેને જગત ઉપાધિને;*



*કર્તા કે ઈચ્છાવાળો કહેવો તે દોષપણું છે. વસ્તુનો સ્વભાવ અગુરુલઘુ છે, અગુરુ એટલે પૂર્ણતા થઈ, પછી તે પૂર્ણ શુદ્ધતાની મર્યાદા છોડીને વધી ન જાય; અલઘુ એટલે સંસારાવસ્થામાં જ્ઞાનગુણને ઘણું આવરણ આવી જાય અને ચેતનાશક્તિ ખૂબ ઘટી જાય, તોપણ અલ્પ જ્ઞાનનો ઉઘાડ (લઘુજ્ઞાન) તો કોઈ કાળે ટળે નહિ. જેની પૂર્ણ કૃતકૃત્ય દશાથી અને અવસ્થાએ શુદ્ધ પરમાત્મા થયા તે ઈશ્વર છે. તે જગતના જીવોનું કાંઈ કરે નહિ, સૃષ્ટિનું કોઈ કાર્ય કરે નહિ, કરાવે નહિ. જીવોને રાગ-દ્વેષની પ્રેરણા કરે એવો આરોપ ઈશ્વર ઉપર નાખવો તે ઈશ્વરને દોષવાળો માનવા જેવું થયું. જેને સ્વતંત્ર સાચો પુરુષાર્થ કરવો નથી તે કંઈ કંઈ કલ્પના કરી બેસે છે અને પરાશ્રિતપણાથી મોક્ષસાધના માને છે, અથવા કંઈ કરતાં મોક્ષ થઈ જશે એમ માને છે, પણ તેમ નથી. પોતે જ પોતાનો ઈશ્વર છે, એમ પોતાનું યથાર્થ સ્વરૂપ સત્યમાગમ વડે જાણવામાં આવે તો પોતાની જાતના પુરુષાર્થ વડે રાગનો અભાવ થવારૂપ જ્ઞાનદશાની કેળવણી અને જ્ઞાનની સ્થિરતારૂપ સાધન-ક્રિયાથી ઈષ્ટ સુખની પ્રાપ્તિ થાય છે.''*

❁

**ચેતન જો નિજભાનમાં, કર્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ. ૭૮**

જ્ઞાની પોતાના સ્વભાવનો કર્તા છે તથા અજ્ઞાની કર્મનો કર્તાછે; તે સિદ્ધાંતને નયવિવક્ષા ઘટિત કરીને સ્પષ્ટ કર્યો છે. અહીં આત્માની શુદ્ધપર્યાય તથા અશુદ્ધપર્યાયની મુખ્યતાથી કથન કર્યું છે. જ્યારે આત્મા નિજસ્વભાવમાં લીન હોય ત્યારે તે શુદ્ધભાવથી પરિણત છે.

તથા જ્યારે જીવ પોતાના સ્વભાવને નહિ જાણીને પરભાવમાં જોડાય છે, ત્યારે તેને અજ્ઞાની અથવા અશુદ્ધાત્મા કહ્યો છે. નિજભાન એટલે સ્વભાવમાં લીન હોવું. જો આત્મા પોતાના જ્ઞાયકભાવમાં લીન હોય, તો તે પરદ્રવ્યનો કર્તા થતો નથી. કર્મ પણ પરદ્રવ્ય હોવાથી, આત્મા કર્મનો પણ કર્તા હોતો નથી. અજ્ઞાની પોતાના સ્વભાવમાં લીન નહિ હોવાથી, પરદ્રવ્યનો કર્તા પોતાને માને છે; તેથી કર્મનો કર્તા કહેવાય છે. જો કે જ્ઞાની કર્મ કરતા હોવા છતાં, કર્મના કર્તા નથી, કારણ કે, પોતાને કર્મના કર્તા માનતા નથી. **પ્રત્યક્ષ કર્મ કરતા હોવા છતાં, અકર્તા કહેવાનું કારણ પરદ્રવ્યમાં એકત્વનો અભાવ છે.** જ્ઞાન સ્વભાવ દરેક આત્મામાં શક્તિરૂપે હોવા છતાં, દરેક આત્મા આત્મજ્ઞાની કહેવાતા નથી કારણ કે **જે પોતાને જ્ઞાનસ્વભાવી માનતા હોય તે જ્ઞાની છે, તથા પોતાને જ્ઞાન સ્વરૂપ નહિ માનીને, દેહ સ્વરૂપે માનવાવાળો જીવ અજ્ઞાની છે. વાસ્તવમાં જ્ઞાની તથા અજ્ઞાની, બંને જીવ, જ્ઞાન સ્વભાવની દૃષ્ટિએ જ્ઞાની જ છે પણ, શ્રદ્ધાન અપેક્ષાએ જ્ઞાની તથા અજ્ઞાનીના ભેદરૂપે પણ છે.** તેવી રીતે જ્ઞાની તથા અજ્ઞાની બંને જીવોને કર્મબંધન થાય છે; પરંતુ જ્ઞાની કર્મબંધનનો કર્તા પોતાને નહિ માનીને, માત્ર જ્ઞાતા માને છે; તેથી તે જ્ઞાની, નિજસ્વભાવના કર્તા છે; તથા જ્ઞાની કર્મબંધનનો કર્તા પોતાને નહિ માનીને, માત્ર જ્ઞાતા માને છે; તેથી તે જ્ઞાની, નિજસ્વભાવના કર્તા છે તથા અજ્ઞાની કર્મબંધન તથા દેહાદિની ક્રિયાનો કર્તા પોતાને માને છે તેથી અજ્ઞાની કર્મનો કર્તા છે. નિજસ્વભાવમાં વર્તતો આત્મા પોતાના સ્વભાવનો કર્તા છે. **આત્મા તથા કર્મના સ્વરૂપને સમજ્યા વિના અનેકાંતસ્વરૂપ**



**જ્ઞાનમાં સ્પષ્ટ થતું નથી.** આત્માના પરિણામનો કર્તા કર્મ છે તથા કર્મબંધનનો કર્તા આત્મા છે; તે કથન નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે સમજવું જોઈએ.

આત્માના અનંતગુણોમાં શ્રદ્ધાનનું સ્થાન મોખરે છે, જ્ઞાની રાગાદિભાવ તથા બાહ્ય ક્રિયા કરતા હોવા છતાં, નિશ્ચયથી પોતાને તે ભાવ તથા ક્રિયાનો કર્તા માનતા નથી. **જ્ઞાની દિવસે તો જાગૃત જ છે; પરંતુ રાત્રે ઊંઘમાં પણ જાગૃત છે, કારણ કે ભેદજ્ઞાન અને સમ્યક્ત્વ સહિત તત્ત્વના દૃઢ શ્રદ્ધાની છે. જ્યારે અજ્ઞાની ઊંઘમાં તો ઊંઘે જ છે; પરંતુ તે જાગતો હોય ત્યારે પણ ઊંઘે છે.** આમ, જ્ઞાની નિરંતર જાગૃત છે. પળે પળે જાગૃત રહેવું; એ જ જ્ઞાનીનું લક્ષણ છે; તેથી જ્ઞાનીએ પ્રતિપળ જાગૃત રહેવું જોઈએ. જાગૃત રહેવું જોઈએ એમ નહિ, પણ જાગૃત જ હોય છે તેથી; જ્ઞાની કર્મનો કર્તા નથી. અજ્ઞાની જે નિજભાનમાં એટલે કે આત્મભાવમાં વર્તતો (રહેતો) નથી તે જ કર્મના પ્રભાવમાં આવી કર્મનો કર્તા થાય છે.

❁

**જીવ કર્મ-કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય;**
**શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય. ૭૯**

શિષ્યએ આત્માને કર્મના કર્તારૂપે તો સ્વીકાર કર્યો; પરંતુ તે આત્માને કર્મના ભોક્તારૂપે સ્વીકાર કરતો નથી. પોતાનો પક્ષ રજુ કરતાં, આ પદમાં કહે છે કે કર્મ તો જડ છે, તેમાં જ્ઞાન નથી; તેથી તે જાણી પણ શકતું નથી કે કોને, ક્યારે, કેટલું અને કેવું ફળ

આપવું. તેથી આત્માને કર્મનો ભોક્તા ન કહેવાય. શિષ્યની સ્થિતિને દૃષ્ટાંતથી સમજી શકાય છે. તે એમ માને છે કે, રોટલી બનાવી શકાય છે; પરંતુ ખાઈ શકાતી નથી.

કોઈ ક્ષણિકવાદી આત્માને કર્મનો કર્તા તો માને છે; પરંતુ કર્મનો ભોક્તા માનતા નથી. તેના સંદર્ભમાં આચાર્ય અમૃતચંદ્રદેવ સમયસારના સર્વવિશુદ્ધિજ્ઞાન અધિકારની આત્મખ્યાતિ ટીકાના કળશ ૨૦૬માં કહે છે કે, 'આ જગતમાં કોઈ ક્ષણિકવાદી આત્મતત્ત્વને ક્ષણિક માનીને પોતાના મનમાં કર્તા અને ભોકતાનો ભેદ કરે છે; અર્થાત્ એમ માને છે કે, કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે. તેમના મોહ, અજ્ઞાનને, આ ચૈતન્ય ચમત્કાર આત્મા, પોતે જ નિત્યરૂપ અમૃતના સમૂહને સિંચતો દૂર કરે છે.' આમ, અજ્ઞાની આત્માને ક્ષણિક માનીને કર્તા અને ભોક્તાંના ભેદ કરે છે અર્થાત્ એમ માને છે કે, કર્મ બાંધવાવાળો આત્મા તથા કર્મ ભોગવવાવાળો આત્મા એમ બંને આત્મા જુદા છે.

ક્રોધાદિભાવ ઉત્પન્ન તો આત્મામાં થાય છે; પરંતુ તે શરીર દ્વારા વ્યક્ત થાય છે. તે અપેક્ષાએ એકેન્દ્રિયાદિ જીવોને પણ કષાયભાવ ઉત્પન્ન થાય છે; પરંતુ તેઓ વ્યક્ત કરી શક્તા નહિ હોવાથી, તેમને કર્મના અભોક્તા ન કહેવાય. એવા અનંત જીવો છે, જે કર્મનું ફળ ભોગવે છે પણ, તેને વ્યક્ત કરી શકવામાં પૂર્ણ સમર્થ નથી. જ્યારે એક નાનકડો કાંટો પણ પગમાં વાગે છે, ત્યારે તીવ્ર વેદના થાય છે. જો કે કાંટાને કંઈ સમજણ નથી તો પણ, તે ફળ તો આપે છે. પંડિત ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશકના બીજા અધિકારમાં સંસાર



અવસ્થાનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે, જ્ઞાન રહિત જડ કર્મો પોતે બંધાય છે, સત્તામાં રહે છે તથા ઉદયમાં આવીને ફળ આપે છે.

આત્માને ભોગવવા પડતા ફળ, પોતાના પૂર્વમાં કરેલા ભાવોના ફળનું પરિણામ કે, જેનું માધ્યમ કર્મ છે. ભાવકર્મના નિમિત્તે જ દ્રવ્યકર્મ બંધાતા હોવાથી, એમ સમજવું કે; જીવને જડકર્મનું નહિ, પણ પોતાના ભાવોનું જ ફળ મળે છે. શુભભાવનું ફળ પુણ્યકર્મના માધ્યમથી તથા અશુભભાવનું ફળ પાપકર્મના માધ્યમથી જીવ ભોગવે છે. કર્મનો એવો કોઈ નિયમ નથી કે; આ ભવમાં બંધાયેલા કર્મનું ફળ, આ ભવમાં જ ભોગવવું પડે. કર્મબંધન થયા બાદ, તે કર્મ, તે જ ભવે અમુક સમય બાદ કે અનેક ભવ પછી પણ ફળ આપી શકે છે. તેથી જીવની જેમ જડ એવા પુદ્‌ગલ કર્મ પણ પોતાના પુદ્‌ગલ સ્વભાવને છોડતા નહિ થકા, પોતાનું કાર્ય કરે છે.

❋ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"અત્યાર સુધીમાં આપે જે જે ન્યાયથી કર્તાપણું કહ્યું તે યથાર્થ છે પણ જીવ ભોક્તા હોય એમ જણાતું નથી. કર્મ એટલે કાર્ય-ક્રિયા, જ્ઞાનનું કર્મ એટલે જ્ઞાનની અવસ્થા, જ્ઞાનરૂપી કાર્ય કરે, જાણે; જ્ઞાનરૂપે થવું તે જીવનો ધર્મ છે, એ ન્યાય શિષ્યને અંતર વિચારથી સમજાયો છે. જડકર્મનું કર્તાપણું નિશ્ચયથી-સાચી દૃષ્ટિથી નથી જ એમ પણ નક્કી થયું છે. તેથી હવે કહે છે કે, જડ એવા કર્મ રજકણ તો અજીવ જ છે તે શું સમજે કે જીવને ફળ દેવામાં ક્રિયાવાળાં થાય; ફળ આપે ? આત્મા જડ કર્મનો કર્તા હું છું એમ માને છે તો ભલે*

*અજ્ઞાનભાવે માને, પણ જડ કર્મ તેને ફળ શી રીતે આપી શકે ? (અહીં નિમિત્તનું જ્ઞાન કરાવવા જડકર્મ કહ્યું છે; ખરેખર તો અજ્ઞાનભાવે જીવ પોતે જ દોષ-દુઃખરૂપ વિકારનો, ભાવકર્મનો કર્તા થાય છે.) જેટલા રાગાદિભાવ જીવે કર્યા તેટલું જ કાર્યરૂપ ફળ જડ કેમ આપે ? મારે આને ફળ આપવું છે એવી બુદ્ધિ અજીવ જડને ક્યાં છે ? શિષ્ય ઘણો વિચાર કરીને આ પ્રશ્ન પૂછ્યો છે.''*

*હવે બીજો પ્રશ્ન પૂછી એ વાતને નક્કી કરાવવા માગે છે, કે કોઈ ગુનો કરે તેની શિક્ષા આપનાર ઈશ્વર હોય તો એ વ્યવસ્થા બને, પણ એમ માનવામાં મોટો દોષ આવે છે. તે પ્રશ્ન હવે શિષ્ય રજૂ કરે છે.*

❁

**ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોકતાપણું સધાય;**
**એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦**

શિષ્યની શ્રદ્ધામાં ઈશ્વરનું સ્વરૂપ કેવું છે ? તેને અહીં પ્રસ્તુત કર્યું છે. ચોથા પદના સંદર્ભમાં શંકા કરતાં, શિષ્ય કહે છે કે ઈશ્વર કર્મનું ફળ આપે છે. ઈશ્વર જીવને કર્મફળ આપવા માટે માધ્યમ છે. કોઈના ઘરમાંથી ચોરી કરતા ચોર પકડાય જાય, ત્યારે પોલીસ તેને સજા કરે છે. જો કે, તે ચોરે પોલીસના ઘરમાં ચોરી કરી નથી; છતાં પ્રામાણિક પોલીસે તેને સજા કરી હોવાથી, તે ચોરને ચોરી કરવાનું ફળ આપવામાં માધ્યમ બને છે. તેવી રીતે ઈશ્વર જગતના જીવોને કર્મનું ફળ આપવામાં માધ્યમ બને છે. ઈશ્વરને કર્મફળ આપનાર



કહીએ તો જ ઈશ્વરની સિદ્ધિ થાય છે. જો તેમ ન હોય તો, જગતમાં ઈશ્વરની જરૂર જ નથી. જો પોલીસ, તે ચોરને સજા કરે; તો જ તે પોલીસ કહેવાય. જો સજા ન કરીને, તેને છોડી મૂકે, તો તે પોલીસ પણ ચોર કહેવાશે. જો તે યોગ્ય સજા નહિ આપે, તો વહિવટી સંચાલનમાં, તે પોલીસની કોઈ જરૂર જ નહિ પડે. તેવી રીતે શિષ્ય પણ ઈશ્વરને ફળદાતારૂપે જ માને છે. જો કોઈ વ્યક્તિ તેના ઘરમાં ચોરી કરનારને, પોતે જ દંડ આપી શકતો હોય, તો પોલીસની જરૂર નથી. પોતાના ઘરમાં ચોરી કરનારને, માર મારીને સજા આપનાર પણ પોલીસની દૃષ્ટિમાં ગુનેગાર છે; કારણ કે, ચોરે ચોરી કરીને ગુનો કર્યો છે, જ્યારે મકાન માલિકે, ચોરને મારીને ગુનો કર્યો છે. ચોરને સજા આપવાનું કામ પોલીસનું છે, મકાન માલિકનું નહિ. લૌકિકમાં પણ એમ બોલવામાં આવે છે; ''તમે તેને માફ કરી દો !'' ઉપરવાળો જોઈ રહ્યો છે. ભગવાન તેને માફ નહિ કરે. કોર્ટમાં પણ, એમ લખેલું જોવા મળે છે; કે ન્યાયાધીશનો અધુરો ઈન્સાફ ઈશ્વર જરૂર પુરો કરે છે. આમ કાનૂન ભણેલાં-ગણેલાં લોકો પણ ઈશ્વરને કર્મ ફળદાતા માને છે.

ઈશ્વર કર્મનું ફળ ન આપતા હોય; તો ઈશ્વરની પ્રતિમા સ્થાપીને, મંદિરના નિર્માણનું તથા ઈશ્વરના દર્શન-ભક્તિ વગેરે ક્રિયાનું, કોઈ પ્રયોજન રહેશે નહિ; તેથી શિષ્ય ઈશ્વરને જ કર્મ ફળદાતા સમજીને મહાન માને છે. શિષ્યની દૃષ્ટિએ, કર્મફળ આપવાની શક્તિવાળા હોવાથી જ તે ઈશ્વર છે તથા જો કર્મફળ આપવાની શક્તિ, તેમનામાં હોત જ નહિ, તો તેમને ઈશ્વર જ ન કહેવાય. ભક્તને સુખી કરવાનું

તથા પાપીને દુઃખી કરવાનું કાર્ય ઈશ્વર સંભાળે છે. કોઈ માલિક પોતાના કારખાનામાં કામ કરતાં લોકોને, મહિનાના અંતે મજૂરોનું મહેનતાણું ચૂકવે છે. મજૂરોની જરૂરીયાતો પૂરી કરે છે; તેના લીધે દરેક મજૂરની દૃષ્ટિમાં, તે મજૂરોનો માલિક કહેવાય છે. જ્યારે ઈશ્વર, તો જગતના સર્વ જીવોને કર્મનું ફળ આપે છે; તેથી ઈશ્વર જગતનો માલિક છે. શિષ્યની દૃષ્ટિમાં, જીવોના કર્મના ભોક્તાપણાનું સંચાલન કરનાર ઈશ્વર, સર્વ જીવોનો ઈષ્ટ હોવાથી, પરમેશ્વર છે. જો કોઈ માલિક, તેના નોકરને પગાર આપે નહિ તો, તે માલિક કહેવાશે નહિ; તેવી રીતે, જો ઈશ્વર, જગતના જીવોને તેનું ફળ ન આપે, તો તે પણ ઈશ્વર કહેવાશે નહિ.

એ વાત હંમેશાં યાદ રાખવી જોઈએ કે ઉપરોક્ત પક્ષ શિષ્યનો છે. સદ્‌ગુરુ અથવા જૈનદર્શનનો પક્ષ ઈશ્વરને ભોક્તા માનવારૂપ નથી. આ શંકા સંબંધી સદ્‌ગુરુનો ઉતર તો આગળ બતાવશે. અહીં તો માત્ર શિષ્યની શંકા સમજવા યોગ્ય છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''કોઈ કહે છે કે, ભક્તિ કરીએ તો ઈશ્વર આપણાં દુઃખ ટાળે; એમ માનનારે ઈશ્વરને ઈચ્છાવાળો અને ઉપાધિવાળો માન્યો છે. ઈશ્વર તો સત્‌સ્વરૂપ, સ્વાધીન શુદ્ધ તત્ત્વ છે, તેને પોતાની કલ્પનાથી ગમે તેવો માનવાથી કાંઈ જે સત્‌ સ્વરૂપ છે તે અન્યથા થતું નથી. લોકોને સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ નહિ તેમ જ સત્‌ સમાગમની*



*ઓળખાણ નહિ, તેથી જેમ તેમ તત્ત્વને નિર્ધારી લે છે અને માને કે ઈશ્વર આમ હશે અને આત્મા આમ હશે. જે પ્રથમ સમજવાનું છે તેનો વાયદો કરવો તે જ પોતાનો અનુત્સાહ બતાવે છે. સંસારના કોઈ પણ કાર્યને ભોગવે, ભોગવાવે અને ભોક્તાને રૂડું જાણે તે અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટી છે; તો પછી લોકો પુણ્ય-પાપ કરે અને ઈશ્વર તેનું ફળ આપે એમ માનવું એ તો ઈશ્વરને મિથ્યાદૃષ્ટી માનવા બરાબર થયું. જેને આત્માનું પૂર્ણ શુદ્ધ સ્વરૂપ કેવું છે તેનું ભાન નથી તે પોતાની ભ્રમિત માન્યતાનું કોઈ ઈશ્વરમાં આરોપણ કરે છે, અને માને છે કે, જગતની વ્યવસ્થા એ કરતા હશે. જો ઈશ્વરમાં ફળદાતાપણું નાખીએ તો ઈશ્વરમાં ઘણો વિરોધ આવે છે. નિયમ તો ત્રિકાળ દરેકને સરખો લાગુ પડે. રાગના કાર્યો અજ્ઞાની કરે તેને રાગી-દ્વેષી કહેવાય તો તેવા જ રાગના કાર્યો ઈશ્વર કરે અને તેને રાગી-દ્વેષી ન કહેવાય એ કેમ બને ? કુદરતી ક્રમમાં એટલે કે વસ્તુના લોભવાળો અને રાગાદિક ઈચ્છાવાળો ઠરે પણ તેમ નથી. મુક્ત પરમાત્મા રાગ-દ્વેષ પુણ્ય-પાપ આદિ ભાવોનો કર્તા નથી, અને જગતને ફળ દેવાવાળો પણ નથી. જો એમ હોય તો તેને સંસારી માનવો જોઈએ.''*

❁

**ઈશ્વર સિદ્ધ થયાં વિના, જગતનિયમ નહિ હોય;**
**પછી શુભાશુભ કર્મના, ભોગ્યસ્થાન નહિ કોય. ૮૧**

ઈશ્વરના અસ્તિત્વની સિદ્ધિ થયા વિના, જગતના સંચાલનનો પણ કોઈ નિયમ રહેતો નથી. જો જગતના નિયમિત અસ્તિત્વની સિદ્ધિ ન થાય, તો શુભાશુભકર્મને ભોગવવાના સ્થાનોની પણ સિદ્ધિ

થતી નથી. કર્મના ફળને ભોગવવા માટે નિશ્ચિત સ્થાનો છે, તેમ છતાં માત્ર સ્થાન જ નહિ; અન્ય સંયોગોની પ્રાપ્તિ માટે કર્મ પણ જવાબદાર છે. દેવલોક તથા નરકની ભૂમિની સિદ્ધિ ન થાય તો જીવ પોતે બાંધેલા પાપ અને પુણ્યને ભોગવે ક્યાં ? એવાં પ્રકારના અનેક પ્રશ્ન ઉપસ્થિત થશે. જો ઈશ્વરની સિદ્ધિ થાય તો તેના દ્વારા સંચાલિત ભોગ્ય સ્થાનોની પણ સિદ્ધિ થાય; એવો શિષ્યનો પક્ષ છે.

ઈશ્વરને જગતના સંચાલનનો કર્તા માનતો હોવાથી શિષ્ય શુભાશુભ કર્મના ભોગ્ય સ્થાનોને પણ ઈશ્વરાધીન ગણે છે. ઈશ્વરની સિદ્ધિ થયા વિના જગતની સિદ્ધિ થતી નથી; તથા જગતની સિદ્ધિ નહિ થતાં, લોકની પણ સિદ્ધિ થતી નથી. જો લોકની જ સિદ્ધિ ન થાય તો અધોલોક, મધ્યલોક તથા ઉર્ધ્વલોકના ભેદ પણ નહિ રહે. તેથી શુભાશુભકર્મના ફળને ભોગવવાના સ્થાનો પણ નહિ રહે. જો કે આકાશ પ્રદેશની દૃષ્ટિએ, આ લોકનો કોઈ પણ આકાશ પ્રદેશ જીવને સુખી કે દુઃખી કરતો નથી, કરી શક્તો પણ નથી. અમેરિકામાં વધું સુખ તથા પાકિસ્તાનમાં દુઃખ હોય છે; એમ પણ નથી. અજ્ઞાની પોતાના સુખ તથા દુઃખનો આધાર કોઈ નિશ્ચિત્ત સ્થાનને માને છે; પરંતુ જ્ઞાની સુખનો આધાર અસંખ્યાત પ્રદેશી એક જ્ઞાયકભાવને માને છે. જ્ઞાની આકાશ પ્રદેશના સ્થાનને ભોગવતા નથી પણ પોતાના જ્ઞાનસ્વભાવને ભોગવે છે. મનુષ્ય સ્પર્શનેન્દ્રિય વગેરે પાંચેય ઈન્દ્રિયના ભોગો હોવા છતાં, તે ભોગોને ભોગવવા માટે પહેલાં ઘર ખરીદે છે. જો ઘર જ ન હોય તો ભોગોને ભોગવે ક્યાં ? તેવી રીતે, જો ઈશ્વરનું બનાવેલું જગતનું અસ્તિત્વ જ ન હોય તો જીવે કરેલા કર્મનું



ફળ તે ભોગવે કયાં ? અનાર્યભૂમિમાં હિંસાદિ પાપ પ્રવૃત્તિ, વધુ થતી હોથી છતાં, ત્યાંની ભૂમિ પર રહેતા લોકોને પ્રાકૃતિક સુખ-સુવિધાઓ પુષ્કળ મળી છે; તેનું કારણ, તે જીવોના પૂર્વે કરેલા કર્મનો ઉદય છે. જ્યારે આર્યભૂમિમાં, જ્યાંથી વીશ તીર્થંકરો નિર્વાણ પામ્યા છે; તેવા મહા સિદ્ધક્ષેત્ર સમ્મેદ શિખરજી તીર્થની આજુબાજુ રહેતા લોકો, ભારતના અન્ય રાજ્યની સરખામણી કરતા પ્રમાણમાં આર્થિક ક્ષેત્રે ઘણાં પાછળ છે. ત્યાંની ભૂમિની મહિમા હોવા છતાં, ત્યાંના જીવો, પોતાના પૂર્વ કર્મના ઉદયથી મળતા સંયોગોને ભોગવે છે. ઈશ્વરને જગતનો કર્તા-ધર્તા-હર્તા માનનાર, ઈશ્વર વિના પાંદડું પણ ફરકતું નથી; એમ માનીને, મિથ્યાત્વને પોષે છે. જો કે દુઃખને ભોગવવાના તથા સુખને ભોગવવાના કોઈ સ્થાન હોતા નથી. અનંત સિદ્ધ ભગવાન જે સિદ્ધશિલા પર બિરાજમાન છે; ત્યાં અનંતાનંત નિગોદિયા જીવ પણ રહે છે. નિગોદના જીવો અનંત દુઃખી છે, જ્યારે એ જ સ્થાન પર સિદ્ધભગવાન અનંત સુખી છે. વીતરાગતાથી સુખ પ્રગટ થાય છે. તેથી મોક્ષમાં જવાની અભિલાષા કરતા પોતાને સ્વભાવથી મુક્તસ્વરૂપ માનીને વીતરાગતા પ્રગટ થાય; તે જ આત્મા માટે હિતાવહ છે.

❁

**ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ;**
**જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધુપ. ૮૨**

આત્માના અનેકાંત સ્વરૂપને સિદ્ધ કરનારું, આ પદ અત્યંત માર્મિક તથા વિચારણીય છે. આત્મામાં ઉત્પન્ન થતા રાગાદિ

વિકારીભાવને ભાવકર્મ કહેવાય છે. રાગ સાથે પ્રયુક્ત 'આદિ' શબ્દ દ્વેષ તથા મોહનો સૂચક છે. જિનેન્દ્ર ભગવાન પૂર્ણ વીતરાગી છે. માત્ર વીતરાગી જ નહિ, તેઓ વીતદ્વેષી તથા વીતમોહી પણ થયા છે. તેમ છતાં વીતરાગી શબ્દમાં વીતદ્વેષ તથા વીતમોહપણું છૂપાયેલું છે. રાગના ત્યાગીને મોહ તથા દ્વેષનો નિયમથી ત્યાગ હોય છે. તેથી સંપૂર્ણ વીતરાગીપણામાં સંપૂર્ણ ભાવકર્મનો અભાવ છે. તમે વિચાર કરજો કે આજે તમારા જેટલા પણ ગાઢ શત્રુ છે; તેમાંથી મોટા ભાગના શત્રુ સાથે તમારી પહેલી મુલાકાત મિત્રરૂપે જ થઈ હશે. માત્ર મિત્રતા જ નહિ પરંતુ ગાઢ મિત્રતા થઈ હશે. ગાઢ મિત્રતાથી તીવ્ર રાગ તથા અપેક્ષાઓ વધે છે તથા અપેક્ષાઓની પૂર્તિ નહિ થતાં, તે જ મિત્ર પલભરમાં શત્રુ બની જાય છે. તેથી કોઈ અપ્રયોજનભૂત વ્યક્તિ સાથે વિશેષ રાગ કરીને મિત્રતા રાખવી નહિ, જેથી એક બીજાની અપેક્ષાઓ પણ સીમિત રહેશે. અપેક્ષાઓ સીમિત હોવાથી, તેની પૂર્તિ ના અભાવમાં દ્વેષ પણ સીમિત થશે. તેથી જો સંપૂર્ણ રાગનો નાશ થાય, તો સંપૂર્ણ ભાવકર્મનો પણ અભાવ થાય છે.

અજ્ઞાનીને જે પદાર્થમાં રાગ હોય છે તે પદાર્થનું નુકસાન કરનાર પર દ્વેષ થાય છે. નુકસાન કરનાર વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરનાર પર રાગ થાય છે. તેથી સર્વપ્રથમ વસ્તુનો રાગ જ ન થાય, તો તેના કારણે થતા વિશેષ રાગ-દ્વેષ પણ નહિ થાય.

જેવી રીતે કોઈ વ્યક્તિને ગાડીમાં રાગ હોવાથી ગાડીને રસ્તામાં પાછળથી ઠોકર લગાવીને નુકસાન કરનાર વ્યક્તિ પર દ્વેષ થાય છે. નુકસાન કરનાર વ્યક્તિને સજા કરનાર ટ્રાફિક પોલીસ પ્રત્યે રાગ થાય છે. તેથી સર્વપ્રથમ ગાડીનો રાગ જ ન હોત તો તેના કારણે થતાં વિશેષ રાગ-દ્વેષ પણ ન થાત.



રાગના મૂળમાં મોહ છે અને રાગના ફળમાં દ્વેષ છે. માટે રાગ જાય તો મોહ અને દ્વેષને કોઈ અવકાશ જ નથી, તેથી જ્યાં વીતરાગ છે ત્યાં વીતદ્વેષ અને વીતમોહ છે જ.

રાગ, દ્વેષ તથા મોહભાવ આત્માની કલ્પના અર્થાત્ વિકારી પર્યાય હોવાથી તે અશુદ્ધતા પણ ચેતનરૂપ છે. આત્મા ગુણ તથા પર્યાયનો સમુદાય હોવાથી આત્માનો ભાવકર્મરૂપ પર્યાય તે આત્માનો અંશ છે, તેથી આત્માના અંશને પણ આત્મા કહ્યો છે. ભાવકર્મને ચેતનરૂપ કહ્યાં છે. આત્માના ભાવકર્મના નિમિત્તથી આત્મા કાર્મણ-વગર્ણારૂપ પુદ્‌ગલ પરમાણું ગ્રહણ કરે છે. જો આત્મામાં વિકારીભાવ ઉત્પન્ન ન થાય, તો દ્રવ્યકર્મનો પણ બંધ થતો નથી. ભાવકર્મ ચેતન હોવા છતાં, જડ પણ કહેવાય છે, કારણ કે પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થાય છે. આત્મામાં ઉત્પન્ન થતો ક્ષણિક વિકાર હોવાથી, ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષાએ ભાવકર્મ જડ છે. **આમ, રાગાદિ ભાવકર્મોને ચેતન તથા જડ એમ બંને સ્વરૂપે જાણવા તે અનેકાંત દૃષ્ટિ છે. જો ભાવકર્મને સર્વથા ચેતન કહીએ, તો ભાવકર્મને આત્માનો સ્વભાવ કહેવો પડશે. તથા જો ભાવકર્મને સર્વથા જડ કહીએ, તો જીવ પોતાની અશુદ્ધિને પણ પરરૂપ જાણીને, તેને દૂર કરવાનો પ્રયત્ન જ નહિ કરે. આમ, ભાવકર્મને પોતાની અશુદ્ધ પર્યાય જાણીને, દ્રવ્યસ્વભાવથી ભિન્ન માનીને સ્વભાવમાં સ્થિત થવું જોઈએ.**

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ છે તેને ભૂલીને રાગ-દ્વેષનો વિકાર મારો છે એમ માનવું, રાગરૂપ રહેવું તે ભાવકર્મ છે. આત્માની વિકારી અવસ્થારૂપ ભૂલનું નિમિત્ત પામીને કર્મરજ ચોંટે તે દ્રવ્યકર્મ છે; એ રીતે દ્રવ્યકર્મનું નિમિત્ત જીવના રાગ-દ્વેષ છે. જીવના રાગ-દ્વેષ તે અશુદ્ધ અવસ્થાદૃષ્ટિએ જીવનું ભાવકર્મ છે. આઠ કર્મો તો ઝીણી ધુળ છે, તે નિમિત્ત છે. અહીં એમ કહેવું છે કે, જો જીવ તદ્દન અસંગ અને શુદ્ધ જ હોય તો કર્મરજનું અને રાગાદિનું પરસ્પર નિમિત્તપણું પણ ન હોય. જીવની વિભાવરૂપ દશા છે ત્યાં જ ઘાતિકર્મ-મોહકર્મ નિમિત્ત છે. શુભ-અશુભ, પુણ્ય-પાપની અવસ્થામાં જીવ મારાપણાની ભ્રાન્તિ કરે છે; હું રાગી-દ્વેષી છું એમ માનવાની ભૂલ કરે છે; નિર્દોષ શાંતસ્વરૂપ જ્ઞાતાદ્રષ્ટા તે હું નહિ, પણ શુભ-અશુભ વૃત્તિ તે હું અને દેહાદિના કાર્ય હું કરી શકું છું એમ માનતો પરવસ્તુમાં રાગદ્વારા જોડાય છે; એટલે **જીવને મિથ્યાત્વકર્મના ઉદયમાં જોડાવાથી મિથ્યા અભિપ્રાયનો સદ્‌ભાવ હોય ત્યાં સુધી પોતાના જ્ઞાનગુણમાં ઊંધાઈ થાય છે.** આત્માનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધ ધર્મ છે તે ભૂલીને પુણ્ય-પાપ, રાગાદિમાં અને દેહાદિમાં સુખબુદ્ધિ તથા પરમાં કર્તાબુદ્ધિ થવી તે ભ્રાંતિ છે; તે જીવનો અવગુણ છે, તે કાંઈ જડનું કાર્ય નથી, અજ્ઞાનપણે પોતાની શાંતિને ભૂલીને જડભાવમાં અટક્યો તે અજ્ઞાનરૂપ ભાવકર્મ છે. નિમિત્તમાં પોતાની હયાતી માનવારૂપ ઊંધી શ્રદ્ધા તે ચેતનનો વિકાર છે. એ સ્વરૂપની ભ્રાંતિ છે*



*માટે તે ચેતનરૂપ છે, છતાં તે ચેતનનો નિત્ય વિકાર છે. એ સ્વરૂપની ભ્રાંતિ છે માટે તે ચેતનરૂપ છે, છતાં તે ચેતનનો નિત્ય સ્વભાવ નથી; કારણ કે ભાનવડે તે દોષ ટળે છે. **રાગ-દ્વેષનો વિકાર મારો છે, એમ માન્યો તેણે પરભાવવાળો પોતાને માન્યો છે.**"*

❁

**ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;**
**એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩**

અજ્ઞાનદશામાં, અજ્ઞાનતાથી બંધાયેલા કર્મનું ફળ, જીવ ભોગવે છે. **બંધન તો અજ્ઞાનથી જ થાય છે. ક્યારેય પણ જ્ઞાનથી કર્મબંધન થતું નથી તથા અજ્ઞાનથી નિર્જરા થતી નથી.**

જેવી રીતે ઝેર અને અમૃત જ્ઞાનરહિત હોવા છતાં, જે વ્યક્તિ તેનું પાન કરે છે, તેને ઝેર અને અમૃતનું ફળ મળે છે; અર્થાત્ તે પદાર્થથી પોતાની શક્તિ અનુસાર શરીરને પ્રતિકૂળ કે અનુકૂળ ફળ મળે છે. તેવી રીતે જ્ઞાનરહિત જડ શુભાશુભકર્મો આત્માને ફળ આપે છે. આત્માને કર્મ ફળ આપે છે; અર્થાત્ પુદ્‌ગલકર્મના ઉદયથી આત્માને અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગો મળે છે. કર્મમાં એવી શક્તિ છે કે, કર્મના ઉદયના નિમિત્ત વડે આત્માને અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગો પ્રાપ્ત થાય છે. જેવી રીતે બેંકમાં, જો યોગ્ય ચેક જમા કરાવીએ છીએ, તો ચેકના બદલામાં, બેંકમાંથી પૈસા ઉપાડી શકીએ છીએ. તેવી રીતે આત્મામાં, જ્યારે જે કર્મ ઉદયમાં આવે છે, ત્યારે તે કર્મના ઉદયથી, બાહ્યમાં અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગો પ્રાપ્ત

થાય છે. જે ચેક એકવાર જમા કરાવી વપરાઈ ગયો હોય, તે ફરી વાપરી શકાતો નથી. તેવી રીતે જે પુદગલ કર્મ ઉદય પામીને, આત્માને ફળ આપીને, આત્માનો વિયાગ પામે છે, પછી તે કર્મપણે રહેતું નથી. ઉદયમાં આવેલું કર્મ, કોઈ અન્ય વર્ગણારૂપે અથવા કાર્મણ-વર્ગણારૂપે પરિણમે છે.

મ્યાન સહિત તલવાર તથા મ્યાન વિનાની તલવાર, એમ તે બંને તલવાર જ્ઞાન રહિત અચેતન હોવા છતાં, મ્યાન સહિત તલવાર કરતાં મ્યાન વિનાની તલવાર, વધુ ઘાતક છે. તેવી રીતે જ્ઞાન રહિત કર્મ જડ હોવા છતાં, તેનું ફળ આત્માને મળે છે. કર્મ ફળ આપે છે એટલું જ નહિ પણ શુભકર્મ તથા અશુભકર્મનું ફળ જુદા પ્રકારે આપવાની શક્તિ સુદ્ધાં કર્મમાં છે.

શુભાશુભકર્મથી અનુકૂળતા કે પ્રતિકૂળતા મળતી નથી, પરંતુ શુભાશુભકર્મના ઉદયથી અનુકૂળતા કે પ્રતિકૂળતા મળે છે. સત્તામાં પડેલા કર્મથી, આત્માને કાંઈ ફળ મળતું નથી. પુણ્યથી પૈસા મળતા નથી, પરંતુ પુણ્યના ઉદયથી પૈસા મળે છે. એ પણ વ્યવહારિક કથન છે. કર્મના ઉદયનો અને આત્માના ભાવોનો પણ, એવો જ નિમિત-નૈમિતિક સંબંધ છે. જે જીવને કર્મના નામ પણ ન આવડતા હોય, તેનેય કર્મનું ભોક્તાપણું હોય છે. કારણ કે **જેવી રીતે ઝેર અથવા અમૃત જાણનારાને તથા નહિ જાણનારાને, ઝેર તથા અમૃત ફળ આપે છે; તેવી રીતે શુભાશુભ કર્મના નામ જાણનારા તથા નહિ જાણનારા પણ અજ્ઞાનભાવથી શુભાશુભ કર્મોના ફળને ભોગવે છે.** શુભાશુભ કર્મના ફળનો ભોક્તા વ્યવહારનયથી છે. શુભકર્મના ફળમાં



અનુકૂળતા તથા અશુભકર્મના ફળમાં પ્રતિકૂળતા મળે છે, પરંતુ નિશ્ચયથી સંયોગોના મળવામાં શુભાશુભ કર્મોના ઉદયનો કોઈ સંબંધ નથી. ખરેખર તો આત્મા પોતે પોતાના સ્વભાવનો જ ભોક્તા છે. આમ, શુભાશુભ કર્મનું ભોક્તાપણું સિદ્ધ કર્યું છે.

❁

**એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;**
**કારણ વિના ન કાર્ય તે, એ જ શુભાશુભ વેદ્ય. ૮૪**

આત્મા પોતે પોતાના જ કર્મનો ભોક્તા છે; તેની સિદ્ધિ કરતા સદ્‌ગુરુ કહે છે કે આ જગતમાં કોઈ રાજા તથા કોઈ રંક છે. કર્મના ઉદય વિના, તેવા ભેદ કેવી રીતે પડે ? કોઈ બાળક કરોડપતિના ઘરમાં જન્મ લઈને, જન્મથી જ કરોડપતિ બની ગયો અને કોઈ બાળક નિર્ધન પરિવારમાં જન્મ લઈને, આખી જિંદગી પુષ્કળ મહેનત મજૂરી કરીને પણ એક લાખ રૂપિયા પણ કમાયો નહિ; તેમાં કર્મના ઉદયની પ્રધાનતા સમજવી જોઈએ. **જીવને મહેનતથી, અનુભવથી કે ઓળખાણથી કંઈ મળતું નથી, પરંતુ પૂર્વે બંધાયેલા કર્મના ઉદયથી અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગો મળે છે.**

કોઈ એક વીસ વર્ષનો છોકરો, નાનકડા ગામમાંથી પૈસા કમાવા માટે મુંબઈ આવ્યો. તે છોકરો મહેનત કરતો નથી તથા તેની પાસે કોઈ અનુભવ કે ઓળખાણ પણ નથી. દસ વર્ષ બાદ ત્રીસમાં વર્ષે તે લખપતિ થયો. ફરી દસ વર્ષ બાદ ચાલીસમાં વર્ષે તે કરોડપતિ થયો અને પચાસમાં વર્ષે રસ્તા ઉપર આવી ગયો. જો મહેનત, અનુભવ

અને ઓળખાણથી રૂપિયા કમાવાતા હોત તો, જ્યારે મુંબઈમાં આવ્યો હતો, તેના કરતાં મહેનત, ઓળખાણ તથા અનુભવ વધી ગયો છે; છતાં પણ પચાસમાં વર્ષે રસ્તા પર આવી ગયો. વીસ વર્ષનો છોકરો મહેનત, અનુભવ તથા ઓળખાણ વિનાનો હતો અને કરોડપતિ થયો. પરંતુ ત્રીસ વર્ષની મહેનત કરવાવાળો, ૩૦ વર્ષનો અનુભવી તથા ૩૦ વર્ષમાં અનેક ઓળખાણો થઈ હોવા છતાં પણ કરોડપતિ બનીને રસ્તા પર આવ્યો. એનો અર્થ એમ થયો કે અનુભવ તથા ઓળખાણ અનુભવવાળો કરોડપતિ અંતે તો રોડપતિ થઈ ગયો. તેથી એમ સમજવું કે ૫૦માં વર્ષ સુધી શુભકર્મનો ઉદય રહ્યો તેથી ત્યાર સુધી ધનવાન રહ્યો, પરંતુ પચાસમાં વર્ષે કોઈ એવાં પ્રકારના પાપનો ઉદય શરૂ થતાં મહેનત, અનુભવ તથા ઓળખાણ હોવા છતાં તે ફરી નિર્ધન થઈ ગયો. આમ, કર્મના ઉદયના નિમિત્તથી જીવને અનુકૂળ તથા પ્રતિકૂળ સાધનો પ્રાપ્ત થાય છે. એક જગ્યાએ લખ્યું છે કે –

**છે ગરીબોના કૂબામાં, તેલનું ટીપું દોહ્યલું ને;**
**અમીરોની કબર પર, ઘીના દીવા થાય છે.**

એટલું જ નહિ, અમેરિકાના કૂતરાં આલીશાન ઘરમાં રહે છે, એર-કંડીશન ગાડીમાં ફરે છે, મન ભાવતું ભોજન જમે છે. પરંતુ તેને પાળનારા માલિક પાસે આલીશાન ઘરમાં રહેવાનો સમય નથી. ફરવા જવાની ઈચ્છા હોવા છતાં, ઓફિસથી નીકળિને ફરવા જઈ શકતો નથી. દિવસમાં એકવાર શાંતિથી જમવા માટે ફુરસદ નથી. તેથી એમ સમજવું કે કૂતરાંનો પુણ્યનો ઉદય છે. તે પૂર્વે બાંધેલા



પોતાના પુણ્ય કર્મના ફળને ભોગવે છે તથા તેના માલિકને પાપના ઉદયથી, ઈચ્છા હોવા છતાં તેની પૂર્તિ થતી નથી. તેનો તો એવો ઉદય ચાલી રહ્યો છે કે, કૂતરાં માટે કમાવું પડે છે તથા કૂતરાં માટે પણ ગધામજૂરી કરવી પડે છે. આમ, પુણ્યનો ઉદય હોય તો, ચક્રવર્તી પણ આવીને દંડવત્ પ્રણામ કરે છે અને પાપનો ઉદય હોય તો, નોકરોને પણ પગે લાગવું પડે છે. તેથી કર્મના ઉદયનું સ્વરૂપ સમજવું અત્યંત જરૂરી છે.

❁

**ફળદાતા ઈશ્વર તણી, એમાં નથી જરૂર;**
**કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫**

જીવને મળતા અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગોમાં ઈશ્વરનો ઉપાદાનરૂપે તો કોઈ હસ્તક્ષેપ છે જ નહિ, પરંતુ તેમાં તે નિમિત્ત પણ નથી. કર્મના ફળ મળવા માટે ઈશ્વરની જરૂર જ નથી. કારણ કે જે કાર્ય, ઈશ્વર વિના થતું હોય, તેમાં ઈશ્વરની શી જરૂર? ઈશ્વર જીવોના કર્મબંધન તથા તેના ફળ સહિત સર્વ જગતને જાણે-દેખે છે, પરંતુ તે જગતના કોઈ પણ પરિણમનના કર્તા નથી. કર્મ પોતાની સ્થિતિ અનુસાર આત્મા સાથે સત્તામાં રહે છે. અને પોતાનો અબાધાકાળ પૂર્ણ થતાં ફળ આપીને આત્માથી દૂર થાય છે. કર્મોદય થયા બાદ તે કર્મ કહેવાતું નથી.

દરેક અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગોની પ્રાપ્તિમાં કર્મનો ઉદય નિમિત્તરૂપે હાજર હોય જ છે. જ્યારે શત્રુનો સંયોગ થાય, ત્યારે

પાપનો ઉદય તથા મિત્રનો સંયોગ થાય, ત્યારે પુણ્યનો ઉદય નિમિત્ત હોય છે.

ક્રિકેટની મેચ નિહાળતી વખતે, ભારતના ખેલાડી સારૂં રમે એવી ઈચ્છા હોય અને જો તે ખેલાડી સારૂં ન રમે અથવા જલદી આઉટ થઈ જાય, તો તેમાં તેનો દોષ નથી પણ મારા પાપનો ઉદય છે કે મારે તેને જલદી આઉટ થયેલો દેખવો પડ્યો. માત્ર પોતાનો જ નહિ પણ જેને જેને આ ઘટના પ્રતિકૂળતારૂપે લાગે છે, તેવા દરેક ભારતપ્રેમીનો પાપનો ઉદય છે; તેમાં એકલા ખેલાડીનો કોઈ દોષ નથી. તેવી જ રીતે હિંદુસ્તાનની હાર માટે કોઈ એક કે અગ્યાર ખેલાડીઓ જવાબદાર નથી પરંતુ દરેક હિંદુસ્તાનપ્રેમી પણ જવાબદાર છે, કારણ કે, હિંદુસ્તાનની હારમાં, દરેક હિંદુસ્તાનપ્રેમીના પાપનો ઉદય નિમિત્ત છે. પોતાના બાંધેલા કર્મનું ફળ મને મળ્યું છે, તેમાં તે ખેલાડીનો કોઈ દોષ નથી; એમ વિચાર કરીને સમતા રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. **જે કર્મમાં ઈશ્વરને હસ્તક્ષેપ કરવાની જરૂર જ ન હોય, તે કાર્યનો કર્તા ઈશ્વરને કહેવો યોગ્ય નથી. જેનો, પર કર્તૃત્વનો સ્વભાવ જ નથી, તેવા આત્મામાં લીન થયેલા ઈશ્વરને ફળદાતા કહેવા, તે મિથ્યાત્વ છે. તેણે ઈશ્વરનું સ્વરૂપ અથવા ફળદાતાનું સ્વરૂપ સ્પષ્ટ રીતે સમજ્યું નથી.** કર્મ, પોતાની અનુભાગ શક્તિ અનુસાર ફળ આપીને, આત્માથી દૂર થાય છે. જ્યારે કર્મ ઉદયમાં આવે, ત્યારે એમ જ વિચારવું કે, પૂર્વમાં બંધાયેલા કર્મ ઉદયમાં આવીને આત્માથી દૂર થયા. પરંતુ કર્મના ઉદયથી જે અનુકૂળતા કે પ્રતિકૂળતા મળે છે; તેમાં રાગ-દ્વેષ કરીને આત્મા નવીન કર્મોનું બંધન કરે છે, તેથી



આત્મા કર્મ રહિત થતો નથી. કર્મના ફળમાં મળતા કોઈ પણ પદાર્થનો સંયોગ પણ ક્ષણિક હોય છે. કર્મનો ઉદય પૂર્ણ થતાં, ઉદયથી પ્રાપ્ત થયેલા સંયોગો પણ આત્માથી દૂર થાય છે. પર વસ્તુમાં આનંદ લઈને કર્મને ભોગવવા, એમ તેનો અર્થ નથી પણ કર્મના ઉદયથી કર્મ આત્માથી દૂર થાય છે એટલે આત્માની નજીક નહિ રહીને દૂર થાય છે એમ પણ તેનો અર્થ નથી. ખરેખર કર્મ ઉદયમાં આવ્યા બાદ કર્મરૂપે રહેતું નથી તેથી આત્માથી દૂર થયું એમ કહેવાય છે.

❁

**તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;**
**ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬**

અજ્ઞાનીજીવના રાગાદિ વિકારીભાવોના નિમિત્તથી પુદ્ગલ કાર્મણવર્ગણા જ્યારે કર્મરૂપ પરિણમિત થયા બાદ તે કર્મની સ્થિતિનો કાળ પૂર્ણ થતાં સ્વયં પોતાની યોગ્યતાથી ઉદયરૂપ પણ પરિણમે છે. કર્મના ઉદયથી જીવ ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ તથા દેવગતિ; આમ આ ચાર ગતિના સમૂહનું નામ સંસાર છે. ચાર ગતિ તથા મોક્ષ એ કોઈ સ્થાન નથી, પરંતુ તેને વ્યવહારથી સ્થાન કહેવામાં આવે છે. નિશ્ચયથી આત્માની કર્મ સહિત અવસ્થા એ જ સંસાર છે તથા આત્માની કર્મ રહિત પરિપૂર્ણ સાદિ-અનંત શુદ્ધ અવસ્થા મોક્ષ છે. અહીં દ્રવ્ય શબ્દનો અર્થ 'કર્મ' સમજવો જોઈએ. કર્મમાં જીવને ફળ આપવાનું સામર્થ્ય છે તથા તે ફળને પોતાનું નહિ માનીને માત્ર જ્ઞાતા રહેવું એ જ આત્માનો મૂળ સ્વભાવ છે. પરંતુ અજ્ઞાની જીવ કર્મોદયના નિમિત્તથી

મળતી શુભાશુભ ગતિમાં એકત્વ કરે છે. જે જીવ, પ્રત્યક્ષ નહિ એવી નરકગતિ તથા દેવગતિનો સ્વીકાર કરતા નથી, તે જીવોની મુખ્યતાથી આ પદમાં કર્મના ફળથી મળતી ગતિનું વર્ણન કર્યું છે.

સદ્‌ગુરુ તત્ત્વની ગહન વાતને સંક્ષેપમાં સમજાવી શકે છે. સંક્ષેપમાં સમજાવવાના બે કારણો છે તેમાં પહેલું, સદ્‌ગુરુ પાસે તત્ત્વ સમજાવવા માટે વિશેષ સમયનો અભાવ છે. કારણ કે જો પોતે બીજા જીવોને તત્ત્વનો વિસ્તારથી ખુલાસો કરીને સમજાવે અને પોતાનો સમય શિષ્યને જ આપે, તો પોતાના સ્વભાવમાં લીન ક્યારે થાય? તેથી પૂર્વે થયેલા આચાર્યોએ પણ મોટાભાગના ગ્રંથ પદ્યની શૈલીમાં જ રચ્યા છે; જેથી વધુ સમય શુદ્ધોપયોગદશામાં લીન રહી શકે અને બીજું કારણ એ છે કે, જો સરળભાષાનો પ્રયોગ કરીને સંક્ષેપમાં શિષ્યને તત્ત્વ સમજાઈ જતું હોય, તો વિશેષ ખુલાસો કરવાનું કોઈ પ્રયોજન રહેતું નથી. ઉપરોક્ત બંને કારણોથી ગુરુ અને શિષ્યની વિશેષતાનું પણ જ્ઞાન થાય છે. પહેલું કારણ ગુરુની મહિમા બતાવે છે કે, તેઓ શુદ્ધોપયોગમાં લીન થવાના લક્ષ્યે ઉપદેશ આપવો વગેરે ક્રિયા કરે છે. તથા બીજું કારણ શિષ્યની વિશેષતા બતાવે છે કે, તેને સંક્ષેપમાં પણ સમજાઈ શકે તેવો જ્ઞાનનો ઉઘાડ છે તથા પોતાની પાત્રતા પણ એટલી ઉત્કૃષ્ટ છે.

આમ, સદ્‌ગુરુ ગહન વાતને પણ સરળ કરીને સમજાવે છે, જ્યારે કુગુરુ સરળ વિષયને પણ અઘરો વિષય કહીને શિષ્યને ડરાવે છે; જેથી શિષ્યને એમ લાગે કે અમારા ગુરુ ખૂબ જ અઘરો વિષય પણ જાણે છે. આમ, કુગુરુ પોતાના માનના પોષણ અર્થે શિષ્યને



ડરાવી શિષ્યનું પણ અહિત કરે છે અને પોતે કુગુરુ હોવાથી તેમનું પોતાનું તો અહિત થશે જ. આમ, અહીં સદ્‌ગુરુએ, આત્માને આત્માએ કરેલા કર્મનો ભોક્તા સિદ્ધ કર્યો છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“આત્મા અનાદિ અનંત છે. તેની અજ્ઞાનરૂપ અવસ્થા હોય ત્યારે રાગરૂપ, પુણ્ય-પાપરૂપ અનેક વિકારરૂપે તેમાં ભંગ થાય છે. પુણ્યના એક જ પ્રકારના પરિણામ હોતા નથી, પણ અસંખ્ય પ્રકારના છે; તેમ જ પાપના અધ્યવસાય પણ અસંખ્ય પ્રકારના છે, તે અખંડ જીવદ્રવ્યની વિશેષ અવસ્થા છે; તે જ વખતે અજીવ દ્રવ્યની અનંત શક્તિરૂપ અસંખ્ય અવસ્થાઓ પુણ્ય-પાપના સંયોગપણે (યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં) થાય છે. જીવ સ્વભાવે અખંડ, પૂર્ણ શુદ્ધ સ્વાધીન તત્ત્વ છે; તે ભૂતકાળમાં નિર્દોષ જ્ઞાનસ્વભાવપણે મુક્ત ન હતો, પણ બંધાયેલો જ હતો, પુણ્ય-પાપરૂપ અવસ્થામાં અનેક ક્ષેત્રમાં ક્યાંક ટક્યો છે, એનો વિચાર કરતાં નક્કી થાય છે કે, પુણ્ય-પાપ, દેહાદિની ક્રિયામાં રાગપણે જોડાઈને દેવ, મનુષ્ય નારક, તિર્યંચના ભવ પૂર્વે અનંત વાર જીવે કર્યા છે. જેવો વિકાર કરે તેવી અવસ્થાની યોગ્યતાના સ્થાન અને તે જાતમાં પુદ્‌ગદ્રવ્યને ભોગવવા યોગ્ય સ્થાનકોનો સંયોગ થવો જ જોઈએ, એટલે કે જીવ અજ્ઞાનભાવે જડકાર્યનો કર્તા નિમિત્તપણે થયો, તે અવસ્થાને ભોગવવાનું સ્થાન પણ જોઈએ. તે સ્થાનક ચાર ગતિ છે. દેવ, મનુષ્ય, તિર્યંચ (પશુ આદિ) અને નરક એમ ચાર ગતિની અશુદ્ધ પર્યાયમાં પુણ્ય-પાપરૂપ*

*સંયોગના સ્થાનનો ભોગવટો થાય છે. તેને ભોગવવા લાયક સ્થાનમાં જવું પડે છે; એ ફળ આપવાની શક્તિ સ્વયં પુદ્‌ગલમાં છે.''*

❁

**કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;**
**વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭**

શિષ્યએ ચાર પદનો સ્વીકાર કર્યો છે પરંતુ પાંચમા પદ વિષે શંકા કરતા કહે છે કે, આત્માનો મોક્ષ થતો નથી. આત્મા કર્મનો કર્તા તથા ભોક્તા અનાદિકાળથી થઈ રહ્યો છે, તેથી અનાદિકાળથી થયેલાં કર્મબંધનને ટાળવું સંભવ નથી. તે કહે છે કે, અનંત પ્રકારના બળવાન કર્મ આત્માને મોક્ષ થવામાં વિઘ્ન નાખે છે, તેથી આત્માનો મોક્ષ થવો સંભવ નથી. આત્મા અનાદિ-અનંત હોવાથી, આત્માનું કર્મબંધનના ફળમાં થતું, ચારગતિરૂપ સંસાર પરિભ્રમણ પણ અનાદિ-અનંત હોય છે; એવો શિષ્યનો પક્ષ છે.

શિષ્ય આત્માનો મોક્ષ માનતો નથી, કારણ કે, તેને જેવી રીતે કર્મનું કર્તાપણું તથા ભોક્તાપણું સમજાયું છે, તેવી રીતે મોક્ષનું અસ્તિત્વ સમજાયું નથી. એક લૌકિક કહેવત છે કે, 'પાકા ઘડે કાંઠા ન ચડે.' તેવી રીતે શિષ્ય પણ એમ કહે છે કે, અનંતકાળ વીતી ગયો હોવા છતાં પણ આત્મામાં વિકારીભાવરૂપ દોષ તો વર્તમાનમાં પણ છે તેથી આત્માનો મોક્ષ સંભવ નથી. એવા કોઈ મહાપુરુષ, આ કાળમાં અહીં દેખવામાં પણ આવતા નથી કે જે, શુભાશુભભાવ છોડીને શુદ્ધ વીતરાગભાવને પ્રાપ્ત થયા હોય. અનાદિકાળથી આજ



સુધી, આ આત્મા અનંતવાર તીર્થંકર પ્રભુની દિવ્યધ્વનિ સાંભળવા સમવસરણમાં પણ ગયો પરંતુ પ્રભુની વાણીના મર્મને સમજ્યો નહિ. સમવસરણમાં ઉપસ્થિત દેવોના વૈભવને તથા સમવસરણની બાહ્ય સિદ્ધિ તરફ દૃષ્ટિ કરી પણ પ્રભુની વાણી તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું નહિ. આત્માના અનંત સામર્થ્યનો અજ્ઞાની એમ પણ કહે છે કે, તીર્થંકર ભગવાનની વાણી સાંભળીને પણ જેવો હતો તેવો ત્યાંથી પાછો આવ્યો અને વાણી સાંભળીને પણ અનંત સંસારનું પરિભ્રમણ કર્યું હોવાથી તેનો મોક્ષ કેવી રીતે થઈ શકે ? ચતુર્થકાળમાં તીર્થંકર ભગવાન પણ જેને સંસારથી છોડાવી શક્યા નહિ તેને પાંચમા કાળમાં સદ્‌ગુરુનો ઉપદેશ કેવી રીતે મુક્ત કરાવી શકે ? અર્થાત્ જીવનો મોક્ષ થવો સંભવ નથી; એમ શિષ્ય માને છે.

એક કરોડપતિએ મને પૂછ્યું કે મારે મોક્ષ જોઈએ છે અને તેના માટે કર્મ ખપાવવા છે, તો મારે શું કરવું ? મેં તેની કસોટી લેતાં કહ્યું કે, એક લાખ રૂપિયાનું મંદિરમાં દાન આપી દો; તમારા કર્મ ખરી જશે. તો તે બોલ્યા કે ના, મારે બધાં કર્મ ખપાવવા નથી. મારે તો માત્ર અડધા કર્મ ખપાવવા છે. મેં તેને કહ્યું કે મોક્ષ પ્રાપ્તિ માટે કરોડમાંથી લાખ રૂપિયા છોડી શકતો નથી; જા, તને મોક્ષ નહિ મળે ! કારણ કે મોક્ષ પ્રાપ્તિ માટે તારે લાખ રૂપિયા જ નહિ પણ તારી બધી સંપતિનો ત્યાગ કરવો પડશે અને તે ત્યાગ પણ માત્ર બાહ્ય દેખાવ પૂરતો નહિ પણ અંતરંગભાવોની નિર્મળતા-પૂર્વક વીતરાગભાવથી કરાયેલો ત્યાગ તને મુક્તિ અપાવશે. પોતાની પાસે કરોડ રૂપિયા હોવા છતાં, મોક્ષ પ્રાપ્તિ માટે એક રૂપિયાનો

પણ ત્યાગ કરવાની તૈયારી લોભી જીવ બતાવતો નથી. તેથી શિષ્ય કહે છે કે, આવી દશામાં મોક્ષ મળવો અસંભવ છે. ખરેખર તો સ્વાસ્થ્ય ખરાબ ન થાય તે હેતુથી વિષ્ટાનો ત્યાગ કરે છે પરંતુ જો તેને પણ છોડ્યા વિના ચાલતું હોય તો મૂઢ લોભી અજ્ઞાની પોતાના શરીરમાંથી વિષ્ટા પણ ન છોડત. આવી તીવ્ર મિથ્યાત્વ દશાવાળો જીવ, મોક્ષ પામી શકતો નથી. તથા સમ્યક્ત્વી મહાપુરુષો કયાંય દેખાતાં નથી તેથી મોક્ષનું હોવું સંભવ નથી.

❁

**શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય;**
**અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮**

શુભાશુભભાવના નિમિત્ત વડે જીવને આયુષ્ય કર્મનો પણ બંધ થાય છે. તથા તેના ઉદયથી જીવ આગામી ભવમાં ઉદયાનુસાર ગતિમાં જન્મ લે છે અને તે ગતિનું આયુષ્ય ભોગવે છે. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશમાં કહ્યું છે કે, દેવગતિ, મનુષ્યગતિ તથા તિર્યંચગતિને શુભ ગતિ તથા નરકગતિને અશુભગતિ સમજવી જોઈએ. શુભગતિના સંજ્ઞી પંચેન્દ્રિયજીવો જ તીર્થંકર ભગવાનની દિવ્યધ્વની સાંભળવા સમવસરણમાં જવાને પાત્ર હોય છે. નરકગતિના જીવોને તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા મળે, એવી તેમની તે સમયની યોગ્યતા તથા પુણ્યોદય પણ હોતો નથી. સંસારીજીવ કર્મ રહિત હોતા નથી. **જો મનુષ્યગતિની મુખ્યતાથી કથન કરવામાં આવે, તો દરેક અજ્ઞાની મનુષ્યને પાપ અને પુણ્યનો ઉદય હોય જ છે. કારણ કે જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિ કર્મોનો ઉદય એ પાપનો ઉદય છે તથા**



**મનુષ્યપણું મળવું એ પુણ્યનો ઉદય છે. આમ, પાપ અને પુણ્ય બંનેથી ભિન્ન પોતાનો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ છે; તેના તરફ દૃષ્ટિ કરવાથી ચારગતિનું પરિભ્રમણ ટળી જાય છે. અશુભકર્મના ફળમાં નરકાદિગતિ ન મળે, તો નરકાદિગતિ જ ન રહે. શુભકર્મના ફળમાં દેવાદિગતિ ન મળે, તો દેવાદિગતિ જ ન રહે. તેવી જ રીતે શુદ્ધભાવના ફળમાં મોક્ષ પ્રાપ્તિ ન થાય તો મોક્ષનું અસ્તિત્વ જ ન રહે.**

જેવી રીતે કારણ વિના કાર્ય થતું નથી, તેવી રીતે કર્મના ઉદય વિના નરકાદિ ગતિ મળતી નથી. જે સમયે આયુષ્યકર્મનો બંધ થાય છે, તે સમયે જીવના પરિણામ અનુસાર આગામી ગતિયોગ્ય કર્મનો બંધ થાય છે. ઘણીવાર કહેવાય છે, એકવાર પણ બટાટા, કાંદા ખાવાથી જીવ નરકગતિમાં જાય છે. પરંતુ એકવાર બટાટા ખાઈ લેતાં તેને નરકગતિ જ થાય અથવા એકવાર પૂજા-ભક્તિ કરવાથી દેવ ગતિમાં જન્મ લે, એવો કોઈ નિયમ નથી. કોઈ જીવે આયુષ્યનો બંધ થયા પહેલાં ઘણાં પાપ કર્યા હોય, પણ આયુષ્યના બંધ સમયે પાપ પ્રવૃતિ છોડી દઈને ધર્મમાર્ગમાં લાગ્યો હોય તો, તેને નરકાદિગતિ ન પણ થાય. તથા કોઈ જીવે આયુષ્યના બંધ થયા પહેલાં ઘણા પુણ્ય કર્યા હોય, પણ આયુષ્યના બંધ સમયે પુણ્ય પ્રવૃત્તિ છોડી દઈને પાપ કર્યા કરે અને જો ત્યારે તેને આયુષ્યનો બંધ થાય તો, પાપ પ્રવૃત્તિ કરતો હોવાથી પૂર્વે કરેલા પુણ્યના કારણે દેવગતિ પ્રાપ્ત કરતો નથી. આમ, આયુકર્મના બંધ સમયે પુણ્ય અથવા પાપભાવના નિમિત્તથી આયુકર્મ બંધાય છે. આયુકર્મના બંધનનો સમય, જેને આયુબંધ થતો હોય, તે જીવ જાણતો નથી.

કેવળી ભગવાન જગતના સર્વ અજ્ઞાની જીવના આયુબંધને જાણે છે પણ તેમને પોતાને આયુબંધ થતો નથી. આમ જે આયુબંધ ને જાણે છે તેને આયુબંધ થતો નથી અને જે આયુબંધને જાણતો નથી તેને આયુબંધ થયા વિના રહેતો નથી. તેથી દરેક જીવે દરેક સમયે સાવચેત રહેવું જોઈએ. જેથી પાપ પ્રવૃતિ છોડીને જીવ અધ્યાત્મમાર્ગ પર ચાલી શકે. આમ, કર્મ ઉદયાનુસાર જીવને ચારગતિમાં જન્મ મરણ થાય છે. ચાર ગતિથી સર્વથા ભિન્ન મોક્ષગતિ, સર્વ કર્મના અભાવથી પ્રગટ થતી આત્માની પરમ શુદ્ધ અવસ્થા છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''મને તો એમ લાગે છે કે, દયા પાળીએ, વ્રત, શીલ વગેરે શુભકાર્ય કરીએ, જગતનું ભલું કરીએ, એવાં પુણ્યપરિણામથી તેનું ફલ દેવગતિમાં સુખ ભોગવવું થાય છે અને પાપના પરિણામ-હિંસા અને ચોરી આદિના કાર્યો કરે, કરાવે અને અનુમોદે તો તેનું ફળ નરકગતિ થાય, તેથી જીવનો મોક્ષ થવો સંભવતો નથી. જો જીવનો મુક્ત સ્વભાવ હોય તો આજ સુધી તેનો મોક્ષ કેમ ન થયો ? અનંતકાળ વીત્યો પણ શુભ-અશુભ કર્મ કરી બંધભાવ કરવાનો દોષ વર્તમાનમાં પણ છે. શુભભાવ બંધનું કારણ છે એમ તો શિષ્ય અહીં સમજ્યો છે.*

*પુણ્યથી ધર્મ માનનારા તો શુદ્ધ આત્મસ્વરૂપની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે; કારણ કે રાગની રુચિ હોવાથી પરભાવને પોતાના માને છે, કર્તાપણું માને છે, તેમને જ્ઞાતાપણું ક્યાં રહ્યું ? જ્ઞાતાપણાનો જેને આદર નથી તેનો પુણ્યપરિણામ પણ નિગોદના મહા દુઃખનું કારણ થાય છે. સંસારી જીવ પુણ્ય-પાપ વિના હોઈ શકે નહિ. શુદ્ધ આત્માની યથાર્થ શ્રદ્ધા થતાં તે પુણ્ય-પાપનો સ્વામી-કર્તા-ભોક્તા હું નથી, પણ હું તો મારા શુદ્ધ સ્વભાવનો જ કર્તા-ભોક્તા છું એમ સ્વ અને પરભાવની વહેંચણી કરે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં પૂર્ણ શુદ્ધ સ્વભાવનું ભાન અને પુરુષાર્થ બેઉ તેને હોય છે; એવા સ્વભાવનું ભાન હોવા છતાં પણ જે કંઈ રાગ-દ્વેષ આદિ દોષ હોય તે અલ્પ પ્રમાણમાં થઈ જાય. જે તેમાં ટકતો નથી એટલે સંસારમાં રુચિ આદર નથી તેને શુભાશુભ કર્મફળ નિવૃત્ત થઈ જાય છે.''*



❁

**જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;**
**તેમ નિવૃત્તિ-સફળતા માટે મોક્ષ સુજાણ. ૮૯**

શુભાશુભકર્મના કર્તા તથા ભોક્તા સંબંધી પદની સમજણ થયા પછી કર્મથી નિવૃત થવાનો ઉપાય પણ અહીં સદ્‌ગુરુ બતાવે છે. મોક્ષને માત્ર જાણવાનો જ નથી પરંતુ સારી રીતે જાણીને સમજવો પણ અનિવાર્ય છે. જેને છોડવાનું તથા ગ્રહણ કરવાનું હોય, તે બંનેને સારી રીતે જાણવા જરૂરી છે. આત્મા શુભાશુભભાવોને ભાવે છે; તેના નિમિત્તથી કર્મબંધન થાય છે. તથા આત્મા તે બંધનના ફળને ભોગવે પણ છે. જ્યારે પૂર્વમાં બંધાયેલા કર્મનો ઉદય આવે છે, ત્યારે ફરી આત્મા કર્મોદયથી થતી અવસ્થામાં એકત્વ કરે છે તથા પોતાને પરદ્રવ્યના કારણે સુખી-દુઃખી માને છે. સંસાર પરિભ્રમણ કરતો આત્મા એક સ્થાનથી બીજા સ્થાને ગમન કરે છે.

જ્યારે મુક્ત આત્મા લોકાગ્રે અનંતકાળ સુધી સ્થિત થાય છે. અજ્ઞાન એમ માને છે કે, ગમે ત્યાં જવું-આવવું તથા ફરવાની છૂટછાટ મળવી એ જ મુક્તિ છે. તથા એક સ્થાન પર બેસી જવું તે બંધન છે. કોઈને એમ કહેવામાં આવે કે તમને આ સ્થાન પર એક કલાક સુધી બેસાડવામાં આવે છે અને તેને કહીએ અહીંથી ઉભા થવું નહિ કે હલવું પણ નહિ. ચુપચાપ બેસવું. ત્યારે સામાવાળો વ્યક્તિ એમ સમજશે કે આજે ખરેખર ફસાઈ ગયો છું, બંધનમાં મુકાઈ ગયો છું. એક સ્થાન પર ચાલ્યા કે બોલ્યા વિના ચુપચાપ બેઠા રહેવાને બંધન માનવાવાળા જીવને તો સિદ્ધભગવાન મહાબંધનરૂપ લાગશે. કારણ કે સિદ્ધ ભગવાન મોક્ષ પામીને એક સ્થાન પર બિરાજમાન થયા છે. તેઓ હલ્યા વિના સ્થિર તથા બોલ્યા વિના ચુપચાપ બેઠા છે. **અજ્ઞાનીને સંસારનું બંધન મુક્તિ લાગે છે તથા સિદ્ધોની મુક્તિ બંધન લાગે છે; તેથી તેને સંસાર છોડવાનું મન થતું નથી.**

તે જ વાતને દૃષ્ટાંતથી સમજી શકાય છે. ધારો કે દાદર રેલ્વે સ્ટેશન પર ઘોષણા થઈ કે, બોરીવલી જવાવાળી ધીમી લોકલ પ્લેટફોર્મ ક્રમાંક એક પર આવી રહી છે. આ ઘોષણા સાંભળીને પ્લેટફોર્મ ક્રમાંક એક પર ઉભેલા લોકો પાટા પર આવી ગયા. તેઓ સમજ્યા કે ટ્રેઈન પ્લેટફોર્મ પર આવી રહી છે. થોડીવારમાં ટ્રેઈન આવી અને બધાં લોકો ટ્રેઈન નીચે આવી ગયા અને કપાઈને મરી ગયા. પોલીસે આવીને તપાસ કરી, તો એક વ્યક્તિ ત્યાં ઊભો હતો; તેની પાસેથી પોલીસે બધી જાણકારી લીધી. અંતે પોલીસે પૂછ્યું કે, આ બધાં લોકો મરી ગયા પણ તું કઈ રીતે બચી ગયો ? તે બોલ્યો કે



હું તો આત્મહત્યા કરવા માટે પ્લેટફોર્મ ક્રમાંક એક પર ટ્રેઈનની રાહ જોતો હતો પણ ટ્રેઈન પ્લેટફોર્મ પર આવી જ નહિ. આમ, પ્લેટફોર્મ અને પાટાનો સાચો અર્થ નહિ સમજનારા કોઈ જીવવાની ઈચ્છા હોવા છતાં પણ મરે છે અને કોઈ મરવાની ઈચ્છા હોવા છતાં પણ બચી જાય છે. તાત્પર્ય એ છે કે, **શબ્દનો સત્ય અર્થ નહિ સમજવાથી, સાધ્યની સિદ્ધિ થઈ શકતી નથી. તેથી સદ્‌ગુરુ, મોક્ષનો સાચો અર્થ સમજાવે છે. મોક્ષને સમજવા માટે, મોક્ષે જવાની તૈયારી હોવી જોઈએ. મોક્ષમાર્ગીને જ મોક્ષ સમજાય છે, તેથી મોક્ષમાર્ગી મોક્ષ પ્રાપ્તિ માટે તૈયાર છે. માત્ર તૈયાર જ છે એમ નહિ પણ મોક્ષ પ્રાપ્તિનો પળે પળે પુરુષાર્થ કરી રહ્યા છે. આમ, અહીં મોક્ષનું સ્વરૂપ સમજાવતું આ પાંચમું પદ છે.**

❁

**વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;**
**તેહ શુભાશુભ છેદતા, ઊપજે મોક્ષ સ્વભાવ. ૯૦**

**સંસારનો માર્ગ શુભાશુભભાવ છે તથા મોક્ષનો માર્ગ શુભાશુભભાવના અભાવથી પ્રગટ થતો શુદ્ધભાવ છે.** જૈનદર્શનની એ વિશેષતા છે કે પરજીવોની હિંસા કે અહિંસા મોક્ષનો માર્ગ નથી. ખરેખર નિજ આત્માનો ઘાત થતો રોકવો તે જ ધર્મ છે. તેથી શુદ્ધોપયોગરૂપ ધર્મને જ મોક્ષનો માર્ગ કહ્યો છે. અનાદિકાળથી આજ સુધી અનંતકાળ વીતી ગયો તો પણ આત્મા એક સમય માટે પણ સ્વભાવમાં લીન ન થયો. **આત્માના સ્વભાવમાં એકત્વ ન થવું એ આત્માના પુરુષાર્થની કમજોરી છે.**

જૈનધર્મમાં અશુભભાવ તો અશુદ્ધ છે, સાથે સાથે શુભભાવ પણ અશુદ્ધ છે, કારણ કે અશુભભાવની જેમ શુભભાવ પણ સંસારનું કારણ છે. પાપ નીચી જાતિનું અશુદ્ધ તથા પુણ્ય ઊંચી જાતિનું અશુદ્ધ છે; કારણ કે તે બંને બંધનરૂપ છે. લૌકિકમાં ફિલ્મસ્ટાર તથા સ્ટાર ખેલાડીઓના પહેરેલાં કપડાંની હરાજી થાય છે. તથા રસ્તા પર સામાન્ય લોકોના પહેરેલાં જૂનાં કપડાં વેચાય છે. જે વ્યક્તિ ફિલ્મસ્ટારના જેકેટ કે ટી-શર્ટ વગેરે ખરીદે છે તેને જૂનાં કપડાં ખરીદવામાં શરમ આવતી નથી. પરંતુ કોઈ વ્યક્તિ રસ્તા પર સાધારણ જૂનાં કપડાં ખરીદતા શરમ અનુભવે છે. ખરેખર સ્ટાર ખેલાડીના પહેરેલાં કપડાં હોય કે સાધારણ લોકોના પહેરેલાં કપડાં હોય; તે બંને પ્રકારના કપડાં વપરાયેલા જૂનાં છે, અશુદ્ધ છે. તેવી રીતે પાપી જીવ તો અધર્મ કરે જ છે, સાથે સાથે પુણ્યથી પણ અધર્મ જ થાય છે. **પાપ એ નીચી જાતિની આત્માની અશુદ્ધિ છે તથા પુણ્ય ઊંચી જાતિની આત્માની અશુદ્ધિ છે. શુદ્ધોપયોગરૂપ શુદ્ધભાવ જ શુદ્ધ છે તથા ધર્મ છે; જેના ફળમાં જીવ સંસાર પરિભ્રમણથી મુક્ત થાય છે.**

શુભાશુભભાવને છેદવા માટે આત્માનો નિર્વિકલ્પ અનુભવ થવો અનિવાર્ય છે. કારણ કે, શુભાશુભભાવ આકુળતામય હોવાથી દુઃખરૂપ છે, સંસારનું કારણ છે. જો કે શાસ્ત્ર વાંચીને તરત જ આત્માનુભવ થઈ જતો નથી. તેના માટે જીવે અનંત પુરુષાર્થ કરવો પડે છે. લૌકિક સાધનો સંગ્રહિત કરવા માટે જીવ પોતાના તન, મન અને ધન વગેરે સર્વ સાધનોને સમર્પિત કરી દે છે, પરંતુ



અનાદિકાળથી ચાલતા આવતા સંસારચક્રને રોકવા માટે જીવ સમય ગણે છે કે આટલાં કલાક સ્વાધ્યાય કર્યો, આટલાં કલાક પૂજા કરી, આટલાં કલાક સામાયિક કર્યા. પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા કે, તેં જે પણ કર્યું એ તારા પોતાના હિત માટે કર્યું છે; એમાં ગણતરી કરીને તેનું પ્રદર્શન કરવાની કોઈ જરૂર નથી. જ્યારે પણ ધર્મનો વિચાર કરો, ત્યારે એમ ચિંતવન કરવું કે શુદ્ધોપયોગરૂપ ધર્મ જ મોક્ષનું કારણ છે. શુભાશુભભાવથી રહિત શુદ્ધ ધ્યાનરૂપ આત્માનો નિર્મળભાવ, આત્મા સાથે નિત્ય રહે છે. બાર પ્રકારના તપમાં ધ્યાનનો ક્રમ બારમો છે. ઉપવાસ વગેરે તપ તો શરીરથી સંબંધિત હોવાથી નિત્ય ટકી રહેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. જ્યારે ધ્યાન એક એવું તપ છે; તેના ફળમાં જીવને કેવળજ્ઞાન તથા નિર્વાણ થાય છે. એટલું જ નહિ, અનંતકાળ સુધી આ શુદ્ધોપયોગરૂપ મુક્તાવસ્થા છૂટશે નહિ; તેથી મોક્ષાર્થી જીવનું કર્તવ્ય છે કે, શુભાશુભભાવથી નિવૃત થઈ શુદ્ધભાવસ્વરૂપ વીતરાગ ધર્મમાં પ્રવૃત્ત થાય.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"કર્મ સહિત અનંતકાળ વીત્યો, તે શુભાશુભ કર્મ પ્રત્યેની જીવની આસક્તિને લીધે વીત્યો. જ્ઞાતાપણું ભૂલીને ઉપાધિમાં જીવ અટક્યો, અને તેથી ઉપાધિરૂપ થયો; પણ હું તો શુભાશુભ ભાવ રહિત જ્ઞાનઘન છું, મારામાં પરવસ્તુનો ધર્મ શી રીતે સંભવે ? હું એનો અને એ મારા એવા બંધભાવમાં અનંતકાળ વીત્યો પણ તેનાથી ઉદાસીન થઈ માત્ર જ્ઞાતાપણે રહેવાથી શુભાશુભ ભાવ છેદાય છે; અને તેથી*

*મોક્ષસ્વભાવ પ્રગટ થાય છે. દેહમાં એકક્ષેત્રે જ્ઞાનનો વ્યાપાર અને તે જ્ઞાનની ક્ષણે-ક્ષણે થતી અવસ્થા અને તે જ ક્ષણે, તે જ ક્ષેત્રે પૂર્વ કર્મથી શુભાશુભ અવસ્થાની પ્રગટદશા ઊપજે છે. તે રાગ, હર્ષ, શોક આદિ મલિન પરિણામ પ્રકૃતિનો ઔપાધિકભાવ છે, તેમાં જે પ્રીતિથી અકટવું થાય છે તે ભૂલ છે; માટે તે ભૂલ ટાળી શુભાશુભ રાગથી ભિન્ન જ્ઞાતા-દ્રષ્ટા જીવ રહે તો તે સહેજે નિવૃત્ત થાય છે. ભૂલરૂપ દશા આ જીવે કરી છે તે ભૂલ નિર્મળ જ્ઞાતાપણે ટાળ, તો તારું સ્વરૂપ મોક્ષસ્વરૂપ જ છે. જ્ઞાતાપણામાં ટકી રહેવારૂપ પુરુષાર્થથી પ્રગટ મોક્ષદશા-પૂર્ણ પવિત્રતા થઈ શકે છે. યથાર્થ અભિપ્રાય બંધાઈ ગયો કે શુભાશુભ ઔપાધિક કાર્ય ભલાં નથી, એ મારો સ્વભાવ નથી. એમ પોતાની પૂર્ણ શુદ્ધતાને જાણવાથી અને માનવાથી, અબંધપરિણામે બંધ-અવસ્થા ટળે છે અને નિરુપાધિકતા પ્રગટે છે.''*

❋

**દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;**
**સિદ્ધ મોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખ ભોગ. ૯૧**

આ ગાથામાં લોકાગ્રે સ્થિત સિદ્ધ ભગવાનનું બાહ્ય તથા આંતરિક સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. બાહ્યમાં શરીર રહિત અશરીરી દશાને પ્રાપ્ત થયેલા સિદ્ધ ભગવાન સંપૂર્ણ કર્મોથી મુક્ત હોય છે. સિદ્ધ ભગવાન જે આકાશ પ્રદેશ પર બિરાજમાન હોય છે, તે પ્રદેશ પર છએ દ્રવ્યનો સંયોગ હોવા છતાં, અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોના ભેદથી પાર થઈ ગયા છે. જ્યાં સુધી કર્મનો ઉદય હોય ત્યાં સુધી આત્માને મળતા સંયોગોમાં અનુકૂળતા તથા પ્રતિકૂળતાના ભેદ પડે



છે. રાગાદિ વિકારી ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ તથા શરીરાદિ નોકર્મનો સર્વથા અભાવ થયો હોવાથી, સર્વ સિદ્ધ પરમાત્મા પર્યાય દૃષ્ટિએ પણ સમાન છે. મુનિનો, મુનિદશાથી સીધો મોક્ષ થતો નથી. મુનિદશાથી અરિહંત તથા અરિહંત અવસ્થાથી જ મોક્ષ થાય છે. તમે સિદ્ધક્ષેત્ર પર વાંચ્યું હશે કે આ ભૂમિથી આટલા કરોડ મુનિ મોક્ષે ગયા છે. તેનો અર્થ પણ એમ જ સમજવો જોઈએ કે મુનિ મોક્ષમાં જતાં નથી પણ અરિહંત મોક્ષ પામે છે. સામાન્ય કેવળીની મુખ્યતાથી 'મુનિ' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે જ્યારે આત્મા સિદ્ધ દશા પામે છે, ત્યારે શરીર અહીં જ છોડી દે છે અને સિદ્ધશિલા પર લોકના અગ્રભાગ પર બિરાજમાન થાય છે. સિદ્ધક્ષેત્રનું મહત્વ એટલા માટે પણ છે કે આપણે જ્યારે એ ક્ષેત્ર પર ઊભા હોઈએ, ત્યારે તે ક્ષેત્રની બિલકુલ ઉપર મુક્ત પામેલા સિદ્ધ પરમાત્મા આજે પણ છે, તે અનુમાન દ્વારા વિચાર કરતાં સમજી શકાય છે. ગિરનાર પર્વતના લોકાગ્ર ભાગ પર આજે પણ નેમિનાથ ભગવાન સ્થિત છે. આત્મા સિદ્ધ દશા પામે ત્યારે ઉર્ધ્વગમન કરે છે. આત્મા એક સમયમાં સાત રાજુ ગમન કરીને લોકાગ્રે બિરાજમાન થાય છે, તે પણ કર્મોદયના નિમિત્ત વિના ! મોક્ષ થાય ત્યારે આડું ગમન કે ત્રાસું ગમન તો થતું જ નથી તથા મોક્ષદશા પામ્યા પછી ગમન પણ થતું નથી. તેથી દરેક સિદ્ધક્ષેત્રના લોકાગ્ર ભાગ પર મુક્ત થયેલા આત્મા આજે પણ બિરાજે છે તથા અનંત કાળ સુધી બિરાજમાન રહેશે.

મોક્ષને શાશ્વત પદ પણ કહેવાય છે, કારણ કે તે એકવાર પ્રગટ થયા પછી કયારેય પણ છૂટે નહિ તેવું શાશ્વત પદ છે. મોક્ષે જઈ શકાય છે પણ ત્યાંથી ફરી આ સંસારચક્રમાં પાછા આવી શકાતું

નથી. સાયકલની ટ્યુબમાં એક વાલ હોય છે, તે વાલના કારણે ટ્યુબમાં હવા ભરી શકાય છે પણ પાછી બહાર આવી શકતી નથી. તેવી રીતે મોક્ષગમન તો થાય છે પણ મોક્ષથી આગમન થતું નથી. **જ્ઞાનનું પરાધીનપણું છૂટી જતા સુખનું પરાધીનપણું પણ છૂટી જાય છે.** સિદ્ધ ભગવાન અનંતસુખ ભોગવે છે. સુખ ભોગવવું, એ આત્માનો સ્વભાવ છે; તેથી સુખને ભોગવવાનું છોડી દેવા માટે સદ્ગુરુનો ઉપદેશ નથી. પરપદાર્થમાંથી સુખ માનવાનું છોડીને સ્વભાવથી સુખ ભોગવવું દોષરૂપ નથી. તેથી કૃપાળુ દેવે કહ્યું છે કે, **'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લો ગમે ત્યાંથી ભલે'** અર્થાત્ જેમાં પર પદાર્થની રંચમાત્ર પણ અપેક્ષા ન હોય, એવો નિરાકુળ આનંદ તથા સુખ પોતાના સ્વભાવમાંથી પ્રગટ કરવા જોઈએ. સિદ્ધ ભગવાન અનંત સુખી છે, કારણ કે અનંતદુઃખના નાશ થવાથી પ્રગટ થયેલું સુખ પણ અનંત જ હોય છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''સિદ્ધ એટલે પૂર્ણ શુદ્ધ કૃતકૃત્યદશા. જેમાં કંઈ કરવાપણું નથી. પ્રથમ શુભાશુભ પરિણામની હીનાધિક અવસ્થા અને તેવી જ સ્થિતિવાળા દેહાદિ સંયોગ મળતા હતા; તે ઉપાધિભાવનું ફરી ગ્રહણ ન થાય એવા શુદ્ધ વીતરાગ-અબંધભાવ વડે તે જાતના પુરુષાર્થની સ્થિરતાથી, તે તે સંયોગનો વિયોગ થાય છે. જે પૂર્વ કર્મ સત્તામાં પડ્યાં છે તેની અબંધપૂર્વક નિર્જરા થાય, અને તેવી રીતે દેહાદિના સર્વથા વિયોગ સહિત મોક્ષસ્વભાવ પ્રગટે છે, અને 'નિજ અનંત સુખભોગ' ભોગવે. કોઈ એમ માને છે કે, મોક્ષમાં સ્વતંત્ર સ્વસત્તા નથી, એક અદ્વૈત જ છે, તેથી સમયે સમયે અનંત આનંદનો ભોગવટો નથી; કારણ કે અનુભવવું અને અનુભવનાર એ બે ભેદથી તો દ્વૈત થઈ જાય છે, માટે ત્યાં ભોગવવાપણું કંઈ નથી, એમ માનનાર મતાર્થીના મતનું નિરાકરણ 'નિજ અનંત સુખભોગ' ભોગવે છે એમ જણાવી અહીં કહ્યું છે.''*



❁

**હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;**
**કર્મો કાળ અનાદિના, શાથી છેદ્યાં જાય? ૯૨**

શિષ્ય પહેલા મોક્ષની સત્તાનો સ્વીકાર પણ કરતો ન હતો. પરંતુ હવે સદ્ગુરુના સમજાવવાથી તથા પોતાની યુક્તિના અવલંબનથી મોક્ષને સંભવ માને છે. તે કહે છે કે, મોક્ષ હોય પણ મોક્ષનો માર્ગ હોતો નથી. નાસ્તિરૂપે શંકા કરીને તે મોક્ષના માર્ગ વિશે સમાધાન ઈચ્છે છે. શિષ્ય કહે છે કે મોક્ષનો અવિરોધ ઉપાય હોતો નથી, કારણ કે અનાદિકાળથી બાંધેલા કર્મોને કેવી રીતે દૂર કરી શકાય? આત્માએ અનાદિકાળથી બંધાયેલા કર્મોને ભોગવવા પડે છે; તેને સંપૂર્ણ રીતે દૂર કર્યા વિના મુક્તિ મળતી નથી; તો તેને કેવી રીતે દૂર કરી શકાય? ખરેખર પૂર્વે બાંધેલા કર્મ ઉદય પામીને અથવા નિર્જરાના માધ્યમથી આત્મામાંથી દૂર થાય છે. **જીવને અનુકૂળતા તથા પ્રતિકૂળતા કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે, પરંતુ મોક્ષ કે મોક્ષમાર્ગ કર્મના ઉદયથી નહિ પણ કર્મોદયના અભાવથી પ્રગટ થાય છે.** અજ્ઞાની જીવને અનાદિકાળથી આજ સુધી, એક સમય

માટે પણ કર્મ રહિત દશા પ્રાપ્ત થઈ નથી. અજ્ઞાનીને ઔદારિક, વૈક્રિયિક વગેરે શરીરનો વિયોગ અનેક વાર થયો છે. પરંતુ કાર્મણ શરીર વિના જીવ એક પળ માટે પણ રહ્યો નથી. પૂર્વ દેહ છોડ્યા પછી તથા નવિન દેહને ધારણ કર્યા પહેલા વિગ્રહ ગતિમાં પણ જીવને તૈજસ તથા કાર્મણ શરીર હોય જ છે. શિષ્યને આત્માની નિત્યતાનો સ્વીકાર તો થયો છે, સાથે સાથે કર્મ અને આત્મા વચ્ચે અનાદિકાળથી એકક્ષેત્રાવગાહ બંધ થયો છે તેનો પણ નિર્ણય થયો છે. શિષ્યને આત્માના અપૂર્વ પુરુષાર્થનું ભાન નથી તેથી મોક્ષ સંબંધી શંકા કરે છે. તે એમ માને છે કે જેટલો કાળ કર્મબંધન માટે થયો, તેટલો કાળ કર્મની નિર્જરા માટે લાગશે. ખરેખર અનાદિકાળના કર્મબંધનને ટાળવાની શક્તિ શુદ્ધાત્મામાં નિત્ય રહેલી છે. **કર્મનો ક્ષય કરવા માટે કર્મ તરફ દૃષ્ટિ કરવાની કોઈ જરૂર નથી, કારણ કે કર્મ તરફ દૃષ્ટિ કરવાથી પુરુષાર્થ થતો નથી. તેથી સ્વભાવના લક્ષ્યે કર્મનો ક્ષય થાય છે.** શિષ્યને કર્મનો ક્ષય કરવો છે તેથી અત્યંત આતુરતાપૂર્વક કર્મક્ષય સંબંધી શંકા વ્યક્ત કરે છે. જેટલો સમય ઘરનું બાંધકામ કરવામાં લાગે છે એટલો કાળ ઘરને તોડવા માટે લાગતો નથી. તેવી રીતે જેટલો સમય કર્મબંધન થવામાં લાગે છે એટલો કાળ કર્મક્ષય માટે લાગતો નથી. પરંતુ શિષ્યને તે વિષયનું જ્ઞાન તથા શ્રદ્ધાન નહિ હોવાથી મોક્ષમાર્ગ સંબંધી અનેક પ્રકારની શંકા વ્યક્ત કરે છે. કર્મબંધનથી છૂટ્યા વિના અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થતું નથી. તેથી શિષ્ય બંધનથી છૂટવાનો ઉપાય જાણવા ઈચ્છે છે.

❁



**અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;**
**તેમાં મત સાચો કયો, બને ન એક વિવેક. ૯૩**

આ જગતમાં અનેક મત તથા દર્શન છે. તેઓ જુદા જુદા પ્રકારે મોક્ષનો ઉપાય બતાવે છે. તેમાના ક્યા મતને સાચો માનવો તેનો નિશ્ચય થઈ શકતો નથી; તેથી સદ્ગુરુ પાસેથી શિષ્ય પોતાની શંકાનું સમાધાન ઈચ્છે છે. મહદંશે લોકો તેને જ સાચો મત કહે છે, જેને પોતે પાળતો હોય અથવા તેના પરિવારમાં જે મત સાચો મનાતો હોય. જૈનદર્શન જ સત્ય છે એમ કહેવા માત્રથી, તેના **સત્યની સિદ્ધિ થઈ શકતી નથી.** તેથી કોને સત્ય દર્શન માનવું એવો શિષ્યનો પ્રશ્ન છે. આ જગતમાં, વર્તમાનમાં મત તથા દર્શનના ભેદ અનેક છે. પ્રત્યેક દર્શનમાં પેટા ભેદ પણ પુષ્કળ છે તથા દરેક પેટા દર્શનના ગુરુ પણ અનેક છે અને તે ગુરુના ઉપદેશમાં પણ ખૂબ જ વિસ્તાર હોવાથી ક્યા ગુરુને તથા ક્યા ઉપદેશને સત્ય માનવો જોઈએ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવની અપેક્ષાએ જુદા જુદા પ્રકારની ઉપદેશ શૈલી હોય છે. તેથી શિષ્યને પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવને અનુરૂપ શૈલીથી સત્ય સમજવાની જિજ્ઞાસા છે. શિષ્યને સત્ય દર્શનનો નિર્ણય થયો નથી, તે શિષ્યની કમજોરી છે પણ દરેક મતને સમજ્યા વિના સત્ય માની લેવા પણ તૈયાર નથી, તેથી સત્યની શોધ કરવાનો અભિલાષી છે; તે શિષ્યની મહાનતા છે. **સત્યને ન જાણવું, એમાં જ્ઞાનાવરણીય કર્મનો ઉદય નિમિત્ત છે તથા સત્ય જાણવાની જિજ્ઞાસા જ ન થાય, તેમાં મોહનીય કર્મનો ઉદય નિમિત્ત છે. જ્ઞાનીએ મોહના ઉદયને સંસાર પરિભ્રમણનું નિમિત્ત કારણ કહ્યું છે.** કુગુરુ, કુદેવ, કુધર્મ તથા કુશાસ્ત્રમાં સત્ય સ્વરૂપની કલ્પના કરી જીવ ગાંડાની

જેમ લેપાઈ રહ્યો છે. જો કે ગાંડો માણસ સાજો થઈ શકે છે પરંતુ સાજો માણસ ગાંડપણ કરે અથવા ગાંડો માણસ પોતાનું ગાંડપણ ન સ્વીકારે, તો ક્યારેય સાજો થતો નથી. તેવી રીતે અજ્ઞાની તેના અજ્ઞાન ભાવને દૂર કરીને જ્ઞાની થઈ શકે છે પરંતુ શાસ્ત્રના માધ્યમથી આત્મા તથા જગતના સ્વરૂપને જાણનારો અજ્ઞાની, જાણતો થકો પરપદાર્થમાં જોડાણ કરે અથવા પોતાના અજ્ઞાનનો સ્વીકાર જ ન કરે તો તે જ્ઞાની થઈ શકતો નથી. શિષ્ય પોતે નિર્ણય લઈ શકતો નથી, તેનું જ્ઞાન તેને હોવાથી વિવેક તો જાગૃત છે પરંતુ અજ્ઞાનને સ્વીકારવા માત્રનો વિવેક સાધકનું સાધ્ય નથી. જ્યારે સાધક સત્યને જાણે, ત્યારે જ ખરો વિવેક જાગ્યો; એમ કહેવાય. જે લોકો એમ માને છે કે, બધા ધર્મ સાચા છે; તેવા લોકો કરતાં અહીં શિષ્યની દશા ઘણી ઉત્કૃષ્ટ છે કારણ કે તેને એટલો નિર્ણય તો થયો છે કે **બધાં દર્શન સાચા હોતા નથી. કારણ કે રાગ તથા વીતરાગ બંને વિરોધીભાવ ધર્મ કે ધર્મનું કારણ પણ હોઈ શકે નહિ.** તેથી સત્ય ધર્મનો નિર્ણય આજે ન થાય તો હતાશ કે નિરાશ ન થવું જોઈએ. સત્યની શોધ ચાલુ રાખનારને, એક દિવસ સત્ય હાથમાં આવ્યા વિના રહેતું નથી. **જે માણસ ચાલતો જ નથી, તેના માટે એક મીટર અંતર પણ દૂર છે પણ જે પોતાના કદમ આગળ વધાવી રહ્યો છે, તેના માટે હજારો કિલોમીટરની દૂરી પણ નિકટ છે, તેવી રીતે જેને સત્યની શોધ માટે પ્રયત્ન પ્રારંભ કર્યો જ ન હોય, તેના માટે સત્ય ખુબ જ દૂર છે અથવા અસત્ય જ સત્ય છે પરંતુ પુરુષાર્થી જીવ નિશ્ચિતરૂપે સત્યને પામશે કારણ કે તેનો પુરુષાર્થ પ્રારંભ થઈ ચૂક્યો છે.**



**કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;**
**એનો નિશ્ચિય ન બને, ઘણાં ભેદ એ દોષ. ૯૪**

શિષ્યને શંકા છે કે કઈ જાતિથી મોક્ષ થાય તથા વેશથી મોક્ષ થાય ? જ્યાં સુધી તેનો નિશ્ચય ન થાય ત્યાં સુધી ઘણાં ભેદ ઉત્પન્ન થાય છે, જે દોષરૂપ છે. વર્તમાનમાં અનેક જીવ મુનિદશા ધારણ કરીને પણ જાતિ અને વેશ છોડતા નથી, તેથી શિષ્યને મોક્ષમાર્ગનું સત્ય સ્વરૂપ સમજવાની ઉત્કંઠા થવી યોગ્ય જ છે. દીક્ષા લીધા પછી પણ પોતાને જૈન માને તે પણ સાચા સાધુ નથી. કારણ કે આત્મજ્ઞાની મુનિ પોતાને જૈન નહિ પણ મનુષ્ય કે મુનિ પણ માનતા નથી. તેઓ શ્રદ્ધાનમાં તો પોતાને ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા જ માને છે. મોક્ષ મેળવવા માટે શરીર કઈ જાતિમાં જન્મેલું હોવું જોઈએ તથા શરીરના સંયોગોમાં મુખ્યરૂપે વેશ કેવો હોવો જોઈએ; તેવા પ્રકારની શંકાને શિષ્યએ સંક્ષેપમાં પૂછી છે કે કઈ જાતિમાં તથા ક્યા વેશથી મોક્ષ થાય છે ?

આ ગ્રંથની રચના થઈ હશે ત્યારે પણ કુળધારી ગુરુ તથા વેશધારી સાધુને પૂજવાની પરંપરા ચાલતી હશે. જેના કારણે શિષ્યને મોક્ષમાર્ગના સંદર્ભમાં જાતિ તથા વેશ સંબંધી પ્રશ્ન ઉઠ્યો છે. આ જગતમાં કોઈ શ્વેતાંબર તો કોઈ પીતાંબર વેશ ધારણ કરવાને મોક્ષમાર્ગ માને છે. કઈ નિશ્ચિત જાતિમાં જન્મ લેવાથી મોક્ષ પામી શકાય ? જો કે વર્તમાનકાળમાં જાતિ સંબંધી ભેદભાવ ઓછો થઈ રહ્યો છે અને ટૂંકા કપડાં પહેરવાનું પણ પ્રારંભ થઈ ગયું છે. એક દિવસ એવો પણ આવશે જ્યારે જાતિના કોઈ ભેદ નહિ હોય અને

કોઈ વ્યક્તિનું શરીર કપડાંથી ઢાંકેલું પણ નહિ હોય. જાતિનો ભેદ ટળી જવાથી તથા વેશ છૂટી જવાથી દરેક જીવ મોક્ષમાર્ગ પામી ગયા હશે એમ તેનો અર્થ ન સમજવો જોઈએ. કારણ કે મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે બાહ્ય ત્યાગની અનિવાર્યતા હોવા છતાં પણ, તેના માટે આંતરિક શુદ્ધિને પ્રધાનતા આપવામાં આવી છે. કોઈ પણ વ્યક્તિ ઊંચી જાતિમાં જન્મ લેવાની ઈચ્છા કરતો નથી કારણ કે, જન્મ તો થઈ ચૂક્યો હોવાથી તેની જાતિને બદલી શકાતી નથી પરંતુ પહેરવેશ ઊંચો જ પહેરવાની ઈચ્છા દરેક વ્યક્તિ કરે છે. એક દિવસ જ નહિ, દિન-પ્રતિદિન સારાં કપડાં પહેરી, કપડાંને લક્ષમાં રાખીને પોતાની બરાબરી બીજા સાથે કરે છે; તેથી શિષ્યએ અહીં વેશ સંબંધી પણ પ્રશ્ન પૂછ્યો છે. સફેદ વસ્ત્ર પહેરવાથી મોક્ષ મળતો હોય તો સફેદ કપડાં પહેરવાવાળા દરેક મિનિસ્ટરોને મોક્ષ મળવો જોઈએ કારણ કે તેઓ સફેદ કપડાં જ નહિ પણ ચપ્પલેય સફેદ પહેરે છે. તથા વસ્ત્રાદિ નહિ પહેરવાથી પણ મોક્ષ થતો હોય તો દરેક પશુ-પક્ષી નગ્ન છે તેથી દરેક પ્રાણીને મોક્ષ માનવો પડશે. આમ, શિષ્ય મોક્ષ પ્રાપ્તિનો ખરો ઉપાય જાણવાનો ઈચ્છુક છે. અહીં જાતિ અને વેશની મુખ્યતાથી મોક્ષમાર્ગ વિશે શિષ્યએ શંકા વ્યક્ત કરી છે, તેનું સમાધાન સદ્ગુરુ આગળ કરશે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''બ્રાહ્મણ કહે અમે ઊંચા, ક્ષત્રિય કહે અમે ઊંચા, એમ પોતાના કુળધર્મથી કલ્યાણ માને છે. બ્રાહ્મણ આદિ જાતિ પોતાને મોક્ષના*



*અધિકારી માને છે, પણ બ્રહ્મ આત્માનું સ્વરૂપ છે તેને જે સમજે, અને જ્ઞાનસ્વરૂપમાં સ્થિર રહે, તે જ્ઞાની સ્વયં બ્રાહ્મણ છે. હજારો વેશ અને હજારો મત-મતાંતર શિષ્યે જાણ્યાં છે, અને મત-મતાંતર કે પક્ષ આદિ ઘણાનો ખ્યાલ હોવાથી તે મત-મતાંતર કે પક્ષોમાં શું હોય છે, તે સદ્‌ગુરુ ભગવાન સમજાવે તો પોતાથી સમજાય તેમ છે. એમ શિષ્યને ખાતરી હોવાથી આ આશંકા રજૂ કરી છે. ગાથા ૯૩માં વિવેક કરવાની ભાવના છે અને આ ગાથા ૯૪માં નિર્ણય કરવાની ભાવના છે. અહીં તો એવો શિષ્ય છે કે જે એકાદ ભવમાં અપૂર્વ તૈયારી વડે ગુરુ સાથે જ મોક્ષ પામે.*

*જેને મોક્ષ જોઈતો હોય તેણે આવો વેશ અને આવી ક્રિયા કરવી પડશે, અમુક જાતની દેહની ક્રિયાથી કે પુણ્યથી આત્મા જાગે છે, એમ ઘણા મતાર્થીઓ માને છે; તો હે શ્રીગુરુ ! આત્મસ્વરૂપ ભગવાન ક્યા વેશથી પ્રસન્ન થતા હશે ? દંડ રાખવાથી કે છોડવાથી, જંગલમાં જવાથી, ધ્યાન કરવાથી કે બાહ્ય ત્યાગથી ? વગેરે જગતમાં ઘણા અભિપ્રાય છે તેમાં ક્યો મત સાચો હશે ? એ વગેરે આશંકા આ ગાથામાં શિષ્યે રજૂ કરી છે.''*

**તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ-ઉપાય;**
**જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય ? ૯૫**

શિષ્ય કહે છે કે જો મોક્ષનો માર્ગ ન હોય તો મોક્ષની મહિમાનું કંઈ મહત્વ રહેતું નથી. જીવાદિ છ દ્રવ્ય, સાત તત્ત્વ તથા નવ પદાર્થનું સ્વરૂપ જાણીને મોક્ષનો માર્ગ સિદ્ધ ન થતો હોય તો પૂર્વે પ્રાપ્ત કરેલું શાસ્ત્રજ્ઞાન અનુપયોગી સિદ્ધ થાય છે. મોક્ષ હોય પણ જો મોક્ષમાર્ગ

જ ન હોય તો મોક્ષ પણ નિરર્થક કહેવાશે. **સાધકને સાધ્યનું જ્ઞાન હોય પણ સાધ્ય સુધી પહોચાડનારા સાધનનું જ્ઞાન ન હોય તોય સાધ્યની સિદ્ધિ થઈ શકતી નથી. તેથી સાધકને સાધ્યની જેમ સાધ્ય પ્રાપ્તિના સાધનનું પણ જ્ઞાન હોવું અનિવાર્ય છે.**

શિષ્યએ પહેલા આત્મા સંબંધી શંકા કરતી ૪૮મી ગાથામાં કહ્યું હતું કે, 'માટે છે નહિ આત્મા, મિથ્યા મોક્ષ ઉપાય.' ત્યાં એમ કહ્યું હતું કે આત્માના અસ્તિત્વની સિદ્ધિ થતી નહિ હોવાથી, મોક્ષનો માર્ગ પણ મિથ્યા છે અર્થાત્ પહેલા પદની સિદ્ધિ ન થાય તો અંતિમ પદનું કોઈ પ્રયોજન રહેતું નથી. જ્યારે આ ગાથામાં મોક્ષમાર્ગ સંબંધી શંકા કરતા કહે છે કે જો મોક્ષમાર્ગ સિદ્ધ ન થાય તો આત્માને જાણવાથી આત્માનું કંઈ આત્મહિત થતું નથી. એટલે કે જો છઠ્ઠું પદ સિદ્ધ ન થાય, તો તેના પહેલા બતાવવામાં આવેલા પદને જાણવાનો કોઈ અર્થ નથી. **આમ, આત્મા સાધક, મોક્ષ સાધ્ય તથા મોક્ષમાર્ગ સાધન એમ ત્રણેય વિશેષોના અસ્તિત્વનો દઢ નિર્ણય થયા વિના આત્મસિદ્ધિ થઈ શકતી નથી.**

શિષ્યની શંકામાં જ સમાધાન છૂપાયેલું છે. જીવાદિ સાત તત્ત્વના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. રત્નત્રયની પ્રાપ્તિ એ જ મોક્ષમાર્ગની પ્રાપ્તિ છે. સદ્ગુરુએ સમજાવેલા જીવાદિ સાત તત્ત્વને જાણવાનું ફળ મોક્ષમાર્ગની પ્રાપ્તિ છે. સદ્ગુરુએ બતાવેલા તત્ત્વોપદેશને જીવનમાં અપનાવીને જ્યારે આત્મજ્ઞાન પ્રગટે ત્યારે સદ્ગુરુદેવનો આપણા પર ખરો ઉપકાર થયો એમ કહેવાય. આ ગ્રંથમાં અનેકવાર ઉપકાર શબ્દનો પ્રયોગ થયો છે. અજ્ઞાની ઉપકાર શબ્દનો પ્રયોગ



પોતાના દૈનિક જીવનમાં પણ કરતો હોય છે પરંતુ દરેક વ્યક્તિને પોતાનો ઉપકારી માનતો નથી. ખરેખર જીવાદિ તત્ત્વોના પ્રરૂપક ગ્રંથો આપણા પરમ ઉપકારી છે. મોક્ષમાર્ગમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુના ઉપકારનું મહત્વ અપાર છે. તેથી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુને મોક્ષમાર્ગમાં ઉપકારી તથા આત્માના હિતકારી સમજવા એ કાર્યકારી છે. જીવાદિ શબ્દમાં જ્ઞાન નથી પણ આત્મામાં જ્ઞાન છે. તેથી 'આત્મા' શબ્દમાં ગર્ભિત ભાવને પકડવા જોઈએ. જીવાદિ તત્ત્વને જાણવા છતાં મોક્ષ નહિ પ્રગટે તો પૂર્વે કરેલી મહેનત વ્યર્થ જશે તેથી શિષ્યને આત્મા કરતા મોક્ષ મેળવવાની તાલાવેલી વધી છે. એ જ કારણ છે કે આત્માર્થી કરતા મુમુક્ષુની સંખ્યા વધુ હોય છે.

❁

**પાંચે ઉતરથી થયું, સમાધાન સર્વાંગ;**
**સમજું મોક્ષઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬**

શિષ્યને પાંચ શંકાના ઉત્તરથી પુર્ણ સમાધાન થયું છે તથા છઠ્ઠા પદને પણ સમજવાની અત્યંત તાલાવેલી છે. 'ઉદય ઉદય સદ્ભાગ્ય' પરથી સમજી શકાય છે કે શિષ્યને સદ્ગુરુની તથા સદ્ગુરુ દ્વારા પ્રાપ્ત થયેલા સમાધાનની વચનાતીત મહિમા છે. પાંચ પદ સમજ્યા હોવાથી પાંચ પદની સમજણનો જ શિષ્ય સ્વીકાર કરે છે અને છઠ્ઠા પદની અજ્ઞાનતાને લીધે ઉત્પન્ન થતી શંકાનો પણ સ્વીકાર કરે છે. આ કાળમાં એવા પ્રામાણિક શિષ્ય પણ મળતાં નથી, કે જે પોતાની દશાને યથાર્થરૂપે ગુરુ સમક્ષ વ્યક્ત કરે. અહીં તો એક પદનો ઉત્તર મળે તો પાંચ પદના ઉત્તર પોતાની રીતે શોધવાની

કોશિશ કરતા હોય એવા જીવો પણ છે. તેઓ શાસ્ત્ર વાંચન કે ગુરુ વચન દ્વારા થોડું જ્ઞાન લઈને, પોતાને આત્મજ્ઞાની ઘોષિત કરતાં હોય છે. આ પદ પરથી આત્મસિદ્ધિ શાસ્ત્રના પાત્ર શિષ્યની પાત્રતાનું અનુમાન કરી શકાય છે.

આ કાળમાં એમ પણ બને છે કે પોતે જ સમજ્યા વિના બીજાને સમજાવવાનો પ્રયત્ન કરતા લોકો પોતાને અને બીજાને પણ વિકટ પરિસ્થિતિમાં મૂકી દે છે. સમજાવવાનો ભાવ કરવા કરતાં, પોતે સમજવું વધુ હિતકારી છે. **તત્ત્વનું સ્વરૂપ પોતે સમજવું, એ ધર્મ છે તથા પોતે સમજેલું સત્ય, અન્યને સમજાવવું, એ પુણ્ય છે. સમજવાનું ફળ મોક્ષ છે તથા સમજાવવાનું ફળ સ્વર્ગ એટલે સંસાર છે. સમજવાની ક્રિયા સ્વાધીન છે જ્યારે સમજાવવાની ક્રિયા પરાધીન છે. આત્માનો સ્વભાવ સમજવાનો છે, સમજાવવાનો નહિ, એવું સમજાવનાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી હતા.** આત્મસિદ્ધિ શાસ્ત્રના પહેલા જ પદમાં કહ્યું છે કે સ્વરૂપને સમજ્યા વિના આત્મા અનંત દુઃખી થયો છે. ત્યાં એમ નથી લખ્યું કે સ્વરૂપને સમજાવ્યા વિના આત્મા અનંત દુઃખી થયો છે. તેથી એમ સમજવું કે સમજાવવાનો આગ્રહ છોડીને સમજવાનો પુરુષાર્થ કરવો એ જ આત્મહિત કરવાનો એક માત્ર ઉપાય છે.

સામાન્ય અજ્ઞાની કરતા આ ગ્રંથના પાત્ર શિષ્યની દશા ઉત્કૃષ્ટ છે, કારણ કે તે તત્ત્વની સમજણ થવાને પુણ્યનો ઉદય માને છે. સાધારણ રીતે અજ્ઞાની ભૌતિક સાધનોની અનુકૂળતાના સદ્ભાવને તથા પ્રતિકૂળતાના અભાવને પુણ્યોદય માને છે. એવાં કેટલાંય માતા-પિતા હોય છે કે જેમના સંતાન જન્મથી કરોડપતિ હોય છે, પરંતુ તે સંતાનો બૌદ્ધિક દૃષ્ટિએ અતિ મંદ હોય છે. તે સંતાનોને પુણ્યના ઉદયથી બાહ્ય સાધનોની અનુકૂળતા તો મળી, પણ તીક્ષ્ણ બુદ્ધિ ન મળી. શિષ્યએ ઉદય શબ્દનો બે વાર પ્રયોગ કરીને તત્ત્વને સમજવાની જિજ્ઞાસાને વચન દ્વારા વ્યક્ત કરી છે. જેને તત્ત્વ સમજવાની રુચિ હોય, તેને જ્યાં સુધી તત્ત્વની સમજણ ન થાય, ત્યાં સુધી ચેન પડતું નથી. તે સત્યની શોધમાં વ્યસ્ત થઈ જાય છે. વિષયભોગના વિકલ્પો મંદ પડે છે. અંતરંગ પરિણામોની નિર્મળતા વિના તત્ત્વ સમજાતું નથી. ખરેખર, ભાગ્ય અર્થાત્ કર્મોદયનો નાશ થવો, એ જ સદ્ભાગ્ય છે. શિષ્યને મોક્ષનો માર્ગ જાણવો છે, માનવો છે તથા તે માર્ગ પર ચાલવું પણ છે. તેમાં જ શિષ્ય પોતાનું સદ્ભાગ્ય સમજે છે.



❁

**પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;**
**થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭**

પાંચ ઉત્તરથી આત્માની પ્રતીતિ થઈ હોવાથી, છઠ્ઠા મોક્ષના ઉપાય સંબંધી પદની પણ પ્રતીતિ થશે એમ કહીને સદગુરુએ શિષ્યના મનોબળને દૃઢ કર્યું છે. ખરેખર પહેલું પદ જ નહિ પણ પૂર્વે સમજાવેલાં પાંચેય પદ આત્માથી સંબંધિત હોવાથી, અહીં માત્ર આત્મા વિશે પ્રતીતિના વાત કહી છે. એટલું જ નહિ પરંતુ છઠ્ઠું પદ પણ આત્માથી જ સંબંધી છે, તેથી સદ્ગુરુને પણ એ વાતની પ્રતીતિ છે કે શિષ્યને પાંચ પદની પ્રતીતિ થઈ હોવાથી છઠ્ઠા પદની પણ

પ્રતીતિ થશે. શિષ્યની જિજ્ઞાસા તથા ઉત્કંઠા દેખીને સદ્ગુરુ આત્મવિશ્વાસ સાથે કહે છે કે શિષ્યને છઠ્ઠા પદની પણ પ્રતીતિ થશે. સદ્ગુરુ પોતાના શિષ્ય માટે દ્રઢતાપૂર્વક પ્રતીતિ થશે, એમ કહે છે, તે પણ શિષ્યની મહાનતા છે. કારણ કે આ કાળમાં એવા વિરલા ભાગ્યે જ કોઈ હોય છે કે જેને આત્માની સંપૂર્ણ પ્રતીતિ થશે જ, એમ સદ્ગુરુ કહી શકે. ખરેખર આ કાળમાં આ ભૂમિ પર સદ્ગુરુનો યોગ પણ દુર્લભ જ છે.

પહેલું જ પદ આત્માથી સંબંધિત છે, એમ ન સમજવું જોઈએ કારણ કે દરેક પદમાં આત્માની ચર્ચા આવે છે. તેથી અહીં એમ કહ્યું છે કે પાંચ ઉત્તરથી શિષ્યને આત્માની પ્રતીતિ થઈ છે. પરંતુ જ્યાં સુધી મોક્ષમાર્ગની પણ પ્રતીતિ ન થાય, ત્યાં સુધી આત્માની પૂર્ણ પ્રતીતિ થતી નથી. મોક્ષમાર્ગ આત્માનો અંશ છે અર્થાત્ સમ્યગ્દર્શન આત્માના શ્રદ્ધાગુણની પરિપૂર્ણ શુદ્ધ પર્યાય છે. પાંચ ઉત્તરથી થયેલી પ્રતીતિને સમ્યગ્દર્શન ન કહેવાય. **જ્યારે સંપૂર્ણ દ્રવ્ય, ગુણ તથા પર્યાયની પ્રતીતિ થાય ત્યારે સમ્યગ્દર્શન પ્રગટ થયું એમ કહેવાય.** શિષ્યને પાંચ શંકાનું સહજ સમાધાન થયું છે, તેથી શિષ્યને છઠ્ઠી શંકાનું પણ સહજ સમાધાન થશે. સહજનો અર્થ એ છે કે શિષ્યએ સમાધાન મેળવવા માટે પોતાનો મત જોડવાની જરૂર નથી.

**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર એ ત્રણેયની એકતા મોક્ષમાર્ગ છે.** અજ્ઞાની મોક્ષમાર્ગ સંબંધી સૌથી વધુ ભૂલો કરે છે. તેથી તેના વિશે પણ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. પાંચ પદ સમજ્યા છે તેથી છઠ્ઠું પદ પણ સમજાશે. જેવી રીતે એક વેપારીએ કોઈ બીજા



વેપારીને કુલ છ લાખ રૂપિયા ચૂકવવાના હોય અને પાંચ લાખ રૂપિયા ચૂકવાઈ ગયા હોય, ત્યારે જો લેણદાર વેપારી પૂછે કે, બાકી રહેલાં એક લાભ રૂપિયા ક્યારે ચૂકવશો ? ત્યારે પહેલો વેપારી કહેશે કે, 'તને છ લાખમાંથી પાંચ લાખ તો ચૂકવી દીધા છે, તો બાકી રહેલા એક લાખ પણ ચૂકવી દઈશ. તું મારા પર વિશ્વાસ રાખજે.'

તેવી રીતે સદ્ગુરુ અહીં શિષ્યને કુલ છ પદ સમજાવવા માંગે છે; તેમાંના પાંચ પદ તો શિષ્યને સમજાઈ ગયા છે, ત્યારે જો શિષ્ય એમ કહે કે, છેલ્લું પદ પણ સમજાવો તો મારૂં સદ્ભાગ્ય કહેવાશે. તેથી સદ્ગુરુ કહે છે કે તને છ પદમાંથી પાંચ પદ જેવી રીતે સમજાયા છે, તેવી રીતે બાકી રહેલું છઠ્ઠું પદ પણ પણ સમજાશે અને પ્રતીતિ પણ થશે. શિષ્યને કહે છે કે બસ, તું સદ્ગુરુ પર શ્રદ્ધા રાખજે. જે સદ્ગુરુએ પાંચ શંકાનું સમાધાન કર્યું છે, એ જ સદ્ગુરુ છઠ્ઠી શંકાનું પણ સહજ સમાધાન કરશે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*આ ૯૭મી ગાથામાં શ્રીગુરુએ આશીર્વાદ આપ્યો કે તને સમજાશે, અને તારું પરમ કલ્યાણ થશે, આવો આત્મધર્મનો મહિમા–તેનું વર્તમાનમાં પ્રગટ પ્રકાશિત રહેવું, એ જ વીતરાગ શાસનનો મહિમા છે, અને મુમુક્ષુઓના મહાભાગ્ય છે. સ્વરૂપ જેમ છે તેમ સમજીને, તે જાતનો પુરુષાર્થ જે કરે તે સદ્ગુરુનો ઉપકાર સ્વીકારી શકે અને સત્પુરુષના જ્ઞાનમાં તેનો સ્વીકાર થાય જ.*

**કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;**
**અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ. ૯૮**

અજ્ઞાનતાના કારણે કર્મબંધન થાય છે તથા શુદ્ધોપયોગી જ્ઞાની નિજસ્વભાવમાં લીન થઈને મોક્ષ પામે છે; તેની અંધકાર તથા પ્રકાશના દૃષ્ટાંતથી સિદ્ધિ કરી છે. આત્મા સંબંધી અજ્ઞાનને અહીં અજ્ઞાન કહ્યું છે, જ્યારે જ્ઞાની પોતાના આત્મામાં સ્થિત થાય છે ત્યારે મોક્ષભાવ પ્રગટે છે. ભાવકર્મને અજ્ઞાન કહીને ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્માથી ભાવકર્મને જુદા બતાવ્યા છે અને ભાવકર્મને ચેતનરૂપ કહ્યા હતા, તે જ વાતને અહીં જુદી અપેક્ષાએ પ્રસ્તુત કરી છે. સંસારભાવ તથા મોક્ષભાવને આત્માની પર્યાય કહીને, પર્યાય દૃષ્ટિએ આત્માની અશુદ્ધિ તથા શુદ્ધિનું જ્ઞાન કરાવ્યું છે. કર્મભાવ દ્રવ્યકર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ હોવાથી, આત્માના સ્વભાવથી જુદો છે. **જે ભાવ બંધનનું કારણ હોય, તે આત્માનો સ્વભાવ ન જ હોય.** જો સ્વભાવ જ બંધનનું કારણ બને તો જીવને ક્યારેય મુક્તિ ન મળે, કારણ કે સ્વભાવ તો દ્રવ્ય સાથે નિત્ય ટકીને જ રહે છે. અંધકાર અજ્ઞાન સમાન છે તથા જ્ઞાન પ્રકાશ સમાન છે. જ્ઞાનને પ્રકાશ સમાન કહીને પણ જ્ઞાનની મહિમા વર્ણાવી શકાતી નથી. પરંતુ અજ્ઞાનીની દૃષ્ટિમાં જે સૌથી મહિમાવંત હોય તેની સાથે જ્ઞાનની સરખામણી કરવામાં આવે છે. આ કાળમાં પ્રકાશ કે અંધકારની કોઈ ને કંઈ પડી નથી, દરેક વ્યક્તિને પ્રકાશ નહિ પણ પૈસો જ દેખાય છે, પછી ભલે દિવસ હોય કે રાત હોય - અજવાળું હોય કે અંધારૂં હોય. તેથી અજ્ઞાનીને સમજાવવા માટે જ્ઞાનને લક્ષ્મીની ઉપમા પણ આપવામાં



આવે છે. **દિવાળી પહેલા ધનતેરસ મનાવવામાં આવે છે. ખરેખર તે ધનતેરસ નથી પરંતુ ધ્યાનતેરસ છે. તે ધ્યાનતેરસ ભગવાન મહાવીરના શુક્લધ્યાનની મહિમા બતાવે છે. તે કાળમાં ધ્યાનરૂપી લક્ષ્મીની મહિમા વધુ હતી, આ કાળમાં ધનરૂપી લક્ષ્મી વધુ કિંમતી બની ગઈ તેથી લોકોએ ધનતેરસ ઉજવવાનું શરૂ કર્યું.** પહેલા લોકો આ દિવસે ધ્યાન કરતાં, સ્વરૂપનું ચિંતન કરતાં હતાં જેથી મહાવીર ભગવાને પ્રગટ કરેલી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને પોતે પણ પ્રગટ કરે. પરંતુ હવે વાત કંઈક જુદી જ છે. આજના યુગમાં આ દિવસે લોકો સોના-ચાંદીની વસ્તુ ખરીદવાને શુકન માને છે. જેથી ભગવાને ત્યાગેલી ધન-વૈભવરૂપી લક્ષ્મી સદા મળતી રહે. **ખરેખર, જ્ઞાન અને ધ્યાન સમાન કોઈ અન્ય નિજ આત્માના ઉપકારી નથી. જ્ઞાન આત્માનું સામર્થ્ય છે તથા સુખ આત્માનો વૈભવ છે.** અંધકારનો ક્ષય થતાં પ્રકાશનો ઉત્પાદ્ થાય છે, તેમાં સમયભેદ નથી. ઉત્પાદ્-વ્યય એક સમયમાં થાય છે, તેમ છતાં અંધકારના જવાથી પ્રકાશ આવતો નથી તથા પ્રકાશના આવવાથી અંધકાર જતો નથી. પ્રકાશ પોતાની યોગ્યતાથી આવે છે તથા અંધકાર પોતાની યોગ્યતાથી જાય છે. તેવો ઉત્પાદ્-વ્યયનો સ્વતંત્ર સ્વભાવ છે. એજ રીતે અજ્ઞાનનો વ્યય તથા જ્ઞાનનો ઉત્પાદ્, એક જ સમયે થાય છે. વ્યય પામતી અજ્ઞાનતા કે ઉત્પન્ન થતી જ્ઞાન દશા તરફ દૃષ્ટિ કરવાથી અજ્ઞાનનો નાશ કે જ્ઞાનનો ઉત્પાદ્ થતો નથી પરંતુ **ત્રિકાળી જ્ઞાયકભાવને એકત્વપૂર્વક દૃષ્ટિમાં લેતા અજ્ઞાનનો વ્યય તથા જ્ઞાનનો સહેજે ઉદય થાય છે.**

❁

**જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવ-અંત. ૯૯**

આત્માના કર્મબંધનનું કારણ તથા કર્મથી મુક્તિનું કારણ, આત્મા પોતે છે. કર્મ બંધનનું કારણ, પોતાના વિકારી અશુદ્ધભાવ તથા મોક્ષનું કારણ, પોતાના અવિકારી શુદ્ધભાવ છે. **વિકારી ભાવ અનાદિ-સાંત તથા અવિકારી ભાવ સાદિ-અનંત છે. વિકારી તથા અવિકારી ભાવોથી ભિન્ન ત્રિકાળી ધ્રુવ આત્મા અનાદિ-અનંત છે.** આ પદમાં પર્યાયની મુખ્યતાથી કથન કર્યું છે. કારણ કે, બંધ અને બંધનો માર્ગ તથા મોક્ષ અને મોક્ષનો માર્ગ પર્યાય છે. આયુષ્યકર્મના ઉદયથી જીવ ચાર ગતિમાં જન્મ તથા મરણ કરે છે. કર્મબંધનનું કારણ મન, વચન કે કાયા નહિ પરંતુ કષાયભાવ છે. મોક્ષમાર્ગ પ્રકાશમાં કહ્યું છે કે 'જેને બંધ ન કરવો હોય, તે કષાય ન કરે.' પ્રકૃતિબંધ તથા પ્રદેશબંધનું કારણ યોગ છે અને સ્થિતિબંધ તથા અનુભાગબંધનું કારણ કષાય છે. રાગ તથા દ્વેષ એમ બે પ્રકારે કષાયભાવ હોય છે. તેમાં રાગભાવ શુભ તથા અશુભ બે પ્રકારના હોય છે, જેને પ્રશસ્તરાગ તથા અપ્રશસ્તરાગ પણ કહેવાય છે. પરંતુ **દ્વેષભાવ તો નિયમથી અશુભરૂપ જ હોય છે. તેમાં શુભ અને અશુભના ભેદ હોતા નથી. તેથી એમ સમજવું કે શુભકાર્ય માટે કરવામાં આવેલો દ્વેષ પણ અશુભ જ છે.** જેમકે, સપ્ત વ્યસનનું સેવન કરવાનો ભાવ તો અશુભ છે જ, સાથે સાથે સપ્ત વ્યસનનું સેવન કરનાર પ્રત્યે દ્વેષભાવ કરવો તે પણ અશુભ છે. આમ, **બંધનના કારણોને સારી રીતે સમજવાથી મોક્ષનું કારણ પણ સરળતાથી સમજી શકાય છે.**



**બંધનનું કારણ કષાયભાવ છે, તેથી કષાયનો અભાવ થતા બંધનનો પણ અભાવ થાય છે. તેથી જિનેન્દ્ર ભગવાનનું પ્રથમ લક્ષણ વીતરાગતા કહ્યું છે.** પૂર્ણ વીતરાગતા પ્રગટ થતાં કર્મબંધન પણ ટળી જાય છે. આત્મા પૂર્વે બાંધેલા કર્મોનો પણ નિકટકાળમાં ક્ષય કરીને મોક્ષ પામે છે. આંશિક વીતરાગતા પ્રગટ થતાં આત્મા મોક્ષમાર્ગ પામે છે. મોક્ષમાર્ગ પામીને કાળાંતરે મોક્ષ પણ પામે છે. મોક્ષમાર્ગ સરળ તથા સહજ છે. પરંતુ મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે પોતે નિરંતર જાગૃત રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. જીવની જેટલી જાગૃતિ વધુ તેટલા મોક્ષમાર્ગ નિકટ છે, એમ સમજવું જોઈએ. મોક્ષમાર્ગ મળતાં ભવનો અંત પણ થાય છે. જેને સંસાર પરિભ્રમણનો થાક લાગ્યો નથી, તેને મોક્ષમાર્ગ પણ મળતો નથી. સંસાર દુઃખથી થાકેલા જીવોને મોક્ષમાર્ગ સમજાય છે. નવ તત્ત્વોને સમજવા એ જ મોક્ષમાર્ગ છે. અજ્ઞાનીજીવ કોઈ શાસ્ત્ર અથવા ગુરુ દ્વારા નવ તત્ત્વોના નામ જાણીને પોતાને પરથી ભિન્ન બતાવે છે પરંતુ અંતરંગમાં ભેદજ્ઞાન નહિ હોવાથી સમ્યગ્દર્શન એટલે મોક્ષપંથ પામતો નથી, તેથી તેના ભવચક્રનો અંત પણ થતો નથી.

❁

**રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;**
**થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦**

કર્મબંધન તથા સંસાર પરિભ્રમણનું મૂળ કારણ રાગ-દ્વેષ તથા અજ્ઞાન છે. રાગ-દ્વેષ એ આત્માના ચારિત્રગુણની વિકારી પર્યાય છે. અનંતાનુબંધી કષાય ચોકડી વગેરે કુલ ૨૫ કષાય આત્માનો

ચારિત્ર સંબંધી વિકાર છે. જ્યારે આત્માના જ્ઞાન ગુણની વિકારી પર્યાય અજ્ઞાન છે. જગતનું જ્ઞાન ન હોવાને અજ્ઞાન ન સમજવું. સદ્‌ગુરુને કેવળજ્ઞાન નહિ હોવાથી સર્વ જગતનું જ્ઞાન નથી પરંતુ જગતના સ્વરૂપની સમજણ હોવાથી કર્મબંધનથી નિવૃત્ત થયા છે અર્થાત્ તેમનો સંસાર કિનારો નજીક છે. અજ્ઞાન ત્રણ પ્રકારના સમજવા. ૧. જ્ઞાન રહિત ત્રિકાળ જડ પુદ્‌ગલાદિ દ્રવ્યો અજ્ઞાનરૂપ કહેવાય છે. ૨. આત્મજ્ઞાન રહિત મિથ્યાદ્રષ્ટીના જ્ઞાનને પણ અજ્ઞાન કહે છે. ૩. આત્મજ્ઞાન સહિત પરંતુ કેવળજ્ઞાન રહિત જ્ઞાન પણ અજ્ઞાનની શ્રેણીમાં આવે છે. અહીં તો જ્ઞાનના મિથ્યાપણાને અજ્ઞાન કહ્યું છે. સંશય, વિપર્યય તથા અનધ્યવસાય એમ અજ્ઞાનના મુખ્ય ત્રણ પ્રકાર કહ્યાં છે. તેનું વિશેષ વિવેચન તત્ત્વાર્થસૂત્ર ગ્રંથમાં કરેલ છે.

ખરેખર અશુભોપયોગ કે શુભોપયોગ કર્મબંધનનું મૂળ કારણ નથી તથા શુદ્ધોપયોગ નિર્જરાનું કારણ નથી. બંધન કે નિર્જરાનું પ્રધાન કારણ પરિણતિ છે. અશુદ્ધ પરિણતિ અર્થાત્ રાગ-દ્વેષથી કર્મબંધન થાય છે. શુદ્ધ પરિણતિ અર્થાત્ વીતરાગતાથી કર્મ નિર્જરા થાય છે. **જ્ઞાનીનો ઉપયોગ સ્વભાવમાં સ્થિત હોય કે પરભાવમાં પ્રવર્તતો હોય, પણ કર્મ નિર્જરાનું કારણ શુદ્ધ પરિણતિ છે.**

જેટલી પરિણતિની શુદ્ધિ વધુ હોય તેટલી કર્મની નિર્જરા વધુ થાય. તથા જેટલી પરિણતિ અશુદ્ધ થાય તેટલું કર્મ બંધન પણ વધુ સમજવું. મિથ્યાદષ્ટીને શુભભાવના કાળે પણ અશુદ્ધ પરિણતિના કારણે કર્મબંધન થાય છે જ્યારે ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટીને હિંસાદિ પાપરૂપ અશુભોપયોગના કાળે પણ શુદ્ધ પરિણતિ પ્રગટેલી



હોવાથી કર્મની નિર્જરા થાય છે. મિથ્યાદષ્ટીને વીતરાગ-ભાવરૂપ પરિણતિની શુદ્ધિ નહિ હોવાથી શુભોપયોગના કાળે પણ કર્મ બંધન થાય છે. જ્યારે અવિરત સમ્યગ્દષ્ટીને અનંતાનુબંધી કષાય ચોકડીના અભાવપૂર્વક સ્વરૂપાચરણ ચારિત્રરૂપ વીતરાગ પરિણતિના કારણે અશુભોપયોગના કાળે પણ કર્મનિર્જરા થાય છે.

છઠ્ઠા ગુણસ્થાનવર્તી ભાવલિંગી મુનિને શુભોપયોગ હોવા છતાં, પંચમ ગુણસ્થાનવર્તી શુદ્ધોપયોગી શ્રાવક અથવા મુનિ કરતાં પણ કર્મની નિર્જરા વિશેષ થાય છે. કારણ કે છઠ્ઠા ગુણસ્થાનવર્તી શુભોપયોગી મુનિને, ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક સકલ ચારિત્રરૂપ વીતરાગી પરિણતિ વર્તે છે. જ્યારે શુદ્ધોપયોગમાં સ્થિત હોવા છતાં, પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક અથવા મુનિને, બે કષાય ચોકડીના અભાવપૂર્વક દેશચારિત્ર હોવાથી, સકલચારિત્રવાન શુભોપયોગી મુનિ કરતાં ઓછી નિર્જરા થાય છે. આમ, કર્મબંધનનું કારણ, આત્મામાં ઉત્પન્ન થતા રાગ-દ્વેષ છે તથા સમજણના અભાવ અને પુરુષાર્થની કમજોરીથી રાગ-દ્વેષ થતાં હોવાથી અજ્ઞાનને પણ કર્મબંધનનું કારણ કહેવામાં આવે છે.

સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ્ઞાન તથા ચારિત્ર સહજરૂપે સમ્યગ્પણે પરિણમે છે. તેથી કર્મબંધનની નિવૃત્તિનું મૂળ કારણ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્‌ચારિત્રની એકતામય મોક્ષમાર્ગ છે. કર્મરહિત પરિપૂર્ણ શુદ્ધ દશાનું તથા અતીન્દ્રિય આનંદનું કારણ હોવાથી સમ્યગ્દર્શન એ આત્માનો અમૂલ્ય તથા અલૌકિક છે.

**આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;**
**જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧**

આત્મસ્વરૂપને સમજ્યા વિના, મોક્ષ તો શું મોક્ષમાર્ગ પણ પ્રગટ થતો નથી. તેથી અહીં આત્મસ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આત્મા સત્ સ્વરૂપ છે. આત્માનું સત્ લક્ષણ આત્માના અસ્તિત્વનું સૂચક છે. આત્માના જ્ઞાન સ્વભાવનો પ્રકાશક ચૈતન્ય ગુણ પણ સત્ સ્વરૂપ હોવાથી નિત્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી આત્માર્થી જીવોને પોતાના હસ્તાક્ષરે 'ૐ સહજ ચિદાનંદ' લખી આપતા. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ એ આત્માનો સામાન્ય ગુણ છે. તથા ચૈતન્યપણું એ આત્માનો વિશેષ ગુણ છે. સામાન્ય ગુણના માધ્યમથી દ્રવ્યના અસ્તિત્વનો નિર્ણય થાય છે તથા વિશેષ ગુણના માધ્યમથી એક દ્રવ્યને અન્ય દ્રવ્યથી, કેવા પ્રકારે ભિન્નતા છે, તેનું જ્ઞાન થાય છે. આત્મામાં એક સત્ નામનો જ સામાન્ય ગુણ કે ચૈતન્ય નામનો જ વિશેષ ગુણ નથી. કારણ કે દ્રવ્યમાં એક સાથે અનેક સામાન્ય ગુણ તથા અનંત વિશેષ ગુણ હોય છે. તેમ છતાં સામાન્ય ગુણોમાં અસ્તિત્વગુણ તથા આત્માના વિશેષ ગુણોમાં ચૈતન્યગુણ, પ્રથમ ક્રમે હોવાથી, આ પદમાં સત્ અને ચૈતન્યને મહત્વ આપ્યું છે.

આત્માને એકલા સત્ સ્વરૂપે અથવા એકલા ચૈતન્યરૂપે માનવાથી, સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. આત્માને એકત્વપૂર્વક સત્ અને ચૈતન્ય વગેરે અનંતગુણોનો પિંડ એક માનવાથી આત્મપ્રતીતિ અથવા મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. તત્ત્વાર્થસૂત્રના પ્રારંભમાં જ



સમ્યગ્દર્શનની પરિભાષા બતાવતા કહ્યું છે કે '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**' અર્થાત્ સાત તત્ત્વની તથા અર્થની સાચી શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવાય છે. સાત તત્ત્વની શ્રદ્ધા થવાથી વસ્તુ સ્વરૂપની પ્રતીતિ થાય છે પરંતુ માત્ર તત્ત્વની પ્રતીતિમાં ભેદજ્ઞાનનો સમાવેશ થતો નથી. તત્ત્વની શ્રદ્ધા એ વાતને બતાવે છે કે 'આત્મા જ્ઞાન સ્વભાવી છે.' અર્થની શ્રદ્ધા એમ બતાવે છે કે 'હું આત્મા છું' જ્યારે તત્ત્વાર્થની શ્રદ્ધા થતા આત્મા એમ માને છે કે, 'હું જ્ઞાનાનંદ સ્વભાવી આત્મા છું.' તત્ત્વાર્થ શ્રદ્ધાન થવાથી આત્માના સ્વભાવની શ્રદ્ધા સહિત એકત્વ થાય છે. આત્મા જ્ઞાનનો ઘનપિંડ છે. આત્મામાં અજ્ઞાનતા નથી તથા જે પર્યાયમાં અજ્ઞાનતા છે, તે પર્યાય તરફ દૃષ્ટિ કરવાથી આત્માનુભવ થતો નથી. આત્માનો સ્વભાવ તો શુદ્ધ જ છે. ચૈતન્યપણું આત્માનો ગુણ છે. જાણવું તથા દેખવું એ આત્માનો સ્વભાવ છે. સ્વભાવ દૃષ્ટિએ આત્મા માત્ર જાણે છે પરંતુ પરને એકત્વપૂર્વક જાણનાર અજ્ઞાનભાવ એ આત્માનો સ્વભાવ નથી.

જ્ઞાનમાં જ્ઞેય જણાય તો છે પરંતુ જ્ઞેયોનો જ્ઞાનમાં પ્રતિભાસ થવાથી, આત્મા તે જ્ઞેયોનો સ્વામી થઈ જતો નથી. કોઈ વ્યક્તિ પોતાના હાથમાં દર્પણ લઈને ઘરની બહાર નીકળે અને જેટલા પદાર્થો દર્પણમાં પ્રતિભાસે, તે પદાર્થો દર્પણના કે દર્પણના માલિક વ્યક્તિના થઈ જતા નથી. તેવી રીતે જ્ઞાનમાં જ્ઞેયોના જણાવાથી જ્ઞેયો જ્ઞાનમાં મળી જતા નથી. જ્ઞેયોના જ્ઞાનમાં જણાવાથી તે જ્ઞેયો આત્માના થઈ જતા નથી. જ્ઞાની, જ્ઞેયોને જ્ઞેયરૂપે જાણીને પોતાના ચૈતન્યજ્ઞાન સ્વભાવના આશ્રયે આત્માનુભૂતિ કરીને મુક્તિ પામે છે.

❁

**કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ;**
**તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. ૧૦૨**

આત્મામાં ઉત્પન્ન થતાં રાગાદિ વિકારીભાવોને ભાવકર્મ કહે છે. ભાવકર્મના નિમિત્તથી, જે પૌદ્‌ગલિક કાર્મણવર્ગણાનો આત્મા સાથે સ્વયં સ્વતઃ એકક્ષેત્રાવગાહ સંબંધ થાય, તેને દ્રવ્યકર્મ કહે છે. તથા દ્રવ્યકર્મના ઉદયના નિમિત્તથી મળતાં શરીરને નોકર્મ કહે છે. આ પદમાં દ્રવ્યકર્મની મુખ્યતાથી કથન કરવામાં આવ્યું છે. દ્રવ્યકર્મ તથા નોકર્મ, રૂપી છે, કારણ કે તે પુદ્‌ગલની પર્યાય છે જ્યારે ભાવકર્મ અરૂપી છે, કારણ કે તે આત્માની વિકારી પર્યાય છે.

અનંત પ્રકારના ભાવોના નિમિત્તથી બંધાયેલા દ્રવ્યકર્મ પણ અનંત પ્રકારના હોય છે; તેથી અનંત કર્મ તો કેવળજ્ઞાનનો વિષય છે. તેમ છતાં, તે કર્મનું સ્થૂળ સ્વરૂપ છદ્મસ્થ પણ સમજી શકે છે. આત્મપ્રદેશ પર બંધાયેલા દ્રવ્યકર્મ, પુદ્‌ગલ સ્કંધોની પર્યાય છે. લોકાકાશનો એવો, કોઈ આકાશ પ્રદેશ નથી, કે જ્યાં કાર્મણવર્ગણા રહેલી ન હોય. કર્મના કાર્યની અપેક્ષાએ, કર્મના મુખ્ય આઠ પ્રકાર કહ્યા છે. બંધન થયા પહેલા, તે સ્કંધો માત્ર કાર્મણવર્ગણા કહેવાય છે તથા તે કાર્મણવર્ગણામાં કોઈ ભેદ હોતા નથી. જ્યારે કાર્મણ-વર્ગણા આત્માના વિકારીભાવોનું નિમિત્ત પામીને, કર્મરૂપે પરિણમે છે, ત્યારે મુખ્ય આઠ પ્રકારના કર્મોના, કોઈ વિશિષ્ટ ભેદરૂપે વહેંચાય જાય છે. મુખ્ય આઠ પ્રકારના દ્રવ્યકર્મમાં પણ બે ભેદ છે. ઘાતિકર્મ તથા અઘાતિકર્મ. કેટલાટ લોકો એમ કહે છે કે આત્માના ગુણોનો ઘાત કરે તે ઘાતિ તથા આત્માના ગુણોનો ઘાત ન કરે તે અઘાતિકર્મ.



પરંતુ ખરેખર એમ હોતું નથી. કારણ કે આત્માની અશુદ્ધિમાં સહાયક ન હોય તો, તેને કર્મ નામ પણ મળતું નથી. તેથી સાર એમ સમજવો કે, **જે આત્માના અનુજીવી ગુણોની પર્યાયની અશુદ્ધિનો ઘાત થવામાં નિમિત બને, તેને ઘાતિકર્મ કહેવાય તથા જે કર્મ આત્માના પ્રતિજીવી ગુણોની શુદ્ધ પર્યાયનો ઘાત થવામાં નિમિત બને, તેને અઘાતિકર્મ કહેવાય.** અહીં એમ સમજવું કે કોઈ પણ કર્મ આત્માના ગુણોનો ઘાત કરતા નથી તથા કરી શકતા પણ નથી. જ્યારે જીવ પોતાના પુરુષાર્થની કમજોરીથી અશુદ્ધ પર્યાયરૂપે પરિણમન કરે છે, ત્યારે દ્રવ્યકર્મના ઉદયને નિમિત્ત કારણ કહેવામાં આવે છે.

ઘાતિકર્મમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય તથા અંતરાય એમ ચાર પ્રકાર હોય છે તથા અઘાતિકર્મમાં વેદનીય, આયુ, નામ તથા ગોત્ર એમ ચાર ભેદ કહ્યા છે. આઠ કર્મોમાં એક માત્ર મોહનીય સમસ્ત કર્મબંધનનું મૂળ છે. કર્મક્ષયની વિધિમાં મોહનીય કર્મનો ક્ષય સર્વ પ્રથમ થાય છે. મોહનીય કર્મને રાજા તથા મોહનીય સિવાયના બાકીના સાત કર્મોને પ્રજા તરીકે ઓળખવામાં આવે છે. મોહનીયકર્મ સિવાયના બધા કર્મોનો ઉદય હોય તો પણ, આત્મજ્ઞાન થઈ શકે છે પરંતુ મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાય એમ મોહનીય કર્મના ઉદય કાળે મોક્ષમાર્ગ હોતો જ નથી. તેથી મોક્ષમાર્ગ ઈચ્છુક જીવે સર્વપ્રથમ મોહનીય કર્મના અભાવનો પુરુષાર્થ કરવો જોઈએ. કૃપાળુદેવ પોતાનો ભાવ વ્યક્ત કરતાં કહે છે કે 'મોહનીયકર્મનો ક્ષય કેવી રીતે થાય તેની કળા અહીં બતાવીશ.'

❁

**કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩**

દ્રવ્યકર્મના આઠ ભેદમાંથી મોહનીયકર્મને બે પ્રકારના કહ્યા છે. (૧) દર્શન મોહનીય તથા (૨) ચારિત્ર મોહનીય. અહીં દર્શન મોહનીય કર્મ, આત્માના દર્શન ગુણનો ઘાત નહિ પરંતુ શ્રદ્ધા ગુણની શુદ્ધ પર્યાયના ઘાતમાં નિમિત્ત કહેવાય છે તથા ચારિત્ર મોહનીયકર્મ આત્માના ચારિત્ર ગુણની શુદ્ધ પર્યાયનો ઘાત થવામાં નિમિત્ત કહેવાય છે. મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે માત્ર મોહનીય કર્મને તથા મોક્ષ પ્રાપ્તિ માટે આઠેય કર્મોને નિમિત્તરૂપે બાધક કહેવામાં આવે છે.

ગુણસ્થાનની દૃષ્ટિએ વિચાર કરતા એકથી બાર ગુણસ્થાન મોહની મુખ્યતાથી કહ્યાં છે. પહેલા ગુણસ્થાનનું નામ મિથ્યાત્વ છે તથા બારમા ગુણસ્થાનનું નામ ક્ષીણમોહ છે. આમ, પહેલું ગુણસ્થાન દર્શનમોહનીય તથા બારમું ગુણસ્થાન ચારિત્રમોહનીયની મુખ્યતાથી વિભાજિત થયેલ છે. **દર્શનમોહનીયનો અભાવ એક સમયમાં થાય છે જ્યારે ચારિત્રમોહનીય કર્મનો અભાવ ક્રમે-ક્રમે થાય છે.**

**દર્શન મોહના ઉદયથી જીવને અતત્ત્વ શ્રદ્ધાન થાય છે તથા ચારિત્ર મોહના ઉદયથી રાગ-દ્વેષ થાય છે.** આમ, મોહ-રાગ-દ્વેષરૂપી વિકારી ભાવોનું નિમિત્ત કારણ, મોહનીયકર્મનો ઉદય સમજવો. બોધ એટલે આત્મજ્ઞાન. જ્યારે આત્મજ્ઞાન થાય ત્યારે, દર્શન મોહનીયકર્મનો ઉપશમ વા ક્ષય વા ક્ષયોપશમ અંતરંગ નિમિત્ત કહેવાય છે તથા જ્યારે વીતરાગતા પ્રગટ થાય ત્યારે, ચારિત્ર મોહનીય કર્મના ઉદયનો



અભાવ થાય છે. આમ, **શ્રદ્ધા તથા ચારિત્ર ગુણની શુદ્ધ પર્યાયમાં બાધકરૂપ એવા મોહનીય કર્મને, સંસારનું કારણ કહ્યું છે, પણ જ્ઞાનાવરણીય કર્મને સંસાર પરિભ્રમણનું કારણ કહ્યું નથી.** કારણ કે, ક્ષયોપશમજ્ઞાન ઓછું હોય કે વધુ હોય, મોક્ષમાર્ગમાં જ્ઞાનની પ્રધાનતા નથી. દ્રવ્યલિંગી મુનિરાજ અગ્યાર અંગ તથા નવ પૂર્વના જ્ઞાની હોવા છતાં મિથ્યાદૃષ્ટી રહી જાય છે, જ્યારે ચકલીને આત્મા વગેરે સાત તત્ત્વના નામ પણ આવડતા ન હોય તો પણ સમ્યગ્દૃષ્ટિ થઈ શકે છે. **આમ, ક્ષયોપશમજ્ઞાન અને આત્મજ્ઞાન બંને ભિન્ન-ભિન્ન વસ્તુ છે.**

શ્રદ્ધાનની મુખ્યતાથી એમ કહ્યું છે કે **'दंसण मूलो धम्मो'** અર્થાત્ સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે તથા ચારિત્રની મુખ્યતાથી **'चरितं खलु धम्मो'** અર્થાત્ 'ચારિત્ર જ ખરો ધર્મ છે.' સદ્ગુરુ પોતે મોક્ષમાર્ગી છે, તેથી મોક્ષમાર્ગ વિશે નિઃશંકતાથી આત્મજ્ઞાન અને વીતરાગતા પર વિશેષ મહત્વ આપે છે. અનુભવીનો અનુભવ, પ્રમાણ હોવાથી અનુભવપૂર્વક બતાવેલા ઉપદેશનો પણ સ્વીકાર કરવો જોઈએ.

આત્મસિદ્ધિ શાસ્ત્ર માત્ર શુદ્ધ આત્માની સિદ્ધિ જ નહિ પણ કર્મની સિદ્ધિ તથા તેના સ્વરૂપ અને ભેદ વિશે પણ સમજણ આપે છે. આમ, અહીં દ્રવ્યાનુયોગ સાથે કરણાનુયોગનો પણ સમન્વય કરવામાં આવ્યો છે.

❀

**કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;**
**પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ? ૧૦૪**

કર્મબંધનનું કારણ કષાય ભાવ છે. સમ્યગ્દર્શન તથા આત્મજ્ઞાન વિના કષાયભાવનો અભાવ થતો નથી. ક્રોધ, માન, માયા તથા લોભ આ ચાર પ્રકારના કષાય, કર્મબંધનના કારણો છે. ક્રોધ સાથે પ્રયુક્ત 'આદિ' શબ્દ ક્રોધ સિવાયના અન્ય કષાય તથા નોકષાય-ભાવનો સૂચક છે. આ કષાય આત્માના શત્રુ છે. આત્માના અહિતકારી છે. આત્મિક સુખની પ્રાપ્તિમાં આત્મા માટે બાધક છે. જેવી રીતે આગને આગથી ઓલાવી શકાતી નથી. આગને ઓલાવવા પાણીની જરૂર પડે છે, તેવી રીતે ક્રોધને ક્રોધથી શમાવી શકાતો નથી. ક્ષમા-ગુણ વડે ક્રોધ સહજ શમી જાય છે તેથી ક્ષમાદિ ગુણોનું પ્રયોજન બતાવી, ગુણોને પ્રગટ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

ક્ષમા, કોમળતા, સરળતા તથા પવિત્રતા, એ ચાર કષાયના અભાવપૂર્વક પ્રગટ થતી, આત્માના ચારિત્રગુણની શુદ્ધ પર્યાય છે. ક્રોધાદિ ભાવો કર્મબંધનનું કારણ છે તેથી એમ સમજવું જોઈએ કે ક્ષમાદિક ભાવો કર્મબંધનથી મુક્ત થવાનો ઉપાય છે. ક્ષમાદિક શુદ્ધ પર્યાય, અવિરત સમ્યગ્દૃષ્ટીને ગૌણરૂપે પ્રગટ હોય છે તથા ભાવલિંગી સાધુને મુખ્યરૂપે પ્રગટેલી હોય છે.

કોઈ જીવને, ક્રોધના અભાવપૂર્વક ક્ષમા પ્રગટ થઈ હોય પરંતુ માનના અભાવપૂર્વક કોમળતા પ્રગટ ન થઈ હોય, એમ બનતું નથી. મિથ્યાદૃષ્ટીને જે સમયે મિથ્યાત્વનો અભાવ થાય છે તે જ ક્ષણે



અનંતાનુબંધી કષાય ચોકડીનો અભાવ થાય છે. તે અપેક્ષાએ એમ કહેવાય છે કે સમ્યગ્દર્શન સાથે સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર પ્રગટ થાય છે.

લોકવ્યવહારમાં પણ મંદકષાયી અનેક વિકટ પરિસ્થિતિથી બચતો દેખવામાં આવે છે. જ્યારે કષાયભાવ મંદ હોય છે ત્યારે આકુળતા પણ મંદ થાય છે. આકુળતા મંદ થવાથી દુઃખ પણ મંદ પડે છે, એવો પ્રત્યક્ષ અનુભવ થતો હોય છે. જો મંદ આકુળતાથી મંદ દુઃખ થતું હોય, તો આકુળતાના અભાવથી પૂર્ણ દુઃખનો પણ અભાવ માનવો જોઈએ. અજ્ઞાની જીવ ક્ષમા માંગતા અચકાય છે જ્યારે જ્ઞાનીને ક્ષમા માંગવામાં કે ક્ષમા આપવામાં કોઈ અચકાટ નથી. કારણ કે જ્ઞાની જાણે છે કે ક્ષમાદિ ગુણો આત્માનો ધર્મ છે, તેથી ધર્મ પાળવામાં અચકાવું જોઈએ નહિ. જેને આત્માની રુચિ હોય છે તેને આત્માના વીતરાગી ધર્મની પણ રુચિ હોય છે.

'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' આ સૂત્ર લોકવ્યવહારમાં પણ પ્રચલિત છે. તેનો અર્થ માત્ર એટલો ન લેવો કે ક્ષમા જ વીરનું આભૂષણ છે. ત્યાં ક્ષમા, કોમળતા, સરળતા તથા પવિત્રતા વગેરે સર્વ સદ્ગુણોને વીરના આભૂષણ સમજવા. કષાયભાવનો અભાવ થયા પહેલા જીવને એ નિર્ણય થાય છે કે આ ક્રોધાદિ કષાયભાવો આત્માના અહિતકારી છે તથા ક્ષમાદિ પવિત્રતા વિના આત્માનું હિત થઈ શકે નહિ; એ સત્યનો નિ:સંદેહ સ્વીકાર કરવાથી જીવમાં મોક્ષમાર્ગ પર ચાલવાની પાત્રતા પ્રગટે છે.

❀

**છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;**
**કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫**

જે જીવ, કોઈપણ મત કે દર્શનનો આગ્રહ તથા વિકલ્પ છોડીને વીતરાગી પ્રભુએ બતાવેલો આ મોક્ષમાર્ગ સાધશે, તે જીવના જન્મ અલ્પ રહેશે અર્થાત્ અલ્પકાળે તે જન્મ-મરણથી રહિત થઈ મોક્ષ પામશે. કોઈ પણ મત કે દર્શનનો ભેદ જૈનદર્શનમાં નથી. **જૈનદર્શન જન-જનનો ધર્મ છે. ધર્મ પાળનાર જૈન છે. 'જન' શબ્દમાં બે માત્રા લગાવવાથી 'જૈન' શબ્દ બને છે. તે બે માત્રમાં પહેલી માત્રા અંતરંગ પરિગ્રહના ત્યાગપૂર્વક પ્રગટ થયેલી આંતરિક શુદ્ધિ તથા બીજી માત્રા બહિરંગ પરિગ્રહના ત્યાગપૂર્વક પ્રગટ થયેલી બાહ્ય શુદ્ધિની સૂચક છે. આમ, જે જનનું જીવન અંતરંગ તથા બાહ્ય બંનેરૂપે શુદ્ધ થયું હોય, તે જન 'જૈન' કહેવાય છે. સાર એ છે કે જૈનદર્શન આગ્રહ છોડાવી ભેદથી અભેદ તરફ લઈ જાય છે.**

તેથી કોઈ પણ જીવ મત તથા આગ્રહ છોડીને જૈન થઈ શકે છે. જૈન મત સિવાય અન્યમતીને સમ્યગ્દર્શન થતું નથી તથા જ્યાં સુધી પોતાને જૈનમતી માને છે ત્યાં સુધી પોતાને આત્મા માનતો નહિ હોવાથી જે જીવ જૈનમતનો પણ આગ્રહ છોડીને જ્યારે પોતાને માત્ર આત્મા માને છે, ત્યારે તેને આત્મજ્ઞાન થાય છે.

પાહુડ દોહામાં કહ્યું છે કે –

छहदंसणगंथि बहुल अवरुप्परु गज्जंति ।
जं कारणु तं इक्कु पर विवरेला जाणंति ।।२५।।



''ષટ્દર્શનના ગ્રંથ એક-બીજા પર ખૂબ ગરજે છે. તે બધાથી જુદું જે મોક્ષનું કારણ છે. તેને તો કોઈ વિરલા જ જાણે છે.''

એક વાત નિશ્ચિત છે કે વીતરાગી પ્રભુએ બતાવેલા માર્ગ પર ચાલ્યા વિના મોક્ષ તો શું, મોક્ષમાર્ગ પણ મળતો નથી. વીતરાગતા પ્રગટ થયા વિના મોક્ષમાર્ગ મળતો નથી. વીતરાગી દેવ કે ગુરુના ઉપદેશ વિના પોતાની મેળે જ વીતરાગી થઈ શકાતું નથી. અહીં એમ લખ્યું છે કે 'કહ્યો માર્ગ આ સાધશે' પરંતુ એમ નથી લખ્યું કે, 'કહ્યો માર્ગ આ સાંભળશે' કારણ કે વીતરાગતાનું વર્ણન સાંભળીને વીતરાગતા પ્રગટ થતી નથી પરંતુ મોક્ષમાર્ગ તથા મોક્ષમાર્ગના કારણરૂપ આત્માને સમજવાથી વીતરાગતા પ્રગટ થાય છે. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચન દરમ્યાન અવાર-નવાર કહેતા કે, 'સમજાણું કાંઈ ?' ત્યારે કેટલાક શ્રોતા કહેતા 'જી પ્રભુ, બધું સંભળાયું' ત્યારે ગુરુદેવ કહેતા કે **માત્ર સાંભળવાથી આત્મહિત થતું નથી, સમજવાથી આત્મ કલ્યાણ થશે.** તેથી એકલું સાંભળવામાં જ સંતોષ ન માની બેસો. જે નવા શ્રોતા પૂજ્ય ગુરુદેવનું પ્રવચન સાંભળે, તેઓ કહેતા કે, અમને તો બસ એટલું જ સમજાય છે કે, 'સમજાણું કાંઈ ?' આમ, જ્ઞાનીએ બતાવેલા મોક્ષમાર્ગની સાધના કરવી જોઈએ અર્થાત્ તેની પ્રાપ્તિ માટે પોતાનું સર્વસ્વ સમર્પણ કરવાની તૈયારી હોવી જોઈએ. મોક્ષમાર્ગ પ્રાપ્ત થતાં, એ આત્મા સંસારમાં હોવા છતાં પણ મુક્ત છે. સમ્યગ્દૃષ્ટી શ્રદ્ધાનથી તો પોતાને મુક્ત જ માને છે. પોતાને મોક્ષસ્વરૂપ શુદ્ધ માનવાથી પર્યાયમાં પણ મોક્ષ પ્રગટે છે. વધુમાં વધુ કિંચિત ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં જ્ઞાની

પર્યાયમાં મોક્ષ પામે છે. આશય એ છે કે **જૈન દર્શન સહિત કોઈ પણ દર્શનનો મત કે આગ્રહ છોડીને પોતાની દૃષ્ટિને અંતર્મુખ કરીને સમ્યગ્દર્શન પામેલો મોક્ષમાર્ગ સાધક અલ્પ ભવે મોક્ષ પામે છે.**

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"દર્શનમોહનો દોષ તે સ્વચ્છંદ છે. અને ચારિત્રમાટેનો દોષ તે રાગ-દ્વેષ-વિકલ્પરૂપ અસ્થિરતા છે. આ મારો મત છે માટે મારે વળગી રહેવું, અથવા આ મારું દર્શન છે માટે ગમે તેમ મારે તેને સાબિત કરવું, અને જે સ્વભાવ છે તેના લક્ષે ન રહેવું, એ આદિ મિથ્યામતદર્શનનો આગ્રહ છે. માટે તે આગ્રહ અને શુભ-અશુભ રાગાદિ વિકલ્પને છોડીને આ, જે માર્ગ કહ્યો છે તેને જે સાધશે તેના અલ્પ જન્મ હોય છે એમ સમજવું. જે માન્યું તેની જ પકડ કરવી, એ પક્ષપાતનો આગ્રહ છે. એવા આગ્રહ તથા વિકલ્પ રાગાદિને છોડવા માટે અહીં વીતરાગનો નિર્દોષ સ્યાદ્‌વાદ માર્ગ કહ્યો છે, તેથી તે જે જગતના ભાગ્ય માટે ઊંડું ઊંડું તત્ત્વદર્શન ગોઠવાયું છે. આ માર્ગ સાધતાં જઘન્ય, મધ્યમ પુરુષાર્થરૂપે પરિણામ વડે, શુદ્ધ આત્માસ્વરૂપની આરાધના કરતાં કરતાં, પુરુષાર્થ અધૂરો હોય તેને બીજો એકાદ ભવ થવાનો સંભવ છે, પણ બહુ ભવ નહિ એમ અહીં કહ્યું છે, માટે જે ઉત્કૃષ્ટપણે આરાધે તેનો તે ભવે જ મોક્ષ થાય."*

❀



**ષટ્‌પદના ષટ્ પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર;**
**તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬**

આત્મસિદ્ધિ શાસ્ત્રની વિષયવસ્તુ જે છ પદ છે, તે સદ્‌ગુરુનો ઉત્તર છે તથા તે ઉત્તરનું કારણ શિષ્યના પ્રશ્નો છે. શિષ્યને સંબોધતા કૃપાળુદેવ કહે છે કે તેં વિચાર કરીને છ પ્રશ્ન પૂછ્યા, તેના ઉત્તરરૂપ છ પદમાં, સમસ્ત જિનાગમનો સાર ગર્ભિત છે. પ્રત્યેક પદનું પ્રયોજન એ છે કે આત્મા મોક્ષમાર્ગ પામે. 'પૂછ્યાં કરી વિચાર' આ કથનનું રહસ્ય એ છે કે, સદ્‌ગુરુનો ઉત્તર અનુભવ સહિત છે. સાથે સાથે શિષ્ય પણ વિચાર કર્યા વિના પ્રશ્ન પૂછતો નથી. આ કાળમાં આત્માનુભવી ગુરુ તો દુર્લભ છે પરંતુ વિચાર કરીને પ્રશ્ન પૂછે એવા શિષ્ય પણ બહુ ઓછા છે. આવા શિષ્ય મળે પણ ક્યાંથી? કારણ કે, વિચાર કરીને પ્રશ્ન પૂછવાવાળા શિષ્ય આત્માનુભવી સદ્‌ગુરુને જ મળે છે. અહીં છ પદને જિનાગમનો સાર કહ્યો છે. છ પદની સમજણથી મોક્ષમાર્ગ પ્રગટે છે. તેથી છ પદ જિનાગમનો સાર છે. સમયસાર છે. ત્યાં સમયસારમાં કહ્યું છે કે જેણે આત્માનો અનુભવ કર્યો, તેણે અનંત તીર્થંકરોની દિવ્યધ્વનિનો અનુભવ કર્યો. કારણ કે તીર્થંકર પ્રભુની દિવ્યધ્વનિનું કેન્દ્રબિંદુ 'આત્મા' છે. તેવી જ રીતે એમ પણ સમજવું કે જેણે આત્માનો અનુભવ કર્યો નથી, તેણે ભગવાનનું એક પણ વચન સ્વીકાર્યું નથી. ભગવાનની દિવ્યધ્વનિમાં આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે, તે આત્માનુભૂતિના હેતુથી તથા જડ પદાર્થોનું સ્વરૂપ સમજાવ્યું છે, એ પણ આત્માનુભૂતિ માટે જ સમજવું. આમ, છ પદનું પ્રયોજન આત્માની અનુભૂતિ છે.

છ પદ જ સર્વસ્વ છે કારણ કે છ પદમાં છ દર્શન સમાવિષ્ટ છે. એટલું જ નહિ, છ દ્રવ્યના સમૂહરૂપ આ વિશ્વ આ છ પદમાં ગર્ભિત છે. જેણે આ છ પદને જાણ્યાં, તેણે આખા જગતને જાણ્યું.

સદ્‌ગુરુના એક-એક વચનમાં એવું સામર્થ્ય છે કે, જો તેનું યથાયોગ્ય અનુસરણ કરવામાં આવે, તો નિશ્ચિતરૂપે મોક્ષમાર્ગ પ્રગટ થાય. છ પદના વિવેચનમાં છઠ્ઠું પદ જ મોક્ષમાર્ગથી સંબંધિત છે એમ ન સમજવું. પ્રત્યેક પદની રચના મોક્ષમાર્ગની પ્રાપ્તિના હેતુથી જ થયેલી છે. પ્રથમ પાંચ પદને સમજ્યા વિના મોક્ષમાર્ગ પ્રગટતો નથી. એનો અર્થ એમ નથી કે આત્મસિદ્ધિ શાસ્ત્ર વાંચવાથી જ મોક્ષમાર્ગ પ્રગટ થાય. વીતરાગી જ્ઞાની મહાપુરુષોના એક વચનને પણ સમજે તો મોક્ષમાર્ગ પ્રગટ થઈ શકે છે. કારણ કે દરેક જ્ઞાનીનો અનુભવ તથા અનુભવપૂર્વક અપાયેલા ઉપદેશનો હેતુ એ જ હોય છે કે આત્માને મોક્ષમાર્ગની પ્રાપ્તિ કેવી રીતે થાય. આમ, સાચી ભાવનાપૂર્વક પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તર પણ અનુભવપૂર્વક સદ્‌ગુરુના માધ્યમથી પ્રાપ્ત થાય છે. પ્રશ્ન પણ એ જ પૂછી શકે છે, જેણે વાંચન વિચાર કર્યા હોય. વાંચન વિચાર પહેલા થાય છે અને ત્યાર બાદ પ્રશ્ન થાય છે; તેથી સ્વાધ્યાયના પાંચ પ્રકારમાં વાંચના પછી પૃચ્છનાને સ્થાન મળ્યું છે. **આમ, દરેક આત્માએ, છ પદમાંથી પહેલા પદરૂપ આત્માને ઓળખીને છેલ્લા પદરૂપ મોક્ષમાર્ગ પર ચાલવું જોઈએ અને પાંચમા પદને પામવું જોઈએ. પ્રથમ બે પદ સ્થાપનના છે. પછીના બે પદમાં ઉત્થાપન છે. છઠ્ઠા પદમાં પ્રસ્થાન છે અને પાંચમા પદથી પ્રાપ્તિ છે.**



**પહેલાં પદમાં જીવ તત્ત્વની સદ્દહણા છે. બીજા પદમાં જીવ સ્વરૂપ વિચારણા છે. ત્રીજા અને ચોથા પદમાં અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ, બંધ તત્ત્વની વિચારણા છે. છઠ્ઠા પદમાં સંવર અને નિર્જરા તત્ત્વની તથા પાંચમા પદમાં મોક્ષ તત્ત્વની એમ છ પદ દ્વારા નવેય તત્ત્વની વિચારણા છે.**

**પહેલાં અને બીજા પદને માનીને સદ્દહે, ત્રીજા અને ચોથા પદને ત્યાગે, છઠ્ઠા પદને સેવે-આદરે તો પાંચમા પદને પામે.**

❁

**જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;**
**સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭**

મોક્ષ તથા મોક્ષમાર્ગ અનુક્રમે આત્માની પૂર્ણ શુદ્ધપર્યાય તથા આંશિક શુદ્ધપર્યાય છે તેથી મોક્ષ તથા મોક્ષમાર્ગનો સંબંધ આત્મા સાથે છે. અહિ કહે છે કે મોક્ષમાર્ગમાં જાતિ તથા વેશનો કોઈ ભેદ હોતો નથી. કારણ કે મોક્ષમાર્ગી સમ્યગ્દષ્ટિ આત્મા શરીરની જાતિ તથા શરીરના વેશથી ત્રિકાળૂ ધ્રુવ આત્માને જુદો જાણે છે, જુદો માને છે. તાત્પર્ય એમ છે કે જાતિ તથા વેશને છોડ્યા વિના ભેદથી અભેદ સુધી પહોંચી શકાતું નથી. આત્માના ગુણોના ભેદ તરફ દૃષ્ટિ કરવાથી પણ વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. તેથી તે સ્વાભાવિક છે કે જ્યાં સુધી જાતિ તથા વેષનો ભેદ છૂટે નહિ ત્યાં સુધી મોક્ષમાર્ગ પ્રગટે નહિ. સંસાર પરિભ્રમણનું કારણ જાતિ તથા વેશ નથી પરંતુ મિથ્યાત્વભાવથી જ આત્મા જન્મ-મરણ કરી રહ્યો છે તથા અનંત

દુ:ખ ભોગવી રહ્યો છે. બાહ્ય સાધનોના વિકલ્પોમાં જ અટકીને સમ્યગ્દર્શન વિના સંસાર ચક્રમાં પરિભ્રમણ કરનાર બહીરાત્માને ભેદદૃષ્ટિ પણ કહેવામાં આવે છે.

ભાવલિંગી મુનિરાજ તો મનુષ્ય જાતિનો સાથ છોડીને જંગલમાં એકાંત વિચરણ કરે છે. જે સ્થાને પશુનો સંયોગ સુલભ હોય તથા મનુષ્યનો યોગ દુર્લભ હોય તેવા નિર્જન વનમાં આત્મસાધના કરી મુનિ આત્માનો ભોગ કરે છે. મનુષ્યન કરતાં વધુ હિંસક પશુની સમીપ રહીને પણ મુનિ પોતાને સુરક્ષિત માને છે. આપણે કેટલીય વાર ચિત્રમાં પણ દેખીએ છીએ કે આત્મધ્યાન કરતા મુનિરાજની બાજુમાં વાઘ, હરણ વગેરે જંગલી પશુઓ પણ બેઠેલા હોય છે. પરંતુ ત્યાં મુનિરાજની બાજુમાં કોઈ મનુષ્યનું ચિત્ર દર્શાવ્યું હોતું નથી; તેના પાછળ ઊંડો મર્મ છુપાયેલો છે. મુનિરાજને પશુની સંગતિ એટલી હાનિ કરતી નથી જેટલી મનુષ્યની સંગતિ હાનિ કરે છે. ચાર પગવાળા પ્રાણીઓ કરતાં બે પગવાળા પ્રાણીની સંગતિમાં રહેવા માટે મુનિ પોતાને સુરક્ષિત માને છે. **જે જીવ મોક્ષમાર્ગ પામે છે તે જીવ કાળાંતરે સાધનાના માધ્યમથી મોક્ષ પણ પામે છે. અહીં એમ નથી કહ્યું કે જાતિ તથા વેશના ભેદથી રહિત અભેદ માર્ગને બોલે તે મુક્તિ લહે. જે જીવ જાતિ તથા વેશના ભેદરૂપ વિકલ્પોથી છૂટીને સ્વભાવમાં સ્થિર થશે અર્થાત્ જે અભેદમાર્ગને સાધશે તે જ મુક્તિને પ્રાપ્ત થશે.** ૨૮ મૂળગુણોનું નિરતિચાર પાલન કરતા મુનિરાજોને સાધનામાર્ગમાં જાતિ તથા વેશ સંબંધી વિકલ્પ હોતા નથી અર્થાત્ તેનો કોઈ ભેદભાવ હોતો નથી. અંતરંગ દશામાં જ્ઞાનીને વૈરાગ્યનું



જોર એટલું વિશેષ હોય છે કે એક પરિગ્રહ રાખવાથી અનેક પરિગ્રહ વધે છે. **અપરિગ્રહીદશાનું બીજું નામ સાધનામાર્ગ છે.**

એક માણસ રાજાના દરબારમાં કામ કરતો હતો. એક દિવસ રાજાએ મંત્રીને તે માણસને બોલાવવા માટે કહ્યું. તે માણસ રાજા પાસે બોલાવ્યાના સમય કરતાં બે કલાક મોડો આવ્યો એટલે રાજાએ મોડા આવવાનું કારણ પૂછ્યું. તે બોલ્યો કે મારી પાસે પહેરવા માટે એક જ જોડી કપડાં છે. જ્યારે આપે મને બોલાવ્યો હતો ત્યારે કપડાં ધોયેલા હોવાથી ભીનાં હતા. કપડાં હમણાં જ સૂકાયા એટલે હું પહેરીને આવ્યો છું. રાજાએ મંત્રીને કહ્યું કે આ વ્યક્તિને બે જોડી કપડાં આપી દો જેથી તે સમયસર મને મળવા આવી શકે અને તેને પણ અનુકૂળતા રહે. ત્યારે તે વ્યક્તિએ કહ્યું કે સાહેબ! મારે બે જોડી કપડાં જોઈતા નથી. હું મારી વર્તમાન દશાથી સંતુષ્ટ છું. અનેકવાર નકાર કરવા છતાં રાજાએ તેની વાત સ્વીકારી નહિ અને તેને બે જોડી કપડાં અપાવ્યા. થોડાં દિવસ વિત્યા પછી તે રાજા પાસે ગયો અને કહ્યું કે મહારાજ! આપે મને પહેરવા માટે કપડાં તો આપ્યા પણ હું કપડાં રાખું ક્યાં? તેથી આપ મને કપડાં રાખવા માટે કબાટ પણ આપો. રાજાએ તેને કપડાં રાખવા માટે કબાટ પણ આપ્યો. થોડાં દિવસ પછી ફરી પાછો તે રાજા પાસે ગયો અને તેણે સવિનય રાજાને વિનંતી કરી કે મને કબાટ રાખવા માટે એક ઘર પણ આપો. રાજાએ તેની જરૂરીયાતને નજરમાં રાખીને ઘર પણ આપ્યું. થોડાં દિવસ વિત્યા કે ફરી તે માણસ રાજા પાસે ગયો અને તેના રૂમમાં એર-કંડીશન લગાવી આપવાનો પ્રસ્તાવ મૂક્યો. દિવસે

દિવસે વધતી જતી તે માણસના માંગથી કંટાળેલા રાજાએ ગુસ્સે થઈને કહ્યું કે મેં તને કપડાં આપ્યા, કબાટ આપ્યો, ઘર આપ્યું અને હવે તને એર-કંડીશન માંગતા શરમ નથી આવતી? ત્યારે તે વ્યક્તિ રાજાને કહે છે કે હે રાજન! મેં આપને પહેલા દિવસે જ ના પાડેલી કે મારે બે જોડી કપડાં જોઈતા નથી, કારણ કે હું જાણતો હતો કે બે જોડી કપડાં લીધા પછી આ બધી પરિસ્થિતિ ઊભી થશે. આ પ્રસંગ પરથી સમજી શકાય છે કે એક પરિગ્રહ રાખવાથી અનેક પરિગ્રહો ગ્રહણ કરવા પડે છે. તેથી અપરિગ્રહીદશાને જ સાધુદશા કહી છે.

આવું જ એક કથાનક 'બાવાની લંગોટી'થી લોકવાયકામાં ખૂબ પ્રચલિત છે. જેમાં સંન્યાસી બાવાએ લંગોટીની પળોજણમાંથી પત્નીની પળોજણ સુધી લાંબા-પહોળા થઈ સંન્યાસીમાંથી સંસારી થવાની અધોગતિમાં સરી જવાનું થયું. એક માત્ર લંગોટને ઉંદરના કાતરણના ત્રાસથી બચાવવા બિલાડી પાળી, તો બિલાડીને દૂધ પાવા ગાય બાંધવી પડી અને અંતે ગાયને દોહવાવાળીની આવશ્યકતા ઊભી થતાં એ કોપીનધારીને ઘર માંડવાની પાળી આવી. કહેવત છે કે, ઝાઝા ખોયડા, ઝાઝા ઢોયડા ને ઝાઝા છોયડા તેને ઝાઝી ઉપાધિ.

બહીરાત્મા અર્થાત્ મિથ્યાદૃષ્ટીની દૃષ્ટિ બાહ્ય પરિગ્રહ તરફ હોવાથી તે બહિરંગ પરિગ્રહને જ પરિગ્રહ માને છે. તેની દૃષ્ટિમાં અનાદિકાળથી પડેલા ગાઢ મિથ્યાત્વ પરિગ્રહ જ નથી. ખરેખર તો ચોવીશ પરિગ્રહમાં મિથ્યાત્વ પરિગ્રહ પહેલા ક્રમે આવે છે. મિથ્યાત્વ પરિગ્રહના ત્યાગ વિના મોક્ષમાર્ગ સંભવ નથી. અહીં કોઈએ એમ ન સમજવું કે એક માત્ર મિથ્યાત્વ પરિગ્રહનો ત્યાગ થઈ જવાથી



સાધુદશા પ્રગટ થઈ જ જાય. હા! મિથ્યાત્વ તથા અનંતાનુબંધી વગેરે ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક વીતરાગ પરિણતિ સહિત ધન-ધાન્યાદિ સમસ્ત પ્રકારના બાહ્ય પરિગ્રહના ત્યાગી જ ભાવલિંગી સાધુ કહેવાય છે.

તેથી કહ્યું છે કે **જ્યારે આત્મા સમસ્ત પરિગ્રહને તથા પરિગ્રહ સંબંધી વિકલ્પને છોડીને આત્મામાં સ્થિર થાય છે ત્યારે તે આત્મા પુરુષાર્થ બળથી મોક્ષમાર્ગના માધ્યમથી મોક્ષને પણ પ્રાપ્ત કરે છે.**

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"આ છ પદની સર્વાંગતાથી આત્મપદાર્થ-વસ્તુસ્વરૂપ સ્વયંસિદ્ધ છે. તેમાં યથાર્થ પ્રતીત, લક્ષ, અને રાગરહિત સ્વરૂપાચરણરૂપ અખંડ સ્વાનુભવ હોય તે મુક્તિપદ પામે; એટલે કે અનેકાંત, લોકોત્તર આત્મધર્મ, સર્વજ્ઞ પ્રભુનો માર્ગ અત્રે કહ્યો તે જ છે બાહ્યના લિંગ, વેષના ભેદ, ઊંચત્વ-નીચત્વનો ભેદ પરમાર્થતત્ત્વમાં નથી; કારણ કે વીતરાગદશાની સાધક ભૂમિકામાં અન્યથા બાહ્યાચરણ લિંગ હોય નહિં; જેવું જિનાગમમાં કહ્યું છે તેવું જ હોય. જાતિ-વેષના વિકલ્પનો ભેદ વીતરાગમાર્ગમાં નથી. જે વસ્તુસ્વરૂપની યથાર્થ પ્રતીતિ કરે અને ન્યાય સમજે તેને ઊંચ-નીચપણાનો, કે સાંપ્રદાયિક વેશ વગેરેનો પ્રશ્ન ન રહે. તે સંબંધે જે સ્વરૂપ અને નિશ્ચય-વ્યવહારની જ્યાં જેવી મર્યાદા છે ત્યાં તેને તે રીતે જાણે એવો સ્વ-પર પ્રકાશક સમ્યગ્જ્ઞાનનો સ્વભાવ છે. તે હેય-ઉપાદેયને સમજે છે, અને જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તેને યથાસ્થાને, વિવેકથી જેમ ઘટે તેમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ,*

*ભાવ એ ચારે પ્રકારે જાણે છે. ન્યાય માર્ગમાં જે સહજ મોક્ષમાર્ગ-સાધકદશા અત્રે કહી છે, તેની ભૂમિકા પ્રમાણે પાંચ મહાવ્રત વગેરે બાહ્યવ્રતના શુભ વિકલ્પ આવે તે પણ બાહ્ય લિંગ અનિત્ય છે, આશ્રય કરવા યોગ્ય નથી પણ એ હોય છે. એવા શુભ વિકલ્પ તજી નિર્વિકલ્પ થાય તે સાચું મુનિપણું છે. દેહનો નગ્ન વેશ વગેરે ૨૮ મૂળ ગુણ એ મુનિપણાના વિકલ્પ છે ખરા પણ એ બધા વિકલ્પ આત્માથી પર છે, અનિત્ય છે આત્મા સિદ્ધ સમાન છે. તેવા શુભ વિકલ્પો કરવા તે પણ રાગનો ભાગ છે. તે રાગના ભાગરૂપ વિકલ્પ છોડીને, રાગરહિત શુદ્ધ જ્ઞાયકસ્વભાવમાં સ્થિર થઈ જવાનું સમયસારમાં શ્રીમદ્ કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે. આત્મા સિદ્ધ સમાન છે, વીતરાગ-સ્વભાવી છે તેનો વિચાર એટલે જ્ઞાનનો વિકલ્પ પણ છોડો, અને તે સંબંધી દૃઢતા અને જ્ઞાન છોડો એમ કહેવું નથી. સ્વભાવ છોડવો એમ કહ્યું નથી. અભેદ સ્વરૂપનું ભાન થયા પછી જે કંઈ રાગાદિ વિકલ્પ આવે છે તેનાથી મુક્ત એટલે બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી જે મુક્ત થાય છે, તેને નિર્ગ્રંથ-મુનિપદ હોય છે. તે સાધકદશા મોક્ષમાર્ગમાં હોય જ છે. તત્ત્વસ્વરૂપને ઓળખવા માટે શ્રીમદે બાહ્યવેશ કે સંપ્રદાયની વાત મુખ્ય લીધી નથી. આ છ પદનો વિચાર કરવાથી જીવને યથાર્થપણું સમજાય છે.''*

❁

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ;**
**ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮**



આત્માર્થી તથા જિજ્ઞાસુ જીવના લક્ષણો અનેક પ્રકારે સામાન્ય હોવા છતાં તેમાં અંતર પણ છે. ૩૮મા પદમાં આત્માર્થીના લક્ષણો બતાવતા કહ્યું હતું કે, જેના કષાયભાવ પાતળા પડયા હોય, માત્ર મોક્ષની અભિલાષા હોય તથા જેને સંસાર પરિભ્રમણનો ખેદ વર્તતો હોય, તે આત્માર્થી કહેવાય. અહીં જિજ્ઞાસુ જીવના પણ એ જ લક્ષણો બતાવ્યા છે પરંતુ જિજ્ઞાસુ સ્વદયાને વિશેષ મહત્વ આપે છે તથા આત્માર્થી પરદયાને વધુ મહત્વ આપે છે. જો કે આત્માર્થી સ્વદયા તથા જિજ્ઞાસુ પરદયાનો નિષેધ કરતા નથી, તેમ છતાં પોતાની ભૂમિકાનુસાર સ્વદયા તથા પરદયાને મુખ્ય તથા ગૌણ જાણીને, તેનું જીવનમાં પાલન કરે છે.

દયા પાળીને હિંસા વગેરે પાપોથી બચવું, એ આત્માર્થીનું કર્તવ્ય છે. પરદયામાં પરજીવોને બચાવવાની મુખ્યતા હોય છે તથા સ્વદયામાં પોતાને બચાવવાનું લક્ષ્ય હોય છે. પરજીવોને મારવાનો ભાવ દ્વેષ છે તથા પરજીવોને બચાવવાનો ભાવ રાગ છે. તે રાગરૂપ શુભભાવ પરદયા છે. પરંતુ પરદયા પાળીને નિજાત્માનો ઘાત તો થાય જ છે. તેથી ભગવાન મહાવીરની અહિંસાનું સ્વરૂપ લૌકિક અહિંસાથી જુદું છે. પરજીવોને મારવાનો ભાવ તો હિંસા છે જ. પરંતુ નિશ્ચય દૃષ્ટિએ પરજીવોને બચાવવાનો ભાવ પણ હિંસા છે. કારણ કે મારવાનો ભાવ દ્વેષ તથા બચાવવાનો ભાવ રાગ છે.

આચાર્ય અમૃતચંદ્રદેવે પુરુષાર્થસિધ્યુપાયમાં કહ્યું છે કે, ''આત્મામાં રાગાદિ ભાવોની ઉત્પતિ થવી તે હિંસા છે તથા આત્મામાં રાગાદિ ભાવોની ઉત્પત્તિ નહિ થવી તે અહિંસા છે.'' વીતરાગી

ભગવાનને પરજીવો પ્રત્યે દ્વેષભાવ નથી; તેથી તેમને મારતા નથી તથા પરજીવો પ્રત્યે રાગભાવ પણ નથી તેથી પરજીવોને બચાવતા પણ નથી. નિશ્ચયથી પરદ્રવ્યમાં રાગ તથા દ્વેષનો ભાવ જ નહિ પરદ્રવ્યને જાણવાનો પણ ભાવ ન આવે, ત્યારે આત્મા નિજસ્વભાવમાં સ્થિત થાય છે, તેને અંતરદયા કહેવામાં આવે છે. કોઈ ભુખ્યા માણસને અન્ન આપવું તે ખરી દયા નથી, પણ અન્ન આપીને પણ તેનું કર્તાપણું ન કરવું તે ખરી દયા છે. અકર્તૃત્વભાવ પ્રગટ થયા વિના ઉત્કૃષ્ટ કક્ષાની દયા હોતી નથી. કોઈ પશુને બચાવે તો કોઈ પક્ષીને બચાવે પણ પોતાની જ પત્ની, પુત્ર અને પરિવારની જવાબદારી ન સંભાળે તે પણ યોગ્ય નથી. તેથી પ્રથમ પોતાનું કર્તવ્ય નિભાવ્યા બાદ પશુ-પક્ષીની દયા પાળવી જોઈએ. કોઈ પશુ-પક્ષીની દયા પાળે, તેના માટે ધન પણ ખર્ચે, પણ પોતે ઘરખર્ચ માટે પોતાની પત્નીને પૈસા ન આપે અને ઘરમાં દરરોજ ઝઘડાં થતાં હોય તેવી દયાથી તો કષાયભાવ જ વધશે. તેથી પોતાની ભૂમિકાનુસાર દયા પાલન કરવું જોઈએ. કોઈ એમ પણ કહે છે કે જે જીવ જેમાં રાગ કરે, તે જીવની ગતિ પણ તેવી જ થાય. પરંતુ તેમનું એ માનવું યાગ્ય નથી. જેમ કે કોઈએ બિલાડીમાં રાગ કર્યો, તો આવતા ભવે બિલાડી જ થાય તેવો નિયમ નથી. નહિ તો શું કોઈ રસગુલ્લામાં રાગ કરે તો શું આવતા ભવે રસગુલ્લા બનશે ? નારકીનો રાગ તો કેટલા લોકો કરે છે ? તેમ છતાં અનેક જીવો નરકમાં જાય છે. રાગનો વિષય ગતિ નક્કી કરતો હોય તો સિદ્ધ ભગવાનમાં રાગ કરવાથી શું સિદ્ધ ગતિ થઈ જશે ? સિદ્ધદશા તો વીતરાગતાથી પ્રગટે છે. તેથી કોના પ્રત્યે દયાનો ભાવ જાગૃત થયો તે મહત્વનું નથી પણ કેવા પ્રકારનો



ભાવ પ્રગટયો છે તે મહત્વનું છે. **જ્ઞાનીને અનેકાંત દયા હોય છે. જ્યારે અજ્ઞાનીને એકાંતે દયા હોય છે.** કસાઈ જ્યારે ગાયને મારે છે, ત્યારે અજ્ઞાનીને કસાઈ પર દ્વેષ તથા ગાય પર કરુણા ઉપજે છે, પરંતુ જ્ઞાનીને ગાય તથા કસાઈ એમ બંનેના કર્મોદય જાણીને, બેય પ્રત્યે દયા આવે છે. અંતરંગ દયાપૂર્વક પ્રાણીદયા સાર્થક છે. માત્ર પર દયાથી આત્મહિત થતું નથી. આમ, આ પદમાં અંતર દયાની મહિમા બતાવીને જિજ્ઞાસુ જીવનું લક્ષણ બતાવ્યું છે. અન્ય લક્ષણોની વિશેષ ચર્ચા ૩૮મી ગાથામાં થઈ ચૂકી છે.

❁

**તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ;**
**તો પામે સમકિતને, વર્તે અંતરશોધ. ૧૦૯**

આત્મપ્રાપ્તિના જિજ્ઞાસુ જીવને સદ્ગુરુનો ઉપદેશ પરિણમે છે. જિજ્ઞાસુ કોને કહેવો ? 'જિજ્ઞાસુ' શબ્દ એ ત્રણ અક્ષરોનો સમુહ છે. ત્રણ અક્ષર એ સાધક, સાધન, સાધ્યના સૂચક છે. દરેક જીવ વસ્તુનો ઈચ્છુક હોતો નથી પરંતુ તે સુખને સાધ્ય માને છે. જીવને સુખ જોઈએ છે, વસ્તુ નહિ. પરંતુ અજ્ઞાની જીવ એમ માને છે કે સુખની પ્રાપ્તિ અનુકૂળ સંયોગો મળવાથી થાય છે, તેથી તે અનુકૂળ સંયોગો તરફ આંધળી દોટ મુકે છે. ત્યાં જીવ સાધક છે તથા સુખ સાધ્ય છે. પરંતુ સાધકનું સાધ્યપ્રાપ્તિનું સાધન યોગ્ય નથી. સુખનું સાધન જ્ઞાન છે. **તેથી જીવ સાધક, જ્ઞાન સાધન તથા સુખ સાધ્ય છે. આમ, સાધક એવા જીવનો પ્રથમ અક્ષર 'જી', સાધન એવા જ્ઞાનનો પ્રથમ અક્ષર 'જ્ઞા' તથા સાધ્ય એવા સુખનો પ્રથમ અક્ષર 'સુ' છે.**

**આમ જી-જ્ઞા-સુ (જીજ્ઞાસુ) શબ્દ બને છે. જે જીવ જ્ઞાનના માધ્યમથી સુખ ઈચ્છે છે તેને 'જિજ્ઞાસુ' કહેવાય. જિજ્ઞાસુનો પર્યાયવાચી શબ્દ 'સચ્ચિદાનંદ' ગણાવી શકાય, સત્ + ચિદ્ + આનંદ એટલે કે સત્ = જીવ + ચિદ્ = જ્ઞાન + આનંદ = સુખ મળીને 'સચ્ચિદાનંદ' શબ્દ બન્યો છે.**

જિજ્ઞાસા વિના સત્યની શોધ થતી નથી. સદ્ગુરુ પાસે સત્ય છે, સદ્ગુરુ સ્વયં સત્ય છે. તે ભવ્ય જીવોને સત્ સ્વરૂપ સમજાવે છે પણ કોઈ જીવ વસ્તુના સત્ય સ્વરૂપને સમજ્યા પહેલા જ સંતોષ માની લે છે. જિજ્ઞાસુ તત્ત્વજ્ઞાનના અસંતોષી હોય છે. જિજ્ઞાસુ માત્ર તત્ત્વને જાણવાનો જ ઈચ્છુક નથી પરંતુ તત્ત્વના અનુભવનો પણ ચાહક છે.

સદ્ગુરુના ઉપદેશ વિના સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી. પછી ભલે તે નિસર્ગજ હોય કે અધિગમજ હોય. સદ્ગુરુનો ઉપદેશ બંને પ્રકારના સમ્યગ્દર્શનમાં નિમિત્ત છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલા અનિવાર્યરૂપે થતી પાંચલબ્ધિમાં એક દેશનાલબ્ધિ પણ છે. તેથી અહીં સદ્ગુરુનો ઉપદેશ ગ્રહણ કરવાનો ઉપદેશ આપ્યો છે. અનુભવી પાસેથી જાણીને અનુભવ કરવાથી પોતાના અનુભવમાં નિઃશંકતા આવે છે. જેવી રીતે અમેરિકા ગયેલી વ્યક્તિ પાસેથી, અમેરિકાની જાણકારી મેળવ્યા બાદ, અમેરિકા જઈને પોતે અનુભવ કરવાથી, પોતાના અનુભવમાં નિઃશંકતા હોય છે; તેવી રીતે **આત્માનુભવી જ્ઞાની પાસેથી આત્મા સંબંધી જાણકારી મેળવ્યા બાદ, સ્વયં આત્માનુભવ કરવાથી પોતાના આત્માનુભવમાં નિઃશંકતા હોય છે.**



**કારણ કે જાણકારી વિના અનુભવ થતો નથી તથા જાણકારી થવી, તે જ અનુભવ નથી.**

આ બંને વાત હંમેશાં યાદ રાખવી જોઈએ. સમ્યગ્દષ્ટી પર-પદાર્થમાં રંચમાત્ર સુખ કે દુઃખ માનતા નથી, તેથી પરપદાર્થમાં સુખની શોધ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેથી અહીં એમ કહ્યું છે કે જિજ્ઞાસુ અંતરમાં શોધ કરે છે. 'શોધ કરે છે' અર્થાત્ અંતરને જાણે છે.

❁

**મતદર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;**
**લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦**

સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવતા, તેની પ્રાપ્તિની વિધિનું વર્ણન પણ આ પદમાં કરેલ છે. પાંચ પાપોના ત્યાગરૂપ વ્રતાદિ તો સમ્યગ્દર્શન પછી જ પળાતા હોય છે. તેમ છતાં સમ્યગ્દર્શન પહેલા યથાયોગ્ય ત્યાગ વૈરાગ્યની અનિવાર્યતા છે.

સર્વપ્રથમ પોતાનો મત, દર્શન અને આગ્રહ ન છોડે ત્યાં સુધી સદ્ગુરુની ઓળખાણ થતી નથી. કારણ કે પોતાના આગ્રહ છોડી દેતાં ગુરુની વાણીનો મર્મ સહેલાઈથી સમજાય છે અને તે સમજણ મોક્ષમાર્ગમાં હિતાવહ છે. સદ્ગુરુ પાસે જઈને, સામાન્ય જીવનું પણ આત્મહિત થઈ શકે છે પરંતુ જો તે જીવ પોતાના મત, દર્શન તથા આગ્રહ છોડીને, પોતાને સામાન્ય જીવરૂપે માને તો જ તેનું કલ્યાણ થાય છે.

જ્ઞાની સ્વયં તો મત કે દર્શનના આગ્રહી હોતા નથી. સાથે સાથે તેમની દૃષ્ટિમાં પણ કોઈ જીવ, મત કે દર્શનના ભેદવાળો હોતો નથી. પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા કે, ''શરીરમાં એક વાળાની બિમારી થાય છે, ત્યારે તે વ્યક્તિની પીડા અસહ્ય હોય છે. જો એક વાળાની બિમારીવાળો એટલો દુઃખી હોય, તો જે મતવાળો, દર્શનવાળો તથા આગ્રહવાળો વગેરે અનેક 'વાળો' જીવ કેટલો દુઃખી હશે ?'' તેથી સર્વપ્રથમ દરેક પ્રકારના પક્ષપાત છોડીને સદ્‌ગુરુના યોગમાં રહીને તત્ત્વોપદેશ પ્રાપ્ત કરવો જોઈએ. જ્યારે જીવમાં મત તથા દર્શનનો ભેદ દૂર થઈ જાય છે, ત્યારે તે અભેદ આત્માને અનુભવી, અભેદ એવા શુદ્ધ સમકિતને પણ પામે છે.

સદ્‌ગુરુને લક્ષ્યમાં લેતા, પોતે એ વાત ભૂલી જવી જોઈએ કે હું જૈન છું કે હિંદુ છું કે મુસ્લિમ છું. એટલું જ નહિ પણ હું હિંદુસ્તાની છું કે પાકિસ્તાની છું એવો ભેદ પણ ન રહેવો જોઈએ. કાળાંતરે તે જીવ સદ્‌ગુરુ દ્વારા બોધ પામીને પોતાને મનુષ્ય કે અજ્ઞાની પણ માનતો નથી. કારણ કે શુદ્ધ સમક્તિરૂપ બોધ પરિણમ્યા બાદ દરેક જીવ પોતાને આત્મા જ માને છે. જ્યાં સુધી માત્ર ભેદદૃષ્ટિ હોય છે ત્યાં સુધી એમ સમજવું કે સદ્‌ગુરુને લક્ષ્યમાં લીધા નથી. સદ્‌ગુરુને લક્ષ્યમાં લેવાનો અર્થ એમ નથી કે સદ્‌ગુરુને દેખવા. ખરેખર સદ્‌ગુરુના સમાન શુદ્ધ સમકિત પ્રગટ થાય ત્યારે સદ્‌ગુરુને લક્ષ્યમાં લીધા એમ કહેવાય છે.

અદાલતમાં પણ વાદી તથા પ્રતિવાદી એમ બે પક્ષ હોય છે. જ્યારે તે બે માંથી એક ઝુકી જાય છે, ત્યારે પક્ષપાત પણ ઝુકી જાય



છે અર્થાત્ વિવાદ શમી જાય છે. લોક વ્યવહારમાં પણ અલગ-અલગ પક્ષના લોકો ચૂંટણીના ઉમ્મેદવાર બને છે. પરંતુ જ્યારે પોતાના પક્ષ સિવાય બીજો કોઈ પણ પક્ષ વિરોધરૂપે ન હોય તો ચુંટણી થતી જ નથી. વિવાદો પણ ઉત્પન્ન થતા નથી. અજ્ઞાની પોતાનો પક્ષ છોડતા નથી પરંતુ જ્ઞાની પોતાનો પક્ષ છોડી દે છે. તેથી જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે સંઘર્ષ થતો નથી અથવા જલદી શમી જાય છે. જ્યારે બે અજ્ઞાનીમાં થયેલા પક્ષપાત દીર્ઘાયુવાળા હોય છે તથા તેનું પરિણામ પણ નુકસાનકારક જ હોય છે. તેથી દરેક જીવે પોતાનો પક્ષ છોડી સંઘર્ષમાં ન ફસાઈને શુદ્ધ સમકિતના માધ્યમથી સંસાર સાગરથી તરી જવું જોઈએ.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''સદ્‌ગુરુએ કહેલા માર્ગનું યથાર્થ લક્ષ કરીને સત્‌ગુરુના લક્ષે વર્તે (અને અસાર જેટલા પ્રસંગ તેનું લક્ષ છોડી દે) તે શુદ્ધ સમકિતને પામે. હકારથી વાત કરી છે પણ જ્યાં સત્‌ની અસ્તિ કહી ત્યાં અસત્‌ની નાસ્તિ થઈ ગઈ. 'મત-દર્શન આગ્રહ તજી' તે પદનો અર્થ સમજો. મત એટલે પેટાભેદના દુરાગ્રહ અને દર્શન એટલે મિથ્યા અભિપ્રાય; તે છોડીને એટલે કે ખોટાની પકડ મૂકીને, સરલતાથી સદ્‌ગુરુની લક્ષે વર્તે તે શુદ્ધાત્માનુભવરૂપ શુદ્ધ સમકિતને પામે, તેમાં ભેદ એટલે પક્ષપાત નથી. સર્વજ્ઞ ભગવાનના પાદમૂળે, તેમના સાક્ષાત્ ઉપદેશથી, લાયક જીવ ક્ષાયિક સમકિત પામે છે; તથા અન્ય જ્ઞાની સદ્‌ગુરુના યોગથી જીવને શુદ્ધ સમકિત અને યથાર્થ સ્વાનુભવ થાય છે. એટલે*

*કે અતીન્દ્રિય આનંદમૂર્તિ આત્મા કેવળ જ્ઞાયક અવિકારી છે, તેની નિરાકુળ શાંતિનું સ્વસંવેદન પોતાને પ્રત્યક્ષ થાય છે. આ વાત કહી તેમાં ભેદ કે પક્ષ નથી અને સ્વ સ્વરૂપમાં પણ ભેદ નથી. આ દશામાં આ વાત આમ-છે, આમ નથી; એ આદિ સર્વ વિકલ્પની વૃત્તિ પણ ટળી જાય છે અને નિર્મળ નિરાકુળ પવિત્ર અપરિમિત (બેહદ) આનંદમય શુદ્ધ આત્માની પ્રતીતિ થાય છે.''*

❁

**વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;**
**વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧**

આત્મસ્વભાવનો અનુભવ એટલે સમ્યક્ચારિત્ર, નિજ સ્વભાવનું લક્ષ એટલે સમ્યગ્જ્ઞાન તથા શુદ્ધાત્માની પ્રતીતિ એટલે સમ્યગદર્શન. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને 'સમકિત' કહેવાય છે.

જ્યારે એક માત્ર નિજ શુદ્ધ આત્મા જ જ્ઞાનનો જ્ઞેય બને ત્યારે જ્ઞાનસ્વભાવી આત્માની એકત્વપૂર્વક અનુભૂતિ થાય છે તેને નિર્વિકલ્પદશા કહેવાય છે. નિર્વિકલ્પદશા પ્રગટ થયા વિના, પરમાર્થરૂપ સમકિત પ્રગટ થતું નથી. આત્માનુભૂતિ સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે. સમ્યક્ એકાંત સ્વરૂપી નિત્ય ટકી રહેલો એક જ્ઞાયકભાવ દૃષ્ટિનો વિષય છે. આત્માનુભૂતિનો ક્રમ આ પ્રમાણે હોય છે.

૧. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રતીતિ.
૨. સાત તત્ત્વનો યથાર્થ નિર્ણય.



૩. સ્વ-પરનું ભેદજ્ઞાન.
૪. આત્માનો નિર્વિકલ્પ અનુભવ.

સર્વપ્રથમ દેવ, શાસ્ત્ર તથા ગુરુનો વિચારપૂર્વક નિર્ણય કરવો જોઈએ. વિચારના માધ્યમથી જ જીવ સત્ય નિર્ણય સુધી પહોંચી શકે છે. તેથી સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનો અનેક વિવક્ષાપૂર્વક વિચાર કરવો જોઈએ. જિનેન્દ્ર ભગવાનનું સત્ય સ્વરૂપ જાણ્યા વિના તેમનું શ્રદ્ધાન પણ થઈ શકતું નથી.

જિનેન્દ્ર ભગવાનનો અહોભાવ આવ્યા વિના, તેમના વચનોની પણ મહિમા આવી શકે નહિ. તેથી વીતરાગી દેવ-ગુરુ-ધર્મ દ્વારા કથિત સાત તત્ત્વના સ્વરૂપને આગમના માધ્યમથી જાણવું જોઈએ. કારણ કે વર્તમાનકાળમાં સાચા દેવનો આ ભૂમિ પર વિરહ છે તથા સદ્ગુરુનો યોગ થવો પણ અત્યંત દુર્લભ છે. તેથી જિનવાણી પ્રત્યે સર્વસ્વ સમર્પણ ભાવ હોય તો જ સાત તત્ત્વનું સ્વરૂપ સમજી શકાય છે.

**જીવાદિ સાત તત્ત્વોમાં જીવ તથા અજીવ નિત્ય ટકી રહેતાં ધ્રુવ તત્ત્વ છે. આશ્રવ, બંધ, સંવર, નિર્જરા તથા મોક્ષ પલટાતા પરિણામ છે. આ સાતમાં ગર્ભિત જગતનું નિત્ય-અનિત્યપણું જાણવું તે અનેકાંત દૃષ્ટિ છે. સાત તત્ત્વોમાં જીવ તથા અજીવ જ્ઞેય છે. આશ્રવ-બંધ હેય છે. સંવર-નિર્જરા ઉપાદેય છે તથા મોક્ષ સર્વથા ઉપાદેય છે. આમ, સાતેય તત્ત્વનો નિર્ણય કર્યા વિના સમકિત પ્રગટતું નથી.**

વિશ્વમાં સમસ્ત દ્રવ્યોને પરસ્પર કોઈ સંબંધ નથી. સ્વ-પરનું ભેદજ્ઞાન થવું અનિવાર્ય છે. તેથી ભેદજ્ઞાનનો અભ્યાસ નિરંતર હોવો

જોઈએ. સર્વપ્રથમ પરદ્રવ્યથી, ત્યાર બાદ ક્રમે ક્રમે પરદ્રવ્યના ભાવોથી, ત્યાર બાદ પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થતા આત્માના વિકારી ભાવોથી તથા સ્વભાવ તરફ દૃષ્ટિ કરવાથી ઉત્પન્ન થતી અવિકારી શુદ્ધ પર્યાયથી તથા વચનગોચર વિકલ્પોથી ધ્રુવ સ્વભાવી આત્મા સર્વદા તથા સર્વથા ભિન્ન છે. કારણ કે દરેક પરદ્રવ્ય આત્મામય ધ્રુવ પદાર્થ નથી. જ્યાં સુધી આત્મામાં જ્ઞાન ભરપૂર છે એવો વિકલ્પ રહે છે ત્યાં સુધી પણ આત્માનો અનુભવ થતો નથી. **આત્મામાં જ્ઞાન નહિ પણ આત્મા જ જ્ઞાનમય છે. ગુણ-ગુણીનો ભેદ છૂટ્યા વિના આત્માનો અખંડ અભેદ, નિત્ય, એક સ્વભાવ ગ્રહણ થતો નથી.**

જ્યારે આત્મા પોતાને આત્મા માને, જાણે તથા પોતાના સ્વભાવમાં લીન થાય ત્યારે આત્મામાં સમકિત પ્રગટ થાય છે. **જીવની વૃત્તિનો સંબંધ આત્માના ભાવ સાથે છે તથા પ્રવૃત્તિનો સંબંધ આત્માના ભાવના નિમિત્તથી થતી શરીરની ક્રિયા સાથે છે.** જ્યારે આત્માનો જ્ઞાનસ્વભાવ પોતાને જાણે છે, અનુભવે છે ત્યારે પરમાર્થથી સમકિતની પ્રાપ્તિ થાય છે.

❁

**વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;**
**ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨**

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા બાદ જ્યારે જીવ મોક્ષમાર્ગમાં અગ્રેસર થાય છે, ત્યારે બારમાં ગુણસ્થાને મોહનીયકર્મના સર્વથા અભાવથી પૂર્ણ વીતરાગતા પ્રગટ થાય છે. અવિરત સમ્યગ્દૃષ્ટિને



ચોથા ગુણસ્થાનમાં અનંતાનુબંધી કષાય ચોકડીના અભાવથી સમ્યક્ચારિત્ર અથવા સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે. પાંચમાં ગુણસ્થાને અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ચોકડીના અભાવથી દેશચારિત્ર પ્રગટે છે. છઠ્ઠા-સાતમાં ગુણસ્થાને ભાવલિંગી સાધુ ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક સકલચારિત્ર પાળે છે. બારમા ગુણસ્થાને સંપૂર્ણ કષાયના અભાવથી પૂર્ણ વીતરાગતા પ્રગટે છે તેને યથાખ્યાત ચારિત્ર તથા કેવળજ્ઞાન સહિત એ જ ચારિત્રને પરમ યથાખ્યાત ચારિત્ર કહે છે. જ્યારે સિદ્ધદશામાં પરમ ચારિત્ર કહેવાય છે. **આમ, સમ્યગ્દર્શન જે સમયે પ્રગટે છે, તે જ સમયે પૂર્ણ પણ થાય છે. જ્યારે ચારિત્ર ગુણની પર્યાયમાં શુદ્ધતા ક્રમે ક્રમે વધે છે.** સંપૂર્ણ કષાયનો અભાવ થતાં આત્મા પૂર્ણ વીતરાગી દશા પ્રાપ્ત કરે છે. સાતમાં ગુણસ્થાનથી આગળ જીવ જ્યારે ક્ષપકક્ષેણી માંડીને બારમાં ગુણસ્થાને પહોંચે છે, ત્યારે તે ક્ષીણમોહી જિન કહેવાય છે. પૂર્ણ વીતરાગી દશામાં માત્ર કષાયનો જ નહિ પરંતુ હાસ્યાદિ નોકષાયનો પણ અભાવ હોય છે. ઉપશમશ્રેણી માંડીને જીવ અગ્યારમાં ગુણસ્થાને પહોંચે છે પરંતુ તેનું ફરી નીચેના ગુણસ્થાનમાં નિયમથી પતન થાય છે. કોઈ પણ જીવ અગિયારમાં ગુણસ્થાનથી બારમા અથવા આગળના ગુણસ્થાનમાં ગમન કરી શકે નહિ. અગ્યારમાં ગુણસ્થાનવર્તી જીવનું નીચેના ગુણસ્થાનમાં ગમન થતા નિયમથી દશમાં ગુણસ્થાનમાં આગમન થાય છે. ત્યાંથી ક્રમે કરીને પૂર્વવત્ છઠ્ઠા-સાતમાં ગુણસ્થાને ઝુલે છે. તેવી જ રીતે ક્ષપકશ્રેણી માંડનારા મુનિરાજ દશમાં ગુણસ્થાનથી બારમા ગુણસ્થાનમાં

નિયમથી ગમન કરે છે અને મોહનો સર્વથા ક્ષય થવાથી પૂર્ણ વીતરાગી દશા પ્રગટ કરે છે. બારમા ગુણસ્થાનથી અધોપતન થતું જ નથી એવો નિયમ છે. તેથી પૂર્ણ વીતરાગી દશા પ્રાપ્ત થયેલા જીવને વીતરાગ પદના વાસી તથા પૂર્ણ સુખી કહ્યા છે. **લૌકિકમાં ચારિત્ર શબ્દનો પ્રયોગ બાહ્ય ક્રિયા અથવા આચરણના અર્થમાં થતો હોય છે. પરંતુ નિશ્ચયથી ચારિત્રનો સંબંધ શરીરની કોઈપણ ક્રિયા સાથે નથી. કષાયભાવ એ આત્માની અશુદ્ધ પર્યાય છે તેથી તે અશુદ્ધતાના અભાવપૂર્વક પ્રગટ થયેલા ચારિત્રનો સંબંધ આત્મા સાથે જ સમજવો જોઈએ.** મુનિરાજ બાહ્યમાં ૨૮ મૂળગુણોનું નિરતિચાર પાલન કરે છે પરંતુ ૨૮ મૂળગુણોને ખરૂં ચારિત્ર કહ્યું નથી. મુનિરાજને ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક પ્રગટ થયેલી વીતરાગતાને સકલ ચારિત્ર કહ્યું છે. શરીરની બાહ્ય ક્રિયાની દૃષ્ટિએ છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનવર્તી ભાવલિંગી મુનિ તથા પહેલાં ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિમાં કોઈ અંતર નથી. ભાવલિંગી સાધુ સકલ ચારિત્રવાન હોવાથી નિકટકાળમાં મુક્તિ પામશે પરંતુ પ્રથમ ગુણસ્થાન પરથી દ્રવ્યલિંગી મુનિને મુક્તિ તો શું, પણ મુક્તિનો માર્ગ સુદ્ધા પ્રગટયો નથી. આમ, **વીતરાગતાનું પ્રગટવું એ જ ચારિત્રની નિર્મળતા છે.**

❀

**કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩**

કેવળજ્ઞાની સદેહ મુક્ત હોય છે. છદ્મસ્થ દશામાં જ્ઞાનીને



મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન વડે આત્માનો અનુભવ થાય છે. અર્થાત્ જ્ઞાની ચોથા ગુણસ્થાનથી બારમાં ગુણસ્થાન સુધી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વડે આત્માને જાણે છે. કેવળી ભગવાન કેવળજ્ઞાનથી આત્માને જાણે છે. મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન તથા કેવળજ્ઞાનની પર્યાયમાં ભેદ હોવા છતાં, અનુભૂતિમાં કોઈ ભેદ હોતો નથી. ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટીને, આત્માના અનંતગુણોનો અનુભવ હોતો નથી, કારણ કે અનંતના અનુભવને ભેદનો અનુભવ કહેવાય. ખરેખર અભેદ દૃષ્ટિથી આત્માનુભૂતિ થાય છે. આમ, કેવળીભગવાન આત્માના દરેક ગુણ અને પર્યાયના ભેદને જગતના સર્વ દ્રવ્યો સમાન પરરૂપે જાણે છે પરંતુ અનુભવ કરતા નથી. કારણ કે જેવી રીતે જગતનો કોઈ પણ પરપદાર્થ આત્માની નિર્વિકલ્પદશાનું કારણ થતો નથી તેવી રીતે આત્માના અનંતગુણોના ભેદ અથવા પર્યાયના ભેદ પણ નિર્વિકલ્પ અનુભૂતિનું કારણ થતાં નથી. કેવળી ભગવાન જગતને જાણતાં હોવા છતાં તેમાં તન્મય થતાં નથી, તેથી નિશ્ચયથી કેવળી ભગવાન પોતાના આત્માને જાણે તથા વ્યવહારથી જગતને જાણે છે. અરિહંત ભગવાન કેવળજ્ઞાન સહિત હોવાથી, તેમને શરીરમુક્ત પણ કહે છે. બંધનનું કારણ શરીર નથી, તેથી શરીર સહિત દશામાં પણ ઘાતિકર્મોના સર્વથા અભાવથી, અરિહંત કેવળી 'મુક્ત' કહેવાય છે. અરિહંત ભગવાનને ભાવકર્મનો સર્વથા ક્ષય થયો છે. દ્રવ્ય કર્મોમાં પણ ઘાતિકર્મનો પૂર્ણ ક્ષય થયો તથા અઘાતિ કર્મોની પ્રકૃતિનો જ સદ્ભાવ છે તથા શરીરાદિ નોકર્મનો પૂર્ણ સદ્ભાવ છે. દ્રવ્યકર્મનો આંશિક તથા નોકર્મનો પૂર્ણ સદ્ભાવ હોવા છતાં અરિહંત ભગવાન મુક્ત કહેવાય છે. દેહ સહિત નિર્વાણ કહેવો એ વ્યવહારિક કથન

છે. ખરેખર ભાવકર્મ, દ્રવ્યકર્મ તથા નોકર્મના સર્વથા ક્ષય થયા વિના મોક્ષ થતો નથી. જેવી રીતે કોઈ વ્યક્તિને ઘર હોય, પણ તે ઘરમાં ધ્યાન ન આપતો હોય તેને ઘર વિનાનો જરૂર કહેવાય છે. તેવી રીતે દેહ હોવા છતાં પણ દેહ તરફ દૃષ્ટિ કરતા નહિ હોવાથી, તેમને સદેહ હોવા છતાં અશરીરી કહેવામાં આવે છે. આત્મજ્ઞાન થયા બાદ, આત્મજ્ઞાન છૂટી પણ શકે છે. પરંતુ કેવળજ્ઞાન થયા પછી ક્યારેય પણ છૂટે નહિ. દરેક આત્મજ્ઞાની તદ્ભવ મોક્ષગામી હોતા નથી પરંતુ સમસ્ત કેવળી તદ્ભવ મોક્ષગામી જ હોય છે. તેથી કેવળી ભગવાનને દેહ છતાં નિર્વાણ કહ્યો છે. કેવળજ્ઞાન થયા પછી આયુકર્મનો બંધ થતો નથી. જો કેવળી ભગવાનને આયુકર્મનું બંધન માનવામાં આવે તો કેવળી ભગવાનનો પુનર્જન્મ પણ માનવો પડશે કારણ કે આયુબંધ થયા બાદ જે ગતિનો આયુબંધ થયો હોય તે ગતિમાં નિયમથી જન્મ થાય છે. આમ, અરિહંત ભગવાન તથા સિદ્ધ ભગવાન કેવળજ્ઞાનની દૃષ્ટિએ સમાન જ છે.

❁

**કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં શમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દુર થાય. ૧૧૪**

આત્મા અનાદિ કાળથી વિભાવરૂપે પરિણામી રહ્યો છે તો પણ, વિભાવને દૂર થવા માટે આત્માએ ફરી અનંતકાળ વીતાવવો પડે તેવો નિયમ નથી. અહીં દૃષ્ટાંતના માધ્યમથી વિભાવના અભાવનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. જેવી રીતે કરોડો વર્ષથી ચાલતું સ્વપ્ન પણ વ્યક્તિના જાગૃત થવાથી દૂર થાય છે, તેવી રીતે આત્મામાં ઉત્પન્ન



થતા વિકારીભાવો સ્વભાવથી વિપરીત હોવાથી સ્વપ્ન સમાન કાલ્પનિક છે. વિકારીભાવનું ત્રિકાળી સ્વભાવમાં કોઈ અસ્તિત્વ નથી પરંતુ અજ્ઞાનદશામાં ક્ષણિક પર્યાયમાં વિકારનું અસ્તિત્વ છે, તેનું પણ જ્ઞાન હોવું જરૂરી છે. દોષનું જ્ઞાન થયા વિના દોષ દૂર થઈ શકતા નથી.

જ્યારે વ્યક્તિ જાગે છે ત્યારે કોટિવર્ષનું સ્વપ્ન પણ છૂટી જાય છે. દરેક અજ્ઞાની પણ અનાદિ કાળથી અજ્ઞાનતામાં સુતેલો છે તથા અજ્ઞાનરૂપ ગાઢ નિદ્રામાં માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી તથા પરિવાર, મિત્ર, શત્રુ, ઘર, દુકાન વગેરે સંયોગોને પોતાના માને છે. કારણ કે અજ્ઞાન એ અંધકાર સમાન છે. જ્ઞાનના અભાવમાં વસ્તુનું કે વસ્તુના જ્ઞાનમાં નિમિત્ત થતી ઈન્દ્રિયોનું, કોઈ મહત્વ હોતું નથી. જ્ઞાનની સરખામણી, ભૌતિક વસ્તુ સાથે કરવી યોગ્ય નથી. કારણ કે જ્ઞાન અમૂલ્ય વસ્તુ છે. એક અંગ્રેજી ફિલોસોફર જ્યોર્જ બર્નાડ શૉએ કહ્યું છે કે જો મારી પાસે એક સફરજન હોય અને તમારી પાસે પણ એક સફરજન હોય અને આપણે બંને એક બીજાને સરફજનની લેવડ-દેવડ કરીને મારૂં સફરજન હું તમને આપું તથા તમારૂં સફરજન તમે મને આપો તો બંને પાસે એક જ સફરજન રહેશે; બંનેના સફરજનની સંખ્યામાં કોઈ વધારો નહિ થાય. પરંતુ જો મારી પાસે એક પુસ્તકનું જ્ઞાન હોય તથા તમારી પાસે પણ એક પુસ્તકનું જ્ઞાન હોય અને આપણે બંને એકબીજાના જ્ઞાનની લેવડ-દેવડ કરીને એક પુસ્તકનું જ્ઞાન હું તમને આપું તથા એક પુસ્તકનું જ્ઞાન તમે મને આપો તો બંને પાસે બે પુસ્તકનું જ્ઞાન થઈ જશે. બંને

વ્યક્તિના જ્ઞાનમાં પણ વધારો થશે. સર્વત્ર જ્ઞાનની મહિમા છે. વસ્તુ હોવા છતાં વસ્તુનું જ્ઞાન ન હોવું, તે વસ્તુની ગેરહાજરી હોવા બરાબર છે. આત્મા જ્ઞાનાદિ અનંતગુણોનો પિંડ તથા સુખનો ધામ હોવા છતાં તેણે પોતાને સુખરૂપ ન માન્યો એ જ આત્માનું અજ્ઞાન છે. જ્ઞાન થતાં વિભાવ ટકતો નથી. કારણ કે વિભાવની આગતા-સ્વાગતા કરનાર અજ્ઞાનનો નાશ થવાથી વિભાવને રહેવાનો પ્રતિસાદ આપનાર કોઈ રહેતું નથી, તેથી રાગાદિ વિભાવ પણ રહેતો નથી. જેવી રીતે કોઈ એક ઓરડામાં વર્ષોથી અંધકાર હોય, તે ઓરડામાં પ્રકાશ કરવાથી અંધકાર પણ એક પળના પ્રકાશથી દૂર થઈ જાય છે; તેવી રીતે અનાદિકાળથી નહિ છૂટેલો મિથ્યાત્વાદિરૂપ વિભાવ સમ્યગ્જ્ઞાનના માધ્યમથી એક સમયમાં નષ્ટ થઈ જાય છે. જે સમયે મિથ્યાત્વરૂપ અજ્ઞાનનો નાશ થાય છે, તે જ સમયે આત્મામાં સમ્યક્ત્વરૂપ જ્ઞાનનો ઉદય થાય છે. રાત્રિના અંધકારને દૂર કરવા માટે સૂર્યને આખો દિવસ લાગતો નથી. પળભરમાં અંધકારરૂપ રાત્રિને દૂર કરીને પોતે ઉદિત થાય છે. તેવી રીતે જ્ઞાન પણ અનાદિકાલીન મિથ્યાત્વને ચીરતું પળભરમાં આત્માના સર્વ પ્રદેશ પર હંમેશ માટે ઉદિત થાય છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“કરોડ વર્ષનું સ્વપ્ન ટાળી જાગૃત થવા માટે વધારે વખત ન જોઈએ. દૃષ્ટાંત એકદેશી હોય છે, તેની સાથે એટલો સિદ્ધાંત મેળવવો છે કે અનંતકાળથી અજ્ઞાન અંધકારરૂપ મોહનિદ્રા છે તેને સત્ય આત્મબોધ વડે ટાળી શકાય છે; અને અનાદિ કાળનો વિભાવ સાચું જ્ઞાન થતાં જ દૂર થાય છે. સામાન્ય જે પોતાનો સળંગ જ્ઞાન-દર્શનમય એકાકાર સ્વભાવ છે તેને છોડીને-ભૂલીને જીવે દેહાદિ નિમિત્તનો પોતામાં આરોપ કર્યો છે, રાગાદિ, દેહાદિ તથા પુણ્ય વગેરે મારાં છે એ રીતે કર્મભાવ-વિભાવમાં પોતાપણાની માન્યતાથી જીવ મિથ્યાત્વભાવ ચાલુ રાખે છે. આત્મજ્ઞાન થતાં (જેમ જાગૃત થતાં સ્વપ્ન ચાલ્યું જાય છે, દીપકનો પ્રકાશ થતાં અંધકાર ટળે છે તેમ) તે ભૂલ ટળી જાય છે, અહીં “વિભાવ” શબ્દથી મુખ્યપણે દર્શનમોહનો નાશ કહ્યો છે, અને ગૌણમાં ચારિત્રમોહનો નાશ કહ્યો છે. પોતાનો દોષ કર્મપ્રકૃતિ ઉપર નહિ ઢોળતાં પોતાથી ટાળવા આ ગાથામાં કહ્યું છે. પોતે પોતાના સ્વરૂપને અન્યથા માન્યું છે, તે ભૂલ પોતે કરી છે, નહિ કે તે ભૂલ કર્મ પ્રકૃતિ કરાવે છે.”*



❁

**છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫**

અજ્ઞાનદશામાં જીવ કર્મનો કર્તા તથા ભોક્તા છે. પરંતુ જ્ઞાનીને કર્તૃત્વબુદ્ધિ તથા ભોક્તૃત્વબુદ્ધિનો અભાવ થયો હોવાથી જ્ઞાની કર્મના કર્તા તથા ભોક્તા નથી. તેથી દેહથી એકત્વબુદ્ધિ છોડીને આત્માના અનુભવીને કર્તૃત્વભાવ નહિ હોવાથી, ભોક્તૃત્વભાવનો પણ અભાવ છે. જ્યાં કર્તૃત્વબુદ્ધિ ન હોય, ત્યાં ભોક્તૃત્વબુદ્ધિ પણ હોતી નથી. આચાર્ય કુંદકુંદદેવને સમયસાર વગેરે ગ્રંથ લેખનકાર્યનું, કૃપાળુદેવને આત્મસિદ્ધિ શાસ્ત્રના લેખનકાર્યનું તથા શ્રી કાનજીસ્વામીને સમયસાર

તથા આત્મસિદ્ધિશાસ્ત્ર વગેરે ગ્રંથો પર અપાયેલાં પ્રવચન કાર્યનું કર્તૃત્વ ન હતું; તેથી તે જ્ઞાની મહાપુરુષોને, તેમના નિમિત્તથી થયેલા કાર્યના, લોકો દ્વારા થતાં વખાણથી, આનંદ ભોગવતા તથા કોઈ અન્ય જીવો દ્વારા, તેમના નિમિત્તથી થયેલા કાર્યની નિંદાથી દુઃખ ન હતું. કારણ કે વખાણ તથા નિંદાને તે આત્મા જ ભોગવે જે આત્મામાં કર્તૃત્વબુદ્ધિ હોય.

ઉદય અનુસાર પ્રવર્તતા જ્ઞાનીને મિથ્યાત્વના અભાવથી દેહનો અધ્યાસ દૂર થઈ ગયેલો હોય છે. માત્ર દેહનો જ નહિ પરંતુ દેહાદિ સમસ્ત પર પદાર્થોથી એકત્વ છૂટી જાય છે. તેથી જે આત્મા પોતાને શરીરનો કર્તા માનતો નથી, તે આત્મા પોતાને કર્મનો પણ કર્તા માનતો નથી. કર્મ તથા શરીર વગેરે પરદ્રવ્યના કર્તાપણા રહિત આત્મા, માત્ર સ્વભાવનો કર્તા છે અર્થાત્ પોતે માત્ર જ્ઞાન સ્વભાવનો કર્તા છે અને આત્માનંદનો ભોક્તા છે.

અજ્ઞાની અનુકૂળ સંયોગોનો કર્તા પોતાને માને છે પરંતુ પ્રતિકૂળ સંયોગોથી પોતે છૂટવા માટે પોતાને પ્રતિકૂળતાનો કર્તા સ્વીકારવા તૈયાર થતો નથી.

જ્યારે બાઈ રોટલી બનાવે, ત્યારે પ્રથમ ત્રણ રોટલી વ્યવસ્થિત થયા પછી જો ચોથી રોટલી બળી જાય તો કહે છે કે ત્રણ રોટલી તો મેં બનાવી, પણ ચોથી રોટલી બનાવતી હતી ત્યારે મહેમાન આવી ગયા એટલે બળી ગઈ. ત્યાં એ બાઈ એમ કહેતી નથી કે ત્રણ રોટલી બની ગઈ અને ચોથી મેં બાળી. તે તો એમ જ કહી રહી છે કે ત્રણ રોટલી મેં બનાવી અને ચોથી રોટલી બળી ગઈ.



આમ, અજ્ઞાની દરેક ઘટનામાં યશપ્રાપ્તિ માટે પોતાને ગમે તેમ કરીને મહાન બતાવવા માટે અનેક પ્રયત્નો કરે છે. **ખરેખર જો પરદ્રવ્યનો કર્તા આત્મા હોય તો પોતાની ઈચ્છાનુસાર પરદ્રવ્યનું પરિણમન કેમ કરતો નથી?** જ્યારે શરીરમાં તાવ આવે, ત્યારે જો જીવની ઈચ્છાનુસાર થતું હોય, તો તાવ મટાડવાની ઈચ્છાથી તાવ કેમ મટતો નથી? અને જો જીવની ઈચ્છાનુસાર થાય તો શરીરમાં તાવ આવે એવું તો કોણ ઈચ્છે? પણ સત્ય એ છે કે આત્મા અજ્ઞાનતાને લીધે પોતાને પરનો કર્તા તથા ભોક્તા માને છે.

જ્ઞાનીને દેહ છતાં પણ દેહાતીત દશા વર્તતી હોવાથી, જ્ઞાની કર્મના કર્તા કે ભોક્તા થતાં નથી. જ્ઞાની ધર્માત્મા કર્મ બાંધતો નથી તથા કર્મ ભોગવતો નથી. આત્મજ્ઞાની પોતાને પરનો અકર્તા તથા અભોક્તા માને છે કે જે વાસ્તવિક્તા છે.

ધર્મનો સાર એ જ છે કે માન્યતાથી સંસાર છે તથા માન્યતાથી મોક્ષ છે. મિથ્યા માન્યતાથી કર્તા-ભોક્તાપણું ઉત્પન્ન થાય છે તથા સમ્યગ્દર્શન પ્રગટ થતા આત્મા પર્યાયથી પણ અકર્તા-અભોક્તા થાય છે.

❀

**એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;**
**અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬**

જો કોઈ તમને એવો પ્રશ્ન પૂછે કે ક્યા ધર્મથી મોક્ષ મળે છે? તો તમે તેને એમ જ કહેશો કે જૈનધર્મ સિવાય બીજો કોઈ પણ ધર્મ

પાળવાથી મોક્ષ પ્રાપ્ત થતો નથી. જ્યારે જ્ઞાની કહે છે વીતરાગ ધર્મથી મોક્ષ મળે છે. અનેક જ્ઞાનીએ અનેક ગ્રંથોમાં વીતરાગતાની અત્યંત મહિમા બતાવી છે. જન્મ ગમે તે કુળમાં અથવા જાતિમાં થયો હોય, પણ જો જીવ વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ પર અટલ શ્રદ્ધા રાખીને સ્વાનુભવ વડે વીતરાગ દશાની પ્રાપ્તિનો પુરુષાર્થ કરે, તો તે નિકટ કાળમાં મુક્તિ પામે છે.

જે આત્મા મોક્ષ સ્વરૂપે પોતાને પ્રતીત કરે છે, તે આત્મા મોક્ષ પણ પામે છે કારણ કે મોક્ષની પ્રતીતિ થયા વિના સમ્યગ્દર્શન થતું નથી તથા સમ્યગ્દર્શન વિના આત્માનો મોક્ષ થતો નથી. તેથી સમ્યગ્દર્શનનું લક્ષણ બતાવતા તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે **'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्'** ત્યાં પણ સાતેય તત્ત્વોની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે. આત્મા મોક્ષસ્વરૂપી હોવા છતાં, સંસાર અવસ્થાનું અસ્તિત્વ જ નથી; એમ ન માની લેવું જોઈએ. કારણ કે જ્ઞાનીને પોતાની ભૂમિકાનુસાર શુદ્ધિ તથા અશુદ્ધિનું જ્ઞાન હોય છે. આત્મા અનંતજ્ઞાની તથા અનંતદર્શી છે. સ્વભાવ દૃષ્ટિએ જ્ઞાન અને દર્શન વગેરે ગુણોમાં અનંતતા નિત્ય છે પરંતુ પર્યાય દૃષ્ટિએ જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મોનો અભાવ થવાથી પર્યાયમાં પણ કેવળજ્ઞાન એટલે અનંતજ્ઞાન તથા કેવળદર્શન એટલે અનંતદર્શન પ્રગટે છે. અનંતજ્ઞાન તથા અનંતદર્શન કહીને, આત્માના અનુજીવી ગુણોને તથા અવ્યાબાધ સ્વરૂપ કહીને આત્માના પ્રતિજીવી ગુણોને બતાવ્યાં છે. આઠ પ્રકારના કર્મોમાંથી ચાર ઘાતિકર્મોના અભાવના નિમિત્તથી અનુજીવી ગુણની શુદ્ધ પર્યાય તથા અઘાતિકર્મોના અભાવના



નિમિત્તથી પ્રતિજીવી ગુણની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, મોહનીય તથા અંતરાય કર્મના અભાવના નિમિત્તથી આત્મામાં અનુક્રમે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ તથા અનંતવીર્ય પ્રગટે છે. વેદનીય, આયુ, નામ તથા ગોત્ર કર્મના અભાવના નિમિતથી આત્મામાં અનુક્રમે અવ્યાબાધ, અવગાહનત્વ, સૂક્ષ્મત્વ તથા અગુરુલઘુત્વગુણ પ્રગટે છે. અરિહંત દશામાં ઘાતિ કર્મના અભાવથી અનુજીવી ગુણની પર્યાય શુદ્ધ હોવા છતાં ચાર અઘાતિ કર્મના ઉદયના નિમિત્તથી પ્રતિજીવી ગુણોની પર્યાય અશુદ્ધ છે. મોક્ષદક્ષાને પામેલા સિદ્ધ ભગવાન ઘાતિ-અઘાતિરૂપ સંપૂર્ણ કર્મો રહિત થયા હોવાને લીધે સંપૂર્ણ ગુણોની પૂર્ણ શુદ્ધતાને પ્રાપ્ત થાય છે. સર્વ સંસારી જીવો પણ શક્તિ અપેક્ષાએ જ્ઞાન, દર્શન તથા અવ્યાબાધસ્વરૂપી છે એવો આ પદનો ભાવ છે. જેને જ્ઞાની વિરલા જ અનુભવે છે.

❁

**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;**
**બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ. ૧૧૭**

નિર્વિકલ્પદશાના સમયે જ્ઞાનીને અનુભવમાં આવતું દૃષ્ટિના વિષયભૂત આત્માનું સ્વરૂપ અહીં અજ્ઞાનીને સમજાવવા માટે અનેક વિશેષણોના માધ્યમથી ભેદ કરીને સમજાવ્યું છે. આત્મામાં ગુણોના ભેદ હોતા નથી પરંતુ સમજવા અને સમજાવવા માટે આત્માને ગુણના ભેદરૂપે કહેવામાં આવે છે. શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન વગેરે અનેક ગુણો આત્મામાં ત્રિકાળ છે. એ ગુણોના માધ્યમથી આત્માને જાણી

શકાય છે. આત્માને સત્ય સ્વરૂપે જાણવો એટલે આત્માને પામવો. આત્માનો વિચાર કર્યા વિના આત્મા પામી શકતો નથી, તેથી અહીં આત્માનો વિચાર કરવાનો પ્રેરણારૂપ ઉપદેશ આપ્યો છે. આત્માનું પ્રથમ વિશેષણ બતાવતા, તેને શુદ્ધ કહ્યો છે. આ શુદ્ધતાને પર્યાયની શુદ્ધતા ન સમજવી. અહીં તો દૃષ્ટિના વિષયભૂત આત્માની ચર્ચા ચાલી રહી છે, તેથી આત્મદ્રવ્યની ત્રિકાળ શુદ્ધતા સમજવી જોઈએ. પર્યાયમાં રહેલા વિકારના સમયે પણ, આત્મામાં ટકી રહેલી શુદ્ધતાને આત્માની શુદ્ધતા કહી છે. જે શુદ્ધતા નવીન પ્રગટ થાય છે, તે હું નથી, કારણ કે આજે હું તો છું, પરંતુ આજે પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થઈ નથી. તેથી હું પ્રગટ થવાવાળી શુદ્ધતાથી જુદો ત્રિકાળ શુદ્ધ આત્મા છું. શરીરની મલિનતા સાથે રહીને પણ આત્મા નિર્મળ રહ્યો, તેથી આત્મા ત્રિકાળ શુદ્ધ છે. બુદ્ધ તથા ચૈતન્યઘન કહીને આત્માને જ્ઞાનસ્વભાવી બતાવ્યો છે. આત્માના સર્વ પ્રદેશ પર જ્ઞાનનું અસ્તિત્વ હોવાથી, આત્માને જ્ઞાનનો ઘનપિંડ કહેવામાં આવે છે. પોતે સ્વયં જ્ઞાન સ્વરૂપ છે. સમયસાર કળશમાં કહ્યું છે કે, 'આત્મ જ્ઞાનં સ્વયં જ્ઞાનં' અર્થાત્ આત્મા પોતે જ્ઞાન છે. જ્ઞાન જ આત્મા છે. આમ, ગુણ-ગુણીનો ભેદ ટાળીને આત્માને સ્વયં જ્યોતિ સ્વરૂપ કહ્યો છે. આંખ વડે દેખાતી જ્યોતિ આત્મા નથી કારણ કે આંખ વડે દેખાય એ નિયમથી પુદ્‌ગલ હોય છે. તેથી આત્માને જ્ઞાન જ્યોતિમય સમજવો જોઈએ. જ્ઞાન અને સુખ આત્માના મુખ્ય ગુણો હોવાથી અહીં પણ જ્ઞાન વિશેષણ બતાવીને, આત્માને સુખધામ કહ્યો છે. સુખ ભૌતિક સાધનોમાં તો નથી જ, સાથેસાથે કલ્પનામાં પણ નથી કારણ કે સુખ આત્માનો સ્વભાવ છે. આત્મા સુખનો ધામ છે. તેથી આત્મામાં



સુખનું ત્રિકાળ અસ્તિત્વ છે; માટે આત્માના સુખ સ્વભાવને કલ્પના કહેવાથી આત્મા પણ, કાલ્પનિક સિદ્ધ થશે, તેથી એમ માનવું કે હું સુખમય છું, તે વાસ્તવિકતા છે.

સદ્‌ગુરુ કહે છે કે જેટલું કહ્યું તેનો વિચાર કરવામાં આવે તો આત્માની પ્રાપ્તિ માટે સમજાવેલું તત્ત્વનું વિવેચન પર્યાપ્ત છે. વિચાર કરવાથી વિકાર દૂર થાય છે, કારણ કે વિકારની તીવ્રતા સાથે તત્ત્વનો વિચાર પણ થતો નથી. **આત્મા સર્વશ્રેષ્ઠ હોવા છતાં, આત્માનો વિચાર કર્યા વિના, આત્મામાં શુદ્ધતા પ્રગટ થતી નથી.**

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"પ્રથમ દ્રવ્યપણું સામાન્ય-સ્વભાવપણું બતાવ્યું તે અખંડ દ્રવ્યદૃષ્ટિ છે. મોક્ષસ્વભાવ શક્તિરૂપ છે પણ પર્યાયે પ્રગટ નથી. જો અવસ્થાએ પણ શુદ્ધ હોય તો ઉપદેશ આદિ વ્યર્થ ઠરે, અને સાધવાનો પુરુષાર્થ પણ રહે નહિ. હવે તેનું સાધન એ છે કે "કર વિચાર તો પામ" એટલે જે સ્વભાવ તેં માન્યો છે તેનું જ્ઞાન ઘટ કર, તે સ્વરૂપના વિચારનું ઘોલન કર, જેમ છે તેમ જાણ, જાણીને ભરોસો કર, એ શ્રદ્ધાને વિચાર અને રાગ રહિત જ્ઞાનમાં સ્થિરતા કર; એ રુચિના વિચારમાં ઠર, એ કારણનું સેવન કર, જે સ્વભાવમાં પૂર્ણ શક્તિ ભરી છે તે પ્રગટ અવસ્થાને પામ. બીજો કોઈ માર્ગ નથી, જ્ઞાન સિવાય કોઈ ઉપાય નથી. જે સ્વભાવ છે તેનું જ્ઞાન, અને તે જ્ઞાનની ક્રિયા કર તો મોક્ષ પામ. મોક્ષ એક અવસ્થા છે, જે સિદ્ધદશા શક્તિરૂપે છે તે પ્રગટ કરી આ શિવસ્વરૂપ પરમ સુખને પામીશ. તે જાતના*

*સત્ સાધનથી તું તે પદને પામીશ અધિક શું કહેવું ? થોડું કહ્યું ઘણું કરીને માનજે; એમ તારા સ્વભાવની વાત છે, એને ઘણા પ્રકારથી કહી છે, પૂર્ણતાના લક્ષે પૂર્ણમાં ઠરવાનો પ્રયત્ન કર એ સાધન કહ્યું.''*

❁

**નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;**
**ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય. ૧૧૮**

જ્ઞાનીના ધ્યાનનું ધ્યેય, નિર્વિકલ્પ સ્વરૂપ આત્મા જ છે. આત્માની પ્રાપ્તિ નિર્વિકલ્પ દશા વિના થતી નથી. મોક્ષપ્રાપ્તિ માટે મૌન અનિવાર્ય છે. એટલું જ નહિ મોક્ષમાર્ગ પણ મૌન સહિત નિર્વિકલ્પ સમાધિ વિના મળતો નથી. મોક્ષની સાધનાનું અંતિમ સાધન, ધ્યાન છે. સર્વ આત્મજ્ઞાની અનેક પ્રકારથી તત્ત્વોપદેશ આપે છે, પણ અંતે તો મૌન ધારણ કરી પોતાના સ્વભાવમાં લીન થાય છે અને સાધ્યની સિદ્ધિ કરે છે. તેથી એમ સમજી શકાય કે, વાતો કરવાથી મોક્ષ મળતો નથી. જ્યારે જીવ વાતો કરવાનું બંધ કરી મૌન લઈને સમાધિમાં સ્થિત થાય, ત્યારે મોક્ષ પામે છે. કોઈ એમ કહે કે ચર્ચા કરવાથી મોક્ષ મળતો નથી, તો શું તત્ત્વચર્ચા કરવાનું બંધ કરી દેવું જોઈએ ? સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવ તો ૩૩ સાગરોપમ વર્ષો સુધી તત્ત્વની ચર્ચા કરે છે અને ચર્ચામાં એકવાર આવી ગયેલા વિષયનું પુનરાવર્તન થતું નથી. એ વાત સત્ય છે કે સર્વાર્થસિદ્ધિના દેવોની તત્ત્વચર્ચા અનેરી હોય છે. છતાં સિદ્ધાંત તો સર્વ જીવો માટે સમાન હોય છે. તેથી ચર્ચા કરવાનું બંધ કરી દેવું જોઈએ એમ નહિ, પણ એટલો નિર્ણય તો કરવો જોઈએ કે માત્ર ચર્ચામાં અટકીને, ધ્યેયને ન ભૂલી



જવું જોઈએ. તેથી અહીં અંતિમ દશાનું નિરૂપણ કર્યું છે.

વચનથી નિવૃત્ત થવાનું નામ મૌન નથી અને જો તેને મૌન કહીએ તો, દરેક એકેન્દ્રિય હંમેશાં મૌન જ હોય છે, તેથી તેને પણ જ્ઞાની કહેવા પડશે, પરંતુ તેઓ આત્માનુભવી નહિ હોવાથી અજ્ઞાની જ છે. નહિ બોલવું, એ મહત્વનું નથી, પરંતુ બોલવાનો વિકલ્પ કે રાગ પણ ન આવે તે મહત્વની વાત છે. બોલવાનો જ નહિ, પણ કોઈ પ્રકારનો વિકલ્પ ઉત્પન્ન ન થાય, તેને સમાધિ કહેવાય છે. સમાધિ આત્મજ્ઞાન તથા ચારિત્રની નિર્મળતાને સૂચવે છે. **સમ+અધિ= સમાધિ. ત્યાં સમ અર્થાત્ સમતા 'વીતરાગતા' તથા અધિ નો અર્થ જ્ઞાન થાય છે. વીતરાગભાવે જ્ઞાતા રહેવું એજ વાસ્તવિક સમાધિ છે.** સમાધિ લેવાની વસ્તુ નથી પણ સમાધિમય થવું એ અગત્યનું છે. સમાધિ લઈને મરવા કરતાં સમાધિપૂર્વક જીવન જીવવું હિતકારી છે. જેનું જીવન સમાધિમય છે, તેના મરણને પણ સમાધિમરણ કહેવામાં આવે છે. પરંતુ કોઈ વ્યક્તિ જીવનભર પાપાચાર પ્રવૃત્તિ કરીને, મરણના સમયે સમાધિ લેવાની વાતો કરે તો, કંઈ સમાધિમરણ થઈ જતું નથી. મૌનને સમાધિ સાથે જોડીને એ સ્પષ્ટ કરે છે કે શિષ્યને ઉપદેશ આપતા-આપતા તથા સદ્‌ગુરુનો ઉપદેશ સાંભળતા-સાંભળતા સમાધિમય ધ્યાન થઈ શકતું નથી. સમાધિ આત્માની સહજ પ્રક્રિયા છે.

એક ગુરુએ શિષ્યને કહ્યું કે, ''તું આત્મામાં લીન થઈ જા. પણ આત્મામાં લીન થાય ત્યારે બિલાડીને યાદ કરતો નહિ.'' હવે આ તરફ શિષ્ય જ્યારે આત્માનું ધ્યાન કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને

બિલાડી જ યાદ આવે છે. આમ, **આત્માનું ધ્યાન બળજબરીથી થતું નથી. જ્યારે ઉપયોગ સહેજે સ્વભાવમાં ઢળે છે, ત્યારે આત્મા સમાધિમાં લીન થાય છે એવો આ પદનો આશય છે.**

❁

**સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;**
**નિજપદ નિજમાંહિ લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯**

સદ્‌ગુરુના ઉપદેશના નિમિત્તથી શિષ્યને આત્મજ્ઞાન થાય છે; ત્યારબાદ પોતાને થયેલા અનુભવને વર્ણવે છે તથા અહીં સદ્‌ગુરુનો મહિમાભાવ પણ ગૌણરૂપે છુપાયેલો છે. શિષ્યને આત્મજ્ઞાન અને દ્રવ્યની સ્વતંત્રતાનો અનુભવ થયો હોવા છતાં સદ્‌ગુરુના ઉપદેશનો ઉપકાર ભૂલી શકે એમ નથી. આમ જ્ઞાનીને નિશ્ચય સાથે વ્યવહાર કેવા પ્રકારનો હોય છે, તેના ઉત્તર સ્વરૂપ આ ગાથાની રચના થઈ છે.

નિર્વિકલ્પ અનુભવ અપૂર્વ છે કારણ કે અજ્ઞાની જીવને ભૂતકાળમાં ક્યારેય પણ તેવો અનુભવ થયો નથી. જ્યારે આત્મજ્ઞાન થાય છે, ત્યારે સદ્‌ગુરુનું લક્ષ છૂટી જાય છે, પરંતુ મહિમાભાવ છૂટતો નથી. શિષ્યને આત્મજ્ઞાન થયું હોવાથી ઉપાદાન તથા નિમિત્તના સ્વરૂપની સમજ છે. આત્મજ્ઞાની સદ્‌ગુરુને, નિમિત્તરૂપે જાણતા હોવા છતાં, સદ્‌ગુરુ પ્રત્યે મહિમા ભાવ છે. સમયસારમાં 'પદ' શબ્દનો અર્થ પર્યાય કહ્યો છે. અહીં નિજપદનો અર્થ સ્વપદ એટલે કે પરમાત્મસ્વરૂપ એવો પણ કરી શકાય.



દરેક પુરુષની એ ઈચ્છા હોય છે કે પોતાની પત્ની મને દેખે. મને દેખે એટલું જ નહિ પણ મને એકલાને જ દેખે. જો પત્ની એકલા તેના પતિને જ દેખે તો પતિ સુખી થાય છે તથા જો પત્ની તેના પતિને દેખે નહિ અથવા પત્નીને બીજાની સાથે ટોળામાં દેખે ત્યારે પતિ દુઃખી થાય છે.

**પોતાની પર્યાય પોતાના સ્વભાવમાં ઢળે, ત્યારે આત્મજ્ઞાન પ્રગટ થાય છે. આત્માની જ્ઞાન પર્યાય આત્માને દેખે, ત્યારે આત્મા સુખી તથા પોતાની જ્ઞાન પર્યાય નિજાત્માને ન દેખે, ત્યારે આત્મા દુઃખી થાય છે. તેમાં પણ જ્યારે જ્ઞાન પર્યાય નિજાત્મદ્રવ્યને જાણે-દેખે, ત્યારે અભેદ નિજાત્મા સિવાય બીજુ કંઈ ન જાણે-દેખે; તેને નિર્વિકલ્પ દશા કહી છે.** જેવી રીતે રસગુલ્લાનો સ્વાદ લેતી વખતે, જો ગળામાં નાનકડો વાળ પણ અટકી ગયો હોય તો વાળ સાથે રસગુલ્લાનો અનુભવ થાય છે, તેથી રસગુલ્લાનો સ્વાદ આવતો નથી તેવી રીતે અભેદ આત્માના અનુભવ સાથે રાગ કે વિકલ્પનો આંશિક અનુભવ પણ થાય તો અપૂર્વ જ્ઞાન તથા સુખ પ્રગટતું નથી.

જ્યારે સર્વપ્રથમ નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે, ત્યારે આત્મજ્ઞાન પ્રગટ થાય છે; પરંતુ સંપૂર્ણ અજ્ઞાન દૂર થતું નથી. કારણ કે સમ્યગ્દ્રષ્ટીને પણ જ્ઞાનવરણીય વગેરે કર્મનો ઉદય હોય છે. ક્ષયોપશમ જ્ઞાનને આંશિક જ્ઞાન અને કેવળજ્ઞાનને ક્ષાયિકજ્ઞાન પણ કહેવાય છે; કેમકે તે જ્ઞાનાવરણીય કર્મના સર્વથા ક્ષયથી પ્રગટ થયેલું પૂર્ણ જ્ઞાન છે. આત્મજ્ઞાનીને જગતના સર્વ દ્રવ્ય, ગુણ તથા પર્યાયનું જ્ઞાન

નથી; તેમ છતાં જગતના સ્વરૂપની ઓળખાણ હોવાથી તેઓ ઈન્દ્રિય વિષયમાં લેપાતા નથી.

અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરીને પણ સ્વાનુભવદશા પ્રગટ ન થાય ત્યાં સુધી અજ્ઞાન દૂર થતું નથી. સ્વભાવમાં સ્થિર થયા વિના મોક્ષમાર્ગ પણ મળતો નથી. શિષ્યએ આત્માના સ્વરૂપનો અનુભવ પ્રમાણથી સ્વીકાર કર્યો છે. તેથી સદગુરુના ઉપદેશને નિમિત્તરૂપે સમજીને વ્યવહારથી અહોભાવ વ્યક્ત કર્યો છે.

❁

**ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;**
**અજર અમર અવિનાશીને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦**

આત્મજ્ઞાનીને આત્માની સમજણ છે, આત્માનો અનુભવ છે, જ્યારે શાસ્ત્રજ્ઞાની મિથ્યાદૃષ્ટી આત્મા-અનાત્મા વિશે થોડા અંશે જાણકારી ધરાવે છે. જ્ઞાનીને નિજ આત્માનું સ્વરૂપ, શુદ્ધ જ્ઞાનમય અનુભવાયું છે. અનુભવાયેલું આત્મસ્વરૂપ વચનાતીત છે. **દેહાતીત આત્માનો અનુભવ વચનાતીત કેમ ન હોય? કારણ કે જો અનુભવ અને વચન એક જ હોય, તો વચનને સાંભળવું જ અનુભવ બની જાત અને પછી અનુભવનું કોઈ મહત્વ જ ન રહેત.** ગ્રંથાધિરાજ સમયસારના અંતિમ સર્વવિશુદ્ધિ જ્ઞાન અધિકારમાં આત્માના જ્ઞાનને પર્યાયના ભેદથી ભિન્ન કહીને, શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ સમજાવ્યું છે. ત્યાં સર્વવિશુદ્ધિ-જ્ઞાન અધિકારને સૌથી અંતિમ ક્રમે રાખ્યો છે. એનો અર્થ એમ પણ છે કે જ્યાં સુધી તેના પહેલાના સર્વ અધિકારોની સમજણ ન થાય,



ત્યાં સુધી શુદ્ધ જ્ઞાનસ્વભાવી આત્માનો અનુભવ થતો નથી. જ્ઞાન અને રાગ આકાશના એક જ પ્રદેશ પર રહેતા હોવા છતાં સ્વભાવ અને વિભાવની અપેક્ષાએ તેના લક્ષણો તથા પ્રદેશોમાં ભિન્નતા છે.

જન્મ, જરા તથા મરણ વગેરે શરીરની અવસ્થા છે. આત્માના જન્મ, જરા તથા મરણ થતાં નથી. જ્ઞાની પોતાને અજર, અમર, અવિનાશી માને છે તેથી સમ્યગ્દષ્ટી ઈહલોક, પરલોક વગેરે સાત ભયથી રહિત હોય છે. આ જગતમાં સર્વ જીવો એક જ ઘટનાની કલ્પના કરીને ડરે છે, જે ઘટના અનાદિકાળથી આજસુધી બની નથી. તે ઘટનાનું નામ છે 'પોતાનું મરણ.' અનાદિકાળથી અનંત શરીરના જન્મ થયા તથા અનંત શરીરના મરણ થયા પરંતુ આત્મા અજર તથા અમર એવો અવિનાશી જ રહ્યો. આત્માનું સ્વરૂપ શરીરથી જુદું નથી; આત્માની ઓળખાણ શરીરથી કરવામાં આવે છે અર્થાત્ શરીરને જ આત્મા માની લેવામાં આવે છે; તે અજ્ઞાનતા છે. શરીરનો એક પણ ગુણ આત્મામાં મળતો નથી તથા આત્મા પોતાના સ્વભાવને છોડીને શરીરરૂપે પરિણમતું નથી; તેથી આત્મા દેહાતીત સ્વરૂપ છે. નિશ્ચયથી આત્મા દેહની અસરથી પર એટલે કે અતીત છે તેથી નિજ સ્વરૂપ દેહાતીત છે. કેટલાય લોકો પોતાના વિશે કહે છે કે ખબર નહિ, કાલે રહીશું કે નહિ? તેને પોતાના હોવાપણાનો વિશ્વાસ નથી. અહીં આત્માને મુખ્યરૂપે પુદ્‌ગલથી પણ દ્રવ્યનો અનુભવ થતો નથી. પુદ્‌ગલ દ્રવ્ય રૂપી હોવાથી કોઈક અંશે કોઈ જીવને ઈન્દ્રિયગમ્ય છે, તેથી ઈન્દ્રિયગમ્ય એવા પુદ્‌ગલમાં ત્રિકાળ અતીન્દ્રિય આત્માની કલ્પના કરવી અયોગ્ય છે. અહીં બતાવેલા આત્માના ગુણો નિશ્ચયની

મુખ્યતાથી સમજવા જોઈએ, કારણ કે વ્યવહારનયથી આત્માને સદેહી તથા દેહનો કર્તા કહ્યો છે. આત્માનુભૂતિમાં વ્યવહારનયનો વિષયભૂત આત્મા, ગૌણ હોય છે. અનુભવના કાળે પર દ્રવ્યનો જ નહિ, આત્મા સંબંધી પણ કોઈ વિકલ્પ હોતો નથી. નિર્વિકલ્પ દશાનું નામ આત્માનુભૂતિ છે. સ્થૂળ દૃષ્ટાંતથી કહીએ તો ભોજનની પૂર્વે તૈયારીમાં વિકલ્પ હોય છે પણ ભોજન આસ્વાદતા કોઈ વિકલ્પ હોતા નથી.

❁

**કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;**
**વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય. ૧૨૧**

મિથ્યાત્વના ઉદયમાં અજ્ઞાની પોતાને પરદ્રવ્યનો કર્તા તથા ભોક્તા માને છે. પરંતુ જ્યારે પરિણતિ સ્વભાવમાં ઢળે છે ત્યારથી સમ્યગ્દષ્ટી પોતાને પરદ્રવ્યનો કર્તા તથા ભોક્તા માનતો નથી. અહીં 'વૃત્તિ'નો અર્થ ઉપયોગ તથા નિજભાવ એટલે જ્ઞાયકભાવ સમજવું જોઈએ. જે સમયે પોતાનો ઉપયોગ જ્ઞાયકભાવમાં સ્થિત હોય, તે અવસ્થાને શુદ્ધોપયોગ કહે છે. એક સમય માટે પણ શુદ્ધોપયોગદશા પ્રગટ થયા બાદ, તે જ્ઞાની કોઈ પણ કર્મનો કર્તા તથા ભોક્તા નથી.

પરભાવનું કર્તૃત્વ અજ્ઞાનીને જ હોય છે. જ્ઞાનીમાં કર્તૃત્વબુદ્ધિ હોતી નથી, તેથી ભોકતૃત્વબુદ્ધિ પણ હોતી નથી. કર્તૃત્વ તથા ભોકતૃત્વ વગેરે મિથ્યાબુદ્ધિના અભાવથી જ્ઞાનદશાને પામેલા જ્ઞાની કર્મોના કર્તા તથા ભોકતા નથી. આત્માને કર્મનો કર્તા તથા ભોક્તા કહ્યો તે ઉપદેશ મિથ્યાદષ્ટી માટે છે. બે પદ જ નહિ પરંતુ આત્માના



અસ્તિત્વથી લઈને મોક્ષના ઉપાય સુધી બતાવેલા છ પદ મિથ્યાદષ્ટીને લક્ષમાં રાખીને સમજાવ્યા છે. **ત્રિકાળી શુદ્ધાત્માના અનુભવી પોતાને કર્મના કર્તાપણા તથા ભોક્તાપણાથી રહિત મોક્ષસ્વરૂપ માને છે, તેથી મોક્ષમાર્ગી છે.** આ કથનમાં છ પદ ગર્ભિત છે. તેથી એમ સમજવું કે છ પદ અજ્ઞાની માટે છે. પોતાને કમજોર કહીને પુરુષાર્થ જ કરે નહિ તેવા જીવોને કહ્યું છે. અજ્ઞાનીની કમજોરીને લક્ષ્યમાં રાખીને, સદ્‌ગુરુએ અહીં ઉપદેશ આપ્યો છે. સમયસાર વગેરે શાસ્ત્રમાં એવું કથન આવે છે કે જ્ઞાનીને કર્મબંધન થતું નથી. તેનો આશય એમ ન લેવો કે જ્ઞાનીને કર્મનો બંધ થતો જ ન હોય. કારણ કે, તીર્થંકર નામકર્મનો બંધ તો જ્ઞાનીને થાય છે. અજ્ઞાનીને મિથ્યાત્વ દશામાં તીર્થંકર પ્રકૃતિ બંધાતી જ નથી. જ્ઞાનીને બંધન થતું હોવા છતાં, જ્ઞાની પોતાને બંધનરૂપ માનતા નથી, તેથી જ્ઞાનીને બંધ થતો નથી એમ કહેવાય છે. કોઈ એમ પૂછે કે અજ્ઞાની પણ પોતાને બંધ થતો હોવા છતાં બંધથી રહિત માને તો જ્ઞાની થઈ ગયો કહેવાય ? તેને એમ કહ્યું છે કે, અજ્ઞાની પોતાને દ્રવ્યદૃષ્ટિએ બંધનથી રહિત માને તો તે જરૂર જ્ઞાની કહેવાશે, પણ માત્ર વચનમાં પોતાને કર્મબંધનથી રહિત જ્ઞાની છું; એમ બોલીને સ્વચ્છંદી થઈ જાય, તો નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટી કહેવાશે અને તેના ફળમાં નરક તથા નિગોદમાં દુઃખ ભોગવશે. નિશ્ચયનયની મુખ્યતાથી બતાવેલા સિદ્ધાંતોનો, વ્યવહારની ભાષામાં પ્રયોગ કરીને લોકો પોતાને જ્ઞાની બતાવે છે; તે યોગ્ય નથી; કારણ કે વ્યવહારની ભાષા નિશ્ચયના સિદ્ધાંતોથી જુદી હોય છે. તેથી વ્યવહારમાં નિશ્ચયની ભાષાનો પ્રયોગ ન કરવો જોઈએ. આત્મજ્ઞાન થયા પછી તો શું કરવું અને શું બોલવું તે કહેવાની જરૂર

જ નથી કારણ કે જ્ઞાનીને નિશ્ચય તથા વ્યવહારની સમજણ હોય છે. તેથી એમ સમજવું જોઈએ કે જ્ઞાનીને સ્વભાવ તરફ દૃષ્ટિ હોવાથી કર્મના કર્તા તથા ભોક્તા કહ્યાં નથી. આમ, આગમના આશયને જે સમજે છે તે જ્ઞાની છે, કર્મના અકર્તા તથા અભોક્તા છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''વિભાવ-મિથ્યાત્વ વર્તે છે ત્યાં મુખ્યપણે અશુદ્ધનિશ્ચયનયે વિકારીભાવનું કર્તાપણું ભોક્તાપણું જીવને છે. ત્યાં મન, વાણી, દેહ, પુણ્ય-પાપ-રાગાદિ, પરમાં અહંત્વ, મમત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ માન્યતાપણે વર્તે છે, પણ એ ઊંધી માન્યતાને ત્રિકાળી નિર્ભય અભૂલ સ્વભાવના ભાનવડે ટાળી, એટલે કે શુદ્ધાત્મસ્વરૂપમાં વૃત્તિ વહી તેથી જીવ અકર્તા થયો. બહારથી કંઈ કરું તો મને ગુણ થશે, પુણ્યથી, રાગથી કે ક્રિયાથી મને હિત થશે, એ આદિ અનેક પ્રકારે જે પરવસ્તુમાં સુખબુદ્ધિ હતી તે ભૂલ જાણી, યથાર્થ સ્વરૂપનું ભાન થતાં, સ્વરૂપ-સન્મુખ વૃત્તિ થઈ એટલે તે પરનો અકર્તા થયો. શિષ્યને આત્મજ્ઞાન– (બોધબીજ) પ્રગટ થતાં પોતાનો અનુભવ કથન વડે કહે છે. ''ભાસ્યું નિજ સ્વરૂપ તે શુદ્ધ ચેતનારૂપ; અજર અમર અવિનાશી ને દેહાતીત સ્વરૂપ.'' મિથ્યાદર્શનશલ્ય, પુણ્ય-પાપ રાગાદિ, દેહાદિ પ્રત્યે અહંત્વ, મમત્વ અને કર્તાભોક્તાપણું છે તેને વિભાવ કહે છે. પણ ''વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય'' એ રીતે વિભાવ ટળે છે. અજ્ઞાનને કારણે ઉપયોગ પરભાવમાં વહેતો હતો તે ઉપયોગ બદલાવીને, પોતાના સહજ શુદ્ધસ્વરૂપમાં પરિણમાવ્યો, તે ઉપયોગ પરનો સાક્ષાત અકર્તા છે.''*



**અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;**
**કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨**

આત્મા પરદ્રવ્ય તથા પરદ્રવ્યના ભાવોનો અકર્તા છે, પરંતુ પોતાના ભાવોનો કર્તા છે. તેથી આત્માને શુદ્ધ જ્ઞાનનો કર્તા તથા ભોક્તા કહેવામાં આવે છે, કારણ કે નિર્વિકલ્પ સ્વરૂપી આત્મા પરનો અકર્તા છે. આત્મા જ નહિ, પરંતુ જગતના પ્રત્યેક દ્રવ્યને અકર્તૃત્વ સ્વભાવી વા સ્વકર્તૃત્વ સ્વભાવી વા સહજ કર્તૃત્વસ્વભાવી કહેવામાં આવે છે તથા તે જ જૈનદર્શનના સમસ્ત સિદ્ધાંતોનો સાર છે. આત્મપરિણામ શુદ્ધજ્ઞાનરૂપ છે. તે શુદ્ધજ્ઞાન પોતે આત્મા છે, તેથી આત્મા પોતે જ પોતાનો કર્તા છે. નિશ્ચયથી કર્તા-કર્મપણું, એક જ દ્રવ્યમાં ઘટિત થાય છે. તેથી આત્માને જ આત્માનો કર્તા કહ્યો છે. નિજ એટલે સ્વ તથા પરિણામ એટલે ભાવ. આત્મા નિજ પરિણામનો કર્તા છે અર્થાત્ નિશ્ચયથી પોતાના સ્વભાવનો કર્તા છે. જે પોતાને પોતાના જ્ઞાનસ્વભાવનો કર્તા માને છે, તે આત્મા પોતાના સુખ સ્વભાવને ભોગવે છે. તથા જે આત્મા પોતાને રાગાદિ વિકારી ભાવોનો કર્તા માને છે, તે આત્મા આકુળતારૂપ દુઃખને ભોગવે છે. આમ, **જેનો કર્તા થશે તેને જ ભોગવશે. પોતાનો કર્તા, પોતાને માનતા, પોતાના સ્વભાવને ભોગવશે અને નિરાકુળતા અનુભવશે. આત્માનો એક પણ ગુણ વિકલ્પરૂપ નથી. અનંતગુણોનો પિંડ આત્મા સ્વભાવથી જ નિર્વિકલ્પ છે. ગુણોના સમુહરૂપ અભેદ દ્રવ્યને કુટસ્થ પણ કહ્યું છે. તેથી એમ પણ કહેવાય છે કે નિર્વિકલ્પ સ્વભાવી દ્રવ્યના આશ્રયે પર્યાયમાં પણ નિર્વિકલ્પપણું પ્રગટ થાય છે. વિકલ્પ પર્યાયમાં**

**છે, દ્રવ્યમાં નહિ.** પર્યાયમાં પણ દરેક પર્યાય નિર્વિકલ્પ નથી. માત્ર જ્ઞાન ગુણની પર્યાયમાં વિકલ્પ છે. જ્યારે જ્ઞાનોપયોગ ભેદને વિષય બનાવે છે ત્યારે તે પર્યાયને વિકલ્પ કહેવાય છે. અજ્ઞાનદશામાં આત્મા પોતાને પરદ્રવ્યના પરિણામનો કર્તા તથા ભોક્તા માને છે. અજ્ઞાનીને સ્વ-પરનો વિવેક નહિ હોવાથી, તે ભેદજ્ઞાનનો અભ્યાસ પણ કરતો નથી. આત્મામાં ચૈતન્ય સ્વભાવ ત્રિકાળી છે, કારણ કે આત્મા ત્રિકાળી હોવાથી આત્માનો સ્વભાવ પણ ત્રિકાળી જ હોય. વળી, કોઈ લોકો આત્માનું રટણ કરતા કહે છે કે '**निर्विकल्प स्वरुपोऽहम्**' અર્થાત્ 'હું નિર્વિકલ્પ સ્વરૂપ છું !' પરંતુ પોતાનું નિર્વિકલ્પ સ્વરૂપે રટણ કરવું, એ પણ એક વિકલ્પ છે. **ભેદના લક્ષ્યે વિકલ્પ થયા વિના રહેતો નથી તથા અભેદના લક્ષ્યે નિર્વિકલ્પદશા પ્રગટ થયા વિના રહેતી નથી. દ્રવ્ય સ્વભાવ નિર્વિકલ્પ સ્વરૂપ હોવા છતાં, પર્યાયમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે, તેથી સ્વભાવમાં સુખ હોવા છતાં પર્યાયમાં સુખ પ્રગટતું નથી.**

સમયસારની સાતમી ગાથામાં કહ્યું છે કે જ્ઞાનીને જ્ઞાન નથી, દર્શન નથી તથા ચારિત્ર પણ નથી. જ્ઞાની માત્ર જ્ઞાની છે. ત્યાં જ્ઞાનીનો અર્થ સમ્યગ્જ્ઞાની કે કેવળજ્ઞાની ન સમજીને સમસ્ત પર્યાયથી ભિન્ન અભેદ આત્મા સમજવો જોઈએ. દૃષ્ટિના વિષયભૂત આત્મામાં ગુણો નથી અર્થાત્ ગુણોના ભેદ નથી. આમ, અહીં આત્માના ત્રિકાળી, ધ્રુવ, નિર્વિકલ્પ જ્ઞાયકભાવનું વર્ણન કર્યું છે.

❁



**મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;**
**સમજાવ્યો સંક્ષેપમાં, સકલ માર્ગ નિર્ગ્રન્થ. ૧૨૩**

આત્માની પૂર્ણ શુદ્ધતા જ મોક્ષ છે. આત્માના આંશિક ગુણોની પર્યાયની શુદ્ધતાને મોક્ષમાર્ગ તથા આત્માના સંપૂર્ણ ગુણોની, સંપૂર્ણ શુદ્ધ પર્યાયને મોક્ષ કહેવાય છે. આત્માએ મોક્ષમાં જવાનું નથી, પરંતુ પોતાને મોક્ષ પર્યાય પ્રગટે એ જ ધ્યેય ધ્યાવવાનું છે. તથા મોક્ષ પર્યાયને પ્રગટ કરવાની રાહ જોવાથી પણ, મોક્ષ પર્યાય પ્રગટ થતી નથી. મોક્ષ પર્યાય જ નહિ પરંતુ કોઈ પણ પર્યાયના પરિણમનનો કર્તા આત્મા નથી. **જ્યારે આત્મા પર્યાયનું કર્તાપણું છોડીને, પોતાને સ્વ-પરનો જ્ઞાતા માને છે ત્યારે મોક્ષમાર્ગ અને મોક્ષ પણ પ્રગટ થાય છે. મોક્ષમાર્ગ સંપૂર્ણ જગતની સમજણપૂર્વક જ હોય છે. કારણ કે નવ તત્ત્વને સમજ્યા વિના, મોક્ષમાર્ગ પ્રગટ થતો નથી.**

જ્ઞાનીએ મોક્ષમાર્ગ સમજાવ્યો છે કારણ કે તેઓ મોક્ષમાર્ગના અનુભવી છે. આ કાળમાં જીવને ક્ષયોપશમજ્ઞાન તથા આયુષ્ય ઓછું હોવાથી સદ્‌ગુરુ મોક્ષમાર્ગને સંક્ષેપમાં સમજાવે છે. સંક્ષેપ અથવા વિસ્તારથી સમજાવેલા મોક્ષમાર્ગમાં કોઈ ભેદ હોતાં નથી. તેથી એમ પણ ન સમજવું જોઈએ કે મોક્ષમાર્ગને સંક્ષેપમાં સમજાવ્યો હોવાથી કોઈ પ્રયોજનભૂત વિષય છૂટી જતો હશે. શ્રોતાની તત્ત્વ સમજવાની રુચિ, જ્ઞાન ગ્રહણ કરી શકે એવી બુદ્ધિ તથા શિષ્યની પાત્રતાને લક્ષ્યમાં રાખીને જ્ઞાની ઉપદેશ આપે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ સંક્ષિપ્ત રુચિવાળા , મધ્યમ રુચિવાળા તથા વિસ્તાર રુચિવાળા શ્રોતા; એમ અનેક પ્રકારથી શ્રોતાના સ્વરૂપનું વર્ણન કર્યું છે.

મોક્ષમાર્ગનું બીજું નામ નિર્ગ્રન્થદશા છે. નિર્ગ્રન્થદશા એટલે મોહના અભાવપૂર્વક આત્મામાં પ્રગટ થયેલી શુદ્ધિ. ચોથા ગુણસ્થાનથી ચૌદમાં ગુણસ્થાન સુધી મોક્ષમાર્ગ કહેવાય છે.

મિથ્યાત્વ સહિત આત્માને મોક્ષમાર્ગ પ્રગટ થઈ શકે નહિ, કારણ કે સંસારમાર્ગનું બીજુ નામ મોહ અથવા મિથ્યાત્વ છે. મોક્ષમાર્ગી જ્યારે નિર્વિકલ્પ દશાથી વિકલ્પાત્મક દશામાં આવે છે, ત્યારે પણ તેમની શ્રદ્ધામાં કોઈ અંતર પડતુ નથી. જેવી રીતે કોઈ વ્યક્તિ પોતાના ખિસ્સામાં કોઈ કિંમતી વસ્તુ લઈને જતો હોય, ત્યારે ખિસ્સાને હાથ લગાવીને વસ્તુ સુરક્ષિત છે કે નહિ તેની વારંવાર તપાસ કરે છે; તેવી રીતે જ્ઞાની પણ વિકલ્પાત્મક દશાથી નિર્વિકલ્પદશા પામીને અમૂલ્ય આત્માનો અનુભવ કરે છે. જેથી જ્ઞાનદશા સુરક્ષિત ટકી રહે છે.

સકલ મોક્ષમાર્ગ નિર્ગ્રન્થ દશામય છે. ગ્રંથાધિરાજ સમયસારમાં મોહને ગ્રંથિ કહી છે. ગ્રંથિનો એક અર્થ ગાંઠ પણ થાય છે. જેવી રીતે શરીરમાં થયેલી ગાંઠ શરીરનું અંગ નથી, પરંતુ પર નિમિત્તથી ઉત્પન્ન થયેલો શરીરનો ક્ષણિક વિકાર છે. તેવી રીતે આત્મામાં અનાદિકાળથી પડેલી મોહગ્રંથિ આત્માનો સ્વભાવ નથી પરંતુ પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થતો આત્માનો ક્ષણિક વિકાર છે. જે આત્માએ મોહગ્રંથિને ભેદીને આત્મતત્ત્વનો નિર્વિકલ્પ અનુભવ કર્યો હોય, તેને નિર્ગ્રન્થ મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે. તે મોક્ષમાર્ગનું સ્વરૂપ સદ્‌ગુરુએ સંક્ષેપમાં સમજાવ્યું છે.



❋ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“સદ્‌ગુરુ પ્રત્યે શિષ્ય કહે છે કે : આત્માની પૂર્ણ શુદ્ધતા એટલે તેની છેલ્લામાં છેલ્લી પૂર્ણ પવિત્ર દશા સહિત, યથાર્થ સ્વરૂપ આપે ટૂંકમાં સારરૂપે સમજાવ્યું, તે સ્વરૂપની સમજણ, પ્રતીતિ અને તેનું સાધન ત્રણે અભેદરૂપ આત્મા જ છે. આત્મા આનંદઘન શુદ્ધ જ્ઞાતાદૃષ્ટા છે, તેમાં પુણ્ય, પાપ, રાગ, મળ, મેલ આદિની ક્રિયા નથી. મિથ્યા અભિપ્રાય રહિત આત્માની પૂર્ણ કૃતકૃત્ય મોક્ષસ્વભાવની પ્રતીત (શ્રદ્ધા) તેનું નામ સમ્યગ્દર્શન છે. સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન, સ્વાધીન, પવિત્ર, જ્ઞાયક આખો આત્મા-તેનું જ્ઞાન અને તે જ્ઞાનમાં ટકી રહેવું, ઠરવું, એકાગ્ર થવું, તે ચારિત્ર; એનું નામ વ્રત-પચ્ચખાણ છે, આત્મધર્મ છે, સંવર છે, પ્રતિક્રમણ છે, એ વિના ધર્મ નથી. એ સિવાય બધાં ચારિત્ર આદિ બાહ્ય છે, પર છે, કર્મભાવ છે, બંધભાવ છે,* ***હું કોણ છું તેની ઓળખાણ નથી, તો શેમાં વર્તે ? સ્વભાવમાં વર્તવું તે વ્રત કહેવાય. સ્વસ્વરૂપનું અવિરુદ્ધ ભાન નથી તે વર્તે ક્યાં ?*** *ભાન વિના જડભાવમાં-બંધપ્રસંગમાં વર્તે. શુદ્ધતાની શ્રદ્ધા, શુદ્ધતાનું જ્ઞાન અને વ્રતન એ જ મોક્ષમાર્ગ છે. આવો નિર્ગ્રંથ સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમાત્માનો પ્રરૂપેલો માર્ગ, હે ગુરુદેવ ! આપે સંક્ષેપમાં સમજાવ્યો, આ સિવાય તીર્થંકર વીતરાગનો બીજો માર્ગ નથી. વીતરાગની આજ્ઞાના નામે જે કોઈ જ્ઞાન સિવાય બીજું કહે તે કર્મભાવ, બંધભાવ, અજ્ઞાનભાવ માનવો. ત્રણેકાળે અનંત જ્ઞાનીનો એક જ મત છે. જેમાં રાગ-દ્વેષ કે અજ્ઞાન નથી એવો નિર્ગ્રંથ વીતરાગ સર્વજ્ઞનો માર્ગ ત્રણેકાળે એક જ હોય.”*

**અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણા સિંધુ અપાર;**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૧૨૪**

શિષ્યએ સદ્‌ગુરુની મહિમા વ્યક્ત કરતાં અનેક મહિમાયુક્ત વિશેષણોનો પ્રયોગ કરીને, સદ્‌ગુરુને પોતાના અત્યંત ઉપકારી માન્યા છે. સદ્‌ગુરુનું પ્રથમ તથા સર્વોત્કૃષ્ટ વિશેષણ 'શ્રી' છે. 'શ્રી' એટલે લક્ષ્મી. અજ્ઞાની વ્યક્તિ, ધનરૂપી લક્ષ્મીવાળા લોકોના નામ પહેલાં 'શ્રી' શબ્દનો પ્રયોગ કરે છે, જ્યારે જ્ઞાની મહાપુરુષ જ્ઞાનરૂપી લક્ષ્મીવાળા સદ્‌ગુરુ, સત્શાસ્ત્ર, સત્દેવ, જિનમંદિર, વગેરે વીતરાગતાના કારણોના નામ પહેલા 'શ્રી' વિશેષણનો પ્રયોગ કરે છે.

સદ્‌ગુરુને કરુણાસાગર કહ્યા છે. અનેકાંત દૃષ્ટિના કારણે, જ્ઞાનીને કરુણાસાગર કહેવામાં આવે છે. અજ્ઞાનીને ધન રહિત જીવ પ્રત્યે કરુણા ઉપજે છે, જ્યારે જ્ઞાનીને આત્મજ્ઞાન રહિત જીવ પ્રત્યે કરુણા વર્તે છે. મુનિ અવસ્થા સુધી કરુણા હોય છે, પરંતુ અરિહંત તથા સિદ્ધ ભગવાનને કરુણાભાવ હોતો નથી. અરિહંત તથા સિદ્ધ ભગવાનને પણ ભાવ હોય છે પરંતુ તે ભાવ શુદ્ધાત્મામય નિર્વિકલ્પ હોય છે. કારણ કે ભાવ તો આત્માનો સ્વભાવ છે. એટલું જ નહિ પણ કોઈ દ્રવ્ય, ભાવ રહિત હોતું નથી. અરિહંત તથા સિદ્ધ ભગવાનને કરુણાભાવ ન હોવા છતાં અરિહંત ભગવાન દિવ્યધ્વનિના માધ્યમથી તત્ત્વનો ઉપદેશ આપે છે. તેથી ઉપદેશદાતા પણ બે પ્રકારના હોય છે. અરિહંત ભગવાન કરુણાભાવ રહિત ધર્મસભામાં ઉપદેશ આપે છે તથા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તથા ચોથા તથા પાંચમાં



ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટી જીવ કરુણા સહિત ઉપદેશ આપે છે. કરુણાવાન જ્ઞાની મહાપુરુષોએ અજ્ઞાની પર કરેલા ઉપકાર તથા કરુણાભાવનો અભ્યાસ કરીને કોઈ લોકો રડવા લાગે છે અને રડવાને પ્રભુ કે ગુરુ ભક્તિનું એક અંગ માને છે.

મહાપુરુષોના જીવનચરિત્રને શાસ્ત્રમાં પ્રથમાનુયોગ કહ્યો છે. પ્રથમાનુયોગ અભ્યાસ કરીને રડવું ન જોઈએ, પરંતુ વીતરાગતા પ્રગટ થવી જોઈએ, કારણ કે કોઈ પણ અનુયોગનું પ્રયોજન વીતરાગતાની પ્રાપ્તિ થાય એ જ છે. તેથી સદ્‌ગુરુનો ખરો અહોભાવ ત્યારે જ આવ્યો કહેવાય, જ્યારે પોતાનામાં વીતરાગતા પ્રગટ થાય.

શિષ્ય પોતાને પામર કહે છે, પરંતુ તેને એ વાતનું પણ જ્ઞાન છે કે પામરપણું માત્ર પર્યાયમાં પડેલું છે. શક્તિ અપેક્ષાએ તો, હું આજે પણ પરમાત્મા છું. એમ વ્યવહાર તથા નિશ્ચયનો બંધ બેસવો જોઈએ. આવી સમજણ આવે ત્યારે સદ્‌ગુરુની અનેકાંત ભક્તિ કરી એમ કહેવાય.

પ્રભુ ઉપકાર માનવાથી તેમણે આપણા પર કરેલા ઉપકારનો બદલો વાળી શકાતો નથી તથા સુધરીદશાથી પૂર્ણદશા સુધી પહોંચવાનો પુરુષાર્થ કરવાથી પણ, ઉપકારનો બદલો વાળી શકાતો નથી. જ્ઞાનીને જ જ્ઞાનીનો મહિમાભાવ હોય છે. **આંખ, આખા જગતને દેખે છે, પણ પોતે પોતાને દેખી શકતી નથી. આંખે પોતાને દેખવા માટે દર્પણની સહાય લેવી પડે છે. તેવી રીતે આત્મા આખા જગતને જાણે-દેખે છે, પણ પોતે પોતાને જાણતો-દેખતો નથી. સદ્‌ગુરુ સમાન દર્પણના માધ્યમથી પોતે આત્માને દેખી શકે છે.** હા ! એટલું

અવશ્ય યાદ રાખવું જોઈએ કે દર્પણ આંખને દેખતી નથી. જ્યારે દેખે છે ત્યારે આંખ જ આંખને દેખે છે, દર્પણ માધ્યમ છે. તેથી જ્યારે આત્મા જણાય છે ત્યારે તો બસ આત્મા જ આતમાને જાણે છે, સદ્‌ગુરુ માત્ર નિમિત્ત છે. આમ, શિષ્યએ સદ્‌ગુરુ માટે કરુણાસાગર વિશેષણનો પ્રયોગ કરીને અપાર ઉપકાર માન્યો છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"અનંતવાર વીતરાગની આજ્ઞા અને નિર્ગ્રંથધર્મના નામે વિપરીત માર્ગનું સેવન કર્યું તે ભૂલ નિર્દોષ-અભૂલસ્વભાવના ભાનવડે ટાળવાથી અપૂર્વ આત્મજ્ઞાન પ્રગટ થયું છે. આમાં ચાર ચાર વાર 'અહો' આવે છે. અતીન્દ્રિય આનંદામૃતના સાગર પંચમ કાળમાં ઊછળ્યા અહો ! આશ્ચર્ય ! અહો !!*

*પોતાના પુરુષાર્થને ઉપાડવા, સ્વચ્છંદનો ત્યાગ કરી, શિષ્ય અર્પાઈ જાય છે, તે અર્પણતામાં જ લોકોત્તર વિનયનો અપૂર્વ મહિમા છે. તે લાયક શિષ્ય છે. તે કહે છે કે હે ! પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવ ! અહો ! કરુણાના અપાર સમુદ્ર સ્વરૂપ આત્મલક્ષ્મીવંત આપ પ્રભુએ આ પામર પર આશ્ચર્યકારી પરમ ઉપકાર કર્યો છે. તે મનના પરિણામ દ્વારા તમારો ઉપકાર હું કેમ ગાઈ શકું ? વાણીથી પણ કેટલું કહી શકું ? માત્ર વિકલ્પ રહિત સ્વભાવમાં ઠરી જાઉં, સમાઈ જાઉં, એ જ કૃતકૃત્યતા છે. હે શ્રીગુરુ ! આપની અપાર સિંધુ સમાન નિષ્કારણ અકષાય કરુણા છે. મારામાં અનંતગુણી પામરતા દેખાય છે, પણ તે પામરતા સાથે અનંતગુણનું ભાન છે અને બેહદ વીર્યનો ઉપાડ છે, પુરુષાર્થ છે."*



*કરુણાના બે પ્રકાર છે. એક પ્રશસ્ત વિકલ્પ તેમાં પણ અસ્થિરતાથી છૂટીને નિર્વિકલ્પ સ્થિરતાનો ભણકાર છે, અને બીજો પ્રકાર પૂર્ણ વીતરાગસ્વરૂપ અરિહંત પરમાત્મા તીર્થંકર આદિ સર્વજ્ઞદેવ જેમને અકષાયકરુણા છે. પોતાનો પુરુષાર્થ ઉપાડવા માટે ઉપકારીને ઓળખી તેમાં ઉપકારીપણું આરોપી શકાય છે, તેમાં સત્‌નું બહુમાન છે. શ્રીમદ્‌નો સમ્યગ્દર્શન માટે પત્ર છે કે હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યગ્દર્શન ! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો. "હે શ્રી કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છો તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું" તેમાં અનંતગુણનો તથા પરમ ઉપકારીને ઓળખીને સત્‌નું બહુમાન લાવી પોતાની પામરતા (નિર્માનતા) વર્ણવી છે. સદ્‌ગુરુને અહો ! અહો ! બે વાર કહ્યું છે અને ઉપકારમાં બે વખત 'અહો' શબ્દો છે તે અપૂર્વ આશ્ચર્ય કહ્યું. જેમ નિર્ધનને કોઈ લાખ રૂપિયા આપી દે તો તેને કેવો હર્ષ થાય ? તે તો વિકારીભાવ છે. પણ અહીં તો અતીન્દ્રિય નિરાકુળ આનંદ છે. ઉપકાર સમજનાર ઉપકારીનું બહુમાન કરે છે, તેમ પોતાના ગુણનો આનંદ છે. ઉપકાર સમજનાર ઉપકારીનું બહુમાન કરે છે, તેમ પોતાના ગુણનો આદર છે. ગુણ પ્રગટ્યો એટલે નિર્માનતા પ્રગટી. સ્વચ્છંદ ટાળીને સ્વાધીનતા પ્રગટી એટલે ગુરુભક્તિનું મહામાન ઊછળ્યા વગર ન રહે; અને શ્રીગુરુનો ઉપકાર પણ ગાય જ. ગુણ તો પોતામાંથી પ્રગટ કરવાનો*

*છે, પણ છદ્મસ્થ અલ્પજ્ઞ હોય ત્યાં સુધી અલ્પ પ્રશસ્ત રાગ રહે છે. અને પાછળ વિકલ્પના અભાવરૂપ પુરુષાર્થ હોય છે. શ્રીગુરુને અકષાયકરુણા છે, એમ સમજીને સદ્‌ગુરુને સાક્ષાત્‌ ભગવાન કહેવામાં વિરોધ નથી.*

❀

**શું પ્રભુ ચરણ કને ધરૂં, આત્માથી સૌ હીન;**
**તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫**

આત્મજ્ઞાન થયા બાદ જ્યારે શિષ્યને સદ્‌ગુરુના ઉપદેશની અગણિત મહિમા જાગૃત થાય છે, ત્યારે શિષ્ય સદ્‌ગુરુને સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થાય છે. તેવા પ્રકારનો ભાવ આ પદમાં પ્રતીત થાય છે.

શિષ્યનો સદ્‌ગુરુ પ્રત્યે સમર્પણભાવ અને સદ્‌ગુરુનો શિષ્ય પ્રત્યે નિસ્પૃહભાવ; શિષ્ય અને સદ્‌ગુરુના પદને સાર્થક કરે છે. આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શંકા કરનાર શિષ્ય અને સમાધાન કરનાર સદ્‌ગુરુના સંબંધનો વિચાર કરતા, કબીરનો એક દોહો યાદ આવે છે. તેમાં કહ્યું છે કે –

**ગુરુ ઐસા ચાહિયે, જો શિષ્યસે કુછ ભી ન લેય;**
**શિષ્ય ઐસા ચાહિયે, જો ગુરુકો સબ કુછ દેય.**

અર્થાત્‌ ગુરુએ શિષ્યથી કંઈ પણ ન લેવું જોઈએ તથા શિષ્યએ પોતાનું સર્વસ્વ, ગરુને સમર્પિત કરવું જોઈએ. અહીં એવો પ્રશ્ન થઈ શકે કે જો શિષ્ય, ગુરુને બધું આપી દે અને ગુરુ પાસેથી કંઈ પણ ન



લે, તો વસ્તુનું શું થશે ? આ વિચાર ગુરુ કે શિષ્ય કોઈએ કરવાની જરૂર નથી, કારણ કે ગુરુ અને શિષ્ય સિવાયના અનેક લોકોની નજર તે વસ્તુ પર પડેલી હોય છે, તેથી તેને લેવાવાળો કોઈક ને કોઈક તો હાજર જ હશે.

શિષ્યની ભૌતિક વસ્તુની જ્ઞાનીને મહિમા નથી, તેથી તેને ગુરુ પ્રત્યે સમર્પિત કરીને કોઈ લાભ નથી અને સદ્‌ગુરુને જેની મહિમા છે, તેવા આત્માને શિષ્ય પામ્યો નથી; તેથી આ કાવ્યમાં કહ્યું છે કે આત્માથી સૌ વસ્તુ અને વ્યક્તિ હીન છે. તે આત્માની ઓળખાણ આપ પ્રભુએ મને કરાવી તેના બદલામાં, આપના ચરણને આધીન રહીશ. ગુરુના ચરણને આધીન રહેવાનો અર્થ ગુરુના પગે પડવું રહેવું; એમ નથી પણ, સદ્‌ગુરુના ચારિત્રને દેખીને તેમના સમાન વર્તવું. જેવી રીતે જ્ઞાની અકષાય ભાવરૂપે પ્રવર્તે છે, તેવી રીતે અજ્ઞાનીએ પોતે પણ જ્ઞાનીની જેમ અકષાયભાવે રહેવું જોઈએ.

આ જગતમાં એવા કુગુરુ ઘણાં છે, જે શિષ્ય પાસે અનેક પ્રકારની બાહ્ય સાધન સામગ્રીની અપેક્ષા રાખે છે, પણ વીતરાગી સદ્‌ગુરુને કોઈ પાસે કોઈ પણ પ્રકારની આશા કે અપેક્ષા નથી. આ જગતમાં સૌથી મહિમાવંત વસ્તુ આત્મા છે. તે આત્માને સમજાવનાર સદ્‌ગુરુનો પ્રતિઉપકાર વાળવા માટે કોઈ શિષ્ય સમર્થ નથી. જગતમાં જેનું મૂલ્ય હોય, તે ખરેખર મૂલ્યવાન નથી. કારણ કે, મૂલ્યવાન વસ્તુ તેને કહેવાય કે, જે અમૂલ્ય હોય. આત્મા અમૂલ્ય વસ્તુ છે.

ગ્વાલિયરમાં એક રાજા હતા. તેમને મંત્રીને કહ્યું કે આપણાં રાજ્યમાં એક નૃત્યાંગનાના નૃત્યના કાર્યકમ થતાં હોય છે. મારે

પણ તેનું નૃત્ય દેખવું છે. તેથી તે નૃત્યાંગનાને કહો કે રાજા તારૂં નૃત્ય દેખવા ઈચ્છે છે, તારાં નૃત્યનું મૂલ્ય શું છે ? ત્યારે નૃત્યાંગનાએ કહ્યું કે સામાન્ય વ્યક્તિ પાસેથી હું એક સોનામહોર લઉં છું, પણ જો રાજા મારૂં નૃત્ય દેખવા આવે તો, તેમણે મને એક થાળ ભરીને સોનામહોર ચૂકવવી પડશે. મંત્રીએ આ વાતની જાણ રાજાને કરી. ત્યારબાદ રાજા નૃત્યાંગનાની શરત મુજબ એક થાળ ભરીને સોનામહોર લઈને નૃત્યાંગના પાસે ગયા અને ત્યાં પહોંચીને સોનમહોરથી ભરેલો થાળ નૃત્યાંગનાના ચરણમાં મૂકી દીધો અને નૃત્ય દેખ્યા વિના જ રાજમહેલમાં પાછા આવી ગયા. નૃત્યાંગનાને તેના અપમાનનું દુઃખ થયુ કે રાજાએ મને સોનામહોર તો આપી, પણ મારૂં નૃત્ય કેમ ન દેખ્યું ? તે રડતી રડતી રાજમહેલ સુધી પાછળ ગઈ અને રાજાને પૂછ્યું કે, આપ કેમ મારૂં નૃત્ય દેખ્યા વિના પાછા આવી ગયા ? ત્યારે રાજા ઉત્તર આપે છે કે, 'હું તો કંઈક એવું અમૂલ્ય નૃત્ય દેખવા ઈચ્છતો હતો, જેનું કોઈ મૂલ્ય જ ન આંકી શકાય. પણ તારાં નૃત્યને તો મૂલ્યમાં આંકી દીધું છે, તેથી તેને અમૂલ્ય ન કહેવાય. આમ, **આત્મા એક એવું અમૂલ્ય તત્ત્વ છે, જેને મૂલ્યથી આંકી શકાતું નથી. તેજ રીતે આત્માને આપનાર સદ્‌ગુરુનો મૂલ્યો વડે પ્રતિઉપકાર વાળી શકાતો નથી.**

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"હે ! શ્રી સદ્‌ગુરુ ભગવંત ! આપ તો અનંત ઉપકારી છો, હું આપના ચરણ આગળ શું ધરું ? સદ્‌ગુરુ પરમ નિષ્કામ છે. જેણે*



*આત્મા આપ્યો તેમના ચરણ સમીપે બીજું શું ધરું ? એ પ્રભુના ચરણાધીન વર્તું, એમાં જ સાચો વિનય છે. શિષ્ય એમ ન કહે કે મારા ઉપાદાનની તૈયારી હતી તેથી મને વાણીનો એવો યોગ થયો, મારાં પુણ્ય હતાં તેથી તે નિમિત્ત થયા, એવી ભાષા-વિકલ્પ પણ ન હોય, પણ નમ્રતાથી તે નમતો હળતો રહે છે.*

*સદ્‌ગુરુ ઉપદેશના દાતા છે તે ઉપચાર કથન છે. વીતરાગને કોઈ રાગ કે ઈચ્છા ન હોય; આ જીવ ધર્મ પામે તો સારું એવો વિકલ્પ પણ ન હોય. જો એટલો પણ હોય તો તે વીતરાગ નથી. શુભરાગની અલ્પવૃત્તિ પણ કષાયપરિણામરૂપ અશુદ્ધ ભાવ છે; પણ નિષ્કારણ કરુણા શ્રી સર્વજ્ઞ તીર્થંકર ભગવાનને છે, એમ ભક્તો આરોપ કરે છે. તેમને કોઈ ઉપર દયાનો વિકલ્પ તથા ઉપદેશ દઉં એવો શુભ રાગભાવ નથી, પણ પૂર્વના પુણ્યના ઉદયે વાણીયોગ હોય છે. વીતરાગ ભગવાન બોલે નહિ, વાણી સહેજે છૂટે છે. સાંભળનારના પુણ્યનો યોગ છે-નિશ્ચયથી એમ છે, છતાં શિષ્ય સમજીને પોતાને અનંત ઉપકારનું ઈષ્ટ નિમિત્ત ગણીને તેમનું મહામાન-વિનય કરે છે. ગણધરદેવ પણ કહે છે કે હે સર્વજ્ઞ ભગવાન ! આપે અનંત ઉપકાર કર્યો છે. ભગવાનને ઉપકારનો વિકલ્પ પણ નથી, છતાં ભક્તો પોતાનો એ નિમિત્તે પુરુષાર્થ ઉપાડે છે, અને વિનય કરે છે, સત્‌નું બહુમાન કરવા અંતરથી ઊછળી પડે છે. પોતાનો પુરુષાર્થ ઉપાડતો, કષાયને ટાળતો સ્વરૂપભક્તિનો પુરુષાર્થ ઊછાળી બેહદ સ્વભાવનો પ્રમોદભાવ કરે છે કે હે નાથ ! આપે મને આત્મા આપ્યો, આપ અકષાયકરુણાના દાતાર છો. આપ*

*તારનાર તીર્થસ્વરૂપ છો, એમ ઉપકારીનો ઉપકાર હૃદયમાં સમજતો, વીતરાગના સ્વરૂપને ઓળખીને સત્‌નું બહુમાન કરે છે. અનંત કાળની અશાંતિ-ભૂલ ટળી અને પરમ શાંતિનું અંતર વેદન પ્રગટ થયું, તેથી જ્યાં જુએ ત્યાં જ્ઞાનીનો ઉપકાર દેખે છે, બીજું દેખતો નથી. વિકલ્પમાં બેઠો હોય ષટ્ આવશ્યક ક્રિયાનું જ્ઞાન કરતો હોય, છતાં તે સત્‌નો વિનય કરે છે. આદર કરે છે. શાસ્ત્રમાં વ્યવહારથી-નિમિત્તથી વાણી બોલાય છે, જેમ ઘીનો ડબો કહેવાય છે, તેમ વીતરાગ ઉપર પોતાના ભાવનો આરોપ કરીને વાણીમાં જે વડે તે બધુંય કહેવાય. પુરુષાર્થ ઉપાડતો નિમિત્તમાં ઉપચાર કરીને પોતાનો વિનય-ભક્તિભાવ ઉપાડે છે. ધર્માત્મા અંતરમાં વિવેક સમજીને તીર્થંકર, સદ્‌ગુરુદેવ આદિ વીતરાગ સત્પુરુષોનું બહુમાન કરે છે, દેવ, ગુરુ, ધર્મ સત્‌સ્વરૂપ છે, નિર્દોષ વીતરાગ છે. સત્‌નો આદર તે પોતાના ઈષ્ટ ગુણનો આદર છે. એ ત્રણે વીતરાગસ્વરૂપ છે. વીતરાગની ભક્તિ પ્રશસ્ત રાગ છે, છતાં તે રાગનો રાગ નથી. કોઈ પણ રાગ સર્વથા હેય (ત્યાગવા યોગ્ય) માને છે, છતાં જ્યાં લગી અધૂરી સાધકદશા છે, ત્યાં લગી પ્રશસ્ત રાગ થઈ જાય છે. સમ્યગ્જ્ઞાનનો એવો મહિમા છે કે ત્રણેલોક તેને અનુકૂળ છે. સત્‌સ્વરૂપ સાધકને કોઈ વસ્તુ બાધક નથી.*

*શિષ્યને સાચા સ્વરૂપની-બોધબીજની પ્રાપ્તિ થઈ તેથી સદ્‌ગુરુનું મહામાન કરે છે. નિર્માનતા દ્વારા પુરુષાર્થનું વીર્ય ઉલ્લસે છે, અને સ્વરૂપભક્તિમાં સદ્‌ગુરુને જ કલ્યાણકારી કહે છે. નમોત્થુણું સ્તુતિમાં આવે છે કે હે પ્રભુ ! આપ 'જીવદયાણં' છો, આપે જ મને જીવ આપ્યો, એમ પોતાના ગુણનો આરોપ કરીને, સદ્‌ગુરુને અનંત ઉપકારના કરવાવાળા કહે છે. સ્થિરતાનું બહુમાનપણું એ પૂર્ણ સ્વરૂપની સ્થિરતાનો પ્રેમ છે. અને અનંત કાળમાં આત્માપણાનું ભાન ન હતું તે આપે જ યથાતથ્ય બતાવ્યું, હું જડ જ હતો તે જડતા પલટાવીને આપે જ મને જીવત્વ 'આત્મા' આપ્યો. હું મને ભૂલીને પુણ્ય-પાપ-રાગાદિમાં મારાપણાની કલ્પના કરીને પરવસ્તુમાં ચેતનધર્મ માનતો હતો, તે ભૂલ ટાળીને આત્માને એવો જાણ્યો કે હું તો શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન છું, સ્વાધીન છું, એમ સમ્યગ્જ્ઞાન થયું, તે આપની કરુણાના પ્રતાપે છે.*



*'હું' આત્મા બન્યો માટે આપ જ ''જીવદયાણં'' છો. સ્થિરતા-રમણતા સહિત, પૂર્ણ સ્વરૂપની મીટ માંડી સદ્‌ગુરુના શરણમાં ઊભો રહી, વિકલ્પ તોડીને આખી પૂર્ણ સ્થિરતાને ભાવતો, રુચવતો, સ્પર્શતો, શિષ્ય કેવળજ્ઞાનના ભણકાર દેખે છે; અને કહે છે કે આપના ચરણાધીન વર્તું, એટલે કે જેવું સ્વરૂપ છે તેવી શ્રદ્ધા, જ્ઞાન અને જ્ઞાનની એકાગ્રતારૂપ સ્વચારિત્રમાં રમણતા કરું. તમારા ચરણ-કમળમાં વર્તું એ ઉપચાર છે, પણ ઉપકારીનો અનહદ ઉપકાર આવ્યા વિના રહે નહિ. તેથી શિષ્ય અનંત ગુણના નિધિ સદ્‌ગુરુ પાસે પોતાનું દીનત્વ કહે છે, સાથે અનંત શક્તિનું ભાન છે. પણ જેણે ચૈતન્ય ભગવાન આત્મા કેવો છે, કેવડો છે તેની ઓળખ નથી, અને કહે કે અમે આત્મા છીએ, એમ અમને ખબર નહિ હોય ? એવો ખોટો દાવો કરે છે તે આત્માને નામે મન, વચન, કાય એટલે કે યોગની ક્રિયામાં શુભપરિણામમાં ધર્મ માનીને સંતોષાઈ ગયા હોય છે. તેને*

*સાચું સમજવાનો અવકાશ રહેતો નથી. તે ભક્તિ કરે છે તો પણ રાગની-કષાયની ભક્તિ કરે છે. ભાન વિના ભક્તિ કોની? અહીં શિષ્ય સમજીને અંદરથી વિવેક, જાગૃતિ સહિત સદ્‌ગુરુનો (સત્‌નો) વિનય કરે છે. હે નાથ ! આપે જ આત્મા આપ્યો. પોતે જાણ્યું કે એક પરમાણું માત્ર મારું નથી, એટલે મન, વચન, કાયા આદિ દેહભાવથી રહિત થઈને આપની આજ્ઞામાં વર્તું, પરમાત્માનો સેવક પરમાત્મા જેવો જ હોય, આપ જે ભાવોથી પૂર્ણદશાને પામ્યા છો તે ભાવે હું પણ આપની આરાધના વડે એકલો ચાલ્યો આવું છું.''*

❁

**આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;**
**દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬**

આત્મજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ, સદ્‌ગુરુ સમક્ષ શિષ્ય પોતાનો સમર્પણભાવ પ્રસ્તુત કરતા કહે છે કે આજથી હવે હું દેહ આદિ સાધનો વડે આપની આજ્ઞાનુસાર વર્તીશ. આજ સુધી સ્વરૂપની સમજણના અભાવના લીધે, આ શરીરને ઈન્દ્રિય વિષયભોગમાં વ્યતીત કર્યું; એ મારી ભૂલ હતી. હવે એવી ભૂલ નહિ થાય તે વાતને સકારાત્મક ભાષામાં શિષ્ય કહે છે કે આજથી આ દેહ આપની આજ્ઞા તથા ઉપદેશ અનુસાર વર્તશે એવી શિષ્યએ પ્રતિજ્ઞા પણ કરી છે.

જેવી રીતે કોઈ વ્યક્તિ સાચી સમજણ નહિ હોવાને લીધે અને વિષયભોગોની રુચિના કારણે, પરપદાર્થોમાં પોતાનું ધન વેડફતો હોય અને જ્યારે જ્ઞાનીના ઉપદેશને સાંભળીને તત્ત્વ પ્રચાર વગેરે



શુભકાર્યમાં, તે ધનનો ઉપયોગ કરે તો, તેને તત્ત્વની સાચી રુચિ જાગૃત થઈ એમ કહેવાય; તેવી રીતે ધન સમાન તનનું સમર્પણ પણ સમજવું જોઈએ.

શિષ્યને સમ્યગ્દર્શન તથા સદ્‌ગુરુની અપાર મહિમા જાગૃત થઈ છે, તેથી તે પોતાને સદ્‌ગુરુનો દાસ કહે છે. પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા કે, 'છઠા-સાતમા ગુણસ્થાનવર્તી ભાવલિંગી સાધુ જ સાચા મુનિ કહેવાય.' આચાર્ય કુંદકુંદદેવ વગેરે આચાર્યદેવની મહિમા વ્યક્ત કરતાં એવા ઉદગારો નીકળતા કે, 'અહો ! અમે તો તે ગુરુના દાસાનુદાસ છીએ, તેમના ચરણની ધૂળ ચાટીએ તો પણ થોડું છે.' આ વાક્ય પરથી પૂજ્ય ગુરુદેવશ્રીનો ભાવલિંગી સાધુ પ્રત્યે અહોભાવ સ્પષ્ટ ઝળકે છે.

પોતાને પ્રભુનો દાસ કહેવાથી પોતે હીન થઈ જતો નથી. આવી સમજણપૂર્વક સદ્‌ગુરુની મહિમા આવ્યા વિના ખરો અહોભાવ પણ પ્રગટતો નથી.

દરેક આત્મા દ્રવ્યદૃષ્ટિએ પ્રભુ જ છે, પરંતુ જ્યારે પર્યાયમાં પ્રભુત્વ પ્રગટ થાય છે, ત્યારે વાસ્તવિક પ્રભુ કહેવાય છે. પર્યાયમાં પ્રગટ થયેલું પ્રભુત્વ પૂજ્ય છે. કારણ કે દ્રવ્યથી તો દરેક આત્મા પ્રભુ છે. જો દ્રવ્યદૃષ્ટિથી જ સર્વને પ્રભુ માનવામાં આવે તો એ પ્રશ્ન પણ ઉપસ્થિત થશે કે કોણ કોને પૂજે ? અસમાન શ્રેણીના જીવો વચ્ચે જ પૂજ્ય-પૂજક સંબંધ હોય શકે છે. દરેક આત્માને દૈનિક સંબોધનમાં, 'પ્રભુ' કહેતા હોય તેવા લોકો પણ અહીં દેખવામાં આવે છે. તે લોકોએ દ્રવ્ય અને પર્યાયના ભેદને ભૂલવો ન જોઈએ. ઘણાં લોકો

વાત-વાતમાં પ્રભુ શબ્દનો પ્રયોગ કરીને પ્રભુ દૃષ્ટિવાળા તરીકે પોતાની ઓળખાણ કરાવે છે.

કોઈ એમ પણ કહી શકે કે, 'શું દરેક આત્માને પ્રભુ સ્વરૂપે દેખવાનો અભ્યાસ ન કરવો જોઈએ?' તેને કહે છે કે, 'પ્રભુ સ્વરૂપે જાણવા-દેખવાનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ, પરંતુ પ્રભુ કહીને બોલાવવાના અભ્યાસની કોઈ જરૂર નથી.' કોઈ એમ પણ કહી શકે કે, 'પૂજ્ય ગુરુદેવશ્રી વારંવાર 'ભગવાન આત્મા' શબ્દનો પ્રયોગ કરતા હતા.' તેને કહે છે કે, ''ગુરુદેવશ્રી પણ 'ભગવાન આત્મા' શબ્દનો પ્રયોગ કરતા હતા, કારણ કે તેમની દૃષ્ટિમાં પણ દરેક આત્મા ભગવાન હતા, પરંતુ તેઓ વાત વાતમાં દરેક વ્યક્તિને 'ભગવાન આત્મા' કહીને સંબોધતા ન હતા. જ્યારે તમારી દૃષ્ટિમાં પણ દરેક જીવ પ્રભુ સ્વરૂપે દેખાય ત્યારે તમે પણ દરેક જીવને પ્રભુ કહી શકો છો. પ્રભુ કહી શકો છો એમ નહિ પણ 'પ્રભુ' શબ્દ સહજ નીકળશે અને ત્યારે ખરી પ્રભુતા પ્રગટી એમ કહેવાશે.'' જ્યાં સુધી પ્રભુપદ ન પ્રગટે ત્યાં સુધી અજ્ઞાનીનો આધાર પ્રભુ છે. તેથી શિષ્ય પોતાને આત્મજ્ઞાન પ્રગટયા પછી પણ પ્રભુનો દાસ કહે છે. દાસ શબ્દનો પ્રયોગ ત્રણવાર કર્યો તે બહુવચનાત્મક છે. આમ, અનેકવાર પોતાને દાસ કહીને શિષ્ય પ્રભુ પ્રત્યે ભક્તિભાવ વક્ત કરે છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''હવે આ દેહાદિ કે શબ્દાદિ વગેરે જે કંઈ મારું માન્યું હતું તેના મમત્વથી છૂટીને, તેનો હું સાક્ષી છું, એટલે કે આજથી સદ્‌ગુરુની આજ્ઞાએ (પ્રભુને) આધીન વર્તું. હું તે પ્રભુનો દાસ છું, દીન દાસ છું. પૂર્વે અનંત કાળથી સાચી સમજણ વિના, સ્વરૂપની સાચી પ્રતીતિ વિના, અનંત સંસારમાં રખડવું થયું; તે એક પોતાના અજ્ઞાનથી થયું, અને તેથી 'પામ્યો દુઃખ અનંત'. આત્માના નામે જે કંઈ પુણ્ય, દયા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, વ્રત આદિ પૂર્વે અનંત વાર કર્યું; જે કર્યું તે બધુંય બીજું કર્યું, માત્ર એક આત્માને જાણ્યો નહિ, માટે અનંત ભવમાં અનંત દુઃખ પામ્યો. તે પરમપદ શુદ્ધ આત્મસ્વરૂપ આપે સમજાવ્યું એટલે ભવિષ્યકાળમાં હું અનંત દુઃખને પામત તેનું મૂળ જેણે છેદ્યું એવા શ્રી સદ્‌ગુરુ ભગવાનનો હું દાસ છું, દાસ છું, દીન દાસ છું. સદ્‌ગુરુ આજ્ઞાનુસાર આ પરમ સત્‌નો નિશ્ચય અને આશ્રય જ એક કર્તવ્ય છે, એવી સમજણ અને સમજણનો વિવેક આત્મામાં વર્તતાં પરમ ઉપકારીનો ઉપકાર સ્વીકારે છે.''*



❁

**ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;**
**મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭**

સદ્‌ગુરુને પોતાના ઉપકારી સમજીને, ગુરુનો અહોભાવ વ્યક્ત કરતાં શિષ્ય કહે છે કે અનાદિકાળથી નહિ સમજાયેલું વસ્તુ સ્વરૂપ, આપશ્રીએ, છ પદના માધ્યમથી સમજાવ્યું અને કહ્યું કે સર્વ પરદ્રવ્યો, પરભાવો આત્માના વિકારી-અવિકારી ભાવોથી પણ ભિન્ન શુદ્ધ આત્માનું સ્વરૂપ છે. શિષ્ય એમ કહેવા ઈચ્છે છે કે છએ પદનું વર્ણન આત્માની અનુભૂતિના લક્ષ્યે જ કરવામાં આવ્યું છે. અહીં આપેલું મ્યાન તથા તલવારનું દૃષ્ટાંત વ્યવહારથી બતાવ્યું છે. જેવી રીતે

મ્યાન અને તલવારનો તથા ગ્લાસ અને પાણીનો જેવો સંબંધ છે, તેવો શરીર અને આત્માનો સંબંધ નથી. આકાશના જે પ્રદેશ પર મ્યાન છે, તે જ પ્રદેશ પર તલવાર નથી; તેથી મ્યાન અને તલવારને એકક્ષેત્રાવગાહી સંબંધ નથી. જેવી રીતે ગ્લાસ જે આકાશ પ્રદેશ પર છે તે જ આકાશ પ્રદેશ પર પાણી નથી તથા જ્યાં પાણી છે ત્યાં ગ્લાસ નથી. આત્મા તથા શરીર વચ્ચેનો સંબંધ પાણી તથા ગ્લાસ જેવો નથી. આત્મા તથા શરીર આકાશના એક જ પ્રદેશ પર રહેતા હોવાથી તેઓ એકક્ષેત્રાવગાહી કહેવાય છે. અહીં એમ બતાવે છે કે જેવી રીતે મ્યાન અને તલવાર એકસાથે રહેતા હોવા છતાં પરસ્પર મળી જતા નથી. તેવી રીતે શરીર તથા આત્મા એક ક્ષેત્રમાં રહેતા હોવા છતાં પોતાના સ્વભાવને છોડતા નથી તથા પરદ્રવ્યના સ્વભાવરૂપે પરિણમતા પણ નથી. **લૌકિક જગતમાં પોતાની ખોવાયેલી વસ્તુને કોઈ વ્યક્તિ શોધી અપાવે તો આપણે તેનો ઉપકાર માનીએ છીએ. અહીં તો, સદ્‌ગુરુએ અનાદિકાળથી જ્ઞાન પર્યાયમાં ખોવાયેલા આત્માને, જ્ઞાન પર્યાયમાં જણાવ્યો છે. સદ્‌ગુરુનો ઉપકાર માપી શકાતો નથી, તેથી તેને અમાપ કહ્યો છે.** સંસારના કોઈ પણ ભૌતિક સાધન સાથે આત્માની સરખામણી કરતાં આત્માનું અમૂલ્યપણું રહેતું નથી. સમયસારમાં મંગલાચરણરૂપ ગાથામાં આત્માના આશ્રયે પ્રગટ થતી સિદ્ધદશાને પણ અનુપમ કહી છે. **આત્મા અનુપમ છે, આત્માની શુદ્ધ પર્યાય પણ અનુપમ છે, તેથી આત્માની ઓળખાણ કરાવનાર સદ્‌ગુરુ પણ અનુપમ હોવાથી તેમનો ઉપકાર પણ અનુપમ છે.** રસ્તામાં ચાલતી વેળા, જો આપણે માર્ગ ભૂલી જઈએ અને કોઈ વ્યક્તિ માર્ગ દેખાડે, તો આપણે તેનો આભાર



માનીએ છીએ. અહીં તો શિષ્યને સદગુરુએ મોક્ષનો માર્ગ બતાવ્યો છે, મોક્ષ તરફ આંગળી ચીંધી છે, તેથી સદ્‌ગુરુનો ઉપકાર માનવો સ્વભાવિક છે. ભેદજ્ઞાન તથા આત્માનુભવ પોતાના પુરુષાર્થથી જ થાય છે, સદ્‌ગુરુ થકી નહિ. ગુરુદેવશ્રી જાણતાં હતા કે સદ્‌ગુરુ થકી મોક્ષમાર્ગ મળતો નથી છતાં, મોક્ષમાર્ગમાં નિમિત્ત હોવાથી ગુરુદેવશ્રીને સદ્‌ગુરુની મહિમા તથા અહોભાવ પણ આવતો. પૂજ્ય ગુરુદેવશ્રીએ આ કળિયુગમાં, કળિયુગનો અહેસાસ પણ ન થવા દીધો અને પોતે સાક્ષાત્‌ મોક્ષમાર્ગના પ્રણેતા તથા પ્રેરક થયાં. અહીં સદ્‌ગુરુએ શિષ્યની શંકાનું સરળ ભાષા તથા સુગમ શૈલીનો પ્રયોગ કરીને સમાધાન કર્યું હોવાથી, શિષ્યએ ગુરુનો અમાપ ઉપકાર માન્યો છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''છએ સ્થાનક સમજાવીને હે સદ્‌ગુરુદેવ! આપે દેહાદિથી આત્માને, જેમ મ્યાનથી તલવાર જુદી કાઢીને બતાવે એમ સ્પષ્ટ જુદો, એક પરમાણું માત્રના સંબંધ રહિત, (પરથી જુદો) બતાવી અમાપ ઉપકાર કર્યો છે, મોક્ષ અને મોક્ષનો ઉપાય, આત્મા ચિદ્‌ઘન છે તેમાં જ બતાવ્યો. બાહ્યથી કંઈપણ સાધનનો આશ્રય જ્ઞાન, દર્શન, ચારિત્રમાં નથી, એમ જ હોવાથી જેને અનંત ગુણનું ભાન થયું છે, એવો શિષ્ય પોતાની પામરતા વર્ણવીને પુરુષાર્થ ઉપાડે છે. એ જ લોકોત્તર વિનયનો મહિમા છે, તેમાં જ પોતાનો મહિમા છે. ''ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો.'' મારું*

*આત્મપદ પૂર્ણ શુદ્ધ પરમાત્મા સમાન છે પણ ઊંધી દૃષ્ટિવાળાએ પરના નિમિત્તથી બંધવાળો-ઉપાધિવાળો માન્યો છે. સિદ્ધ ભગવાન જેવો ન માન્યો તેથી તે મિથ્યાદૃષ્ટી છે. સ્વાધીનપણું ભૂલીને પોતાને બંધવાળો કે વિકારી માને તો વિકાર સ્વભાવ ઠરે; પણ ચૈતન્યસ્વભાવ બંધરૂપ નથી. એક સમયમાત્રની ભૂલ વર્તમાન અવસ્થાની યોગ્યતાના કારણે હતી, તે ભૂલ ક્ષણમાં પલટીને પૂર્ણ સિદ્ધદશા પ્રગટ થઈ શકે છે. પૂર્ણતાને લક્ષે સાધકસ્વભાવ જેને ઊઘડ્યો તે હવે અંતરચારિત્રની ભાવના કરે છે કે હું મારા જ્ઞાન-દર્શન-સ્વરૂપચારિત્રમાં લીન થાઉં. તેમાં એમ આવ્યું કે મારામાં પરનું એકપણ કર્તવ્ય નથી, છતાં કોઈ માને તો તે મિથ્યા છે. હું સામા જીવને સુખી કરી શકું, મેં પરની દયા પાળી, પળાવી, મેં દેહાદિ ક્રિયારૂપ ચારિત્ર પાળ્યું એ માન્યતા મિથ્યા છે; તેમાં ધર્મ નથી, ચારિત્ર નથી. કષાય પાતળો પડે તો પુણ્ય છે. ધર્મીજીવ ચારિત્રની ભાવના વડે સ્થિરતા વધારે છે. જેવા સર્વજ્ઞ વીતરાગ ભગવાન છે, અને તેમનું જેવું નિર્મળ ચારિત્ર છે, તેવું જ મારું યથાખ્યાતચારિત્ર શીઘ્ર પ્રગટ થાઓ, એમ પુરુષાર્થ ઉપાડીને સત્‌નો વિનય કરે છે. હે નાથ ! આપે જ આત્મા આપ્યો ! હે પ્રભુ ! આપનો ઉપકાર અમાપ છે. તે સમજે છે કે કોઈ કોઈના પર્યાયને લેતું દેતું નથી, કારણ કે આત્મા સ્વયં સ્વાધીન તત્ત્વ છે, તે નિરપેક્ષ અને કષાય રહિત છે, નિર્વિકલ્પ છે. મનના વિકલ્પ અને વાણીદ્વારા સદ્‌ગુરુનો વિનય શી રીતે કરું ? બસ ! ઠરી જાઉં એ એક લક્ષ છે, એ પૂર્ણ ચારિત્રની ભાવના છે.''*



**દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનક માંહી;**
**વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮**

આ ગ્રંથની ૪૪મી ગાથામાં કહ્યું હતું કે અહીં સમજાવેલા છ પદમાં જગતના મુખ્ય છ અન્ય દર્શન ગર્ભિત છે. છ અન્ય દર્શનનું નિરાકરણ કરવા માટે છ પદના માધ્યમથી અસ્તિરૂપ શૈલીમાં જૈન દર્શનને સત્ય પુરવાર કર્યું છે. જૈનધર્મ તો સનાતન સત્ય છે, તેને સિદ્ધ કરવાની કોઈ જરૂર નથી. તેમ છતાં, અજ્ઞાનીને વીતરાગી ધર્મ સમજાતો નહી હોવાથી, રાગી મતનું નિરાકરણ કરીને, જૈન તત્ત્વને સમજાવવામાં આવે છે.

**આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯**

આ પદમાં વૈદ્ય તથા રોગીના દૃષ્ટાંત, સંસાર સદ્‌ગુરુ, ગુરુઆજ્ઞા તથા ધ્યાનનું સ્વરૂપ સંક્ષેપમાં સમજાવ્યું છે. વૈદ્યના દૃષ્ટાંત દ્વારા પંડિત ટોડરમલજીએ પણ મોક્ષમાર્ગ પ્રકાશમાં સંસારનું સ્વરૂપ, કારણ તથા ઉપાય બતાવ્યો છે.

ભ્રાંતિ એટલે અજ્ઞાન. જેને આત્માનું અજ્ઞાન છે, તેને સર્વ જગતનું પણ અજ્ઞાન છે. તેનું આંશિક પ્રગટ થયેલું ક્ષયોપશમજ્ઞાન પણ અજ્ઞાન છે. આત્મભ્રાંતિમાં અટકેલો જીવ, અનાત્માને આત્મા માનીને મિથ્યા કલ્પના કરે છે. તે જીવ એ વાતનો નિર્ણય કરી શકતો નથી કે પોતે કોણ છે અને પર કોણ છે ?

સામાન્ય રોગ જ્યારે ચરમસીમા પર પહોંચે છે, ત્યારે મનુષ્ય મરણ પામે છે. પરંતુ મિથ્યાત્વ રોગના લીધે અજ્ઞાની પળે પળે ભાવમરણ કરી રહ્યો છે. આત્મામાં ઉત્પન્ન થતા રાગાદિ વિકારી ભાવોમાં એકત્વ કરીને પોતાને સુખી દુ:ખી માનવો, એ જ ભાવમરણ છે; તેથી આત્મા સંબંધી અજ્ઞાનને વિશિષ્ટ રોગ કહ્યો છે. જ્ઞાનીના ગુરુ તો જ્ઞાની જ હોય; એટલું જ નહિ, અજ્ઞાનીના ગુરુ પણ જ્ઞાની જ હોય. અજ્ઞાનીના રોગને, રોગના કારણોને તથા રોગના ઉપાયને જ્ઞાની જ જાણે છે. તેથી સદ્‌ગુરુને આત્મભ્રાંતિરૂપી રોગના વૈદ્ય કહ્યા છે. સદ્‌ગુરુની આજ્ઞા, મોક્ષમાર્ગની પ્રકાશક તથા પ્રદર્શક હોવાથી તેના સમાન હિતકારી બીજો કોઈ વિકલ્પ નથી. તથા **આત્મભ્રાંતિને દૂર કરવાનો એકમાત્ર ઉપાય વિચાર અને ધ્યાન છે. તેના સમાન બીજો કોઈ ઉપાય આ જગતમાં નથી. વિચાર અને ધ્યાનમાં, વિચારથી ધર્મની શરૂઆત તથા ધ્યાનથી ધ્યેયની પ્રાપ્તિ થાય છે. તેથી વિચાર અને ધ્યાનને મોક્ષમાર્ગના કારણો કહ્યાં છે.**

સત્ય સ્વરૂપનો વિચાર કર્યા વિના સત્ય પ્રાપ્ત થતું નથી તથા વિચારમાં અટકી જવાથી પણ સત્ય મળી જતું હોય એમ નથી. વિચારની ધારા નિત્ય છે, પરંતુ યોગ્ય ગુરુના માર્ગદર્શન વિનાનો વિચાર, મોક્ષમાર્ગનું કારણ બનતો નથી. વિચારને જ્ઞાન પણ કહેવાય છે. તેથી આ કથનનો આશય એમ સમજવો કે જ્ઞાન તથા ધ્યાન સંસાર રોગની દવા છે.

અહીં વિચાર તથા ધ્યાન એમ બંને શબ્દોનો પ્રયોગ કર્યો હોવાથી એ વાત સહજ સિદ્ધ થાય છે કે વિચાર અને ધ્યાન બંને એક વસ્તુ



નથી. તેથી જે અજ્ઞાની વિચાર દશાને જ ધ્યાન માને છે, તેની માન્યતાનું પણ અહીં નિરાકરણ થાય છે.

વિચાર અને ધ્યાન વચ્ચે પાતળી રેખા છે. તેના ઉપર વિશેષ દૃષ્ટિ કરતાં વિચાર અને ધ્યાનનો ભેદ સમજમાં આવે છે. અજ્ઞાનીને શુદ્ધ વિચાર કે જ્ઞાન એ બંનેમાંથી કંઈ હોતું નથી. સામાન્ય દૃષ્ટિએ જોતાં, **વિચાર છદ્મસ્થ જીવોને જ હોય છે પરંતુ ધ્યાન છદ્મસ્થ તથા કેવળી બંનેને હોય છે.**

અહીં મોક્ષમાર્ગની મુખ્યતાથી કથન કર્યું હોવાથી, શુદ્ધોપયોગરૂપ ધ્યાન સહિત રત્નત્રય જ સંસાર રોગના નિવારણ કરવાનો એક માત્ર ઉપાય છે. આ ઔષધિ શક્તિ અપેક્ષાએ સર્વ જીવોમાં ત્રિકાળ હોય છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''આત્મભ્રાંતિ જેવું બીજું કોઈ મહા પાપ નથી. એની દયા કરનાર કોઈ નથી. પોતે પાત્રતા તૈયાર કરીને, સરલ જિજ્ઞાસુ થઈને, સત્‌સમાગમ મેળવે તો જ છૂટકો થાય. પોતાના માનેલા સ્વચ્છંદરૂપ કુધર્મથી કલ્યાણ નથી. માટે તે રોગને-ભૂલને ટાળવા માટે સદ્‌ગુરુને શરણે જવું. કારણ કે તેઓ મહા સમર્થ સુજાણ, સ્વભાવના વૈદ્ય છે. શ્રીમદ્ કહે છે કે આત્મસ્વરૂપમાં ભ્રમણ જેવો કોઈ રોગ નથી. બહારથી પ્રતિકૂળ દવા કરે તો ઊલટો રોગ વધે; સદ્‌ગુરુ ભવરોગ મટાડનાર સુજાણ વૈદ્ય છે; તેના જેવા કોઈ પરમ ઉપકારી નથી. સદ્‌ગુરુ આજ્ઞાએ*

*ચાલવા સમાન (સત્‌ને આશ્રયે વર્તવા સમાન) બીજું કોઈ પથ્ય નથી.*

*ગુરુ આજ્ઞા-એટલે અખંડ દેશનાવડે, અખંડ સત્‌માંથી જ્ઞાનીનું એક વાક્ય યથાર્થ શ્રુતગત કરી અંતરમાં સત્‌નો આશ્રય કરવો. તેમાં સત્‌શ્રુત અંતરંગ કરી, બેહદ જ્ઞાનબળ ઊછાળી, જ્ઞાનની એકાગ્રતામાં ટકવું, રમવું, ઘોલન કરવું તે ધ્યાન, જ્ઞાનીના વચનોથી અંતરંગ વિચાર, સ્વાધ્યાય, યથાર્થ તત્ત્વમનન-તે વિચાર-ધ્યાનરૂપી ઔષધ છે. ભેદવિજ્ઞાનરૂપ વિવેક તે પથ્ય છે; કારણ કે સમજણવડે સત્‌નો સ્વીકાર પોતે કર્યો ત્યારે ગુરુઆજ્ઞા સમજ્યો એમ કહેવાય, સમજણ અનુસાર રુચિ-સત્‌ની રુચિ કરનારને જ્ઞાનનો વિવેક હોય છે, તેને હિતમાં પ્રવૃત્તિ અને અહિતમાં નિવૃત્તિ થાય જ. હું પરથી જુદો, પૂર્ણ કૃતકૃત્ય, પરથી અક્રિય, ત્રિકાળ પૂર્ણ શુદ્ધ સ્થિર, અખંડ જ્ઞાયકસ્વભાવમાં ટક્યો છું. પરમાર્થરૂપ હું શુદ્ધ એકલો ઉપાદેય છું. પુણ્ય-પાપ-રાગાદિ વિકલ્પ દેહાદિની ક્રિયા બધાં પરદ્રવ્ય હોય છે, મારા સ્વાધીન તત્ત્વમાં કોઈના ગ્રહણ-ત્યાગ નથી, એવો હું નિરપેક્ષ શુદ્ધ જ્ઞાયક છું. એમ અબંધદૃષ્ટિનો વિવેક તે સાચું જ્ઞાન-પથ્ય છે; તે જ્ઞાનના આચરણવડે સ્વરૂપસ્થિરતારૂપ ધ્યાન, મનન એ ઔષધ છે, તે જ શિવસુખનો ઉપાય છે. સત્‌ અને સત્‌નો આશ્રય એ જ મુખ્ય ઉપાય કહીને લોકોને ખોટી માન્યતારૂપ સ્વચ્છંદ ટાળવાનો ઉપાય બતાવ્યો છે.''*

❁



**જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;**
**ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦**

જે જીવો પરમાર્થની પ્રાપ્તિ કરવા ઈચ્છતા હોય, તેમણે સત્ય પુરુષાર્થ કરવો જોઈએ. જો કે સત્ય અને અસત્ય, એમ બે પ્રકારના પુરુષાર્થ હોતા નથી. પરંતુ જીવ પુરુષાર્થનું સ્વરૂપ સમજીને પરમાર્થની પ્રાપ્તિ કરે એ લક્ષ્યથી સત્ય પુરુષાર્થ કરવા કહ્યું છે. આજ સુધી જીવ પુરુષાર્થના અભાવમાં દુ:ખી થયો એમ નથી પરંતુ જીવે પુરુષાર્થની પરિભાષા સમજવામાં ભૂલ કરી, તેથી દુ:ખી થયો છે. શરીરની ક્રિયા તથા શુભ રાગરૂપ વિકારભાવને, આત્માનો પુરુષાર્થ માનીને, આત્મિક પુરુષાર્થ કર્યો જ નહિ; તેથી જીવ સત્યથી વંચિત રહી ગયો. સત્‌ સ્વરૂપી આત્માની પ્રાપ્તિ જેના વડે થાય, તેને આત્માનો વાસ્તવિક પરૂષાર્થ કહેવાય. પરમાર્થની પ્રાપ્તિનો અભ્યાસ કર્યા વિના પરમાર્થ પ્રગટતો નથી.

આત્મખ્યાતિ ટીકામાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે, હે ! જીવ તું છ મહિના તત્ત્વનો અભ્યાસ કર! તને જરૂર આત્માની પ્રાપ્તિ થશે. આત્મખ્યાતિના ૨૩માં કળશમાં પણ કહ્યું છે કે, ''હે આત્મન્‌! તું ગમે તેમ કરીને, મરીને પણ તત્ત્વનો ઉત્સુક બન અને એક અંતર્મુહુર્ત અર્થાત્‌ બે ઘડી માટે શરીરનો પાડોસી થઈ જા !'' આમ, આગમમાં અનેક સ્થાનો પર પુરુષાર્થની મહિમા બતાવી છે. આચાર્ય અમૃતચંદ્ર દેવે તો 'પુરુષાર્થસિધ્યુપાય' નામના ગ્રંથમાં આજ વિષયનો વિસ્તાર કર્યો છે અને ભવ્ય જીવોને પુરુષાર્થ કરવા માટે પ્રેરિત કર્યા છે.

મોક્ષમાર્ગ પ્રકાશકના નવમાં અધિકારમાં પણ પંડિત ટોડરમલજી

કહે છે કે પુરુષાર્થથી મોક્ષપ્રાપ્તિ થાય છે; તેથી તેનું સ્પષ્ટ સ્વરૂપ સમજવું અનિવાર્ય છે.

આ પંચમકાળમાં અહીંથી મોક્ષ થતો નથી; તેમ વિચારીને પુરુષાર્થ જ ન કરવો યોગ્ય નથી. કારણ કે, મોક્ષનો માર્ગ તો આ કાળમાં અહીં પણ સંભવ છે, જો પુરુષાર્થ કરવામાં આવે તો! ભવની ગણતરી કરી કરીને પુરુષાર્થ છોડવો ન જોઈએ. કેટલાય જીવો એમ વિચાર કરે છે કે અનંતકાળથી બાંધેલા કર્મ એક ભવના પુરુષાર્થથી કેવી રીતે દૂર થાય? તેથી પુરુષાર્થનું કોઈ પ્રયોજન રહેતું નથી. આવો વિચાર કરનાર પુરુષાર્થના સ્વરૂપ તથા તેના ફળને સમજ્યો જ નથી. કારણ કે એક સમયના આત્મિક પુરુષાર્થથી, ભૂતકાળમાં બાંધેલા અનંતકર્મની નિર્જરા તથા ભવિષ્યના અનંત કર્મોનો સંવર કરીને કર્મબંધન અને ભવભ્રમણનો પણ અંત લાવી શકાય છે.

મરણ સમયે શું ધર્મ થાય? તેમ વિચારીને પણ પુરુષાર્થનો લોપ ન કરવો જોઈએ. જ્ઞાની તો એમ કહે છે કે દરેક સમયે મરણ થતું સમજી પુરુષાર્થ પ્રારંભ કરવો જોઈએ. હકીકત પણ એમ છે કે જીવ જ્યારથી જન્મે છે, ત્યારથી જ મરે છે. ભાવકર્મ કરીને ભાવમરણ કરવું એ પણ એક મરવું છે. **અજ્ઞાની પળે પળે મરે છે. તે જીવે છે એવી રીતે કે જાણે મરવાનો જ નથી અને મરે છે એવી રીતે કે જાણે જીવ્યો જ નથી. જ્યારે જ્ઞાનીની વાત નિરાળી છે. જ્ઞાની અમર થઈ ગયા છે. પુરુષાર્થ કરવો એ આત્માનું સામર્થ્ય છે, તથા અમર થઈને અતીન્દ્રિય સુખી થવું એ આત્માનો વૈભવ છે.**



❋ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“આત્માનો પરમ અર્થ એટલે સાચો પરમાર્થ ઈચ્છતા હો તો સાચો પુરુષાર્થ કરો, સાચો પુરુષાર્થ આત્મા જાતે કરે તો થાય તેમ છે; કોઈના આશીર્વાદથી કલ્યાણ નથી. પર નિમિત્ત મને રાગ-દ્વેષ કરવા કે ગુણ કરાવે તેમ પણ નથી. જો ખરેખર પરમાર્થને ઈચ્છતા હોય તો ચેતનની જાતનો યથાર્થ પુરુષાર્થ લાવો. એ પુરુષાર્થ જ સ્વજાતિનો વીતરાગી વ્યવહાર છે; તેમાં પુણ્ય-પાપ શુભ-અશુભ પરિણામની ગંધ નથી. માત્ર સ્વસન્મુખ જ્ઞાનના પુરુષાર્થને જ જ્ઞાનીઓએ પરમાર્થભૂત વ્યવહાર કહ્યો છે. તે પુરુષાર્થ વડે જ આત્માની પવિત્ર આનંદદશા ખીલે છે, માટે એવો અદ્‌ભુત પુરુષાર્થ કરો. તે કાંઈ મન, વાણી, દેહની ક્રિયામાં નથી. સત્ય પુરુષાર્થ આત્માને આધીન છે. જ્ઞાનમાં જ્ઞાનનું કામ કરવું છે. બાહ્યનું કાંઈ કરવું એ ચેતનનું કાર્ય નથી. આત્મા સદાય ચિદ્‌ઘન જ્ઞાનમાત્ર છે. અરૂપી જ્ઞાન જ જીવનું નિશ્ચય શરીર છે, તેનો પ્રયત્ન જ્ઞાનમાં જ વધે છે, તેનું સાધન જ્ઞાનમાં છે. સદ્‌વાણી, સત્‌શાસ્ત્ર, સદ્‌ભક્તિ વડે એટલે કે સદ્‌વાણી દ્વારા કહેલ શુદ્ધાત્માના મનન, ચિંતવન વડે સર્વ વિરોધ રહિત સાચી શ્રદ્ધા થઈ શકે છે. જ્ઞાનમાં જ સ્થિરતારૂપ ચારિત્ર છે. લોકો શુભ પરિણામને ધર્મ માને છે પણ તે જૂઠી વાત છે. પૂર્વે ભૂલભાવે જેવો ઊંધો ભાવ કર્યો હતો તેવો જ સવળો થઈ, સત્યમાગમના ટચમાં આવે તો, સવળો પુરુષાર્થ જે આત્મામાં છે, તે પ્રગટ કરી શકાય છે. શ્રીમદ્ કહે છે કે આત્માનું સાચું સુખ-*

*સ્વરાજ્ય જોઈતું હોય તો તારા આત્માની અંદરનો પુરુષાર્થ કર. કેવળ નિરુપાધિક શુદ્ધ આત્મતત્ત્વ છે તેમાં જ્ઞાન, આનંદ સિવાય કંઈ નથી. તે સ્વાધીનતાનો સ્વીકાર તે સાચી શ્રદ્ધા છે. તેનું પરથી જુદાપણાનું જ્ઞાન અને રાગ-દ્વેષ રહિત શ્રદ્ધા-જ્ઞાનપૂર્વકનું વર્તન (ચારિત્ર) તે સાચા જ્ઞાનથી થાય છે.*

*''ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ'' નિમિત્ત આધીન વૃત્તિવાળા ઘણા ચોફાળ ઓઢીને પોક મૂકે છે કે– આ કાળમાં જ્ઞાની ન ઓળખાય. શું કરીએ ? પંચમકાળ છે, અંતરાયકર્મનું ઘણું જોર છે, ઢાંક્યા કર્મની કોને ખબર? મોહનીયકર્મ મારગ આપે ત્યારે પુરુષાર્થ જાગે, માટે આપણે તો કંઈ કરીએ તો પામીએ, એ રીતે દેહાદિ કે પુણ્ય આદિની ક્રિયા કરવામાં ઉત્સાહ લાવનારાઓ ધર્મના નામે મૂઢતાનું પોષણ કરે છે. કદી પાપાનુબંધી પુણ્ય બાંધે તેનું ફળ શું ? સંસારમાં જે મોટા કહેવાય છે તે પુણ્યથી મોટા છે. પણ સંસારનો મોટો એટલે લૌકિકમાં મોટો; ધર્મમાં મોટો તે ધર્માત્મા. જ્ઞાની તથા ચારિત્રવંત પોતાના સ્વજાતિના પુરુષાર્થથી થવાય છે. સંસારમાં દુર્ગુણો પુણ્યના યોગે કદાચ બહાર ન પણ દેખાય, પણ પરમાર્થમાં તો અલ્પ ભૂલ પણ નભી શકે નહિ. માટે આ નિર્દોષ ધર્મ માર્ગમાં તો ગુણ મોટા તે મોટા છે, પુણ્ય મોટા તે મોટા નહિ.''*

❀

**નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧**



નિશ્ચયનયથી પ્રરૂપિત કરેલા વચનો સાંભળવાથી અથવા નિશ્ચયનયની મુખ્યતાથી લખાયેલા ગ્રંથો વાંચીને જીવ સ્વચ્છંદી ન થાય, તે વાતને લક્ષ્યમાં રાખીને અહીં નિશ્ચય અને વ્યવહારનો સમન્વય કર્યો છે. નિશ્ચય વાણી સાંભળીને જીવ વ્યવહારનો નિષેધ કરે, એવું જ્ઞાનીનું પ્રયોજન હોતું નથી. પરંતુ અજ્ઞાની એકાંતદૃષ્ટિથી ટેવાયેલો હોવાથી, અનેકાંત સ્વરૂપી સત્યનો નિર્ણય કરતો નથી. નિશ્ચય વાણી સંભળાવીને જીવને વ્યવહારની વાસ્તવિકતાનું પણ જ્ઞાન કરાવવામાં આવે છે. જે નય વિવક્ષાથી કથન કરવામાં આવ્યું હોય, તે નય વિવક્ષાના આશયને ગ્રહણ કરીને, વસ્તુ સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રતીતિને સમ્યગ્દર્શન કહેવાય છે. **જ્યાં સુધી નિશ્ચયની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી વ્યવહારિક ધર્મક્રિયા ન છોડવી જોઈએ. દેવદર્શન, પૂજા, ભક્તિ, ઉપવાસ, શીલ વગેરે શુભભાવ આત્માર્થીને આવ્યા વિના તે નિશ્ચય પામી શકાતો નથી. વ્યવહારની દરેક ક્રિયા કરતી વેળા આત્મતત્ત્વ ન ભૂલવું જોઈએ. શુભભાવ આવે ત્યાં પણ લક્ષ્ય આત્માનું જ હોવું જોઈએ. શુભભાવ છોડવા યોગ્ય છે, પણ અજ્ઞાનીને ભૂમિકાનુસાર શુભભાવ આવવો જ જોઈએ. મનુષ્યભવ પામીને પણ મોટાભાગનો સમય અશુભ ક્રિયામાં વેડફાતો હોવથી, અજ્ઞાનીને સ્વાધ્યાય તથા તત્ત્વચિંતન કરવાનો ઉપદેશ આપવામાં આવે છે.**

જો કોઈ એકાંતવાદી નિશ્ચયવાણી સાંભળીને વ્યવહારનો નિષેધ કરે તો તેમાં જ્ઞાનીનો કોઈ દોષ નથી. પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલા નિશ્ચય ઉપદેશને કોઈ લોકોએ એકાંતે ગ્રહણ કર્યો છે; તેના કારણે

લોકો તો એમ જ કહેશે કે કાનજીસ્વામીવાળા વ્યવહારનો નિષેધ કરે છે, ત્યાં ભૂલ કરનાર વ્યક્તિનું તો નામ પણ ન લેવાયું. કાનજી સ્વામીવાળા કહેતા ગુરુદેવની જ ટીકા થઈ. ખરેખર જે લોકો એકાંત નિશ્ચયને માનીને, વ્યવહારનો નિષેધ કરવાવાળાને કાનજી સ્વામીવાળા માને છે, તે લોકોની પણ ભૂલ છે. કારણ કે કાનજી સ્વામીનો શિષ્ય એકાંતવાદી હોય નહિ અને એકાંતવાદી હજુ કાનજી સ્વામીને સમજ્યો નથી એમ સમજવું જોઈએ. **જો આપણે ગુરુદેવનું નામ રોશન ન કરી શકીએ તો કંઈ નહિ, પણ પોતે એવું આચરણ તો ન જ કરવું જોઈએ કે જેથી લોકોને પૂજ્ય ગુરુદેવશ્રીનું નામ લઈને નિંદા કરવાનો અવસર મળે.**

નિશ્ચયને લક્ષ્યમાં રાખીને વ્યવહાર કરવા યોગ્ય છે. પરંતુ અજ્ઞાની વ્યવહારની ક્રિયાને લક્ષમાં રાખીને નિશ્ચયની ચર્ચા કરે છે. નિશ્ચયયાભાસી એમ માને છે કે નિશ્ચયની વાતને વિશેષ ઊંડાણપૂર્વક પ્રસ્તુત કરવાથી જ્ઞાનીપણું પણ વિશેષ પ્રગટ થાય છે. જ્ઞાનીએ નિશ્ચયના સિદ્ધાંતોને ચર્ચાના વિષય સુધી સીમિત નહિ રાખીને દૃષ્ટિના વિષય સુધી પહોંચાડવો જોઈએ. જ્યારે તે અનુસાર પ્રવર્તન કરવામાં આવે, ત્યારે વ્યવહાર તથા નિશ્ચય બંને નય સાર્થક થયાં કહેવાશે. **નિશ્ચય ભાવસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ છે તથા વ્યવહાર વચન-આચરણ સ્વરૂપ છે. ભાવ-જ્ઞાનનું આચરણમાં અવતરણ થવું જોઈએ. પોતાને શુદ્ધાત્મા જાણનારાને માનનારાનો અન્ય આત્માઓ સાથેનો વ્યવહાર પણ શુદ્ધ હોવો. જોઈએ. સાધ્યને સીધું પકડવા જનારને તે સીધે સીધું પકડાય એમ નથી. સાધન દ્વારા સાધ્ય પકડમાં આવશે.**



**તેથી સાધન છોડવા નહિં. હીરાને પકડવાના ચીપિયા વડે હીરો પકડમાં આવે, પછી જ તેને વીંટીમાં જડાય.**

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“હવે નિશ્ચય-પરમાર્થને કથન માત્ર ધારી રાખે, (પુરુષાર્થહીન થઈને) નિશ્ચયકથન કરે કે આત્મા અબંધ છે, અસંગ છે, સિદ્ધ છે, તેમ માત્ર મનમાં ધારી રાખે અને પરમાર્થભૂત વ્યવહારસાધન, સત્સમાગમ વગેરે છોડી સ્વચ્છંદમાં વર્તે, તેમ ન થવું જોઈએ. આત્મા અબંધ, અસંગ, શુદ્ધ છે તે વાત પરમાર્થે સાચી છે, પણ કોને ? કે જે યથાર્થદૃષ્ટિના ભાન સહિત પુરુષાર્થ લાવે અને સ્વસન્મુખ જ્ઞાતાપણાના બળ વડે રાગ-દ્વેષને તોડે છે તેને. પણ જે શબ્દો માત્ર ગોખી રાખે તે રાગની રુચિ રાખતો હોવાથી સાચો પુરુષાર્થ ન કરે, સ્વચ્છંદ અને અનાચાર પોષે છે, તે પાપબંધ કરે છે.*

*આત્મામાં પરમાર્થે બંધ કે રાગ-દ્વેષની ઉપાધિ નથી પણ તે ક્યારે ? કે પૂર્ણ શુદ્ધાત્માની દૃષ્ટિએ અમુક રાગ-દ્વેષ કષાયનો ઘટાડો કરીને સાચી શ્રદ્ધા લાવે ત્યારે. પણ જેને સાચો પુરુષાર્થ કરવો નથી પણ માત્ર નિશ્ચયના કથનને ધારી રાખવું છે તેને કલ્યાણ થતું નથી, માટે પ્રથમ જ હું શુદ્ધ છું એ લક્ષે વૈરાગ્ય સહિત વિષય-કષાયનો ઘટાડો કરવો. દેહની આસક્તિ ઘટાડીને સત્‌શાસ્ત્રનું વાંચન, શ્રવણ, મનન અને સત્સમાગમ કરવો.”*

❁

**નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;**
**એકાંતે વ્યવહાર નહિ, બંને સાથે રહેલ. ૧૩૨**

નિશ્ચયનય તથા વ્યવહારનય; જિનવાણી માતાની બે આંખો છે. તેથી તે બે નયોમાંથી કોઈ એક નયનો પણ નિષેધ કરવો યોગ્ય નથી. જો કોઈ તમને એમ કહે કે તમારી બે આંખમાંથી જે આંખ વહાલી ન હોય તે ફોડી કાઢો. ત્યારે તમે કહેશો કે એક આંખ વડે દેખાય શકે છે, તેમ છતાં, અમને અમારી બંને આંખો વહાલી છે. અમે બેમાંથી કોઈ પણ આંખ ફોડવા ઈચ્છતા નથી. તેવી રીતે નિશ્ચયનય તથા વ્યવહારનય એમ બંને નયોનો સ્વીકાર કરવો અનિવાર્ય છે. જ્ઞાનીની એ વિશેષતા હોય છે કે તેઓ અનેકાંત દૃષ્ટિ વડે જગતને દેખે છે અને જગતના જીવોનેપણ અનેકાંત દૃષ્ટિ પ્રગટાવવાનો બોધ આપે છે.

**નિશ્ચય તથા વ્યવહાર એકલા હોતા નથી. પૂર્ણ નિશ્ચય તથા પૂર્ણ વ્યવહાર એકસાથે હોય છે. તેમાં સમયભેદ કે આત્માના ભેદ પણ હોતા નથી. નિશ્ચય શબ્દનો છેલ્લો અક્ષર 'ય' છે તથા વ્યવહાર શબ્દનો અંતિમ અક્ષર 'ર' છે. નિશ્ચય તથા વ્યવહાર એમ બંને શબ્દના અંતિમ અક્ષરો 'ય' તથા 'ર' છે. વ્યંજન અક્ષરોના ક્રમમાં પણ 'ય' પછી 'ર' હોય છે તેનો અર્થ એમ થયો કે નિશ્ચય અને વ્યવહાર પણ પૂર્ણ પ્રગટ થાય ત્યારે એક સાથે હોય છે. બંને શબ્દની પૂર્ણતાના અંતિમ અક્ષરો પણ સાથે સાથે હોય છે. નિશ્ચય દેખાડે છે તથા વ્યવહાર ચલાવે છે.**

એકાંત નિશ્ચયથી અથવા એકાંત વ્યવહારથી જ્ઞાનીનો ઉપદેશ હોતો નથી. નિશ્ચય અને વ્યવહારનું એકસાથે નિરૂપણ કરી શકાતું



નહિ હોવાથી, જ્ઞાની જ્યારે નિશ્ચય નયની મુખ્યતાથી કથન કરે છે ત્યારે વ્યવહાર નયના પક્ષને ગૌણ રાખે છે તથા જ્યારે વ્યવહાર નયની મુખ્યતાથી કથન થાય છે, ત્યારે નિશ્ચય નયનો પક્ષ ગૌણ હોય છે. આમ, બંને નયપક્ષને એકાંતે કહી શકાતા નથી. નય વિવેચનમાં મુખ્ય તથા ગૌણના ભેદ હોય છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રના પ્રારંભમાં શુષ્કજ્ઞાની અથવા નિશ્ચયાભાસી અને ક્રિયાજડ અથવા વ્યવહારાભાસી પર ચર્ચા થઈ ચૂકી છે. ત્યાં શુષ્કજ્ઞાની વ્યવહારનો તથા ક્રિયાજડ નિશ્ચયનો નિષેધ કરે છે. જ્યારે આત્મસિદ્ધિ શાસ્ત્ર નિશ્ચય તથા વ્યવહાર વચ્ચે સમન્વય બતાવે છે. મોક્ષમાર્ગનું નિરૂપણ નિશ્ચય તથા વ્યવહાર એમ બે પ્રકારે કરવામાં આવ્યું છે. પરંતુ મોક્ષમાર્ગ બે પ્રકારના હોતા નથી. કોઈ જીવ એમ વિચારે કે જેનાથી ક્રિયા ન થઈ શકે તે જ્ઞાન દ્વારા તથા જેનાથી જ્ઞાનપ્રાપ્ત ન થઈ શકે તે ક્રિયા દ્વારા મોક્ષમાર્ગ પ્રાપ્ત કરે છે; તો તેમનું એમ માનવું મિથ્યાત્વ છે, કારણ કે નિશ્ચય અને વ્યવહાર એમ બંને નયો વિના, મોક્ષમાર્ગ પર ચાલી શકાતું નથી. જેણે જ્ઞાનીના વચનને સમજવા હોય, તેણે નિશ્ચય તથા વ્યવહાર સંબંધી વિષયોનો, આગમ તથા આગમના જાણકાર જીવો થકી અભ્યાસ કરવો જોઈએ. જે જીવ રુચિપૂર્વક સદ્ગુરુના માર્મિક વચનોને લક્ષમાં લઈને તદ્રુપ પુરુષાર્થ કરશે, તે નિશ્ચિતરૂપે મોક્ષમાર્ગ પામશે; એવું જ્ઞાનીનું વચન છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"અત્રે એકાંત નિશ્ચયકથન કહ્યું નથી. આત્મા સંબંધ તત્ત્વ છે, પુણ્ય-પાપ આદિ શુભપરિણામ પણ આત્મામાં નથી. આત્મા તદ્દન શુદ્ધ, અસંગ, નિરપેક્ષ છે;– એ પરમાર્થકથન યથાર્થ છે, પણ તે એકાંત ક્યારે કહેવાય છે કે તેની યથાર્થ શ્રદ્ધા અને પુરુષાર્થ ન હોય ત્યારે. આ વાત શુષ્કજ્ઞાનીના લક્ષણમાં કહી છે. આ શાસ્ત્રમાં એકાંત વ્યવહારપક્ષ પણ કહ્યો નથી આત્માના લક્ષ વિના કષાય ઘટાડે એને વ્યવહાર કહ્યો નથી. તેમ જ આત્માનું લક્ષ કરવું અને કષાય ન ઘટાડવો એમ પણ કહ્યું નથી. પણ નિશ્ચયને અવલંબિત સજાતીય (ચેતનનો) સ્વાવલંબી વ્યવહાર કહ્યો છે, તે પરમાર્થહેતુ વ્યવહાર છે. હું પૂર્ણ શુદ્ધ એ નિશ્ચય, અને તે અકષાય શુદ્ધતામાં રાગ ટાળીને સ્થિર થવાનો પુરુષાર્થ તે વ્યવહાર છે. તે નિશ્ચય અને વ્યવહાર બન્ને આત્મામાં ઘટે છે પણ બાહ્ય નહિ. હું રાગરહિત વીતરાગી છું, રાગનો અંશ મારા સ્વભાવમાં નથી, હું શક્તિપણે સિદ્ધ ભગવાન છું, એ દૃષ્ટિ સહિત જ્ઞાનમાં પુરુષાર્થ હોય તેને દેવ, ગુરુ, ધર્મની ભક્તિ, સદ્‌ગુરુનો વિનય, બહુમાન કરવાનો શુભ વિકલ્પ છદ્મસ્થપણામાં આવે જ; તે સમજીને જાગૃતિ સહિત સાચી ભક્તિ કરે છે. પણ જેને શુદ્ધ સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા નથી. તે કદાચ ભક્તિ કરે તો પણ પાછળ તેને વિવેક હોય જ નહિ. રાગરૂપ ભક્તિથી જે ગુણ માનતો હોય છે, તે શુભ રાગને પુરુષાર્થ માને છે. સાચા વિવેકના ભાન વિના વીતરાગની ભક્તિ નથી, પણ રાગની ભક્તિ છે. પુણ્ય બાંધે પણ નિર્જરા ન થાય અને ભવ પણ ન ઘટે."*

❀



**ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્‌વ્યવહાર;**
**ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર. ૧૩૩**

વ્યવહારના નામે ગચ્છ મતના જે વાડા તથા વાડાનું અધિપતિપણું વગેરે જે ભેદ ઊભા થયા છે, તે ખરો વ્યવહાર જ નથી. ધર્મની ઊંચી ઊંચી વાતો કરીને લોકોને પોતાની માયાજાળમાં ફસાવતા કુસાધુ પણ અવાર નવાર આપણા સંપર્કમાં આવતા હોય છે. તેમ છતાં તેઓ પોતાનાથી ઊંચા છે એમ બોલીને હકીકતનો વિચાર કર્યા વિના અબુદ્ધ જીવો સત્ય પામી શકતા નથી. તેથી મતભેદ તથા અસદ્‌વ્યવહારને હેય જાણીને છોડવા જોઈએ, 'કુસાધુ આપણા કરતા ઊંચા છે' તથા 'અમે માંસાહારી લોકો કરતા તો ઊંચા છીએ' એમ કહીને અજ્ઞાની પોતાને જ્ઞાની માનતો હોય છે. મહાવીર ભગવાનને વસ્ત્ર સહિત તથા વસ્ત્ર રહિત; એમ બંને પ્રકારે કહીને અનેકાંત અને સ્યાદ્વાદની વાતો કરવાવાળા અજ્ઞાનીની, આ કાળમાં આ ભૂમિ પર કોઈ કમી નથી. અજ્ઞાની બાહ્યભેદને સદ્‌વ્યવહાર માને છે. તે બાહ્ય વેશ દેખીને સાધુની ઓળખાણ કરે છે. જે સાધુ દીક્ષા લીધા પછી પીંછી અને કમંડળ પણ પોતે નહિ ઉંચકીને પોતાના શિષ્ય પાસે ઉંચકાવે તેને સાધુ કેમ કહેવાય? સાધુ દશામાં પાપ પ્રવૃત્તિનો સર્વથા અભાવ હોય છે. કોઈ કુસાધુ પોતે તો ફોન રાખે છે અને વાપરે પણ છે એટલું જ નહિ, કોઈ કુસાધુ તો પોતે ફોનને હાથ લગાવતા નથી પણ કોઈ તેમના કાન પાસે ફોન રાખે તો વાતો કરે અને કહે કે, જો કોઈનું હિત થતું હોય તો ફોન પર વાત કરવાની અમને છૂટ છે તેવી દોષરૂપ ક્રિયાને તેઓ શિષ્યને તો છેતરે

છે પણ સૌથી પહેલા પોતાની જાતને છેતરે છે. જેમના વ્યવહારની આદિમાં જ અનેક ભૂલો ત્યાં મધ્ય તથા અંતનું તો કહેવું જ શું ? હવે તો એવી દીક્ષા પણ લેવાય છે, જેમાં દીક્ષા લીધા પહેલા દીક્ષાર્થી ચમકતા વસ્ત્રો પહેરે છે, અતિપ્રિય ભોજન જમે છે અને ત્યાર બાદ દીક્ષા લે છે. આવી દીક્ષા લેવાતી હોય ત્યાં વૈરાગ્યનો અભાવ સ્પષ્ટ જણાય છે, તેથી તેને સદ્‌વ્યવહાર કેમ કહેવાય ? વળી તેઓ સ્પષ્ટીકરણ કરતા કહે છે કે, જેટલા તીર્થંકરોએ પણ મુનિદીક્ષા લીધી હતી ત્યારે, પહેરેલા ચમકતા કપડાંનો ત્યાગ કરેલો. તે વાત સાચી છે પણ ચમકતા કપડાં મહારાજાનો દૈનિક પહેરવેશ હતો, તેથી વૈરાગ્ય આવતાં તેનો પણ ત્યાગ કર્યો. આ કાળમાં અહીં દૈનિક પહેરવેશ સાદા પેંટ તથા શર્ટ છે, તેને છોડીને દીક્ષાર્થી ચમકતા મોંઘાદાટ શેરવાની વગેરે કપડાં પહેરે અને પછી તેનો ત્યાગ કરે એ યોગ્ય નથી. ઉલટું હાસ્યાસ્પદ પણ છે. ખરેખર જેને વૈરાગ્યભાવ પ્રગટયો હોય, તે વસ્ત્ર વગેરે સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી નિર્વસ્ત્ર દિગંબર દશા અંગીકાર કરી વ્યવહાર પાળે છે. તેઓ વ્યવહાર પાળે છે એમ નહિ, પણ સહેજે પળાય છે.

એવી જ રીતે નિશ્ચયની વાત કરવાથી નિશ્ચય પ્રાપ્ત થતો નથી. નિશ્ચયના જ્ઞાન વિના નિશ્ચયનો શ્રદ્ધાન સહિત અનુભવ પણ થતો નથી. નિશ્ચયને સમજવાથી તથા અનુભવવાથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે. નિશ્ચયને અનુભવવું એ જ નિશ્ચયનો સાર છે, સમય સાર છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*



*“લોકો અંતરંગ કષાય કોને કહેવાય તે સમજે નહિ અને પુણ્ય-પરિણમનને ધર્મ માને, એ રોગ વળગે છે ને માને છે કે હું નિરોગ થાઉં છું. આ ખબર વિના બહારથી કંઈ કરીએ તો સંવર-નિર્જરા થશે, ધર્મ થશે, એમ લોકો બોલે છે, પણ ચેતનની શી જાત છે અને વીતરાગી ધર્મનો વ્યવહાર કેવો હોઈ શકે, તે જરા ધીરજ રાખી મધ્યસ્થપણે વિચારે, તત્ત્વનો અભ્યાસ કરે તો સમજાય. આત્માનો ધર્મ ત્રણે કાળે એક જ હોય. તેનો વ્યવહાર પણ નિર્ગ્રંથ વીતરાગદશા જણાવનાર હોય. અહીં તો પંચમકાળ વર્તે છે. તેથી ગચ્છમત વધી પડયા છે, પણ વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્‌ શ્રી સીમંધર ભગવાન સમવસરણમાં (ધર્મસભામાં) ધર્મદેશના આપી રહ્યા છે. એ દિવ્યધ્વનિથી સનાતન જૈનધર્મ એક જ પ્રકારે પ્રવર્તે છે. ત્યાં મતભેદના પક્ષપાત નથી. ગૃહસ્થના પણ સરખા આચાર અને મુનિધર્મ નગ્ન-દિગંબર તદ્દન નિષ્પરિગ્રહી છે, વસ્ત્રનો તાણો હોય નહિ. શાંત વીતરાગ મુદ્રા સહિત નગ્ન, આત્મધ્યાનમાં મગ્ન સંતમુનિવરોના ટોળાં છે. ત્યાં એક જ ધર્મ છે. આ વાત માનો કે ન માનો, પણ સાક્ષાત્‌ પ્રમાણથી આવેલી વાત છે. સર્વજ્ઞના ઘરની વાત છે, તેમાં કોઈની સાક્ષીની જરૂર નથી. મહાન ઐશ્વર્યવંત હજારો કેવળજ્ઞાની ભગવાનો પણ ત્યાં છે. હજારો સંતોના ટોળાં છે. ધર્મકાળ ત્યાં વર્તે છે. ત્યાં ત્રણે કાળે ધર્મકાળ હોય છે. અહીંની જેમ ગચ્છમતના વિરોધ ત્યાં નથી, સદાય સત્પ્રરૂપણા–તીર્થંકર ભગવાનની વાણીના અમૃતધોધ ત્યાં વહે છે. ત્યાં અત્રે કહીએ છીએ તે જ સત્‌બોધપ્રરૂપણા વર્તે છે. અનંત જ્ઞાનીએ આત્માને જે પ્રકારે ઓળખાવ્યો છે તેમ સાધ્ય-સાધનપણે, વિરોધ ટાળીને શુદ્ધ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને*

*તેમાં ટકી રહેવાનો પુરુષાર્થ કરવો તે જ મોક્ષમાર્ગ છે. ત્યાં નિમિત્તરૂપે ૨૮ મૂળગુણ, નગ્ન-દિગમ્બર મુનિદશા હોય છે, તેમાં અપવાદ નથી. આત્માનું યથાર્થ શુદ્ધ સ્વરૂપ છે તેમાં જ સાવધાન રહેવું, પુણ્ય-પાપ, રાગ-દ્વેષ રહિત શુદ્ધ સ્વરૂપની સંભાળ રાખવી તે ધર્મ છે. તેમાં અનંતો પુરુષાર્થ કરવાનો આવ્યો. તે કરવાનું લોકોને નથી ફાવતું અને બહારથી જે પોતાને આધીન નથી તેવું બીજું કરવા માગે છે, તે બંધન ઈચ્છે છે.''*

❀

**આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;**
**થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય. ૧૩૪**

અજ્ઞાનદશાથી જ્ઞાનદશા બે પ્રકારથી પ્રગટે છે. તેને આત્મજ્ઞાન તથા કેવળજ્ઞાન કહે છે. કાળ દૃષ્ટિએ જ્ઞાનીનું સ્વરૂપ એક જ હોય છે. કળિયુગના જ્ઞાનીના સ્વરૂપને, સતયુગના જ્ઞાની કરતાં થોડી છૂટછાટ આપવામાં આવે તેમ હોતું નથી. ચોથા ગુણસ્થાનથી બારમાં ગુણસ્થાનવર્તી આત્મજ્ઞાની મોક્ષમાર્ગી છે તથા ૧૩-૧૪ ગુણ-સ્થાનવર્તી કેવળજ્ઞાની મોક્ષમાર્ગી છે. તેમના માર્ગમાં કાળક્રમે પણ કોઈ પરિવર્તન થતું નથી. દ્રવ્યને ગુણ-પર્યાય હોય છે પરંતુ ધર્મની કોઈ પર્યાય હોતી નથી અર્થાત્ ધર્મ બદલાતા નથી; તેને આ પ્રકરણમાં પણ ઘટિત કરી શકાય. નિત્ય-અનિત્ય, એક-અનેક વગેરે ધર્મોને પર્યાય હોતી નથી; તેવી રીતે આત્માના મોક્ષમાર્ગરૂપી ધર્મમાં કાળ બદલાઈ જવાથી કોઈ પરિવર્તન થતું નથી.

ત્રણેય કાળમાં જ્ઞાનીની સિદ્ધિ થતી હોવાથી આત્માની પણ સહેજે સિદ્ધિ થાય છે. છઠ્ઠા પદની સિદ્ધિમાં પહેલા પદની સિદ્ધિ સમાયેલી છે. આજ સુધી કોઈ પણ જીવને વિકલ્પાત્મક દશાથી આત્મજ્ઞાન થયું નથી, વર્તમાનમાં થતું નથી તથા ભવિષ્યમાં પણ થશે નહિ. અજ્ઞાનતાના કારણો અનેક હોય છે પણ જ્ઞાન દશા પામવાનો એક જ ઉપાય છે. જે જીવ જ્ઞાનને નમસ્કાર કરે છે તે જીવ ત્રિકાળ અનંતાનંત જ્ઞાનીને નમસ્કાર કરે છે તથા જે જીવ જ્ઞાનની નિંદા કરે છે તે ત્રણેય કાળના અનંતાનંત જ્ઞાનીની નિંદા કરે છે; એમ સમજવું જોઈએ.



મહાવીર ભગવાન જૈનધર્મના સંસ્થાપક નથી કારણ કે મહાવીર ભગવાન પહેલા થયેલા તે કાળના ત્રેવીસ તીર્થંકરો તથા અનંતાનંત કેવળજ્ઞાનીઓ વીતરાગ ધર્મને અપનાવીને મોક્ષે પધાર્યા છે. એટલું જ નહિ, ઋષભદેવાદિ ૨૪ તીર્થંકરો પહેલાં પણ અનંતાનંત તીર્થંકર તથા સામાન્ય કેવળી થયા છે અને ભવિષ્યમાં પણ થશે. તેથી વીતરાગી જૈનધર્મમાં કાળ ક્રમે કોઈ પણ પ્રકારે માર્ગભેદ પડતો નથી. પહેલાં તીર્થંકર આદિનાથ ભગવાનનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ વર્ષ હતું. એક પૂર્વ એટલે ૭૦,૫૬,૦૦૦ કરોડ વર્ષ. પરંતુ ભગવાન મહાવીરનું આયુષ્ય ફકત ૭૨ વર્ષ હતું. આમ, પહેલા તીર્થંકરથી લઈને અંતિમ તીર્થંકર વચ્ચે આયુષ્યની જેમ શરીરની લંબાઈ, રંગ વગેરે અવસ્થામાં પણ અંતર હતું. પરંતુ સમસ્ત તીર્થંકર ભગવાનની વીતરાગતા, સર્વજ્ઞતા તથા તેમના હિતોપદેશમાં કોઈ ભેદ ન હતો. જો કાળ વીતવાથી મોક્ષમાર્ગની સાધનામાં થોડી પણ છૂટછાટ રાખવામાં આવે તો, કળિયુગમાં પણ મોક્ષ માનવો પડશે. **કાળ**

**બદલાય છે પરંતુ આત્મા નહિ અને આત્માનો ધર્મ કે મોક્ષનો માર્ગ બદલાતો જ નથી.**

મોક્ષમાર્ગ સ્વરૂપ કોઈપણ ક્ષેત્ર કે કાળમાં એક હોવાથી, જીવ પુરુષાર્થના સમયે મરણ પામીને દેહ ત્યાગે તો પણ આગામી ભવમાં પુરુષાર્થ અવિચ્છિન ધારારૂપે ચાલુ રહે છે. જો આ ભવમાં મોક્ષમાર્ગ જુદો અને આવતા ભવમાં મોક્ષમાર્ગ તથા આત્મિક પુરુષાર્થની વિધિ જુદી માનવામાં આવે તો જીવોનો આ ભવમાં કરેલો પુરુષાર્થ વ્યર્થ જશે. તેથી એમ સમજવું જોઈએ કે જ્ઞાનીનો સમજાવેલો મોક્ષમાર્ગરૂપ ધર્મ ત્રિકાળ એક છે.

❀

**સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;**
**સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫**

પર્યાય અપેક્ષાએ, સમસ્ત સિદ્ધ પરમાત્મા એક સમાન હોય છે. જ્યારે દ્રવ્યદૃષ્ટિએ આ જગતના સમસ્ત જીવોનું સ્વરૂપ સિદ્ધ ભગવાન સમાન છે. જૈનદર્શનની એવી વિશેષતા છે કે તેમાં ભગવાનને ભગવાન કહ્યા જ છે તે સાથેસાથે ભગવાનના ભક્તને પણ ભગવાન કહ્યા છે. અરે! ભગવાનના ભક્તને જ નહિ, પણ આ જગતનો દરેક જીવ સિદ્ધ છે એટલે કે દરેક આત્મા પરમાત્મા છે. સિદ્ધ પરમાત્મા અને સંસારી આત્માનો દ્રવ્ય સ્વભાવ એક સમાન હોવાથી, અહીં સર્વ જીવોને સિદ્ધ ભગવાન સમાન કહ્યા છે. આપણે ભગવાનના ગુણોની પૂજા કરીએ છીએ કે પર્યાયની? તેના જવાબમાં અનેક



લોકો કહે છે કે આપણે ભગવાનના ગુણોની પૂજા કરીએ છીએ. પરંતુ વાસ્તવિકતા એમ નથી. જેને આપણે ભગવાનના ગુણો માનીએ છીએ તે ખરેખર ગુણ નથી પરંતુ પર્યાય છે. ભગવાનમાં પ્રગટેલી વીતરાગતા તથા કેવળજ્ઞાન આત્માના ગુણો નથી પરંતુ આત્માની પૂર્ણ શુદ્ધ પર્યાયો છે. ત્રણેય લોકના સર્વ જીવોના ગુણો એક સમાન છે. જો આપણે ભગવાનના ગુણોને પૂજતા હોઈએ તો કીડી મકોડા તથા એકેન્દ્રિય જીવોને પણ પૂજવા જોઈએ. તેથી એમ સમજવું કે પૂજન-અર્ચન કરતી વખતે પર્યાયના ભેદને લક્ષ્યમાં રાખવામાં આવે છે જ્યારે આત્માનુભવમાં પોતાના ગુણોના ભેદોના વિકલ્પ પણ ટળી જાય છે. સર્વ જીવોને સિદ્ધ સમાન કહ્યા એમ જાણીને અજ્ઞાની સ્વછંદી જીવ સિદ્ધ પરમાત્માની ભક્તિ કરતો નથી અને એકેન્દ્રિયાદિ જીવોને પોતાનાથી તુચ્છ માનવાનું પણ છોડતો નથી. જે જીવ સર્વજીવોને દ્રવ્યદૃષ્ટિએ સિદ્ધ સમાન માને છે, તે પોતે પર્યાયથી પણ સિદ્ધ થાય છે. સદ્‌ગુરુની આજ્ઞા તથા જિનેન્દ્ર ભગવાનનું સ્વરૂપ; સિદ્ધ ગતિની પ્રાપ્તિના મુખ્ય કારણો છે. સમયસારમાં અમૃતચંદ્રાચાર્યદેવે, અજ્ઞાની જીવને માત્ર છ મહિના માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવા માટે કહ્યું છે. જો આચાર્ય-દેવની વાણી પર દૃઢ શ્રદ્ધા રાખીને તે આજ્ઞાનુરૂપ વર્તન કરવામાં આવે તો નિયમા મુક્તિની પ્રાપ્તિ થાય. પ્રવચનસાર ગ્રંથની ૮૦મી ગાથામાં પણ અરિહંત ભગવાનના સ્વરૂપને દ્રવ્ય, ગુણ, પર્યાયથી જાણવાથી મોહનો ક્ષય થાય છે તેમ કહી જિનેન્દ્ર ભગવાનની મહિમા સમજાવી છે. આ ગાથાનો ક્રમાંક ૮૦ પણ સાર્થક છે. **૮ નો અંક ૮ કર્મને તથા ૦ નો અંક કર્મ રહિત મોક્ષ દશાનો સૂચક છે** અર્થાત્

આઠેય કર્મોથી રહિત પરિપૂર્ણ શુદ્ધ મોક્ષદશા, જેની સમજણથી પ્રગટ થાય છે, એવી પ્રવચનસારની ગાથા ૮૦, એ પ્રવચનસારનો સાર છે, જિનાગમનો સાર છે.

આમ, અહીં ગુરુ આજ્ઞા કહીને ગુરુનું તથા જિનદશા કહીને દેવનું મહત્વ સમજાવ્યું છે. કારણ કે અરિહંત દશા વિના સિદ્ધ દશા પ્રગટ થતી નથી. તથા સદ્‌ગુરુ થયા વિના અર્થાત્ આત્મજ્ઞાન વિના અરિહંત થઈ શકાતું નથી. મુનિનો મોક્ષ થતો નથી, પણ અરિહંત ભગવાનનો મોક્ષ થાય છે. પરંતુ મુનિ દશા વિના કેવળજ્ઞાન કે અરિહંત દશા પ્રગટી શકે નહિ. આત્મજ્ઞાન વિના મુનિપણું હોતુ નથી. તેથી આત્મજ્ઞાન વિના સિદ્ધ પદ મળતું નથી.

❁

**ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;**
**પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬**

ઉપાદાન કારણને જ આત્માનું ઉપકારી માનીને, જે જીવ નિમિત્તો પ્રત્યે નફરત કરે છે, તે જીવના અજ્ઞાનનો નાશ થતો નથી. કારણ કે જિનાગમમાં વર્ણિત અનેકાંત સ્વરૂપને ન માનીને, અજ્ઞાની એકાંતથી ઉપાદાનને જ કાર્યનો કર્તા માને છે. જેવી રીતે નિમિત્તાધીન દૃષ્ટિવાળો ઉપાદાનને સ્વીકારતો નહિ હોવાથી આત્માને પામતો નથી, તેવી રીતે કોઈ અજ્ઞાની ઉપાદાન કારણનો જ સ્વીકાર કરીને નિમિત્તના અસ્તિત્વનો પણ સ્વીકાર કરતો નથી. નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટી નિમિત્તને અકાર્યકારી કહીને છોડી દે છે; તેના ફળમાં પરમાર્થ પામતો નથી. તે અજ્ઞાની સદ્‌ગુરુનો ઉપદેશ સાંભળતો નથી, દેવદર્શન વગેરે



શુભક્રિયા પણ કરતો નથી. આજે ઘણા લોકો એવા પણ હોય છે કે જે ગુરુની શોધ કરવાને ખોટો પુરુષાર્થ કહે છે. તે વચનમાં એમ બોલે છે કે ઉપાદાનની યોગ્યતા પાકશે ત્યારે સદ્‌ગુરુ મળી જશે. નિમિત્તની શોધ ન કરાય. જો કે વસ્તુ વાસ્તવિકતા તો એમ જ છે કે, ઉપાદાનની યોગ્યતાનુસાર નિમિત્ત મળી જ જાય છે. આ જગતમાં અનેક યુવાનો પત્નીની શોધમાં વ્યસ્ત હોય છે પરંતુ સાળાની શોધ કોઈ કરતું નથી, કારણ કે દરેક વ્યક્તિ જાણે છે કે જો પત્ની મળશે તો સાળો પણ મફતમાં સાથે જ મળશે. તેવી રીતે ઉપાદાનમાં જ પુરુષાર્થ કરવો જોઈએ, નિમિત્તની શોધમાં જવાની જરૂર નથી, પરંતુ નિમિત્તનો નિષેધ કરવો એ પણ આગમ વિરૂદ્ધ છે. કારણ કે નિમિત્તની અસ્તિનો નિમિત્તરૂપે સ્વીકાર કરવો એ અનેકાંત દૃષ્ટિ છે. નિમિત્ત-ઉપાદાનનો વિષય લોકોને અટપટો લાગે છે કારણ કે અનાદિ કાળથી નિમિત્તોને જ કર્તા માનવાનો અભ્યાસ કર્યો છે. જ્યારે એમ પૂછવામાં આવે કે કુંભાર નિમિત્ત છે કે ઉપાદાન? તો તે તરફ જવાબ આપશે કે કુંભાર નિમિત્ત છે. તેને ખાસ કહ્યું છે કે નિમિત્ત ઉપાદાનનો નિર્ણય કર્યા પહેલા કાર્યનું સ્વરૂપ સ્પષ્ટ જાણ્યા પછી જ કારણોનો નિર્ણય થઈ શકશે; કારણ કે કુંભાર નિમિત્ત નથી. જ્યારે માટલું બને છે ત્યારે કુંભાર નિમિત્ત છે તથા માટી ઉપાદાન છે. પરંતુ જ્યારે માટલું બનાવતા કુંભારનો હાથ ઘસાય છે ત્યારે હાથ ઉપાદાન છે અને માટી નિમિત્ત છે. આ જગતમાં જે નિમિત્તો કહેવાય છે તે પોતાની પર્યાયના કર્તા હોવાથી સ્વયં ઉપાદાનરૂપે છે. અજ્ઞાનીને સદ્‌નિમિત્તોના યોગમાં રહેવાનો ઉપદેશ આપવામાં આવે છે. સદ્‌ગુરુનો યોગ આ કાળમાં સર્વોત્તમ છે. કારણ કે આ કાળમાં,

આ ભૂમિ પર આત્મજ્ઞાન માટે સદ્ગુરુ સમાન ઉત્કૃષ્ટ બીજુ કોઈ નિમિત્ત નથી. ગૌતમસ્વામીને જ્ઞાન પ્રાપ્ત થવામાં મહાવીર સ્વામી નિમિત્ત હતા તથા મહાવીર સ્વામીની દિવ્યધ્વનિ ખરી તેના માટે ગૌતમસ્વામી નિમિત્ત હતા. આમ, નિમિતનો યોગ દેવ-ગુરુને પણ હોય છે પરંતુ તેઓ નિમિત્તને કર્તા માનતા નથી. નિમિત્તનો નિમિત્તરૂપે સ્વીકાર કરવાથી સંપૂર્ણ વિશ્વ વ્યવસ્થાનો સ્વીકાર થાય છે. આમ, નિમિત્તનું સત્ય અનેકાંત સ્વરૂપ કેવું માનવું; તેની કળા જ્ઞાની દ્વારા શીખી લેવી જોઈએ.

❁

**મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ;**
**તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭**

પ્રવચન આપવામાં પ્રવીણ તથા પ્રખર પંડિત કે જેમને શાસ્ત્રજ્ઞાન તો છે, પણ આત્મજ્ઞાન નથી એવા શાસ્ત્રથી જ્ઞાન લઈને પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિથી વંચિત રહી ગયેલા જીવો જ્ઞાન સાથે દ્રોહ કરે છે. જ્ઞાનનો દ્રોહ કરવો એ જ જ્ઞાનીનો દ્રોહ છે.

ભગવાનના મુખ્ય ત્રણ લક્ષણો હોય છે. જે વીતરાગી, સર્વજ્ઞ તથા હિતોપદેશી હોય; તે સાચા દેવ કહેવાય છે. સદ્ગુણો પ્રગટ થવાનો ક્રમ પણ આ પ્રમાણે જ હોય છે. સર્વપ્રથમ વીતરાગી દશા પ્રગટ થાય. પૂર્ણ વીતરાગી દશા પ્રગટ થયા વિના કેવળજ્ઞાન પ્રગટતું નથી. અર્થાત્ જે વીતરાગી હોય તે જ સર્વજ્ઞ હોય. સર્વજ્ઞ ભગવાન જ સાચા હિતોપદેશી છે, કારણ કે પૂર્ણજ્ઞાન પ્રગટ થયા વિના અજ્ઞાની જીવોને તેમના હિત અર્થે ઉપદેશ આપી શકાતો નથી. તેથી સર્વજ્ઞ



હોય તે જ હિતોપદેશી હોય છે. આમ, વીતરાગી અને સર્વજ્ઞ થયા પછી અજ્ઞાની જીવોને આપયેલો ઉપદેશ શ્રેષ્ઠ છે. **આ વર્તમાન કાળમાં, મોહી જીવોને વીતરાગી અને સર્વજ્ઞ થવું નથી, પણ દરેકને હિતોપદેશી થવું છે, થવું ગમે છે. જ્યાં દેખો ત્યાં સર્વત્ર ધર્મનો ઉપદેશ આપવાવાળા મળશે. આ કાળમાં પ્રવચન કરવાવાળા જીવોની કોઈ ઓછપ નથી. જો ઓછપ હોય તો, સત્ય સ્વરૂપને સમજવાવાળા તત્ત્વના ઈચ્છુક જીવોની છે. કહેવાવાળા વધુ મળશે પણ સાંભળવાવાળા ઓછાં મળશે અને જે સાંભળવાવાળા હોય છે, તે પણ બીજાને કહેવા માટે જ સાંભળવા આવતા હોય; એવી આજની પરિસ્થિતિ છે. પ્રવચન જ નહિ, પુસ્તકો લખવાવાળા પણ વધી ગયા અને વાંચવાવાળા ઘટી ગયા. એ જ આ કાવ્યનો ભાવ છે.**

વીતરાગતા અને સર્વજ્ઞતા એ આત્માના ચારિત્ર અને જ્ઞાન ગુણની શુદ્ધ પર્યાય છે. પરંતુ હિતોપદેશીપણું એ આત્માનો સ્વભાવ નથી; તેથી મોક્ષગત સિદ્ધ ભગવાન વીતરાગી અને સર્વજ્ઞ તો છે, પણ હિતોપદેશી નથી. કારણ કે હિતોપદેશીપણું એ આત્માની કમજોરી છે, તેથી તે અરિહંત અવસ્થા સુધી જ સીમિત છે.

જે જીવ જ્ઞાનની મોટી મોટી વાતો કરે છે પરંતુ જેનું જ્ઞાન, સ્વભાવમાં સ્થિર થયું નથી તે જીવને પામર કહ્યો છે. શાસ્ત્રના ભંડારો વાંચીને, તેને યાદ પણ કરીને, તે શાસ્ત્રો પર પ્રવચન પણ આપીને, અનેક પ્રકારના દૃષ્ટાંતથી સરળ કરીને, લોકોને સમજાવનાર શુષ્કજ્ઞાની; જગતને જે શીખામણ આપે છે તેને તે પોતે અપનાવતો નથી.

આમ તો લોકમાં પણ કપડાંની દુકાનનો માલિક, તેની દુકાનમાં વેચવા માટે રાખેલા કપડાં, પોતે પહેરી ફરી પાછા દુકાનમાં વેચવા મૂકી દે, તો કોઈ કપડાંને ખરીદશે નહિ. કારણ કે વપરાયેલી વસ્તુ ફરી વાપરવા કોઈ ઈચ્છતુ નથી. પણ **અલૌકિક માર્ગમાં એમ કહેવામાં આવે છે કે, જે જ્ઞાનને જ્ઞાનીએ પોતાના જીવનમાં અપનાવીને ઉપયોગ કર્યો હોય તે જ જ્ઞાની છે તથા તેમના દ્વારા મેળવેલું જ્ઞાન જ આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવી શકે છે.**

**અજ્ઞાની મુખેથી બોલીને જ્ઞાનને વેચે છે જ્યારે જ્ઞાની અનુભવપૂર્વક તત્ત્વનો ઉપદેશ આપે છે, જ્ઞાનને વહેંચે છે. અજ્ઞાનીને કોઈને કોઈ પ્રકારની સ્વાર્થ ભાવના હોય જ છે, કોઈ વસ્તુની કામના ન હોય તો પણ કર્તૃત્વભાવ હોવાથી તીવ્ર માન મળવાની અપેક્ષા રાખે છે જ્યારે જ્ઞાની તો નિર્પેક્ષ ભાવથી જ્ઞાનની વહેંચણી કરે છે. આમ, અજ્ઞાની શબ્દમાં અટકીને જ્ઞાનીનો દ્રોહ કરે છે.**

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''મુખથી નિશ્ચયના વાક્યો કહે કે – આત્મા અવસ્થાએ પણ અસંગ મુક્ત, શુદ્ધ જ છે, અને અંતરથી પોતાને મોહ છૂટ્યો નથી, પરપદાર્થમાં સુખબુદ્ધિ રહે છે, શુભાશુભ ભાવ; વિષય-કષાય, રાગાદિને પોતાના માને છે તેને અંતરમાં ભ્રમણા ટળી નથી, તે પામર પ્રાણી માત્ર જ્ઞાનીનો દ્રોહ કરે છે. પુરુષાર્થહીન થઈને સાચા માર્ગથી પ્રતિકૂળ રહીને પોતાને જ્ઞાની કહેવરાવવાની કામનાએ સાચા જ્ઞાની પુરુષોનો દ્રોહ કરે છે. એટલે કે નિશ્ચયથી પોતાનો જ મહા*



*અપરાધ કરે છે. પોતામાં કેટલું સામર્થ્ય છે તેનું ભાન નહિ હોવાથી જ્ઞાનીનો દ્રોહ કરે છે-જ્ઞાનીનો દ્રોહ એટલે પોતાના જ આત્માનો અનંતો દ્રોહ તે કરે છે.*

*જેને આત્મજ્ઞાનદશા વર્તે છે તેને કોઈનો દ્રોહ આવતો નથી. કેવળ મોક્ષાભિલાષા વર્તે છે. શુદ્ધાત્મા સિવાય બીજું કાંઈ તેને જોઈતું નથી. ઈન્દ્ર, ચક્રી આદિ પુણ્યપદ તેને નથી જોઈતાં, આ જ ક્ષણે મુક્ત થઈ જાઉં એવી ભાવના ભાવે છે; અને ગુરુનો વિનય, સત્પુરુષની ભક્તિ તથા જિનઆજ્ઞામાં પુરુષાર્થસહિત વર્તે છે. પણ જેને સાચા નિમિત્તમાં હોશ નથી તે એમ કહે છે કે અમે અમારા ઉપાદાનથી બધું કરી લઈશું. અંતરમાં સ્થિરતા થયા વિના (નિર્વિકલ્પ વીતરાગ થયા વિના) જે સાચા દેવ, ગુરુ, ધર્મની ભક્તિ, વિનય, સ્વાધ્યાય વગેરેનો અનાદર કરે છે તે પાપી પ્રાણી છે, સ્વયં અપરાધી છે, જિનશાસ્ત્રનનો વેરી છે.* ***શ્રીમદ્દે બધી રીતે જેમ છે તેમ વર્તમાન જીવોની મનોદશા જોઈને, સ્વચ્છંદ અને પ્રતિબંધ ટાળવાના અમોઘ ઉપાય, જે શાસ્ત્રમાં ગૂઢ ગંભીરપણે હતા, તેને સહેલી રીતે ગુજરાતી ગાથામાં મૂક્યા છે તેથી ઘણો ઉપકાર છે.''***

❀

**દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય;**
**હોય મુમુક્ષુ ઘટ વિશે, એહ સદા સુજાગ્ય. ૧૩૮**

પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના શિષ્યને મુમુક્ષુ થવાનો ઉપદેશ આપ્યો છે પરંતુ મુમુક્ષુના લક્ષણો જાણ્યા વિના મુમુક્ષુ થઈ શકાતું

નથી તેથી અહીં મોક્ષના ઈચ્છુક મુમુક્ષુની પાત્રતા મેળવવા માટે લક્ષણો બતાવ્યા છે.

સર્વપ્રથમ દયા લક્ષણ બતાવ્યું છે. જે જીવને પરદયાનો ભાવ ઉપજતો નથી, તે જીવને સ્વદયાનો ભાવ પણ ઉપજતો નથી. દયાનો અર્થ એમ નથી કે જીવોને પોતાનાથી નીચા જાણવા. જીવના ઉત્કૃષ્ટ લક્ષણોને લક્ષ્યમાં લઈને દયા પાળવી જોઈએ. અભ્યાસુ જીવમાં દુઃખી પશુને દેખીને દયાનો ભાવ આવવો સ્વાભાવિક છે પરંતુ કોઈ કરોડપતિ અજ્ઞાનીને દેખીને પણ જો દયા ન આવે અને તેનો અહોભાવ આવે તો તે પણ યોગ્ય નથી. **દરેક અજ્ઞાની દયાને પાત્ર છે. કારણ કે પોતાના જ્ઞાન સ્વભાવનો ધણી હોવા છતાં અજ્ઞાનતાથી અંધ થઈ રહ્યો છે. તે પોતાના અનંત ગુણરૂપી વૈભવને ભૂલીને પરપદાર્થોને વૈભવ માને છે.**

ગમે તેવા સંયોગોમાં શોકગ્રસ્ત ન થઈ હંમેશાં હસવાવાળા વ્યક્તિને શાંતિ પ્રગટ થઈ નથી. કારણ કે શાંતિનો સંબંધ હસવા કે રડવા સાથે નથી. કાવ્યના નવ રસમાં એક શાંત રસ પણ છે. આત્મા શાંત સ્વભાવી છે. માત્ર પર્યાયમાં ઉત્પન્ન થતા વિકલ્પ તથા રાગ-દ્વેષ આત્માની અશાંતિ છે. પોતાને શાંત સ્વભાવી માનીને અશાંતિથી મુક્ત થઈ શકાય છે. સર્વત્ર શાંતિનું મહત્વ છે. પ્રવચનના સમયે શાંતિ ન હોય, તો પ્રવચન સાંભળવામાં મુશ્કેલી ઉભી થાય છે. મંદિરમાં થતી પૂજા તથા ભક્તિ પણ શાંતિ વિના થતી નથી. અનેક સ્થાનો પર 'શાંતિ જાળવો' એવા બોર્ડ લગાવેલા હોય છે. શાંતિ જાળવવા માટે ઘોષણાઓ પણ થતી હોય છે. કોઈ પણ કાર્યની



શરૂઆતમાં પણ એમ કહેવામાં આવે છે કે શાંતિથી કામ પતાવજો. બે દેશ વચ્ચે શાંતિ જળવાય રહે તેના માટે મંત્રણાઓ યોજવામાં આવે છે. શાંત વ્યક્તિ સૌને પ્રિય હોય છે. આમ, સર્વત્ર શાંતિની જ મહિમા છે. સર્વ જગતને શાંતિ જોઈએ છે પણ શાંતિનું કારણ વીતરાગતા છે. વીતરાગતાની પ્રાપ્તિ માટે અજ્ઞાની પુરુષાર્થ કરતો નથી, તે જ કારણ છે કે અજ્ઞાની હંમેશાં અશાંત હોય છે. વીતરાગતાની મહિમા બતાવતા કહ્યું પણ છે કે –

**આત્મજ્ઞાન હી જ્ઞાન હૈ, શેષ સભી અજ્ઞાન;**
**વિશ્વ શાંતિકા મૂલ હૈ, વીતરાગ વિજ્ઞાન.**

સુખ-દુઃખમાં સમભાવ હોવો એ સમતા છે. ખરેખર અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સુખી કે દુઃખી ન થવું તે સમતા છે. સમતાનું બીજું નામ સામાયિક છે. વીતરાગી થવું એ જ ખરૂં સામાયિક છે. મનની ચંચળ વૃત્તિના અભાવથી સમતા પ્રગટ થાય છે; તેથી મુમુક્ષુમાં આવેગનો અભાવ હોવો અનિવાર્ય છે. ધર્મના દશ લક્ષણોમાં ક્ષમા પ્રથમ ક્રમે છે. ક્રોધના અભાવથી ક્ષમા પ્રગટે છે તથા ક્રોધ સમાન આત્માનો અહિતકારી બીજો કોઈ શત્રુ નથી. **ક્ષમાની આપ-લે ભાષાની મુખ્યતાથી નહિ પરંતુ ભાવોની મુખ્યતાથી થવી જોઈએ. ખાસ તો અભિપ્રાય પલટાવો જોઈએ. ક્રોધનું વેરમાં રૂપાંતર ન થાય તેના પહેલાં ક્ષમા માંગવી મુમુક્ષુનું કર્તવ્ય છે.** ક્રોધ તો તાત્કાલિક પ્રગટ થાય છે પરંતુ વેર વર્ષો અને ભવ-ભવ સુધી પણ ચાલે છે. જેના દૃષ્ટાંત પ્રથમાનુયોગના ગ્રંથોના માધ્યમથી પણ જાણવા મળે છે.

સત્ય બોલવા કરતાં સત્ય માનવું વધુ મહત્વનું છે. કારણ કે આજના મુમુક્ષુઓને સત્ય બોલતા તો આવડે છે પણ તેઓ સત્ય માનવા તૈયાર નથી. હું આત્મા છું, શરીર નથી, આત્મા ખાતો-પીતો નથી, હું કોઈને બચાવી શકતો નથી; આવું સત્ય બોલનારા આ કાળમાં ઘણા મળતા હોય છે, પરંતુ આ સત્યને શ્રદ્ધામાં સ્વીકારવાવાળા મળવા અત્યંત દુર્લભ છે. જ્યારે પોતાના પર વિપત્તિ આવે છે, ત્યારે પહેલાં બોલાયેલું સત્ય કયાંક છુપાય જાય છે.

ત્યાગ તથા વૈરાગ્ય એક બીજાના પૂરક છે. ત્યાગ વિનાનો વૈરાગી કે વૈરાગ્ય વિનાનો ત્યાગી મુમુક્ષુ નથી. ગ્રહણપૂર્વક ત્યાગ હોય છે તેથી વૈરાગ્ય ગ્રહણ કરીને રાગાદિ ભાવોનો ત્યાગ થવો જોઈએ. વસ્તુનો ત્યાગ, એ નિશ્ચય ત્યાગ નથી પરંતુ વિકારીભાવોની ઉત્પતિનો અભાવ; એ જ ખરો ત્યાગ છે. આમ, મુમુક્ષુની પાત્રતાના લક્ષણો બતાવી મુમુક્ષુપણાનો જેને આભાસ થઈ રહ્યો છે તેવા જીવોને વાસ્તવિક મુમુક્ષુનો પરિચય કરાવ્યો છે.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*"જેને મોક્ષની અભિલાષા છે તે મુમુક્ષુ આત્મા સદાય સુજાગ્ય રહે છે, ભાન કરી જ્ઞાતા-દૃષ્ટામાં સદાય જાગૃત પુરુષાર્થ કરે છે, અને સત્‌ની પ્રાપ્તિ માટે સત્સમાગમ, મનન, ચિંતવન, કરવામાં સદાય જાગૃત રહે છે. જ્ઞાની, ધર્માત્મા કે જિજ્ઞાસુ ગમે તે હો, બધા મુમુક્ષુ કહી શકાય. તે બધામાં આ બધા ગુણો હોવા જોઈએ. જેનામાં આ ગુણો નથી તેનામાં મુમુક્ષુતા નથી. દયા, શાંતિ, અંદરની સમતા-ધીરજ કરુણા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય, પ્રથમ 'ચિત્તમાં' તે ગુણો કહ્યા હતા, અહીં 'ઘટમાં' કહ્યા છે. બાહ્યથી ત્યાગ-વૈરાગ્ય દેખાય એ તો અઘાતિકર્મની પ્રકૃતિનો ઉદય છે. અંદરમાં પુરુષાર્થ સહિત ત્યાગ-વૈરાગ્ય હોય તે ખરાં ત્યાગ-વૈરાગ્ય છે.*



*મુમુક્ષુ આત્માને પાપી પ્રત્યે દયા વર્તે છે, કારણ કે તે જીવો ભાવીમાં દુર્ગતિમાં નરક-નિગોદમાં જશે. તેથી તેનો વચલો કાળ કાઢી નાખો તો, વર્તમાનમાં જ તેને ભયંકર નારકીના દુઃખ ભોગવતા જોઈને જ્ઞાનીને તેની અનુકમ્પા આવે છે. અરે! તારા આત્માનું શું થશે? તારાં દુઃખ દેવનારને દયા આવશે. મુમુક્ષુને અંતરમાં દયા હોય, પાપી દેખાય તે પ્રત્યે દ્વેષ ન હોય. અંતરમાં અધીરજ થવી ન જોઈએ. 'સમતા' એટલે અંતરમાં લોભ ન થવો જોઈએ. અનુકૂળતાનો રાગ અને પ્રતિકૂળતાનો દ્વેષ જ્ઞાનીને અંતરમાં નથી. લક્ષ શાંતિ-સ્વભાવનું છે, તેની સંભાળ રાખે છે. કોઈ અગવડતા દેવા આવે, પોતે નિર્દોષ હોય જતાં કોઈ અપયશ આદિ અશુભ નામકર્મના ઉદયથી આ દેહનું અપમાન કરે તેને દુઃખ ન ગણે, તે સર્વ પ્રત્યે ક્ષમા છે, જ્ઞાનીને દોષદૃષ્ટિ જ નથી.* ***પોતાના દોષ ટાળવા નહિ અને પારકા દોષ જોવા એ મહા દોષ છે. સત્ય એટલે આત્મા, તેને પામવા માટે તેને વ્યવહારસત્ય પણ ન હોય, તથા સત્‌નું વલણ પણ ન હોય તે તદ્દન નિર્દોષ પરમ સત્યની પ્રતીત, લક્ષ અને અનુભવ કેમ કરી શકશે?"***

❀

**મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;**
**તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત. ૧૩૯**

મિથ્યાત્વ તથા રાગદ્વેષરૂપી વિકારીભાવ, આત્માના સંસાર પરિભ્રમણનું મૂળ કારણ છે. જે આત્મા રાગાદિ વિકારી ભાવનો ક્ષય અથવા ઉપશમપૂર્વક શુદ્ધદશાને પ્રાપ્ત થયો હોય તે જ ખરો જ્ઞાની છે. કારણ કે મોહભાવનો ક્ષય કે ઉપશમ થયા વિના જ્ઞાનદશા પ્રગટ થતી નથી. મોહનો અભાવ થયા વિના પોતાને જ્ઞાની માની લેવો તે આત્માનો ભ્રમ છે.

અનેક શાસ્ત્રોને ભણીને પણ તીવ્ર કષાયી જીવ કરતાં અનેક શાસ્ત્રોના અભ્યાસ વિનાનો મંદ કષાયી જીવ મોક્ષમાર્ગની વિશેષ પાત્રતા ધરાવે છે.

જો કે મોહનો ઉપશમ અથવા ક્ષય થવો તે કર્મની અવસ્થા છે તથા મોહના ક્ષય અથવા ઉપશમના નિમિત્તથી આત્મામાં પ્રગટ થતી શુદ્ધપર્યાય આત્માની નિર્મળતા છે. આ પંચમકાળમાં મોહનો ક્ષય તો નથી પરંતુ ઉપશમ થઈ શકે છે. મોહનો ઉપશમ થાય કે ક્ષય થાય પણ એટલું તો નિશ્ચિત છે કે નિર્મોહી જીવનો મોક્ષ થશે. મોહનો ઉપશમ તથા ક્ષય ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટીની દશાથી પ્રારંભ થાય છે. મિથ્યાદૃષ્ટીને નિયમથી મોહનો ઉદય હોય છે. અહીં ચારિત્ર મોહનીય કર્મની મુખ્યતાથી કથન કર્યું છે. તેથી મોહનો ઉપશમ તથા ક્ષય એવા બે ભેદ કહ્યા છે પરંતુ અહીં મોહના ક્ષયોપશમનું વર્ણન કર્યું નથી. કારણ કે ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટીને સમ્યક્ત્વમાં



કેવળજ્ઞાનગમ્ય ચલ, મલ તથા ગાઢ દોષ હોવાથી તેઓ શ્રેણી માંડવાની પાત્રતા ધરાવતા નથી. ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ વધુમાં વધુ સાતમાં ગુણસ્થાન સુધી જઈ શકે છે. મોહના ઉપશમ અથવા ક્ષયથી જ શ્રેણી માંડી શકાય છે, તેથી અહીં મોહના ક્ષય તથા ઉપશમની મહિમા બતાવી છે. દ્વિતીયોપશમ સમ્યક્ત્વી ઉપશમ શ્રેણી જ માંડી શકે છે, જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વી ઉપશમ અથવા ક્ષપક કોઈ પણ શ્રેણી માંડી શકે છે.

શ્રેણીની શરૂઆત આઠમાં ગુણસ્થાનથી થાય છે, તેથી આઠમાં ગુણસ્થાનથી મોક્ષમાર્ગની વાસ્તવિક શરૂઆત થાય છે તથા ચૌદમાં ગુણસ્થાનમાં મોક્ષમાર્ગ પૂર્ણ થાય છે. આમ, મોક્ષમાર્ગનું પ્રારંભિક ગુણસ્થાન આઠમું તથા અંતિમ ગુણસ્થાન ચૌદમું હોવાથી આઠમ અને ચૌદશ તિથિનું વિશેષ મહત્વ છે. આ તિથિના દિવસે લીલોતરીના ભક્ષણનો ત્યાગ કરવામાં આવે છે તથા સ્તુતિ, સ્તવન, ભક્તિ વગેરે માધ્યમોથી ઘરમાં ધાર્મિક વાતાવરણ જળવાઈ રહે છે.

જ્ઞાની નિર્મોહી છે. મોહ એ આત્મભ્રાંતિ છે. અજ્ઞાની ભ્રાંતિમાં ભ્રમિત થઈ એમ માને છે કે મને આત્મજ્ઞાન થઈ ગયું છે. કષાય-ભાવોની મંદતાના લીધે પોતાને જ્ઞાની માનવા એ તો મહામિથ્યાત્વ છે. સામાન્ય અજ્ઞાની પોતાના દોષનો સ્વીકાર કરી મોહનો ક્ષય કે ઉપશમ પણ કરશે પરંતુ અજ્ઞાન દશામાં જ પોતાને જ્ઞાની માની લેનાર જીવ પુરુષાર્થ પણ કરતો નથી અને બીજા જીવો તરફથી માન તથા આદરની અપેક્ષા કરે છે અને ભ્રાંતિમાં ફસાઈને મોક્ષમાર્ગથી વંચિત રહી જાય છે.

❁ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*''આ પદમાં પ્રથમ દર્શનમોહના ક્ષયની વાત બતાવી, એથી એના શ્રીમદ્‌નું એકાવતારીપણું, અપ્રતિહત જેવો બળવાન પુરુષાર્થ અને સ્વરૂપની જાગૃતિની ઝલક દેખાય છે. મોહભાવનો જ્યાં ક્ષય હોય અથવા મોહદશા બહુ ક્ષીણ હોય ત્યાં જ્ઞાનીદશા કહેવાય. બાકી તો જેણે પોતામાં જ્ઞાન માની લીધું છે તેને ભ્રાંતિ કહીએ. પ્રથમ મુમુક્ષુદશાનું વર્ણન કર્યું અને અહીં જ્ઞાનીની દશાનું વર્ણન કર્યું.''*

❁

**સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્નસમાન;**
**તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦**

અહીં વર્ણવેલા જગતના સત્ય સ્વરૂપથી વધુ સ્પષ્ટ સ્વરૂપ બીજું શું હોય શકે ? જગતના દરેક પદાર્થને આત્માએ ભોગવ્યો છે, એટલું જ નહિ પણ જે પરપદાર્થને આત્માએ ભોગવ્યા છે, તે પરપદાર્થ ભૂતકાળમાં અનંત આત્મા દ્વારા ભોગવાઈ ચૂક્યા છે. અનંત જ્ઞાનીઓએ તે પરપદાર્થોને તુચ્છ જાણીને છોડ્યા છે. જે પુદ્‌ગલ પરમાણુંમાં આત્મા આનંદ માને છે, તે પુદ્‌ગલ પરમાણુંને જ્ઞાની મહાપુરુષોએ યથાર્થરૂપે જાણ્યાં છે, એટલું જ નહિ પણ, એંઠવત્ જાણ્યા છે.

આ જગતમાં લૌકિક દૃષ્ટિએ પણ દરેક વ્યક્તિ, એવી વસ્તુ ખરીદવા અને વાપરવા માંગે છે, જે વસ્તુ કોઈના દ્વારા ભોગવાઈ



ગઈ ન હોય. એમ પણ બોલવામાં આવે છે કે 'મને Second hand વસ્તુ પસંદ નથી. મારે તો New fresh વસ્તુ જોઈએ છે.' જ્ઞાની કહે છે કે આ જગતનો પ્રત્યેક પરમાણું Second hand છે. અરે Second hand જ નહિ Multiple hand પણ છે. કારણ કે તે પરમાણું અનંત આત્મા દ્વારા ભોગવાય ગયો છે. આ જગતમાં એક 'શુદ્ધાત્મા' જ એવો મહિમાવાન પદાર્થ છે, જેને આજ સુધી અજ્ઞાનીએ અનુભવ્યો નથી કે ભોગવ્યો પણ નથી.

વ્યવહારમાં જમી લીધા બાદ જેને એંઠવાડ માનીએ છીએ, તેને ભોગવવાનો ભાવ તો શું, પણ સ્પર્શવાનો ભાવ પણ આવતો નથી. સ્પર્શવાની વાત તો બહુ દૂર, આપણે તેને દેખવા પણ માંગતા નથી અને જો ભૂલથી એંઠવાડ દેખાય પણ જાય, તો આપણી નજર તેના પરથી ફેરવી લઈએ છીએ.

લોકોત્તર માર્ગમાં જ્ઞાનીઓએ ક્ષણિક જગતને એંઠવાડ માન્યું છે; તેથી તેને ભોગવવાનો ભાવ તો શું, સ્પર્શવાનો ભાવ પણ આવતો નથી. સ્પર્શવાની વાત તો બહુ દૂર જ્ઞાની પુદ્‌ગલાદિ પરપદાર્થોને દેખવા પણ માંગતા નથી અને જો પુરુષાર્થની નબળાઈથી શુદ્ધોપયોગમાંથી બહાર આવીને, પર પદાર્થ તરફ દૃષ્ટિ જતાં, ફરી પોતાની દૃષ્ટિને સ્વભાવ સંમુખ કરે છે.

**જ્ઞાની તેને કહેવાય, જે ભૂતકાળમાં કરેલી ભૂલોને સ્વપ્ન સમાન જાણીને વર્તમાનમાં તે ભૂલોના કારણે નવીન સંકલ્પ તથા વિકલ્પ ન કરે. વીતી ગયેલા ભૂતકાળને પલટાવી શકાતો નથી પરંતુ ભૂતકાળને ભૂલી શકાય છે. વીતેલા ભૂતકાળમાં પુરુષાર્થ પણ**

**ઉપયોગી નથી, કારણ કે તે તો વીતી ગયો છે. તેથી જ્ઞાની વર્તમાન કાળમાં પુરુષાર્થ કરી ભવિષ્યમાં થનાર સંસાર પરિભ્રમણથી નિવૃત્ત થાય છે.**

જેવી રીતે કોઈ વ્યક્તિ સુતો હોય ત્યારે દેખેલા દુઃખદ સ્વપ્નમાંથી જાગૃત થયા બાદ દુઃખ અનુભવતો નથી, કારણ કે તે જાણે છે કે પૂર્વે ભોગવેલું દુઃખ માત્ર ક્ષણિક સ્વપ્ન હતું પરંતુ હકીકત નહિ. તેવી રીતે જ્ઞાની પણ અજ્ઞાનદશામાં ભોગવેલા દુઃખને સ્વપ્ન સમાન જાણે છે. પોતાના સુખસ્વભાવની અજ્ઞાનતાના લીધે પોતાને દુઃખરૂપ માન્યો હતો પરંતુ સ્વભાવમાં દુઃખ મળ્યું જ નથી; એમ ભૂતકાળના દુઃખને સ્વપ્ન સમાન જાણીને વર્તમાનમાં જ્ઞાનદશાના આનંદને અનુભવે છે.

આમ, જ્યાં સુધી સંસાર એંઠવત્ અથવા સ્વપ્નવત્ ન લાગે ત્યાંસુધી આત્મજ્ઞાન પ્રગટ થતું નથી. અજ્ઞાનીનું જ્ઞાન, માત્ર વચન સુધી સીમિત હોવાથી વાચાજ્ઞાન કહેવાય છે. સમ્યક્શ્રદ્ધાન વિનાનું ક્ષયોપશમજ્ઞાન ધાર વિનાની તલવાર સમાન છે. તેથી વાચાજ્ઞાન આત્માના દુઃખનો નાશ કરીને અતીન્દ્રિય આનંદનું કારણ બનતું નથી.

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*“ગુજરાતી ભાષામાં આત્મસિદ્ધિની અપૂર્વ રચના કરી છે. બધાના ઘરમાં આનો પ્રચાર થવો જોઈએ. જે કહેવાયું છે તે ઘણાં જીવોને ઉપકારનું નિમિત્ત થાય એવું સરલ છે. ભાદરવા સુદી ૭થી*



*આનું વ્યાખ્યાન શરૂ કર્યું છે, તેને આજે ૭૨ દિવસ થયા છે. આમાં નિષ્પક્ષપાતપણે બધું કહેવાયું છે. લોકો મધ્યસ્થ થઈને વિચારપૂર્વક વારંવાર આનું ઘોલન કરે તો તેને આત્મખ્યાતિ (આત્મસિદ્ધિ) થયા વિના ન રહે. ઉત્તમ ભોજનથી ભરેલો થાળ મળે અને ભૂખ્યો રહે તે જીવ દુર્ભાગી છે. ઘણા પ્રકારે કહેવાયું છે. કુળધર્મનો આગ્રહ વગેરે ઘણા વિરોધ ટાળીને અવિરોધ તત્ત્વને સમજવાની આ અપૂર્વ રચના બની છે. આમાં સહેલી ભાષામાં વિસ્તારથી ઘણું કહેવાયું છે. કોઈ ધર્મી પુણ્યવંત આત્માર્થી જીવોના ભાગ્ય માટે આ અપૂર્વ યોગ છે. પણ જો જાતે પુરુષાર્થ ન કરે અને પ્રમાદ કરે, સંસારનો પ્રેમ ન ટળે, અને તત્ત્વનો અપૂર્વપણે મહિમા-વિચાર, અભ્યાસ, મનન ન કરે તો તે જીવ દુર્ભાગી છે, એટલે કે સાચા સુખનો અર્થી નથી. આ આત્મસિદ્ધિની રચના મધ્યસ્થપણે રહીને મોક્ષમાર્ગને ઉદ્દેશીને તથા શુષ્કજ્ઞાની અને ક્રિયાકાંડી બેઉને સમજાવવા માટે કહી છે.*

*હવે કહે છે કે આત્માર્થી ધર્માત્માને કેવો વૈરાગ્ય હોય? તે સકળ જગતને એઠવત્ અથવા સ્વપ્નસમાન જાણી નિર્મમ રહે છે. અસંગપણે જાણે કે આત્મા અનાદિઅનંત છે, આઠ કર્મની પ્રકૃતિ તેના અનંતા રજકણ (પરમાણુંઓ) અનંતવાર દેહપણે, કાર્મણ શરીરરૂપે એક આકાશક્ષેત્રમાં આ આત્મા પાસે આવી ગયા. જીવે દેહ અને સુંદર દેખાતા દેવના ભવ વગેરેને ભલા જાણીને દેખ્યા છે. ભોગવ્યા છે, અને તેમાં સુખ-દુઃખની મિથ્યા કલ્પના કરીને તેને પોતાના માન્યા છે. તેમાં ચૈતન્યગુણ નથી, શુભાશુભભાવ અશુચિમય છે, ચૈતન્યની શાંતિના યોગ આગળ એ બધા પુણ્ય-પાપના સંયોગો,*

*દેહાદિ પરદ્રવ્ય, સર્વ પુદ્ગલ તે એઠવત્ છે, અશુચિમય છે; તેનો સંગ કરવાથી પરાધીનતા છે, ઉપાધિ છે, દુઃખ છે. પુણ્ય હો કે પાપ હો-બેઉ બંધન છે.*

*જ્ઞાની ધર્માત્મા આત્મજ્ઞાન વડે સંસારથી એટલે કે પુણ્ય-પાપથી વૈરાગ્ય પામીને સદ્બોધ-ચંદ્રોદયનું પાન કરે છે, અને સમસ્ત શુભ-અશુભ ભાવ ટાળીને તેનાથી મુક્ત થાય છે, નિરાકુળ શાંતિ-અનહદ આનંદને ભોગવે છે. જ્ઞાની પુણ્યને હેય સમજે છે, ત્યારે અજ્ઞાની તેને આદરણીય માને છે. માટે તે અશુચિમય વસ્તુ, પુદ્ગલનો વિકાર જાણીને, સંસારની મોહદશાને હે ભવ્ય જીવો ! છોડો, અનંતા જ્ઞાનીઓ પણ એ જ કહે છે. તેનો ઉપાય આત્માની સાચી સમજણ છે, કોઈ બીજો ઉપાય નથી.''*

❁

**સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠું વર્તે જહે;**
**પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧**

જે આત્મા, આત્મસિદ્ધિ શાસ્ત્રમાં વર્ણિત પ્રથમ પાંચ પદોને યથાર્થરૂપે જાણીને અંતિમ પદ પર પ્રવર્તે છે, તે આત્મા પાંચમાં ક્રમના પદને પામે છે. આશય એમ સમજવો કે જો કોઈ આત્મા અહીં બતાવેલા કુલ છ પદમાંથી પ્રથમ પાંચ પદને સમજે નહિ તો તે આત્મા છઠ્ઠા સ્થાનક એટલે મોક્ષના ઉપાયને પામતો નથી. મોક્ષમાર્ગની પ્રાપ્તિ પ્રથમ પાંચ પદની સમજણથી થાય છે. તથા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગના આધારે મોક્ષની પ્રાપ્તિ થાય છે અર્થાત્ છઠ્ઠા સ્થાનકના આધારે



આત્મા પાંચમા સ્થાનકને પામે છે. મોક્ષના ઉપાયને અનુસરીને આત્મા મોક્ષ પામે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય મોક્ષમાર્ગ છે, મોક્ષનું સાધન છે. રત્નત્રય એક એવું સાધન છે કે જે સાધ્યની પ્રાપ્તિ થયા બાદ પણ ટકીને રહે છે. જેવી રીતે ટ્રેઈન દ્વારા મુંબઈથી દિલ્હી જતાં જ્યારે દિલ્હી પહોંચીએ છીએ ત્યારે ટ્રેઈન છોડવી પડે છે અર્થાત્ સાધનને છોડ્યા વિના સાધ્ય મળતું નથી. પરંતુ દરેક સાધ્યના સાધન એક જેવા હોતા નથી. કયારેક સાધ્ય પ્રાપ્ત થયા બાદ પણ સાધન ટકીને રહે છે, એટલું જ નહિ પણ, સાધનની મહિમા સાધ્યની પ્રાપ્તિ થતા વધી જાય છે. જેવી રીતે કોઈ વૃક્ષ પર ફળરૂપી સાધ્ય આવે ત્યારે વૃક્ષનું થડ અને ડાળીઓ નામના સાધનો છૂટી જતા નથી. થડ અને ડાળીઓની ખરી મહિમા ફળની પ્રાપ્તિ બાદ થાય છે તેવી રીતે મોક્ષપ્રાપ્તિ થયા બાદ પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માથી છૂટતા નથી.

અત્યારે તો પ્રારંભિક પાંચ સ્થાનકોનો વિચાર કરવો એ સાધનદશા છે તથા છઠા સ્થાનકરૂપે વર્તવુ એ આત્માનું સાધ્ય છે.

મોક્ષના ઉપાયનું વર્ણન સૌથી છેલ્લા પદમાં કર્યું છે કારણ કે પહેલાં જ મોક્ષમાર્ગ બતાવી દેવામાં આવ્યો હોત તો, કોઈ જીવ પહેલા પાંચ પદનો વિચાર પણ ન કરત અને પાંચ પદનો વિચાર કર્યા વિના છઠ્ઠું પદ પણ ન પામત. મોક્ષનો ઉપાય મળી જતો હોય તો જીવ મોક્ષનું વર્ણન સાંભળવા પણ તૈયાર થશે નહિ. તેથી મોક્ષમાર્ગથી સંબંધિત પદ સૌથી અંતિમ સ્થાને રાખ્યું છે. જેવી રીતે

કોઈ વ્યક્તિને અમેરિકાની ટિકિટ અને વિસા મળતા હોય, તો તે અમેરિકાનું વિશેષ વર્ણન સાંભળવા રોકાશે નહિ. તે એમ કહેશે કે અમેરિકા જઈને અમેરિકા જાણવાનું જ હોય, તો અમેરિકાના જાણકાર પાસેથી અમેરિકાનું વર્ણન શા માટે સાંભળુ અને પોતાના સમયનો દુરૂપયોગ કરૂં ? અધ્યાત્મ માર્ગમાં પણ જો મોક્ષમાર્ગ મળતો હોય તો જીવ સદ્‌ગુરુના મુખે મોક્ષનું વર્ણન સાંભળવા રોકાશે નહિ. તે એમ કહેશે કે મોક્ષ પ્રાપ્ત થવાનો હોય તો સદગુરુના મુખેથી મોક્ષનું વર્ણન શા માટે સાંભળું ? લૌકિક જગતમાં પણ નાટકનો રહસ્યપૂર્ણ તથા ગુપ્ત ભાગ નાટકના અંતમાં બતાવવામાં આવે છે. જો નાટકની શરૂઆતમાં જ રહસ્ય ખોલી દેવામાં આવે, તો નાટકને અંત સુધી લોકો નાટકને દેખશે પણ નહિ. તેમ અહીં પણ મોક્ષમાર્ગને અંતિમ ક્રમે રાખીને સમજાવ્યો છે.

આમ, મોક્ષમાર્ગને પ્રાપ્ત થયેલો મોક્ષમાર્ગી નિશ્ચિતરૂપે અલ્પકાળમાં મુક્ત થશે એવું સદગુરુનું નિઃસંદેહ વચન છે. કારણ કે સમ્યગ્દ્રષ્ટી જીવ નિયમથી મુક્તિરૂપી લક્ષ્મીને વરે છે, એમ નિયમસારમાં પણ કહ્યું છે.

❁

**દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;**
**તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨**

કૃપાળુદેવે આત્મસિદ્ધિ શાસ્ત્રના પ્રારંભમાં સદગુરુદેવને નમસ્કાર કરી મંગલાચરણ કર્યા હતા. તેવી રીતે શાસ્ત્રના અંતમાં પણ સદ્‌ગુરુદેવને અત્યંત ભકિતભાવપૂર્વક નમસ્કાર કર્યા છે.



સદ્‌ગુરુને નમસ્કાર જ નહિ પણ તેમના લક્ષણોનું વર્ણન પણ કર્યું છે. કૃપાળુદેવ કહે છે કે શરીરના યોગ સહિત હોવા છતાં, જે આત્માની દશા શરીર રહિત વર્તતી હોય તે સદ્‌ગુરુને અપાર ભક્તિપૂર્વક અગણિત નમસ્કાર કરૂં છું. પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા કે સદ્‌ગુરુ તો ચાલતા-ફરતા સિદ્ધ ભગવાન છે. સિદ્ધ પરમાત્મા અશરીરી છે જ્યારે સદ્‌ગુરુને દેહનું એકત્વ નહિ હોવાથી દેહ હોવા છતાં અશરીરી કહેવામાં આવે છે. સમ્યગ્દ્રષ્ટી શ્રદ્ધાનથી તો અશરીરી હોય છે તે સાથે સાથે કાળક્રમે અશરીરી સિદ્ધદશા પણ પ્રગટ કરે છે. સદ્‌ગુરુ દેહ સહિત હોવા છતાં, તેમને દેહ તથા દેહના સંયોગોમાં પોતાપણું નહિ હોવાથી, તેમની અવસ્થા દેહાતીત કહેવાય છે. જ્ઞાની કહે છે કે દેહ દુઃખનું કારણ નથી પરંતુ દેહનું એકત્વ દુઃખનું મૂળ કારણ છે.

સમ્યગ્દ્રષ્ટીને દેહનું એકત્વ છૂટી ગયું છે તેથી સુખી છે પરંતુ પૂર્ણ સુખી નથી. અહીં એવો પ્રશ્ન થાય કે અવિરત સમ્યગ્દ્રષ્ટી સુખી હોય છે કે દુઃખી હોય છે ? જો અવિરત સમ્યગ્દ્રષ્ટી સુખી હોય તો ચોથા ગુણસ્થાનથી આગળના ગુણસ્થાનમાં ચઢવાનો અર્થાત્ આત્માની વિશેષ શુદ્ધિનો પુરુષાર્થ શા માટે કરે ? અથવા જો અવિરત સમ્યગ્દ્રષ્ટી દુઃખી હોય તો મિથ્યાત્વ ગુણસ્થાન અને ચોથા ગુણસ્થાન વચ્ચે અંતર પણ શું રહ્યું ? કારણ કે પહેલાં ગુણસ્થાનમાં પણ દુઃખી હતા અને ચોથા ગુણસ્થાને પણ દુઃખી રહ્યા. સત્ય એ છે કે સમ્યગ્દ્રષ્ટી કદાચિત્ દુઃખીનો અર્થ એમ ન સમજવો કે સમ્યગ્દ્રષ્ટી થોડા સુખી અને થોડા દુઃખી હોય છે. કદાચિત્‌નો અર્થ 'કોઈક અપેક્ષાએ.' અવિરત સમ્યગ્દ્રષ્ટિને શ્રદ્ધા ગુણની પર્યાય પરિપૂર્ણ શુદ્ધ હોવાથી

શ્રદ્ધા અપેક્ષા સુખી છે. પરંતુ અપ્રત્યાખ્યાનાવરણીય વગેરે ત્રણ કષાય ચોકડીના ઉદયના નિમિતથી ચારિત્ર ગુણની પર્યાયમાં મલિનતા હોવાથી ચારિત્ર સંબંધી અશુદ્ધતાની અપેક્ષાએ ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટી દુઃખી છે.

સિદ્ધ ભગવાન પરિપૂર્ણ શુદ્ધ પર્યાયરૂપે પરિણમિત થયા છે. જ્યારે અવિરત સમ્યગ્દષ્ટીનું પરિણમન અશુદ્ધતા સહિત શુદ્ધતારૂપે થઈ રહ્યું છે. 'અવિરત સમ્યગ્દષ્ટી' શબ્દ પરથી જ સમજી શકાય છે કે આ બે શબ્દમાંથી 'અવિરત' શબ્દ આત્માની અશુદ્ધિનો તથા 'સમ્યગ્દષ્ટી' શબ્દ આત્માની શુદ્ધિનો સૂચક છે. પૂજ્ય ગુરુદેવશ્રી કોઈ સાધુ કે મુનિ નહિ પરંતુ અવિરત સમ્યગ્દૃષ્ટિ હતા. કેટલાંય મુમુક્ષુનું કહેવું છે કે તમે ગુરુદેવને અવિરત સમ્યગ્દષ્ટી કેમ કહો છો ? માત્ર સમ્યગ્દષ્ટી કહો. કારણ કે 'અવિરત' શબ્દ તો દોષનો સૂચક છે. અજ્ઞાનીએ જ્ઞાનીના દોષ ન કાઢવા જોઈએ. જો કે સત્ય એમ પણ છે કે અજ્ઞાનીએ જ્ઞાનીના દોષ તરફ દૃષ્ટિ ન કરવી જોઈએ. જૈનદર્શન તો અહીં સુધી કહે છે કે માત્ર જ્ઞાનીના જ નહિ, પરંતુ અજ્ઞાનીના દોષો તરફ પણ દૃષ્ટિ ન કરવી જોઈએ. હા, એટલું તો અવશ્ય જાણવું જોઈએ કે કઈ દશામાં જીવની ભૂમિકા કેવી હોય છે. ચોથા ગુણસ્થાનવર્તી જીવને અવિરત સમ્યગ્દૃષ્ટિ કહેવાથી સમ્યગ્દષ્ટીનું અપમાન થતું નથી. પૂજ્ય ગુરુદેવશ્રી તો અવાર નવાર કહેતા કે કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય વગેરે આચાર્ય છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનમાં ઝુલતાં હતા. છઠ્ઠું ગુણસ્થાન એટલે પ્રમતવિરત તથા સાતમું ગુણસ્થાન એટલે અપ્રમતવિરત. પૂજ્ય ગુરુદેવે કુંદકુંદાચાર્યને



પ્રમત દશાવાળા કહ્યા એટલે શું કુંદકુંદાચાર્યનું અપમાન થઈ ગયું ? અરે ભાઈ ! પ્રમતવિરત ગુણસ્થાનવર્તી આચાર્ય કહેવાથી આચાર્યનું અપમાન નહિ પરંતુ છઠા ગુણસ્થાનવર્તી સાધુનું વાસ્તવિક સ્વરૂપ સ્પષ્ટ થયું.

તીર્થંકરપણું કર્મોદયજન્ય અવસ્થા છે માટે આત્માની નબળાઈ કહેવાય છે. 'તીર્થંકર ભગવાન'માં તીર્થંકર એ દોષ છે તથા ભગવાન શબ્દ ગુણનો સૂચક છે તેથી સંપૂર્ણ નિર્દોષ મહાવીર અત્યારે ભગવાન તો છે, પણ તીર્થંકર નથી. તેઓ તીર્થંકર તો ત્યારે હતા, જ્યારે સંસારમાં હતા. તેમ છતાં તીર્થંકર ભગવાન કહેવું એ દોષરૂપ થઈ જતું નથી. એમ કહેવાથી આત્માની વાસ્તવિક દશાનું સ્પષ્ટીકરણ થાય છે.

એ જ રીતે આત્માનું દેહ સહિત હોવું એ જ સંસાર છે. શરીર સહિતપણુ આત્માને દોષ છે. પરંતુ જ્યારે અરિહંત ભગવાનને શરીર સહિત કહેવામાં આવે ત્યારે અરિહંત ભગવાનના દોષનું નહિ પરંતુ અરિહંત દશાનું જ્ઞાન થાય છે એમ સમજવું જોઈએ. આમ, દરેક જીવને તેમની ભૂમિકારૂપે જાણવામાં કે કહેવામાં કોઈ દોષ નથી.

**જેવી રીતે આત્માને તેમની વર્તમાન ભૂમિકા કરતા નીચલી દશારૂપે માનવો એ દોષ છે, તેવી રીતે આત્માને તેમની દશા કરતા ઊંચી દશારૂપે માનવો એ પણ દોષ છે.**

કૃપાળુદેવ તથા કાનજીસ્વામી વર્તમાનમાં છદ્મસ્થ છે, તેથી તેમને ભગવાનરૂપે માની ન શકાય. કારણ કે કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થયા

પહેલા તેમને ભગવાન કેવી રીતે મનાય ? આત્મ દ્રવ્ય ત્રિકાળ પૂજ્ય છે પરંતુ શુદ્ધ પર્યાય તો પ્રગટ થયા પછી જ પૂજ્ય ગણાય છે. દરેક આત્માને આત્માની વાસ્તવિક પર્યાય સહિત માનવો યોગ્ય છે. ભવિષ્યમાં પ્રગટ થનારી પર્યાયને વર્તમાન પર્યાયરૂપે ન માની લેવી જોઈએ.

સદ્‌ગુરુ દેહ સહિત હોવા છતાં, પોતાને દ્રવ્ય અપેક્ષાએ દેહથી રહિત માને છે, જાણે છે, વર્તે છે. આમ, **જે આત્માએ, આત્મા વડે, આત્મા માટે, આત્માથી, આત્માના આધારે આત્માને જાણ્યો હોય અને દેહનો યોગ હોવા છતા છદ્મસ્થદશામાં રહીને નિજાત્માને સ્વભાવદૃષ્ટિએ દેહરહિત માનતા હોય તેવા સદ્‌ગુરુને અનંત વંદન કરૂં છું.**

❀ *પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ કરેલ પ્રસ્તુત ગાથા સંબંધી ભાવોદ્‌ઘાટનના અંશો આ પ્રમાણે છે.*

*'અગણિત' શબ્દ કહીને મહા માંગળિક કર્યું છે. છેલ્લો અને ઉત્કૃષ્ટ દેહ છતાં સર્વજ્ઞ વીતરાગદેવની અંતરદશા પૂર્ણ શુદ્ધ છે, તેથી તે દેહાતીત છે. નીચલી ભૂમિકામાં સમ્યગ્દર્શન હોય ત્યાં અંતરંગ અભિપ્રાયથી જ્ઞાનદશા વર્તે છે. સમ્યગ્દર્શન થતાં એક ન્યાયે (ભાવી નૈગમ નયથી) મોક્ષ થયો એમ પણ કહી શકાય. પૂર્ણ શુદ્ધ અસંગ આત્મતત્ત્વ કેવું, કેવડું, કેમ પ્રાપ્ત થાય, કેટલું બાકી તે બધું ખ્યાલમાં આવી ગયું. પૂર્વ પ્રારબ્ધયોગથી જેને દેહ વર્તે છે, પણ તે દેહથી અતીત એટલે ભાવકર્મ, દ્રવ્યકર્મ તથા નોકર્મનો આશ્રય રહિત કેવળ શુદ્ધ આત્મમય જેની દશા વર્તે છે તે જ્ઞાની પુરુષના ચરણમાં અગણિત વંદન હોય. જેમ પાણીયા શ્રીફળમાં કાચલી સાથે ગોળો ચોટેલો દેખાતો હતો, તેનો રસ ચીકાશ સુકાતાં તે ગડગડિયું શ્રીફળ થતાં ગોળો તદ્દન છૂટો દેખાય છે, તેમ દેહાત્મબુદ્ધિથી દેહાદિ તથા રાગ-દ્વેષમાં પૂર્વે એકતા માની હતી તે ટાળી, જુદાપણું જાણ્યું-અનુભવ્યું તે આત્મા દેહાતીત છે. પોતાનું સહજ આત્મસ્વરૂપ શુદ્ધ છે, સ્વાધીન છે. એમ યથાર્થપણે માન્યું તેને રાગ-દ્વેષની ભાવના કેમ હોય? દેહ મારો છે, પુણ્યપાપ મારાં છે; રાગ-દ્વેષ મારા છે, કરવા જેવા છે, એવી શ્રદ્ધા જરાય જેને નથી એવી દશાવાળા દેહ હોવા છતાં દેહાતીત પણ કહેવાય. પવિત્ર વીતરાગ સર્વજ્ઞદેવને 'હો વંદન અગણિત'–એ બેહદ, અપરિમિત, અમાપ, અનંત અનંત વંદન દ્રવ્ય અને ભાવ-નમસ્કારરૂપ છે.*



*વંદનનો વિકલ્પ તૂટીને, બેહદ–અપરિમિત શુદ્ધ સ્વભાવમાં ઠરી જાઉં એવો અહીં આશય છે. જેને પૂર્ણ શુદ્ધ સાધ્યદશા પ્રગટ થઈ છે તેવા જ્ઞાનીને વંદન હો 'અગણિત' –એ રીતે સર્વોત્કૃષ્ટ અપ્રતિહત ભાવનો આદર કરીને મહા માંગળિક કર્યું છે. અતિ આદર અનંત ગુણનો છે, પૂર્ણ સ્વભાવનો આદર છે, તેમાં જરા પણ અધૂરા ભાવનો આદર નથી. જેની હદ નથી એવાં પૂર્ણ પવિત્ર અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય છે; તેને પ્રગટ કરવા માટે તે જ્ઞાનીને વંદન કરી ક્ષાયિક કેવળજ્ઞાનને પહોંચવા માટે આ આત્મસિદ્ધિ જયવંતપણાને પ્રાપ્ત થાય છે.*

આત્મા સિદ્ધત્વને પ્રાપ્ત થાય તે જ આત્માની સિદ્ધિ છે. સિદ્ધ ભગવાન નિકલ પરમાત્મા હોવાથી આત્માથી પરમાત્મા થવાનો

ઉપાય બતાવતું શાસ્ત્ર એટલે આત્મસિદ્ધિ શાસ્ત્ર. સિદ્ધ પદના સાધક સદ્‌ગુરુ હોવાથી આત્મા પોતે સદ્‌ગુરુ છે. આમ, આત્મા એટલે ગુરુ, સિદ્ધ પરમાત્મા એટલે દેવ. દેવ, શાસ્ત્ર અને ગુરુનો સમન્વય પણ ગ્રંથના શીર્ષક દ્વારા પ્રતીત થાય છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રનો અભ્યાસ કરીને, જો આત્માની અનુભૂતિ ન થાય તો આત્મસિદ્ધિ શાસ્ત્રનું અધ્યયન પરિણમન પામ્યું નથી એમ સમજવું જોઈએ પરંતુ તેનાથી નિરાશ થઈ જવાની કોઈ જરૂર નથી. મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં ધ્યેયનો નિર્ણય થવો તે પણ ખુબ જ મહત્વપૂર્ણ છે. આત્મસિદ્ધિ શાસ્ત્ર, માત્ર ધ્યેયનો નિર્ણય જ નહિ પરંતુ ધ્યાતા અને ધ્યાનનો નિર્ણય થવામાં પણ નિમિત્ત બને છે.

સરળ ભાષા અને સુગમ શૈલીથી રચાયેલા આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ભાવ અત્યંત ગહન છે. શબ્દમાં છુપાયેલા માર્મિકભાવોને સમજવા માટે બુદ્ધિની તીક્ષ્ણતા તથા ઉપયોગની સુક્ષ્મતાનું હોવું અનિવાર્ય છે. જૈનદર્શનના ગ્રંથોમાં પ્રયુક્ત થતા શાસ્ત્રીય શબ્દોનું યથાર્થ જ્ઞાન નહિ હોવાથી આત્મસિદ્ધિ શાસ્ત્રનો અર્થ જીવ પોતાની મતિ કલ્પનાથી ઉલટી રીતે ગ્રહણ કરી લે છે. જે જીવને ચારગતિ, પાંચ પરમેષ્ઠિ, છ દ્રવ્ય, સાત તત્ત્વ, આઠ કર્મ તથા નવ પદાર્થનું સામાન્યજ્ઞાન પણ હોતું નથી તે આત્મસિદ્ધિ શાસ્ત્રના કાવ્યોના ઊંડાણ સુધી પહોંચી શકતા નથી. કૃપાળુદેવના મહિમાભાવના કારણે તથા આત્મસિદ્ધિ શાસ્ત્રની પ્રસિદ્ધિના લીધે લોકોને આત્મસિદ્ધિ શાસ્ત્રનો અભ્યાસ કરવાની રુચિ વધુ થાય છે પરંતુ એ તો સ્કૂલે જતાં પહેલાં કોલેજે જવા જેવું થશે. તેવી જ રીતે કેટલાય લોકો આચાર્ય કુંદકુંદદેવ દ્વારા



રચિત સમયસાર વગેરે પરમાગમના અભ્યાસનો આગ્રહ રાખે છે. છ દ્રવ્યના નામ પણ ન જાણતા હોય અને પૂજ્ય ગુરુદેવશ્રી પાસે સમયસાર સાંભળવા બેસી જવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવને ગ્રહણ કરી શકતા નથી. કહેવાનો આશય ફકત એ જ છે કે મહાશાસ્ત્રનું અધ્યયન પ્રારંભ કર્યા પહેલા પ્રારંભિક જ્ઞાન પ્રાપ્ત કરવું અત્યંત જરૂરી છે. જો સમયસાર વગેરે મહાન પરમાગમોનો અભ્યાસ કરવાથી તેનો મર્મ સમજાય જતો હોત તો જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા તથા છ ઢાળાની જરૂર જ શું ? તે ગ્રંથોમાં સૈદ્ધાંતિક તથા ઉપદેશાત્મક શૈલીથી વર્ણન કરવામાં આવ્યું હોવાથી પ્રારંભિક ભૂમિકાવાળા મુમુક્ષુ જીવો માટે સર્વોત્તમ સાધન છે. જો કોઈ એમ કહે કે કૃપાળુદેવે તો જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા ભણ્યા વિના આત્મસિદ્ધિ રચી તથા પૂજ્ય ગુરુદેવશ્રીએ પણ પ્રારંભિક પદ્ધતિસર અભ્યાસ કર્યા વિના સમયસારાદિ ગ્રંથો પર અનેકાનેક પ્રવચનો કર્યા. હું તેને પૂછું છું કે શું તું કૃપાળુદેવ કે ગુરુદેવ છો ? જો તું ગુરુદેવ હોય તો અભ્યાસ નહિ કર. અરે ! તું તો કૃપાળુદેવ તથા ગુરુદેવનો ખરો શિષ્ય પણ નથી. કારણ કે સદ્‌ગુરુનો શિષ્ય વિનયપૂર્વક ગુરુની આજ્ઞાને સ્વીકારે. સદ્‌ગુરુ સાથે વિવાદ ન કરે. ખોટા તર્ક-વિતર્કમાં પોતાની બુદ્ધિ તથા સમયનો દુરૂપયોગ કરીને સ્વચ્છંદી થાય તે પાત્ર જીવ ન કહેવાય અને હા, તને કોણે કહ્યું કે કૃપાળુદેવ તથા પૂજ્ય ગુરુ-દેવશ્રીએ પ્રારંભિક ગ્રંથોનો અભ્યાસ નહોતો કર્યો. ભાઈ ! તે બંને આત્મજ્ઞાની મહાપુરુષોને પૂર્વભવના ગાઢ સંસ્કાર સંચિત થયેલા હતા, તેથી જિનાગમ તો તેમના હૃદયમાં વસેલું હતું. તેમને સિદ્ધાંતોનો અભ્યાસ જ નહિ જિનેન્દ્ર ભગવાન પ્રરૂપિત સિદ્ધાંતોને

જીવનમાં અપનાવ્યા હતા, આજે પણ અપનાવેલા છે અને અનંતકાળ સુધી અપનાવશે. કારણ કે **સિદ્ધાંતોને સમજ્યા વિના જીવનમાં અપનાવી શકાતા નથી તથા સિદ્ધાંતોને જીવનમાં અપનાવ્યા વિના સિદ્ધ થઈ શકાતું નથી.**

છેલ્લાં છ દાયકાથી સમયસાર પર ગુરુદેવના પ્રવચનો સાંભળતા શ્રોતાને જ્યારે હું પૂછું છું કે ગોળ કયું દ્રવ્ય છે ? તેનો ગુણ શું છે ? જવાબમાં તેઓ બોલે છે ગોળ નામના પુદ્ગલનો ગુણ મીઠાશ છે. તેઓ કહે છે કે પાણીનો ગુણ શીતળતા છે. ખરેખર સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો તે લોકો ગુણ તથા પર્યાયનું સ્વરૂપ સમજ્યા જ નથી. મીઠાશ અથવા ખટાશ પર્યાય છે તથા તેમાં રસ નામનો ગુણ છે. તેવી રીતે પાણીમાં શીતળતા અથવા ઉષ્ણતા પર્યાય છે તથા સ્પર્શ નામનો ગુણ છે. ગુણ તેને જ કહેવાય જે બદલાય નહિ તથા પર્યાય તેને જ કહેવાય જે બદલાયા વિના રહે નહિ. ગમે તેટલો પુરુષાર્થ કરીને પણ ગુણને બદલાવી શકાતા નથી તથા પલટાતી પર્યાયને રોકી શકાતી નથી. ગુણ તથા પર્યાયમય દ્રવ્ય છે. દ્રવ્યનો સમૂહ વિશ્વ છે. આમ, આત્મા જગતનો અકર્તા પણ છે.

ફરી જ્યારે પૂછું કે તમે શા માટે ભગવાનના દર્શન કરો છો ? તો કહે છે કે અમે તો ભગવાનના ગુણોના દર્શન કરીએ છીએ. તેને એમ કહું છું કે જો આપણે ભગવાનના ગુણોને નમસ્કાર કરતા હોઈએ તો ભગવાનમાં જેવા ગુણો છે તેવા ગુણો તો મનુષ્યમાં પણ છે, મનુષ્યમાં જ નહિ, નિગોદ સહિત આ લોકના સર્વ જીવોમાં છે. સિદ્ધ ભગવાનમાં જેવો જ્ઞાન ગુણ છે તેવો જ્ઞાન ગુણ મારામાં



તથા નિગોદિયા જીવમાં પણ છે. તેથી ગુણોની દૃષ્ટિએ સર્વ જીવો સમાન છે પણ પર્યાય દૃષ્ટિએ ભેદ છે. પર્યાય ક્ષણિક હોવાથી પર્યાયના દર્શન કેવી રીતે થાય ? તેથી પ્રવચનસારની ૮૦મી ગાથામાં કહ્યું છેકે જે જીવ અરિહંત ભગવાનના દ્રવ્ય, ગુણ તથા પર્યાયને જાણે છે તે નિજાત્માને જાણે છે તથા તેનો મોહ લય પામે છે. આમ **ભગવાનને દ્રવ્ય, ગુણ તથા પર્યાય સહિત જાણીને પોતાને જાણવો એ જ ભગવાનની ખરી ભક્તિ છે.** આજના અભ્યાસુ જીવોને અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણ્યા પહેલા દ્રવ્ય, ગુણ તથા પર્યાયની પરિભાષા જાણવાની જરૂર છે. કારણ કે દ્રવ્ય, ગુણ તથા પર્યાયનું સ્વરૂપ સમજ્યા વિના નિજાત્મા કે પરમાત્મા સમજાશે નહિ.

દ્રવ્ય, ગુણ તથા પર્યાયની વાત તો બહુ દૂર, પણ જેને જન્મની સાથે દરેકને ગળથુથીથી મળેલો જે ણમોકાર મંત્ર છે, તેના વિશે પણ મહા અજ્ઞાન છે. જે પાંચ પરમેષ્ઠિના નામ ન જાણતા હોય અને આત્મા સ્વ-પર પ્રકાશક છે કે નહિ તે વિષય વાદ-વિવાદ કરે તો તેનાથી કોઈ લાભ થતો નથી. સામાન્ય જ્ઞાન તથા સામાન્ય આચરણ વિના તત્ત્વ સમજવુ કઠણ છે. બટાટા, કાંદા વગેરે કંદમૂળ તથા પાન મસાલા અને ગુટકા ખાતાં-ખાતાં કેવળજ્ઞાનની પર્યાયના પરિણમન વિશે ચર્ચા કરતા હોય તેવા લોકોની પણ આ કાળમાં કોઈ કમી નથી. જેના જીવનમાં ધર્મના આંશિક સંસ્કાર પરિણમ્યા હોય તેના આચાર, વિચાર, ખાન-પાન તથા વાણીમાં થોડું પણ પરિણમન ન આવે, તો તે જીવને ધર્મનો ઢોંગી સમજવો જોઈએ. દેવ-શાસ્ત્ર-ગુરુ વિશે જાણતો હોવા છતાં કુળગુરુને છોડી ન શકતો

હોય, તો તે જીવને કાયર સમજવો જોઈએ. જેણે દેવ-શાસ્ત્ર-ગુરુનો યથાર્થ નિર્ણય કરીને સત્ય તત્ત્વને જાણ્યું હોય તથા અમૂલ્ય મનુષ્ય ભવનો સદુપયોગ કરતો હોય તો તેને પાત્ર જીવ કહેવાય. આત્મસિદ્ધિ શાસ્ત્રનો અભ્યાસ કર્યા બાદ આત્માનો અનુભવ થાય તેવો નિયમ નથી પણ આત્માનો અભ્યાસુ, કુગુરુ દ્વારા છેતરાશે નહિ તથા પોતે બુદ્ધિહીન જીવોને છેતરશે પણ નહિ. તે જીવમાં એવી વિશેષ પાત્રતા જાગૃત થાય છે. કાળાંતરે નિજ શુદ્ધાત્મામાં પડેલી અનંત શક્તિ બહાર સ્ફુરિત થાય છે તથા આનંદ સાગર ઉછળવા લાગે છે. આમ, આત્મસિદ્ધિ શાસ્ત્ર જીવથી શિવ થવાનો ઉપાય બતાવે છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રને ગ્રંથાધિરાજ સમયસારનો સાર કહીએ તો પણ ખોટું નથી. સમયસારમાં આચાર્ય કુંદકુંદદેવે આત્માની મુખ્યતાથી નવ તત્ત્વનું વિવેચન કર્યું છે. આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પણ આત્માની મુખ્યતાથી છ પદનું વિવેચન કર્યું છે. તે છ પદમાં નવતત્ત્વ ગર્ભિત છે. 'આત્મા છે'. આ પદ દ્વારા જીવ તત્ત્વની સિદ્ધિ કરી છે. 'આત્મા નિત્ય છે.' આ પદ દ્વારા આત્માના નિત્ય તથા અનિત્ય ધર્મોનું વિવેચન કરી આત્માનું અનેકાંતપણું સિદ્ધ કર્યું છે. 'આત્મા કર્મનો કર્તા છે.' તથા 'આત્મા કર્મનો ભોક્તા છે.' આ ત્રીજા તથા ચોથા પદમાં સ્યાદ્વાદ શૈલીનો પ્રયોગ કરીને અજ્ઞાનીને અજ્ઞાનદશામાં કર્મનો કર્તા તથા ભોક્તા કહ્યો છે. આમ, કર્મ શબ્દ કહેતા 'અજીવ તત્વ'ની સિદ્ધિ કરી છે. તેમાં પણ પાંચેય પ્રકારના અજીવ દ્રવ્યોનો સમાવેશ થાય છે. કર્મ, સ્પર્શ, રસ, ગંધ તથા વર્ણમય હોવાથી રૂપી પુદ્ગલ છે. આશ્રવ તથા નિર્જરા કાળે પુદ્ગલ સ્કંધો ગમન કરતા



હોવાથી તેના ગમનમાં નિમિત્ત એવા ધર્માસ્તિકાય દ્રવ્યની પણ સિદ્ધિ થાય છે. બંધ કાળે કર્મ આત્મા સાથે બંધાય છે ને સ્થિર પણ થાય છે તેથી તેના સ્થિર થવામાં નિમિત્તભૂત એવા અધર્માસ્તિકાય દ્રવ્યની પણ સિદ્ધિ થાય છે. જીવ, કર્મ વગેરે દ્રવ્યોને રહેવામાં નિમિત આકાશ દ્રવ્યના અસ્તિત્વનો પણ સ્વીકાર થાય છે. તથા આત્મા રાગાદિ વિકારી ભાવોરૂપે પરિણમે છે ત્યારે કર્મ આશ્રવ, બંધ વગેરે પર્યાયરૂપે પરિણમે છે તેમાં નિમિત્ત કાળ દ્રવ્યના સ્વતંત્ર અસ્તિત્વની પણ સિદ્ધિ થાય છે. આમ, અજીવની સિદ્ધિમાં પાંચેય અજીવ દ્રવ્ય ગર્ભિત છે. તેનો મર્મ જાણવો ખૂબ જ જરૂરી છે. જીવ તથા અજીવ તત્ત્વની સિદ્ધિ થયા બાદ આશ્રવ તથા બંધ તત્ત્વની પણ સિદ્ધિ થાય છે. અજ્ઞાની માત્ર કર્મના બંધનનો જ કર્તા નહિ પરંતુ કર્મના આશ્રવનો પણ કર્તા છે. તેથી ત્રીજા અને ચોથા પદથી 'આશ્રવ તત્ત્વ' તથા 'બંધ તત્ત્વ' સિદ્ધ થાય છે. છઠ્ઠું પદ 'આત્માના મોક્ષનો ઉપાય છે.' ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા જ મોક્ષમાર્ગ છે. જ્ઞાનીને કર્મની દૃષ્ટિએ કર્મના નિરોધપૂર્વક કર્મની નિર્જરા થતી હોવાથી સંવર તથા નિર્જરા જ મોક્ષમાર્ગ છે. આમ, છઠ્ઠા પદથી 'સંવર તત્ત્વની' તથા 'નિર્જરા તત્ત્વની' પણ સિદ્ધિ થાય છે. તથા પાંચમુ પદ મોક્ષ છે તેના દ્વારા 'મોક્ષ તત્ત્વની' પણ સિદ્ધિ થાય છે. આત્મસિદ્ધિ શાસ્ત્ર છ દ્રવ્ય તથા સાત તત્ત્વ સંબંધી મર્મ હોવાથી આ શાસ્ત્ર સમયસારનો સાર છે.

પંડિત ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશમાં અસ્તિરૂપે પ્રત્યેક દર્શનનું નામ લઈને અન્યમતનું નિરાકરણ કર્યું છે. કૃપાળુદેવે અસ્તિ સ્વરૂપે કોઈ મતના નામનો ઉલ્લેખ કર્યા વિના અન્યમતનું નિરાકરણ

કર્યું છે. જ્ઞાનીની ભાષામાં પરસ્પર ભેદ હોય શકે છે પરંતુ ભાવોમાં ભેદ હોતા નથી. શ્રોતા અથવા પાઠકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવની મુખ્યતાથી જ્ઞાની ઉપદેશ આપે છે. મોક્ષમાર્ગ પ્રકાશક ગદ્ય શૈલીમાં રચાયુ હોવાથી તેમાં વિસ્તાર વિવેચન અપેક્ષિત હતો તેથી ટોડરમલજીએ અન્ય દર્શનની માન્યતાનું નિરાકરણ કર્યું છે. જ્યારે કૃપાળુદેવે આત્મસિદ્ધિ શાસ્ત્ર પદ્ય શૈલીમાં રચ્યું હોવાથી તેમાં સંક્ષિપ્તમાં સમસ્ત દર્શનનો વિસ્તાર સંભવિત ન હતો.

આમ, દરેક આત્માર્થી આ અદ્ભૂત તથા અદ્વિતીય આત્મસિદ્ધિ મહાશાસ્ત્રનો અભ્યાસ કરે, મનન કરે, ચિંતવન કરે, ઘોલન કરે, અનુભવન કરે, પાલન કરે અને પરમાત્મદશાને પામીને અનંતસુખી થાય, એવી પવિત્ર તથા મંગળ ભાવના સાથે વિરમું છું.

નોંધ :]